:: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧ | ૨ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' પરિચય | ૧ |
| ૨. | ૧ | ૪ | યોગદષ્ટિ૦ કર્તા આ.શ્રી હરિભદ્રસૂરિજીની જીવન ઝરમર | ૪ |
| ૩. | ૧ | ૫ | યોગદષ્ટિ૦ કર્તા આ.શ્રી હરિભદ્રસૂરિજીની જીવન ઝરમર | ૭ |
| ૪. | ૧ | ૬ | યોગદષ્ટિ૦ કર્તા આ.શ્રી હરિભદ્રસૂરિજીની જીવન ઝરમર | ૧૩ |
| ૫. | ૧ | ૭ | યોગદષ્ટિ૦ કર્તા આ.શ્રી હરિભદ્રસૂરિજીની જીવન ઝરમર | ૧૮ |
| ૬. | ૧ | ૮ | યોગદષ્ટિ૦ કર્તા આ.શ્રી હરિભદ્રસૂરિજીની જીવન ઝરમર | ૨૩ |
| ૭. | ૧ | ૧૦ | યોગદષ્ટિ૦ કર્તા આ.શ્રી હરિભદ્રસૂરિજીની જીવન ઝરમર | ૩૨ |
| ૮. | ૧ | ૧૧ | યોગદષ્ટિ૦ કર્તા આ.શ્રી હરિભદ્રસૂરિજીની જીવન ઝરમર | ૩૭ |
| ૯. | ૧ | ૧૨ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' ગ્રંથ મંગલાચરણ | ૪૨ |
| ૧૦. | ૧ | ૧૩ | શ્રી 'યોગદષ્ટિ૦ સંસાર એટલે ? | ૪૭ |
| ૧૧. | ૧ | ૧૪ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' સંસાર કાપવાનો ઉપાય | ૪૯ |
| ૧૨. | ૧ | ૧૫ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' અરિહંતની વિશેષતા | ૫૧ |
| ૧૩. | ૧ | ૧૬ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' તીર્થંકરપણું શી રીતે મળે ? | ૬૧ |
| ૧૪. | ૧ | ૧૭ | શ્રી 'યોગદષ્ટિ૦ સારા ધ્યાન માટે શું કરવાનું ? | ૬૯ |
| ૧૫. | ૧ | ૧૮ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' અધ્યાત્મનો દીવો | ૭૯ |
| ૧૬. | ૧ | ૧૯ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' ત્યાગની ચાવી | ૮૬ |
| ૧૭. | ૧ | ૨૦ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' અખૂટ સંસાર કેમ ખૂટે ? | ૮૭ |
| ૧૮. | ૧ | ૨૧ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' વિકારો ત્યાગધર્મથી જ મટે. | ૮૯ |
| ૧૯. | ૧ | ૨૪ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' કર્મનું વિચિત્ર સાયન્સ | ૯૭ |
| ૨૦. | ૧ | ૨૫ | શ્રી 'યોગદષ્ટિ૦ પાપ જિજ્ઞાસાઓની ભયંકરતા | ૧૦૨ |
| ૨૧. | ૧ | ૨૭ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' ઈચ્છાયોગની શરત | ૧૦૭ |
| ૨૨. | ૧ | ૩૩ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' ઈચ્છાયોગનું લક્ષણ | ૧૧૭ |





| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૨૩. | ૧ | ૩૪ | શ્રી 'યોગદષ્ટિ૦ સજ્જને ૯ વસ્તુ ગોપવવી | ૧૩૧ |
| ૨૪. | ૧ | ૩૫ | શ્રી 'યોગદષ્ટિ૦ લૌકિકમાંથી અલૌકિક તરફ | ૧૪૦ |
| ૨૫. | ૧ | ૩૭ | ચિત્તના ઉપયોગનું મહત્ત્વ | ૧૫૬ |
| ૨૬. | ૧ | ૩૮ | શ્રી 'યોગદષ્ટિ૦ શુભ ભાવનો પ્રભાવ | ૧૬૦ |
| ૨૭. | ૧ | ૩૯ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' શાસ્ત્રયોગ | ૧૬૧ |
| ૨૮. | ૧ | ૪૧ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' શ્રોતાના ૧૦ ગુણ | ૧૬૫ |
| ૨૯. | ૧ | ૪૨ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' આત્માની માપાબંધી | ૧૭૫ |
| ૩૦. | ૧ | ૪૩ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' સામર્થ્ય યોગ | ૧૭૮ |
| ૩૧. | ૧ | ૪૪ | શ્રી 'યોગ૦ પરમાત્માની મૂર્તિ જોતાં શું વિચારશો ? | ૧૮૩ |
| ૩૨. | ૧ | ૪૬ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' ધર્મસંન્યાસ-યોગસંન્યાસ | ૧૮૯ |
| ૩૩. | ૨ | ૨૪ | શ્રી 'યોગદષ્ટિ૦ આઠ દષ્ટિ-ઓઘદષ્ટિ અને યોગદષ્ટિ | ૨૦૨ |
| ૩૪. | ૨ | ૨૭ | શ્રી 'યોગદષ્ટિ૦ દષ્ટિ પલટવા પર રાજાનું દષ્ટાંત | ૨૦૮ |
| ૩૫. | ૨ | ૨૮ | શ્રી 'યોગ૦ વસ્તુદર્શન પામેલા સમકિતિનું સ્વરૂપ | ૨૧૭ |
| ૩૬. | ૨ | ૨૯ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' મૈત્ર્યાદિ ભાવોનું પારતન્ત્ર્ય | ૨૩૦ |
| ૩૭. | ૨ | ૩૦ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' પરાર્થનો અર્થ | ૨૪૩ |
| ૩૮. | ૨ | ૩૧ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' ચારિચરિક સંજીવની દષ્ટાંત | ૨૫૫ |
| ૩૯. | ૨ | ૪૨ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' આઠ દષ્ટિના દષ્ટાંત | ૨૬૮ |
| ૪૦. | ૨ | ૪૫ | શ્રી 'યોગદષ્ટિ૦ સદ્‌વૃત્તિ અને સત્પ્રવૃત્તિનો મેળ | ૨૭૬ |
| ૪૧. | ૩ | ૩ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' પ્રણિધાનાદિ પાંચ | ૨૭૮ |
| ૪૨. | ૪ | ૩૮ | શ્રી 'યોગદષ્ટિ૦ ભાવમળ ઘટ્યાના ૩ લક્ષણ | ૨૮૬ |
| ૪૩. | ૪ | ૩૯ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' દ્રવ્યદયા-ભાવદયા | ૨૮૯ |
| ૪૪. | ૪ | ૪૦ | શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય' અત્યંત દયા એટલે ? | ૩૦૨ |
| ૪૫. | ૪ | ૪૧ | શ્રી 'યોગદષ્ટિ૦ સાચી સુખ શાંતિ નિરપેક્ષતામાં | ૩૦૫ |

(૧)

# શ્રી ‘યોગદૃષ્ટિ સમુચ્ચય’

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવના શાસનમાં થઈ ગયેલા અનેકાનેક મહાપ્રાભાવિક શાસ્ત્રકારો પૈકીના એક સમર્થ શાસ્ત્રકાર તે પૂજ્ય આચાર્યપુરંદર હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા. ‘પૂર્વ’ નામના મહાશાસ્ત્રના વિચ્છેદના નિકટના કાળમાં એ થયેલા; એટલે પૂર્વોમાંથી બચેલા ઝરણાં એમણે શાસ્ત્રોરૂપે સંગ્રહી લીધાં. એ ન સંગ્રહ્યા હોત તો આજે ઘણી ઘણી અદ્‌ભુત વસ્તુઓ આપણને ક્યાંથી જાણવા મલત ? શ્રી હરિભદ્રસૂરિ મહારાજ ચૌદસો ચુંવાલીશ ગ્રન્થના રચયિતા તરીકે પ્રસિદ્ધ છે. પરંતુ આપણું એવું દુર્ભાગ્ય છે કે તેમાંના ઘણા ગ્રન્થો આજે મલતા નથી. છતાં જે ગ્રન્થો મળે છે, તેમાનો એક **શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય** નામનો અદ્‌ભુત ગ્રન્થ છે. અનાદિ અનંત કાળથી ઓઘદૃષ્ટિમાં રમતો જીવ કેવી રીતે એમાંથી બહાર નીકળી **ક્રમસર વધુ ને વધુ વિકાસવંતી યોગની આઠ દૃષ્ટિમાં ચઢે છે, તે તે દૃષ્ટિમાં આત્માએ કેવો કેવો વિકાસ સાધ્યો હોય છે,** ઇત્યાદિ વસ્તુસ્થિતિનું એમાં સુંદર નિરૂપણ છે. ગ્રન્થ આમ તો શબ્દથી ઘણો નાનો, પરંતુ અર્થથી મહા ગંભીર અને વિશાળ છે. આમાં નવાઈ નથી. કેમકે આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના વચન સૂત્ર જેવાં તરીકે પ્રસિદ્ધ છે. એઓશ્રીએ આગમો ઉપર અને પૂર્વાચાર્યના શાસ્ત્ર ઉપર રચેલ વિવેચનની ભાષા પણ સૂત્ર જેવી છે. ટૂંકી અને અર્થગંભીર છે. યોગદૃષ્ટિ વગેરે શાસ્ત્રો એવાં અનુપમ કોટિના છે, કે જો એના પર હાર્દિક પ્રેમ જાગી જાય અને એનું શ્રવણ થાય, તો અધ્યાત્મભાવની નિર્મળતા અપૂર્વ નીપજે. પછી તો એ રંગ વધતા વધતા સંવેગ-વિરાગ અસ્થિમજ્જા જામી જાય. એના યોગે ભવાંતરે ભવ એવો



મળે, કે જન્મથી જ આત્માની પરિણતિ સારી ઊંચી અને પવિત્ર હોય, આત્મા અનાસક્ત યોગી બની જાય.

**ગ્રન્થકર્તાનો પરિચય :-** શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પૂર્વે કેવી સ્થિતિમાં હતા અને કેવું સામાન્ય નિમિત્ત મળતાં શાસનને કેવા સમર્પિત અને શાસનપ્રભાવકની અવસ્થાએ પહોંચ્યા એ બધું તો જાણો છો ને ? શાસનને સમર્પણ એ એક મોટી વસ્તુ છે. જૈન કુળમાં જન્મવા છતાં એ આપણને મુશ્કેલ લાગે છે. ત્યારે ખબર છે ને કે આ સૂરિજી મહારાજ જન્મે જૈન કુળના નહોતા, ધર્મે જૈન નહોતા, જૈન મિત્રોના કે સાધુઓના પરિચયમાં નહોતા, તમારી માફક સેંકડો તો શું, પણ થોડાય જૈન વ્યાખ્યાન એમણે સાંભળ્યા નહોતા. છતાં કેવું આત્મપરિવર્તન !! માત્ર જૈન ધર્મના પ્રશંસક નહિ, જૈન ગૃહસ્થ નહિ, અણુવ્રતધારી શ્રાવક નહિ, કિન્તુ મહાવ્રતધારી જૈન સાધુ બન્યા. **આત્મા મોહ અને અજ્ઞાનની નિદ્રામાંથી જાગે ત્યારે, અપૂર્વ જોમ અને ઝડપ સાથે નિજના જડપક્ષી આત્માને પલટે છે !** જન્મે બ્રાહ્મણ છતાં એ એવા મૂર્ખ નહોતા, કે ભોળવાઈને જૈન બની જાય. ભણેલા હતા. તે થોડું નહિ હોં. ચાર વેદના અભ્યાસી અને ચૌદ વિદ્યાના વિશારદ હતા. વિદ્વત્તા એટલી બધી હતી કે એમને ખુમારી હતી કે જગતમાં કોઈ એવું શાસ્ત્ર નથી, કે જે પોતે ન સમજી શકે. ખુમારી પાછી પોકળ નહિ. એવી પ્રતિજ્ઞા એમણે રાખી હતી કે જો કોઈ શાસ્ત્ર ન સમજાય તો એ સમજવા માટે સામાના શિષ્ય પણ બની જવું. એમની જબરદસ્ત વિદ્વત્તાના યોગે એ ચિત્તોડના મહારાણાના સલાહકાર પુરોહિત બ્રાહ્મણ હતા. આવી સ્થિતિમાંથી એમણે જૈન સાધુપણું લઈ જૈન શાસનની અજબ પ્રભાવના કરી.

**આત્મ પ્રદેશમાં જૈન શાસન રુચે, પચે, પજળે તો ? :-** **સમ્યગ્દર્શનને ઝગમગતું કરવા માટે આવા મહાપુરુષોના જીવનચરિત્રો ખૂબ ખૂબ વાંચવા સાંભળવા જેવાં છે.** એથી શ્રદ્ધાબળ વધવા સાથે આત્માને કલ્યાણ માર્ગે નવનવી પ્રેરણા, ઉત્સાહ અને માર્ગદર્શન મળે છે. પોતે અનુભવેલા જૈન શાસનના સારને એમણે ગહન શાસ્ત્રોમાં વહેવડાવ્યો, અતત્ત્વોનું સચોટ યુક્તિપૂર્વક અકાટ્ય ખંડન કરવા સાથે, તત્ત્વોનું અદ્‌ભુત પ્રતિપાદન કર્યું. ત્યારે, વિચારો કે એમને વીતરાગ સર્વજ્ઞ પ્રભુનું શાસન કેવું અસ્થિમજ્જા રુચ્યું હશે ! કેવું પચ્યું હશે ! ને કેવું પજળ્યું હશે ! આત્માના પ્રદેશે પ્રદેશને ? ભૂલશો નહિ આ બધું કોને ? રાજાના માન્યને ! ઇતર શાસ્ત્રોના એક્કાને ! પોતાની અસાધારણ જ્ઞાનશક્તિના દૃઢ વિશ્વાસુને ! એમનો વિદ્યાનો રસ એવો, કે મનમાં નિર્ધાર ‘ચાલો હજાર ગાઉ દૂર, ત્યાં ભણાવીશું ! સેવા કરતા રહેવું પડશે;’ તો પણ તૈયાર. ‘ગુલામ કાં ન



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

બનું ? શાસ્ત્રની વાત સાંભળ્યા પછી સમજી શકું નહિ ત્યાં સુધી મારાથી જંપીને બેસાય નહિ !' એવી એમની વિદ્યા માટેની ધગશ હતી.

**માત્ર એક નવકારના અર્થની જિજ્ઞાસા છે ? :-**

વિદ્યાની ધગશ ને **જ્ઞાનનો રસ એવી ચીજ છે કે એ ધરનારાને તો ધનના અર્થી કરતાંય અધિક ખંત હોય છે, વિશેષ ઉદ્યમ હોય છે, અને અપૂર્વ આનંદ હોય છે.** એમ ન સમજતા કે 'હવે તો અમારી ઉંમર થઈ, અથવા જ્ઞાનની બાબતમાં અમારું મગજ ડલ (Dull) છે. અમારાથી શું થઈ શકે ?' કેમ કે બીજા ગંભીર મહાશાસ્ત્રો કે અતિસૂક્ષ્મ અને જટિલ તત્ત્વોની વાત તો નહિ, પણ એક નવકાર મંત્ર એવી અનુપમ વસ્તુ છે, કે એના અભ્યાસ માટેય ઘણું થઈ શકે; અને કરવા જેવું પણ છે. ત્યારે શું તમે નવકાર મંત્રનો સારો અભ્યાસ કર્યો છે ? લ્યો જોઉં, નવકાર મંત્રને ઊલટો બોલી જાઓ. જો જો હોં, સઘળો યાદ કરી કરીને બોલતા મા. નથી બોલી શકતા ને ? માત્ર નવ પદમાંય વાંધા ? જુઓ ચૌદપૂર્વી પોતાના અગાધ શાસ્ત્રોનું પારાયણ પૂર્વાનુપૂર્વીથી અને પશ્ચાનુપૂર્વીથી કરી શકતા !! અસ્તુ ! નવકારનો ભાવ તો જાણો ને ? લ્યો ત્યારે છેલ્લા ચાર પદોને અક્ષરથી બીલકુલ યાદ કર્યા વિના એનો ક્રમસર ભાવ (અર્થ) બોલી જાઓ જો. એમ મુશ્કેલ છે, કેમ ? પહેલાં મનમાં યાદ કરવું પડે છે કે 'એસો પંચ નમુક્કારો', પછી અર્થ બોલી શકાય કે 'આ પાંચ નમસ્કાર.' ત્યારે પાંચે પરમેષ્ઠિના ગુણો ગણાવી જશો ? નથી આવડતા ને ? ત્યારે 'નમો' પહેલા કેમ ? અને 'અરિહંતાણં' એવો બહુવચનનો પ્રયોગ શા માટે ? 'નમો લોએ સવ્વ સાહૂણં' માં 'લોએ' અને 'સવ્વ' પદ કેમ મૂક્યા ? 'એસો નમુક્કારો' નહિ કહેતાં 'એસો **પંચ** નમુક્કારો' કેમ કહ્યું ? નમસ્કાર તો પાંચ છે, તો 'નમુક્કારો' એવું એકવચન કેમ વાપર્યું ? વગેરે પ્રશ્નોના ઉત્તર કરશો ? નહિ ? ઠીક ત્યારે શ્રી અરિહંત પરમાત્માનું ધ્યાન કેવું કરવું જોઈએ એ કહેશો ? શું એમનું એવું અનેકવિધ ધ્યાન કરી શકશો કે શ્રી સિદ્ધગિરિ જેવા તીર્થ ઉપર જ્યાં અનેકાનેક પ્રભુપ્રતિમાના દર્શન મળે, ત્યાં પ્રતિમાએ પ્રતિમાએ શ્રી અરિહંતની જુદી જુદી વસ્તુ ધ્યાનમાં આવે ? નમસ્કાર મહામંત્રનો એકલાનો અર્થ-ભાવાર્થ-રહસ્યાર્થ જાણવાની આતુરતા હોય અને યોગ્યસ્થળેથી જાણવાનો પુરુષાર્થ કરીએ, તો અલ્પ બુદ્ધિશક્તિ છતાં ઘણું ઘણું જાણવા મળે. તે એવું કે પછી તો આપણે સંસાર ભૂલી જઈએ. **શ્રી નવકાર મહામંત્રમાં એવી અદ્‌ભુત શક્તિ છે કે એ જગતપ્રત્યેની આસક્તિને ચપટીમાં તોડી નાખે.** ત્રણે લોકમાં એવી કોઈ જડની પ્રલોભક વાત ન રહે કે જે આપણને આકર્ષી શકે !! શું સમજ્યા ?



**નવકાર સાથેનો સંબંધ : અંતરાત્મા વાત કરે છે ? :-**

આ તો **વસ્તુના મૂલ્યની સમજ નહિ, વસ્તુની કદર કે તેવી ગરજ નહિ, પછી વસ્તુ સાથે સંબંધ** કે મેળ કેવો ? કહ્યું ? **ઓરમાયો ! રેઢીઆળ ! ને માયકાંગળો !** જ્યાં કિંમતની સમજ છે, ત્યાં આકર્ષણ પાકું જવાબદારીનો ખ્યાલ જાગતો ! તિજોરીમાંથી સ્વાર્થનો કબાલો વારંવાર હાથમાં આવે, તો તે રાજી થઈ થઈને વારંવાર જોવાય ! ખીસામાં હાથ નાખો ને ઘડી ઘડી એની એ સોની નોટ કે ગૃહરાણીનો પત્ર હાથમાં આવે, તો ચીવટ અને હર્ષ સાથે નિરખાય. વારંવાર નિરખાય, એટલું જ નહિ, પણ એની સાથે અંતરાત્મા મૌન વાત કરવા માંડે. 'બસ, હવે ફીકર નથી, આ મુશ્કેલી નહિ રહે, આ નહિ રહે, હવે તો આ સગવડ થઈ જશે...' વગેરે વગેરે ઘણું. આ શું છે ? કબાલો, કરન્સી નોટ કે કાંતાના કાગળ સાથે હાર્દિક સંબંધ. કહો ત્યારે શ્રી નમસ્કાર મહામંત્રના પુસ્તક સાથે સંબંધ કેવો ? પણે જે અંતરાત્મા વાત કરી જાણે છે, તે અહીં બાહ્યાત્મા પણ વાત કરી જાણતો નથી. અર્થાત્ એવુંય નથી થતું કે 'અહો ! કેવો સુંદર નવકારનો ગ્રંથ ! કેવા સુંદર એના અક્ષરો અને પદો ! કેટલી બધી સરળ ભાષા !' ત્યાં પછી અંતરાત્માની વાતો ક્યાં રહી ? **'આ નવકાર મંત્ર એટલે ? મારાં ભવભવનાં દુઃખ ટાળે ! જન્મ-જન્મનાં પાપ કાપે ! એની રટણામાં મરાય તો સ્વર્ગ-મોક્ષ મળે ! કેવી આ મારી આંધળાની લાકડી ! આંખની કીકી ! કલેજાની કોર !'** એવું એવું થાય ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૪,તા.૧૩-૯-૧૯૫૨

## ૨ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**ગ્રંથકાર આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની જીવન ઝરમર : પૂર્વની વિદ્વતા !**

એક નવકાર ભાવની જિજ્ઞાસા રાખો તોય કેટલું બધું જાણવાનું છે ? તત્ત્વની જિજ્ઞાસા કોઈ અદ્‌ભુત ગુણ છે. એના યોગે આપણે સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને મેળવી શક્યા છીએ. એઓશ્રીનું પ્રેરકજીવન જાણવું જોઈશે, જેથી પુરા વિશ્વાસે વચનવિશ્વાસ; એ ન્યાયે એમના જીવનના અતિ ઉત્તમ ગુણો અને ચર્યાને જાણવાં ઉપર, એમના ટંકશાળી વચનો પ્રત્યે હૃદય મુગ્ધ બની અત્યંત પ્રેમ અને આદર સાથે એમાંથી મહાન લાભ મેળવી શકે,



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**જન્મ અને વ્યવસાય :** વિક્રમની છઠ્ઠી સદીની એ વાત છે. પૂર્વાવસ્થામાં ચિતોડના માનનીય **પુરોહિત હરિભદ્ર બ્રાહ્મણ** હતા. ચૌદવિદ્યામાં વિશારદ એવા એ અગ્નિહોત્રી હતા. અગ્નિહોત્ર એ યજ્ઞનું નામ છે. એમાં વેદના મંત્રોની જરૂર પડે. તે મંત્રોય વિશિષ્ટ ઉચ્ચારણથી જ બોલવા જોઈએ એવી ત્યાંની વિધિ હરિભદ્ર એમાં પાકા નિષ્ણાત ! પુરોહિતને ચૌદવિદ્યાનું **જ્ઞાન કેવું ? પુસ્તકમાં રહેલું નહિ, પોકળ નહિ, પણ હૃદયસ્થ.** આજની વિદ્વત્તા વિલક્ષણ છે. સો ગ્રન્થોની વાતો એક ગ્રન્થમાં લખી બહાર પાડે. આપણે પૂછીએ 'આટલું બધું દોહન આપે ક્યારે કરેલું !' સામો સરળ હોય તો કહે કે ગ્રન્થના અવગાહન-દોહન શાના ? આ તો ગ્રન્થોની પ્રસ્તાવનાઓમાંથી તારવી નોટસ્ લખી રાખેલી, તેના આધારે સાક્ષીઓ ટાંકવાની ! અને ભાષાની દૃષ્ટિએ, તવારિખની દૃષ્ટિએ તે વખતના રીતરીવાજની દૃષ્ટિએ ઈત્યાદિ અનેક દૃષ્ટિએ ચર્ચા-વિચારણા કરી ગ્રન્થ દળદાર બનાવવાનો, એ પરિશિષ્ટ આપી તેમાં સાક્ષી ગ્રન્થોના લૉટની યાદી આપવાની ! જુઓ આજની વિદ્વત્તા કેવી ! ગ્રન્થનો સાર-વિસ્તાર શો, અર્થ-ભાવાર્થ-તાત્પર્યાર્થ શો, એની કાંઈજ ખબર નહિ ! પુસ્તક કોઈ મહાન દર્શનશાસ્ત્રનું સંપાદિત કરવાનું, પણ એમાં સંપાદક તરીકે સ્થળે સ્થળે ટીપણીમાં લખવાનું કે 'આ શ્લોક અનુષ્ટુપ છે.' અથવા 'તસ્ય' એટલે આત્મનઃ' ! અથવા ટીપણીમાં પાઠાન્તર તરીકે શુદ્ધ સાચા પાઠ મુકવાના અને ઉપર મૂળ અખંડ ગ્રન્થમાં પાઠ અશુદ્ધ મૂકવાના ! આ આજની વિદ્વત્તા !! લાયબ્રેરીમાંથી પુસ્તકો લઈ ઈધર ઉધરના ટાંચણ ઉતારા ભેગા કરી ગ્રન્થ લખ્યો. પછી ગ્રંથકારને કહો જોઈએ કે અમારે તમારો ગ્રંથ તમારા મુખે સાંભળવો છે,' તે એ શું કહેશે ? 'ગ્રંથ વાંચી લેજો, ન સમજાય તો પૂછજો' એજ ને ?

**વિલક્ષણ અભિમાન અને પ્રતિજ્ઞા :** શ્રી હરિભદ્ર પુરોહિતને ભણેલું કંઠસ્થ, હૃદયસ્થ હતું. ચૌદ વિદ્યાના પારગામી હતા. હાક વાગતી હતી એમના નામની ! 'એવો કોઈ વિદ્વાન ન હોય કે મને જીતી શકે' એવું એ માનતા. 'બહાર વાદી તરીકે પંકાનારો મારી સામે જો ભૂમિમાં પેસી જાય તો કોદાળાથી જમીન ખોદી એને બહાર પકડી લાવું, પાણીમાં પેસી જાય, તો જાળથી પકડી લાવું અને ગગનમાં ચઢી જાય તો નિસરણીથી એને હેઠે ઉતારું અંતે શાસ્ત્રાર્થ કરી હરાવું" આવી ખુમારીથી એ કોદાળી, જાળ અને નિસરણી સાથે રાખી ફરતા. ઉપરાંતમાં આખા જંબૂદ્વીપમાં પોતાના સમાન કોઈ વિદ્વાન નથી એ સૂચવવા જંબૂવૃક્ષની લતાને પાસે રાખતા. તેમજ, આટલી બધી વિદ્યાથી રખેને પેટ ફાટી ન જાય, એ માટે સોનાનો પટ્ટો પેટે બાંધી રાખતા, આપણને લાગે કે આ બધું પોકળ અથવા બડાઈ જેવું હશે ! પણ ના કઠોર વિદ્યાભ્યાસથી અને શાસ્ત્રોના હજી સુધીય રટણ



પરાવર્તનથી એવો એમણે વિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો કે 'ભલે હું બહારના બધાં શાસ્ત્રો ભણ્યો નથી કે એ વાંચ્યાય નથી, પણ આ પૃથ્વી ઉપર કોઈનું એવું વચન નથી કે જે હું ન સમજી શકું.' આ વિશ્વાસ પણ નક્કર વિશ્વાસ હતો, કેમકે એથી એમને પ્રતિજ્ઞા હતી કે જો હું કોઈનું વચન ન સમજી શકું તો એ સમજવા એનો શિષ્ય બની જ જાઉં ! કેવો આત્મ વિશ્વાસ ! અને કેવી કપરી તૈયારી ! કોઈની સાથે વાદ થાય અને એનું ન સમજાય તોજ શિષ્ય થવાનું, એમ નહિ. પરંતુ વગર વાદેય સામાન્ય રીતે કોઈના મુખથી એવું સાંભળવામાં આવ્યું કે જે સમજમાં ન ઉતર્યું, તોય તે સમજવા તેના શિષ્ય થઈ જવાનું. પછી તે સામો યોગી સંન્યાસી હોય તો તેનાય શિષ્ય બનવામાં આંચકો નહિ ! પૂછો આત્માને કે આપણે કોના શિષ્ય ? કોના સેવક થવા તૈયાર ? જે પૈસા આપે, પરિવાર આપે, માનપાન આપે, પ્રતિષ્ઠા આપે, શરીર પુષ્ટિ આપે તેના; એમ જ ને ? આ બધું શું ? પુદ્‌ગલોના ખેલ ! પાપના પાતાળ કૂવા ! એજ કે બીજું કાંઈ ? એ મૂકીને જ મરવાનું છે, એ તો ખબર છે ? **નિજના પ્યારા આત્માને વિસારી જે જડની સાસરવાસરમાં પડ્યા છે, એના માટે અંતકાળે ખબર પડશે કે તમારું શું છે.** હરિભદ્ર વિપ્રે સહેજ સમજાવનારનાય શિષ્ય થવાનું રાખ્યું હતું. આપણને તો ઠેઠ નવકારથી માંડીને શાસ્ત્રની ઝીણી વાતો સુધીનું રૂડું રૂપાળું જ્ઞાન સમજુતી ગુરુએ આપ્યાં હોય, તોય એ ગુરુના સાચા શિષ્ય, ભક્ત, કે સેવક થવાની વાત નહિ ! ઉપરથી એમની સામે થતાં, એમને અવગણતા કે એમને નિંદી હલકા પાડતાં કંપ નહિ ! કેવી દુર્દશા આ ! **શાસન કેટલું ઊંચુ મળ્યું અને આત્મા કેટલો બધો નીચે પાટલે ! જગાડો અંદરના સુષુપ્ત અંતરાત્માને, સમજાવો એને દેવગુરુધર્મના અણમોલ સંયોગની પ્રાપ્તિની વિશેષતા.** જડ સંયોગો તો અનંતીવાર મળ્યા અને મૂક્યા, એથી શો દિ વળ્યો આત્માનો ?

**મિથ્યાત્વનો કેફ :** હરિભદ્ર પુરોહિત એકવાર કેટલાય પાઠકો અને બ્રહ્મચારીઓથી પરિવરેલા સુખાસનમાં નગરમાર્ગે જઈ રહ્યા છે, ત્યાં સામેથી તોફાને ચઢેલો હાથી ભાળ્યો. જનાવરોને એ ભગાડી રહ્યો છે, દુકાન, મકાનોના દરવાજા તોડી રહ્યો છે. કોઈક લોકોને રડાવી રહ્યો છે, અને કોઈકને મૃત્યુના ભયથી ધ્રુજાવી રહ્યો છે, આવા હાથીને જોતાં વિદ્વાન એવા પણ હરિભદ્ર ગભરાયા. સુખાસનમાંથી કૂદી બાજુના જિન મંદિરમાં પેઠાં ત્યાં શ્રી વીતરાગ પ્રભુની પ્રશમરસ નીતરતી મૂર્તિ જોઈ. આપના મંદિરમાં ઘુસવાથી ગજરાજના ઝપાટામાંથી બચ્યા, એનો આભાર માનવાની તો વાત નહિ, પણ ઉપરથી મશ્કરીમાં હલકા શબ્દો બોલે છે. શાથી ? શુદ્ધ દેવ તત્ત્વની પ્રાપ્તિ કે ગમ નથી. આપણને સુદેવની પ્રાપ્તિ છે, ત્યારે

અફસોસ ! કે કદર નથી !! કદર હોય તો, એમની સેવા ભક્તિ અને આજ્ઞા પાલનમાં શુ કમી રાખીએ ? એમના પ્રત્યેના હેતમાં વારંવાર રોમાંચ કેમ ન જામે ? હર્ષનાદ આંસુ કેમ ન વહે ? એમના ઉપકારનો ખ્યાલ એમના પ્રત્યે આપણને સમર્પિત કેમ ન બનાવી દે ? હરિભદ્ર બ્રાહ્મણ તો ગુમાનમાં છે, મૂર્તિ તરફ જોઈ મશ્કરીમાં કહે છે કે 'તારું' શરીર જ સ્પષ્ટ કહે છે કે તું મિઠાઈ ખાનારો છે; એટલે ? ભગવાનને કહે છે કે તમારું શરીર એવું લષ્ટ પુષ્ટ છે. ચકચકતું છે, કે તમે રોજ મીઠાઈ ખાતા હશો. મીઠાં ભોજન વિના, લુખ્ખા ભોજનથી કે તપસ્યાથી આવાં રંગીલા શરીર હોય નહિ.' એમાં એ દૃષ્ટાન્ત આપે છે કે વૃક્ષમાં અગ્નિ હોય તો વૃક્ષ લીલાં છમ હોય નહિ, જો ઝાડ લીલું છમ દેખાય તો માનવું જ પડે કે, એના મૂળમાં અગ્નિ નહિ હોય,' વિચારો કે કલ્પના કરવાની આવડતનો આ કેવો ભયંકર ઉપયોગ છે ! **કિંમતી ચીજ મળ્યા પછી એનો સદુપયોગ સુઝવા, એ ભાવી સદ્‌ભાગ્યની નિશાની છે, ત્યારે દુરપયોગ સુઝવો એ આગામી અધઃપતન સૂચવે છે.** માટે 'કોને ખબર કાલ મારી પાસે આ બધું રહેશે કે કેમ ?' એમ વિચારી આજેજ શક્ય સદુપયોગ કરી લેવા જેવો છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૫,તા.૩૧-૧૦-૧૯૫૨

## ૩ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**સાધ્વીજીની અમર ગાથા :-** ગભરાઈ છુપાયેલા હરિભદ્ર વિપ્ર પછી તો શેરીમાં છોકરાં રમતાં જોઈ સમજ્યા કે હાથી ગયો લાગે છે, એટલે નિર્ભય થઈ ઘેર પહોંચ્યા. એક બે દિવસ બાદ એવું બન્યું કે રાજાનો મંત્રવિધિ પતાવી એ સાધ્વીજીના મુકામ પાસેથી પસાર થાય છે, ત્યાં સાધ્વીજીને આ ગાથા બોલતાં સાંભળે છે;

**"चक्कीदुगं हरिपणगं पणगं चक्कीण केसवो चक्की ।**
**केसव चक्की केसव दु चक्की केसी य चक्की य ॥"**

આનો અર્થ તો સહેલો છે, પણ જૈન પરિભાષા તેને માહિત નથી. ઈતિહાસની ખબર નથી. તેથી મુંઝાય છે. આમાં બાર ચક્રવર્તી અને નવ વાસુદેવ (અર્ધ ચક્રવર્તી) થવાનો ક્રમ છે, ૨ ચક્રવર્તી ૫ વાસુદેવ- ૫ ચક્રી-વાસુદેવ-ચક્રી-વાસુદેવ-ચક્રી-વાસુદેવ ૨ ચક્રી-વાસુદેવ અને ચક્રવર્તી, આ ક્રમે આ અવસર્પિણિમાં



પહેલા બે ચક્રી ભરત અને સગર તથા છેલ્લો ચક્રી બ્રહ્મદત્ત થયા. અહીં શાંત સ્થિરચિત્તે ઘણો વિચાર કરવા છતાં હરિભદ્ર બ્રાહ્મણ આ સમજ્યા નહિ; તેથી એમને થયું કે 'આ શું ચક્કી ચક્કી કરે છે ?' હવે સમજ ન પડી એટલે ભારે મુશીબત !
કોને ? વિદ્યાના અર્થીને, 'લાવ પૂછું' એમ કરી એ તો સાધ્વી પાસે જઈ વિનયથી કહે છે. 'માતા, આ ચક્કી ચક્કી જેવું તમે બહુવાર બોલ્યા એ શું ?' સાધ્વીજી કહે છે 'હે પુત્ર ! સાંભળ, આ ભીના છાણે લીંપેલા જેવું નથી,' મહા વિદ્વાન છતાં કેવું નમ્રભાવે અને માતાના સંબોધન સાથે પૂછવાનું ! અને સાધ્વીજીનો કેવો આ સરળ છતાં ચતુર ઉત્તર ! કહેવું છે એ કે આ કુંભારનો ચાક નહિ. હરિભદ્ર પુરોહિત તો ઓર મુંઝાણા; પણ વિનયથી પૂછે છે, 'ત્યારે હું એનો અર્થ સમજ્યો નહિ આપ ન સમજાવો ? સાધ્વીજી પુરોહિતના વિનયભર્યા પ્રશ્ન ઉપર પોતાની મર્યાદા બતાવે છે.

**જિજ્ઞાસા શાની છે ?-** 'ભાગ્યશાળી છો, અર્થ સમજવા ઈચ્છો છો પરંતુ અમને અભ્યાસ કરવાની ગુરુજીની અનુમતિ છે, પણ વિવેચન કરવાની આજ્ઞા નથી. એટલે ગાથાનો અર્થ તો ગુરુજી આપી શકે.' શાસ્ત્રપાઠનો અર્થ સમજવા ઈચ્છે છે અને પૂછે છે એ ભાગ્યશાળી. તમે વર્ષોથી સામાયિક, ચૈત્યવંદન કે પ્રતિક્રમણ કરો છો, પણ કોઈ દિ' એનો અર્થ સમજવાની કે પૂછવાની ઈચ્છા થઈ ? શું જઈને પૂછ્યું કે "ભગવંત ! 'કરેમિભંતે'નો કે નમુત્થુણં'નો કે 'વંદિત્તુ' સૂત્રનો અર્થ શું ?" કહો ને કે એની કોને પડી છે ? પડી છે બજારની રૂખ-આંટીઘુંટી સમજવાની, શેઠ-નોકર, વેપાર-ગ્રાહક વગેરેના દિલ સમજવાની. વાહ જૈન જીવન ! આ પ્રખર વિદ્વાન તો 'પરશાસ્ત્રની વાત સમજ્યા વિના કેમ રહેવાય ?' એમ કરી 'માતા, માતા' કહેતાં પૂછે છે, ત્યારે એમના સદ્‌ભાગ્યે સાધ્વીજી પણ કેવા ઉત્તમ મળ્યા. 'અર્થ પૂછે છે, દીકરા ? ભાગ્યશાળી છો !' સાધ્વી ઘરડા હતા, પુરોહિત નવયુવાન હતો. 'અર્થ માટે ગુરુજીની પાસે જવું પડે,' સાધ્વીના આ બોલે હરિભદ્રના મદને ગાળી નાખ્યો. એ વાત્સલ્યભર્યા અને ગુરુ તરફ દૃષ્ટિ કરાવનારા બોલમાં કેવો ચમત્કાર હશે ! બ્રાહ્મણ તો દિગ્મૂઢ બની ગયા. વિચારે છે કે 'અહો ! ત્યારે આ શાસ્ત્રો કંઈ જેવા તેવાને મળે નહિ ! મહાન ભાગ્યવંતને જ મળે ! એનો અર્થ કેમ અતિ ગહન અને કઠીન ન હોય ? અને એમને એમ એમાં મતિ ખુંચેય શી રીતે ? બસ, મારે હવે એમના ગુરુજી પાસે જવું પડશે.' ત્યારે હવે ઘેર જવાની ઉતાવળ નહિ ? ના, અહીં એવી ભાંજગડો વચમાં લાવ્યા એટલે સમજો કે જે ઉત્તમ વસ્તુઓ આસમાનમાં લઈ જવા સમર્થ હતી, એની પાસેથી આપણા

હાથ જ છોડાવી લીધા ! સાધ્વીએ ગુરુનું સ્થાન બતાવ્યું. સવારે ગુરુ પાસે જવાનો નિર્ધાર કરી ઘેર આવ્યા; પણ રાતના ઊંઘ ન આવી. મનમાં એ ગાથા, એ સાધ્વી, એવા વિદુષીની પણ ગુરુ પ્રત્યેની પરાધીનતા, વગેરે ઘુંટાયા કર્યું, ‘અહો ! કેવી આજ્ઞાંકિતતા ! મારા જેવો શાસ્ત્રજ્ઞ અર્થ પૂછવા આવે અને અર્થ જાણવા છતાં તે બતાવીને જશ લેવાનું મન ન થાય ! કેવું આશ્ચર્ય ! એમને વિદ્વત્તા અને નમ્રતા ! મારે ? પંડિતાઈ અને ઘમંડ ! કેટલું અંતર !’ ઘમંડ ન કરે તોયે, વિદ્વત્તા ચાલી જતી નથી, ઊલટું અંતરાત્મામાં વધુ પરિણત થાય છે. ત્યારે ઘમંડમાં તો, વિદ્વત્તાનો બહાર ઉપયોગ કરતા ફરવાનું, એટલે અંતરાત્મામાં શી રીતે એને પચાવાય પજળાવાય ? એ વિચારે છે કે ‘આહા ! કેવો અપૂર્વ યોગ મને મળ્યો ! ત્યારે એમના ગુરુજી તો વળી કેવાય હશે ! એમની વિદ્વત્તા આગળ મારું ગજુ શું ?...’ હરિભદ્ર બ્રાહ્મણના આત્મામાં પરાવર્તન થયું. આનું મૂળ કારણ સાધ્વીજીનો વિનય જોયો તે, ગુરુપારતન્ત્ર્ય જોયું તે.

**મહા કિંમતી મનની કદર :-** પ્રભુના દર્શન કરી હરિભદ્ર ઉપાશ્રયમાં ગયા ત્યાં મંડપમાં બિરાજમાન આચાર્યપુંગવ શ્રી **જિનભટ્ટ**સૂરીશ્વરજીને જોયા. અંતરમાં હવે આત્મપરાવર્તનના યોગે ગડમથલ તો ચાલુ જ હતી. મિથ્યા અભિમાનથી પોતાના આત્માની આજસુધી પોતે જ કરેલી જે કદર્થના, તે હૈયાને કોરી રહી હતી. એમ થતું હતું કે, ‘અરે ! આજ સુધીના દિવસો મેં ખરેખર ! વેડફી નાંખ્યા ! **આત્માને મહાકિંમતી મળેલું મન, એનો કેવો ભયંકર દુરુપયોગ ચલાવે રાખ્યો !** જે મન દ્વારા ખામોશ અને નમ્રતા-મૃદુતાના સુંદર ભાવો આત્મામાં રમતા કરી ખૂબ અભ્યાસથી આત્મામાં એકમેક કરી શકાય, એની જગ્યાએ મેં આ અસહિષ્ણુતા અને અભિમાનમાં શું કરી નાખ્યું ! જે મનથી જાતનું ગૌરવ આંકવાને બદલે પરમાત્માનું અને આવા સાધુસંતોનું ગૌરવ આંકી શકાય, અનુમોદી શકાય અને અનુપમ લાભ ઉપાર્જી શકાય એવા મનથી છતી વિદ્વત્તાએ કેવી મૂર્ખાઈ અને મહાનુકસાનીની કાર્યવાહી મેં કરી ? આવી આવી વિચારણામાં એક બાજુએ વિહરી રહ્યા હતા, ત્યાં બીજી બાજુ મહાન વિદ્વાન મુનિગણથી સેવાતા સૂરિજીના પાવન દર્શન કર્યા. સૂરીશ્વર કેમ જાણે દેવોથી પરિવારેલા ઈન્દ્ર ન હોય ! વળી એમણે સાધુઓને તો પ્રશમરસના મહાનિધિસમા નિરખ્યા. અહીં વિદ્વાન હરિભદ્ર બ્રાહ્મણને આટલો બધો આનંદ થયો. એવું દિલ ઠર્યું, કે કુવાસના ઓગળી ગઈ. ત્યાગી મુનિઓના દર્શન માત્રનો આ કેવો ઊંચો પ્રભાવ ! ત્યારે વર્તન સાથે વાણીનું તો કહેવું જ શું ? વર્તન વિનાના ઉપદેશની કિંમત શી ? નાટકીયા માણસો ઘણાં સારાં ભાષણ કરી જાણે છે પણ એના નાટકીયા ભાષણો સાંભળતાં સાંભળતાં વિરાગથી



કેટલા પ્રેક્ષકો ઊભા થઈ ગયા ? કેટલાએ અહિંસા, સત્ય અને નીતિના ભેખ લીધા ? પ્રતિજ્ઞાઓ કેટલાએ કરી ? તત્ત્વની કોરી વાતો એ જાતની ભોગ વૃત્તિને કેટલીકવાર ઢાંકવા માટે થાય છે. તમને ખબર નહિ હોય, છાત્રાલયોમાં ‘પઢમં નાણં તઓ દયા’ના મુદ્રાલેખ આજે લખાય છે. એ દયાળુ બનવા માટે નહિ, પણ જ્ઞાન વિનાની કોરી દયા શું કામની ? માટે પહેલાં જ્ઞાન મેળવો, એમ કહી દયા વિનાના એટલે કે આરંભ સમારંભમય જીવનની આડે બચાવના ઢાલ ધરવા માટે, નહિતર તો એ જ્ઞાન ભણતાં ભણતાં કેટલા અનેકાનેક દયાળુ થયા એ આપણને દેખાત ને ? આજ આશ્ચર્ય તો એ છે કે એ સૂત્રનો પાછો ઉપયોગ ક્યાં ? જ્ઞાન દયાનું મેળવવા માટે નહિ, પણ જ્ઞાન આરંભ સમારંભનું મેળવવા માટે !! અસ્તુ.

શ્રી આચાર્ય ભગવંત આમને ઓળખી કાઢે છે ‘ઓહો આતો તેજ બ્રાહ્મણ છે કે જે અહીં પોતાના શાસ્ત્રમાં વિદ્વાન ગણાય છે, રાજમાન્ય છે અને ખ્યાતિવાળો છે. પૂર્વે આણે જ હાથીના તોફાન વખતે મંદિરમાં પેસી જઈ શ્રી જિનેશ્વરદેવની મૂર્તિ પ્રત્યે મશ્કરીવાળું વચન ઉચ્ચાર્યું હતું. કેમકે એનું ચિત્ત મદના લેપથી લેપાયેલું હતું. પણ આજે આશ્ચર્ય છે કે એણે અહીં આવવા પૂર્વે એજ જિનમૂર્તિની સુંદર સ્તુતિ કરી ! કાળના ભેદ અગમ છે. જીવોના હૃદયના ભાવોના ભેદ અકલ છે દુર્જ્ઞેય છે. પણ હવે જોઈએ છીએ આગળ શું બને છે.

એમ વિચારી આચાર્ય મહારાજ પૂછે છે એને ‘અહો ! અનુપમ બુદ્ધિનિધાન ! કુશળ છે તમને ? કયા પ્રયોજનથી અત્રે આવવું થયું ?’ શાસન માટે હીરા ખેંચવા હોય તો શી રીતે ખેંચાય ? મૃદુવાણી અને વત્સલ હૃદયથી, સામાના ગુણની કદરથી ખેંચી શકાય.

પુરોહિત અચંબો પામે છે ‘હું અનુપમ બુદ્ધિનિધાન ! આવા સમર્થ વિદ્વાન સૂરિજી મને આ રીતે સંબોધે છે ! આ કેવા વિશાલ ઉરના મહાત્મા ! મારામાં શી બુદ્ધિ છે તે હું હું જાણું છું. એક સામાન્ય બાબતમાં તો અહીં પૂછવા આવવું પડ્યું છે મારે; આવી તો મારી અજ્ઞાન દશા છે અને હું બુદ્ધિનિધાન ?’

આચાર્ય ભગવંતના ઉદાર વચન પર મુગ્ધ થઈ બોલે છે ‘પ્રભુ એ શું કહ્યું મને આપે ? શું હું અનુપમ બુદ્ધિનિધાન ! જૈન શાસ્ત્રની એક મામુલી ગાથાનો પણ અર્થ ન સમજી શકું એવી મહા મન્દમતિવાળો હું શી રીતે બુદ્ધિનિધાન !

ગુરુજી કહે છે, ‘મંદિરમાં જે તમે વીતરાગ પ્રભુની સ્તુતિ કરી એ અનુપમ બુદ્ધિના નિધાન વિના કેમ બની શકે ? આ જગતમાં એ રીતે શ્રી વીતરાગ પરમાત્માની ઓળખાણ થવામાં ખરી બુદ્ધિમત્તા છે.

હશે ભગવન ! પણ આપ કૃપા કરી ચક્કી દુગવાળી ગાથાનો અર્થ ન



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સમજાવો ?' વસ્તુનો સાચોઅર્થી કેવી રીતે માંગણી કરે ? તમે વ્રત પચ્ચક્ખાણ માગો છો ને ? તે કેવી રીતે માગો છો ? 'મહારાજ એકાસન' શબ્દનો અજબ મહિમા છે વિનયભર્યા સામાના અનુગ્રહની માગણીભર્યા શબ્દોથી આપણા પ્રત્યે સામાને તો આકર્ષણ થાય, પરંતુ આપણાય દિલમાં એક પ્રકારનો એ કલ્યાણકર વસ્તુની કદર સાથેનો સામાના પ્રત્યેનો એવો નમ્રભાવ અને બહુમાન જન્મે છે, કે જે ગુણપ્રાપ્તિ માટે ખૂબજ સહાયક છે, કેમકે, એથી ગુણપ્રાપ્તિના અવરોધક કર્મોનો ક્ષયોપશમ (એક પ્રકારનો નાશ) થાય છે. એના વિના ગુણ પ્રગટે નહિ. યાદ રાખો સાચી વિદ્યા, સુંદર ગુણો, એ વિનય-બહુમાન અને કદર-કૃતજ્ઞતા વિના નહિ મળે.

ગુરુદેવ એને સીધો અર્થ સમજાવીને રવાના ન કરે ? ના, એમાં સામાં પર શો બહુ ઉપકાર થાય ? એ તો કહે છે 'ભો મહાભાગ ! જૈન શાસનની અર્થ સમજવા માટેની ઊંચી વ્યવસ્થા સાંભળો. અહીં તો પહેલાં દીક્ષા લઈ તે તે સૂત્રને લગતી તપસ્યા કરવામાં આવે છે. પછી વંદન વગેરે વિનય વિધિ દ્વારા શાસ્ત્ર અને એનું વ્યાખ્યાન મેળવવા યોગ્ય છે. તો સારા વિસ્તાર અને પરમાર્થ મળે, પહોળાઈ-ઊંડાઈ મળે, હવે તમને ઉચિત લાગે તેમ કરો. તમે વસ્તુના સારા ખપી છે, તો મારી તમને સલાહ છે કે એમજ અર્થ સમજી લેવાની ખોટી ઉતાવળ કરતા મા.'

હવે શું થાય ? પુરોહિતનું ચિત્ત ગંભીર વિચારણામાં ચઢી ગયું. 'આપની વાત તો ઘણી સુંદર છે, કેમકે કોને ખબર આવી ગાથાના કરતાં તો કેટલું એ અગાધ જ્ઞાન આપને ત્યાં હશે, તે એ રીતે સહેલાઈથી મળે. પરંતુ દીક્ષા એટલે જીવનભર માટેનો સંસાર ત્યાગ ! એ કેમ બને મારાથી ત્યારે બીજી બાજુ મારે અર્થ સમજવા જરૂર પડે સામાનો શિષ્ય થઈને પણ સમજવાની પ્રતિજ્ઞા છે. માટે હવે તો નિયમ તે નિયમ,' અંદરનું ખમીર ઉછળે છે, અને ક્ષાત્રવટ દાખવી આચાર્યશ્રી પાસે ચારિત્ર અંગીકાર કરી એ હવેથી શ્રી હરિભદ્ર મુનિ બને છે. આચાર્ય મહારાજને એની આંતરિક પ્રતિજ્ઞાની ખબર નહોતી. પણ આર્ય દેશના માનવી હૃદયના ચોર ન હોય, જાતને જ ઠગનારા ન હોય. શું ? એવા અવસરે કલ્પાંત નહિ કરવાનો કે 'હાય ! મહારાજે મને આ બાધા ક્યાં આપી ?' પ્રતિજ્ઞાના અવસરના પાલન તો આત્માના અનંત વીર્યને પ્રગટ કરવામાં અને અનુપમ ઉન્નતિ સાધવામાં ખુબ જ મદદગાર થઈ નીવડે છે. અહીં પ્રતિજ્ઞાએ શું કર્યું ? મહા મિથ્યાત્વમાં ખૂંચેલા રાજમાન્ય વિદ્વાન બ્રાહ્મણને જૈન શાસનના મહાન પ્રભાવક આચાર્ય બનાવ્યા. મિથ્યાત્વનું જોર, પાછું રાજા તરફથી માન સન્માન, વળી વિદ્વત્તા, એમાં બ્રાહ્મણપણું આ એકએક વસ્તુ એવી છે કે આટલી ઊંચી સાધુતાની સ્થિતિએ ન પહોંચવા દે, પરંતુ એક પ્રતિજ્ઞાનો ચમત્કાર અજબ છે. સારી પ્રતિજ્ઞા એ તો મોહને પડકાર છે.



આત્માને આશીર્વાદ છે. એ સમજનારા પ્રતિજ્ઞાના પાલન ખાતર અવસરે પ્રાણ પણ તજવા સંકોચાતા નહિ !

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજે ફરમાવાથી એમના પટ્ટધર શ્રી રામચન્દ્રસૂરિજીએ અયોગ્ય બાલચન્દ્રને આચાર્યપદવી ન આપવા કબૂલ્યું પછી તો એક બાજુ કુમારપાળનું મૃત્યુ, અને બીજી બાજુ ગુરુદેવ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજનું મૃત્યુ થયું. કુમારપાળનો ઘાતક અજયપાળ રાજગાદીએ આવ્યો. એણે બાલચન્દ્રની ચઢવણીથી શ્રી રામચન્દ્રસૂરિજીને કહ્યું કે 'બાલચન્દ્રજીને આચાર્ય પદવી આપો.'

'તે મારાથી નહિ બની શકે.' સૂરિજીએ ઉત્તર કર્યો.

અજયપાલ દબાણ કરે છે. 'બનાવવું જ પડશે'

'બિલકુલ બને એવું નથી.' શાસન ભડવીરે દૃઢ નિર્ધાર જાહેર કર્યો.

રાજા ગુસ્સે થઈ કહે છે 'એનું પરિણામ સમજો છો ? તમે આ કોની સાથે વાત કરી રહ્યા છો ?'

'ગુજરાતના રાજા અજયપાલની સાથે'

'એટલે, મનમાં ખુમારી છે ?'

'ના, ખુમારી નહિ, ગુરુ વચનના પાલનની, પ્રતિજ્ઞાના પાલનની નિશ્ચિત વાત છે.'

રાજાનો કોપ હવે માઝા મૂકે છે; કહી દે છે 'આચાર્ય પદ તમારે આપવું જ પડશે, નહિતર ચઢાવી દઈશ તમને અગ્નિપર' વિચારો કેવા કટોકટીના સંયોગ ઊભા થયા. અહીં જો કષ્ટની ગભરામણ હોય મૃત્યુના નામથી કલેજું ફડફડતું હોય, તો તો કેટલાય બહાના ઊભા કરાય. મન લોચા વાળે કે 'જીવતા હઈશું તો ખૂબ શાસન પ્રભાવના કરી શકીશું ઘણી આરાધના થઈ શકશે. પણ રાંક જીવને એ ખબર નથી કે ઈતિહાસમાં એમ લખાય કે જૈનાચાર્યે મૃત્યુના ભયથી ગુરુવચન ઉલ્લંઘ્યું પ્રતિજ્ઞા ત્યજી, તો એ પ્રભાવના કે અપ્રભાજના ? લોકોને શું થાય, 'હેં ત્યારે જૈન ધર્મમાં આવી પોલ ચાલતી હશે ? આચાર્ય પણ પ્રતિજ્ઞા તોડી શકે ? વગેરે વગેરે થાય કે નહિ ? ત્યારે પોતે જો ગુરુવચન ઉત્થાપ્યું તો એ મહાવિરાધના ખરી કે નહિ ? અને પછીની આરાધના એવા નિષ્ઠુર હૃદયે થઈ શકવાનો શો ભરોસો ? એમાં માલ પણ શું ?

શ્રી રામચન્દ્રસૂરિજી તો મૃત્યુની ધમકી પર રાજાને આનંદથી કહી દે છે, 'કોઈ ચિંતા નહિ.' 'ક્યાં ગુરુને આ કબૂલાત આપી' એવું જરાય મનમાં નથી આવતું. પ્રતિજ્ઞા તો તારનારી છે, ઉદ્ધારનારી છે, એના માટે હલકો વિચાર કેમ કરાય ? માનવ જીવનમાં પ્રતિજ્ઞા સ્વીકાર અને પ્રતિજ્ઞા પાલનનો અજોડ હક


E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

મળ્યો છે, ખ્યાલ છે આ હકનો ? તો કહો જોઉં, જીવનને કેટલી પ્રતિજ્ઞાઓથી ભરી દીધું છે ?

અજયપાલ ધમધમે છે, એમ નહિ માનો. અગ્નિ ધખ્યા ધાતુના પતરા પર-કઢાયા પર ચઢવું પડશે ત્યારે માનશો.' કરાવી તૈયારી, મોટી, કઢાઈ નીચે પ્રજવલિત ધખતો અગ્નિ. સત્તાના દમામથી કહે છે, 'કાં માની જાઓ, કાં આના પર ચઢી જાઓ,

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ”　　　વર્ષ-૧,અંક-૬,તા.૨૭-૯-૧૯૫૨

## (૪) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**ધન્યઘડી :- કેવી અગ્નિપરીક્ષા ! શું થાય ? કાંઈ નહિ, જગતમાં ગુરુઆજ્ઞાની ખાતર, દુર્લભ કિંમતી પ્રતિજ્ઞા ખાતર પ્રાણ ત્યજવા પડે તો, તે ઘડીને અભાગણી ઘડી નહિ, પણ ધન્યઘડી, મહા ધન્યઘડી માનવાની !** સૂરિજી સ્વમાર્ગમાં મેરુવત્ નિશ્ચલ હતા. દુષમ એવા પંચમ કાળમાં પણ ભયંકર મૃત્યુના આક્રમણ પણ એમને ચલવિચલ કે બેબાકળા કરવા સમર્થ નહોતા. એજ કાળમાં આપણે જીવીએ છીએ ને ? આજ કાલના અનુપમ દૃષ્ટાંત આપણી સામે મળે છે ને ? તોય દેવભક્તિ, ગુરુઆજ્ઞા, અને વ્રતપ્રતિજ્ઞા વગેરે માટે કેટલું જીગર ? પંચમકાળ પણ આવી આરાધનાઓ અને એના દિવ્ય પુરુષાર્થથી ચોથા આરા જેવો કરી શકાય. એમાંનું કશું નહિ બને તો, એ છઠ્ઠા આરા જેવો !

**આચાર્યની અંતિમ આરાધના અને ભવ્ય પુરુષાર્થ :-** મહાન સાધુગચ્છના નાયક, અદ્ભુત શાસન પ્રભાવક અને શાસ્ત્ર રચયિતા આ આચાર્યે પરિસ્થિતિ કળી લીધી. વિહરમાન તીર્થંકરદેવની સ્તુતિ કરી દુષ્કૃતગર્હા સાથે મહાવ્રતનું પુનરુચ્ચારણ કરી લીધું, સર્વ જીવોની ક્ષમાપના, મૈત્રીભાવ સાથે અનશન અને અરિહંતાદિ ચાર શરણ સ્વીકારી લીધા. નમસ્કાર મહામંત્રના સ્મરણ સાથે એક ભડવીર યોદ્ધાની જેમ લા'ય જેવી કઢાઈ પર ચઢી ગયા ! ચામડી તો એકદમ બળવા લાગી, અતુલ પીડા છતાં મુખપર અંતિમ આરાધનાની અને સમાધિની અપૂર્વ પ્રસન્નતા હતી ! ઘડીમાં શરીર શેકાઈને સાફ થઈ ગયું ! પણ જરાય અરેકારો નહિ કે ક્યાં ગુરુએ પ્રતિજ્ઞા કરાવી અને ક્યાં વગર વિચારે મેં ઉતાવળથી લઈ લીધી !

આ તવી પર શેકાઈ જવાની વાત નવી નથી, નરકાદિમાં એવું ઘણું મળ્યું.



પણ ભયંકર પીડા અને પ્રાણત્યાગના સાટે સત્ પ્રતિજ્ઞાનું પાલન એજ અનંત સંસારમાં નવી વાત વાત હતી; દુર્લભ-અતિદુર્લભ હતી, તે અહીં લાધી. તો હવે એમાં પાછી પાની શા સારુ ?

એમજ વીર બનીને **હરિભદ્ર** પુરોહિત અણનમ ટેકથી મુનિ બન્યા. શી રીતે ? શી રીતે શું પૂછો છો ? બાહ્ય સંસારના સંબંધ અને હક દાવા ફગાવીને, અને અંતરના માયા મમતાના બંધન કાપીને. અચાનક કરવાથી સગાસંબંધીને આશ્ચર્ય ન થાય ? થાય, અને પૂછે પણ ખરા 'આ એકદમ શું ?' તો એ કહેવા તૈયાર હતા કે 'આ કર્તવ્યના પાલન. 'પણ તમારે દીક્ષા ?' 'હા, હા, મારે દીક્ષા.' ત્યારે સગાં વળી કહે 'કે સંન્યાસી બાવા થવું હોય તો થાઓ, પણ એ જૈનોના સાધુ નહિ.' કહો સગાં આ સાચું કહે છે ? સંસાર-ત્યાગની રજા આપે એ ? ના રે ના, એ તો એક ગોળો ગબડાવવાની વાત. એમ કાંઈ સંસાર છોડવા દેવાય ? સંસારી-સગાઈની સફળતા શામાં ? મોહ કરાવવામાં, વિષયના કીડા બનાવવામાં, કષાયના ઉસ્તાદ કરવામાં, કેમ એમજ ને, ? ના શું કહો છો ? **તપાસો જીવનમાં સગાઈની રૂએ તમે બીજાને શું આપી શીખવી રહ્યા છો, અને બીજા પાસેથી તમે શાની આશા રાખી રહ્યા છો ?** મોજપાણી અને માન પાનની ? કે વૈરાગ્ય અને ત્યાગ તપસ્યાની ? હરિભદ્ર પુરોહિત તો નરવીર હતા. એ તો સગાંને કહી દે કે બીજી બધી વાત રહેવા દો. મારે તો જીવન નૈયાના આ અપૂર્વ સુકાની મળ્યા છે. આ બધું ઘરબાર માલમિલકત તમને ભળ્યું.' હેં ? મિલકત અને માનપાન છોડીને ચારિત્ર લેવાય ? તમારા પોતાના માટે એમ લાગે છે, ખરું ને ? પણ **કહો તો ખરા કે મિલકત છોડીને મરાય ખરું કે નહિ ? તે તો છુટકો નથી.** તેમ આ પણ સમજો કે જૈન કુળમાં જન્મ્યાની વિશેષતા લાગતી હોય તો **ચારિત્ર વિના છુટકો નથી.** જૈન તરીકે જન્મ્યા માટે સઘળું છોડીને દીક્ષા લેવી જ જોઈએ, એ આવશ્યક કર્તવ્ય. અશક્તિ વગેરે કારણે ન લઈ શકો એ જુદી વાત. પણ જેમ બધું છોડીને મરવું પડે છે, તેમ બધું છોડીને ચારિત્ર લેવું જ પડે, એવું હૃદયમાં અંકિત થઈ જવું જોઈએ. દેવ-તિર્યંચ-નરક એ ત્રણે ગતિમાં ચારિત્ર પર અંકુશ, ચારિત્ર ન મળે, **અહીં કન્ટ્રોલ ઊઠી ગયો છે.** પુરોહિતને ભાવના થઈ કે તરત અમલ; કેમકે આ ભાવનાનો વિશ્વાસ રખાય નહિ ! નથી ને કદાચ ગુરુએ ટોણો ઠપકો લગાવ્યો તો ભાવના કંપાયમાન ! અથવા સંયોગોનો વિશ્વાસ રખાય નહિ. પણ આપણે તો છીંડું જ શોધવું હોય, એટલે એમ થાય કે હજી...શું વહી ગયું છે ? સાચી ભાવનાવાળા જીવો વિપરીત સંયોગો વચ્ચે રુદન કરે છે, એમનું હૈયું સળગી રહ્યું હોય છે. એ સમજે છે ભાવનાની નાજુકતા ! પણ એટલું સમજી રાખજો કે ચામડાની આંખે આ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ભાવનાની નાજુકતા નહિ દેખાય.

**ભાવનાની નાજુકતા :-** એટલા જ માટે ડાહ્યા મનુષ્યનું કર્તવ્ય છે કે જ્યારે ઉત્તમ કાર્યની ભાવના જાગી, ત્યારે તુરત તેને વધાવી લઈ અમલ કરવો. નહિતર તો જો કાળે કરીને ભાવના એમજ પડી ગઈ તો સમજો કે આત્માય ગયો નીચે ! કંડરિકે દીક્ષા ભાવનાથી લીધી હતી, પરંતુ જો એનું ચોક્કસ ઉપાયોથી સંરક્ષણ ન કર્યું, તો ભાવના પડી. પરિણામ ? સાતમી નરકમાં પડ્યો. અને ભાઈ પુંડરિક સાથે ચૌદ રાજલોકના અંતર ઉપાજર્યા. પુંડરિક તો ભાવના ટકાવવા-વધારવા એને અનુરૂપ ઉચ્ચ અમલ કરનારા બન્યા; માટે પહોંચ્યા અનુત્તર વિમાનમાં !!

**પ્રતિજ્ઞાનો પ્રભાવ :-** હરિભદ્ર પુરોહિતે તોળી જોયું, પ્રતિજ્ઞાના પાલન વિના રહેવામાં અસત્યગામિતા, આવા મહાન જૈનાચાર્ય પાસેથી લભ્ય એવી અનુપમ વિદ્યાનો અલાભ, ને પ્રપંચમય સંસારમાં એમજ જીવનના જીવનોની બરબાદી ! ત્યારે **પ્રતિજ્ઞાના પાલનમાં આર્યત્વ પામ્યાની સફળતા ! કુળને શોભા ! સચ્ચારિત્રની પ્રાપ્તિ ! કલ્પવૃક્ષસમાં વિનય ધર્મની આરાધના ! ઉત્તમ દુર્લભ જ્ઞાનની પ્રાપ્તિ !** વિચારજો તમો મનુષ્યપણું, આર્યપણું અને જૈન પણું, પામ્યા છો ને ? તો શું કરો તો તે પામ્યાની સાર્થકતા થાય ? અત્યારે જે કરી રહ્યા છો, તે તો અનાર્યપણું, જૈનેતરપણું પામીનેય થઈ શકત ને ? ત્યારે પશુપણું પામવાને બદલે આર્ય જૈન માનવતા પામ્યાની કોઈ વિશેષતા નહિ સાધવાની ? આ બ્રાહ્મણને એમ થયું કે મારાથી ધારેલી પ્રતિજ્ઞા કેમ તોડાય ? સામે આવતું ચારિત્ર કેમ જતું કરાય ? ત્યારે શું જૈન તરીકે જન્મેલાને એમ ન થાય કે 'અહો ! ન્યાય સંપન્નતા, સત્યનિષ્ઠતા, ઉદારતા, પરોપકાર વગેરેથી મારા આ ઉચ્ચ જન્મને કેમ સાર્થક ન કરું ? **બીજું બધું તો કર્યું ન કર્યું થવાનું છે, પણ આ ગુણપ્રાપ્તિ કરેલી અક્ષય બનવાની,** અને એથી આત્મા સાચો સુખી અને સ્વતંત્ર થવાનો.

**મુનિ હરિભદ્રની ઉત્તમ ભાવના :-** બ્રાહ્મણ હરિભદ્રે આચાર્ય ભગવંતનાં ચરણ સ્વીકાર્યાં. જે વખતે એમને ચારિત્ર આપવામાં આવ્યું અરિહંત પરમાત્માની સાક્ષીએ, એ વખતે એમના હૈયાના સંવેગ-વિરાગના ઉમળકા સાગર ભરતીની જેમ ઉછળતા હતા ! મિથ્યામતિ અને મિથ્યા-પ્રવૃત્તિના પશ્ચાત્તાપનો દાવાનળ ભારોભાર સળગતો હતો ! ચારિત્ર લીધા પછી જેમ જેમ શાસ્ત્રો ભણતા ગયા, તેમ તેમ એમના અંતરમાં જૈન શાસનની જે વધુને વધુને અદ્ભુત મહેક વ્યાપી ગઈ, તેના પરિણામરૂપ આજે એમના ગ્રંથો જ્વલંત દૃષ્ટાંત છે, જ્યારે એમને યાદ આવે છે કે "ક્યાં હું એ પૂર્વનો પુરોહિત ! ને ક્યાં આજે હું સાધુ ! એ વખતનો હું કેવો ને આજનો કેવો ? ક્યાં એ વખતનું ગર્વિષ્ઠમન ! તુચ્છ લક્ષ્મીના લોભમાં પડેલું



મન ! અનેક પ્રકારના દોષોમાં રક્ત રહેનારું મન ! ને ક્યાં એના પ્રતિપક્ષી આ ગુણો ! ત્યારે એમના દિલમાં અભૂતપૂર્વ આનંદ થાય છે.

**આત્મશત્રુ મન :-** એ યાકિની મહત્તરાને માતા માને છે. પાછું ગુરુએ ઓળખાણ કરાવી છે કે આ અમારા ગુરુના ભગિની છે, મહત્તરા છે. જન્મદાત્રી માતા જુદી, આ તો ધર્મની માતા ! એટલે જે શાસ્ત્રો લખ્યાં તેની નીચે લખ્યું કે 'યાકિની મહત્તરાના પુત્ર શ્વેતામ્બરાચાર્ય હરિભદ્રની આ રચના.' એમ એમને લાગે છે કે "કેવો સુંદર યોગ ! એ સાધ્વીજી ! એ જૈન શાસનની ચક્કી દુગં... વાળી ગાથા ! આ આચાર્ય ભગવંત ! મને આ મનોરમ જૈન શાસનની પ્રાપ્તિ ! હવે તો હું અગાધ ને અગમ્ય જૈનશાસ્ત્રોનું અવગાહન કરી શકીશ. ગુરુએ ભવોભવનું સમજાવેલું રહસ્ય પામી, આજે મારું મન પ્રભુના આગમો પામવાની આશામાં મસ્ત છે ! હું ગુણ શું ગાઉં આ બધા ઉપકારીઓના !" મન હવે પવિત્ર બની ગયું છે. આત્માના પરાવર્તન સાથે મનનાં પરાવર્તન જોઈએ. ચિત્તે ગમતી વાતો, સંજ્ઞાઓ, અને તેનાં પક્ષપાતી વલણ છોડવાં પડશે. **આત્માનું ભયંકર બગાડનાર હોય તો મન છે.** ઉત્તમ કોટિની આરાધનાની આડે ૧. જેટલી વાત અશક્તિની નથી નડતી, ૨. જેટલા કપરા સંયોગો નથી નડતા, ૩. જેટલો સામગ્રીનો અભાવ નથી નડતો, ૪. દેશ અને કાળ જેટલા નથી નડતા, તેટલું મન નડે છે. **મન સુધાર્યું એણે શક્તિ સંયોગ, સામગ્રી, દેશકાળ બધું સુધાર્યું. મન સુધાર્યું તેણે આત્મા સુધાર્યો, ભવ સુધાર્યો.** મનના ફેરફારે એ મહાન પુરુષને અપૂર્વ સમ્યગ્દૃષ્ટિ અને સચ્ચારિત્રી કર્યા. જૈન શાસનના જ્યોતિર્ધર બનાવ્યા, અતિ ઉચ્ચ કોટિના ચૌદસોને ચુંવાલીસ શાસ્ત્રરત્નોના સૂત્રધાર બનાવ્યા. આ કેવો જૈનસંઘ પર અને જગતપર ઉપકાર કર્યો !! દોઢ હજાર વર્ષ પહેલાંની, આ વાત ત્યારથી માંડી અત્યાર સુધી એ શાસ્ત્રો ચાલી આવ્યાં છે, તેનાથી કેઈ આત્માઓએ આત્માની અદ્ભુત નિર્મલતા કરી અને કેઈ કરશે. તે શાસ્ત્રોનો વારસો બીજાને સોંપશે, ને સદ્ગતિના ભોક્તા બનાવશે. એ આવો ઉપકાર ક્યારે કરી શક્યા ? જ્યારે એક ગાથાના નિમિત્તે, પ્રતિજ્ઞાના કારણે મન ફેરવ્યું તો ને ? **મનને સમજાવવાની જરૂર છે. અહીં મન સમજશે, સમજાવી દો.** એક કવિ મનને ઠીક ઠીક શિક્ષા આપે છે. મન આપણને કેવી કેવી સ્થિતિમાં મૂકે છે ! હાથની જિતેલી બાજીને હરાવે છે ! નજીક થતો મોક્ષ દૂર કરાવે છે. તૂટતી ભવની શ્રેણીને સોયદોરાથી સાંધી લાંબી કરી આપે છે. તેવા મનથી થાકેલો આત્મા રુદન કરે છે !

"મનવા છાંડ તું સંગ હમેરા..."



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

## • મનનું ક્રૂર નાટક •

**કવિનો આર્તનાદ :-**

(કાલિંગડો ભીમપલાસ મિશ્ર)

**મનવા ! છાંડ તું સંગ હમેરા.**
**ના ચાહીએ તેરા માલ ખજાના, ના નૌબત નક્કારા;**
**ના ચાહીએ તેરા ગદી તકીયા, રાજપાટ જગ સારા...મનવા !**

કવિ કહે છે કે 'હે મન ! તું અમારો પલ્લો છોડ. તું ઘણી માલમિલકત દેખાડી અમને લલચાવે છે. પણ હવે અમારે તેની જરૂર નથી. મહેલ ખરી રીતે હોય છે જેલ બરાબર, પણ તું અમને દેખાડે છે કે 'જુઓ આ કેવો સુંદર બંગલો છે, એમાં તમારા નામની નોબત બજે છે.' ઈત્યાદિ રૂપે ભોળવી તું અમને એમાં પુરી દે છે. એમ ગાદી, તકીયા મોટા રાજ્ય અને આખાં જગતની ઠકુરાઈ આ બધું જે પારધીની જાળ જેવું છે, તેમાં ફસાવી અમારી પાસે તું અઢળક કાળાં કર્મ અને પાપના બંધન ઉપાર્જાવે છે. આજ સુધી હે મન ! તને પ્યારું કરવામાં મેં સઘળી કુલવટ કે ધર્મમર્યાદાની શરમ નથી રાખી. પરંતુ એ બધાનાં પરિણામમાં શું ? **જેટલા પ્રમાણમાં તારું ગમતું કરે રાખ્યું, તેટલા પ્રમાણમાં હે દુષ્ટ મન ! તેં મને દુર્ગતિને હવાલે કરે રાખ્યો છે.** આહા ! તારી નિર્દયતા હું શું વર્ણવું ?

**આદિ જનમસે આજ તક થા, તું મોહે સબસે પ્યારા;**
**સદા રહા મેં તેરા હો કર, તું નહિ હુઆ હમારા...મનવા !**

આજ સુધીમાં યુગોના યુગો વીત્યા. એમાં ઠેઠથી તું મને સૌથી અધિક પ્યારું હતું. એમ તો આ પૃથ્વીતલને પાવન કરનારા વિચરતા પરમાત્માય મને મળ્યાં હશે, પણ એમનેય પડતા મૂકી, હે મન ! તને જ મેં વહાલું કર્યું. તને ગમે તેવું, ભલે અધમમાં અધમ કાર્ય પણ મેં કર્યું, તું જ મારો નાથ, હું તારો દાસ, સદા સર્વદા હું તારો આજ્ઞાંકિત થઈને રહ્યો. પરંતુ અફસોસ ! કે તું મારો ન બન્યો, એટલે ? તેં મારી કાંઈ જ તે ભલું ન કર્યું ! **આ અપાર ભવસાગરના અનંત દુઃખમાં સબડતા એવા મને હે મન ! તેં જરાય રક્ષણ ન આપ્યું; અને હું ગમાર તારી પુંઠે હેવાન બન્યો !** ન જોઈ રાત, કે ન જોયો દિવસ ! ન જોઈ દરિદ્રતા, કે ન જોઈ ધર્મ તકવાળી સંપત્તિ ! તને જે ગમ્યું અને તેં જે જે માંગ્યું, તે સઘળું કરી છૂટવા મેં આકાશ પાતાળ એક કર્યાં ! જીવનના જીવન પૂરા બરબાદ કર્યા !! છતાં તું મારા દુશ્મનનું કામ કરનારું ! હું આવો બનું એમાં તારે શું ?

**'તેરા તો કછુ નાહિ બિગડા, તું બના ફીરે મતવારા;**
**રાગદ્વેષકા મિથ્યા ફાંસા, તુને મેરે ગલેમેં ડાલા,'...મનવા !**



તારું તો કશું બગડતું નથી. તું તો મતવાળો-આપમતવાળો એટલે સ્વતંત્ર બની ફર્યા કરે છે. તારું ગમતું-અણગમતું લેવા મૂકવા પાછળ મને તો તેં ગુલામ તરીકે રાખ્યો. ગુલામીમાં મને સબડાવવા તેં મફતનો રાગદ્વેષનો ફાંસલો મારા ગળામાં ઘાલ્યો છે. **રાગદ્વેષ એ ફાંસલો એટલા માટે કે રાગદ્વેષ વિનાનો આત્મા સ્વતંત્ર છે, કાંઈ પાપ કરવું પડતું નથી; ત્યારે રાગદ્વેષમાં એવા બંધને બંધાય છે, ફસાય છે, કે પાપ કરવા જ પડે. માણસ રાગદ્વેષથી જ દુઃખી છે. રાગદ્વેષ હોય ત્યાં સુધી દુઃખ ન આવે, તે વાત બની જ ન શકે. હે મન ! તું તો એવું છે કે :-**

**'આવાગમનમેં દુઃખ નહિ માને, એવા ધિટ્ઠ ગમારા;**
**સ્વર્ગનરક કા અનુભવ તું ને, લીયા હૈ લાખન વારા'...મનવા !**

સ્વર્ગનરકમાં લાખો સ્વાદો લીધા છતાં આ સંસારમાં રખડપટ્ટી કરવામાં તને દુઃખ કે નાલેશી નથી લાગતી ! કેવું તું મહાગમાર અને હઠીલું છે. હે અજ્ઞાન ને હઠીલું મન ! તારા લીધે તો, પ્રભુનું શાસન મારી સામે છે છતાં, મારે ભવાંતર કેવા વેઠવા પડશે તેની મેં ભીતિ નથી રાખી ! હું રાગદ્વેષના કચરા ઉપાડી રહ્યો છું તેની મને લજ્જા નથી આવતી ! હમણાં જો લજ્જા હોય, કે 'અરેરે' ! વીતરાગના અનુયાયી એવા મને આવા કચરા સંઘરવા શોભતા નથી., આ તો ઘણું ખરાબ થઈ રહ્યું છે.' તો ઊભો થઈ જાઉં; રાગદ્વેષને લાત મારી કાઢું પણ ના, શરમ નથી. કેમ આમ ? માત્ર મનનું ફુલેકું ચઢાવી એને ગમતું કરવું, એનું અણગમતું છોડવું, ભલે ને વીતરાગ સામે હોય પણ મનને પનારે પડ્યા રહેવું એટલે શી શરમ ? પછી તો કેમ ? તો કે ઈન્દ્રિયોની વેઠ કરવાની; કેમકે મન એને કબજે કરે છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૧,અંક-૭,તા.૪-૧૦-૧૯૫૨

## ૫ શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**"પાંચે ઈન્દ્રિય વશ કરકે અપની, મેરી જીતી બાજી હારા"** મન ઈન્દ્રિયોને પોતાના હુકમ મુજબ નચાવે, પછી તો ભલેને મનુષ્ય ભવમાં આવીએ એટલે આમ તો જગતની બાજી લગભગ જીતી ગયા ગણાય, પણ જો મનનું ગમતું કરવામાં, તેના હુકમ બજાવવામાં, ઈન્દ્રિયોથી કાળાં કામો કર્યા, આત્માને ભારેકર્મી કરી દીધો, દુર્ગતિની તૈયારી કરી, તો એ શું કર્યું ? પૂર્વે જીતેલી બાજી હારી નાખી ! શું બાજી જીત્યો હતો ? ત્યાગ, તપસ્યા, સદાચાર, મહાવ્રત વગેરે ઉચ્ચ કોટિના કરવાનો અવસર મળ્યો હતો તે. નરકમાં ભયંકર ક્રોધનાં સ્થાન, તિર્યંચમાં માયાના



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સ્થાન, **નરકમાં** માર એવો ભયંકર પડે કે સહેજે ક્રોધ ગુસ્સો આવી જાય. **તિર્યંચમાં** મુંગાપણું હોવાથી ધણીને બતાવી ન શકે કે આવો ભાર નહિ ઉપડે. એમ પોતાના થાક ભૂખ ન કહી શકે. તેથી સહેજે એને માયા કરવાનું મન થાય. **દેવને** પોતાથી ઊંચા ઊંચા દેવલોકના સુખી દેવ પર ઈર્ષ્યા, સહેજે પોતાને એનો લોભ, એ દેવગતિમાં લોભના સ્થાન હતાં. ત્યારે શું **માનવને** અભિમાનના સ્થાન નહિ ? ખરા, પણ અહંભાવ તો દરેકને લાગેલો જ હતો. નરક અને દેવલોકની ગતિ જીવને સાફ ના પાડતી હતી કે અહીં કોઈ જાતના તપ ત્યાગ કરવાની વાત ન કર ! તિર્યંચપણામાં અવિવેક અને પરાધીનતા ના પાડતી હતી. ગમે તે આચરવું, ગમે તે ખાવું, નાગા ફરવું પડે, ભારી બોજ ઉઠાવવા પડે, લોક માને કે "પવિત્ર ગાય !" પણ ગાયને એનું મન મનાવે કે "ઘાલ વિષ્ટામાં મોં". વિવેક નથી. બાકીની એકેન્દ્રિયથી ઠેઠ અસંજ્ઞી પંચેન્દ્રિયપણાની સ્થિતિઓમાં પણ જીવ હારી રહ્યો હતો. ત્યારે અહીં બધું થઈ શકશે. શું શું ? દાન, શીલ, તપ અને ભાવ ! પ્રભુની ભક્તિ અને જિનાજ્ઞાનું પાલન ! કષાયોનો ઉત્તમ નિગ્રહ ! ઇન્દ્રિયો પર આત્માની જોરદાર સ્વાધીનતા ! આ બધું કરવાના સંયોગ મળ્યા એટલે કહેવાય કે અહીં **બાજી હવે જીતવા જેવી થઈ.** પણ લુચ્ચું મન ઇન્દ્રિયોને કબજે કરે છે. આંખને કહે "જા પરસ્ત્રી શરીર પર, જા સિનેમા પર !"; કાનને કહે 'જા રેડિયો પર"!"; જીભને કહે "ભટક કંદોઈ-ઓળમાં !"; આ સ્થિતિમાં ત્યાગ, તપ કે સદાચાર શું કરાય ? બધી બાજી હારી નાખી. એ પરવશતા અને મૂર્ખાઈ કેટલી ? મનની ચાલે ચાલી, ઇન્દ્રિયોના અમન ચમનમાં શું કર્યું ?

**'પુરવ પુણ્યકા અમુલ્ય ખજાના, ખો કર બેઠા સારા,**
**લોભ મોહકી ઝોલી લેકર, ઘર ઘર હાથ પસારા...'**

અહીં લુંટાવી નાંખ્યું પૂર્વનું ભરચક પુણ્ય ! તળિયાં સાફ કરીને બેઠો. હવે સારું કેમ મળે એ માટે આકાશમાં જ જોવાનું ને ? પછી રહી ભીખ. ઘેર ઘેર એટલે કે જેટલા જગતના વિષયો ત્યાં ત્યાં હે મનડા ! લોભ અને મોહની, તૃષ્ણા અને મમતાની ઝોળી તેં મને પકડાવી ભીખ માંગતો ભટકાવ્યો' **વીતરાગના શાસનમાં આવીને આ કરવાનું ? ચક્રવર્તીનો દીકરો ભીખ માગે ? ત્યારે શું અનંતકાળ ભીખ માગી ઝોળી ભરાઈ ગઈ ?** ના, ના, બહુ જ ઊંડી થઈ ગઈ, તળિયું દેખાતું નથી. માટે હવે કહું છું.

**"ગાંઠમેં તેરી ઈક લાલ પાઈ ના, માગત ફીરે ઉધારા...**
**જીસ પ્રપંચમેં સાર નહિ હૈ, તાકો સોચ વિચારા;**
**તત્ત્વપદારથ ચિન્હે જો ચિત્તમેં, તેરા મેરા ભવ પારા"**



તારી ગાંઠે એક પાઈની મૂડી નથી રહી. અર્થાત્ પુણ્ય ખૂટી ગયું છે. છતાં **તું ઉધારે માગતો ફરે છે, અર્થાત્ અશક્યની ઝંખનામાં પાપ કરે છે.** સમજ કે લોભ અને મોહને લઈને ઇન્દ્રિયોના ભોગવિલાસ માટે જે જંજાળ ઉઠાવે છે, તે પ્રપંચમાંથી સાર નહિ નીકળે. **જગતની જંજાળમાંથી સાર કોણે કાઢ્યો છે, કે તું કાઢી શકશે ? અંતે તો અપયશના પોટલાં મળશે. માથે દુઃખ અને દુર્ભાગ્યના ડુંગરા વરસશે.** અહીંયા જ્યાં ત્યાં હડધૂત થાય છે. અને પરલોકમાં તો દીન દુઃખી અને મહાનિરાધાર બનશે. **દુનિયાની આળ પંપાળથી શાબાશી નહિ પણ નાલેશી મળશે,** આત્મા હતો ન હતો થઈ જશે શાને હે મન ! તું ચકડોળે ચઢ્યું છે ? એક તું સમજે તો ઘણા ઘણા પાપોમાંથી હું બચી જાઉં. તે માટે ફક્ત તું તત્ત્વ-વસ્તુ જો વિચારતું થઈ જાય, બીજી બધી અતત્ત્વની ગડમથલ કાઢી નાખે, તો મારા વહાલા મન ! તારો અને મારો નિસ્તાર થઈ જાય.

**જગતમાં ન મળે એવું જિન શાસનમાં મળે :-** હરિભદ્રમુનિએ મનને ફેરવીને પવિત્ર બનાવ્યા પછી જેમ જેમ એ જિનશાસનની વાતો ભણતા ગયા, તેમ તેમ એમને અનહદ આનંદ, આશ્ચર્ય અને નવીન ઉત્સાહ જાગતો ગયો. જગતમાં જોવા ન મળે **સૂક્ષ્મ અને વિસ્તૃત કર્મ સાહિત્યની વાતો ! ષડ્દ્રવ્યની વાતો !** ભેદા ભેદની, નિત્યાનિત્યની, સત્ અસત્‌ની, રૂપી ને અરૂપીની - **સ્યાદ્વાદની વાતો ! સપ્તભંગી ને સપ્તનયની વાતો ! ચૌદ ગુણસ્થાનકની, ચૌદપૂર્વની, ચૌદ રાજલોકની વાતો !** આ બધું જગતમાં જોવા ન મલે ! **'ઉત્તમ સંયમની ચર્યા'** બીજા જગતના ધર્મોમાં જોવા ન મળે ! **સૂક્ષ્મ મહાવ્રતોની સૂક્ષ્મ વાતોમાં જગતની દૃષ્ટિ ન પહોંચે. સમિતિ અને ગુપ્તિની વાતો જગતને જોવા ન મલે !** આ બધી મિલકત જૈન શાસન માટે રિઝર્વ્ડ છે. **હીરા માણેકના ઢગલા તો અનાર્યોનેય બહુ મળી શકે; પણ આ બધું જૈનને જ મળે.** એવા જૈન અહીં માત્ર પાંચ પચીસ લાખની સંખ્યામાં છે. એમાં તમારો નંબર લાગ્યો, જગતમાં મહાકિંમતી મિલકતને પ્રાપ્ત કરી લેવા ભાગ્યવાનમાં તમારો નંબર નોંધાયો ! છતાં મનને સમજાવી શકાતું નથી ! એટલે પછી મન નચાવે તેમ નાચવાનું જ ને ? મન શીખવાડે છે કે "ધર્મ-બર્મ તો છે છે ને છે. એ કાંઈ જતો નહિ રહે ! સાચવવાનું તો આ બધું (જગતની જંજાળ) છે." અલ્યા ભાઈ ! પણ એટલું તો સમજ, કે **જેને તું તારું સમજે છે તે પછી નથી, અને તું તો પછીય છે !** હવે જો તેં ધર્મ નથી સાધ્યો, તો તેનું પરિણામ શું ? આની પછી જે તું રહેવાનો છે, એમાં અહીં તેં જે મારું મારું કર્યું તેની વાસના તને ભવિષ્યમાં બહુ પીડશે. એનું કારણ એ, કે **ત્યાં તૃષ્ણા બહુ, પણ પુણ્ય નહિ. તેથી ન મળવાથી પીડા ભારી ! ત્યારે ત્યાં તારી દશા કયી ?** શ્રી હરિભદ્ર

મુનિવરે તો મનને જીતી લીધું છે. ક્રમસર જૈન શાસ્ત્રો ભણે જાય છે. એમાં વળી. પૂર્વનામના શાસ્ત્રોના વિચ્છેદ પછીનો નજીકનો એ કાળ. એટલે ઘણી વાતો ગુરુ મહારાજના મુખેથી જાણવા મલે, જોતજોતામાં શ્રી હરિભદ્રમુનીશ્વર આગમો અને બીજા શાસ્ત્રો સુંદર રીતે ભણીને તૈયાર થયા.

**સર્વજ્ઞ-અસર્વજ્ઞના શાસ્ત્ર વચ્ચે આકાશ પાતાળના અંતર :-** એકવાર ગુરુને એ કહે છે કે **"હે મુનીન્દ્ર ! આટલા દિવસ તો અધિકરણને ઉપદેશનારા શાસ્ત્રોમાં પ્રસન્નતાથી મારી મતિ ખુંચી. એનાથી આસુરી બળને મારામાં પ્રગટાવવાના કોડમાં હું રમ્યો.** આનું કારણ એક જ હતું કે આપનો પરિચય નહોતો, તેથી હું મૂર્ચ્છિત હતો. પરંતુ હવે **હે પ્રભો ! આપના પવિત્ર પાવન સંનિધાનના શુભ પ્રભાવે જાગ્રત એવું મારું મન હવે ધીરજ ધરી સમ્યક્ શ્રુતના મહાસાગરમાં અત્યંત લીન થઈ ગયું છે.** જગતને લક્ષ્મી વગેરેના વિયોગો જે પીડા આપી રહ્યા છે, એવી કોઈ વ્યથા હવે મને નથી. **હે નાથ ! અનેક જન્મોની ઉચ્ચ સેવાઓથી પણ બદલો ન વળી શકે, એવો આ કેવો આપનો મારા પર અનુપમ ઉપકાર !"**

**જીવદયાનો મહાનધર્મ ક્યાં :-** શ્રી હરિભદ્ર મુનિની આ ઈકરારવાણીમાં ખૂબ જ રહસ્ય ભરેલાં છે. એની શોધ સુસ્ત જીવનને તાજગી આપે એમ છે, અતત્ત્વના આકર્ષણને મૂળમાંથી તોડી નાખે એવા છે. અસર્વજ્ઞના શાસ્ત્રો અધિકરણને ઉપદેશનારા છે. અધિકરણ એટલે ? જીવહિંસાના સ્થાન. એનાથી જીવ દુર્ગતિનો અધિકારી થાય. જીવહિંસાના સ્થાનમાં આભ્યન્તર તરીકે હિંસક વિચારણા, રાગદ્વેષ વગેરે આવે, અને બાહ્ય તરીકે હિંસક સાધન-સામગ્રી તથા એનો હિંસક ઉપયોગ આવે. દા.ત. તમે કપડું ઝાટક્યું, એથી વાયુના જીવ અને બીજા ઉડતા ત્રસ જીવ હણાયા અહીં કપડું અધિકરણ બન્યું. તમારી ઝાટકવાની ક્રિયા અધિકરણ બની. તમારું ચાકુ બીજો કોઈ લઈ ગયો અને એનાથી જીવ કાપવાની એણે ક્રિયા કરી, તો તમારા માટે એ નિરર્થક અધિકરણ થયું. એવી રીતે ધર્મના નામે જંગલમાં પંચાગ્નિ તપ-કષ્ટ કરવાની ક્રિયામાં અગ્નિના જીવ, વાયુના જીવ, વનસ્પતિના જીવ, લાકડામાં છૂપાયેલા ઝીણા કુંથું આદિ કીડા વગેરે કેટલાય બિચારા મરે. તે અધિકરણ, અધિકરણ ઉપદેશનારા શાસ્ત્રો પૈકી કોઈ શાસ્ત્રો યજ્ઞ કરવાનું બતાવે છે, તો કોઈ અગ્નિ પૂજા બતાવે છે; કોઈ ગંગાસ્નાન કહે છે, તો કોઈ અપુત્રને ગતિ નહિ મળે એમ કહી લગ્ન અને વિષય ક્રિયા બતાવે છે; કોઈ શાસ્ત્ર ઘરબારી અને આરંભ પરિગ્રહમાં ખુંચેલા ગૃહસ્થને ગુરુ કરવા કહે છે. તો કોઈ સંન્યાસ-વાનપ્રસ્થ જે કહે છે, તેમાંય છ જીવનિકાયના સ્વયં સંહારના જીવન બતાવે છે, અને બીજાને એના ઉપદેશ કરવાનું કહે છે. આ બધું શું છે ? અધિકરણના ઉપદેશ.



જીવના સંહારમાં ધર્મ ક્યાંથી સમાય ? ત્યારે વિચારો કે અધિકરણના સ્વરૂપ અને એના ભયંકર પરિણામ.

**આસુરી બળ : આત્મિક તારક બળ :-** શ્રી હરિભદ્રમુનિ ગુરુને કહે છે કે મને અધિકરણી શાસ્ત્રોના જોર પર આસુરી બળ પ્રગટાવવાની મતિ જાગી. આનું કારણ એ કે (૧) શ્રી વીતરાગ સર્વજ્ઞના એ ઉપદેશેલા નહિ. (૨) તેમજ અજ્ઞાનતાના યોગે સૂક્ષ્મ જીવોના સ્વરૂપની ખબર નહિ. (૩) અંતરના રાગદ્વેષ પર વિજય મેળવવાનો છે, એ લક્ષ નહિ. એટલે વાદીઓને કેમ જિતું' મારું વર્ચસ્વ કેમ જમાવું, બીજાઓને પંડિત ભાષાથી કેમ ઉતારી પાડું, (દા.ત. શ્રી વીતરાગ પ્રભુની મૂર્તિની મિષ્ટાન્નભોજી તરીકે મશ્કરી કરી હતી;) - આ બધી આસુરી બળ પ્રગટાવવાની ભાવનામાં રમ્યા કરવાનું હતું. હવે એ મટી યોગિક બળ, આત્મિક તારક બળનો યોગ થયો. કેવી રીતે ? **સદ્‌ગુરુ અને સાધુ ધર્મની પ્રાપ્તિના યોગે પોતાની દૂષિત જાતનું સાચું ભાન થયું, અધિકરણમાંથી ઉગરવા મળ્યું, અપૂર્વ નિર્મળ જ્ઞાનની કમાઈ થઈ, સમતા સમાધિમાં મનને ગજબની સાચી અનહદ ઠંડકનો અભૂતપૂર્વ અનુભવ મળ્યો !** તેથી લક્ષ્મી વગેરે અત્યંત હેય લાગ્યા; એટલે એની પૂંઠે જગતની જે ધમાચકડી કે રૂદન છે, એનું તો નામ નિશાનેય ન રહ્યું. **કેવું સુંદર, કેવું સુખી, અને કેવું શોભાભર્યું જીવન !** કહો આ સાંભળીને શું થાય છે મનમાં ? શું એમ થાય છે કે લાવ ત્યારે હું ય કેમ અહીં બેસી રહ્યો છું. હું ય ચારિત્રમાર્ગે સંચરું. **ભૂલશો નહિ કે ગૃહસ્થ હરિભદ્ર કરતાં ગૃહસ્થ તમે વધુ ભાગ્યશાળી છો, ચારિત્રના હકદાર છો, અરે !** એટલું જ નહિ પણ **ચારિત્રની બહુ નજીક છો.** જો આ ભાગ્યની કદર હોય, તો ભલે કદાચ જાતે નહિ, તો દીકરા દીકરીને તો જરૂર ચારિત્ર માર્ગે ચઢાવી દ્યો.

**ઉપકારની સ્મૃતિનાં આંસુ :-** શ્રી હરિભદ્ર મુનિ અંતે ગુરુદેવનો ઉપકાર અપ્રતીમ હોવાનું કબૂલે છે, અને આવા અપ્રતિકાર્ય ઉપકારને યાદ કરતાં એમની આંખો આંસુથી ભરાઈ જાય છે. હૃદય ભરાઈ આવે છે, 'ક્યાં હું પૂર્વનો ઉન્મત્ત અને ક્યાં આજ જીવનમાં હું ઉચ્ચમાર્ગે ચઢાવાયેલો !' ગુરુએ જે કર્યું, તેનું વર્ણન શું કરાય ? આવા નિઃસ્વાર્થપણે અનંત ઉપકાર કરનાર ગુરુના આજ્ઞાંકિત બની રહેવું, એ સિવાય ઉપકારના બદલા તરીકે બીજું તો શું કરી શકાય ? કેમ કે આતો જૈન ગુરુ, એમને કશી જરૂર નથી, એ તો નિરંતર ઊંચે ઊંચે સ્વયં જઈ રહ્યા છે. ત્યાં શિષ્ય એમનું શું ભલું કરી શકે ?

**ત્યારબાદ ગુરુએ યોગ્ય જાણી એમને આચાર્યપદ પર આરૂઢ કર્યા. એ કલિયુગમાં યુગ-પ્રધાનસમા હવે આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ બન્યા.**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

## ⑥ શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**શ્રી હરિભદ્રસૂરિજી ભાણેજોને દીક્ષા આપે છે :-** એક વખતની વાત છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ બહાર ગયેલા છે. બહારની ભૂમિએ તેમને તેમના ભાણેજો મલ્યા. નામે **હંસ** અને **પરમહંસ**. કેવા સુંદર નામ ! કાન્તિ અને ગુણે પણ તેવા ! હંસ ઉજ્જવળ કાન્તિવાળા, ઉચ્ચ ખોરાકવાળા, અને વિવેકશાંતતા વગેરે ગુણોવાળા. આ પણ તેવા છે. મામાને જોતાં જ હાથ જોડી પગમાં નમી પડે છે. સૂરીશ્વરજી એમને કંઈક ચિંતાવાળા જુએ છે.

પૂછે છે "કેમ શું છે ?"

"મુંઝવણ છે."

"તમારે મુંઝવણ ?"

"શું કરીએ ? પિતાજીના ઘરમાં ન સાંભળી શકાય તેવાં કર્કશ વચન સાંભળવા મળ્યા. તેથી મન ઉદ્વિગ્ન થઈ ગયું છે. એમ થાય છે કે આ આપણા સ્નેહી !" બંને ભાઈ જબરજસ્ત યોદ્ધાઓ છે. સો શસ્ત્રથી યુદ્ધ કરી જાણે છે. એક ભાઈ સહસ્રમલ્લ છે. એકલો હજાર યોદ્ધાઓને પુરો પડે ! **આવાનેય સ્વજનોનાં ટોણાં ઠપકાં ખાવા પડે, એ કેવી કર્મની વિચિત્રતા !** કેવો સંસાર ! અંતરમાં સ્વજન પર અને ઘરપર એમને વૈરાગ્ય થઈ ગયો છે.

એટલે મામા કહે છે "ખરી વાત છે ભાઈ તમારી. **સંસારના સ્નેહી સ્વાર્થમાં રમતા હોય છે. એમના સ્નેહ પાછા ચંચળ. એ ખસે એટલે સામાનું આવી બન્યું !** પણ તમે એકલા સ્નેહીનું જ એવું સમજતા મા. સારોય જડ ચેતનમય સંસાર જ એવો છે ! એના પર વિશ્વાસ શા સારુ ? **કદાચ અવિશ્વસનીયમાંના એકને મૂકી બીજાને વળગશો તો ફરી આવો પસ્તાવો વેઠવો પડશે,** માટે સારા વિરાગી થાઓ" સૂરિજીએ શું કહ્યું ? વિરાગી થવાનું. તમે વિરાગી છો ને ? ખબર છે વિરાગીને શું ખપે ? **વિરાગીને ચારિત્ર જ ખપે.** ત્યારે કહો કે **સંસાર કોને ખપે ? જેને રાગનો જ ખપ હોય તેને !** રાગમાં જેને કંઈ નુકસાની કે ગુનો ન જણાય તેને; કાંઈ વાંધો રાગમાં ન દેખાય તેને. ખપે એટલે શું, એ સમજજો. ખપતી વસ્તુ ન મળે, કે ન મેળવી શકાય, એ વાત જુદી પણ એના માટે હાર્દિક લગની હોય. એને છોડીને બીજામાં મજા ના આવે. આ બે ભાઈઓને શરીરનું પુણ્ય છતાં કુટુંબનું પુણ્ય નહોતું. ભલે તે પુણ્ય નહોતું, પણ તે છતાં બૂરો વિચાર



ન આવ્યો. બલ્કે ગુરુજીના વચને તેના પરથી સંસારનું માપ કાઢ્યું કે **આપણા ગણાતા સ્નેહી તરફથી પણ જો પીડા મળે, તો જગતના તરફથી શું મળે ?** પીડા જ. તો પછી એવા સંસારથી સર્યું. એ કહે છે "પ્રભુ ! આપો અમને ચારિત્ર. અમે તો હવે તમારા શરણે છીએ."

**સગાઈના માપ :-** મામાએ ભાણાને સાથે લીધા. અને લઈ જઈને દીક્ષા આપી. શું ? બહેનના દીકરાઓને દીક્ષા આપી દીધી. "અપાય ? સગાં થઈને આવું કામ કરાય ? બહેનને ભાઈ સગો તો ખરો જ ને ? તો સગાના છોકરા ઉપાડી જવાય ?" **આવા બધા પ્રશ્નો રાગની અને અજ્ઞાનતાની હોળીના છે. ભયંકર ભૂતકાળની ભૂતાવળનું ભાન નથી, ભાવી અનંતકાળ દષ્ટિમાં નથી એટલે ઘેલા ઉઠાવા સૂઝે છે.** બંનેને શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ અધ્યયન કરાવે છે. પ્રમાણ-શાસ્ત્રો અને જિનાગમોની તાલિમ આપે છે. એમાં એકવાર બંનેના મનમાં એક વિચાર આવ્યો. સૂરીશ્વરજીના ચરણે ધરતીપર માથું નમાવીને તેણે ગુરુમહારાજની આગળ તે વિચાર મનોરથ વિનંતિપૂર્વક રજૂ કર્યો. "ભગવંત ! આજ્ઞા આપો. બૌદ્ધના તર્કશાસ્ત્રના રહસ્ય જાણવા ઈચ્છા છે. અમારી બુદ્ધિની પરીક્ષા માટે એના કઠીન શાસ્ત્ર ભણવા એના મઠમાં અમે જઈએ. બરાબર તેમનું જોઈ લાવીએ. પછી એના જોરદાર ખંડન કરી, એ કુમતનાં મૂળિયાં ઉખેડી નાંખીએ. તો હવે અમને તેમનું સ્થળ બતાવો." ગુરુમહારાજ આમની આવી ધગશ જોઈ ખુશ થાય છે. પરંતુ નિમિત્ત શાસ્ત્ર જોઈને કહે છે, "નિમિત્ત સંયોગ એવા જણાય છે કે તમારા ત્યાં જવામાં લાભ નથી દેખાતો, માટે એ ઈચ્છા માંડી વાળો."

"ભગવન, ત્યાં ગયા વિના એના ભેદ શી રીતે જણાય ?"

"અહો, એજ ને ? એ તો તમે આ દેશમાં ય ગુણવાન આગમાભ્યાસી સાધુમહારાજ પાસે ય જાણી શકશો. એમ તો કેટલાક એવાય હાલ બુદ્ધિશાળી ભેજાવાળા હોય છે કે જે અન્ય શાસ્ત્રોનાય સારા વિદ્વાન હોય છે."

"પણ...ભગવન્ અમારે ઠેઠ એના ઘરમાં ચાલતું તંત્ર ભણવું છે."

"તે તો અહીં પણ જાણી શકાશે. બાકી ત્યાં તો હું નુકસાન જોઈ રહ્યો છું. અને કદાચ નુકસાન ન પણ હોય તોય ગુરુનો વિરહ પડે, એવા માર્ગે કોણ ભટકે ? તેમ નુકસાન જાણ્યા પછી કયા ગુરુ રજા આપે ? તેથી હું તો તમારા જવામાં સંમત નથી." ગુરુના આ વચન પર હંસ જરા હસીને કહે છે "હે ગુરુજી, આપનું આ કથન અમારા પર આપની અતિશય વત્સલતાને સૂચવે છે. અમને આવા આપના અનહદ પ્રેમ પર શ્રદ્ધા છે."

"પણ નુકસાનનું શું ?"



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

"અરે પ્રભુ, એ શું બોલ્યાં ? આપ જેવાની કૃપા છે પછી નુકસાન ? ના રે ના, અવશ્ય લાભ જ થવાનો. આપે અમને બાલપણમાંય ક્યાં એવા નથી સાચવ્યા કે જેથી અમને પ્રભાવવાળા ન બનાવ્યા હોય ! કેટલી બધી કૃપાની વૃષ્ટિ સાથે અહીં પણ આપે અમને હુલરાવ્યા છે ! પછી અમારા પર નિમિત્ત શું કરેશે ?" મામાને ભાણેજ પર પૂર્વે કેવો પ્રેમ હશે ? એય છોડી મામાએ દીક્ષા લીધી. એ કહે છે કે "અમે બરાબર જાગતા રહીશું. આપના પ્રભાવિક નામનો મંત્રની જેમ જાપ કરશું. પછી અપશુકન શું નડવાના હતા ?" એટલે કહે છે, "તમને સુખ ઉપજે એમ કરો. અમારે તો હિતકારી કહેવું એ યોગ્ય છે. બાકી થવાનું તો થશે જ."

બસ, બન્ને ભાઈઓ ગયા દૂર દેશે. બૌદ્ધના મઠમાં; પણ પોતાનો સાધુ વેશ સારી રીતે છુપાવી બૌદ્ધોને વ્હેમ ન પડે એવો વેશ કરીને ગયા. ત્યાં જોયું કે કુમતિઓએ જાળ તો ઠીક પાથરી દીધી છે. વિદ્યાનો ઉછરંગ કેટલો બધો છે ? અત્યંત ! શા માટે ? શાસનનો હજી પણ વધુ ઉદ્યોત કેમ થાય એની તીવ્ર કામના છે. આમ તો ગુરુથી જરાય છૂટા પડવાનું દિલ નથી. પરંતુ અંતરમાં ઉછળેલી એમની વિદ્યાની ધગશ અને શાસન સેવાના કોડ આ મહાન સાહસ કરાવે છે. તમે જાણ્યું ને કે એમને ક્યાં રહેવાનું છે ? વિરોધિના કિલ્લામાં ! તેય કોઈ રક્ષણ વિના, એકલા પંડે કેમ એ ગભરાતા નથી ? કહો ને કે એ યોદ્ધા છે એ માટે. ના ના, યોદ્ધા એકલા જતા વિચાર કરે. આ તો અંતરમાં પર વિદ્યા જાણવાની અને પછી એનું જોરદાર ખંડન કરવાની તીવ્ર ઉમેદ છે, તેથી ગભરામણ નથી રાખી. **ગભરાટ સાથે જે કામ કરવા જવાય, તેમાં ભલીવારેય શો આવે ?**

**પ્રચારના પાકા ઉપાય :-** ઠેઠ બૌદ્ધના મઠમાં પહોંચી જુએ છે તો, તો શું દેખાયું ? જ્ઞાનાભ્યાસ કરવા માટે અનેક શાળાઓની હાર છે. તેમ ભણનાર વિદ્યાર્થીઓને બીજી ખટપટ ન કરવી પડે માટે દાનશાળા પણ ત્યાં છે; અને બૌદ્ધ ભિક્ષુઓનો વડેરો શિષ્યોને ભણાવે છે. કહો ! પોતાની વિદ્યા પોતાનાને ભણાવવા માટેની કેવી સગવડ ? કેમ વારું ? સ્વધર્મના અનુયાયીને યાવજ્જીવ એમાં જ દૃઢ શ્રદ્ધાવાળા બનેલા રાખવા માટે. કદાચ કોઈ બહારનો વાદી વગેરે મળે તો ગૂઢ યુક્તિઓથી તેનું ખંડન કરી બૌદ્ધ ધર્મનું ગૌરવ અને પ્રચાર કરવા માટે. શક્ય હોય તો એને ય બૌદ્ધ ધર્મનો ઉપાસક બનાવી દેવા માટે. વિદ્યામાં એવી શિક્ષણપદ્ધતિ રાખી છે, તેથી જ ત્યાં બૌદ્ધ સિવાય બીજા કોઈને પ્રવેશ નથી. જટિલ અને તર્કભરી એના ગૂઢ પદાર્થોની વિચારણા ત્યાં મુખેથી આપવામાં આવે છે. એ યુક્તિઓની બહારનાને ખબર ન હોય, એટલે વાદમાં બૌદ્ધને બહારનો જીતી ન



શકે. જૈનશાસનમાં ગૃહસ્થનો અધિકાર પહોંચે એવા જૈન શાસ્ત્રો આજેય મળે છે ને ? કેટલા ? કેવા ? કહો, ઘણાય શાસ્ત્રો મળે છે, અને તે બહુ ઊંચા તત્ત્વોનું પ્રતિપાદન કરનારા.

**શ્રાવક યોગ્ય શાસ્ત્રો :-** ચારે અનુયોગના મહાન ગ્રંથો શ્રાવકને ભણવા યોગ્ય આજે અનેકાનેક મોજુદ છે. અનુયોગ જાણો છો ? ચારે અનુયોગમાં એક ગણિતાનુયોગ, એમાં ગણિત એટલે ગણતરીની વાતો આવે. ધર્મકથાનુયોગમાં ધાર્મિક દૃષ્ટાન્તો, ચરિત્રો આવે. ચરણકરણાનુયોગમાં મૂળ ધર્મ, આચાર અને ઉત્તરગુણો ક્યા ક્યાં કેમ પાળવા તે આવે. દ્રવ્યાનુયોગમાં પદાર્થોની વિચારણા આવે. **પહેલામાં** નાની-મોટી સંગ્રહણી-ક્ષેત્રસમાસ-ક્ષેત્રકાળ-લોકપ્રકાશ, લોકનાલિકા વગેરે આવે.

**બીજામાં** ઉપદેશમાળા, ત્રિષ્ઠીશલાકા પુરુષ, સમરાદિત્ય ચરિત્ર, કથાકોષ, ઉપમિતિ-ભવ-પ્રપંચકથા, ઉપદેશપ્રાસાદ, બીજાં અનેક ચરિત્રો વગેરે આવે.

**ત્રીજામાં** નવપદ બૃહત્ પ્રકરણ (જેમાં નવ સ્થાનોએ સમકિત અને બારવ્રતોનું અદ્ભુત નિરુપણ છે.) આચાર પ્રદીપ, (પંચાચારનો ઉત્તમ ગ્રંથ) ધર્મસંગ્રહ, ધર્મબિંદુ, ષોડશક, ત્રણ ભાષ્ય અધ્યાત્મકલ્પદ્રુમ, ઉપદેશ ચિંતામણી, શાંત સુધારસ, શ્રાદ્ધ-વિધિ, આવશ્યક-સૂત્ર-ભાષ્ય-ટીકા, વગેરે આવે.

**ચોથા દ્રવ્યાનુયોગમાં** તત્ત્વાર્થ મહાશાસ્ત્ર, પ્રશમરતિ, દ્રવ્યગુણપર્યાયરાસ, સમ્યક્ત્વ સપ્તતિકા, જીવવિચાર, નવતત્ત્વ દંડક, છ કર્મગ્રંથ પંચસંગ્રહ, કમ્મપયડી, પ્રવચનસારોદ્ધાર, પંચાશકજી, યોગદૃષ્ટિ, યોગબિંદુ, દ્રવ્ય-ભાવ લોકપ્રકાશ, નયોપદેશ, અધ્યાત્મસાર, અનેકાંત વ્યવસ્થા, અનેકાંત જયપતાકા, સન્મતિતર્ક, પ્રમાણયનય-તત્ત્વાલોકાલંકાર, પ્રમાણમિમાંસા, શાસ્ત્રવાર્તા સમુચ્ચય. ઉત્પાદાદિસિદ્ધિ. વગેરે વગેરે ઘણું આવે.

**શાસ્ત્રઅધ્યયનના સુંદર ફળ :-** કહો આ બધું ભણ્યા છો ? ના ? આમાંનું અર્ધું ? ચોથા ભાગનું ? કાંઈ જ નહિ ? ત્યારે શું મૂર્ખ છો ? ના, સંસારની વિદ્યાઓ તો સારી રીતે ભણ્યા છો ? કેમ એમ ? **માનવ જીવન એવી તુચ્છ, અને આત્મહિતઘાતક જડ વિદ્યાઓ માટે ખરું અને મહા તારક આત્મવિદ્યાઓ માટે નહિ, એમને ?** ત્યારે, કદાચ તમે જાતે નહિ, તો બીજા ભણી શકે એ માટે કોઈ સગવડ રાખી છે ? નવકારમંત્રથી માંડી ઉપર કહેલા શાસ્ત્રો સુધી ભણવા ભણાવવા માટે કોઈ વ્યવસ્થા ? હવે કહીએ કે જૈનોની સંખ્યા ઘટતી આવે છે, પણ એમાં શી નવાઈ ? શ્રાવકો આ ધર્મ શાસ્ત્રો ભણેલા હોય તો (૧) કોઈની સાથે વાતચીતમાંય એ શાસ્ત્રોની અદ્ભુત વસ્તુઓ વર્ણવે. (૨) રસ જગાવવો હોય તો ધર્મકથા કહે. (૩) ક્યાંક ભાષણનો અવસર આવ્યો હોય તો તત્ત્વોની સુંદર



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

છણાવટ કરી, એનો અજબ પ્રભાવ દેખાડે, (૪) ક્યાંક બીમાર સ્નેહીને કે આપત્તિવાળા કોઈને મળવા ગયા હોય તો શાસ્ત્રીય આશ્વાસનની સમજુતી કરે તેવા શાસ્ત્રીય પ્રસંગો અને દાખલા બતાવે, (૫) રોજ ઘરમાં કુટુંબને બેસાડી ઉચ્ચ જીવનની હિત શિક્ષા આપે, ધર્મમાં શ્રદ્ધાળુ અને સ્થિર કરે, કુટુંબના જીવનને નિર્દોષ અને ગુણાર્જક બનાવે. (૭) કુગુરુઓના ઉત્સૂત્ર ભાષણોનો પ્રતિકાર કરે. ઈત્યાદિ બધુ ક્યારે બને ? શાસ્ત્રોના અધ્યયનથી.

**બૌદ્ધના કિલ્લામાં બૌદ્ધમતનું ખંડન :-** બૌદ્ધોને ત્યાં ભણાવવાની વ્યવસ્થા હતી. હંસ અને પરમહંસ ત્યાં પહોંચી ગયા પછી તો તુરત જ અત્યંત વિષમ એવા બૌદ્ધના શાસ્ત્રોના થોક ભણવાનું શરૂ કરી દીધું. દિવસ અને રાત મથવા માંડ્યું. શું કામ બાકી રાખે ? **ઉચ્ચ ધ્યેયથી આદરેલા કાર્યમાં આળસ કરે તે મૂર્ખ ! જીવન ટુંકું, અને સાધના મોટી, પછી શી રીતે એક ક્ષણ પણ પ્રમાદમાં જતી કરાય ?** ત્યારે પ્રમાદી સુસ્ત અને વિલાસી જીવન ગાળનારા શું બહુ લહાવો લઈ લે છે કે, એ લહાવાની લાલચમાં પડી મહાન સાધના ગુમાવવી ? હા, પ્રમાદમાં કોઈ દેવતાઈ આનંદના, દેવતાઈ શાતાના અનુભવ થતા હોત, તો તો હજીય પ્રમાદ પ્રત્યક્ષમાં તો કારગત ગણાત. પણ આ તો **માનવના ચિંતાની જ્વાળાથી બળી ગયેલા તુચ્છ સુખ, તેય ક્ષણિક, પરાધીન અને વલોપાત-વિટંબણા ભર્યા !** શું એની ખાતર મહાન ઉમદા અને અતિ મૂલ્યવતી આરાધના ગુમાવવી ? અધ્યયનમાં હંસ-પરમહંસના અપ્રમત્ત પુરુષાર્થ ચાલ્યા. ભાગ્યશાળી એવા કે પર પંડિતોને સમજવા અતિકઠિન એવા બૌદ્ધ તત્ત્વોને એમણે સરળતાથી કુશળ રીતિએ સમજી લીધા. એમાં એમણે જોયું કે શ્રી જિનેશ્વરદેવના સિદ્ધાન્ત ઉપર બૌદ્ધોએ કલ્પિત એવા પણ પ્રખર દૂષણો ઊભા કર્યા છે; તો હવે એ ટાળવાનું કાંક કરવું જોઈએ. પહેલેથી જૈન દર્શનના અભ્યાસી તો બનીને જ આવ્યા હતા, અને અહીંની ગલીકુંચીઓ સમજી લીધી હતી, એટલે હવે એમણે એ દૂષણોનું ખંડન જિનાગમ-પ્રમાણથી સૂક્ષ્મ દૃષ્ટિએ એવું કર્યું, કે જેની સામે હવે ઉત્તર કરવો બૌદ્ધોને અશક્ય હતું. એટલું જ નહિ પણ ઉપરથી એની સામે જૈનતર્કની પ્રવીણતાથી જબરજસ્ત હેતુ યુક્તિ અને દૃષ્ટાંત ખડા કર્યા કે એથી બૌદ્ધમત પોકળ અને અસત્ય સાબિત થયો. બૌદ્ધમતની અસત્યવાદિતા અને અપ્રમાણિકતાની આ સાબિતિઓ એટલી બધી સચોટ અને દૃઢ હતી કે એની સામે ઉત્તર કરવાનું કે એને ખોટી પુરવાર કરવાનું સામર્થ્ય બૌદ્ધના ખુદ વડેરામાં નહોતું. જૈન શાસનના કેળવાયેલા મુનિરત્નોની કેવી અચિંત્ય શક્તિ ! કેવી અદ્‌ભુત બુદ્ધિ !

**આવ્યો વિઘ્ન પિશાચ :-** બૌદ્ધોએ ઊભા કરેલા કલ્પિત દૂષણો, એનાં



નિરાકરણ. એની પ્રતિપક્ષી જૈન વસ્તુની સાબિતિના હેતુ-યુક્તિ, એ બધુ ભૂલી ન જવાય, એ માટે હંસ પરમહંસે લખી લેવા માંડ્યું. પણ તે એકાંતમાં બેસીને. કિન્તુ બન્યું એવું કે પવનના જોરે એમાંથી લખાણના બે પત્ર ઊડી બહાર પડયા અને તે બીજાના હાથમાં આવ્યા, એણે તે તરત જ પોતાના આચાર્યને આપ્યા. હવે શું બાકી રહે ? આચાર્ય તો અત્યાર સુધી એમ જ સમજે છે કે ત્યાં બધા ભણનારા ચુસ્ત બૌદ્ધમતના શ્રદ્ધાળુ છે. તેથી જ નિરાંતથી પોતાની ગુઢ યુક્તિ-પ્રયુક્તિ સૌને બતાવતા. હવે જો જાણે કે આ તો કોઈ પોતાનો દુશ્મન બધું શીખી ગયો છે તો ગુસ્સો દ્વેષ અને કુબુદ્ધિ કેવા જન્મે !

**પુણ્યના કબ્જામાં રહેનારી વસ્તુ પર માણસનો પોકળ મદ :-** પત્રો જોઈ બૌદ્ધનો આચાર્ય ચમક્યો, 'અહો ! આ અમે સામામાં ઊભા કરેલા દૂષણો જે આજ સુધી કોઈ હટાવી શક્યું નથી, તેના પર પણ આમાં આક્રમણ કર્યું છે ? એ દૂષણોનું આટલું જોરદાર ખંડન કર્યું છે ? પાછું ઉપરથી અમારા મતમાં આવા અકાટ્ય દૂષણો બતાવ્યા છે ! હવે આનો કોઈ જવાબ હોઈ શકે ?' બૌદ્ધાચાર્યની તો આ વિચારણાએ છાતી જ બેસી ગઈ ! આજસુધી નહિ અનુભવેલી વ્યગ્રતા હૈયામાં વ્યાપી ગઈ, મન નાહિંમત બની ગયું; વાદના વિજયની કીર્તિ જાણે ઓસરી જતી લાગી ! આ જોવા જેવું છે કે માનવી શું જોઈને મદ કરતો હશે ! મૂર્ખને શું એટલી ખબર નથી કે **જેના પર મદાર બાંધી તું મદ કરે છે, એ શું તારા કબજામાં કે તારા કબ્જામાં છે ? એ તારી ઈચ્છાને નહિ ગણકારે. એ તો કાળના નિયમનને અનુસરશે.** કાળના નિયમન શું છે, જાણો છો ? નવાનું જુનું, જુનાનો નાશ, નાશ પામેલાની ઉત્પત્તિ એ વગેરે. શાશ્વત કહેવાતા દેવતાઈ વિમાનોના પુદ્‌ગલ અસંખ્યકાળે પલટાઈ જાય છે, આ સ્થિતિમાં મદ શું કરવો ? બૌદ્ધાચાર્ય વિચારે છે કે **'આ કોઈ જૈન દર્શનના અભ્યાસી વિના ન લખી શકે !** જરૂર કોઈ જૈન અહીં ભણવાના નિમિત્તે ઘુસી ગયો લાગે છે ! નહિતર મારાથી દૂષિત કરાયેલા પક્ષને ફરીથી વિભૂષિત કરવા બીજો કોણ સમર્થ હોય ? **જૈન દર્શનની કેવી અદ્‌ભુત ખ્યાતિ !** હંસ પરમહંસની જૈનદર્શનમાં કેવી હોશિયારી ! સમ્યક્શ્રુતને એટલે કે સર્વજ્ઞના શાસ્ત્રોને ચિત્તમાં સુપરિચિત અને દૃઢ કર્યા વિના મિથ્યાશાસ્ત્રોમાં દોડાદોડ કરે તો માર ખાઈ બેસે ! ગુરુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે હંસ-પરમહંસને એવા તૈયાર કર્યા છે કે અહીં બૌદ્ધની પ્રખર યુક્તિઓમાં પણ ભોળવાઈ જવાની વાત તો નહિ કિન્તુ ઉપરથી એને એની સામેની જબરજસ્ત જૈન યુક્તિઓથી તોડી ફોડી નાખવાની.'

**અરિહંતના ચિત્રથી પરીક્ષા :-** બૌદ્ધાચાર્ય વિચારમાં આગળ વધે છે, 'હવે



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

જો આને રહેવા દઈએ તો તો કોણ જાણે આપણું કેટલુંય ઉખેડી નાંખે ! ત્યારે આને પકડી પાડવોય શી રીતે ?' વિચાર કરીને પોતાના ચુસ્ત બૌદ્ધોને કહે છે કે વિદ્યાર્થીઓના શયનગ્રહ આગળ એક અરિહંતનું ચિત્ર એવી રીતે દોરો કે જેથી બહાર નીકળતાં ચિત્રમાંના મસ્તક પર પગ મૂકવો જ પડે. પછી તપાસો કે કોણ પગ નથી મૂકતું. સાચો જૈન હશે તે પગ નહિ મૂકે. આ રીતે ઓળખી લાવો એને. એ કાળે ધર્મની શ્રદ્ધા એવી કે ધર્મદાતા દેવગુરુ, પરમ-પૂજ્ય **દેવગુરુના અનાદર આશાતના કરીને પ્રાણ બચાવવાની પણ વાત નહિ. તો બીજી તો કઈ લાલચે એવું અઘટિત કાર્ય થાય ?** બૌદ્ધોએ વિદ્યાથીઓ ઊંઘતા હતા ત્યારે એ રીતે ચિત્ર દોરી દીધું. બીજા વિદ્યાર્થીઓ તો જાગીને એના પર પગ મૂકી મૂકી બહાર નીકળવા માંડ્યા. પણ હંસ પરમહંસ ચિત્ર જોઈ આગળ વધતા અટક્યા. એ વિચારે છે કે 'અહાહા ! આ કેવું સંકટ ? આપણી પરીક્ષા કરવાનો આ કીમીયો લાગે છે; અને જો જૈન તરીકે પકડાયા, તો આ નિર્દય બૌદ્ધમઠાધીશ પાસેથી જીવતા છૂટવાની આશા શી ? ત્યારે શું આપણા જીવતરના બલિદાન એની સેવામાં આપીએ ? બલિદાન તો તે આપણા ભવોદધિ તારક ગુરુદેવ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના ચરણમાં દઈએ કે જેમણે આપણું અત્રેનું આગમન અન્તર્મય જોઈ આપણને પૂર્વે અહીં આવવાજ ના કહેલી, ગુરુદેવનો આ અવિનય કર્યો તેનું ફળ આજ જન્મમાં જોવા મળ્યું. પણ હવે અહીં તો બે વાત છે. કાં ચિત્ર પર પગ દઈ જન્મ કલંકિત કરવો, કાં મૃત્યુ વધાવી લેવું ! પણ શ્રી જિનેશ્વરદેવના બિંબ પર પગ દેવો એ તો નરકના પાપ ઉપાર્જવાનું કાર્ય ? અહીં એક મૃત્યુથી ભય પામી ભવિષ્યમાં નરકમાં અસંખ્ય મૃત્યુની પીડા કોણ ઉપાર્જે ?' જીવનમાં કિંમત કઈ વસ્તુની ? અહીં બૌદ્ધના રહસ્ય એવા જાણી લીધા છે કે બહાર નીકળી જાહેરમાં વાદી તરીકે બહાર પડે તો મહા નામના મળે એવી છે પણ એ બધું શું કામનું જો મૂળ દેવગુરુધર્મનું બહુમાન ન સચવાયું તો ? આ એક ટૂંકા જીવનમાં બચી શાબાશી કે સુખ દેવગુરુધર્મના બહુમાન પાછળ. હંસ પરમહંસ વિચારે છે કે પગ સડી જાય તે સારા, પણ જિનના મસ્તક પર મૂકી શકાય જ નહિ ત્યારે કોઈ બીજો માર્ગ શોધવો જ રહ્યો. નહિતર અહીં અવશ્ય મૃત્યુ થાય. વિચાર કરીને ચિત્ર પર ખડીથી જનોઈ ચીતરી લીધી, એટલે તો ચિત્ર હવે જિનનું રહ્યું નહિ. તેથી તેના પર પગ મૂકી બહાર નીકળી ગયા. આમને ઓળખી લીધા. પોતાના આચાર્યને વાત જણાવી કહે છે "બસ, હવે આપ હુકમ આપો એટલીવાર આ દુશ્મનોને મારી નાખીએ, હવે એને જીવતા ન રહેવા દઈએ કેવી ધર્માંધતા ! કેવી ક્રૂરતા ! અને કેવી કાયરતા ! સામે વાદ કરવાનું જીગર નથી. ન જોઈએ તો કાઢી મૂકો એય નહિ. મારી નાખવાની



જ વાત ! આ બૌદ્ધની અહિંસા ! **આ એમનું તત્ત્વજ્ઞાન ! તત્ત્વજ્ઞાન તો વીતરાગ સર્વજ્ઞ પ્રભુના શાસનનું ! દયા તો જિનશાસનની ! ઉદાર મન તો જૈનના !** ધર્મની મઘમઘાયમાન શ્રદ્ધા રુંવાડે રુંવાડે, પણ આવું અંધપણું નહિ કે દુશ્મનના પ્રાણ લેવા. પૂર્વે જૈન સાધુ પાસે વિદ્યામંત્રો ઘણા, પણ દુશ્મનીય હિંસા કરવાની વાત નહિ ત્યારે, **જૈનત્વના પ્રકાશના અભાવે કેવી કરુણ સ્થિતિ ! હિંસા તો કદાચ ન ય કરી શકે, પણ હિંસક વિચારો, બહુ સસ્તા અને સુલભ.**" જૈનતત્ત્વનો પ્રકાશ મળ્યા પછી બહુ વિચારવા જેવું છે કે કેવી મહાન સિદ્ધિ મળી છે ! કેવું મહાભાગ્ય ! કરોડોની સંપત્તિ એ ભાગ્ય નહિ આ ભાગ્ય, જો હિંસક વિચારો નાબૂદ ન થાય તો એ એળે જાય !

**જૈનપણાની બીજી પરીક્ષા : ભયમાં શું યાદ ? :-** બૌદ્ધાચાર્ય બૌદ્ધોને રોકે છે, કહે છે કે ઊભા રહો, આ પરદેશી માણસો છે, માટે એમ એની કદર્થના ન થાય, હજી બરાબર પરીક્ષા કરો. એમ કહી બીજી પરીક્ષાની રીત બતાવી. બંને ભાઈઓના માથે હવે બીજી પરીક્ષાની તલવાર ઝૂલવા માંડી ! હંસ પરમહંસ ચેતી તો ગયા જ છે, કે આપણે ઓળખાઈ ગયા લાગીએ છીએ. એ ચિંતામાં ઊંઘ પણ નથી આવતી. પરંતુ એક વખતે અચાનક કંઈક ઊંઘ આવી ગઈ છે. ત્યાં માળ પરથી નીચે શયનઘરમાં કંઈક ધડાધડ પડવાનો આવાજ સાંભળી બીજા વિદ્યાર્થીઓ સાથે જાગી પડ્યા. હતું તો ખાસ કાંઈ નહિ, માત્ર પેલા બૌદ્ધ ગુપ્ત રીતે ઉપરથી માટીની ઘડી નાખતા હતા. તેય ખાલી જગા પર. પણ અહીં અંધારામાં એમ લાગ્યું કે આપણાં માથાં ફૂટે એવું કંઈક ઉપરથી પડી રહ્યું છે ! સૌ પોતપોતાના ઈષ્ટ દેવનું નામોચ્ચારણ-સ્મરણ કરવા લાગ્યા. હંસ પરમહંસથી પણ જિનનું નામ મોટેથી બોલી જવાયું ! **જિન નામની રઢ કેવી કે આવા અવસરે બા-બાપા યાદ ન આવતાં દેવાધિદેવ યાદ આવે છે ! કોને ? જન્મે જૈન નહિ એને !** ત્યારે જૈનકુળ પામ્યા પછી આપણે જિનનું નામ રોમે રોમ ન વસાવી દઈએ તો કેવી મૂર્ખાઈ ? તે નહિ તો બીજું શું ય કરી શકવાના હતા ?

**ક્રૂર બૌદ્ધોથી બચવાની રીત :-** હવે તો બૌદ્ધો જિનનું નામ સાંભળી કકળી ઉઠ્યા છે. 'બસ, મારી જ નાખો' એમ ચિંતવી રહ્યા છે, ભાઈઓ પણ સમજી ગયા કે 'અહીં જીવનનું મહાન જોખમ છે હવે જો સીધે સીધા નીચે ઉતરવા જઈએ તો તો જીવતા રહેવાની શંકા છે. **કેવા નાદાન આપણે કે ગુરુજીની એ વાત્સલ્યભરી વાણીના મૂલ્ય ન આંક્યા ! શ્રીમદ્‌ની ઈચ્છાને ન અનુસર્યા !** ખેર ! હવે વખત ગુમાવ્યો કામનો નથી ત્યારે હવે શું કરવું.' તરત જ એમના ફળદ્રુપ ભેજામાં યુક્તિ સ્ફુરી આવી !' મોટી બે છત્રી લીધી અને ખુલ્લી ઊભી કરી એના ડાંડા પોતાના



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

શરીર સાથે બાંધ્યા પછી મેડા પરથી નીચે પડતું મૂક્યું. આજની પેરાશુટની શોધ પર લોક આશ્ચર્ય પામે છે ! પૂર્વે તો એવી કંઈક વિદ્યાઓ અને યુક્તિઓ હતી. વિદ્યામંત્ર વિનાના લાકડાના કમળની રચના એવી કે એમાં યંત્ર અરસપરસ સામસામા ચાલે એટલે ? એક ચક્ર ગતિવાળું બની આંટા ઉકેલે, તે આંટા બીજું ચક્ર વીંટાતું જાય. એમ વગર પેટ્રોલે એ આકાશમાં ચાલી શકે. એક ખીલી જોડતાં મોટું કમળ બીડાઈ જાય; ત્યાં અંદર બેઠેલા પછી સીલ પેક. બીજી ખીલીએ કમળ વિકાસ પામે, તેથી પાછું અંદર દિવ્ય ભવન વગેરે પ્રગટ થાય.

**ભય આવતા પહેલા ભાગો ? :-** હંસ પરમહંસ સહીસલામત નીચે આવ્યા, ને તરત જ ત્યાંથી નાઠા. બૌદ્ધો 'મારો ! મારો !' કરતાં પાછળ પડ્યા. પેલા દોડ્યા તો ઘણું પણ દોડી દોડીને કેટલું દોડે ? હવે તો બૌદ્ધ યોદ્ધાઓ ઠેઠ એમની નજીક પહોંચવા આવી ગયા. કેવી આપત્તિ ! આ શિખવે છે કે જો ભય આવતાં પહેલાં ભાગી છૂટ્યા, તો તો ફાવ્યા; નહિતર ફસામણી ! જીવ સંસારમાં આમજ ફસાયા છે. મૃત્યુના આક્રમણ પહેલા; કે વિષમ કર્મના ઉદયના આક્રમણ પહેલાં નિરાંતે ઠગારા મોહના સ્થાનોમાં ઠરીને બેસે છે, રમે છે; પણ આપત્તિ ઊભી થતાં એવો ફસાય છે,-દા.ત. વ્યાધિમાં વૃદ્ધાવસ્થામાં, અથવા પુત્ર મરણાદિ ઉપાધિમાં,- કે પછી એના ભોગ થઈ નાશ પામવું પડે છે. હંસે અવસર ઓળખી લીધો 'હવે અહીં પસ્તાવો કરી બેસી રહેવા જેવું નહિ.' તરત જ નાનાભાઈ પરમહંસને કહે છે, 'જા ભાઈ ! તું ગુરુજી પાસે પહોંચી જા. અને ગુરુજીને મારા વંદન સાથે મિચ્છામિદુક્કડં કહેજે. એઓશ્રીનું કહ્યું ન કર્યું તે બદલના અવિનયના મહાન અપરાધની મારા વતી ક્ષમા યાચજે. **અહો ! ગુરુ કેટલા ઉચ્ચ, અને હું કેટલો નીચ !** જા જલ્દી જા. વિલંબ ન કર.' શું મોટાભાઈની મોટાઈ આ, કે નાનો પગ ઘસડતો ચાલતો હોય, ત્યાં મોટો મોટર બંગલામાં રહે એ મોટાઈ ? આ મોટાએ તો જાતે મરી ખુટવું પડે તો પરવા નહિ કરી પણ 'નાનાને બચાવી લેવો, તેમજ ગુરુજીને માટે થોડું પણ આશ્વાસન રહેવા દેવું, અને સૌથી કિંમતી તો એ, કે એ નાનાભાઈ દ્વારા બૌદ્ધમતના મહાન ખંડન કરી આપણા પરમ-ઉપકારી જિનશાસનની મહાન સેવા બજાવવી-આ નિર્મળ શ્રેષ્ઠ આશયથી નાનાને ભાગી જવા સૂચવ્યું. પણ મોટો ભાઈ આટલો ઉમદા, તો નાનો ભાઈ પણ એનો જ ને ? એ કેમજ ભાગે ? ન ખસ્યો એ. એટલામાં અહીં તો બૌદ્ધ સુભટો આવી પહોંચ્યા. ચાલ્યું રમખાણ ! હંસ સહસ્ર યોધી છે, સેંકડો બૌદ્ધ સૈનિકો સામે એકલો ટક્કર ઝીલે છે. પણ પેલાઓએ ચારે તરફથી બાણો છોડ્યા. તે બધા રોકવા શી રીતે ? તીરોએ હંસના શરીરને જર્જરિત કરી નાખ્યું. હવે હંસ લોહી લુહાણ થઈ મૂર્ચ્છા ખાઈને



પડ્યો નીચે. નાનો ત્યાં જ છે. કહો, ગુરુ પાસે આ જીવતા પહોંચી જાય તો ધર્મ સાધના અને શાસન સેવા કેવી કરે એવો છે ! પણ આવા વિઘ્ન ન હોય તો ને ? શું ધર્મના પરાક્રમ સાધવા સહેલા છે ? સસ્તા છે ? વિઘ્નોની લંગર લાગતી હોય ત્યાં એકલી ધગશ શું કામ લાગે ? માટે જ્યારે વિઘ્નનું લગભગ નામ નિશાન નથી, ત્યારે ધર્મ પુરુષાર્થ કરી લેવો બહુ સહેલો અને સસ્તો. તમારે પણ આજે જે દિશામાં વિઘ્ન ન હોય તે ધર્મ પુરુષાર્થ કરી લેવા ચુકવું નહિ એમાં ખરી વેપારી બુદ્ધિ છે. હંસનો હંસ ચાલ્યો ગયો હજુ સુધી પરમ હંસ તો ભાઈને છોડી જવા તૈયાર ન હોતો. પણ એક દયાળુ માણસના કહેવાથી ઉતાવળે પગલે ત્યાંથી ભાગી પહોંચ્યો રાજા સુરપાલ પાસે.'

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૧૦,તા.૩૧-૧૦-૧૯૫૨

## ⑦ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

રાજા સુરપાલ હતો તો બૌદ્ધ સાધુનો અનુયાયી. પરંતુ પોતાના આંગણે અતિથિને આવેલા જોઈ સત્કાર કરે છે. પૂછે છે, કહો, કયા શુભ નિમિત્તે આપનું અહીં આગમન થયું ?

પરમહંસ કહે છે, 'અમે જૈન છીએ એટલા માટે અમને મારી નાંખવા બૌદ્ધો પૂંઠે પડ્યા છે. તમારા તરફથી રક્ષણ જોઈએ. હા, જો તે લોકો વાદ કરતા હોય, તો તે વ્યાજબી ગણાય. પણ પોતાનામાં વાદ કરવાની શક્તિ નથી, માટે પશુબળથી સામાને મારી નાખવા, એમાં શું માણસાઈ છે ? મારા મોટા બંધુને તો તે લોકોએ મારી પણ નાખ્યો. પછી હું અહીં આવ્યો છું. બૌદ્ધો પણ આવશે. શું રક્ષણાર્થીને તમે છેહ દેશો ?'

રાજા-'બીલકુલ નહિ, તમે અહીં નિર્ભય છો. પણ કદાચ તમારે વાદ કરવો પડે.'

પરમહંસ-'તેની ફીકર નહિ.'

રાજાએ એમને સુરક્ષિત રાખ્યા. પૂર્વ કાળની માનવતાનો વિકાસ જુઓ. રાજાની કેવી ઉદારતા ! કેવી શરણાગતવત્સલતા ! જૈન નથી એ, છતાં ન્યાય-પ્રિયતા વગેરે પરોપકારિતા ગુણોનો ખપી છે. **જૈન તો ઘણા ઊંચા દેવગુરુ અને શાસનવાળા. એના આદર્શ, એની ન્યાયપ્રિયતા વગેરે કેવા જોઈએ !**

બૌદ્ધ સૈનિકો આવી પહોંચ્યા. રાજાને કહે છે કે, 'અમારો શત્રુ અમને સોંપી દો.'



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

'તે નહિ બની શકે.' રાજાએ ઉત્તર વાળ્યો

બૌદ્ધ સૈનિકો કહે, 'પણ અમે બળાત્કારે ઉપાડી જઈશું.'

રાજા કહે, 'મારી પાસેથી બળાત્કારે લઈ જવાની કોની તાકાત છે ? અને તે હું આ ન્યાયી અને કળાવાનનો દ્રોહ કરું ? અન્યાયી હોય તો પણ શરણે આવેલા પ્રત્યે મારાથી દ્રોહ ન થઈ શકે,'

બૌદ્ધ સૈનિકો-'રાજન્ ! આગ્રહ ન રાખો. એમાં સાર નહિ નીકળે. અમારા આચાર્યને આપ ઓળખો છો ? એ ગુસ્સે થશે, અને તમે રાજ્યપાટ વગેરે ખોઈ બેસશો રખડી પડશો રખડી ! એક પરદેશી ખાતર આવું સાહસ કાં કરો ? અંતે મૂર્ખ બની રડવું પડશે.'

**સાચા ગુરુ દુર્લભ :** કેવું ધર્મસંકટ ! બૌદ્ધાચાર્ય બહુ સ્થિતિસંપન્ન છે. ત્યારે તો આ સૈનિકો રાજા જેવાનેય દમ ભીડાવી શકે છે. 'તો શું આ કહેવાતા ધર્મગુરુ સંસારી જીવની જેમ પરિગ્રહનો રસાલો રાખતા હશે ?' એમ તમને પૂછવાનું મન થાય છે કેમ ? પણ તમે સમજો કે તમને જન્મથી અપરિગ્રહી ત્યાગી વિરાગી ગુરુ મળ્યા છે, એટલે નવાઈથી આ પ્રશ્ન થાય છે. બાકી જગતમાં તો કઈ કહેવાતા ધર્મગુરુઓ પરિગ્રહધારી છે, રાગી છે, ભોગી છે, સ્થાવર જીવોની હિંસામય, સમારંભમય મઠવાસને ધરનારા છે. એવા જગતમાં સાચા ધર્મગુરુને પ્રાપ્ત કરવા એ કેટકેટલું મુશ્કેલ છે ! એનો જો ખ્યાલ કરો, તો સાચા ધર્મગુરુ મળ્યાની મહાન કદર થાય, અને ઉત્તમમાં ઉત્તમ સેવાનો લાભ તથા ઉપકારનો લાભ લેવાય. અહીં તો બૌદ્ધાચાર્ય સત્તાધીશ છે, તેથી એના સુભટો રાજાને ડરાવે છે.

**રાજાની કુલવટ-વાણી :** પણ રાજા કહે છે કે, 'તમને ખબર નથી, અમારા પૂર્વજોની એ કુલવટ છે, કે જેને શરણું આપ્યું, એનો પ્રાણાન્તે પણ વિશ્વાસઘાત ન કરવો. બસ, એ કુલવટ, એ ખાનદાની. અને એ **શરણાગતના રક્ષણનું વ્રત પાળતાં મને મૃત્યુની પણ કોઈ દરકાર નથી.** ભલે એમ કરતાં મૃત્યુ કાં નથી આવતું ? પછી રાજ્યપાટ લૂંટાઈ જાય એનો ભય જ શો ? આશ્રિતને હું હરગીજ સોંપનાર નથી. પણ હા, તમને એક ઉપાય બતાવું.'

**આર્ય દેશમાં તે તે સ્થાનના કર્તવ્ય નિર્ણીત થઈ ગયા છે !** શો ઉપાય ? શું આડકતરી રીતે મારી નખાવવાનો ? ના, એમ આડકતરી રીતેય પણ દ્રોહ થવા દે એમ નથી. નહિતર તો પછી સાચી કુલવટ શી ? ખાનદાનીના અભિમાન શા ? યાદ કરો, સૈનિકોએ શું કહ્યું છે ? 'રાજન્ ! અભિમાન સારું નહિ. અમારા સ્વામીને ગુસ્સો કરાવવામાં બધું ખોવું પડશે. માટે સોંપી દો અમારા દુશ્મનને' પણ



રાજા સ્વકર્તવ્યના પાલનમાં નિડરતાથી મક્કમ છે. **આર્યદેશમાં કેવા કર્તવ્ય પાલનના રંગ ! જીવનની સફળતા શામાં લાગેલી ?** એ સમજે છે કે **જીવન તો ભાગ્યને અનુસારે સુખદુઃખમાં પસાર થઈ સમાપ્ત તો થવાનું જ છે. જે નિર્ણીત છે તે થવાનું છે. કર્તવ્યપાલન કરવાનું ગુમાવીએ તોય તે સમાપ્ત તો થવાનું જ છે ! પણ, નથી જ ટકવાનું ! ત્યારે એમાંથી જે સત્કર્તવ્યના પાલન કમાઈ લીધા, તે દીર્ઘકાળની આપણી નક્કર મૂડી છે.** કહો ત્યારે, સત્કર્તવ્ય તે કયા ? ન્યાય, નીતિ અને સદાચાર; કરુણા અહિંસા અને સંયમ; કૃતજ્ઞતા, પરોપકાર, નિસ્પૃહતા; ઉદારતા, ગંભીરતા અને સહિષ્ણુતા; પ્રભુભક્તિ, મૈત્રી અને સાધુસેવા; જ્ઞાન, ધ્યાન અને ક્રિયા, ઈત્યાદિ સત્ કર્તવ્યો છે. **આર્યદેશમાં તે તે સ્થાને રહેલાના કર્તવ્ય નિર્ણીત થઈ ગયેલા છે.** તમારે પણ નિશ્ચિત છે ને ? જૈનનાં શું શું કર્તવ્ય ? રાજા અત્યારે શરણાગતનું રક્ષણ અને વિશ્વાસપાલનનું સુંદર કર્તવ્ય હાથ લાગ્યા બદલ જાતને ધન્ય માનતો, બૌદ્ધ સુભટોની ડરામણીને ગણકારતો નથી. પવિત્ર કર્તવ્ય બજાવતાં દેહ પડી ગયો તોય શું થઈ ગયું ? રાજા જરૂર પડ્યે મરવા તૈયાર છે. **શીખી લેજો ભારતનો પૂર્વ ઈતિહાસ શું ભણાવી રહ્યો છે, અને એની સામે વિચારજો કે આજે શું ચાલી રહ્યું છે !**

બૌદ્ધ સુભટો પૂછે છે 'પણ કોઈ રીતે એ હાથમાં આવે ?'

રાજા કહે છે 'હા, એક ઉપાય છે. તમે એની સાથે જયપરાજયની શરત કરી વાદ કરો અને જીતો તો તમારા હાથમાં આવે.' ત્યારે બૌદ્ધોનો અધિપતિ આવી શરત કરે છે કે 'અમે એની સાથે વાદ કરીએ. પરંતુ એ અમારા બુદ્ધ ભગવાનના મસ્તક પર પગ મૂકી ચાલ્યો છે, તેથી અમે એનું મોં જોવા નથી માગતા. અમે પડદા પાછળ રહીને વાદ કરશું. જો એ જીતે તો ખુશીથી એ છૂટો, અને હારે તો અમે એનો વધ કરીએ' તમે સમજ્યા ? કેમ આવી પડદાની શરત ? એમાં બૌદ્ધોની પોલીસી છે. બૌદ્ધ મતની **'તારા'** નામે શાસન દેવી છે. તેનાથી અધિષ્ઠિત એક ઘડામાં બૌદ્ધે મોં રાખી બોલવાનું છે. જેથી ખુદ દેવીજ વાદ કરવા માંડે. એ વાત ગુપ્ત રાખવા માટે પડદાનું કપટ છે. હવે દેવીની સામે આ નાના **પરમહંસને** વાદ કરવાનો ! એમાં હારે તો મૃત્યુદંડ ! વિચારો કઠિનાઈ ! હંસને સેંકડો સુભટો શસ્ત્રોથી વીંટી વળ્યા હતા, ત્યારે પરમહંસને ગુપ્તપણે વાદ કરનારી દેવીને વધની શરતથી જીતવાની છે. બંનેય શાસન પ્રભાવનાના શુભ ઉદ્દેશથી એ બધું કરી રહેલાં. છતા સત્ત્વને ખીલવવાના આ ભવમાં શું કામ બાકી રાખવું ?

**બૌદ્ધોનો પ્રપંચ :** વાદનું કામ શરૂ થયું. પડદામાંથી બૌદ્ધોનો મત એવી રીતે રજુ કરાયો, કે જેમાં જોરદાર પ્રમાણ અને તર્કનો આધાર અપાયો હતો. છતાં પરમહંસે એનો પ્રતિકાર કરી સામે પોતાનો પક્ષ રજુ કર્યો. પણ તે દેવીએ તોડ્યો, અને નવો પક્ષ માંડ્યો. પરમહંસની અસાધારણ બુદ્ધિએ અને જૈન શાસનના અકાટ્ય સિદ્ધાન્તોએ તે તે બૌદ્ધ પક્ષનું ખંડન કર્યું એના પર નવો પક્ષ, એનું ખંડન, એમ છ માસ વાદ ચાલ્યો. એમાં પરમહંસ કંટાળી ગયો. ત્યારે એણે શાસનદેવી અંબિકાને યાદ કરી. અંબિકાએ હાજર થઈ બૌદ્ધોનું ગુપ્ત રહસ્ય કહીને કહ્યું કે 'તમારે એ લોકોને સમક્ષમાં વાદ કરવા કહેવું.' બસ, બીજે દિવસ એ પ્રમાણે કહેવામાં આવ્યું. ત્યાં તો તુર્ત બૌદ્ધાચાર્ય મૌન ! પરમહંસે પડદો ખસેડી ઘડો ફોડી નાંખ્યો. પછી એ કહે છે કે; 'અહા ! કેવો તમારો દંભ ! આવી તમારી અતિનિંદ્ય પંડિતાઇ ! આ તમારા વાદનો દંભ ! આ તમારા વાદના ઢંગ ! મરદ જેવા મરદ થઈને દેવી પાસે વાદ કરાવતા હતા ! તેય આ પડદા પાછળ ! આવો હવે, કરો મારા મતનું ખંડન.' શું ખંડન કરે ? રાખ ? બૌદ્ધોનું સરાસર મૌન ! મોં શ્યામ ! બૌદ્ધો હાર્યા.

**રાજાનો ગુણાનુરાગ અને મુનિની યોગ્યતા ! :** રાજા બધું સમજી ગયો. પરમહંસ ઉપર રાજાને ખૂબજ માન પેદા થયું. બૌદ્ધોની કપટજાળ અને કુશીલતા પ્રત્યે એનું લોહી તપી ઉઠ્યું. કહે છે બૌદ્ધોને એ, આવા ન્યાયી અને વિજયીનો શું વધ ઈચ્છો છો તમે ? હવે તો હું જ એના રક્ષણ માટે, યુદ્ધ કરવું પડે તોય તૈયાર છું.' કેવો ગુણાનુરાગ ! ત્યારે પરમહંસની કેવી મહાન લાયકાત ! જૈન શાસન પામેલામાં આવી લાયકાત આવવી સહજ છે. ત્યારે સમજો કે જગતમાં સાચા સન્માન પણ લાયકના થાય છે. હવે રાજાએ બૌદ્ધનું ટોળું ધુંધવાતું જોઈ અવસર ઓળખી લીધો. એ લોકોને વાતમાં રાખી પરમહંસને ભાગી જવા સંકેત કર્યો.

**બૌદ્ધોનો કપટભર્યો જુલ્મ : કર્મ ટાળવાનું ઔષધ માત્ર એક ધર્મ :** પરમહંસ ભાગ્યો. પણ પાછળ બૌદ્ધના ઘોડેસવારે પૂંઠ પકડી. કર્મોનો આ કેવો જુલમ ! મહેલમાં રહેતાં થકાં અનેક સંરક્ષણ સામગ્રી પણ હોય, ત્યારે ત્યાં કોઈ આક્રમણ નહિ ! અને અહીં એકાકી અને શસ્ત્રરહિત અવસ્થામાં મહાન આક્રમણ ! આ સ્થિતિમાં કોણ બચાવે ? કહો એક માત્ર પૂર્વે કરેલો ધર્મ. ત્યારે તો તત્ત્વજ્ઞ પુરુષો કહે છે કે **કર્મના ઉપદ્રવ ટાળવાનું ધર્મ સિવાય બીજું કોઈ ઔષધ નથી. તેથી, કર્મના આવા અણચિંત્યા જુલ્મી આક્રમણો આવે એ પૂર્વે ધર્મ સાધી લેવો એજ પરમ કર્તવ્ય છે.** પરમહંસે યુક્તિ કરી. આગળ જતાં એક ધોબી તળાવ કાંઠે કપડાં ધોતો હતો. તેણે તેને કહ્યું કે "મોટી આપત્તિ આવે છે !" ધોબી તો બિચારો



ઉઠીને તરત ભાગ્યો ! પરમહંસે ત્યાં ધોબી તરીકે ગોઠવાઈ ગયો. અજાણ્યો ઘોડેસવાર આવી એને જ પૂછે છે કે 'અહીંથી કોઈ માણસ ગયો ?' એણે દૂરથી ધોબીને દોડતો બતાવ્યો. ઘોડેસવાર તો ખુશ થતો લશ્કરને પાછું વાળી ધોબીને જ્યાં પકડવા ગયો, ત્યાં અહીંથી પરમહંસે તરત ઉઠીને પલાયન કર્યું, અને એ ક્રમે કરીને ગુરુશ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પાસે પહોંચી ગયો.

**હંસમૃત્યુના વર્ણને પરમહંસનું મૃત્યુ :** ગુરુના ચરણમાં માથું મૂકીને પરમહંસે પ્રણામ કર્યો. ગુરુએ પણ દૃઢ આલિંગન કર્યું. પરમહંસ કહે છે, 'હે પ્રભુ ! આપે યોગ્ય નિષેધ કર્યો હતો; પરંતુ અયોગ્ય એવા અમે વિનય ચૂક્યા એમાં આવી આવી વસ્તુ બની.' એમ કહી બનેલી વિગત જ્યાં કહે છે, ત્યાં હંસના મૃત્યુની હકીકતનું દૃશ્ય વર્ણવતાં વર્ણવતાં, પરમહંસના પ્રેમભર્યા અને ગુણાનુરાગી હૃદયને એવો તો આઘાત લાગ્યો કે ત્યાં જ એ શાસન-રત્ન પંખેરું પ્રાણવિહોણું થઈ ધરતી પર ઢળી પડ્યું. મોહ શું કામ કરે છે ! **હાથીનાં હાડ તોડી નાખે, બળવાનના બળ મોડી નાખે, તત્ત્વવેત્તાના હૃદય ભેદી નાખે !** એવા મોહપર વિજય મેળવનાર શ્રી અરિહંત પરમાત્માને અને અન્ય ઉત્તમ પુરુષોને આપણે કોટિકોટિ વંદન કરીએ.

**શ્રી હરિભદ્રસૂરિજી મહારાજની હૃદયવેદના :** મહાન શાસ્ત્રકાર આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી પણ આનું મૃત્યુ જોતાં ડઘાઈ ગયા. એમને એમ થાય છે, કે 'અરે ! આ શો જુલમ ? દુશ્મનના ઘરમાં જઈ એના રહસ્ય જાણવાની ધગશવાળા આવા ઉત્તમ સંયમી સાધુના મૃત્યુ ! ત્યારે મારે આવા સુબોધ શિષ્યોનો વિરહ ! હું કેવો દુર્ભાગી કે એમને આ રીતે નાની વયમાં મૃત્યુ આવ્યું, અને એ મારે ગુમાવવા પડ્યા ! હું તે તેમના વિનયને સંભારું, કે એમની શૂરવીરતાને ? એમના હું કયા ગુણ ગાઉં ? એમની શ્રદ્ધાના કે એમની સત્તર્કની બુદ્ધિના ? હજી તો હમણાંજ બચ્ચાને પાંખ આવી, ત્યાં ક્રૂર યમરાજ એમને ઉપાડી ગયો !! **દુષ્ટકાળને કોઈ પાપી ઉપાડી જવા ન મલ્યા, તે આવા નરરત્નને ઉપાડી ગયો !** જીવતા હોત તો કેવું એ જગતનું ભલું કરત !! હે અરિહંત ! હે મારા નાથ ! સુયોગ્ય અને વિનીત વર્તનવાળા આ હંસ-પરમહંસના મૃત્યુથી તો મારાય પ્રાણ હચમચી ઉઠ્યા છે ! હું ક્યાં જાઉં ? શું કરું ? આ બૌદ્ધોએ તો ભયંકર દુષ્ટતા કરી છે ! એ બૌદ્ધોને તો મેં ગૃહસ્થપણામાં પણ સારી રીતે પરાસ્ત કરેલા છે. તો અત્યારે તો જૈન શાસનની સહાયથી એને પૂર્ણ પરાભવ કરવો એમાં શી મોટી વાત છે ? હવે એ દુષ્ટોને હું નહિ છોડું. મારા હૈયાના શલ્યનો ઉદ્ધાર કરવો જ પડશે.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

# ૮ શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**સૂરિજી રાજા પાસે :-** એમ વિચારી શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ આવ્યા સુરપાલ રાજા પાસે. એ કહે છે કે "હે ન્યાયી રાજન્ ! પૂર્વે તેં લાખો સુભટો સામે મારા પરમહંસને કેવું અજબ રક્ષણ આપ્યું હતું. ધન્ય છે તારા ક્ષાત્રવટને ! પરમહંસની તો આવી સ્થિતિ બની. હવે હું બૌદ્ધો સાથે વાદ કરવા ઇચ્છું છું."

રાજા કહે છે "પણ પ્રભુ ! એ તો યોદ્ધાઓના મોટા સમૂહથી પરિવરેલા હોઈ જીતાવા દુષ્કર છે. કેમકે આપ ઇચ્છો છો બુદ્ધિ વડે વાદ કરવાનું, અને એ છે બળ વડે વાદ કરે એવા ! તો આપની પાસે એવી કોઈ અજેય શક્તિ છે ? એ હોય તો હું યુક્તિથી એમને અહીં બોલાવું."

આચાર્યશ્રી કહે છે કે, "અંબિકાદેવીની સહાયવાળા એવા મને એ શું જીતી શકે ? ખુશીથી બોલાવો એમને !"

રાજાએ દૂત મોકલ્યો. દૂત ભારે ચાલાક ! જઈને બૌદ્ધ ગુરુને કહે છે કે "સરસ્વતી સરખા આપને ભક્તિથી મહારાજ સુરપાલ વિનંતિ કરે છે કે બૌદ્ધ મત સાથે વિરોધ ધરાવતો કોઈ એક પંડિત અત્રે આવ્યો છે પણ મને આ આશ્ચર્ય થાય છે કે સૂર્ય સરખા આપ બેઠા હો ત્યાં વળી આવા વાદી શા ? અમને તો શરમ આવે છે આપ અત્રે પધારી એને એવો હરાવો, કે એ બિચારાને મરવું જ પડે."

બૌદ્ધાચાર્ય ધુંઆપુંઆ થતો દૂતને કહે છે કે 'વાદી ? મારી આગળ કોઈ વાદી ? સમસ્ત વાદીઓને જીતી બેઠેલા મારી આગળ હવે કોઈ વાદી બાકી હોય ? એ તો હશે કોઈ જૈન મૂર્ખ વાચાળ ! મોટા મોટા વિકલ્પોની જાળથી હું એને હરાવી દઈશ. પણ હે દૂત ! એ શું મરણની શરત કરે ખરો ?'

દૂત - પ્રભુ ! શું કામ નહિ કરે ? ન કરે તો એની આબરૂ શી ? વિચાર તો આપે કરવાનો છે. હારે તો તપેલા તેલના કુંડામાં પડે, એવી જ શરત કરો; કે જેથી એક જ પ્રશ્નમાં આપ એને હરાવી ઠેકાણે કરી દો !

બૌદ્ધાચાર્ય કહે 'હા એ બરાબર. આપણે કોને નથી હરાવ્યા' દૂત કહે, 'ઘણાયને. ત્યારે ભગવાન ! બધું સરસ થઈ જવાનું ! પણ હેં પ્રભુ ! ક્ષમા કરજો, એક વાત જરા કહી દઉં. યદ્યપિ આજ સુધીમાં આપે સેંકડો વાદીને જીત્યા છે, પરંતુ કદાચ આ વાદીને ન જીતાય તો આપણી મહાન અવજ્ઞા થાય. તે કરતાં તો



વાદ ન કરવામાં શોભા. જો કે આ તો અમારી ભ્રમણા છે, પણ બહુરત્ના વસુંધરા, એ ન્યાયે કોઈ સમર્થ **વાદી** નીકળી આવે તો વિમાસણ થાય. અમે તો આપનાથી સનાથ છીએ, એટલે જ અમને આવી ચિંતા થાય છે.'

બૌદ્ધાચાર્ય કહે "આવો ભય શાને રાખો છો ? શું તમે જાણતા નથી આપણા પ્રમાણ-શાસ્ત્રને કે આપણી પ્રકાંડ યુક્તિઓને ? ભલભલા વાદીના મદ મેં તોડી નાખ્યા છે, તો આ કોણ માત્ર ? જા તારા રાજાને કહેજે કે, અમે હમણાં જ આવીએ છીએ." આમ કહીને દૂતને રવાના કરી પોતે પણ જાય છે. દૂત તો રાજાને ખુશાલીના સમાચાર કહે છે કે, "બરાબર પાસા પોબાર ! બૌદ્ધોચાર્યને ભોળવ્યા છે. હમણાં જ આવી પહોંચે છે.'

**બૌદ્ધના સિદ્ધાન્ત અને તેનું ખંડન :- અભિમાન એ બહુ બૂરી ચીજ છે. અભિમાનથી આત્મા અતિ વિશ્વાસમાં ચડી સાધનાના અવસરે એના જરૂરી સાધનને ભૂલી જાય છે; અને આપત્તિના અવસરે સાચા પ્રતિકારથી વંચિત રહે છે.** આ બૌદ્ધાધીશને એવું જ બન્યું ! રાજસભામાં આવી અભિમાનથી જોયું કે 'આ વાદીને સહેજ વારમાં જીતી લઈશ.' એમ કરી શાસનદેવીની સહાયની ઉપેક્ષા કરી; અર્થાત દેવીની સહાય લીધા વિના સીધો વાદ શરુ કર્યો; પક્ષ માંડ્યો કે **જે સત્ હોય છે તે બધું ક્ષણિક હોય છે.**

અહીં તો સ્વપર શાસ્ત્રના મહાન જ્ઞાતા આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ હતા. એમણે તરત ઉત્તર કર્યો કે "તો પછી એક વસ્તુનું જ્ઞાન થયા પછી દીર્ઘકાળે તેનું સ્મરણ થાય છે, તે સંસ્કારને લીધે છે. તો શું વચલા ગાળામાં એ સંસ્કાર કાયમ રહે છે ? અર્થાત્ એ સંસ્કાર સ્થિર છે, એવા તમારા સિદ્ધાન્તનો ભંગ થયો. વળી **'જે ક્ષણિક નહિ તે સત્ નહિ'** એવા તમારા મતના હિસાબે એ સ્થિર સંસ્કાર કે એ સંસ્કારની સ્થિર સંતતિ સત્ નહિ રહે ! અને 'સત્ નહિ તે અર્થક્રિયાકારી નહિ' એવા તમારા મતે તે સંસ્કાર કાર્યસાધક નહિ બને. તેથી તેનાથી સ્મરણરૂપી કાર્ય નહિ થઈ શકે ત્યારે જો સંસ્કારને ક્ષણિક કહો તો એ ક્ષણમાં તો નાશ પામ્યા, તેથી દીર્ઘ કાળે એનું સ્મરણ ક્યાંથી થઈ શકે ? જો એમ કહો કે ઉત્તરોત્તર ક્ષણિક સંસ્કાર ઉત્પન્ન થતા આવે છે, તેથી લાંબા ગાળે સ્મરણ થઈ શકે; તો તેય ખોટું છે, કેમકે, તો પછી સંસ્કારની એવી જે ધારા ચાલી. તે ધારા જો ક્ષણિક હોય તો એનું એજ આવી ઊભુ રહ્યું ત્યારે સ્થિર તો હોઈ શકે નહિ. કેમકે ધારા એ કાંઈ ક્ષણિક સંસ્કારથી કોઈ જુદી ચીજ નથી.

બીજી રીતે જોતાં ક્ષણિક વાદમાં લાલ અને કાળો બે જાતની માટીમાં ઉત્પન્ન થતા ઘડામાં લાલ ઘડો કાળી માટીમાંથી અને કાળો ઘડો લાલ માટીમાંથી બન્યો



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

એવું કેમ નહિ ? કેમકે બંનેય કાર્યો પોતાના કારણની ગેરહાજરીમાં સમકાળે ઉત્પન્ન થાય છે. એવો જો હા પાડો તો પછી નિયમ નહિ રહે કે કાળી માટીમાંથી કેવો ઘડો બનશે ?

વળી ક્ષણિક વાદમાં કાર્યકારણના નિયમને બાધ નડશે. કેમકે કાર્ય-કારણનું જ્ઞાન તેને થાય કે જે ક્યાંક બે ચાર સ્થાને કોઈ કારણ દેખે, અને તેમાંથી કાર્ય થતું દેખે. પછી એ નિર્ણય કરી શકે કે આ આ કારણમાંથી આ આ કાર્ય થાય. અહીંયાં તો તમે બધુંય ક્ષણિક કહો છો, એટલે તમારે તો આત્માય ક્ષણિક છે, તો ક્ષણમાં ઊડી જનારો આત્મા આ બધું જાણવા કાં રહી શક્યો ? તેમ બધાં કારણો એક સાથે નાશ પામી બધાં કાર્યો એક સાથે જન્મે છે. ત્યાં કોણ કોનું કાર્ય' એની શી ખબર પડે. આવી રીતે બૌદ્ધના મતનું ખંડન કર્યું. તેના પર બૌદ્ધાચાર્ય ચૂપ થઈ ગયો. ત્યાં કોઈ કહે છે, 'હારે તે તપેલા તેલના કુંડમાં પડે' એવી બૌદ્ધાચાર્યે શરત કરી હતી. તે હિસાબે બૌદ્ધાચાર્ય તપેલા તેલના કુંડમાં પડ્યો. પછી બૌદ્ધનો શિષ્ય વાદ કરવા આવ્યો ! તે પણ હાર્યો. તેણે પણ કુંડમાં ઝંપલાવ્યું. એમ થોડુંક ચાલ્યું. બીજો ઈતિહાસ એમ કહે છે કે, હારેલા બૌદ્ધવાદીઓ હોમાવા માટે તૈયાર થયા. તો ત્રીજું એમ પણ જાણવા મળે છે કે બૌદ્ધોના હંસ પરમહંસ તરફની ભયંકર કુટિલતાના હિસાબે, એમને સમડી બનાવી તેલના કુંડામાં ઝીકી દેવા માટે લાવવામાં આવ્યા. ગમે તે હો, પણ આ પ્રસંગની ગુરુ મહારાજ શ્રી જિનભટ્ટસૂરિજી મહારાજને ખબર પડી ગઈ. એમને થયું કે "અરરર ! જુલમ થઈ ગયો ! પ્રૌઢ ગીતાર્થ એવા હરિભદ્રસૂરિને આવો કષાય ? બનવાનું બની ગયું. હવે કષાય શા માટે ?" તરત એમણે **'ગુણસેણ અગ્ગિસમ્મા...'** વાળી સમરાદિત્ય અને શત્રુ અગ્નિશર્માના ભવોની ગાથાઓ મોકલી આપી. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી ગુરુ પાસેથી આવેલો ગાથાપત્ર શિરસાવંદ્ય કરી વાંચે છે. ચોંકે છે.

**શ્રી હરિભદ્રસૂરિજીનો મનનીય પશ્ચાતાપ :-** "આહાહા ! આ મે શું કર્યું ? હું આટલો બધો કષાયમાં ચઢી ગયો ? **અહીં કષાય કરવામાં તો કાંઈ વાર પણ ન લાગે અને કંઈ જ કઠિનાઈ પણ ન નડે, પરંતુ એનો વિપાક કેટલો બધો દીર્ઘકાળ ભોગવવાનો. અને તે પણ કેટલો બધો કઠિનતાભર્યો ?** સમરાદિત્ય કેવલી મહર્ષિના ચરિત્રમાં જીવનભર માસખમણને પારણે માસખમણની સાધના કરનાર અગ્નિશર્મા તાપસને પોતાનું પારણું ચૂકાવવા નિમિત્તે પણ જો એક ગુણસેન રાજા પર ગુસ્સો થયો, તો તે **વૈર તાપસને એટલું બધું નડ્યું, કે પછી ભવે ભવે એ અધમકાર્યવાહી કરતો રહ્યો, અને નીચી નરકમાં પડતો ગયો;** ત્યારે ગુણસેન રાજા સમરાદિત્યના ભવમાં કેવળજ્ઞાની થઈ મોક્ષે ગયા. તે પછી એ અગ્નિશર્માના જીવને



આ ઘોર સંસારચક્રમાં અનંત ભવ ભટકવાનું ઊભું થયું ! એક ભવના ક્રોધનો આ કેવો કરુણ અંજામ ! ત્યારે આટલા બધા બૌદ્ધપરના મારા ક્રોધથી મારી કઈ દશા ? માનવની ભયંકર હત્યા કરવાનું કેવું આ અધમાધમ કૃત્ય ! આમાં ન જોયું મેં મારું સાધુપણું, કે ન જોયું મેં ઉચ્ચ ગુરુ પ્રત્યેનું મારું શિષ્યપણું ! ક્યાં મારું અહિંસાનું મહાવ્રત અને ક્યાં આ વ્રત ભંજક હત્યા ! **ક્યાં આ મને શાસને અર્પેલું સમ્યગ્જ્ઞાન, અને ક્યાં આ ક્રોધનો અજ્ઞાનમય અંધકાર !** આતો જાણે પાછો હું પૂર્વની અજ્ઞાન અને મદની અવસ્થામાં જઈ પડ્યો. શાસ્ત્ર તો તો કહે છે કે **'ક્રોધે ક્રોડ પૂર્વતણું સંયમ ફળ જાય !'** તો પછી જ્યાં ક્રોડ પૂર્વને બદલે ક્રોડ વરસનુંય સંયમ નથી; અરે ! સો વરસનુંય ચારિત્ર ય નથી, ત્યાં આવા ઉગ્ર ક્રોધના કેવા કટુ વિપાક ! કેવા ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ ! અહો ! ગુરુજીએ મને કેવો અવસર પર અપૂર્વબોધ મોકલ્યો ! વાહ ! **જૈનશાસનમાં ગુરુ તત્ત્વની બલિહારી છે !** શું કામ છે મારે ક્રોધ કરવાનું ? ક્રોધ કરું તે મારી વિરતિ, મારું જ્ઞાન, મારું જૈન શાસન, સંઘ અને ગુરુ સૌને કલંક લાગે. ભલે બિચારા બૌદ્ધો સુખી રહે." ઈત્યાદિ વિચારણા કરી બૌદ્ધોને જતા કર્યા.

**બૌદ્ધોને દેવીની તર્જના અને હિતશિક્ષા :-** અહીં એવું બન્યું કે બૌદ્ધોના મહાગુરુનો પરાજય, પછી એના અનુયાયીનો પરાજય, એમ હાર પર હાર થવા માંડી, ત્યારે બૌદ્ધો પોતાની તારાદેવી પર ગુસ્સે થઈ જેમતેમ બકવા માંડ્યા; 'હે પાષાણી ! જે અમારા સ્વામીએ તારી ખૂબ ખૂબ પૂજા ભક્તિ કરે રાખી, ફૂલ ફળ-નિવેદ તને ચઢાવ્યા, તે શું પત્થર પર ચડાવ્યા ? હે રાક્ષસી ! આટલો ભયંકર ગજબ જુલમ વરસે, ત્યાં તું રક્ષણ કરવા નથી આવતી, તો તારું અધિષ્ઠાયકપણું શું ?' ત્યાં અંતર્હિત રહેલી તારા દેવી બૌદ્ધોના આ પ્રશ્નનો ઉત્તર કહે છે કે 'હે બૌદ્ધો તમારું અને તમારા ગુરુનું અધમ કૃત્ય કેમ ભૂલી જાઓ છો ? દૂર દેશથી ભણવા અર્થે આવેલા પેલા બે જૈન મુનિઓ રૂપ નિર્દોષ બકરાને તમે ભૂખ્યા વરુની જેમ મારી નાખવા ધસતા હતા, તેમાં એકને તો બાણોથી ખત્મ પણ કરી નાખ્યો, અને બીજાએ તમને પરાજિત કર્યા, ત્યારે ઊલટું તમે એને મારી નાંખવા દોડ્યા. એ બધાં કાળાં કામ તમે કેમ વિસરી જાઓ છો ? અને ફોગટ મારા પર ગુસ્સે થાઓ છો ? હજીય બચવું હોય તો ડાહ્યા થઈને, આ હરિભદ્રસૂરીશ્વરજીની ક્ષમા માગી તમારા સ્થાને ચાલ્યા જાઓ ! બૌદ્ધોમાનાં વૃદ્ધ પુરૂષો વસ્તુ સમજી ગયા, અને બધાને પાછા વાળી સ્વસ્થાને ચાલ્યા ગયા. **આ દુનિયામાં કેવી વિચિત્રતા છે, કે જીવ પોતાનું અનાડીપણું આચરે જાય, એમાંથી પાછો વળવાની વાત નહિ, પણ જ્યારે સામેથી એનો બચાવ આવે, ત્યારે ઊંચો નીચો થાય !** રક્ષકને ગાળ દે !,



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ભૂલ સમજવાને બદલે નવી નવી ભૂલોની યોજના કરે !, એ કેવું વિચિત્ર ! પણ મિથ્યામતિની આજ ભયંકરતા છે કે સ્વરૂપે શુદ્ધ એવા આત્મા પાસે ઘણીય અધમ વિચારણા, અને જંગલી કાર્યવાહી કરાવે !

**સૂરિજીનો ગુરુ પાસે એકરાર :-** શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ગુરુનો અને જિનશાસનનો મહાઉપકાર માનતા, ત્યાંથી ઊઠીને જઈ પહોંચ્યા ગુરુ પાસે. ગુરુ શ્રી જિનભટ્ટસૂરીશ્વરજીના ચરણમાં માથું મૂકીને ચોધાર આંસુથી ગળતી આંખે કહે છે, 'હે નાથ ! શિષ્યના મોહમાં મેં કેવું ભયંકર કાર્ય કર્યું ? કેવું ભયંકર કરવા તૈયાર થયો ? એ તો આપનો ભવોભવનો ઉપકાર કે મોહ અને કષાય-અટવીમાં ભૂલેલા મને જ્ઞાન અને પ્રશમના માર્ગે આણ્યો ! હે પ્રભુ ! પૂર્વે પણ મદ અને કુમતના પિશાચી પાશમાંથી છોડાવનાર પણ આપ જ હતા, અને અત્યારે પણ પાપમાંથી બચાવી લેનાર પણ આપ જ છો ! પૂર્વે ક્યાં મારી વીતરાગને નિંદવા સુધીની અવદશા, તેમ ક્યાં મારી વર્તમાન ક્રોધાંધ હાલત ! ત્યારે ક્યાં આપની પત્થરને પરમાત્મા કરવા જેવા મહાન ઉપકારને કરવાવાળી ઉચ્ચ દશા ! હવે તો ભગવાન ! મારા આ ગુનામાં મને પ્રબળ પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરો, ને અવિનયી એવા આ કુશિષ્યને ક્ષમા આપવા મહેરબાની કરો.'

ત્યાં ગુરુ કહે છે કે **"કમ્મેસૂરા, ધમ્મેસૂરા જેવા સમર્થ હરિભદ્ર સમાન શિષ્યો ક્યાં છે !"** ગુરુએ પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ કરી કર્યા. આચાર્યપુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે પણ તીવ્ર તપ કરવા માંડ્યા. એમનું આત્મઓજસ વધતું ચાલ્યું. કોઈકવાર હંસપરમહંસનો વિરહ મનમાં લાગી આવે છે. ત્યાં અંબિકા દેવી પ્રગટ થઈ કહે છે કે "તમારે આ શું ? તમે તમારે મહાન ગ્રન્થો રચો, અને એનેજ સાચી સંતતિ સમજો. ચિરકાળ સુધી એ તમારા રચેલા શાસ્ત્રો જગતપર મહાન ઉપકાર કરશે બાકી તમે ક્યાં નથી જાણતા કે **'સંજોગમૂલા જીવેણ પત્તા દુક્ખપરંપરા'** સંયોગોના લીધે જ જીવે દુઃખની પરંપરા મેળવી છે. **સંયોગ છે ત્યાં વિનાશ છે. જન્મ છે ત્યાં મરણ છે.** તો પછી હંસ પરમહંસ પોતાના આયુષ્યની સમાપ્તિએ અહીંથી ચાલ્યા જાય, એમાં શું શોક કરવો ? **એ તો એમનું કર્તવ્ય યોગ્ય રીતે બજાવી ગયા. આપ આપનું બજાવો** મારે કાંઈ આપને કહેવાનું હોય નહિ. આપ નિરાંતે **ઉત્તમ શાસ્ત્રો રચો."** આચાર્યશ્રી સ્વસ્થ થઈ ગયા. એમણે ચૌદસો ચુંવાલીસ ગ્રન્થ રત્નોની રચના કરી. ગ્રન્થને છેડે **'વિરહ'** પદ જોડ્યું. દા.ત. "ભવવિરહવરં દેહિ મે દેવિ સારં, હે દેવિ ! મને ઉત્તમ સંસાર-વિરહ અર્થાત્ મોક્ષ આપો."

• • •





## ⑨ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિશ્વરજીના ગ્રન્થ રત્નો** પૈકીના આજેય કેટલાક અદ્ભૂત ગ્રન્થો મળે છે. એમની **'સમરાઇચ્ચકહા'** તો સંવેગ વિરાગથી છલકતી કથા-રત્નોની ખાણ છે. એમણે **'લલિતવિસ્તરા'**માં 'નમુત્થુણં' સ્તુતિ-સૂત્રના પદેપદના અર્થ પર અપૂર્વ દાર્શનિક મંતવ્યોનો પ્રકાશ પાડ્યો છે; સાથે જ અરિહંત પરમાત્મા પરનો અનુપમ તાત્ત્વિક ભક્તિ રસ વહેતો મૂક્યો છે. **'ધર્મસંગ્રહણી'** માં ભવ્ય વાદો દ્વારા જિનમતની બીજાઓ કરતાં વિશિષ્ટતા, સંપૂર્ણતા અને સર્વથા શુદ્ધતાનું સુંદર નિરૂપણ કર્યું છે. **'ઉપદેશપદ'**માં સંસાર જુગુપ્સા, ભવભ્રમણનો ખેદ, મોક્ષાભિલાષા વગેરે જગાવી પરમ મંગલમય ધર્મજીવન બનાવવાનો ઉપદેશ ઉલ્લસી રહ્યો છે. **'પંચવસ્તુ'**માં સાધુજીવન યોગ્યતાથી માંડી ઉત્સર્ગ અને અપવાદ માર્ગને સ્પર્શતી વિસ્તૃત સાધુચર્યાનું આકર્ષક આલેખન છે. **'અષ્ટક'**માં ૮-૮ શ્લોકના એકેક પ્રકરણમાં એકેક વિષયને વર્ણવતાં બત્રીસ પ્રકરણો છે. એમાં વીતરાગ દેવ, નિર્ગ્રન્થ ગુરુ તથા સર્વજ્ઞકથિત ધર્મનું વર્ણન છે. **'ષોડશક'**માં ૧૬-૧૬ શ્લોકનો એકેક, એવા સોળ પ્રકરણ છે, એમાં અનુષ્ઠાનના પ્રણિધાનાદિ પાંચ અંગોના, જિનબિંબ-નિર્માણ, પ્રતિષ્ઠાપનના વિધાનના ઇત્યાદિ વર્ણન છે. **દશવૈકાલિક સૂત્ર-ટીકા. તત્ત્વાર્થ મહાશાસ્ત્ર-ટીકા, પંચસૂત્ર-ટીકા, અને આવશ્યક સૂત્ર પર મહા-ટીકા,** આ ગ્રન્થોમાં તો આ સૂરિપુરંદરે પદાર્થોના સૂક્ષ્મતાભર્યા પ્રતિપાદનના સાગર સર્જ્યા છે. **'વિંશતિ વિંશિકા'**માં ૨૦-૨૦ શ્લોકની એક એવી વીસ વીસી છે, એમાં લોકધર્મથી માંડી ક્રમશઃ મોક્ષ પર્યન્તનો, અર્થાત્ આત્મ સંશોધનનો સચોટ માર્ગ વર્ણવ્યો છે. **'પંચાશક'** મા ૫૦-૫૦ શ્લોકનો એક એવા ઓગણીસ પ્રકરણ મળે છે. એમાં સમ્યક્ત્વ, શ્રાવકના બારવ્રત, શ્રાવકનું દૈનિક જીવન, દ્રવ્યસ્તવ, ભાવસ્તવ, વગેરે વિષયો લીધા છે. **'ધર્મબિન્દુ'**માં દસ અધ્યાય છે. એમાં સામાન્ય ધર્મ, વિશેષ ગૃહસ્થધર્મ, સાધુધર્મમાં સાપેક્ષ યતિધર્મ, નિરપેક્ષ યતિધર્મ વગેરે આત્મ સાધનોનો ક્રમિક માર્ગ બતાવ્યો છે. **'અનેકાંતજય પતાકા'**માં મહાસમુદ્રના અનેકાનેક તરંગોની જેમ અનેકાનેક વિકલ્પો-પ્રતિ વિકલ્પો વગેરે દ્વારા બૌદ્ધ વૈશેષિકાદિ દર્શનના એકાંત સિદ્ધાન્તોનું ભવ્ય નિરાકરણ કરી, અનેકાંત મતની જયપતાકા લહેરાવી છે. **'યોગબિન્દુ'**માં ગોચર, સ્વરૂપ, અને ફલની મૌલિક વિચારણાથી અનેકાંત આત્મવાદના મંડાણ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

કરી, જગતમાં ચાલતા એકાંતવાદોની ભૂલભરી માન્યતાઓના સયુકિતક ખંડન કરવા સાથે યોગની, પૂર્વસેવા વગેરેના અપ્રતીમ વિવેચન કર્યા છે. ત્યારે પ્રસ્તુત **'યોગદૃષ્ટિ સમુચ્ચય'** નામના શબ્દસંક્ષિપ્ત પણ અર્થગંભીર મહાન ગ્રંથમાં યોગની આઠ દૃષ્ટિના નિરૂપણના ગંગાસ્રોત વહી રહ્યા છે. એ એવા તો અમૃતરસથી ભરેલા છે કે આહા ! એને ચિંતનમાં ઉતારતાં અનુપમ તત્ત્વપ્રકાશ આત્મસ્વાદ અને સ્વસ્થતાનો લાભ મળે છે.

**યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથ પ્રારંભ :-**

**नत्वेच्छायोगतोऽयोगं योगिगम्यं जिनोत्तमम् ।**
**वीरं वक्ष्ये समासेन योगं तद्-द्दष्टिभेदतः ॥१॥**

યોગદૃષ્ટિ જેવા ગ્રંથને સમજીને જીવનમાં ઉતારવા માટે ભારે પુરુષાર્થ જોઈશે. મંત્રસાધકની જેમ એકાકારપણે એ પુરુષાર્થ કરવો જોઈએ. જો હૃદયમાં ઉતારી, જીવનમાં એને જીવંત કરશું, તો જ આપણે એના અમૃતફળ પામી શકીશું. યોગદૃષ્ટિ સમુચ્ચય એ મહાન ગ્રંથ છે. એ રચવા માટે શ્રી હરિભદ્ર-સૂરિજી મહારાજની પોતાની પાસે જ્ઞાન છે, ગુરુકૃપા છે' શાસનની આરાધના છે; તો જ રચવાનો અધિકાર ગણાય. આવા ગ્રંથની રચના કરવી એ શુભ કામ છે, એટલે મંગળ તરીકે ઈષ્ટદેવનું નમન-સ્મરણ કરવું જોઈએ. એ માટે એમણે મંગલાચરણ કર્યું. તેમાં સાથે એનો અધિકારી કોણ ? એનું ગર્ભિત સૂચન કર્યું.

**પહેલું મંગલાચરણ :** મંગલ એ વિઘ્નોને દૂર કરનાર છે. મંગલ બે પ્રકારે દ્રવ્ય અને ભાવ. દહીં, દુર્વા, શુભ શુકન વગેરે દ્રવ્ય મંગળ ગણાય છે. ભાવ-મંગલ આત્માનો શુભ અધ્યવસાય (શુભવિચાર) છે. જો આપણે ચિત્તમાં શુભ વિચારણા રાખીએ તો આપણે ભાવ-મંગલમાં છીએ. જે ભાવમંગલમાં આવ્યો, તેણે હવે અંતરાયની કે દુઃખદુરિતની ભીતિ રાખવાની જરૂર નહિ. પરમેષ્ઠીને નમસ્કાર એ 'પઢમં હવઈ મંગલં' એટલે શ્રેષ્ઠ મંગલ છે. એનું ફળ સર્વ પાપનો નાશ છે ! એવું તાકાતવાળું મંગળ પામ્યા હોઈએ, ત્યારે આત્માએ માનવું જોઈએ, કે હું સર્વ પાપનો નાશ કરી રહ્યો છું. અહીં પ્રશ્ન થાય કે શુભ વિચારણાને તો મંગળ કહ્યું. પણ પરમેષ્ઠીને નમસ્કાર એ મંગળ શી રીતે ? ઉત્તર એ છે કે પરમાત્માને જે નમસ્કાર કર્યો, એ અંતરઆત્મામાં શુભ ભાવ ઉત્પન્ન કરવાનું અદ્ભુત સાધન છે; માટે એ મંગલ કહેવાય છે. દા.ત. જીવનનું સાધન એવા હવા અને પાણીને પણ આપણું જીવન કહેવાય છે. બાકી કાંઈ હવાપાણી એ જીવન નથી. જીવન તો આયુષ્ય કર્મ છે. છતાં હવાપાણી એ જીવન કહેવાય છે. તેવી રીતે નમસ્કાર એ મંગળ કહેવાય છે.



**વિષય : वक्ष्ये समासेन योगं तद्-द्दष्टि-भेदतः** અહીં ગ્રંથકારે હું યોગને કહીશ એમ કહી ગ્રંથમાં કહેવાનો વિષય સૂચવ્યો. યોગ એટલે મોક્ષ સાથે જે સંબંધ કરાવી આપે તે સાધના. એ યોગનું વર્ણન કેવી રીતે કરવાનું ? દૃષ્ટિના પ્રકારો કહીને. યોગની આઠ દૃષ્ટિ છે. દૃષ્ટિ એટલે શું ? દૃષ્ટિ એટલે આત્માનું અમુક પ્રકારનું બોધનું વલણ. એ દૃષ્ટિના આઠ પગથિયાં છે. આત્મા તેમાં ઊંચે ઊંચે જાય, એની શી ખબર પડે ? એના લક્ષણ પરથી. પહેલી દૃષ્ટિ કરતાં બીજીમાં આટલા દોષ ઓછા થાય ને, ગુણ વધે. એમ ઉત્તરોત્તર દૃષ્ટિઓમાં આત્માનું વલણ ઉજ્જવલ થતું જાય. તે કેવી રીતે ? દોષ ઘટતા જાય અને ગુણો વધતા જાય. ગ્રંથકારે કહ્યું કે યોગની દૃષ્ટિના પ્રકારો પાડી હું કહીશ-સંક્ષેપથી કહીશ ! વિસ્તારથી નહિ. કેમકે જગતમાં વિસ્તારવાળા ગ્રંથો છે. અથવા તત્ત્વજ્ઞાનની બાબતમાં વિસ્તારરુચિવાળા જીવ ઓછા, સંક્ષેપરુચિવાળા જીવ ઘણા ! તમે શું ચાહો ? તત્ત્વની વાત આવે તો 'ટૂંકે પતાવો,' એમ જ કહો ને ? ગ્રંથકાર એમ કરીને જગતના બાલ જીવો પર અનુગ્રહ કરવાની કૃપા બતાવે છે. અથવા યોગના વિસ્તૃત ગ્રન્થો તો છે, માટે સંક્ષિપ્ત ગ્રંથ રચે છે.

**અધિકારી અને પ્રયોજન :** પરમાત્માને નમસ્કાર કર્યો તે મંગલ કર્યું, ને તે નમસ્કાર સાથે યોગને કહેવાનો છું એમ કહ્યું તે વિષય કહ્યો. **વિષય** કહેવાની સાથે એ વાત ગર્ભિત આવી ગઈ કે કોણ **અધિકારી ?** યોગનો જેને ખપ હોય તે અધિકારી ! **પ્રયોજન શું ?** મોક્ષ સાથે આત્માનું જોડાણ કરી આપવાનું. શિષ્યને સાંભળવાનું શું પ્રયોજન ? ને શાસ્ત્ર રચનારને કહેવાનું શું પ્રયોજન ? રચનારનું પરંપરાએ પ્રયોજન મોક્ષ, ને સાક્ષાત્ પ્રયોજન શિષ્યના હૃદયમાં યોગદૃષ્ટિનું જ્ઞાન ઉતારવું તે. શિષ્યનું પ્રયોજન પરંપરાએ મોક્ષ, ને સાક્ષાત્ યોગદૃષ્ટિનો બોધ. આમ મંગળ, વિષય, અધિકારી, અને પ્રયોજન બતાવ્યાં.

**વીર કેમ બનાય ? :** મંગલમાં શ્રી વીર પ્રભુને નમન કર્યું. સાચા વીર કોણ કહેવાય ? આંતરશત્રુના વિજેતા એ સાચા વીર છે. આંતરશત્રુથી દબાયેલા એ તો કાયર ગણાય. આપણે કાયર રહીને શું વીરનાં સંતાન ? **વીરના સંતાન તે, જે વીર બનવાની કોશિષમાં જ હોય !** કોશિષ એટલે ? દા.ત. બે મલ્લ લડતા હોય, ત્યાં એક મલ્લ બીજાને હેઠો પાડવાની કેવી કોશિષ કરે ? એક પડે કે બીજો એના ઉપર ચઢી બેસવા આવે છતાં પડેલો મલ્લ ઉઠવાની અને સામાને પાડવાની તૈયારીમાં હોય. તેમ આપણા સંસારમાં, આપણને અંતરના અભિમાન, કામ, ક્રોધ, રાગ-દ્વેષ વગેરે જેમ નીચે પાડવા આવે, તેમ આપણે કોશિષ કરી એને નીચે પાડવાના,



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

અર્થાત્ એ આંતર શત્રુને દબાવતાં જવાનું; દબાવવા માટેની ચિંતા અને કોશિષમાં રહેવાનું.

**સંસાર એટલે પાપસ્થાનક સાથે અથડાવાનું ધામ :** સંસારની કોઈ ચીજ એવી નથી કે જે જીવને અઢાર પાપસ્થાનક પૈકીના કોઈને કોઈ પાપસ્થાનક સાથે ન અથડાવે. એમાંથી દેવ-ગુરુ અને ધર્મના સાધન બાદ થઈ જાય છે, કિંતુ ગુરુ પણ જો રાગી હોય તો કહેવાય ગુરુ, પણ એની પાસેય કોઈ જીવ આવતાં, પાછો તે પાપ-સ્થાનક સાથે અથડાઈ જાય. બાઈઓને કષાયોથી બળતા દિલને ઠારવાનું કામ સાધ્વી છે ! ત્યાં રાગદ્વેષની બળતરા નિવારી સમતાની ઠંડક મળે પણ ત્યાં એ ઘરની બધી બળતરા ઠાલવે, ઊભરો કાઢે, બધો દ્વેષ ત્યાં ઠાલવે, અને જો સાધ્વી એમાં રસ લે તો ? કહો કે ભક્ત અને ગુરુ બંને રાગદ્વેષની જંજાળમાં પડ્યા, એટલે શું ? પાપસ્થાનક સાથે અથડાવાનું.

**પ્ર.**- બીજે જગત આગળ જઈને કહે, તેના કરતાં અહીં સાધુ સાધ્વીને કહે એમાં શું ખોટું ?

ઉ.- જરૂર સાચું, કિંતુ તે રાગદ્વેષની આગ ઓલવવા માટે કહેવાય; પણ વધારવા માટે નહિ, કે એના પર વ્યાજબીપણાનો સિક્કો મરાવવા માટે નહિ ! રાગદ્વેષની જડ ઉખેડી નાખવા માટે અને સમતાના લાભ માટે કહેવાય. ભક્તે કહી દેવું જોઈએ કે "કેવળ મારા આત્માની દયા ખાજો. મને કષાયમાંથી બચાવજો !" ગુરુ પણ એને કહે "ગાંડા ! જરા તો જૈન-શાસનને સમજવું હતું ! આ તો **કસોટી છે ક્ષમાની પરીક્ષામાં પાસ થવાની !** ત્યાં તો દિલની ઉદારતા બતાવાય. **માત્ર એક, બે કે ત્રણ વાર જ ક્ષમા નહિ, તેર વાર જ નહિ, એ ક્ષમાના તો દીર્ઘકાળના અભ્યાસ કરવા પડશે.** અરે ! ભૌતિક દૃષ્ટિએ પણ ગુસ્સો સારો નહિ, તો પછી લોકોત્તર દૃષ્ટિએ તો શી વાત ?" આવા ગુરુ જીવને પાપસ્થાનકમાં અથડાવે નહિ. બાકી તો જગત ઝટ દઈને પાપસ્થાનકમાં અથડાવી દે.

જૈન શાસનને પામ્યાની ખુમારી ને કિંમત સમજાઈ હોત, તો એમ થાત કે 'પેલાં જગતનાં સ્થાનો મને પછાડવા માંગે, પણ હું તેને પછાડું. પાપસ્થાનક મને રોળવા માગે, ને હું પાપસ્થાનકને હંફાવવા મથું !' શી રીતે આ બને ? જીવને એમ સમજાવીને બને કે, **"જગતની તુચ્છ ચીજ ખાતર કોઈના ઉપર તેં ચઢાઉતરી કરી, પણ એમાં તારું શું બહુ લીલું વળવાનું ?** શું એમાં બધું મનમાન્યું થઈ ગયું ? પછી જો ખોટું હશે, તો તું અભ્યાખ્યાનનું પાપ લઈને જઈશ. તું કદાચ કહેશે કે 'એ ખોટો છે' પણ તેં એને બહાર હલકો પાડ્યો, તે નિંદાનું પાપ તો થયું ને ? તેની ગાંઠ કયા ભવમાં છૂટશે એ વિચાર્યું છે ? જે માત્ર દશ જણની



વચમાં તુચ્છ કાળ માટેની તુચ્છ અને કલંકી શાબાશી, તે શું હું લેવા જાઉં ? અભ્યાખ્યાનનું, નિંદાનું, સામાની ખરાબી કરવાનું, ઇત્યાદિ પાપો પછી ક્યાં છૂટશે ?"

**જિનેશ્વર દેવની ચાર વિશેષતા :** અહીં મંગલમાં જિનોત્તમને નમસ્કાર કર્યો. જિન એટલે વીતરાગ. એમાં ઉત્તમ એટલે અતિશયોએ કરીને ચઢીયાતા તે કોણ ? તીર્થંકરદેવ. એમના ચાર મહાન અતિશયમાં પહેલો અપાયાપગમ અતિશય છે. પ્રભુએ દસમા ગુણસ્થાનકની પરાકાષ્ઠાએ દુશ્મન ભૂત અપાયો જે રાગદ્વેષાદિ, એમને જીતી લીધા છે. માટે શ્રી વીતરાગ પરમાત્મામાં અપાયાપગમ નામનો અતિશય પ્રગટ થયો. અપાયના બે અર્થ છે; એક તો અપાય એટલે પ્રભુ જ્યાં વિચરતા હોય તેની આસપાસ સવાસો ગાઉ ફરતા મારી, મરકી વગેરે સર્વ ઉપદ્રવો, તેનો અપગમ એટલે કે તે દૂર ભાગી જાય. મૃગાપુત્ર લોઢીયા જેવા કોક ઘોર રીતે પીડાતા હોય, તો તે પોતાના તીવ્ર નિકાચિત પાપના ઉદયે. એ અપવાદ છે. બીજો અર્થ રાગદ્વેષાદિ આંતર દુશ્મનો છે. એને દૂર ભગાવી મૂકવું તે અપાયાપગમ. પ્રભુએ પહેલું કામ આ દુશ્મનોને દૂર કરવાનું કર્યું, પછી સવાસો યોજનમાં મારી મરકી વગેરે દૂર કરનાર બન્યા; તે અપાયા પગમ અતિશય સાથે ત્રણ અતિશયો બીજા પ્રગટ્યા તેમાં કેવળજ્ઞાનથી **જ્ઞાનાતિશય** પ્રગટ્યો. પાંત્રીસ અજોડ ગુણવાળી વાણી બની તે **વચન અતિશય.** ઈંદ્રો સુધીના ત્રણ જગતની પૂજ્યતા, તે **પૂજાતિશય.** આપણે જ રાગદ્વેષમાં રમતા હોઈએ, ને ભગતને રાગદ્વેષ છોડવાની વાત કરીએ, તો ભગત ઝટ પકડે, "મહારાજ, તમે બ્રહ્મચર્યનો અમને ઉપદેશ આપો છો, તો તમે ગોરાણી કેમ રાખો છો ? તમે અમને સ્ત્રી સામે જોવાની ના પાડો છો, તો વચમાં તમે કેમ મટકું મારી લો છો ?" પણ અહીં તો તીર્થંકર દેવોનો એવો સચોટ ને ન્યાયી માર્ગ છે કે પહેલાં જાતે વીર બનવું જોઈએ, પછી જગતને વીર બનાવાય. સતી સુરસુંદરી જુઓ, કેવી વીરતા બતાવે છે ? એને વેશ્યા ખરીદીને લઈ ગઈ. બેસાડી કહે છે કે "કોના ઘરમાં આવી છે, ખબર છે ? હું વેશ્યા, અહીં ઉમદા ઉમદા ઘરાક આવે છે ! રાજાની માનીતી છું ! તું જો મારો ધંધો ચલાવીશ તો તારી બોલબાલા થશે ! ને મોટામોટા રાજકુમારો હાથ જોડીને ઊભા રહેશે." આ કોને સાંભળવું પડે છે ? મહાસતી સુરસુંદરીને ! એના કાળજાનું શું થતું હશે ! **જેને જે ગુણનો ભારે ખપ, તેના વિનાશની વાત સાંભળતાં કાળજું કપાઈ જાય.** નીતિના ખપીને કોઈ અનીતિની આડીઅવળી પ્રેરણા દલાલી કરવા આવે, તો એનું કાળજું ફફડી ઉઠે ! એવું આપણું કાળજું ફફડતું હોય તો કહેવાય કે આપણે સત્યનીતિના હિમાયતી છીએ.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

# ⑩ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**યોગદૃષ્ટિ એ આત્મસંશોધક મહાન રસાયન છે.** યોગનું વર્ણન સાંભળેલું ત્યારે જ જીવનમાં સફળ બને કે જ્યારે જીવનમાં મોહનો અંધકાર ટળે, અધ્યાત્મભાવ જાગે, અને સુપ્રવૃતિ જીવનમાં આવે. આટલું થાય એટલે તો તમે મોક્ષપ્રાપ્તિ સરળ અને સુલભ કરી. કેમકે, મોક્ષ એટલે આત્માની સર્વથા શુદ્ધ અવસ્થા; અને એ અવસ્થાની ભૂમિકારૂપ સામાન્ય શુદ્ધ અવસ્થા મોહત્યાગ, અધ્યાત્મ વિકાસ, અને સુપ્રવૃત્તિરસમાં છે. આ શુદ્ધિને જગાડવા માટે યોગદૃષ્ટિનું શ્રવણ તમને બહુ સહાયક અને પ્રેરક બનશે. યોગદૃષ્ટિ તો, સમજો કે, એક મહાન રસાયન છે. વર્તમાન વિષમ કાળના રોગથી મહાઅશુદ્ધ બનેલ આત્માનું જબરદસ્ત સંશોધક યોગદૃષ્ટિનું શ્રવણ તમને બહુ સહાયક અને પ્રેરક બનશે. આજે એની સમજનો યોગ મળવો એ એક દુર્લભ યોગ છે. એ જો મળ્યો છે તો એના મહામૂલ્ય સમજી એના શ્રવણથી અધ્યાત્મભાવના ગુંજન ચાલુ કરી દેવા જોઈએ. અધ્યાત્મભાવ એ આત્માની વિશુદ્ધિ થવામાં અનુકૂળ વાતાવરણ છે. અનંતકાળના મલિન આત્માનું સંશોધન કરવાની સારી તાકાત અધ્યાત્મભાવમાં છે. ત્યારે પ્રશ્ન છે કે,

**અધ્યાત્મ એટલે શું ? : જે આત્મા પરથી મોહનો અધિકાર ઉઠ્યો હોય, તે આત્માની આત્મશુદ્ધિના આત્મહિતના હેતુથી કરાતી શુભ પ્રવૃત્તિને અધ્યાત્મ કહેવાય છે.**

**મોહના અધિકાર નીચે શું ? :** આ સંસારમાં મોહની આધીનતાના યોગે ગાઢ કર્મના બંધનોથી બંધાઈ આત્મા રખડે છે; તેથી જ એ દુઃખી છે. માટે જ દુઃખના સ્થાનને જ્ઞાનીઓએ સંસાર એવો શબ્દ આપ્યો. જગત-દુનિયા-વિશ્વ એવા બધાં નામ ન લીધાં, પણ ખાસ **'સંસાર'** નામ લીધું. સંસાર શબ્દનો અર્થ સારી રીતે અર્થાત્ સતત સરકવું એવો છે. એ અર્થ જ એવો છે કે જેથી સંસારમાં દુઃખ જ સંભવે, કેમકે સતત સરકવાના હિસાબે સારી એક સ્થિતિ ટકે નહિ, અને પીડા પ્રપંચની અનેક સ્થિતિઓમાં સરક્યાં કરવું પડે.

**સંસાર એટલે ? 'સં'** એટલે સારી રીતે, અને **'સાર'** એટલે સરણ, **સૃ** શબ્દમાંથી 'સ્મરણ' બને અને 'સાર' બને **સૃ** એટલે સરકવું, ખસવું ભટકવું વગેરે, **સાર** એટલે સરકણ, ભ્રમણ ! તેય **સં** એટલે સારી રીતે ! સારી રીતે એટલે ? (૧) નિગોદ જેવી સ્થિતિમાં જાય તો એક શ્વાસોશ્વાસમાં સૂક્ષ્મભવોએ સત્તર વાર જન્મે ને સત્તર વાર મરે ! નિગોદના સ્થૂલભવમાંય જન્મીને અંતર્મુહૂર્તમાં તો અવશ્ય



મરવાનું. દેવોના લાંબા અસંખ્ય વર્ષોના ભવ ક્યાં સસ્તા છે. અને નરકના અસંખ્ય વર્ષના ભવની તો ઈચ્છા જ નથી તેથી રહ્યું તિર્યંચ ભવોમાં સરકવાનું. સંસારમાં એક પુદ્ગલ પરાવર્તમાં કેટલા ? અને એક ભવમાંથી ખસવું એટલે શું ? ત્યાંનું બધું સાફ ! ફરી નવાં શરીર. નવા મુકામ, નવી મિલકત, વગેરેની વેઠ કરવાની. તેમ સારી રીતે સરકવું, એટલે (૨) એક લાગણીમાંથી બીજી લાગણીમાં થોડી થોડી વારમાં ખસવાનું ! હમણાં આપણને રાગનો ભાવ હોય, ને કોઈ દુશ્મનનું નામ લે એટલે રાગમાંથી ખસી દ્વેષનો ભાવ થાય ! હમણાં રતિની હર્ષની લાગણી હોય, ને એમાં જરા ઓછું-પાછું લાગે એટલે અરતિ ઉદ્વેગની લાગણી થતાં વાર નહિ ! ગુસ્સાનો ભાવ હોય ને સામેથી કોઈ દંડો બતાવે એટલે, ક્ષમા માગતાં વાર નહિ ! I am very sorry કહી દીનતા બતાવવાની ! આવા સરકણમાં શું સુખ ? સુખ કાંઈ નહિ, અને દુઃખનો હિસાબ નહિ !

કાયાનાં બંધન પછી સત્તરસો ગડમથલવાળો સંસાર લદાયેલો છે ત્યાંસુધી દુઃખ છે, અશાંતિ છે, ને હૈયાહોળી છે. એ બંધન છૂટે, પાપસ્થાનકની ગડમથલો જાય એટલે સંસાર અટકી જાય, ને મોક્ષ થાય. પછી ત્યાં દુઃખ નથી, અશાંતિ નથી, હૈયાહોળી નથી; ને સુખ પાર વિનાનું છે ! આટલું જાણ્યા પછી અધ્યાત્મભાવ ખૂબ ખીલે; એટલે અહીંયાં જે વાતો યોગની થાય તે ગળે ગટક ગટક ઉતરે ! દાડમના સરબત જેવી મીઠી આ વાતો યોગની છે. પણ જો અધ્યાત્મભાવ નહિ હોવાથી આત્મા બીજી દુન્યવી વાતોથી કે વસ્તુઓથી મસ્ત થતો હશે, મુગ્ધ બનતો હશે, તો સરસ સરબતના પણ ઘુંટડા ગળે નહિ ઉતરે ! ભાવનાઓ અને લાગણીઓમાં આત્માનું વીજળીના પંખાની જેમ જે ફરવાનું ચાલું છે, એ ફરવામાંથી આત્મા કંઈક પાછો હઠે, ને અધ્યાત્મની તૃષ્ણા જગાડે, તો યોગની વાતો ગળે ઉતરશે.

'સંસારી' એવો શબ્દ કેમ કાઢ્યો ? દુઃખી, દોષી, એવો કોઈ શબ્દ ન કહેતાં, 'સંસારી' કેમ કહ્યું ? સકર્મી કહેવું હતું, બદ્ધ કહેવું હતું ! આવા શબ્દ ન લેતાં 'સંસારી' શબ્દ કેમ લીધો ? સંસરણ-ચલનવિચલનની ખાસિયત પર આત્માના પોતાના સ્વભાવમાં અનંતી સ્થિરતા છે, પણ કર્મે આત્માને સંસારી બનાવ્યો છે એટલે જરાપણ સ્થિરતા ન રહેવા દે ! વિચારો **કે આપણી પોતાની જાતપર આપણો પોતાનો કેટલો કાબુ છે ? સ્થિર ગુણોના કેટલા માલિક આપણે છીએ ?** ક્ષમા, પ્રેમ, નમ્રતાદિ ગુણોને ઘડીક વારમાં ગુમાવતા વાર નહિ, અનેક જાતના દોષોમાં એક દોષમાંથી બીજા દોષમાં સરકવાનું ચાલુ છે. અર્થાત્ ગુણોમાંથી દોષમાં, અને એક દોષમાંથી બીજા દોષમાં સરકવાનું ચાલુ ! **ઉદયમાં આથડવાનું !**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

# (૧૧) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

વળી જુઓ કે **સંસાર એટલે કર્મની વિચિત્રતા.** કર્મની વિચિત્રતા કેવી ? એકને ભેંસાસુર આપ્યો હોય એટલે કે દુઃસ્વર નામ કર્મનો ઉદય; પણ સાથે શુભ આદેય નામકર્મ આપ્યું હોય એટલે તેનું બોલેલું બીજા ગ્રહણ કરી લે. વળી ક્યાંક સૌભાગ્ય નામ કર્મ એટલે લાલ ચાંલ્લો ! એથી જ્યાં જાય ત્યાં એનાં પગલા ગમે, પણ બિચારાને સાથે ને સાથે અશાતા વેદનીય કર્મ વળગ્યું હોય એટલે ! લાલ ચાંલ્લા પર કાળા કોલસાના ચોખા ! સમકિતી આત્માને જગતનાં સુખો કેમ નથી ગમતાં ! એ જુએ છે કે પાપોદયથી કલંકિત પુણ્યના ઉદયથી જગતના સુખ મળે છે, માટે નથી ગમતાં. દા.ત. કોઈ બંગલો રહેવા માટે તમને આપે પણ ઝાડુ તમારા હાથે કઢાવે તો ? કોઈ તમને મોટરમાં બેસાડી લઈ જાય, પણ તમારી પાસે ઝવેરી બજારના મોખરે મોટર સાફ કરાવે તો ? ટોપી જરિયાન પહેરાવે, પણ ઊંધી પહેરાવે તો ? તો શું ? એ સુખ સગવડ કલંકિત લાગે. તમે જગતના પુણ્યના સ્વરૂપ વિચારવા બેસો તો કોઈને કોઈ રીતે લગભગ કલંકિત દેખાય ! જો અકલંકિત પુણ્યનો ઉદય કોઈને હોય તો તે ફક્ત તીર્થંકર દેવને ! બાકી તો તીવ્ર પુણ્યોદયવાળા અનુત્તરવાસી દેવનેય નક્કર અવિરતિનો ઉદય ખરો !

જગતનાં સુખોનો અણગમો કરવો એમાં શું મોટી વાત હતી ! ભલે અણગમો ઊંચી સ્થિતિનો નથી અને પ્રાથમિક સ્થિતિનો છે. છતાં નિરાશ થવાની જરૂર નહિ ! એમાંથી આગળ વધાશે. એવું એકપણ તમારું પુણ્ય લાવો કે જે પાછળથી નાલેશી ન આપતું હોય ! આ તો મોહદશા એવી છે કે પાપોદય ભલે એક બાજું ગાળ દેતું હોય, પણ બીજી બાજુ પુણ્યોદય પગચંપી કરતું હોય તેવા પુણ્ય પર નાલેશી કેવી રીતે લાગે ? **કેમકે અશુભ કર્મની ગાળ, ઘીની નાળ જેવી લાગે છે ! તેની લાત મીઠાં વધામણાં જેવી લાગે છે.**

**સંસારમાં ત્રીજું સરકવાનું લાગણીઓમાં :** સંસાર એક વખત સારો પુણ્યનો ઉદય દેખાડી બીજી બાજુ પાપના ઉદયમાં પટકે છે. એક વખતે ખુમારીથી લાગણીમાં ચઢ્યા હોય ને બીજી બાજુ પાછો એનો જ પશ્ચાત્તાપ કરવો પડે ! સંસાર એટલે શું ? એવો કોઈ દિવસ શોધી કાઢો કે સવારથી પ્રસન્નતા ચાલુ થઈ તે સાંજ સુધી અખંડ પ્રસન્નતા રાખી હોય ! સવારથી ઉદ્વેગ રાખ્યો હોય તે સાંજ સુધી અખંડ ટકાવી રાખ્યો હોય ! સવારથી ભય હોય તે સાંજ સુધી નિર્ભય હોય ? **એક ભાવ**



**પરથી બીજા ભાવ પર, એક પદાર્થ પરથી બીજા પદાર્થ પર આ જીવની જે ફેંકાફેંકી ચાલે છે, એનું નામ સંસાર.**

જગતના પદાર્થો ત્યાંના ત્યાં રહે પણ જીવ સંસારી રહ્યો એટલે સંસાર શબ્દ જ કહે છે કે તેને ફેંકાફેંક થવાનું ! સંસરણ એટલે ? ભટકણ, અથડામણી ને ફેંકાફેંકી ! ફેરફુદડી રમવાને ટેવાયેલો એટલે જીવનમાં એક બે કામ રાખે નહિ, પણ પાંચ પચાસ રાખી મુક્યાં હોય ! એટલે ચગડોળે ચઢવાની કેવી મજા !! ક્યાં ? દુઃખમાં. જેટલી ઉપાધિ વધારે તેટલું દુઃખ વધારે. એટલે જીવનની ફેંકાફેંકી, એટલે નિશ્ચિતતા નહિ. તેથી જગતમાં સુખ શાંતિ નહિ. જગતમાં જેટલાં કાર્યો વધારી મૂકો તેટલી ચિંતાની હોળીઓ વધારે. રાગદ્વેષના નાટકમાં ને કલ્પિત અલ્પ સુખ અને મહા દુઃખના હિંડોળામાં ઝીલાયા કરે. ઠરીઠામ બેસવાનું નહિ ! સંસાર જેટલો પહોળો થાય, તેટલું જીવને હેરાન થવાનું. વધારે અજ્ઞાન અને મોહ, વાસના અને વિકાર, અનેક જાતનાં પરાવર્તનો અને પરાધીનતા, આ બધામાં રખડવાની સ્થિતિ તે સંસાર. મોક્ષમાં ગયેલાને વાસનાના ઉદયમાં રખડવાનું નહિ કે વિકારના ઉદયમાં આવવાનું નહિ; કોઈ અજ્ઞાનેય નહિ અને મોહ પણ નહિ; કાંઈ જ પરાધીનતા નહિ કે પરાવર્તન નહિ.

**આવા સંસારને કાપવાનો સચોટ ઉપાય :** ત્યારે હવે મનને એમ થાય છે ને કે એ સંસાર ન જોઈએ ? હવે એને કટ કરવો છે, કટ કેવી રીતે થાય ? **મહાપુરુષોના જીવનનું આલંબન અને એમના મહાહિતકારી અને એકાંત ઉપકારી વચનનું અવલંબન એવું લો કે જેથી ઉપર કહેલ સંસારના સ્વરૂપવાળા ભટકણ અને ફેંકાફેંક ઓછા થયે જાય.** તે કરો તો જ મનાય કે સંસાર કટ થઈ રહ્યો છે. **જીવને કહી દ્યો કે પ્રમાણમાં તેં મોહનો અધિકાર ઉઠાવ્યો, મોહની તાબેદારી રાખી, તેટલા પ્રમાણમાં તારો સંસાર પહોળો છે.** જ્યાંસુધી રાગ અને દ્વેષ, અહંકાર ને કપટ, આ બધાં તને ગુલામ કરી તારી પાસે ભયંકરમાં ભયંકર કાળાં કામ કરાવવા તૈયાર હશે ત્યાં સુધી સંસાર સાંકડો નહિ થાય. એની ગુલામીમાંથી તારે છૂટવું જોઈશે. એ રાગમાંથી દ્વેષમાં અને હર્ષમાંથી શોકમાં વારંવાર રખડવાનું ને ફેંકાફેંક થવાનું ઓછું કરતા જવાય તોજ સંસાર ઓછો થાય.' શાતા-અશાતા જીવને મુંઝવે છે, પણ એ મુંઝવણનો સામનો આત્મવીર્યથી થઈ શકે. મુંઝવતી અશાતા પણ જો આપણે ધર્મવીર્ય ફેરવીએ, તો અનુકૂળ પડે. દા.ત. ધર્મક્રિયામાં આપણને લાગે છે કે આપણું શરીર નથી ચાલતું. પણ ૦ાા કલાક રોજ કાઉસ્સગ્ગમાં ઊભા રહેવાની ટેવ પાડવા માંડીએ, તો પછી વાંધો નહિ આવે. આજે પાંચ લોગસ્સ, તો કાલે સાત.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

એમ આગળ વધતાં વધતાં સો-બસો લોગસ્સના કાઉસ્સગ્ગ સુધી પહોંચી શકાય. આત્મવીર્યના વિકાસ સાધવા માટે આ રચનાત્મક કાર્યક્રમ છે. એ અગર બીજી એવી નક્કર યોજના વિના બૂમ માર્યા કરવી કે અમારામાં શક્તિ નથી તે ખોટું. આ અભ્યાસ ચાલુ હોય તો, જોકે આજે નવકારવાળી ગણવા વગેરે ક્રિયામાં દોઢ મિનિટમાં કેડ ફાટતી હોય, પણ થોડા દિવસ પછી દશ મિનિટ સુધી ફાટે નહિ. **ધર્મવીર્યમાં એ તાકાત છે કે અશાતાની મુંઝવણને ધક્કો મારે.** આજના વિજ્ઞાનમાં આત્મવીર્ય પ્રગટાવવાની શોધ નહિ મલે. વિચારો કે વિજ્ઞાનની જે આજની જે શોધોમાં ઊલટું આત્માની પામરતા, ગુલામીને ભુખારવાપણું, તેમ ચિંતા, અશાંતિ અને દુઃખ વધતાં જાય છે, તે શોધોમાં શું અગ્નિ મૂકવા જેવો નથી ? અને ધર્મના જે આત્મ-પુરુષાર્થમાં ગુલામીને બદલે સ્વતંત્રતા મળે છે, અશાંતિને ઠેકાણે મહાન આત્મશાંતિ મળે છે, દુઃખને બદલે સુખ, અને અસ્વસ્થતાને બદલે સ્વસ્થતા વધે છે, ભૂખારવાપણાને બદલે તૃપ્તિ વધે છે, તે આત્મવીર્ય વિકસાવવામાં શું જીવન ગાળવા જેવું નથી ? ધર્મવીર્યમાં એ તાકાત છે કે મોહના ઉદયને દુબળા કરી શકે, ક્ષય પમાડી શકે. તમને નડતાં કેટલાંક કર્મના ઉદય, જો તમે ધર્મવીર્ય ફોરવો, તો મરવા પડે. એ મરવા પડે એટલે તમારો સંસાર કપાતો ચાલે. સમજો કે કોઈને દુન્યવી રૂપ જોવાનો મોહનો ઉદય છે; પણ એની સામે જો વીતરાગ પ્રભુની મૂર્તિને ટસીને જોવાનો, ખૂબ ખૂબ જોવાનો આત્મ પુરુષાર્થ ફોરવાય, તો મોહોદય મરવા પડે. આવી આવી સારી પ્રવૃત્તિથી નરસી પ્રવૃત્તિઓ અટકે. અને એથી સંસાર કપાય. નહિતર તો સંસાર એટલે એક કર્મના ઉદયમાંથી બીજા કર્મના ઉદયમાં ટ્રાન્સફર થયા કરવાનું. જગતમાં તો બાહ્ય નિમિત્તોના સંયોગો ફર્યા કરવાના, પણ એથી જીવ જો લાગણીઓમાં ફેરફાર કરતો જાય, મોહના કષાયોના ભાવોરૂપી સંસારમાં બહુ ફેંકાફેંક થવાનું કે હેરફેર થવાનું કરતો જાય, તો મોક્ષ ક્યાંથી થાય ? એ તો એ ભાવોને અટકાવીએ તો જ આ સંસાર ખૂટવા માંડે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૧૫,તા.૬-૧૨-૧૯૫૨

## (૧૨) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**પાપમાં વિલંબ અને ધર્મમાં ઉતાવળ :** સુરસુંદરી તો થીજી ગઈ ! જવાબમાં વેશ્યાને શું કહેવાય ? 'વેશ્યાના કિલ્લામાં ભરાઈ છું, ઉતાવળ કરવા જાઉં ને વધારે ભરાઈ જવું પડે !' માટે કહે છે, ''સાંભળ દરિયામાં ડૂબી હતી, માંડ માંડ કાંઠે



આવી, ત્યાં હાથીએ ઉછાળી હતી, ફેર વહાણના ઉપદ્રવમાં પડી હતી, તે હમણાં વેચાઈ તારે ત્યાં આવી છું. માટે થોડું સ્વસ્થ થવા દે.'' **પાપના કામ ખોરંબે નાખતાં આવડે તો કેટલીયવાર પાપથી બચી જવાય. ધર્મના કામ જેને ખોરંબે નાખતાં આવડે તે ધર્મમાંથી વહી જાય, ખસી જાય.** સુરસુંદરીએ પાપનું કામ ખોરંબે નાંખ્યું ! વેશ્યા વિચારે છે કે વાંધો નહિ, ધીરે ધીરે બધું માનશે ! છતાં પ્રયત્ન કરવા જાય છે. કહે છે ''હીરાના હાર અને જરીયાન સાડીઓ તૈયાર છે ! ઉમદા ખાનપાન અને ભોગસુખ તૈયાર છે ! ''વેશ્યા કોની સાથે વાત કરી રહી છે ? સુરસુંદરીના મનોહર રૂપ સાથે'' એ જુએ છે કે આ રૂપમાં એક પંખેરું ફસાય, કે હજારો રૂપિયાનો વરસાદ ! **જાત વેશ્યાની, એટલે શું નજર સુરૂપ ચામડા પર જાય, કે સુગુણ આત્મા પર ?** ભોગવિલાસમાં સર્વસ્વ માન્યું હોય તેની દૃષ્ટિ ચામડા પર જ જાય ! કર્મનાં નાટક શું કામ કરે છે ! સુરસુંદરી વિચારે છે કે :-

**''કર્મે વેચાણી ઈહાં રે, વેશ્યા દુરજન સંગ. ખલ પાસે રહેતાં થકારે,**
**શીયળ તણો હોય ભંગ, રે ભવિયાં,**
**કર્મ તણી ગતિ જોય, કર્મ સમો નહિ કોય...રે ભવિયાં''**

''વિશુદ્ધ શીલને ધરનારી, અને અનુપમ જિનધર્મનું રાતદિન રટણ કરનારી એવી મનેય આમ ફસાવું પડે, એ સૂચવે છે કે **કર્મ સમો કોઈ સત્તાધીશ નહિ.** આ બધાં રૂપનાં ભૂતડાં ! ચામડીના સગાં ! ભોગના ભિખારી ! વિષયસેવાના દલાલ આવા દુર્જન માણસોના સંસર્ગમાં મારું શીલ શી રીતે સાચવવું ? અહીં તો આવનારા કેવા ? ચામડીના પતંગિયા, રૂપના ભમરા, ને દૃષ્ટિના ચોર ! એટલે મારે એકાંત જ સેવવું પડે, એ લોકની નજરમાં તો ન જ આવવું.'' એમ કરી એ એકાંતમાં રહી.

**નમસ્કારથી અહંકારનો નિગ્રહ :** યોગદૃષ્ટિ ગ્રંથના કર્તા પહેલાં અરિહંત પ્રભુ શ્રી મહાવીરદેવને નમસ્કાર કરે છે. ''અનંત ઉપકારી પરમાત્માને હું નમું છું.'' એમ નમસ્કાર કરીને જીવ આગળ વધ્યો, પછી જગતની ગમે તેટલી સગવડ મલે, પણ તેને ઘમંડ ન હોય. માણસને જો કોઈ મારતું હોય તો તે અહંકાર છે. એ માન કષાય છે. જાણે ચાર કષાયોને જીવોએ વહેંચી લીધા ! દેવતાએ લોભ લીધો. દેવતાને લોભ મારે ! લોભે કાયદો રાખ્યો કે જેની પાસે ઘણું હોય, તેની ગળચી પકડવી. કેમકે ઘણું છે, છતાં મનાવે ''કાંઈ નથી''. ચમરેન્દ્ર નીચે ભવનપતિમાંથી ઊંચે સુધર્મ દેવલોકમાં ઉછળી શક્રેન્દ્રને દબાવવા ગયો ! 'એ આટલો બધો વૈભવ ભોગવે ? શું એના પગ મારા માથા પર ?' સ્વર્ગમાં કુદરતની શાશ્વતી રચના છે. કોઈ સલાટને તે સિંહાસનો ઘડવાં પડતાં નથી. ત્યાં શાશ્વતી



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સમૃદ્ધિઓ છે ! **અનંત ઈન્દ્રો આવ્યા ને રવાના થયા પણ એનાં એજ વિમાન ત્યાંના ત્યાં.** ચમરેન્દ્રનું તોફાન શક્રેન્દ્રે જોયું ! બોલાવ્યું વજ્રને ! આવ્યું તણખા ઝરતું ને દોડ્યું ચમરેન્દ્રની પાછળ ! હવે ચમરેન્દ્ર ગભરાયો, ક્યાં ઊભો રહે ? એ તો સીધો જ પહોંચ્યો વીર પરમાત્માના ચરણોમાં ! કેમ ? શક્રેન્દ્ર ભગવાનનો ભક્ત છે, એટલે એમના પગમાં હું પેસી જઈશ પછી પ્રભુના પગ પર તો વજ્ર નહિ મૂકે !' આ તોફાન ઈર્ષ્યાનું. કેમકે લોભની પાછળ ઈર્ષ્યા આવે, ખાર આવે, અને અનેક જાતના પ્રપંચ પણ આવે.

**(૧) અહંકાર તોડવા અરિહંતની વિશેષતા વિચારો : પાપની શરૂઆત પ્રાયઃ લોભથી થાય. દેવ મરે છે લોભથી, મનુષ્ય માનમાં મરે છે, નારક મરે ગુસ્સાથી !** નારકીના જીવને દુઃખનો પાર નહિ, અને સહન થાય નહિ, એટલે આંતરક્રોધ કષાયની આગ ધીખતી. **તિર્યંચ મરે માયાથી.** તિર્યંચને ખાવાનું શું ? કુસકા ને ઘાસ ! પણ માયામાં સડવાનું. ત્યારે જો માણસ મરતો હોય તો અભિમાનથી. એક અહંકારની પાછળ લાખો રૂપિયા કુરબાન કરવા તૈયાર ! આખી મુડી હોડમાં મૂકવા તૈયાર ! જુઓ તો ખરા, કે જેને મંદિરનો કચરો કાઢતાં આવડે તેના આત્માનો કચરો નીકળી જાય છે; પણ મંદિરમાં સાવરણી કોણ પકડવા નથી દેતું ? અહંકાર ! 'હું તો મોટો માણસ ! મારાથી સાવરણી કેમ પકડાય ? મનુષ્ય માન ખાતર શું કરવા તૈયાર નથી ? અહંકાર ખસે તો સારામાં સારી આત્મ કમાઈ થાય. પરમાત્માની જે વિશેષતાઓ છે, એ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી અહંકાર શી રીતે ખસે ? અહંકાર ખસેડવા પરમાત્માની સમૃદ્ધિની-કીર્તિની-જ્ઞાનની વિશેષતા વિચારો. પરમાત્માની સમૃદ્ધિ કેવી ! ઈન્દ્ર જેવા ચામર ઢાળે ! સમોવસરણ ઝગમગ શોભતું હોય ! 'આવા મારા નાથને અહંકાર નહિ, ને હું અહીંયાં કઈ વાત પર ગુમાન કરું ?' એમ થાય એટલે પોતાના અહંકાર માટે શરમ લાગે. પછી અહંકારના-અહંભાવના યોગે કેટલાંય મફતીયાં પાપો કરતો હોય છે તે અટકી જાય. પરમાત્માને દિલના નમસ્કાર કર્યાના આ સચોટ ફળ છે કે આપણા અહંકારને એવો ધક્કો મારે કે એ ધક્કાની પાછળ અનેકાનેક દુર્ગુણો ખસવા માંડે અને ગુણોનું વેગબંધ આગમન હૃદયમાં થાય.

**(૨) માનને મારવા કર્મનાં અપમાન વિચારો :** બરાબર હૃદયમાં પરમાત્માના અતિશયોનું સ્મરણ રાખ્યું હોય, પછી ભલે દુનિયામાં ફરવાનુ થાય. અર્થાત્ અનેક પ્રસંગોમાં આવવાનું થાય, પણ અહંભાવ એવી રીતે ન મારી જાય, કે આત્માને ગુણોને બદલે એકલા દોષોનું ઘર બનાવે ! **માણસ રોતો હોય તોય માનના યોગે, અને હસતો હોય, ઉન્મત્તતાના શિખરે ચઢતો હોય, તેય માનના યોગે.** પરંતુ એમાં



એને એ જોવા ફુરસદ નથી કે કર્મ પોતાનું માન ક્યાં રાખે છે ? સવારથી માંડી સાંજ સુધી ઈચ્છાઓ પોતે ઘણી કરે, ને કર્મ એમાંની ઘણી ઈચ્છાઓનું અપમાન કરે ! તમારે તો માણસે કરેલાં અપમાન લખી રાખવા છે, પણ કર્મે કરેલાં સેંકડોગમે અપમાન લખવાની જરૂર નહિ ! **કેમ ? કહો, જોઉં કર્મ આપણી ઈચ્છાઓ પુરવાના સન્માન કેટલાં કરે છે, ને ઈચ્છાઓ ઠોકરે મારવાના અપમાન કેટલાં કરે છે ?** એનો હિસાબ કાઢ્યો છે ? એમાં અપમાન અનહદ છતાં જીવની નફટાઈ એવી, કે ત્યાં તો સત્તરસો અપમાન છતાં એને વળગ્યા રહેવાનું ! ને અહીં એક અપમાનમાં ગુસ્સો અને વૈર ! બહારના માનની ભૂખનોય પાર નહિ, તેમ બહારથી મળેલા માનના ગર્વનોય પાર નહિ, આ માનવની કઈ કઢંગી દશા ! **કર્મથી થતી કચડામણી તરફ ધ્યાન રખાય તો માન અને અહંકાર મૂકી દેતાં વાર નહિ. માન મૂકાય એટલે ગુણોનો ખપ અને દોષોનો ત્યાગ વધે.**

**પ્રભુના અતિશય :** જ્યારે પ્રભુમાં તો જ્ઞાનનો પાર નહિ ! વચન શક્તિ એટલે ? જગતને પાંત્રીસ અતિશયવાળી સર્વજ્ઞતાપૂર્વકની વાણીથી વશીકરણ કરવાની શક્તિ અપરંપાર ! કેઈકના મિથ્યાત્વ તોડે, સંશય ફેડે, સંસાર મૂકાવે, મહાજ્ઞાની બનાવે ! દોષનું નામ નહિ એટલે ગુણનો પાર નહિ ! પ્રભુનો પૂજા-અતિશય એટલે ? આગળ પગલું ક્યાં માંડવાનું એની ચિંતા દેવો કરીને સુવર્ણકમળ સ્થાપે. તીર્થંકર નામકર્મના પુણ્યની શક્તિ છે કે દેવતાય અદના સેવક ! કેવળજ્ઞાન પામ્યા ત્યારથી મોક્ષ પામે ત્યાં સુધી કઠોર ધરતી પર પ્રભુને પગ મૂકવાનો નહિ ! પગ તો માખણ જેવા મૃદુ સુવર્ણ કમળ પર. આની આગળ કઈ સમૃદ્ધિ જીવને ગુંગળાવી ગુમાનના શીખરે ચઢાવી શકે ? **પરમાત્મા પાસે કેવી સમૃદ્ધિઓ છે ! કહો જીવને જા રે જા, ઘેલા જીવ ! આમાં શું રાચવાનું ?**

**ધર્મનું ફળ સારા થવું તે :** પણ ખરી વાત એ છે કે જીવન જીવતાં જીવતાં 'મારે સારા થવું છે, વધુ સારા થવું છે, એ ખ્યાલ નથી. અને સારા થવું છે, વધુ સારા થવું છે,' એ ખ્યાલ નથી. અને સારા થવા માટે મહેનત નથી. તેથી કેટલીક વાર એકાદું સારું કામ કરવા છતાંય બીજી ખામી એવી રાખશે કે પરિણામે સારા થવાય નહિ. જેમ દા.ત. ધર્મની યોગ્યતામાં બે ગુણો છે. એક અક્રૂરતા ને બીજો સૌમ્યતા. અક્રૂર એટલે દયાળુ અને સૌમ્ય એટલે શાંત મુદ્રાવાળો અને પ્રેમાળ હૃદયવાળો. **દયા કરવા છતાં પણ માણસ જો સૌમ્ય ન હોય તો જગતને તેટલો સારો લાગી શકે નહિ.**

**પ્ર.-** દયાના કાર્યથી સૌમ્યતા વિના નભાવી ન લેવાય ?

**ઉ.- જો દયા રાખીએ, ને સૌમ્યતા ન રાખીએ, તો સામા માણસના હૃદયના**

**ઊંડાણ સુધી આપણી દયા અડી શકે નહિ;** એટલે જોઈએ તેવો લાભ ન થાય. ઉપરથી આપણી અશાંત ઉગ્રમુદ્રા જોઈને એ ડરે. ત્યારે આપણે દયા તો કરતા રહ્યા, પણ હૃદય જો પ્રેમાળ ન રહ્યું તો શી બહુ વિશેષતા આપણને મળી ? **માણસ ધર્મ શા માટે કરે ? વધુ સારો થવા માટે ને ?** જેમ, દુનિયામાં પૈસા શા માટે કમાય ? સંસારને સારો સુખી બનાવવા માટે ને ? સારો માણસ કોને કહેવો ? અર્થાત્ સારા બનવું એટલે કેવા થવું ? પહેલાં તો સારા કોને કહેવા છે, એ કહો, ખોખાને કે ખોખાના માલિકને ? હું એટલે બહાર દેખાઉં છું તે ? કે હું એટલે અંદર બેઠો છું એ ? ખોડખાનું સારાપણું એટલે શરીર સુંદરતા હોય, નિરોગિતા હોય, મનમાન્યું મલતું હોય, અને લોક જશ ગાતું હોય ! માનસન્માન, ખાનપાનાદિ ભોગ અને આરોગ્ય આ ત્રણની ભૂખ જગતને છે. કારણ કે જગત ખોખાને 'હું' સમજે છે, તેથી જગતે આ ત્રણમાં સારાપણું માન્યું છે. જગત એટલે નિગોદિયા અનંતાનંત જીવો, અન્તમાં કલપ્યું સારાપણું ! પણ આ સારાપણું તો કાયાનું ! ત્યારે આત્માનું સારાપણું શું ? જેમાં આત્મા વધુ ગુણીયલ, વધુ સ્વસ્થ, સ્વાધીન, ઉજ્જવળ અને સાચો સુખી બને તે આત્માનું સારાપણું. એકલું સુખ નહિ, એકલી સ્વાધીનતા નહિ, કે એકલી ઉજ્જવળતા સ્વસ્થતા નહિ, પણ આ બધાનો સરવાળો તે સારાપણું. 'મારે વધુ સારા બનવું છે,' એ માટેનો તો આ જન્મ છે. તો વિચારો સારા શી રીતે બનાય ? સૌમ્યતા વિનાની દયાને પકડવાથી ? કે નમ્રતા વિનાના જ્ઞાની બનવાથી ? ધગશ એ જોઈએ એવો ધર્મ કરું કે જે ક્રમસર મારામાં સારાપણું લાવે જ જાય ! વધુ સારા એટલે વધુ ક્ષમાશીલ, વધુ સારા એટલે વધુ નમ્રતાવાળા, વધુ સારા એટલે વધુ નિસ્પૃહ, વધુ સારા એટલે વધુ પ્રેમ-પ્રમોદવાળા, વધુ સારા એટલે અવિવેકને મૂકી વિવેકને આદરનારા, વધુ સારા એટલે પરમાર્થી અને પરોપકારી બનનારા ! ધર્મક્રિયાઓ જરૂર કરવાની ખરી, પણ સાથે વિચારવું જોઈએ કે, આ કરીને કરવાનું શું ? જેટલી ધર્મક્રિયા કરીએ એમાંથી ઉઠતાં વિચાર કરવો જોઈએ કે એમાંથી સારાપણું કેટલું લીધું ? દ્રવ્યક્રિયા એવી સ્ટીમર નહિ કે આપણે આંખ મીંચી હંકારે જઈએ અને એ સારાપણાનું સ્ટેશન લાવી આપે ! એ માટે તો ભાવની આંખ ખુલ્લી જોઈએ. સ્ટીમરની જરૂર તો છે જ, પણ જાગ્રતિવાળી સ્ટીમરની જરૂર છે. અર્થાત્ દ્રવ્યક્રિયા સાથે સારા થવાના ભાવ અને સચોટ પુરુષાર્થ જોઈએ.

**ધર્મકાય-કર્મકાય-તત્ત્વકાય યોગ એટલે ? :** જ્યાં સુધી આત્મા પર કર્મોનો સંબંધ છે ત્યાં સુધી મોક્ષ સાથે સંબંધ થઈ શકશે નહિ. મોક્ષ એટલે આત્માની સર્વશુદ્ધ અવસ્થા. કર્મનો સંબંધ એ અશુદ્ધ અવસ્થા છે. તેને તોડી મોક્ષના સંબંધને



જોડી આપે તે યોગ. યોગ-સાધનાનો આઠ પ્રકારનો ક્રમ તે યોગની આઠદષ્ટિ. તેને જીવનમાં લાવવા માટે સમ્યક્ શ્રદ્ધાસહિત બોધ જોઈએ. એ બોધ કરાવવા માટે શાસ્ત્રકાર ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે મહાન શાસ્ત્રોની આપણને ભેટ કરી.

પ્રભુના ચાર વિશેષણોમાંથી જેમ ચાર અતિશયો વિચાર્યા તેમ ત્રણ કાય વિચારવાની છે. તે ધર્મકાય કર્મકાય અને તત્ત્વકાય એટલે અવસ્થા. પ્રભુના આત્મામાં ક્રમશ આ ત્રણ પ્રાપ્ત થયેલી છે, એનું સૂચન અહીં મંગળ શ્લોકમાંથી મળી રહે છે.

**ત્રણ કાયના અર્થ : કાય એટલે શરીર નહિ કિંતુ આત્માની અવસ્થા. ધર્મકાય એટલે ચારિત્ર ધર્મ સાધવાની અવસ્થા. કર્મકાય એટલે કર્મની અર્થાત્ તીર્થંકર નામકર્મના ઉદય વખતની અવસ્થા; અને તત્ત્વકાય એટલે તત્ત્વની અર્થાત્ આત્માના શુદ્ધ અનન્તજ્ઞાન અને અનંત સુખમય સ્વરૂપની અવસ્થા.** તીર્થંકર દેવ સંસાર ત્યજી ચારિત્ર લે તે કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી એ તેમની પહેલી **ધર્મકાય** ગણાય. કેવળજ્ઞાન પામ્યા પછી નિર્વાણ સુધી જે તીર્થંકરપણામાં જગત પર અનંત ઉપકાર કરે તે બીજી **કર્મકાય** કહેવાય. અને સિદ્ધ મુક્ત અવસ્થા તે ત્રીજી **તત્ત્વકાય** કહેવાય છે.

**સાચી વીરતાનાં ચાર લક્ષણ :** ભગવાન વીર છે, એમ કહીને ધર્મકાય અવસ્થા સૂચવી. **રાગદ્વેષ અને કર્મની સામે ઝઝૂમી એને પરાસ્ત કરવામાં જે ભારે પરાક્રમી તે વીર.** વીરના ચાર અર્થ છે. ૧. અનુપમ તપો વીર્યથી વિરાજે તે વીર. ૨. કર્મનું વિદારણ કરે તે વીર. ૩. કેવળ લક્ષ્મીના સ્વયં ગ્રહણમાં એને વરવામાં પરાક્રમી તે વીર. ૪. વિશેષ કરીને કષાય શત્રુને હરે બહાર કાઢી મૂકે તે વીર. જગતના શત્રુને દબાવવામાં, મહાન રજપૂતાણીઓને વરવામાં, મહાન સંપત્તિ મેળવવામાં પરાક્રમી, એ તો કહેવાના વીર છે. ત્યારે પૂર્વે કહેલી ચાર વસ્તુ ધરનારા એ સાચા વીર છે, મહાવીર છે ! કેવળ લક્ષ્મી માયકાંગલાને નથી વરતી. આત્મવીરને એ વરે છે ! પછી ભલે તે આત્મવીર કાયાથી દુબળા હોય. જગતના સર્વ સુખને તુચ્છ અને નિસાર ગણી તેની પરવા છોડી દઈ કર્મના ઉપદ્રવો અને જગતનાં પ્રલોભનોમાં જે અડગ રહ્યા અને પોતાના યોગશત્રુ રાગદ્વેષનો સંપૂર્ણ નાશ કર્યો, તેને કેવળ લક્ષ્મી વરે છે. અહીં પૂછો કે સ્વયંવરમાં કોઈ કન્યા સામે આવીને પરણે એમાં પતિની શી વીરતા ? ઉત્તર એ છે કે આર્યદેશની સાત્ત્વિક બાળાઓ વીરને વરતી હતી. ભલે એ વીરને બીજી અનેક પત્નીઓ હોય, છતાંય

**એ વીરને વરવામાં જે સુખ અને જે ગૌરવ એને લાગતું, તે માયકાંગલાની એકની એક પત્ની બની માત્ર વિષયના કીડા થવામાં અને સ્વચ્છંદ વર્તવામાં સુખ-ગૌરવ નહોતું લાગતું !**

**મોહને જીત્યા વિના અજ્ઞાન સમુદ્રને ન તરાય :** કેવળજ્ઞાન મળે છે તે અજ્ઞાન ટાળવાથી મળે છે. પણ અજ્ઞાન, રાગદ્વેષને ટાળ્યા વિના ખસે એમ નથી; માટે જ નમુત્થુણંની સ્તુતિમાં પ્રભુને પહેલાં 'જિણાણં' પછી 'તિણ્ણાણં' અને પછી 'બુદ્ધાણં' કહ્યું. **જિન** એટલે દશમા ગુણઠાણાને અંતે રાગદ્વેષને પૂર્ણ **જીતનારા** અને, પછી જ, તિણ્ણ એટલે બારમા ગુણઠાણાના અંતે અજ્ઞાનના સાગરને **તરનારા** બને, એ પછી જ **'બુદ્ધ'** એટલે તેરમા ગુણઠાણાના પહેલા સમયે **કેવળજ્ઞાની** બને. જેમ સમુદ્રમાં પડેલો તરવૈયો માણસ મગરમચ્છથી પકડાયેલો હોય; એ પહેલાં મગરમચ્છને જીતી એનાથી છૂટે, તો પછી સાગર તરી શકે. અને તે પછી જ કાંઠાનો પ્રકાશ પામે અને સ્વનગરમાં પહોંચી જાય. એમ અહીં રાગદ્વેષથી છૂટી, અજ્ઞાન તરી, સર્વજ્ઞ બની સ્વ મોક્ષનગરમાં જવાય. આનો અર્થ એ છે કે અજ્ઞાન કરતાં રાગદ્વેષજ મોટા વિઘ્ન છે; તેથી પહેલાં પ્રયત્ન રાગદ્વેષને ટાળવાનો થવો જોઈએ. માટે જ્ઞાન નહિ ભણવાનું, આવો અર્થ નથી. કેમકે જ્ઞાન મેળવવાથી રાગદ્વેષની ઓળખાણ થાય છે, અને એ ટાળવાનો ઉપાય જડે છે. ભણવાનું લક્ષ્ય રાગદ્વેષને ટાળવાનું રહેવું જોઈએ.

**ચારિત્ર એટલે પંડિતાઈ નહિ, પણ નિષ્પાપ જીવન :** ભગવાન વીર પ્રભુ જેવા થવું હોય તો શું કરવું જોઈએ ? ભગવાનને જન્મથી જ અવધિજ્ઞાન સહિત ઝળકતો વૈરાગ્ય હતો ! છતાં વીતરાગતા સહિત કેવળ જ્ઞાન લેવા માટે ચારિત્ર લીધું, અને દુર્નિવાર એવા પણ રાગદ્વેષના અનેક પ્રસંગોમાં રાગદ્વેષનો નાશ કરવા માટે તનતોડ મહેનત આદરી ચારિત્ર પાળ્યું. **શાસ્ત્રમાં પણ 'ક્રોડ વર્ષનું ચારિત્ર પાળ્યું' એમ કહેવાય છે, ક્રોડવર્ષ સુધી જ્ઞાન ભણ્યા, એમ નથી કહેવાતું.** આજે તો એમ મનાય છે કે અમને કાંઈ જ્ઞાન નથી; હવે અમને ભણતાં આવડતું નથી, શું ચારિત્ર લઈએ ?' કેમ જાણે ચારિત્ર એટલે વિદ્વત્તા અર્થાત્ જ્ઞાન વિના ચારિત્ર નહિ, એવું કહેનાર ચારિત્ર શબ્દનો અર્થ પંડિતાઈ વિદ્વત્તા કરી રહ્યો છે. અલ્યા ભાઈ **ચારિત્ર એટલે તો પાપ વિનાનું જીવન.** એમાં જ્ઞાન હોય એ ઈચ્છવા યોગ્ય છે. પરંતુ જ્ઞાન વિના પણ જ્ઞાનીની નિશ્રામાં નિષ્પાપ જીવન જીવી શકાય. પાપ છોડવા માટે શું પંડિતાઈની શક્તિ જોઈએ, કે પાપનો ત્રાસ જોઈએ ? ચારિત્ર એટલે ક્ષમા, નમ્રતા વગેરે આત્મગુણો અને અહિંસાદિ ધર્મો. **ચારિત્ર એટલે જ્ઞાનાચાર,**



**દર્શનાચાર વગેરે પંચાચારનું પાલન. આમાં પંડિતાઈ ક્યાં આવી ?** એ બરાબર છે કે જ્ઞાન એટલે દીવો; એ માર્ગને બતાવે. પરંતુ માર્ગ પાળવો એ ચારિત્ર. ત્યાં બીજાના દીવેય બીજાની પાછળ માર્ગે ચલાય. શાસનની રૂએ ચારિત્ર એટલે સંયમ. સંયમ એટલે પાંચ મહાવ્રત, પાંચ ઈન્દ્રિયનો નિગ્રહ (પાંચસમિતિ) ત્રણ ગુપ્તિનું પાલન અને ચાર કષાયોનો ત્યાગ એમ સત્તર પ્રકારે સાધના. કહો જોઉં કે આ સંયમ પાળવા કેટલા જ્ઞાનથી ચાલી શકે ? શાસ્ત્ર નથી કહેતું કે ચૌદપૂર્વના જ્ઞાન વિના કેવળજ્ઞાન ન જ મલે ! હા ! એવા દાખલા છે કે ચૌદપૂર્વ તો નહિ પણ અગિયાર અંગના જ્ઞાન વિનાય માત્ર આ સત્તર પ્રકારના સંયમને ગુરુને સમર્પિત રહી પાળનારા માસતુષ વગેરે મુનિઓ મોક્ષે સિધાવ્યા.

**શું પુંડરીક સ્વામી** સાથે પાંચ ક્રોડ, **દ્રાવિડ-વારિખિલ્લ સાથે ૧૦ ક્રોડ ને પાંડવો** સાથે ૨૦ ક્રોડ મુનિઓ, એમ જે વિપુલ સંખ્યામાં મોક્ષે ગયા, બધા શું પંડિત હતા ! બધાય શું આચારાંગ, ભગવતી, વગેરે અગિયાર અંગના ભણેલા હશે ? ના માત્ર ચારિત્રના અર્થાત્ મહાવ્રતના જ્ઞાનવાળા હતા. તેથી ચારિત્રનું પાલન કરી, રાગદ્વેષનો સમૂળ નાશ કરનાર બન્યા, અને કેવળજ્ઞાની થઈ મોક્ષે ગયા. અહિંસા મહાવ્રત પાળવા કયું મોટું જ્ઞાન જોઈએ ? એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવોની ઓળખ જોઈએ, અને એ જીવોને મારનારાં જે શસ્ત્રો તેનું જ્ઞાન કરવાનું; એ પહેલા મહાવ્રત માટે જરૂરી જ્ઞાન. વસ્તુના સ્વરૂપથી વિપરીત જરાય ન બોલાય તે સત્યવ્રત. એમ પાંચે મહાવ્રત પાળવા સહેલું જ્ઞાન જોઈએ. કાંઈ બહુ ઊંડા તત્ત્વજ્ઞાન જોઈએ જ એવું નથી. એમ ઈન્દ્રિય નિગ્રહમાં અને સમિતિમાં પણ ઓછી શક્તિ કે આવડતવાળા અજ્ઞાન માણસ સમજી શકે એવી સીધી-સાદી વાત છે. બસ જ્ઞાની ગુરુની નિશ્રામાં રહી આનું બરાબર પાલન થાય તો મોક્ષ મળે છે. પછી 'ચારિત્ર કેમ નથી ચડતું, એ કેવું ઘોર અજ્ઞાન છે !! ફરી યાદ રાખો, ચારિત્ર એટલે પંડિતાઈ નહિ; ચારિત્ર એટલે નિષ્પાપ અહિંસક જીવન.

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ 'યોગદૃષ્ટિ સમુચ્ચય' નામના મહાન શાસ્ત્રની શરૂઆત કરતાં મંગલરૂપ જે પરમાત્માને નમસ્કાર કરે છે, એ પરમાત્માના અમુક વિશેષણો બતાવી, એથી પરમાત્માના અતિશયો સૂચવે છે. એવી જ રીતે પરમાત્મામાં રહેલી ધર્મકાય, કર્મકાય ને તત્ત્વકાય, આ ત્રણ અવસ્થાનું સ્વરૂપ બતાવે છે.

**'ધર્મકાય'ની વસ્તુથી અધ્યાત્મદંભીને તમાચો :** કાય એટલે અવસ્થા. **ધર્મકાય એટલે** ધર્મને સાધવાની અવસ્થા. **ધર્મ તે સર્વવિરતિ એટલે સાધુ ધર્મને સાધવાની અવસ્થા.** તીર્થંકર પરમાત્મા જન્મથી વિરાગી અને ઈન્દ્રોનેય પૂજ્ય તથા સેવ્ય હોવા



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

છતાં, સંસાર છોડીને અણગાર (સાધુ) ન બને ત્યાં સુધી એમની ય એ અવસ્થા ધર્મકાય અવસ્થા નહિ. કારણ ? ધર્મ એ કેવળ મનની વસ્તુ નથી લેવી, પણ મનમાં પ્રતિજ્ઞા સાથેનો કાયાથી સર્વત્યાગનો જે અમલ તેને ધર્મ તરીકે લેવો છે. તેય યાવજ્જીવની એટલે કે મરણ પર્યંતની પ્રતિજ્ઞા સાથે. ચારિત્રધર્મ એટલે જીવે ત્યાંસુધી પ્રતિજ્ઞાપૂર્વકનો સંસારત્યાગ. એમાં ઝીણામાં ઝીણા અર્થાત્ અતિ અલ્પ પણ હિંસા, મૈથુન, પરિગ્રહાદિ પાપોનો ત્યાગ હોય. પછી ઘર, કુટુંબ અને વૈભવવિલાસમાં મહાલવાની તો શું, પણ સાથે રહેવાનીય વાત જ ક્યાં ? આ ન સમજનારા આજના અધ્યાત્મદંભીઓ ઘી કેળા ઉડાવતાં જતાં માત્ર શુદ્ધ જ્ઞાતા દ્રષ્ટા બનવાના દંભ ઉપર ધર્મ સાધવાનું માને છે.

**અધ્યાત્મદંભીનું સાયન્સ :** એ કહે છે કે "ક્રિયાઓ અને બાહ્ય ત્યાગ તો આ જીવે અનંતી વાર કર્યો; પરંતુ એથી કલ્યાણ ક્યાં થયું છે ? થયું હોત તો આજ સુધીમાં કલ્યાણ થઈ ન જાત ? શાસ્ત્રો કહે છે કે 'અનંતીવાર દ્રવ્ય ક્રિયાઓ કરી છતાં કંઈ વળ્યું નથી.' તો અત્યારે પણ એવી મજુરી કરવાથી શું કલ્યાણ થવાનું હતું ? કાંઈ જ નહિ, કેમ કે એ બધી જડ ક્રિયાઓ છે, અને બાહ્યત્યાગ એ જડ ધર્મ છે. જડની ક્રિયા અને જડના ધર્મથી આત્માનું કલ્યાણ થાય, એમ માનવું એ પણ મિથ્યાત્વ છે. આત્માનું કલ્યાણ તો આત્માની ક્રિયાથી અને આત્માના ધર્મથી થાય. એક દ્રવ્યની વિશેષતાની જો બીજા દ્રવ્ય પર અસર થતી હોય, તો તો શ્રી મહાવીર પરમાત્માના પોતાના આત્મધર્મથી આખા જગતનું કલ્યાણ થઈ જવું જોઈતું હતું. એમની તો આખાય જગત પર દયા હતી. ત્યારે તેમ કહેશો કે 'પણ જગતની યોગ્યતા જોઈએ ને ?' એનો અર્થ જ એ છે કે જગત તરે એ પોતાની યોગ્યતા પર, પોતાના પુરુષાર્થ ઉપર, પોતાના આત્મધર્મ ઉપર. એમાં જેમ બીજાના આત્મા કારણ નહિ, તેમ જડ દેહની ક્રિયાઓ કે બાહ્યત્યાગનો ધર્મ પણ કારણ નહિ. એની કાંઈ અસર આત્મા પર નહિ. એ તો **આત્મા પોતે અંદરથી રાગદ્વેષાદિ ઘટાડે, સ્વપર્યાય સુધારે, બાહ્ય વસ્તુનો તો માત્ર શુદ્ધ જ્ઞાતા અને દ્રષ્ટા બને, તો કલ્યાણ સાધી શકે.**"

**બનાવટી આત્મધર્મવાદીની પરીક્ષા :** હવે આપણે એને કેટલાક પ્રશ્ન પૂછીએ. જો બાહ્યક્રિયા જરૂરી નથી, તો શું તીર્થંકર પરમાત્મા ગૃહવાસમાં વિરક્ત નહોતા ? જ્ઞાતા દ્રષ્ટા નહોતા ? જો હતા, તો ત્યાં એમની ધર્મકાય અવસ્થા કેમ નહિ ? એથી જ કલ્યાણ કેમ નહિ ? ગૃહત્યાગની શી જરૂર ? જો એ બાહ્ય સંસારના ત્યાગ પછી આવે, તો એ સૂચવે છે કે બાહ્યત્યાગની આત્મા પર અસર તો થઈ. વળી સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રન્થોનું કાનેથી સાંભળવું એ જડ



કાનની ક્રિયા કે ચેતનની ? એની અસર શું આત્મા પર ન થાય ? એ શ્રવણથી આત્મપર્યાયને શુદ્ધ કરવાનું અને એ માટે મિથ્યાત્વ અને રાગાદિભાવ છોડવાનો આંતર પુરુષાર્થ પ્રગટ કરવાનું સરળ બને કે નહિ ? એ શ્રવણથી આત્માને સ્વનું શુદ્ધ ભાન થાય કે નહિ ? વસ્તુસ્વરૂપ સમજાય કે નહિ ? જો ના, તો તમે તમારા શ્રોતામાંથી પ્રશ્નો કરનાર કોઈ નવાને એમ કેમ કહો છો કે 'એમ પ્રશ્નોથી નહિ સમજાય, અહીં સ્થિરતાથી રહી પ્રવચનો સાંભળો, પછી આપો આપ સમજાશે.' આ સમજવાનું એ તો આત્મધર્મ છે. પણ એ પ્રવચનોના શ્રવણરૂપી બાહ્ય ક્રિયાથી નીપજવાનું તમે કહો છો એનું જ નામ બીજા દ્રવ્યની અસર. ત્યારે એ કહો, કે જો અંતરાત્મમાં સર્વત્યાગના પરિણામ ઘરમાં બેઠાય થઈ શકે, તો પછી ઘર છોડી દિગંબર થવાની શી જરૂર છે ? વળી એ કહો કે સંસારમાં આત્માનું જે મનુષ્યપણું વગેરે, કે ક્રોધીપણું વગેરે થાય છે, એ આત્માનો ઔદયિકભાવ ખરો કે નહિ ? જો ખરો તો એ પરદ્રવ્ય જે કર્મ, તેની જ અસરથી ને ? જો કહો કે આત્માનો ઔદયિકભાવ નહિ, તો આત્માને સંસાર સાથી ? આત્મદ્રવ્યને દેહની આકૃતિ કેમ ? આ બધી વિચારણા સૂચવે છે કે પર દ્રવ્યની અસર વિનાનો કહેવાતો આત્મધર્મ બનાવટી છે. બાહ્યત્યાગ અને બાહ્યક્રિયાઓ નકામી ગઈ તે વાત સાચી, પણ તે તો આંતરભાવની સહાય ન હોવાના કારણે. બાકી તો જ્યારે મોક્ષ થશે ત્યારે બાહ્યક્રિયા અને આંતરક્રિયા બેના સુમેળથી થશે. બીડની જમીન પર વરસાદ નકામો ગયો. એનો અર્થ એ નથી કે વરસાદ નકામો છે. એને રસાળ જમીનની સહાય જોઈએ, તો પાક થાય. **એવું અહીં જ્ઞાન અને ક્રિયાથી કલ્યાણ થાય.**

**કર્મકાયમાં લોકોત્તર ઉપકારક અવસ્થા :** 'કર્મકાય'માં કર્મ એટલે તીર્થંકર નામ કર્મ, એના ઉદયની અવસ્થા તે કર્મકાય. એમાં સમવસરણમાં બિરાજી તીર્થ સ્થાપના જેવો બધાય શું આચારાંગ ભગવતી વગેરે અગિયાર અંગના ભણેલા હશે ? ના માત્ર ચારિત્રના અર્થાત્ મહાવ્રતાદિના જ્ઞાનથી ચારિત્રનું પાલન કરી, રાગદ્વેષનો સમૂળ નાશ કરનાર બન્યા; અને કેવળજ્ઞાની થઈ મોક્ષે ગયા. અહિંસા મહાવ્રત પાળવા કયું મોટું જ્ઞાન જોઈએ ? એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવોની ઓળખ અને એ જીવોને મારનાર જે શસ્ત્રો, તેનું જ્ઞાન કરવાનું એ પહેલા મહાવ્રત માટે જરૂરી. જ્ઞાન વસ્તુના સ્વરૂપથી વિપરીત જરાય ન બોલાય તે સત્યવ્રત. એમ પાંચે મહાવ્રત પાળવા બહુ ઊંડા તત્ત્વજ્ઞાન જોઈએ જ એવું નથી. એમ ઇન્દ્રિયનિગ્રહમાં અને સમિતિમાં પણ ઓછી શક્તિ આવડતવાળા અજ્ઞાન માણસને સમજી શકે એવી સાદી-સીધી વાત છે.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

# ⑬ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**આત્મ પ્રગતિનો અચૂક માર્ગ : રાગદ્વેષને કેટલા જીતતા આવ્યા :** જીવનમાં એટલું નિશ્ચિત થઈ જાય કે મારે આત્માની પ્રગતિ સાધવી છે, તો સાથે એ જરૂર સમજવું જોઈશે, કે તે પ્રગતિ માત્ર ધર્મક્રિયાનો સરવાળો કરી એમાં સંતોષ માની લેવાથી નહિ થાય, કિંતુ 'હું સંસારમાં જકડી રાખનારા રાગદ્વેષના કબજામાં કેટલો હતો, અને **ધર્મ કરતાં કરતાં રાગદ્વેષના કબજામાંથી કેટકેટલો છૂટતો આવ્યો,** 'તે જોવું જોઈશે. **ગયા વર્ષ કરતાં આ વર્ષે, ગયા મહિના કરતાં આ મહિને, ગઈ કાલ કરતાં આજે, આત્માને રાગદ્વેષમાંથી વધુને વધુ કેટલો છોડાવ્યો, એ માપવું જોઈશે;** અને વધુ છૂટવા અધિક પુરુષાર્થ કરવો જોઈશે તોજ આત્મ પ્રગતિ સધાય,

**ચારિત્ર એ રાગદ્વેષથી છુટવાના અભ્યાસ સહેલાઈથી અને સચોટપણે કરવાની, શાળા છે,** આ માટે મન વચન કાયાની ત્રણ ગુપ્તિને એવી વ્યવસ્થિત કરે કે હિંસા વગેરે અનિષ્ટ તત્ત્વો મન-વચન કે કાયા કોઈમાં પેસી શકે નહિ. સાથે, પંચાચાર એ મન-વચન ને કાયામાં રમ્યા કરે, એવું કરવું જોઈએ. એ થાય એટલે બિચારી ઇન્દ્રિયો શું કરી શકે ? **મન વચન કાયામાંથી હિંસાજુઠ વગેરે પાંચ પાપ નીકળી ગયા, અને મન વચન કાયામાં પંચાચાર છવાઈ ગયા, તો ઇન્દ્રિયો અને કષાય મરવા પડે !**

વિવેકી આત્મા સાવધાન હોય છે. એ સમજે છે કે ઇન્દ્રિયોની પરાધીનતા સેવવામાં અને કષાયોમાં નિર્ભય રહેવામાં આત્મા સાચી પ્રગતિ કરી શકતો નથી. **ઇન્દ્રિયોને તૃપ્ત કરવા માટે જીવે અનંતકાળ મજુરી અને પાપ કર્યા, અને અનંત વિષયો એને આપ્યાં, છતાં એ હજુ પોતાનાં ઉઘરાણાં બંધ કરતી નથી !!** આ તે એની કેવી કારમી ભૂખ !! પણ જો મોહના મહાન વિજેતા જિનનો હું હવે ભક્ત બન્યો, તો મારે પણ નક્કી કરવું જોઈએ કે હવે અનાદિની અવળી રમત ચાલુ ન રખાય. આવું વિચારી મોહાંધ ઇન્દ્રિયો અને મનને સાફ કહી દેવું કે 'હવે તમારા ઉઘરાણાં ભરવા હું તૈયાર નથી !' અને તે પ્રમાણે એની ઘણી ઉઘરાણી જતી કરવી. આને બદલે **જો મોહનું, ઇન્દ્રિયોનું અને કષાયી મનનું ઉઘરાણું સંતોષવા જીવ હરેક પળે તૈયાર હોય, તો પછી વિષયના વિરાગ ક્યાં ટકે ? તે જો નહિ, તો રાગદ્વેષને જોરદાર ધક્કો ક્યાં લાગે ? રાગદ્વેષને જોરદાર ધક્કો જો ન લગાવે, તો ધર્મની મજબૂત સાધના ક્યાં રેઢી પડી છે ?** જો મનઃકલ્પિત મહાન ધર્મ



સેવ્યાનો દાવો રાખીએ, અને રાગદ્વેષને જોરદાર ધક્કો ન લાગતો હોય તો જ્ઞાનીની દૃષ્ટિમાં આપણને સુંદર પ્રમાણપત્ર નથી મળવાનું એ નક્કી વાત છે. જ્ઞાનીના પ્રમાણપત્ર ઉપર આત્માની પ્રગતિ નિર્ણીત થાય છે. રાગદ્વેષને જોરબંધ ધક્કો લગાવવા માટે વિષયો પર વૈરાગ્ય કેળવી, અંતર્મુખ બનો. ઇન્દ્રિયોને કબજે કરી, બાહ્ય વિષયોમાં મૂઢ જેવાં બનવું ઘટે. મૂઢ એટલે ગતાગમ વિનાનો. એટલે કે ચીવટ, ચોકસાઈ અને ચતુરતા વિષયોની ન રાખતાં આત્માની રાખવી. વિષયોની કેળવણીમાં અને કિંમત આંકણીમાં જેની ઇન્દ્રિયો અને મન મૂઢ એટલે કાર્ય કરનાર નહિ, તેજ સાચો પંડિત પુરુષ તેજ નક્કર ધર્માત્મા કહેવાય.

**તીર્થંકરપણું શી રીતે મળે ? :** કર્મકાયને પ્રાપ્ત કરાવનારું તીર્થંકર નામ કર્મ પંચપરમેષ્ઠીના અને પ્રવચનના વાત્સલ્યથી ઉપાર્જેલું હોય છે. એ વાત્સલ્ય વિશિષ્ટ યોગ્યતાવાળું હોય છે. એમાંથી **"સારાયે જગતના જીવોને અનંતસુખ પમાડનાર મોક્ષ માર્ગના મુસાફર હું ક્યારે બનાવું !"** એવો અપૂર્વ પ્રેમભાવ પ્રગટે છે. કેટલો ઊંચો આ પ્રેમ ! કે જેના પાત્ર તરીકે કોઈ જીવ બાકી ન રહે ! સર્વજીવ આ પ્રેમના, આ દયાના પાત્ર ! અભવ્ય કે દુર્ભવ્ય પણ બાદ નહિ ! દુશ્મન પણ આ દયા અને પ્રેમમાંથી બાકી નથી. એ તો જુએ છે કે 'કર્મપિશાચ અતિ ક્રૂર રીતે જગતના જીવોને સંસાર ચક્કીમાં પીસી રહ્યો છે. એવો ક્યારે ધન્ય દિવસ આવે કે હું સર્વને એ કર્મના પંજામાંથી છોડાવું !' આવો વિશ્વપ્રેમ ને વિશ્વદયા તીર્થંકર નામકર્મ કમાવી આપે. ત્યારે, એવો કુટુંબનો પ્રેમ અને દયા ગણધર પદવી આપે છે; અને તેવો એકલા પોતાના આત્મા પરનો પ્રેમ પોતાની મુક્તિ આપે છે. એવો આત્મપ્રેમ ઉપરના બેમાં છે, એ ભૂલતા નહિ. બીજાની દયા ખાતી વખતે મોહપરવશ જાતનીય મહા દયાપાત્ર સ્થિતિ વિસરવાની નથી.

એથી જ પહેલું એ વિચારવાનું **કે કર્મના યોગે અનંતકાળથી દુઃખી મહાદુઃખી એવા મારા આત્માને ક્યારે એ દુઃખમાંથી અને કર્મમાંથી છોડાવું !** એ છોડાવવા માટે કષ્ટ વેઠીને પણ જિનાજ્ઞાના પાલનને જ મારું જીવન ક્યારે બનાવું ? ધ્યાન રાખજો કે **અનંતા કર્મને મારવા માટે અને અનંતા સુખને મેળવવા માટે જિનાજ્ઞાપાલનના અર્થાત્ ચારિત્ર અને તપના કષ્ટ તકલીફ ઉઠાવવા જોઈશે ! જેમ ઝેરનું ઔષધ ઝેર, તેમ અહીં દુઃખનું ઔષધ દુઃખ !** અર્થાત્ કષ્ટમય ચારિત્ર-તપ એ કર્મના કષ્ટ કાઢે. જંગલમાં લાગેલા દાવાનળની સામે બીજો દાવાનળ ખડો થાય તો બંને એક બીજાને શાંત પાડે છે. પગે લાગેલા કાંટાને કાઢવા તેનાથી પણ વધુ અણીદાર સોય જોઈએ છે. એવું જ સંસારના સર્વ કષ્ટ ટાળવા માટે તપ સંયમના કષ્ટ સ્વીકારવા જ જોઈએ. ઝેર ઝેરને મારે, કાંટો કાંટાને કાઢે, અગ્નિ અગ્નિને



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

બુઝાવે, એમ કષ્ટ કષ્ટને દૂર કરે છે. એટલે ? કાઉસ્સગ્ગ કર્યો, અને પગ દુખ્યા, છતાં કાઉસ્સગ્ગ જો બરાબર પૂરો કર્યો અને મનની સ્થિરતાથી કર્યો, તો માનવું કે કાઉસ્સગ્ગ સિદ્ધ થયો ! એ કષ્ટથી અનેક કર્મકષ્ટ દૂર થયા ! **ઉપવાસ કર્યો, ભૂખ લાગી, અને એ ભૂખને સારી રીતે સહી, તો માનવું કે ઉપવાસ સિદ્ધ થયો !** એવું જો કોઈ કષ્ટ જરાય ન ઉપાડવું હોય, તો શો વિશ્વાસ કે ભવિષ્યમાં કષ્ટ વખતે ધર્મ પકડી રખાશે ?

**કષ્ટ વેઠવાની, ભોગ આપવાની તૈયારી હોય તો ધર્મ સિદ્ધ થાય :** પણ આ તો તે કરી શકે કે જેને તકલીફવાળો ધર્મ જોઈતો હોય, જેને ધર્મને કષ્ટ વેઠીને અને ભોગ આપીને સેવવો હોય. **આટલી ગરજ ન હોવાને લઈને શક્ય એવા ઘણાય ધર્મનાં અંગો કષ્ટની બીકથી સાધવા રહી જાય** એમાં શી નવાઈ ! એટલે જ એવા બિનગરજુને પૂછો કે, "કેમ, આ ધર્મ નથી સેવતા ?" તો કહેશે કે "આમાં તકલીફ ઘણી, બીજી અગવડો બહુ, કષ્ટમય લાગે છે !... આમ કાયરતા આગળ ધરે ! એનો અર્થ એ થયો કે ધર્મ તો સુખ-સગવડવાળો અમારાથી બની શકે ! ત્યારે એવાને પૂછવું પડે છે કે શું ત્યારે સંસાર તમે અગવડવાળો નભાવી નહિ લેતા હો ? અગવડવાળા સંસારમાંથી કેમ ખસવાનું નહિ ? કહોને કે ના, ભાઈ, ના ! આવા સંસારમાં બહુ અગવડ અને ઘણાં કષ્ટ ! આપણને કંઈ આ ફાવે નહિ, એટલે આપણે તો સંસાર મૂકી દેવાનો !" એવું કેમ નથી કહેતા ? કર્મકાયનું પુણ્ય ઉપાર્જનાર તો સમસ્ત જીવોની પ્રેમભરી દયા ખાય છે. ત્યારે આપણે આપણા આત્માની, કુટુંબ સ્નેહી કે મિત્રની પણ પૂરી દયા ખાતા નથી. કારણ ? આત્માનું સરાસર અજ્ઞાન ! પરલોકની ઉપેક્ષા ! વિષય સુખોની કારમીભૂખ ! અને કષાયોથી કાળું જીવન ! **આત્મા સિવાય બધાની ખૂબ ચિંતા, અને આબાદીના યત્ન ! એટલે આત્માની બેપરવાઈ અને બરબાદીના યત્ન ! એટલે આત્માની બેપરવાઈ અને બરબાદી હોય તે સહજ છે. કેવી તમારી હોશિયારી ! કેવો તમારો પ્રભુ પ્રેમ અને શ્રદ્ધા !**

**પ્ર.-** ત્યારે શું સંસાર હોય ત્યાંસુધી ધર્મ ન જ થાય ?

ઉ.- પણ લુચ્ચાની લુચ્ચાઈ જાણીને, બદમાસની બદમાસી બરાબર ખ્યાલમાં રાખીને, પછી તેના પ્રત્યે તે તે રીતનો વ્યવહાર રાખીને ધર્મ થઈ શકે. મોટા શાહુકાર સાથેનો વ્યવહાર કેવો રખાય છે ? ભય અને શંકા રાખ્યા સિવાય, ચીઠ્ઠી વગર, હજારો રોકડા આપી શકીએ તેવો. એના પર એવો વિશ્વાસ કે એ જમે કરવાનો જ પણ જો બદમાશ સાથે કદાચ વ્યવહાર કરવો પડે, તો ખાતું પડાવી, સામે સોનું રાખી, પછી નાણાં અપાય છે. કેમકે ભય છે કે નહિતર લુચ્ચો ફરી



બેસે તો ? સંસારની સાથે ભય ખરો ? છોકરો આવે ને કહે "દસ રૂપિયા, પિતાજી, આવો સિનેમા જોવા," તો શું કહો ? "લઈ જા બેટા !" દીકરાની સાલગિરિમાં દસની સિનેમાની ટિકિટ મલે ! અવસરે વીસ પચીસનો ખર્ચ કરીને દસને જમણ આપવાનું મલે; ત્યારે શું ન મલે ? પાંચ રૂપિયાની પરમાત્માની આંગી ન મલે ! પાંચ સાધર્મિની ભક્તિ ન મલે ! કેમ આમ ? સંસારમાં ભય નથી; શંકા નથી; માટે નિસંકોચ છૂટો હાથ. લુચ્ચા સંસાર સાથે વિશ્વાસનો વ્યવહાર જેને હોય, તે ધર્મ કરે ખરો પણ માયકાંગલો, અને કસીને શક્તિ કરતાં ઓછામાં ઓછો.

**પ્રગતિમાં વિઘ્ન કોણ ? ધર્મમાં ભય :** આંખ મીંચીને વ્યવહાર ક્યાં ? ને આંખ તીણી કરીને વ્યવહાર ક્યાં ? ધર્મની કેટલી જરૂર છે ? ભય ક્યાં ? સંસાર સાથે કે ધર્મ સાથે ? સંસાર સાથે ભય તો નહિ, પણ સુખના વિશ્વાસ; ઉલ્લાસથી બને, ભોગ આપીને બને ! ને અહીંયાં ધર્મ સાથે ? ભય ! એટલે પ્રતિજ્ઞા સાથે પણ એટલો ઉમળકો કે ઉલ્લાસ નહિ, નિયમિતતા નહિ ! એમાંય બને ત્યાંસુધી પ્રતિજ્ઞાથી, બાધાનિયમથી આઘા ને આઘા રહેવાનું, પાછું એ થોડું કરવાનું, તેય વેઠીયાની જેમ. પરાયાની જેમ; જોખી જોખીને. ઓછું થયું તો શોક નહિ, પણ ફાવ્યા માને !!

**જાગ્યાના સંસાર, ઊંઘ્યાના ધર્મ !!** બાર વાગે વેપારી કબાલો કરવા આવવાનો હોય. અને એ કબાલાના સોદામાં સેંકડો રૂપીયાનો તડાકો પડે એમ હોય, ભારે નફો થાય એમ હોય, તો અગીયાર વાગેથી કેવા તૈયાર અને સ્વસ્થ થઈ બેસે. ફજુલ વાતોથી ઘરના માણસ પજવે તો કહે "ચૂપ કરો !" કેમ વારૂ ! પૈસાની વાત આગળ બધું ફજુલ લાગે છે. એથી રખે પજવણી કરે, ને જો મગજ બગડી જાય, તો કબાલો હોય ત્યાં શાંત ચિત્તે વિચારેય કરવાનો નહિ, ને અમલેય નહિ ! તેમ સ્વસ્થતાયે નહિ ! પણ ખૂબ અશાંતતા અને ઉતાવળ હોય ! પછી નવકારવાળી હાથમાં રાતે લેવાની ! તે ઉતાવળે ગણી કાઢવાની ! એટલે એક નવકારવાળીમાં આખા દિવસની પાછળ કેટલી અસ્વસ્થતા અને કેટલાં ઝોકાં ? થાક્યા એટલે સુવાની વાત ! કહોને કે **જાગ્યાના સંસાર અને ઊંઘ્યાના ધર્મ !** વિચાર તો કરો કે જાગ્યાના **ધર્મ** જોઈએ કે **સંસાર** ? ઊંઘ્યાના **સંસાર** જોઈએ કે **ધર્મ** ? જો જાગ્યાના ધર્મ જોઈએ તો ટપોટપ ધર્મસાધના થવા માંડે. એમ થાય કે, ઊંઘવાનું આવે તે પહેલાં બને તેટલો ધર્મ કમાઈ લઉં. જાગ્રતિમાં બરાબર ધ્યાન રાખીને ધર્મ સારો કરી લઉં. ઊંઘ્યાનો સંસાર એટલે બહુ મગજ પરોવ્યા વિના, બહુ રસ લીધા વિના સંસારી કામ પતાવવાના. રાતના સુવાના અવસરે સંથારા

પોરસિનું ધ્યાન, જીવનમાં ઉત્તમ વિચારણાઓ અને મહાપુરુષોના ચરિત્રોનું સ્મરણ કરવાનું. તે ઊંઘમાં પણ સંસાર ન ચાલે એ માટે બ્રેક છે. વિચારણામાં એ વિચારવાનું છે કે **આ કેવો સંસાર ! આત્મા કયાં સ્વરૂપવાળો; ને કેવી પુદ્‌ગલની ગદ્ધા મજુરી મારે ચાલી રહી છે !! પાંચે ઈન્દ્રિયો આત્મધનને કેવી લૂંટી રહી છે ? અરે ! આવા સંસાર સાથે મેં ભાગીદારી રાખી ! મને એ આખો ને આખો લૂંટી રહ્યો છે,** છતાં તેનાથી છુટાછેડા લેવાની વાત હજી નથી આવડતી ! હું કેવો મહાઅહિંસા, મહાન સત્ય, મહાદાન, મહાક્ષમા, મહાસત્ત્વ ઈત્યાદિ **મહાગુણોનો હિમાયતી, અધિકારી અને ચાહક, ત્યારે સંસારની જંજાળ અને સંસારના વિષયો એ બધું મારું કેવું લૂંટી લે છે ?** બસ હવે તો જાગૃત થાઉં, અને એની લૂંટમાં ભંગ કરું.'

**મહાપુણ્યવંતા પ્રભુએ ડહાપણ શામાં માન્યું ? :** તત્ત્વકાય અવસ્થા એટલે શું ? એવા લૂંટારા સંસારથી સર્વથા ફારગતિ લેવાની તીર્થંકરને પણ કેટલી જહેમત ? તેમને પણ જગતની અનાદિ ચાલથી બહુ વિપરીત ચાલવું પડે ! એ સુખી અને માનભર્યા સંસારના સર્વ સંબંધો છોડી ચારિત્ર લે ! અનેકમાંથી એકાકી બને ! મહેલ, શિબિકા, અને અન્ય વાહનો છોડી જંગલમાં થઈ પગપાળા ફરતા રહે ! દૈનિક અનેક ટંકના બાદશાહી ભોજનો મૂકી, દિવસોના દિવસો સુધી ભૂખ્યા રહે ! મોટા રાજકુમારોની તથા દેવતા અને ઈન્દ્રોની સલામી ઝીલવાની વાત છોડી રસ્તે જનાર ગમારનાય ધપ્પા ખાય ? કેમ, અક્કલ ઓછી હશે એમ ? ના, પ્રભુ તો અવધિજ્ઞાની હતા ! મનઃપર્યાયજ્ઞાની હતા ! 'આ ગોવાલિયો, આ સંગમ શું કરવા માંગે છે,' તેના મનના ભાવ જાણી શકે ! અઢી દ્વીપના સંજ્ઞી પંચેન્દ્રિયોના મનની વાત જાણે ! **આવું અદ્‌ભુત જ્ઞાન ધરનારા પ્રભુએ જીવનમાં શું અપનાવ્યું ? શેમાં ડહાપણ માન્યું ?** ઉપસર્ગ સહવામાં. દેવતાઈ થાળ હાજર થાય છતાં, એમણે ભૂખ્યા રહી તપ તપવાનું પસંદ કર્યું ! ઈન્દ્ર વગેરે સલામ કરી સેવામાં હાજર રહેવા તૈયાર છતાં કર્મ ખપાવવા ગમારના ગડદાપાટુ ખાવામાં ડહાપણ માન્યું ! મોહને કચરવા અપમાન સહવામાં આત્માનું સુખ માન્યું ! ધન્ય રે મારા જિન ! **જ્યાં સુધી આ રીતે જીવનમાં ઘટાવો નહિ, ત્યાં સુધી તીર્થંકર પરમાત્માના જીવનમાં શું ચમત્કાર છે, તેની ગમ નથી પડવાની; જીવનમાં સાચું કર્તવ્ય શું છે તેનું ભાન થવાનું નથી. આત્માને આ ટૂંકા ઉચ્ચ જીવનમાં કોઈ ભવ્ય સાધના કરી લેતા બનાવી શકવાના નથી.**

જીવની કંગાલ દશા એવી કે "એક શેઠ હતા," આટલું જ સંભળાય ત્યાં તો "હા, હા, પછી શું ?" એમ જિજ્ઞાસા સતેજ થાય ! પણ 'જુઓ મહાવીર પ્રભુ નામે ચોવીસમા તીર્થંકર હતા.' એમ સંભળાય, ત્યાં તો 'એ તો અમને ખબર



છે !' એમ ઝટ માંડવાળ અને નીરસતા કરાય ! આ શું ? તત્ત્વની કોઈ જિજ્ઞાસા નહિ ! કેમ આમ ? પરમાત્માના ચરિત્રમાં કેવો આત્મશૌર્યનો ચમત્કાર ભર્યો છે, તેની ખબર નથી. આ શૌર્યમાં આવી અદ્‌ભુત વાતો છે, કે 'ઘરમાં એ એકલા અટૂલા નહોતા, એમને ભૂખ્યા રહેવું પડે એવું નહોતું, અપમાન-ટોણાં નહોતા, ખાવાના, ઘરમાં કોઈ મહેણાં મારતું નહોતું, કે ક્યાં સુધી ઘરમાં બેસી રહેશો ? તો પણ **પ્રભુ સંસારમાં બેઠા છતાં એવા વિરાગી છે, કે અવસરે સંસારને તજી બેઠેલા આવા ન હોય !** સમૃદ્ધિમાં બેઠા છતાં એવા અલિપ્ત, કે જેવા બીજા આત્મા સમૃદ્ધિ ન હોય તો પણ ઠેઠ મોત આવે ત્યાં સુધીય અલિપ્ત ન રહી શકે, કે ન બની શકે ! પ્રભુ મહાજ્ઞાની છતાં એવા કોડ નહિ કે "લાવ, પ્લેટફોર્મ ધ્રુજાવી દઉં ! કોઈના ભવિષ્ય ભાખી કે હૃદયના ગુપ્ત ભાવો કહી ચમત્કાર ત્યાં નમસ્કાર કરાવું, કોઈના આ ભવના છુપા પાપ કહી હલકા પાડું !" આવા કોઈ કોડ નહિ ! આવા પરમાત્માને કેમ કહેવાય "સંસારમાં કેમ પડી રહ્યા છો; ચાલો ઉઠો ચારિત્ર લો." કેમકે એ સંસારમાંય મહાવિરાગી ઉદાસીન, ગંભીર, અને ઉચ્ચ કોટિના ગુણોને ધરનારા હોય છે. માટે જ લોકાંતિક દેવો જુદી રીતે વિનવે છે 'પ્રભુ, ધર્મ તીર્થ પ્રવર્તાવો.' ત્યારે પ્રભુ પણ ચારિત્ર લે છે, તે શા માટે ? તીર્થંકર બનવાના શોખથી નહિ, પણ માથે અનંત કર્મોનો ભાર છે, તેને તોડવા માટે. **સંસાર ત્યજી સંયમ, તપ અને ધ્યાનનો જ ભવ્ય પુરુષાર્થ કરવાના હિસાબે જ ચારિત્ર લે છે !** કોણ ? ઈન્દ્રોના પૂજ્ય. તમે લેશો ? લેશો તો આ જ પુરુષાર્થ માટે લેશો ને ? જેવો સંસારને હોંશથી બાઝીને રહેવાનો પુરુષાર્થ આજ સુધી કર્યો છે, એમાં ગમે તેટલાં દુઃખ નુકસાની લેવાં પડે, છતાં સંસારથી ફારગતી ન લેવી, આવા નિર્ધાર સાથે એને વળગી રહેવાનો પુરુષાર્થ છે, તેવો મોહ અને કર્મ તોડવાનો જો પુરુષાર્થ નથી, તો આવા લોકોત્તર દેવાધિદેવને આપણે શું સમજ્યા ? એવા પરમ પુરુષનો સથવારો પામ્યા પછી તો મોહની સુસ્તી ઉડાડી દેવી જ જોઈએ. એકલી ભાવના રાખે જઈએ, તેથી શું વળે ? **સારી ભાવના સાથે પ્રભુના ચીલે ચાલવાનો પુરુષાર્થ જોઈએ.**

**પ્રતિજ્ઞાનું મહાત્મ્ય અને અતિ આવશ્યકતા :** તીર્થંકર પરમાત્મા સંસારની ફારગતિ પહેલી તકે લેવાના હિમાયતી ! એમને દેખાય કે ભાવના ગમે તેવી સારી, પણ જો અમલ ન થાય, સંસાર ખરાબ લાગ્યો પણ જો એનો ત્યાગ ન થાય, તો તે કર્મ તોડવાનો સત્ય પુરુષાર્થ નહિ ! માટે પ્રભુ પોતે પ્રતિજ્ઞા સાથે સંયમમાં બહાર પડે ! દીક્ષા વખતે પ્રભુને શણગારી દેવો વરઘોડો ચઢાવી નગર બહાર લઈ આવે. હવે ત્યાં વેષ અલંકાર ઉતારાય પછી સંયમ લેવાય. સૌ પહેરાવવા



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

તૈયાર ! ઉતારવા કોણ આવે ? શિબિકામાં બેસાડવા બધા આવે ! ઉતારવા કોઈ નહિ ! ન કુટુંબીઓ કે ન દેવતા ! પ્રભુ જાતે જ બધું કરે. બીજા તો મુંગા મુંગા જોયા જ કરે. લોચ કોઈના કહેવાથી કે કોઈની પાસે કરાવવાનો નહિ, જાતે જ કરવાનો ! તેય પાંચ જ મુઠીમાં ! સમસ્ત નરનારી અને દેવ દાનવની વચ્ચે મોહને પડકાર સમી ભીષ્મ પ્રતિજ્ઞા ઉચ્ચરવાની ! શું ઈન્દ્ર ત્યાં ન કહે કે પ્રભુ ! આપને વળી પ્રતિજ્ઞાની શી જરૂર ?' પ્રતિજ્ઞાની જરૂર નથી. 'કેમકે પ્રભુ તો મેરૂ જેવા નિશ્ચલ છે' પ્રભુનો નિર્ધાર એક બાજુ કદાચ બ્રહ્માંડ ઉથલી પડે પણ, ન ઉથલે તેવો પ્રબળ છે ! તો અહીં સમજવું જોઈએ કે **જીવનમાં ઘણાં એવાં પાપ પ્રભુ આચરતા નથી, છતાં પણ પ્રતિજ્ઞાની જરૂર તીર્થંકર પરમાત્મા જેવાને પણ લાગી ! તો આપણે કોણ માત્ર ?** ન આચરવા છતાં બાધાના અભાવે જગતના પાપોનો જે ભાર છે, તે અવિરતિના ઘરનો, અને એમાં વળી આચરીને પાપ કરાશે તે **યોગના ઘરનો,** એમાં પાછા રાગદ્વેષ ભેગા ભળ્યા એટલે ભાર વધ્યો **કષાયના ઘરનો !** તેમાંય કર્તવ્ય માન્યું તે પાપનો ભાર **મિથ્યાત્વના ઘરનો !** પાપસ્થાનકને આચરીએ નહિ, તો આચરવા અંગેનું **યોગનું પાપ ન લાગે;** પણ એ પાપ ન કરવાની જો પ્રતિજ્ઞા ન કરીએ, તો ત્યાંસુધી **અવિરતિનું પાપ સતત લાગે !**

**સ્વચ્છંદતા ટાળવાનું અમોઘ સાધન પ્રતિજ્ઞા :** બાધા નિયમથી ભાગો મા. જીવનને એનાથી બાંધી લો. સમજો કે ત્રણ જગતના નાથને પણ પ્રતિજ્ઞાની જરૂર છે. મનઃપર્યાય મહાજ્ઞાનીને પણ પ્રતિજ્ઞાની જરૂર છે ! ત્યારે જેને પુરું મળતુંય નથી, અને છતાં ખપ ઊભો છે, અથવા તો ન જ ખપે એવો નિર્ધાર નથી, એવાને પાપથી બચવા શું આજે પ્રતિજ્ઞાની જરૂર નહિ ? માત્ર જ્ઞાતા દ્રષ્ટા બનવાના ડોળ કરી તરી જવાય, એમ ને ?

**મૂર્ખની ઈન્દ્રિયો દુકાળીયણ અને દેવાળીયણ :** આજે તો અબળાઓ હિંમતવાન છે ! વાતવાતમાં છઠ્ઠ અને અઠ્ઠમ; અને તેય પકવાન્નભર્યા ઘરમાં, બહોળા કુટુંબમાં. જ્યાં આગ્રહથી માનભેર પેટ ભરીને નિરાંતે ખાવા મળી શકે ત્યાં ! શા માટે ? સમજે છે એ, કે અનંતકાળ ઘણું ખાધું પીધું, હવે નહિ. ઈન્દ્રિયોનાં ઉઘરાણાં ઘણાં ભર્યાં, હવે ભરવાના નહિ. **ઈન્દ્રિયો તો દુકાળીયણ છે. કેમકે કદી ધરાવાની નથી. એ દેવાળીયણ છે. કેમકે કશું જમે બતાવે નહિ.** હવે તો કોઈ શાહુકારનાં ઉઘરાણાં ભરો, જેથી જમે થાય, અને મજરે મળે. ઈન્દ્રિયોને શાહુકાર ગણતા નહિ. એને તો એક વારથી માંડી સેંકડો હજારો વાર દીધેલું ય એ ફોક કરે ! એને તો જાણે 'ખા ગયા, સો ખા ગયા !' જીવ પાસે રોજ માગે 'નવું લાવ ! જ્યાં સુધી જીવ ! તું મૂર્ખ રહે ત્યાં સુધી હું માગીશ' જીવની એ મૂર્ખતા કઈ ? અવિરતિની.



માટે જ વ્રત-પચ્ચક્ખાણના, અને પ્રતિજ્ઞા-ધર્મનાં કોટિ મૂલ્ય સમજી જીવનને પ્રતિજ્ઞાની સાંકળથી જે બાંધી લે, તેની ઈન્દ્રિયો મુડદાલ થઈ જાય ! ઉઘરાણા કરવામાં માંદી પડી જાય ! એવા **બહુ વ્રતોના અભ્યાસના પરિણામે તો ઈન્દ્રિયો પછી માગતી જ બંધ.**

**વિષયોથી પાછી વળેલી ઈન્દ્રિયોને ક્યાં રોકવી ? :** પ્રતિજ્ઞા ધર્મથી ઈન્દ્રિયોને વશ કર્યા પછી એ કહે છે કે 'હવે તું ડાહ્યો થયો, એટલે તારી પાસે મારાં ઉઘરાણાં નહિ ! હવે તો જગતના બીજા મૂર્ખાઓ પાસે માગીશ !' તો પછી શું ઈન્દ્રિયો તદ્દન નિષ્ક્રિય થઈ બેસે ? ના, હવે પ્રશસ્ત સ્થાનોમાં એની પ્રવૃત્તિ થાય. **આંખ** કામિનીના રૂપ ન માગે, એ તો હવે દેવમૂર્તિ અને ગુરુના દર્શન, શાસ્ત્રનાં વાંચન, અને હાલતાં ચાલતાં કે વસ્તુ લેતાં મૂકતાં જીવજંતુની હિંસા ન થાય તે માટે સૂક્ષ્મ નિરીક્ષણમાં ખૂબ પ્રવર્તે. **કાન** વીતરાગની વાણી સાંભળવામાં દોડાદોડ કરે. **જીભને** તો જાણે વલવલાટ હોય કે 'સદા પ્રભુ ગુણ ગાવામાં મસ્ત રહું ! કૃતજ્ઞતા માનવામાં, અપરાધ કે સ્વદોષ કબૂલવામાં, અન્યના ગુણ પ્રશંસવામાં, જરાય આનાકાની ન કરું !' વળી જીભનો પ્રશસ્ત ઉપયોગ બીજાને પાપથી બચી ધર્મમાં જોડાય એવી સલાહ, પ્રેરણા આપવામાં આવે છે. મહાન જે પરમાત્મા, એમના સંબંધમાં આવતા પદાર્થોમાં ઈન્દ્રિયો આનંદથી જો જોડાય, તો વિષયો તરફ વિરાગી થાય. પદાર્થો તરીકે દિવ્ય સમવસરણ દેખાય. દિવ્યવાણી, સુરપુષ્પવૃષ્ટિની સુગંધ, જગદ્‌ગુરુના ચરણે સ્પર્શ, વગેરે ઊંચા શુભસ્થાનમાં ઈન્દ્રિયો લટ્ટુ થઈ જાય. "મારા પરમાત્માનું આ બધું કેવું સુંદર !" એ વિચારે મનનો ઉપયોગ ક્યાં કર્યો ? પરમાત્માને યાદ કરવામાં ! બસ, **શ્રી જિન અને જિનશાસનને વધુને વધુ આત્મસાત્ કરવામાં ઈન્દ્રિયોનો ઉપયોગ, એ પછી અનાદિની લત ભૂલાવી દે છે.** ઈન્દ્રિયો શાંત થઈ જાય છે. પછી કોઈ વિષયના વિકાર નહિ. **વિકાર એટલે બહારના વિષયો પ્રત્યે ઈન્દ્રિયોની લહેવાઈ જવાની સ્થિતિ, વિહ્‌વળતા, વિકાસ કે ખિન્નતા.** અનુત્તરવાસી દેવતાને કેમ વિકાર નહિ ? કારણ એ છે કે એમને એટલી બધી ઊંચી શાતા છે કે વિકારની અશાતા ઉઠતી નથી. બાકી તો એ અવધિજ્ઞાની છે, તેથી જે સારા રૂપને જોઈ શકે ત્યાં માંહી કેવો કચરો છે, તેય જુએ ! **ઈન્દ્રિય ક્યાં સુધી કૂદે ? આત્મા મૂર્ખો થઈ એકલું જુએ ત્યાંસુધી.** નીચેના દેવતાય અંદરનું જુએ ખરા, પણ હિસાબ માંડે કે "એ તો માનવની સ્ત્રીઓ ગંદી, અમારી દેવીઓ ગંદી નહિ." ત્યારે અનુત્તરવાળા તો ભાવી અનર્થ કેવો આ કરે, તેના તરફ બરાબર લક્ષવાળા હોય અને વર્તમાન પદાર્થોમાંય તાત્ત્વિક અસુંદરતા તથા ખરાબીને સચોટ નીરખનારા હોય.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**ધ્યાન રાખો કે વિકારોની અવસ્થામાં અશાતા છે :** કામ વિકારમાં સૌધર્મ-ઈશાન નામના પહેલા બે દેવલોકવાળાની જેવી વિહ્વળ સ્થિતિ, તેવી ત્રીજા ચોથાની નહિ. એને એમ થાય કે 'આ પશુરમત શી ? બહુ મન થાય તો શરીરે સ્પર્શ માત્ર કરી લેવાનો.' ત્યારે પાંચમા છઠ્ઠા સ્વર્ગવાળાને લાગે કે 'આ અડવાનાંય ટાયલાં શા ? જરા આંખે જોઈ લેવાનું એટલે બસ !' સાતમા આઠમાવાળાને એમ થાય કે દેવીના રૂપમાં તે જોવાનું શું ? એનું સંગીત સાંભળ્યું કે ઘણું.' નવમાથી બારમાવાળાને વળી એવું લાગે કે 'જોવું-સાંભળવું એ શું ? બહુ દિલ થાય તો દેવીનું ચિંતન જરા કરી લીધું કે બસ.' ત્યારે ઉપરના ગ્રૈવેયક-અનુત્તરવાસી દેવતાઓને તો શાતા અને સ્વસ્થતા એટલી બધી ઊંચી કે ઈન્દ્રિયો કે મનના વિકાર નહિ ! વળી સ્ત્રીનો વિચાર પણ શા માટે જોઈએ ? એવા અભરખા જ નહીં એ તો અજબ નિર્વિકાર રહે !! મિથ્યાત્વી જીવ નવ ગ્રૈવેયકમાં જાય, તે પણ ત્યાં નિર્વિકાર રહે, સખણો-સુલક્ષણો રહે ! એ છોડે કે પાછો અપલક્ષણો થાય !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૧૭,તા.૨૦-૧૨-૧૯૫૨

## (૧૪) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**ઈન્દ્રિયવિકારના સુખ કરતાં અનંતગણું સુખ નિર્વિકાર અનુત્તરવાસી દેવની શાતાનું; અને એથીય અનંતગણું સુખ મોક્ષની તત્ત્વકાયનું, એટલે કે કર્મ રહિત આત્માનું :** પાંચ ઈન્દ્રિયોના સંકલ્પ ઉઠ્યા પહેલાં, જે સુખ અને જંપ છે, તે ઉઠ્યા પછી નહિ. શાતા થાય તેવો જો ઈન્દ્રિયોને વિષય સંયોગ કરાવ્યો તો જ મઝા આવી. પણ તે મઝા આ સંકલ્પ વગરની મઝા પાસે તુચ્છ છે ! મોક્ષમાં કોઈ કર્મના ઉદય નહિ, કોઈ વિકાર નહિ, આત્માની નૈસર્ગિક અનંત આનંદમય અવસ્થા ! કહો જોઉં આ તત્ત્વકાય કેટલી ઊંચી ! તે ક્યારે થાય ? આઠ કર્મનો સંબંધ તોડવાથી. તે સંબંધ તોડવાનુંય ખાલી વાતો કરવાથી ન થાય, પણ ધર્મકાયના કષ્ટમય પાલનથી થાય. ધર્મકાય માટે સંસાર છોડી પ્રતિજ્ઞા કરવી જોઈએ **सव्वं सावज्जं जोगं पच्चक्खामि जावज्जीवाए...** સર્વ પાપમય પ્રવૃત્તિ જીવનભરને માટે ત્યજી દઉં છું." આ પ્રતિજ્ઞાની સાથે સૂક્ષ્મ અહિંસા, કઠોર તપ, અને અપ્રમત્ત સંયમની આરાધના મજબુત મનોબળ સાથે અને રાગાદિને મચક ન આપવાનો દૃઢ નિર્ધાર કરી કરવાની, જે પ્રભુની માનસિક સ્થિતિ એવી શ્રેષ્ઠ, કે ઉપસર્ગમાં ચક્કીમાં



પીસે છતાં ટહુકારો નહિ કરે ! તેવા તીર્થંકર દેવ જેવાનેય એ પ્રતિજ્ઞાની, વ્રતની, અને એ પાલન સાથે કડક બાધા-અભિગ્રહની જરૂર લાગી, ત્યારે આજના અધ્યાત્મજ્ઞાનીઓને જરૂર નહિ !! આજના કહેવાતા જ્ઞાતા-દ્રષ્ટાને એવું કશું આચરવાનું નહિ ! અને એ એમજ મોક્ષે પહોંચી જવાના !! મોક્ષ એ લોકોએ ઠીક સસ્તો અને સરળ કરી દીધો !

**નબળાને ટેકો પ્રતિજ્ઞા :** જગતના જાહેર ચોગાનમાં પરમાત્મા પ્રતિજ્ઞા ઉચરે છે ! તે સાંભળવા ઈન્દ્ર કોલાહલ બંધ કરાવે છે ! એ સાંભળે શા માટે ? 'એ પ્રતિજ્ઞાના શબ્દો અમારા જેવા પામરોથી સંભળાઈ જાય, તેથી કાંઈક મોહના હાંજા ગગડી જાય ને રાગદ્વેષની દિવાલો ખખડી ઉઠે તો સારું !' પ્રતિજ્ઞા વિનાના ત્યાગમાં તો જ્યાં પ્રલોભન આવ્યું કે લપસતાં વાર નહિ ! તણખલા જેવા વિષયો આત્માને જ્યાં નચાવી જતા હોય, ત્યાં પ્રતિજ્ઞાધર્મ વિના કેમ ચાલે ? પ્રતિજ્ઞા ધર્મથી મહામૂલ્યવંતા લાભ જો નજીવા પ્રયત્ને અને અલ્પ ભોગે કમાઈ શકાતા હોય તો તેને શું જતા કરવા ?

**રાગદ્વેષ સામે મોરચો :** ત્રણ અવસ્થા કહ્યા પછી ચોથી વાત એ કહી કે **શ્રી મહાવીરદેવ યોગીગમ્ય છે.** યોગીગમ્ય કહીને શું સૂચવ્યું ? યોગીઓ એટલે જિન (કેવળજ્ઞાની), શ્રુતજિન (ચૌદપૂર્વી), અવધિજિન (અવધિજ્ઞાની) વગેરે. એમાં કેવળજ્ઞાની વીતરાગ હોય, તેમજ રાગદ્વેષને જીતનારાય હોય. **વીતરાગ** એટલે જેમના સમસ્ત રાગદ્વેષ ચાલ્યા ગયા છે તે. **જીતનારા** એટલે જેમણે રોગદ્વેષને બહુબહુ દબાવ્યા છે તે, રાગદ્વેષ શી રીતે દબે ? જો એની સામે મોરચા માંડ્યા હોય તો ! **"રાગદ્વેષને કહી દેવાય કે અમારે તમારી બધી વાતો કબૂલ નહિ. બધી ભાગીદારી કબુલ નહિ ! તમારું શિખવ્યું બધું કરીએ એ હવે નહિ. તમને અમારા માનીએ એમ નહિ. તમારા લાભમાં આત્માનો લાભ દેખીએ નહિ."** આવા નિર્ધાર કરી લીધા હોય, તો મોરચા એને હઠાવવાના થાય. આ તો મૂર્ખો છે જીવ; **રાગદ્વેષના લાભમાં પોતાનો લાભ દેખે છે ! માટે જ રાગદ્વેષ તેને બનાવી જાય છે, રમાડી જાય છે, અને દુર્ગતિમાં ઘસડી જાય છે !** રાગદ્વેષને જિતનાર એટલે કે અંશે જિન બનેલા છે. તેવા ઉચ્ચ આત્માઓને આ પરમાત્મા **ગમ્ય** છે, અર્થાત્ જાણી સમજી શકાય તેવા છે. યોગી બને નહિ ત્યાંસુધી પરમાત્માને જાણી સમજી શકે નહિ. જે આત્માઓ સંસારના પક્ષપાતી છે, રસિયા છે, તે આત્માઓ પરમાત્માની જિજ્ઞાસા કરવાને પણ સમર્થ નથી. સંસારથી સહેજ પણ ઉભગે, એમ થાય કે 'અરેરે ! આ સંસાર ?' તો પછી સંસારથી પર એવા પરમાત્મા કેવા સુંદર હશે !' એવી જિજ્ઞાસા થાય.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**સંસારને કર્તવ્ય અને સુખનું સર્વસ્વ માનવું તે ઓઘદૃષ્ટિ :** યોગની દૃષ્ટિમાં સંસારનો રસિયો ભવાભિનંદી જીવ ન હોય. દૃષ્ટિના બે ભેદ. એક **ઓઘ.** અને બીજી **યોગ.** ઓઘ દૃષ્ટિમાં અનાદિ કાળથી જગત પડેલું છે. બીજીમાં ક્યારે આવે ? સંસારનો રસ છોડે, પક્ષ છોડે ત્યારે પરમાત્મા યોગીગમ્ય છે, એમ કહી સૂચવ્યું કે જે આત્માઓ ઓઘ દૃષ્ટિમાં રમે છે, જે જીવો માત્ર **સંસારને કર્તવ્ય અને સુખનું સર્વસ્વ માને છે, તે જીવો પરમાત્માને સમજવાની ભૂમિકાએ નથી, તે તો ઓઘ દૃષ્ટિની પકડમાં છે.**

**સારું કાર્ય કરવું છે તો વિઘ્નની તૈયારી રાખવી જોઈએ :** પરમ ઉપકારને માટે યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં જે સુંદર વાતો ગ્રંથકાર કહેવા ઇચ્છે છે, એને ધાર્યા મુજબ પૂર્ણપણે કહી શકે એ માટે એમણે પરમાત્માને વંદનરૂપ મંગલ કર્યું. શુભ કાર્યોને વિષે મોટા મોટા પુરુષોને પણ વિઘ્ન નડે છે. તો ગ્રંથકાર સમજે છે કે' મારા જેવો નાનો માણસ કાર્ય કરવા બહાર પડે, અને વિઘ્ન ન આવે, એની શી ખાતરી !' સારું કાર્ય કરવા માણસ તૈયાર થાય એટલે કેટલીય વાર વિઘ્ન દોડ્યું દોડ્યું આવે, એવી જાણે કોઈક કુદરત છે. આ જો ખ્યાલમાં રહે તો એમ થાય કે **અમારા મહાપુરુષો શુભ કાર્યો કરવા ગયા અને જો મોટા મોટા વિઘ્નો આવ્યા તો મારે થોડું કે વિઘ્ન આવે, તો એને વધાવી લેવું જોઈએ :** શું મોટું વિઘ્ન આવ્યું ? દા.ત. વેપારી સામાયિક લઈને બેઠો હોય, ને કોઈ સારા ઘરાકે ટહુકો કર્યો ! 'હવે શું થાય ?' થવાનું શું હતું ! આ વિઘ્નને મામુલી સમજી સમતાભાવને અખંડ રાખવો જોઈએ. પણ આપણું તો મન પહેલું પૂછી લે છે કે 'ધર્મ સાધતાં મને વિઘ્નો આવશે ?' પણ એ મનને કહી દ્યો કે અરે ભાઈ ! વિઘ્નનું પૂછે છે શું ? સમજી જ રાખ, જરૂર વિઘ્ન આવશે ! એ સમજીને જ મારે ધર્મ સાધવાનો છે. શાસ્ત્રોએ બતાવેલી જે આ **'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ'** શુભ કાર્યો બહુ વિઘ્નભર્યા હોય છે,' એ સનાતન વસ્તુ, તેની સામે આંખમિંચામણાં કરે છે એટલે જ, પહેલાં વિચારે છે કે 'વિઘ્ન તો નહિ આવે ને ?'

**જીવનમાં અનર્થદંડની ભયંકરતા :** મોટા પાપના સાહસ કરવા હોય તો વિઘ્નની પરવા નહિ કરે, ત્યાં તો એમ થાય કે "વિઘ્ન આવશે તો જોઈ લઈશું. એમ કાંઈ ભયથી શું કાર્ય જ ન ઉપાડવું ?" બસ ! આ નિડરતાએ મોટા દુર્ધ્યાન કરાવે તેવા અનર્થદંડના અને કર્માદાનના સાહસ આજે સસ્તા કર્યા છે ! કર્માદાન એટલે જેમાં ઘણાં કર્મોનું આદાન એટલે કે ગ્રહણ થાય. વધુ પડતાં જેમાં કર્મ બંધાય, તે કર્માદાનના ધંધા ગણાય. તે તો વળી પૈસાના સ્વાર્થથી કરે છે. પણ કેટલાક કર્મનું ગ્રહણ કરાવનારા અનર્થદંડ એવા, કે જેમાં લાભ કંઈ નહિ, ને



પાપનો પાર નહિ. વડોદરાના રાજાને એક વખત તરંગ જાગ્યો કે 'દંતશૂળ પર કંકોત્રી લખાવું !' એ માટે ચાલીસ હાથીઓનો કચ્ચરઘાણ કાઢ્યો ! કંઈ કંકોત્રી લખી ? લગ્નની કે લાંબા સંસારની ? જાણે 'તમે વહેલા પધારજો, અમારે ત્યાં લાંબા સંસાર કરે એવો લગ્નનો પોગ્રામ છે.' લગ્નની કંકોત્રી આવે એટલે તમે ખુશી થાઓ છો ને ? **કોઈનાય લગ્નની વાત વખતે તમે કેવા ઉચ્ચ પ્રાણી છો અને તમારું શું કર્તવ્ય છે, તે યાદ આવે છે ? સઘળા જીવોમાં માનવની દેખાતી બહારની પોતાની જાત પણ જો શ્રેષ્ઠતાવાળી સ્થિતિમાં દેખાય છે, તો પછી આ મનુષ્યજીવન કોઈ ઊંચા આદર્શ માટે સર્જાયેલું છે, તે ચોક્કસ છે,** એ બરાબર ખ્યાલમાં રાખો.

માનવ તરીકેની એટલી બધી વિશેષતા છે કે જેમાં અક્કલ વાપરતાં આવડે તો જુગજુના થોકબંધ પાપોને ઉખેડી નાંખે ! મારે એટલા બધા પાપસ્થાનકની છૂટ શી ? લાવ વ્રતની ટીપ કરી લઉં, શક્ય હોય તો આ ભોગ, કે પાપ જિંદગી સુધી ન કરવાનો નિયમ કરી લઉં. કાયરતા રહેતી હોય તો 'એક વર્ષ કે ચોમાસા પૂરતું ન કરવાની પ્રતિજ્ઞા કરી લઉં.' જિનશાસનમાં વિવેક સુંદર છે, એટલે જૂના અભ્યાસીને ઘણા પાપના ત્યાગ કરવા કહે છે, અને નવાને વધારે પડતા પાપના ત્યાગની પ્રતિજ્ઞા કરવા પ્રેરે છે. **સારું જીવતર એ, કે જેમાં હૃદયને વધું કાળું કરનારું કશું ન જોઈએ !** પરમાર્થી માણસો કહેતા કે પરમાર્થના કાર્યો કરવા હોય, તો ઘરમાં તિજોરી વસાવશો નહિ ! કેમ એમ ? તો કહે કે જો તિજોરી હશે તો લક્ષ્મીદેવીને તિજોરીરૂપી એ મહેલ કે જેલમાં પૂરી રાખવાનું મન થશે. દરમિયાન, જો એમજ ખપી ગયા, તો લોક તો કહેશે કે શેઠની પાછળ ધન સારું નીકળ્યું;' પણ શેઠને હવે શું ? હવે શેઠને અહીં ધનને પેટીમાં જ પૂરી રાખવાના યોગે, પરભવમાં પોતાને જ દુર્ગતિમાં, દુઃખ દરિદ્રતામાં સારું પૂરાઈ રહેવાનું ! આ શું ? શાબાશી કે નાલેશી ?

**ઉચ્ચ ધર્મથી પાપ ધોતાં ન આવડે, તો પાપ બાંધવાથી જ પાછું હઠવું :** તમે સાચો શ્રીમંત કોને કહો ? **શું લક્ષ્મીને તિજોરીમાં પૂરે તેને શ્રીમંત કહો, કે એક હાથમાં આવે ને બીજા હાથે ઉછાળે તેને શ્રીમંત કહો ?** પાપ શામાં ? લેવામાં લાખોગણું પાપ કે ફેંકવામાં ? ફેંકવામાં તો અખૂટ પુણ્ય છે. **એટલે જ જો બહુ લેવામાં બહુ પાપ છે, અને એ પછી એ પાપ ધોવાની જો તાકાત નથી તો પછી પાપ બાંધવાની વાત છોડી દેવી જોઈએ** સારા પકવાન્ન કોણ ખાઈ શકે ? કે જે એને પચાવી શકે, જેની પાછળ સારી કોટિનો ક્રિયા ધર્મ અને તપની કષ્ટી ઉઠાવી શકે તે. ત્યારે આ પાપમાં આપણું કામ નહિ.,' આમ વિચારી પાપથી જો આપણે પાછા ગયા, તો આત્માનું સત્ત્વ સારું ખીલવ્યું. પણ અહીં ખૂબી તો જુઓ કે ધર્મ

રાતી પાઈ જેટલો કરવો, અને માનવું કે 'મેં ઘણું કર્યું.' અને કર્મ કરોડોગણાં કરવા છતાં માનવું કે 'હું કંઈ પાપ નથી કરતો !' આમાં સત્ત્વ શું ખીલે ?

**પાપનો હિસાબ હૃદય પર છે :** એટલે કે પાપ કેટલા પ્રમાણમાં થવાનાં, તેનું માપ હૃદય કેવું છે, તેના પર છે. **હૃદયમાં સ્વાભાવિક રીતે શું રમી રહ્યું છે, તેનો જાતે ખ્યાલ કરજો.** જુઓ જો હૃદયમાં શું રમે છે ? જો પાપવાસના, અર્થકામની હોળી હર્ષ, શોક, કેમ-સારું સારું ખાવુંપીવું, ઠીક મલ્યું હોય તેના પર મસ્તાન રહેવું, આવા આવા પાપના શલ્યો હૃદયમાં ઘાલી મૂક્યા હોય, અને એ વળી 'બ્લેક' અક્ષરે લખી રાખ્યાં હોય, તો પછી બાહ્ય પાપનો ધીકતો ધંધો ચાલે, એમાં નવાઈ નથી. **સામાન્ય રીતે હૃદયમાં પાપસ્થાનકની રમત ચાલે છે કે એના પ્રતિપક્ષી ધર્મસ્થાનકોની વાતો રમી રહી છે, એના પર માપ કાઢી શકાય કે બહારથી આટલા પાપ થશે.** ધર્મસ્થાનક એટલે દા.ત. પહેલે પ્રાણાતિપાત પાપસ્થાનક સામે પહેલું અહિંસા ધર્મસ્થાનક; હૃદયમાં અહિંસાની વિચારણા ને હિંસાનો તિરસ્કાર હોય. 'અહો ! છકાય જીવના કુટા અનેકભવ કર્યા, ક્યારે એવું જીવન મલે કે કાચા પાણીના એક ટીંપાનાય જીવોની વિરાધના ન થાય. લીલી વનસ્પતિનો જરા પણ સ્પર્શ ન થાય !' એવા મનોરથ હોય. એમ **બીજું** સત્ય-ધર્મસ્થાનકની વિચારણા હોય એવી, કે પ્રાણ જવાનો વખતે આવે પણ સત્યથી નહિ ડગવાનું, અસત્ય નહિ જ બોલવાનું. તોજ બહારથી હિંસા જુઠના કાર્ય ઓછા થવાના. જો અંતરમાં **ત્રીજું** ધર્મસ્થાનક-નીતિ અને ન્યાયનો ખપ છે, **ચોથું** ધર્મસ્થાનક-પળે તો બ્રહ્મચર્યનો, નહિ તો શુદ્ધ સદાચારનો ખપ છે, તો બહારથી અનીતિના દુરાચારના પાપ સેવાતાં અટકવાના. પણ જો અંદર પાપવાસના છે; તો આપણે જો કે એવા કુળમાં જન્મ્યા છીએ કે આગળ વધીને પ્રગટ પાપ થઈ શકે નહિ !, તો પણ અંદરની પાપવાસનાના યોગે મનગમતાં રૂપ જોયાં કરાશે, નોવેલો વંચાયા કરાશે, ઘેલાં ગીત રાત દિ' સંભળાયા અને ગવાયા કરાશે, કેળવેલાં અભક્ષ્ય ખાવામાં સંકોચ નહિ રહે. આવું આવું તો કેટલુંય ચાલવાનું.

**બાહ્ય વર્તનનો મોટો આધાર અંદરની રમત પર છે :** અપેક્ષાએ વિચાર કરો કે કોઈ એક માણસ દુરાચારી હોય, પણ એવો કે પોતાની એક સ્ત્રી ઉપર બહાર કોઈ બીજી એક સ્ત્રીમાં લુબ્ધ હોય, તો તે એટલામાં જ રમ્યા કરવાનો; પણ આજની શૃંગારી નોવેલોના વાંચન, બિભત્સ સિનેમાનાં પ્રેક્ષણ, ગણિકાના જેવા વેશ-પરિધાન કરેલ રૂપના નિરીક્ષણ, ઇત્યાદિ કરનારો મનથી કેટલી સ્ત્રીઓ પર ધસે, તેનો કંઈ પાર ? આમાં કોઈ કાંડુ પકડનાર નહિ, એટલે ક્યાં ક્યાં સ્વચ્છંદી મન પહોંચે એનો હિસાબ નહિ ! લાભમાં શું ? **સત્ત્વનો નાશ ! અવિવેકનો**



**વિલાસ ! લોકોનો અણવિશ્વાસ ! સ્વસ્ત્રી સાથે ઝગડો !** આ તો આજ ભવમાં ! પરંતુ આગળ ઉપર, દૃષ્ટિના દોષથી નરકનું આયુષ્ય જો બાંધ્યું હોય, તો ત્યાં **આંખોમાં ભાલા પડે !** જો ચામડીમાં સ્પર્શના રાગથી નરકે ગયો, તો **અગ્નિ-ધીખતી પુતળીઓને ભેટવાનું !** ન ભેટે તો પરમાધામી શરીરે ભાલા ચોંટાડી ખોસે ! આ વળી એક પરભવનાં ફળ ! એ પછી અનેકાનેક દુઃખમય હલકા ભવોનો પાર નહિ ! અહીં ભલે મોટા રાજા મહારાજા હોય, પણ જો રાણીના સુંવાળી ચામડીના અંધરાગમાં રહી મર્યા. તો મરીને કદાચ એજ રાણીની ચામડીનાં ગુમડામાં કીડાપણે ય જન્મે ! કેમ જાણે કર્મ રાજાનો કાયદો કે જે વિષયની તને ઘેલછા થઈ હોય તે તેને બતાવું ખરો, પણ એનો ઉપભોગ કરાવ્યા વિના ઊલટું ત્યાં તેને રડાવી રીબાવીને તારો કચ્ચરઘાણ કરવા ! **જીવ જે આ સારા તરીકે જુવે છે, અર્થાત્ બંગલો સારો, બગીચો સારો, લક્ષ્મી સારી, લલના સારી, શરીર સારું, સ્વાગત સન્માન સારા, વગેરે જીવે માનેલો એ સારાના જ પ્રતાપે જીવનો વિનાશ સર્જાય છે !!** એ જ ગુમડા પર તક આવતાં એવો પંજો કર્મ દબાવરાવે કે કીડાનો કચ્ચરઘાણ નીકળી જાય. રૂપસેને સુનંદાને સુંદર સારી તરીકે ખૂબ જોઈ, વધુ જોવા ધસ્યો. એમાં, અકાળ મોત ! **જગતનું સારું જોવાનું જ ભૂલે તો અકાળ મોતના પંજામાંથી છૂટે.** પણ ભૂલે ક્યાંથી ? પાછો મરીને એજ માનેલીના ગર્ભમાં ખારથી સડી મરવા ? વળી એજ સારી માનેલી સુનંદા પાછળ સર્પ-કાગડો-હંસ અને હરણ તરીકે કમોતે મરતો ચાલ્યો ! દુનિયામાં આ સારું, પેલું સારું, એ લત ભયંકર છે. એવાં રટણ, ખૂબ રટણ અને ઝંખનાને કારણે બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકનો મહેમાન થયો ! 'કેવો હું ચક્રી ! કેવી મારી સુંદર કુરુમતી પટ્ટરાણી !' આ સારું શું કામ લાગ્યું ? ત્યારે, બીજી બાજુ એ બધી ફજુલ માયા છે, સારી નહિ પણ સંસારવર્ધક છે, એમ સમજી ધન્નો શાલિભદ્ર ધનાજી મેઘકુમાર, સુબાહુ નંદિષેણ ઊભા થઈ ગયા !!

તમને એમ થતું હશે કે **વર્ષોથી જેને અમે મનમાં વસાવેલા અને એમને જેણે મનમાં રાખેલા, એ સ્નેહીઓને કેવી રીતે વિસર્યા વિસરાય ?** પણ એ રટણ અને ઝંખનાના ઉન્માદના દારૂણ વિપાક સમજી ધન્નો, શાલિભદ્રાદિ ઊભા થઈ ગયા. સામે બત્રીસ સ્ત્રીઓ અને મા ધ્રુસકે રડે, પણ આ ધન્નો શાલિભદ્ર પરમાત્માના રટણથી ડગે નહિ ! એ કહે છે, **'સુખ પામીશ સંયમ થકી અરિહંતની આણા વહંતો રે'...** અરિહંતનું રટન એવું લાગ્યું કે બસ દીક્ષા લઈ અરિહંતની આજ્ઞા વહેવામાં જ સુખ માન્યું. સંસારની માયાની રટણા અને ઝંખનાના પાપ કેવા ભયંકર છે, તેની સ્થિતિ ખ્યાલમાં આવતાં, એ આ ભવના સગાં, સ્નેહી અને



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સુપરિચિતને પણ વિસરવાનું એમને સહેજે આવડ્યું. અંતરમાં શું રમે છે, એના પર બહારની પ્રવૃત્તિ ઘડાતા વાર નહિ.

**સારી રટણા અને સારા ધ્યાન માટે મન પર ચોકી મૂકો :** પરમાત્માનું ધ્યાન એટલે ? મહા નાજુક વસ્તુ. હાથમાં રહ્યો સુંવાળો અરિસો, પણ જરા ઉપયોગ ગયો કે પડ્યો ફૂટ્યો ! એમ જો પરમાત્માનું ધ્યાન જો જરાક ખ્યાલ ન રહ્યો તો ચૂકાઈ જતાં વાર નહિ. એ જો સાચવવું છે, તો ભારે માનસિક જાગ્રતિ રાખવી પડશે. સઘળી જાતના વિચારોને સજા ફરમાવી દેવી જોઈએ. જિંદગી માટે નહિ તો એક કલાક, અરે ! એક નહિ, તો પા કલાક, પાંચ મિનિટ, પણ એટલા કાળ પૂરતું. પરમાત્મ ધ્યાન સ્થિર રાખવા માટે સુખી સંસાર પ્યારી પત્ની, વહાલી તિજોરી, વિસ્તૃત આબરૂ, આ બધાંને મનથી કહેવું પડશે કે 'અત્યારે બહાર ઊભા રહો, તમારા વિકલ્પ અત્યારે નહિ; અત્યારે તો પરમાત્માના ગુણો, પરાક્રમ ઉપકારનો જ વિચાર'. ચોર જેવો માણસ ગામમાં જેવો પેસે કે પકડે ચોકી ! 'કેમ પેઠો ? નીકળ બહાર !' તેમ અહીં એ પાપી વિચારોને બહાર રાખવાના. અહીં રોજ નવી નવી રીત-વસ્તુ સાંભળી મહારાજને ભળાવી ન જાઓ. હૃદયમાં લઈ જાઓ ઘેર.

**સારું કામ ઉપાડતાં વિઘ્નોનો સામનો કરવાની તૈયારી જોઈએ :** ગ્રંથકાર મહર્ષિને સારું ગ્રંથ-નિર્માણનું કાર્ય કરવું છે, તેથી વિઘ્ન ન નડે એ માટે મંગળ કરે છે. સારા કામમાં વિઘ્ન બહુ નડે. પાપ કામ કે ખરાબ કામ કરવા તૈયાર થયો, તેને કદાચ કોઈ વિઘ્ન જેવું નડતું હોય તો તે પણ નાસી જાય; અને સારા કામમાં દૂરથી દોડતા વિઘ્ન આવે ! દા.ત. પોતે સાચું બોલવાની તૈયારી કરતો હોય, તો તરત પાડોશી કહે કે 'ઊભો રહે, વેવલો ન થા, સંસાર લઈને બેઠા છીએ આપણે.' આ જુઠાઓને પકડવા ધારનાર પણ ગુલાંટ ખાઈ જાય અવસરે ! સદાચાર પાળવો છે, તો સતી સુરસુંદરીને ઘણાં વિઘ્ન નડે છે. પણ જેને ચોરી, કે દુરાચાર કરવો હોય તેને શું ? અરે, અવસરે પકડનાર ઊભો હોય તેનીય આંખો મિચાઈ જાય ! મંગલમાં પરમાત્માનું ધ્યાન છે, એ વિઘ્નસમા કઠીન પાપોનો નાશ કરે છે. ઉત્તમ કોટિનું પરમાત્માનું ધ્યાન લાવવા માટે આત્માને કસવાની જરૂર છે.

## • રાજા ચંદ્રાવતંસકનું દૃષ્ટાંત •

સંસારના વફાદાર સેવકો કર્મનું બંધન લેવાને તૈયાર છે. સત્તરસો સંકટો વેઠીનેય સંસારને બરાબર એ સંભાળી રાખે. પણ ધર્મના કામમાં તકલીફ દેખાય એટલે કહે કે 'તકલીફનું કામ અમારું નહિ. તકલીફવાળો ધર્મ અમારાથી નહિ



બને. વ્યાખ્યાન સાંભળવાનું કહેશો તો રવિવારે બે ટાઈમ હાજર થઈશું, પણ તમે ત્યાગની વાત કરો છો, તિથિએ એક ટંક પણ ખાવાની બંધી કરાવો છો, એટલે તો અમારા પ્રાણ જતા લાગે છે.' પછી બીજી મોટી તકલીફની તો શીય વાત ? આમ **સુવાળા રહેવાથી જ મહામૂલી ધર્મસાધના આ ભવમાંય મોંઘી થઈ પડી છે ! રાજા ચંદ્રાવતંસક** એક વાર પોતાના પાસે રહેલા દીવાને હિસાબે પ્રતિજ્ઞા કરે છે કે **આ દીવો બળે ત્યાંસુધી મારે કાઉસગ્ગમાં રહી ધ્યાન ધરવું.** આ દેશાવકાશિક વ્રત છે. પૂર્વે રાજાઓ પણ ધર્મી હતા અને હાલતાં ને ચાલતાં વ્રત અને પચ્ચક્ખાણ, ઉદારતા અને સહિષ્ણુતા, ટેક અને નિયમના અભ્યાસી બનતા. ત્યાગી સાધુ ભગવંતોની એવી પ્રેરણા એ મેળવતા કે રાજશાહી ઠાઠમાંય આત્મસાધના કરી લેવાનું ચૂકતા નહિ. સામાન્ય સ્થિતિવાળા માટે આવા દૃષ્ટાંત એક અદ્‌ભુત આલંબન છે. જીવને એમ થવું જોઈએ, કે એમની પાસે આટલી **ઊંચી વૈભવવિલાસની પુણ્યાઈ છતાં જો એ કષ્ટ વેઠીનેય ધર્મ સાધે, આત્મગુણોને ખીલવે, ખાનદાનીનાં રક્ષણ કરે, તો પછી અમારે તો મક્કમપણે સારા ધર્મસાધક બનવું જ જોઈએ. એટલા રાજદ્વારી પ્રપંચોની વચ્ચમાંય જો એ પોતાના હૃદયને પવિત્ર રાખી શકતા, અને તે દૃઢ તકેદારી પૂર્વક; તો અમારે એવી ખટપટેય નથી, પછી અમારું હૈયું પવિત્ર રાખવામાં કેમ જ બેદરકાર રહેવાય ?** ધર્મની સાધના, અને હૃદયની નિર્મલતાનો એક એવો સરસ વેપાર છે કે દુન્યવી મોટી મુડીદાર રાજાય કરી શકે, અને મુડી વિનાનો ગરીબ પણ કરી શકે. એથી અહીંના અસમાન પણ ભવિષ્ય માટે સમાન થઈ જાય. કદાચ રંક જીવ રાજા કરતાંય વધી જાય. ત્યારે અહીં પણ **એવી પવિત્ર ધર્મસાધના અને હૃદયની નિર્મળતા કેળવવામાં જીવને શી બહુ ખોટ આવી જાય છે ?**

**દાસીના યોગે કસોટી : બિનસાવધાનનો બે રીતે મરો :** ચંદ્રાવતંસક રાજા જ્યાં કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા છે; અને દીવો બુઝાઈ જવાની તૈયારીમાં છે, ત્યાં દાસી આવી વિચારે છે કે 'આ દીવો બુઝાઈ જશે તો રાજાને અંધારામાં ખલેલ પડશે; માટે લાવ દીવામાં તેલ પૂરું !' એમ કરી દીવામાં તેલ પૂરે છે. હવે વિચારો કે રાજાનું શું થાય ? ધારણા તો એ હોય કે આ દીવો ક્યાં લાંબો ચાલવાનો છે, ૦I કલાક ચાલશે, તો તેમાં કાંઈ વાંધો નહિ આવે, અને એમાં તેલ પૂરાઈ કાઉસ્સગ્ગ લંબાવાથી, કેડ ફાટી પડે અને નસો તૂટી પડે એવો ખાસ્સો એક કલાક વધતો હોય, તો ત્યાં સમતાનું શું થાય ? કેટકેટલા કુવિકલ્પો ઉઠે ? એ કલાક કેવો રોઈ રોઈને કઢાય ? દાસી પર ગુસ્સાનો પાર ન રહે, એમ થાય કે 'બસ ઉઠું ત્યારે એને ઝાટકી કાઢું. દોઢડાહી ! જ્યાં ત્યાં ડહાપણ ડહોળવા આવે છે ?' હવે ખૂબી

જુઓ કે આવું મનમાં લાવતાં શું એમ ભાન રહે ખરું કે તું કોઈ વાર અંધારામાં ટીચાયો તો એજ દાસીને એમ ઝાટકવાનો કે, ગમાર ! વગર કહે દીવો કરી રાખવાનું એટલુંય ડહાપણ તારામાં નથી ?' વાહ ! ભાઈ, વાહ ! બીજાના માટે શું તમારા કાયદા, અને શું તમારા ધોરણ ! દાસી ડહાપણ ડહોળનારીય હોય ખરી અને ગમારેય ખરી ?

**કર્મના ભાર પ્રભુના ધ્યાનથી ટળે છે :** પણ, અહીં રાજાને કોઈ એવો વિકલ્પ નથી. એ તો ધ્યાનમાં વધુ મસ્ત બને છે, કેમ વારુ ? એ સમજે કે **'અનંતકાળથી આ કર્મને પરવશ પડેલા જીવને માથે લદાતી એકલી સાંસારિક જળોજથાની, અર્થકામના વેપલાની, કે રાજ્ય ખટપટની ભયંકર જંજાળના ભારમાંથી પાછું વાળી આપનાર કોણ છે ? પ્રભુનું ધ્યાન અને પ્રભુભક્તિ,** સત્સમાગમ અને સાધુસેવા, શીલ અને તપ, વિરતિ અને તત્ત્વજ્ઞાન. આ જ બધા આત્માને પેલી જંજાળના ભારમાંથી બચાવનાર છે. મને આ દેશાવકાશિકવ્રતમાં બધું મળ્યું છે. કેવો આ ઉત્તમ યોગ ! આનાથી મારો આત્મા ઘણો લઘુકર્મી થશે. તનને તકલીફ તો પડશે. પણ આત્માનું મહાન કલ્યાણ સધાશે. માટે હાલ દીવો ન બુઝાય ત્યાં સુધી મારે બધું વોસિરે; માત્ર પરમાત્માનું ધ્યાન કરવાનું.' સુકોમળ રાજકાયા, એટલે કેડો ફાટવા માંડી, નસો તૂટવા લાગી, માથું ચક્કર ચક્કર ઘુમવા માંડ્યું, પગ કળતરવા માંડ્યા ! ગમે તે થાઓ પણ હાલવાની વાત નહિ ! ધ્યાનમાંથી જરાય આઘા ખસવાની વાત નહિ ! દાસી પર લેશ પણ આકળા-ઉતાવળા થવાની વાત નહિ. **થોડા કાળમાં ભવના ભ્રમણ કેમ મીટે છે ? આમ જ દઢતા અને સમતા થોડીક વાર સાચવો તો મહાકલ્યાણ થાય એમ છે !** સાતમા માળની અટારીની પાળ પર જેમ ચલાય, તેવું પરમાત્માના ધ્યાનમાં થોડીવાર પણ સાવધાન રહેવાય તો બેડા પાર છે. એ માટે જ્યારે પરમાત્માનું ધ્યાન કરો, ત્યારે તો સંસારની કોઈ જ વાત, શરીરની કોઈ જ વસ્તુ મનમાંય લાવવાની નહિ. વિષયોની, લક્ષ્મીની, કે માનપાનની કોઈ પૌદ્ગલિક ભાંજગડ યાદ કરવાની નહિ. ત્યારે તમે પૂછો કે ભગવાનના અદ્ભુતરૂપના મધુરવાણીના સ્મરણ તો કરીએ છીએ એય પૌદ્ગલિક છે, તેનું કેમ ? ઉત્તર સીધો છે. તીર્થંકર દેવના, રૂપના અને વાણીના ગુણ ગણાય છે તે વિકાર દૃષ્ટિથી નહિ, કિંતુ (૧) પરમાત્મપણાના પ્રભાવની દૃષ્ટિથી, (૨) પૂર્વની સવિ જીવ કરું શાસનરસીની ભાવનાના મહિમાની દૃષ્ટિથી. (૩) જગતનું પણ સૌથી સારું ધર્મીને જ મળે છે. એવા પૂર્ણ વિશ્વાસથી પ્રભુના રૂપના અને મધુર વાણીના તથા એમના મંદિરની રમણીયતાના ઇત્યાદિના ગુણ ગવાય કે સ્મરણ કરાય. ધ્યાનમાં સંસારીના રૂપરંગ, સંસારીના મીઠા બોલ, ઇન્દ્રિયોને



મળેલા અનુકૂળ વિષયો વગેરેનો કોઈ વિચાર ન ફરકે, તો જ પરમાત્મા વિષે ધ્યાન બરાબર લાગે.

**ધ્યાનની ચાવી :** વળી પ્રશ્ન ઉઠે છે કે જીવની આજસુધીની આદત તો જડમાં રમવાની છે તો પછી એ પ્રમાણે પરમાત્માને ધ્યાનમાં કેવી રીતે લાવવા ? તો એના માટે વિચારવાનું એ છે કે મારા એ નાથને સામે જગત ક્યાં ઓછું દેખાતું હતું ? પરંતુ એમને એની કોઈ અસર લેવાની નહોતી. જગતના પદાર્થો કે પ્રસંગો ન એમને રાજી કરી શકે કે ન નારાજ; ન રડાવી શકે, કે ન હસાવી શકે. જડ એવા સિંહાસનને હસવાનું હોય તો, તીર્થંકર દેવને હસવાનું હોય ! ત્યારે જો પૂછો કે તો શું એ જડ જેવા હતા ? આવું પૂછતાં તમે 'જડ' એટલે શું સમજો છો ? **શું લાગણીવશ થઈ જાય એ જડ નહિ, અને વીતરાગ ભાવમાંય રહેવું તે જડ ? આ ઊંધી સમજ છે.** અવિકારિતા એ તો સ્વાધીનતા છે. જરાય રાગદ્વેષ ન કરવા, એમાં પ્રભુ સ્વાધીન હતા, તેથી જ સામેના જડને, રાગદ્વેષથી વિનિર્મુક્ત એવી, નિર્મળ વૈરાગ્ય દૃષ્ટિથી જોતાં આવડતું હતું; પણ એ એનાથી લાગણીઓમાં તણાઈ જતા નહોતા. માટે જ એજ સાચા ચેતન ગણાય. જડમાં જે લાગણીવશ થઈ તણાઈ જાય, તેણે ચૈતન્ય શું જાળવ્યું ? ચૈતન્ય તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છે. એમાં રાગદ્વેષની, મોહ મમતાની કે અહંકાર-તૃષ્ણાની લાગણીઓ ભળે, એ તો કલંકરૂપ છે, ચૈતન્યને કદ્રુપું કરનાર છે. માટે એવી લાગણીઓમાં તણાવવામાં તો શુદ્ધ ચૈતન્ય ગુમાવી ઊલટા જડ બન્યા ગણાય. એટલે કહો કે **વસ્તુ જોઈને રાગદ્વેષ કરવામાં જડતા છે, વીતરાગ રહેવામાં ચૈતન્ય છે.** સંસારમાં રહ્યા એટલે જડ-સંયોગ તો રહેવાનો. જડ પદાર્થોનો રસાલો એ કાદવવાળું તળાવ છે. પરમાત્મા એમાં કમળ જેવો વર્તાવ રાખે છે, ત્યારે અધમાત્મા કીડા જેવો વર્તાવ રાખે છે.

**ઊંચા લાભની મોસમ કોકવાર મળે છે, માટે ત્યાં કમાવાની ધૂન :** એવા પરમપવિત્ર પરમાત્માના ધ્યાનમાં કેમ સ્થિર બની ન શકાય, પરમાત્માના ધ્યાનમાં સ્ખલના કેમ ન આવવા દેવાય, તેના માટે રાજાને પક્કી તકેદારી છે. પછી કેડને ફાટવું હોય તો ભલે ફાટે; પગને તૂટવું હોય તો ભલે તૂટે, નસોના કટકા થવાના હોય તો ભલે થાય, પણ 'અપ્પાણં વોસિરે' તો અખંડ જીવિત અને સુવિશુદ્ધ રહેવાનું, એ જ એક નિર્ધાર રહે એમાં શી નવાઈ ? એ નિર્ધાર ઉપર નવનવી ઊંચી ધ્યાનમાત્રામાં ચઢે એ સહજ છે. **વેપારી મોટા સોદા મોટા વેપાર મોશમમાં કરી લે છે.** દાસી આજે ધર્મના વેપારી રાજાના ઊંચા ઊંચા ભાવમાં અજાણપણે નિમિત્ત બની રહી છે. એ દીવો વધારે ચલાવે છે, તેથી રાજા અદ્ભુત સહિષ્ણુતા અને ધ્યાનને કેળવ્યે જાય છે ! જો કે દાસી ભ્રમણામાં છે, પણ નિમિત્ત સારામાં થાય છે.

**બીજાના મોહમાં નિમિત્ત ન બનો : ઈન્દ્રાણીનો વિવેક :** માણસે આ **ધ્યાન રાખવું ઘટે કે આપણે નરસામાં નિમિત્ત ન બનીએ.** અલબત્ત પ્રવૃત્તિ વિવેકની જોઈએ. ઈન્દ્રાણી રૂપનો અંબાર, છતાં વિવેકનો ખજાનો. સમવસરણમાં જાય પણ ખૂબ મર્યાદાથી ! તે સમજે કે જગત ભલે ઘેલું થાય, પણ આપણાથી ઘેલું ન થવાય ! જગતના જીવો માંડ માંડ અહીં મારા પરમાત્માની વાણી સાંભળવાનું પામ્યા હોય, વળી અહીં મારા પરમાત્મા જીવોના હૃદયમાં અનંતકાળે વૈરાગ્ય પેસાડતા હોય, ત્યાં અમે જો ત્યાં એ જીવોને અમારો એક ચેનચાળો રૂપનો કે ચેષ્ટાનો બતાવીએ, તો જીવોની ક્રૂર કતલ થઈ જાય ! પ્રભુનો વૈરાગ્ય બાજુએ રહી જાય, અને લટકાળી લલનાનો ચાળો ચિત્તમાં ચોંટી જાય ! ઈન્દ્રાણીમાં પણ પૂરો વિવેક હોય છે.

**આજના ઝેર : આર્યને ગમતી વાત ! :** વાત પણ સાચી છે કે **વિવેકીને જીવોની આ મહાન દયા હૈયે વસી જ હોય.** એને એમ થાય કે જીવોને બિચારાને ક્યાં અમે પાપનાં પોટલાં બંધાવીએ ? **આજની શૃંગારની પદ્ધતિ જગત પર ઝેરમય પાપની પ્રભાવના અને કંઈ નિર્દોષોની સીધી ચાલતી પવિત્ર જીવનસરણી પર કારમા ખંજર પ્રહાર કરી રહી છે !!** તેની સામે આર્યદેશના ચિંતકોને, વડેરાઓને કેમ કંઈ પડી નથી ? **સદાચારના પ્રાણવાળા આર્યદેશમાં** કેમ આવી મર્યાદારહિત ફેશન, ઉદ્‌ભટ વેશ, ઉદ્‌ભટ બોલીચાલી ચાલે છે ? કહો કે એ આર્ય જગતને ગમે છે, માટે પીરસાય છે. આર્ય જગત પરનું કોઈ રૂપ જોવા તૈયાર ન હોય તો, કોઈ મોહક શબ્દો સાંભળવા તૈયાર ન હોય તો, ચેનચાળા કરનાર શું કરે ? એને બધું ભૂલવું પડે, મૂકવું પડે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૧૮,તા.૨૭-૧૨-૧૯૫૨

## (૧૫) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

ઈન્દ્રાણીઓ સમવસરણમાં આવે પણ એમનુંય એક ધ્યાન; શું અદ્‌ભુત મારા પરમાત્મા છે ? શું તેઓનું આત્મપરાક્રમ છે ! કેવી અજબ જ્ઞાનદશા છે ! શું એઓની વીતરાગતા ! પ્રભુ મારા ! તમને ક્રોડ ક્રોડ વાર નમસ્કાર !' ઝુકી ઝુકીને એ વંદના કરે, ટસી ટસીને પ્રભુનાં દર્શન કરે. બસ, એક ધારાએ પ્રભુવાણીનું અત્યંત બહુમાન અને રસ સાથે શ્રવણ ચાલે ! કોઈ રૂપના પ્રદર્શન કરવાની વાત નહિ; કોઈ કટાક્ષ કરવાના નહિ; એકલી પ્રભુને જોવા સાંભળવાની વાત ! એમાં



સ્વયં હૃદય પવિત્ર રાખે, બીજાના હૈયાંય પવિત્ર રહે. આજની રીતરસમમાં પોતાનાય હૃદય મલિન કરવાના, અને બીજાનાંય મલિન કરવાના.

**ચંદ્રાવતંસકને ચંદ્ર જેવી શીતલ સમતા :** ધ્યાનમાં રાજા વધુને વધુ મક્કમ બને છે. હવે દાસીને તો લત લાગી, 'રાજા સાહેબને ખલેલ ન પડવા દઉં.' એટલે આવી આવીને તેલ પૂરી જાય છે. ત્યારે અહીં તો રાજા હવે મરવાની તૈયારીમાં છે. પણ જાણે **'વિઘ્ન વેઠીને, કષ્ટ, તકલીફ ઉઠાવીને જ્યાંસુધી ધર્મ ન સાધું, ત્યાંસુધી મારામાં ધર્મ ખીલે ક્યાંથી ?** આત્મામાં બરાબર પજળે કે પચે ક્યાંથી ?' એમ કરી ચંદ્ર જેવી શીતલ સમતા જાળવી ! દાંતે ચાવ્યા વિના જે કોળિયો ઉતાર્યો તે પચે ? શું શેરડી ચાવ્યા વિના એમજ ગળે ઉતારી દીધાથી રસ આવે ? ના એ તો ચાવીને ઉતારીએ તો પચે, તો રસ આવે. તેમ સ્વયં **ભોગ આપીને, તકલીફ સહીને ધર્મ અને પરમાત્માનું ધ્યાન થાય તો રસ આવે, તો અંતરાત્મામાં પચે. એ માટે અગવડને વહાલી કરવી પડે; પ્રતિકૂળતાને અનુકૂળતા માનવી પડે. પછી પચેલા ધર્મનો મહાપ્રભાવ !**

**સમતાથી સાત્ત્વિકતા ખીલે છે :** રાજાએ બરાબર સમતા જાળવી. શરીરે તો હવે અપરંપાર પીડા હતી, પણ ધ્યાન સચોટ જાળવ્યે રાખ્યું. દાસી પર કોઈ રોષ નહિ ! પોતાની પ્રતિજ્ઞા માટે કોઈ પશ્ચાત્તાપ નહિ, કે ક્યાં મેં ઉતાવળે પ્રતિજ્ઞા કરી નાખી ! રાજ્ય શું કે પ્રાણ શું કોઈના પર લોલુપતા નહિ ! જીવનમાં સાત્ત્વિકતા એમ જ ખીલે છે, અને એવા જ સુંદર પરિણામ લાવે છે, તેમ ધર્મીપણાનું સુંદર સંરક્ષણ કરે છે. એના બદલે બીજા ઉપર (૧) **રોષમાં ધમધમવાથી,** (૨) **કર્તવ્ય કે પ્રતિજ્ઞાની પાછળ પશ્ચાત્તાપ કરવાથી; અથવા** (૩) **જડની લોલુપતામાં રચ્યા પચ્યા રહેવાથી;** ઈત્યાદિના લીધે જીવો હાથે કરીને **પોતે જ પોતાના સત્ત્વને હણે છે, પરિણામ ભૂંડુ લાવે છે, ધાર્મિક માનવતાનો વિનાશ કરે છે.** રાજાનું સમાધિમાં મૃત્યુ થયું, કાળ કરીને એમનું ગમન થયું સ્વર્ગમાં ! શી ખોટ આવી ? મળ મૂત્રની કાયા મૂકી, દિવ્ય શરીર મલ્યું. ભૂ-રાજ્ય મટીને સ્વર્ગીય વૈભવના રાજ્ય મળ્યાં. એ તો પૌદ્‌ગલિક લાભ ! પણ પૂછો કે આત્મિક લાભમાં ? એ, કે સ્વર્ગમાં આ આરાધનાના ઊંચા ફળના હિસાબે ધર્મ પર અને એના ઉપદેશક પરમાત્મા પર શ્રદ્ધાબળ અને પ્રીતિભક્તિનો રંગ વધી ગયો ! સમતાથી કાયાને કસવાનું કેવું સુંદર પરિણામ !

**આત્માનું જતન : ધર્મ : અને સમજ :** એક યંત્રની પાછળ કેટલા જીવોનો કચ્ચરઘાણ નીકળે ? 'હું જ કદાચ જો એ યંત્રમાં કીડા તરીકે જન્મી ગયો તો મારી શી દશા ? અશાતાનો કારમો ઉદય !' આવો વિચાર આવે ? જગતના જીવોની,



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

જીવો નહિ તો માનવોની કરૂણ સ્થિતિ નિહાળો, તો ખબર પડે કે એ કેવા કેવા અશાતાના ઉદય, કેવા દરિદ્રતાના ઉદય, અને કેવા અપયશ અપમાનના ઉદય ભોગવે છે ? છતાંય પાછું ધર્મનું તો નામ નહિ ! અહીં રાજા ચંદ્રાવતંસકે રાજશાહી સ્થિતિમાં પ્રતિજ્ઞા પાલનનો અને સુંદર એકાગ્ર ધ્યાનનો કઠિન ધર્મ સાધવાનું ભગીરથ ધર્મકાર્ય કર્યું ! જતના એટલે કે સાવચેતી વિના ધર્મ નથી, ને સમજ વિના સાવચેતી નથી. **જતના માટેનો આ જન્મ છે, ને પાછું અહીં તમને શાસનના પ્રતાપે સમજ મલી છે !** હવે જો જતના નહિ ખીલવો તો ભવિષ્યમાં શું ? ત્યાં આત્માનું જતન કરવાનું અને તે માટે સમજ મેળવવાનું મુશ્કેલ છે. આ જતના અને ધર્મ માટે સુખશીલતા તોડવી જોઈએ. મુશ્કેલ નથી. જગતના સુખ કલંકિત છે, એ જુઓ, બરાબર જુઓ, તો સુખ અકારા લાગશે. કલંકિત આ રીતે,–

**કોઈકના ઘોર પાપોદય પર આપણા તુચ્છ પુણ્યોદય :** જગત વિચિત્ર છે, સરોવરમાં પડેલી સતી સુરસુંદરીનું કોઈ નહિ. મગરમચ્છના પેટમાં આખીને આખી ગળાઈ ગઈ. માછીમારે મગરમચ્છને બહાર કાઢ્યો. આટલો ફુલેલો કેમ ? માછીમારની આ વિચારણા ઉપર મચ્છનું મોત છે. ત્યારે ખૂબી તો જુઓ કે જો મગરમચ્છ કપાય તો સુરસુંદરીને બચવાનો પુણ્યોદય જાગે ! **જગતના પુણ્યોદય કોઈક બિચારાના મૃત્યુ સુધીના પાપોદયે જાગે છે. આ પુણ્યોદય ! એના પર તો વિરાગ થાય એવો છે. વિચારો કે તમારો રોજનો સંસાર કેટલા જીવોના મૃત્યુ સુધીના પાપના ઉદયથી ચાલે છે ? કેટલાક જીવોના ઘોર પાપના ઉદયથી તમારો એક ટંક તૈયાર થાય છે ? કેટલા જીવોના ઘોર પાપના ઉદય થાય ત્યારે એક કપડું તૈયાર થાય ? ખેતર ખેડાય ત્યારથી માંડી, ખેતરમાં ઘર કરી રહેલ કીડા કીડી વગેરે કેટલાય વરસાદમાં સાફ થઈ જાય, કપાસના પાક વગેરેમાં તથા મીલમાં કેટલા જીવોના કચ્ચરઘાણ નીકળે, એનો હિસાબ માંડો ! તમને વિષય ક્રિયામાં શાતાનું પુણ્ય મલે એમાં કેટલાની કતલ થાય ? નવ લાખ ગર્ભજ અને અસંખ્યાતા બીજા જીવોની ! આ કતલ પર મને મનુષ્યભવ મળ્યો, એ જો સમજાયું તો ધર્મ સિવાય બીજુ ન ગમે. જો વિચારાય કે એક સવારથી બીજી સવાર સુધી હું કેટલા જીવોને ઘોર પાપોદયે થતી અશાતા ઉપર શાતા મેળવું છું, જો આ વિચારણા આવે તો તે જાતના પુણ્ય પર તિરસ્કાર છુટ્યા વિના ન રહે, જો હૈયું હોય તો !**

**જગતના સુખો જૈનને કેમ ન ગમે ?** એ સુખો પ્રત્યે કેમ એને અંદરખાનેથી કાળો ઉદ્વેગ હોય ! કારણ એ છે કે એ જાણે છે કે **'કેટલાય જીવોના જીવનભરના સુખનો નાશ કરે એવા પાપના ઉદયે મારા સુખનો એક દિવસ પૂરો થાય છે ! ત્યારે એવા સુખ ઉપર શું રાજી થવું ? શું ગર્વ લેવો ? કે ઓછું મળ્યું, તો એમાં**



**શી અફસોસી માનવી ? એવું તો ઓછું મળવામાં ઉદ્વેગને બદલે ઊલટો આંતરિક સાચો ઉલ્લાસ ન અનુભવું ?** મારા વીતરાગનાથે, મારા અરિહંતદેવે તો આ ઉલ્લાસ શિખવ્યો છે.

**યોગદૃષ્ટિ માટે અધ્યાત્મભાવ જોઈએ :** ધન, કુટુંબ વગેરે જેમ શ્રીમંતને સંસારવર્ધક બને છે, તેમ અધ્યાત્મ વિનાનો શાસ્ત્રજ્ઞાનનો સ્ટોક પંડિતને સંસારવર્ધક બને છે. કારણ કે શાસ્ત્રો પર જ લોકમાં ચરી ખાવા માટે એ મસ્તાન હોય છે. એનો ઉપયોગ એ ક્યાં કરવાનો ? બીજાને નિરુત્તર કરવામાં. પોતાની અર્થ કામની, વાતોને શાસ્ત્રથી સાબિત કરી લોકને ઊંધે રસ્તે લઈ જવામાં, સાધુને હલકા પાડવામાં ! જ્ઞાનીના વચન પર શ્રદ્ધા રાખી સન્માર્ગે ચાલનારને કુયુક્તિના ગોળા પર એ એવો ચઢાવે કે સન્માર્ગથી પેલો બિચારો ચત્તોપાટ ઉથલી પડે ! ધની ધનથી મદમાં ચઢે છે. પંડિત પંડિતાઈથી મદમાં ચઢે છે. **અધ્યાત્મભાવ વિના સારા નથી બની શકાતું.**

**અધ્યાત્મ એટલે આત્મા ઉપરથી મોહનો અધિકાર ઉઠી ગયા પછી આત્માના ઉદ્દેશથી જે શુદ્ધ ક્રિયા કરાય તે.** એનું શુભ વલણ તે અધ્યાત્મભાવ. અધ્યાત્મી પુરુષ સમ્યગ્ ક્રિયાનો ખૂબ ખૂબ ખપી હોય ! ક્રિયાઓ સમ્યગ્ શાથી ? ક્રિયાઓ આત્માને ઉદ્દેશીને કરે છે માટે. આમાં ત્રણ વાત થઈ. (૧) આત્મા પરથી મોહનો અધિકાર ઉઠી ગયો હોય, (૨) બીજું ઉત્તમ ક્રિયાઓ આવી હોય, અને (૩) ક્રિયાઓ પણ આત્માને ઉદ્દેશીને થતી હોય. અધ્યાત્મભાવ આ બધું આત્મામાં જમાવે, મોહ પર કાબુ, વિશુદ્ધ ક્રિયા, અને શુદ્ધ ધ્યેય.

**પ્ર.**- એ હજી મોહની ક્રિયા તો કરે છે, તો પછી મોહનો એના પર અધિકાર કેમ નહિ કહેવાય ?

ઉ.- જગતમાં સાપના ખેલથીય પૈસા કમાનારા મદારી લોકો છે, તો શું એના પર સાપ અધિકાર જમાવી જાય ? ના, સાપનું ઝેર કાઢીને પકડ્યો એટલે સાપ અધિકાર વિનાનો થઈ ગયો. મદારી સાપનો પછી ઉપયોગ કરે ખરો, પણ પોતાનો અધિકાર રાખીને. અધ્યાત્મી માણસ વખતે રાગદ્વેષનો ઉપયોગ કરે, પણ અધિકાર હાથમાં રાખીને. એને વાસના નડે ખરી; પણ વાસનાની જડ એણે પકડી રાખેલી ! એટલે વાસના પાછળ નિર્વિવેકી કે દીન-ઓશિયાળો ન બને. રાગનો ઉપયોગ કેવો ? દીકરો છે, વ્હાલ પણ કરે, પણ અધિકાર હાથમાં રાખીને ! એ તો કહે છે કે "વ્હાલ કરું છું, પણ જો લાઈન બહાર ગયો તો તારો-મારો સંબંધ નહિ ! માટે જોજે ચોરી ન કરતો, અસત્ય ન બોલતો, ઉદ્ધત ન બનતો, ધર્મ ન ભૂલતો." દીકરા પર આ કેવો મોહ છે ? પોતાના અધિકારવાળો, મોહના

અધિકારવાળો નહિ ! **અધ્યાત્મભાવમાં પાપનો ભય છે, સંસાર પર ઉદ્વેગ છે, જડની લીલામાં ગાંડપણ લાગે છે; ત્યાં મોહ શો અધિકાર જમાવી શકે ?**

**અધ્યાત્મના દીવા વિનાનો આત્મા રત્ને ભરી એક અંધારી ગુફા છે.** એમાં છતાં રત્ન ન મળે, છતી રસકુપ્પીકાઓ ન દેખાય ન ભોગવાય. અનુત્તરવાસી દેવો એ અનુભવે છે ! જો અધ્યાત્મ વિનાની પંડિતાઈ, અધ્યાત્મ વિનાનું શાસ્ત્રનું જ્ઞાન સંસારવૃદ્ધિનું કારણ થાય, તો કહો એ જીવોએ પંડિતાઈના પરિણામે શું બહાદુરી મેળવી ? **ટૂંકાઈ જતા સંસારને લાંબો લચક કરવાની ને ?** જે અધ્યાત્મના ભાવ વિના ધર્મ શાસ્ત્ર ભણે, તો પણ સંસાર વધારવા માટે બને છે, ત્યારે ખૂબી તો જુઓ કે એવો ધર્મશાસ્ત્ર નહિ, પણ સંસારવિદ્યાના શાસ્ત્ર અને કેળવણી જેવી સંસારને વધવા-વધારવાની પ્રવૃત્તિને આજે જૈન ધર્મની સેવાનાં નામ અપાય છે ! આજના જગતનું વિજ્ઞાન અને શાણપણ જુદી કોટિનું છે.

સમજજો કે જીવનમાં ક્રોધ, ખુમારી વગેરે કષાયના ઉપયોગ, અને ઇન્દ્રિયોના વિષયમાં પ્રવૃત્તિ થતી હશે, પણ એના પર કાબુ આત્માનો જોઈશે, પણ નહિ કે એનો દાબ આત્મા પર ! એનું નામ મોહનો અધિકાર ઉઠાડવાની પ્રવૃત્તિ. જ્યારે કષાયનો ઉપયોગ કરતી વખતે કષાયો આત્મા પર અધિકાર જમાવે છે, ત્યારે ભણેલા ધર્મશાસ્ત્રના જોરપર મહાવ્રતધારી પવિત્ર સાધુસંતોને હલકા પાડવાની નાદાનીયત થાય છે, એ કહે છે કે 'છે કાંઈ આ સાધુઓને ? સમાજના માલ ખાવા, નિષ્ક્રિય પડી રહેવું...' પણ આવું બોલનારને એટલી ખબર નથી કે એ સાધુઓ જે પવિત્ર જીવન ગુજારે છે, એ એક મોટી સક્રિયતા છે. જગતને પવિત્ર બનવાનો આદર્શ આપે છે. જૈન સંસ્કૃતિનો વારસો ટકાવે છે, પૂર્વે પંડિતો હતા, પણ અધ્યાત્મી. ત્યારે મોહના પૂર્ણ અધિકાર નીચે કામ કરતી આજની કેળવણી શું આપે છે ? આર્યતાને ધીમું ઝેર, SLOW POISON ! કુસંસ્કાર અને કુપ્રવૃત્તિ શીખવે છે; વાસના અને વિકાર જગાડે છે; કુમતિ અને અજ્ઞાન પાથરે છે; આત્મવાદની નજીકની સ્થિતિને દૂર ફેંકવાનું કરે છે; ધર્મની રહી સહી નીતિને દૂર ફેંકી દેવાનું ભયાનક કાર્ય કરે છે. આમ આજની કેળવણી કેટલાંય ઝેર આપે છે ! જો પરીક્ષા લો, તો બહુ ટકા રિઝલ્ટ મલે ! **બહાર જ્યાં ભવિષ્યના અનંત જીવનને બગાડે તેવાં ઝેર નિત્ય પીરસાતાં હોય, ત્યાં જો તે ઝેર લઈને ઘેર આવેલા બાળકમાંથી એ ઝેર કાઢવાની વાત નહિ રાખો, તો કલ્પના કરો કે શું પરિણામ આવશે !!** આજે સંશોધન દૃષ્ટિ, ઐતિહાસિક દૃષ્ટિ અને સમન્વય દૃષ્ટિમાં મનાયેલી વિદ્વત્તાએ શાસ્ત્રોના ભાવાર્થ, તાત્પર્યાર્થ, પારમ્પર્યાર્થના, બોધ, ચિંતન, પરિણમન અને અનુભવજ્ઞાનને



ભૂલાવી દીધાં. પછી આત્મામાં પરિણમવાનું શું ? આત્માની વાતો કરનારાં શાસ્ત્રો, એ પણ અધ્યાત્મ વિના જો ભણાય તો સંસાર વધારે, તો પછી આજની અધ્યાત્મ વિનાની કેવળ શુષ્ક જડવાદની કેળવણી આત્માની અને આત્મવાદની કેવી ઘોર ખોદશે, આત્માને ક્યાં કેવો અને કેટલો નીચે પટકશે, એનો વિચાર કરો ! એમાંથી જાતને અને આશ્રિત કુટુંબીઓ વગેરેને બચાવવા અધ્યાત્મભાવ ખૂબ વિસ્તારો. અહીં જ્યારે માનવ જીવનનું મહાન **પુણ્ય** મળેલું છે, તો એમાં સત્ **પુરુષાર્થ** ભેળવી શકાશે; પણ એ માનવ આયુષ્યનું **પુણ્ય પત્યા પછી ઈચ્છશો તોય કંઈજ પુરુષાર્થ નહિ કેળવી શકાય ! તેમ પુણ્ય વખતે અસત્ ઊંધો પુરુષાર્થ કેળવેલો ભારે પડશે !**

**આજની સગવડોમાં આત્મચિંતાનું દેવાળું :** આજે તો માનવને ડાંસ-મચ્છર પીડતા હોય તો ફ્લીટની સગવડ ! ઉંદર નડતા હોય તો એનો પ્રાણથી નિકાલ કરવા મ્યુનિસિપલ પાંજરાની સગવડ ! કોર્ટમાં જુઠ ચલાવવા વકિલોની આજ ખૂબ સગવડ ! ભોગનીય સગવડ અને વિલાસનીય સગવડ ! ઈત્યાદિ આજના કાળે ઘણી ઘણી અનુકૂળતા કરી દીધી. પરાયાં રૂપ જોવાનીય આજના માનવોને અસદાચારની ખૂબ સગવડ ! કેમકે એક બાજુ રૂપ ભટકતાં ફરે અને પ્રદર્શન કરે, બીજી બાજુ એ જોવામાં પાપ છે એવી માન્યતા ઊડી ગઈ ! **આટલી ભયંકર સ્થિતિ હોવા છતાં તમને તમારી જાતની કે તમારા સંતાનની ચિંતા ન થતી હોય, તો તમે પોતે તમારા આત્માના કે સંતાનના શત્રુ જ થવાના ને ? મમ્મણ સુભૂમને સાતમી નરકે કોણે નાખ્યા ? આત્મચિંતાને ભૂલેલી પોતાની જાતે જ.**

**પુણ્યાઈ કેટલી ઊંચી ! અને અધ્યાત્મભાવના અભાવે જીવન કેટલું નીચું !** જ્યાં જ્યાં આગળ આર્ય દેશમાં ઊંચામાં ઊંચી કોટિના તત્ત્વોની વાતો પીરસાતી હોય, વળી મહાન શાસ્ત્ર સાંભળવા મળતાં હોય, તદુપરાંત શાસ્ત્રો સમજવા માટેનું મહાન ભાગ્ય અને બુદ્ધિ મલ્યા હોય, તેમ છતાં અધ્યાત્મભાવની સામાન્ય પણ કાળજી ન રખાય, એ તો ખરેખર કમભાગ્ય છે ! આ તો જેટલી ઊંચી સ્થિતિએ ચઢ્યા છીએ, ત્યાંથી પટકાવાની તેટલી મોટી મૂર્ખાઈ થાય છે. રાજા દશાર્ણભદ્રને પ્રભુનું અનુપમ સન્માન કરી વંદન કરવા જવાની ભાવનાની સાથે અધ્યાત્મભાવ હતો, તો કેટલો ઉચ્ચ વિકાસ સહેજ વાતમાં એ સાધે છે ! એને એમ થાય છે કે 'જો હું પ્રભુને સર્વ શ્રેષ્ઠ આડંબરથી વંદન કરવા જવાનું અભિમાન કે દાવો કરી શકું, તો એવુંય ગૌરવ કેમ ન સાચવી શકું કે મારે એ દાવો કોઈપણ ભોગે ફલીભૂત કરવાનો જ. તેથી ઈન્દ્ર ન કરી શકે તેવું વંદન કરું.' પછી શું ?



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ત્યાં જ દીક્ષા લઈને વંદન કર્યું. **અધ્યાત્મભાવની આત્મામાં ગેરહાજરી, એના કારણે સવારથી સાંજ સુધી સંસાર સિવાય કંઈ યાદ ન આવે. પરિણામ એ કે સુખમાં છકેલ અને દુ:ખમાં પોકનો પાર નહિ !!**

**પ્રતિકૂળ સંસારનોય ખેદ નહિ અને અનુકૂળ ધર્મનોય આદર નહિ, એ શું ? :** છતી ધર્મસામગ્રીમાંય, અધ્યાત્મભાવની ગેરહાજરીને લીધે, બહાના કાઢવાના કે **'ઉપાધિ ઘણી છે, ઉદયકાળ નથી, સગવડ નથી, પ્રમાદ છે, અંતરાય નડે છે, ભારે કર્મી છીએ,'** વગેરે વગેરે. ધર્મસાધનાથી દૂર રહેવા આવા તો કેઈ ઓઠાં ! ત્યારે આશ્ચર્ય તો એ છે કે સંસારની સામગ્રી ભારોભાર અગવડ અને વિઘ્નથી ભરેલી હોય તો પણ સંસાર પર કંટાળો નહિ, સંસાર સામે બચાવ કરી સંસારને સાધવાથી દૂર થવાની વાત સરખીય નહિ !! ઊલટું અસાધ્યને સુધારવા મથે એવો, કે લોહીનાં પાણી કરે, લાતો ખાય, છેલ્લા શ્વાસોશ્વાસ સુધી તેને વળગી રહે ! ડહાપણ એ છે કે આ સ્થિતિ સુધારો, અને કમમાં કમ **અનુકૂળતાવાળો ધર્મ તો જરૂર ખૂબ સાધી લો. પ્રતિકૂળતાવાળો સંસાર જરૂર છોડો.** પૈસાની તંગીમાં મિઠાઈના ભોજનનો સંસાર, સિનેમા જોવાનો સંસાર, ફેશનનો સંસાર, ખિસ્સાને પ્રતિકૂળ છે, માટે એ ત્યજો. મોહ આપણને બેભાન કરી શકે નહિ ! જરૂર પડે આપણે એને બેભાન કરી શકીએ. સંસારને કહી દઈએ કે "તારે મારા આત્માની સેવામાં રહેવું હોય તો રહેજે; બાકી એ દિવસો ગયા કે તું કહે એજ મારું જીવન-કર્તવ્ય માનું ! કે તું કહે એટલું જ કર્યા કરું ! હવે તો તને પોષવાને બદલે શોષવાની વાત છે. કેમકે તને સંપૂર્ણ શોષી નાખનાર અરિહંત દેવનો હું અનુયાયી છું."

**આત્મગુણોને કુલ સાથે કેટલો સંબંધ ? :** સુરસુંદરીને કિનારે ઉતારી **વાણોતરે** વેશ્યાને વેચી દામ કર્યા, અને હાથમાં આવેલી એ જ સુરસુંદરીને **માછીમારે** રાજાને ભેટ ધરી ! **વિવેક અને ઉદારતા ક્યાં વસેલી હશે ?** ધોળા કપડામાં કે કાળામાં ? રોટલી ખાનારમાં કે મિષ્ટાન્ન ઉડાવનારમાં ? ભારે પંડિતાઈવાળામાં કે અજ્ઞાનીમાં ? મહા બળવાનમાં કે અબળામાં ? આ તો મદ અને ખુમારી તમારી છાતી ન ભરી જાય, એ માટે આ વાત છે. આત્માના ગુણો તરફ જુઓ. એની ચીવટ ચોકસાઈ રાખો. કયા ગુણો ? ઉદારતા અને ગંભીરતા, સૌમ્યતા અને દયા, સરળતા અને નિર્ભયતા, પરમાર્થ અને પરોપકાર, જગતમાં તેની સુવાસ ફેલાય છે, એના પર ગમે તે માણસ અધિકાર જમાવી શકે છે, એને ધારણ કરનારા પૂજાય છે.





# (૧૬) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**ઉદારતા વગેરે ગુણરૂપ શાથી છે ? :-** કારણ એ છે કે પાપી જગત પણ માને કે અમારા પર બીજા સ્વાર્થ ન રમે, પણ પરમાર્થ કરે, પરોપકાર કરે. હિંસા અને ક્રૂરતા ન કરે પણ દયા ને સૌમ્યતા દાખવે. ક્ષુદ્રતા અને ઈર્ષ્યા ન બતાવે, પણ ઉદારતા ને ગંભીરતા રાખે ! **જગતનો પાપીમાં પાપી પણ માને કે 'મારી સામે કોઈ સ્વાર્થી ન બને, નિર્દય ન બને, જુઠાણું ન હાંકે, અપકાર કરનારો ન બને, કૃપણ ન બને, તુચ્છ ન બને !'** જગતનાં જીવ માત્ર આ ઈચ્છે છે ! એ શું સૂચવે છે ? એજ કે જીવનમાં એ ગુણરૂપ છે, અને કમાવા યોગ્ય છે. સારી ચીજ ઉદારતા છે, કૃપણતા નહિ; સત્ય છે, જુઠાણું નહિ; પરમાર્થ છે, સ્વાર્થ નહિ; આવકારવા યોગ્ય દયા છે, ક્રૂરતા નહિ ! એટલે નક્કી થયું કે **જગતને સુખ આપનાર ઉદારતા છે, દયા છે, દાન છે, પરોપકાર છે, સત્ય છે !** આત્માના એ જે ગુણો, તેનો ઠેકો અને મરદાનગી, પાંડિત્ય પર નથી, છેલછબીલાઈ પર નથી, પણ આત્માની મુલાયમતા પર છે. ગમાર જેવો હોય તે પણ મુલાયમ બની શકે છે, અને ઉદારતાદિ ગુણો કેળવી શકે છે. માછીમાર ગમાર ગણાય, એણે સુંદર સુરસુંદરીને જાતે ન રાખતાં રાજાને સોંપી.

**ત્યાગની ચાવી :-** જે ચીજ માટે એ માન્યતા આવે કે

**(૧) આ મેળવવામાં મારી કોઈ હોશિયારી કે મહેનત નથી, અથવા**

**(૨) આ ચીજ જ કિંમતી નથી, અથવા**

**(૩) મારા આત્માના કરતાં વધુ કિંમતી નથી, કે**

**(૪) આ ચીજ ભોગવવાનો મારો કોઈ અધિકાર નથી, અથવા**

**(૫) આ ચીજ મને ભવિષ્યમાં મહાન દુ:ખ કરશે,**

તો એનો ત્યાગ સહેલાઈથી થઈ શકે. ત્યાગ કરવાની આ ચાવી ! **પુણ્યને બદલે જાતમહેનતનો વધુ ખ્યાલ, અને પોતાના આત્માને બદલે વિનશ્વર જડ પદાર્થની મોટી કિંમત આંકણી, - આ બંનેએ દાન અને ત્યાગ મોંઘા કરી દીધા છે.** એને દૂર કરી દો, તથા ભાવિ અનર્થનો વિચાર કરો, એટલે પત્યું; પછી તો દાન અને ત્યાગ ક્યાં ક્યાં કરી શકાય છે, એની ચોંટ રહેશે ! માછીમારે મગરના પેટમાંથી કાઢેલી સુરસુંદરી માટે જોયું કે આના પર તો અધિકાર મારો નહિ. પણ મારા

રાજાનો હોય. તેથી જઈને રાજાને ભેટ કરી. **'જે રાજપાટ બાપાજી આપવાના હતા, તેમાં અમારી મહેનત નહોતી; તો પછી એની બહુ કિંમત નહિ, માટે છોડો એને.'** એમ વિચાર કરાય, **તો રામચન્દ્રજીની જેમ મોટું રાજ્ય છોડવું હોય તો શું કઠીન ?** તેમ જમીન પરથી તમે ચપટી ધૂળ ઊંચકી, ત્યાં કોઈ કહે કે 'એ ફલાણા ભાઈને આપી દો.' તો આપોને ? કેમ ? જાણો છો કે એની કિંમત નથી, જેના માટે એમ સમજાય કે આની કિંમત કાંઈ નથી, એટલે અવસરે એને સંકોચ વિના ત્યજી શકાય. એવું જ બહુ મહેનત વિના મેળવેલી વસ્તુનું બને. એમ થાય કે મહેનતમાં મારી જોડે એ પણ ઊભો હતો, છતાં એ બે રૂપિયા પામ્યો ને હું દસ ! તો મારે આઠ રૂપિયા વગર મહેનતના છે. મહેનતના તો બે રૂપિયા મળી ગયા. આમ માન્યું એટલે આઠમાંથી ત્યાગ કરવો સહેલો. એમ ભાવિ ભયંકર નુકસાનવાળી વસ્તુનો ત્યાગ સહેલો, **ધૈર્ય પુરુષાર્થ માટે યોગ્ય વિચારણા જોઈએ.** માત્ર આવી સીધી અને જરૂરી સારી માન્યતા ઘડતાં નથી આવડતી. એટલે એ વસ્તુનો સારો ઉપયોગ કરવાના અવસરે હૃદયકમળ બિડાઈ જાય છે ! **માનવને મળેલી શક્તિ અને સામગ્રીનો પરમાર્થ કરવાના પ્રસંગે કે સદુપયોગના સમયે તો સૂર્ય ઉગતાં કમળો વિકસ્વર થાય, તેમ હૃદય વિકસ્વર થવું જોઈએ.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૦,તા.૧૭-૧-૧૯૫૩

## (૧૭) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**અખૂટ સંસાર કેમ ખૂટે ? :** યોગનું વર્ણન સાભળેલું ત્યારે જ જીવનમાં સફળ બને કે જ્યારે અધ્યાત્મભાવ જાગે. મોહનો અંધકાર જાય, ને સુપ્રવૃત્તિ જીવનમાં આવે. જો તમે અધ્યાત્મભાવમાં રમણ કરનારા બન્યા, એટલે મોક્ષ તમારે સરળ બન્યો. કેમકે મોક્ષ એટલે આત્માની સર્વથા શુદ્ધ અવસ્થા અને અધ્યાત્મભાવની વિશુદ્ધિ થવામાં અનુકૂળ વાતાવરણ. **અનંતાકાળના મલિન આત્માનું સંશોધન કરવાની તાકાત બીજામાં નહિ; એ તાકાત તો અધ્યાત્મભાવમાં જ છે. અધ્યાત્મભાવ જ સંસારનો અંત લાવી શકશે, અનંતાકાળથી વહી આવતા અખૂટ સંસારને ખૂટાડી દેશે.** તમારે સંસાર ખૂટાડવો છે ? તો આવા સંસારને સમજો. સંસાર એટલે પાપના સહઉદયથી કલંકિત એવા પુણ્યના ઉદય. આને બરાબર ઓળખી લ્યો, જેથી સંસારનાં સુખ મૂંઝવે નહિ, કે જીવને રસિયા બનાવી શકે નહિ, તેથી ક્રોધાદિ કુલાગણીઓમાં અથડાઓ નહિ. પછી સંસારને અવસરે તમાચો મારતા વાર નહિ !



**પુણ્યના ઉદય પર વૈરાગ્ય કેળવવાની ચાવી : એક તો પુણ્યના ઉદય બીજા અનેક પાપોના ઉદયથી કલંકિત છે. તેમ એ પણ એક હકીકત છે, કે આપણા પુણ્યના ઉદય બીજાના પાપના ઉદયે સફલ થાય છે !** એટલે જ એના સત્કાર કરવા જેવા નહિ. આપણા પુણ્યના ઉદય આપણાય બીજા સહવર્તી પાપોદયથી કલંકિત હોય એમાં શું ગૌરવ લેવા જેવું ? તેમ બીજા જે મૃત્યુ સુધીના દુઃખ આપી પુણ્ય ઉદય પામતા હોય, એમાં આવકારવા જેવું શું ?

**સતી સુરસુંદરીએ કેટકેટલું સહ્યું ? તમે સહો છો ?** સતી સુરસુંદરીનું સુખ ગયું તેનું દુઃખ નથી, કે દુઃખ આવ્યું પણ દુઃખ નથી ! શીલ પર આક્રમણ આવતું દેખાય તેનું દુઃખ છે. રાજાના અંતપુરમાંથી નીકળીને જંગલ તરફ ચાલી જાય છે. રાણીઓએ રાજાને સુરસુંદરી ભાગી ગયાનું અગડંબગડં સમજાવ્યું. **સતી, સમકિતિ, અને નમસ્કાર મહામંત્રને ગણનારી છતાં તેને દુઃખ આવે છે, પણ મૂંઝવણ નહિ. કેમકે એમાં પૂર્વભવના ઊભા કરેલા દેવા ચુકવાતા જાય છે.** જંગલમાં ચોર મલ્યા. "હે ભગવાન, રાજમહેલમાં તો થયું, પણ જંગલમાંય અપમંગલ !" ચોરને સુણાવી દીધું કે 'રહેજે, અડીશ નહિ.' અડ્યા વિના ચોરો તેને પલ્લી તરફ લઈ ગયા. **ખરાબ સંયોગોમાં સુરસુંદરી ખરાબ થતી નથી.** નહિતર ખરાબ વસ્તુના સંસર્ગમાં તો સારામાં સારી ચીજ પણ કેવી બગડી જાય ? પુત્ર સારામાં સારો, પણ તેના માટે પ્રશંસા કરી એટલે એને જ ઉદ્ધત બનતાં વાર ન લાગે ! કુસંગ થાય, એટલે વિણસતાં વાર નહિ ! પ્રશંસાનું શ્રવણ એ જાણે એક એવો સંસર્ગ છે, કે આત્મામાં ઉદ્ધતાઈનો બગાડો લાવે.

જ્યાં ઉત્તમ ભાવના, જિનવાણીનું શ્રવણ, અને તત્ત્વચિંતન મલતાં હોય, પણ જો કુચિંતનના, આપમતિના અને મોહમૂઢતાના કુસંગ થાય, એટલે બગડતાં વાર નહિ ! અહીં સુરસુંદરીએ ધર્મવીર્ય એવું પ્રગટ રાખ્યું છે કે, સંયોગોની અસર નથી થતી ! પ્રાણ જાય તો ભલે જાય, પણ શીલ રક્ષવાનું તે રક્ષવાનું !

**સંસારનો અંત ધર્મવીર્ય ફોરવવાથી જ આવશે : ધર્મવીર્ય ફોરવવું એટલે (૧) સંસારની ક્રિયા કરવા છતાં અલિપ્ત રહેવું, (૨) એની ખરાબ અસર ન લેવી, અને (૩,૪) ધર્મક્રિયા જેટલી થાય તેટલી વીર્યોલ્લાસપૂર્વક તથા સમજ સાથે કરવી.** મોહના ઉદયની સામે ધર્મક્રિયાઓનો તથા ગુણપ્રાપ્તિ વગેરેના વ્યૂહનો (યોજનાનો) મોરચો માંડવો જોઈએ. દરરોજ ટેવ પાડતા જાઓ. એટલે તે સ્વાભાવિક થઈ જાય. **મનને ધર્મ સ્વાભાવિક બને, અને સંસાર પરાયો અને અળગો લાગે, ત્યારે સમજવું કે હવે પોતે કાંઈક ઠેકાણે આવ્યો છે, પોતે ધર્મને સિદ્ધ કરી શક્યો છે.**

જે આત્મા પરથી મોહનો અધિકાર ઊઠી ગયો હોય, શુભ ક્રિયા કરે, ને



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ઉદ્દેશ આત્માનો રાખે, તે અધ્યાત્મી. (૧) ક્રિયા કરે છે, **કેવી રીતે ?** મોહના અધિકાર દૂર રાખીને. (૨) **કઈ ક્રિયા ?** શુભ ક્રિયા (૩) **શા માટે** કરે ? આત્માના ઉદ્દેશથી આત્માનો ઉદ્દેશ એટલે ? આત્માનું હિત કેમ થાય, આત્માની શુદ્ધિ અને સ્વતંત્રતા કેમ થાય, એ લક્ષ્ય રાખીને, એની ચોંટ રાખીને.

**વસ્તુની ઓળખ અને વિશ્વાસ વિના સારું મળેલું ફોગટ ! :** જરિયાન જેવું કપડું કોઈએ આપણને અંધારામાં આપ્યું. પણ જરી એટલે ખુંચવા માંડે ત્યાં જો માની લઈએ કે 'શું આ મટોડા ચોટેંલા ચીંથરા આપ્યા ?' તો સારી ચીજ હાથમાં આવ્યા છતાં તેવા પ્રકારનો લાભ નહિ આપે. એને ફેંકી દેવાનું મન થશે. યોગદૃષ્ટિની ઊંચી વાતો એટલે એવી અદ્‌ભુત વાતો છે કે બીજું લાંબું તત્ત્વજ્ઞાન કદાચ ન પણ હોય, તો પણ જો આ વાતોને જીવનમાં પચાવતા આવડી, તો સહેલાઈથી મોક્ષને સાધી શકીએ. જે આત્માઓએ ચૌદપૂર્વના કે અગિયાર અંગનાય પૂરા જ્ઞાન સિવાય મોક્ષ સાધ્યા છે, તે કેવી રીતે સાધ્યા હશે ? તે આ ભૂમિકા જોવાથી જણાશે. જીવનમાં અવશ્ય પ્રાપ્ત કરવા જેવી આ અપૂર્વ ચીજ છે, એવો દઢ વિશ્વાસ જોઈએ. તો જ ધીખતો પુરુષાર્થ થશે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૧,તા.૨૪-૧-૧૯૫૩

## (૧૮) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**સંસાર એટલે શું ?** સાંભળેલા શાસ્ત્રો આત્મામાં પ્રગતિ કેમ નથી આપતા ? શું કારણ છે તે શોધી કાઢો. કહો છો કે ચાહીને સાંભળવા આવીએ છીએ, ચાહીને કલાક કાઢીએ છીએ, એક કલાકમાંય ખૂબ સાંભળવા મલે છે, કેટલા શબ્દો ? મિનિટના પચાસ ગણો, તો ૬૦ મિનિટમાં કેટલા થાય ? વાત ભેગા ત્રણ હજાર ! એવું પાછું એક જ દિવસ નહિ, એક જ મહિનો કે એક જ વર્ષ નહિ, પણ વર્ષોના વર્ષો સાંભળવા મલે ! છતાં પ્રગતિનું માપ કાઢો તો ? **આપણે સંસારને કેટલો કાપતા આવ્યા ? સંસાર એટલે ? ૧. એક ભવમાંથી બીજા ભવમાં સરકવાનું, સારી રીતે સરકવાનું. ૨.** એક લાગણીમાંથી બીજી લાગણીમાં, **૩.** એક ચિંતામાંથી બીજી ચિંતામાં, **૪.** એક રાગ કે દ્વેષમાંથી બીજા રાગ કે દ્વેષમાં. **૫.** એક જડમાંથી બીજા જડ ઉપર; આમ સરકવાનું જ્યાં સુધી ચાલુ છે, ત્યાં સુધી સંસાર છે. આવું અનંતકાળ વીતવા છતાં જીવ હજી થાક્યો નથી લાગતો ! કેમ ? કહો, થાકનો અનુભવ થાય છે ?



**સંસારમાં સરકવાની હદ કે માપ ખરું ? :** મોટા ઊંચા મેરુને મથાળે કાંકરો મૂક્યો હોય, તે સરકતો ચાલ્યો, પણ તેને અંત હોય. ભૂમિ પર આવી અટકે. પણ જીવને સરક્યા કરવાનો કોઈ અંત ? જે સંસાર જીવે પોતાના માથે કર્યો છે તેનાથી લપ એવી વળગી છે કે જો ઊંચે નહિ જવાય, તો નીચે જઈને પણ એક ભવમાંથી બીજા ભવમાં સરકવાનું કામ ઊભું જ છે.

**વિષયસુખ વિનાનો મોક્ષ ચાહો છો ? :** આત્માની કેટલી કંગાલ દશા, તે વિચારો ! પહેલાં પોતાનો જેટલો સંસાર હતો (એક ભવમાંથી બીજા ભવમાં સરકવાનો) તે આજે કેટલો છે ? ઓછો કે વધારે ? ચિંતાઓ પહેલાં હતી તેમાંથી કેટલો ફેર પડ્યો ? અનેક ઉપાધિઓ પહેલાં હતી તે આજે પણ છે. કદાચ વધી હશે ? એટલે સમજાય છે કે ખરો સંસાર હજી ઘટાડ્યો નથી. જેટલા પ્રમાણમાં બાહ્ય સંજોગો વધાર્યા, તેટલા પ્રમાણમાં ચિંતાઓ વધી કે ઘટી ? છતાં આવો સંસાર સુખનો અનુભવ કરાવે છે, માટે તેનો અરેરાટો નથી થતો ને ? મોક્ષના અધિકારી કહેવાઈએ છીએ ને ? સંસાર મહાદુઃખરૂપ લાગે છે ? તો તમને દુઃખનો ત્રાસ છે, સંસારના સુખનો નહિ ને ? મોક્ષ જોઈએ છે **દુઃખ** વિનાનો ! પણ કહો, **વિષયનાં સુખ વિનાનો મોક્ષ જોઈએ છે ખરો ?** જોઈતો હોય તો પકવાન્નના સુખ પર કંટાળો આવ્યો ? મખમલની શય્યાના સુખ પર ? ના, હવે કંટાળો આવી શકે એમ લાગે છે ? ના, કેમકે આત્મા નિર્વિચાર બન્યો છે. આત્મા વિચારક થાય તો સંસારના, સઘળાં સુખ પર કંટાળો આવે એમ છે, **સંસારની દગાખોરી, કલંકિતતા, સંસારવૃદ્ધિ, લાલસાકારિતા, વગેરેથી કંટાળો આવે.** આ મોટરો દોડાવવાનું શું, એને જગતનાં ખાનપાન શું ? 'એવો સોનાનો સૂરજ ક્યારે ઉગે કે આ બધા પર કંટાળો આવે એટલે મોક્ષનો સાચો અભિલાષી બનું !' એવી રોજ તમન્ના અને અનુરૂપ ત્રેવડ જોઈએ. જીવ એટલે ? છોકરાં વચ્ચે દડો ! **લાગણીઓ અને ચિંતાઓ એ રમતિયાળ છોકરાં, એ જીવરૂપી દડાને આમથી તેમ ઉછાળે ! કર્મના ઉદયની વચમાં કોઈ વાતની સ્થિરતા નથી, ભારે અસ્થિરતા છે. જીવની જડ પદાર્થોની વચ્ચે ફેંકાફેંક સ્થિતિ છે !** આ બધું સંસાર. એવા સંસારને કાપવાની ઈચ્છા કોને જાગે ? સાચા મોક્ષના રાગીને.

**સંસારસુખ પર કંટાળો કેમ જાગે : ?** કહેશો, સંસારનાં સુખો સારા લાગે છે, ત્યાં કંટાળો ? હા, કંટાળો, હા, કંટાળો. દિવાળીનાં પકવાન્ન ખાતાં ખાતાં કંટાળો આવે છે ને ? ભલે એ કંટાળો ક્ષણિક છે, આપણે સંસારપર કાયમી કંટાળો લાવવાનો છે. પણ એક વખત એવો કંટાળો આવી જાય તો ? બાઈઓને માતા થવાના કોડ થાય છે ! કેમ થાય ! બીજી માતાઓને જોઈને. પણ જ્યારે પ્રસુતિ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સમય આવે ત્યારે ? એવો કંટાળો આવે, કેવો ? હવે આ ભોગક્રિયા ન જોઈએ, એવો ! પણ એ કંટાળો ક્ષણજીવી. આપણે કંટાળો જોઈએ છે અમર કંટાળો ! હૃદયમાંથી ખસે નહિ તેવમો કંટાળો ! જ્યાં સુધી વીતરાગ ન બનીએ ત્યાં સુધી કંટાળો. પછી વીતરાગપણામાં ન કંટાળો, ન રાજીપો. **સાચા સજ્ઞાન બનો, એટલે સુખનો કંટાળો સહેજે આવશે. વધુ સજ્ઞાન બનશો એટલે દુઃખના કંટાળા કરતાં સુખનો કંટાળો વધુ થશે.** દુઃખ પર પ્રેમ હોય, તો આ કાયા પર દુઃખ આવતાં એમ થાય કે 'તે તો જોઈએ.' પણ કોઈ માન-પાન આપવા આવે એટલે કહે કે 'ભાઈ એ ન જોઈએ.'

**સુખનો કંટાળો કેમ લવાય ? :** સુખ જે પુણ્યથી આવે છે, તે પુણ્ય જાગવા માટે અનેક જીવોના મૃત્યુ સુધીના પાપનાં ઉદય જાગે છે ! તે કલંકિત પુણ્યના ઉદય છે. કેઈ ત્રસ-સ્થાવરોના મોતથી અહીં ભોગના જે પુણ્ય આપણે ભોગવીએ, એ પુણ્ય કલંકિત નહિ તો બીજું શું ? વળી બીજી રીતે જોતાં, પાપના ઉદયથી મિશ્રિત પુણ્યના ઉદય એ પણ કલંકિત ગણાય. પુણ્ય સંપત્તિ-શાતા વગેરે સારું આપે; પણ પાપ અપજશ જબરો આપે ! પુણ્યથી બોલવાનું યુક્તિસર હોય, પણ પાપ એની સાથે અનાદેયતા આપે ! જેથી યુક્તિસરનું આપણું કથન કોઈ ગ્રહણ ન કરે ! આમ સુખ મલ્યું, પણ રોવાનું ! પાપના કલંકથી કલંકિત થયેલું ! **આ સુખ કેવી સ્થિતિમાં, કેવી રીતે આવે છે, ને આવ્યા પછી કઈ સ્થિતિમાં આત્માને મૂકે છે, આ વિચારણા આત્માને સાવધાન કરી મૂકે ! આત્માને સુખ પર તિરસ્કાર જગાડી દે છે !**

**મનને શિખામણ :** સુખ આવ્યું છતાં જીવ જો મનને શીખવે કે "હમણાં આની બહુ કિંમત આંકવાની નહિ; ખાવું હોય તો ખા, પહેરવું હોય તો પહેર, પણ બહુ ખીલતું નહિ. નહિતર મૂર્ખ ઠરીશ !" તો આ શું કર્યું ! ઘડીભર માટે એ સુખ પોતાને સુખરૂપ લાગતાં છતાં, એને ફિક્કું બનાવી દીધું. તો જ ઉદાસીનતા, ગંભીરતા રાખી શકાય. સંસારની સારી ચીજને મામુલી ગણો, મીઠીને કડવી સમજો. **સંસારના સુખો જાતેય કલંકિત છે, અને જીવને નાલેશી આપનારાં છે, મૂર્ખ બનાવનારાં છે, જીવને કુચા જેવો કરીને વિરાટ વિશ્વમાં ક્યાંય ફેંકનારાં છે; માટે કોઈ સદ્ભાવ સંસારસુખ ઉપર ધરવા જેવો નહિ.** એના કરતાં મોક્ષનાં સુખો સારાં કે લાલ ચાંદલો કરાવ્યા પછી નાલેશી લેવાની નહિ. આતો ચાંલ્લો કેશરનો કરે, પણ ઉપર ચોખાને બદલે કોલસાની ભૂકી ચોડે.' અને પછી એ ચાંલ્લાના નિશાનવાળાને ભવેભવ ભમવાનું !!

**સંસાર શી રીતે કતરાય ?** હાલતાં ને ચાલતાં કતરાય કયો સંસાર ? (૧)



એક ભવમાંથી બીજા ભવમાં પડવાનો, (૨) એક ચિંતામાંથી બીજી ચિંતામાં કૂદવાનો, (૩) એક જડમાંથી બીજા જડને બાથ ભરવાનો, (૪) એક કર્મના ઉદયમાંથી બીજા કર્મના ઉદયમાં લ્હેવાઈ જવાનો ! આવા સંસારની કાપણી કરી શકીએ. આજ સુધી જ્યાં આવેશ આવ્યો કે જીવ ઝટ બોલી નાંખતો હતો; ત્યારે હવે ? જોકે આવેશ તો આવ્યો, પણ જીવ બે મિનિટ ઊભો રહેવાનો. ક્ષાયિક કોટિના જે ગુણો કહેવાય છે તે અનંતકાળ સુધી મોક્ષમાં આપણી સાથે ટકે એવા ગુણો છે, પણ તે પળવારમાં મલી જાય એ વાતમાં માલ નથી. તેના માટે તો કઠોર સંયમ કરોડો વર્ષ પાળવા પડે છે, ત્યારે તે મલે છે. કેમકે એ માટે દીર્ઘકાળ સુધી સંસાર કાતરવાનું કામ કર્યા કરવું પડે છે. એના લાંબા અભ્યાસ પછી મન ઠરે છે.

**ઉપાધિઓથી ઈચ્છાઓ, એથી ચિંતાઓ :**

આ બધી ઉછળા ઉછળી શા માટે કરો છો ? ધર્મની વિચારણામાં, તત્ત્વની ચિંતામાં એકાગ્રતા કેમ નથી ? કેમકે સંસારનીય કાર્યવાહીમાં એકાગ્રતા નથી. ત્યાં પણ ચિત્ત ડામાડોળ હોય છે. ન્હાવા બેઠો ત્યાં ખાવાની. અને ખાવા બેઠા હોય ત્યાં બહાર જવાની, એમ કોઈના કોઈ વિચારોની ડગમગતા ચાલુ ! ઘણા વિચારો એવા હોય છે કે જેમાં પોતાનું જ ઠેકાણું નહિ હોય ! હવાઈ ઈમારતો રચાતી હશે ! આમ જ્યાં સંસારમાં મોજથી બેઠા છો, ત્યાં પણ જો સ્થિર મન નહિ, તો એવા ચળવિચળ ચિત્તવાળો આત્મા ધર્મસ્થાનકોમાં પણ ચિત્ત સ્થિર ક્યાંથી કરી શકે ? માટે, ચિત્ત એકાગ્ર શી રીતે બને એ વિચારતાં જણાશે કે ફજુલ ચિંતાઓમાં ચિત્તે રખડવાનું નહિ; અને જગતની બાબતમાં પણ જે અવસર ખડો થાય, તેને બજાવી લેવાનો. **અનેકાનેક ઈચ્છાઓ અંદર જે પેઠી છે, તે નવીન નવીન ચિંતાઓ જગવે છે. એવી ઈચ્છાઓને કાપતાં આવડે એટલે ચિંતાઓ શાંત પડે.** ઈચ્છાઓ ક્યારે કપાય ? **જે ઉપાધિઓ બહાર અને અભ્યંતર વધારી છે, તેના પર કાપ પડે ત્યારે ઈચ્છાઓ કપાય.** બહારની ઉપાધિને ઈચ્છા સાથે, ને ઈચ્છાને ચિંતા સાથેના અંકોડા મેળવાયેલા છે. ચિંતાઓ ચિત્તને આકુળવ્યાકુળ અને અસ્થિર રાખે છે.

**સંસાર કાપવો એટલે ? :** સંસારને કાપવાના ઈરાદાવાળાએ જેમ શુભ લાગણી અને શુભ વલણનું સંરક્ષણ કરવું જોઈએ, તેમ સારી વિચારણાઓનું પણ સંરક્ષણ કરવું જ જોઈએ. સંસારને કાપવાનો અભિલાષી આત્મા જડ પદાર્થો પર ઠેકવાનું ન કરે. હમણાં સંસાર શબ્દથી ચાર ગતિમય સંસારની વાત નથી કરવી. હમણાં તો સંસાર એટલે જડ પદાર્થોમાં જે આત્માની ફેંકાફેંક થઈ રહી છે, તેની વાત લેવી છે. તેને કાપવાની એટલે કે તેમાંથી કંઈક પાછા હટવાની અહીં વાત છે. એટલે ? દા.ત. બે ચાર સગા હોય તો તો કંઈ નહિ પણ આ તો કહેવાનાય



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સત્તર સગા પાથરી રાખ્યા હોય, એટલે હવાની માફક બધા સગાવહાલાંને ત્યાં ફરતા રહેવાનું રાખ્યું હોય છે. ત્યારે કહો કે **સંસારી જીવ એટલે શું ? જગતની સ્થિર એવીય વસ્તુઓમાં પળે પળે વિઝિટ લેવા અસ્થિરપણે ભમનારો વેઠીયો !** સંસાર એટલે સંસરણ, ભમવાપણું. આવા સંસારને કાપતા ચાલીએ તો વિશ્વાસ લઈ શકીએ કે આપણો આત્મા પ્રગતિ સાધી રહ્યો છે. એ કાપતાં ચાલવું એટલે શું કરવાનું ? એજ કે જડ પદાર્થોમાં ભમવાનું ઓછું કરવાનું.

**હિસાબ ક્યાં રાખવાનો કાળાં કામોમાં કે ધોળાં ?** મોહનો અધિકાર ઉઠે એટલે જીવ મોહને કહી દે કે 'તું જેમ ફાવે તેમ હુકમ કાઢી મારી પાસે કાળાં કામ કરાવવા માગે, પણ હવે એ કરવાનો મને મોખ નથી. આજસુધી ધોળાં કામમાં હિસાબ રાખતો હતો, ને કાળાં કામ બેહિસાબ કરતો હતો. પણ હવે ઉજળાં કાર્ય કરવામાં હિસાબ નહિ રાખું, ને કાળાં કરવામાં જરૂર હિસાબ રાખીશ.' **મોહનો અધિકાર ઉઠી જવાનો અર્થ શું છે ? એજ કે, વધુ પડતા પાપકાર્ય કરવાની ઘેલછા મટે, નિર્ભયપણે પાપ કરવાનું અટકે, પાપકરણીથી છૂટવાની સદા ઝંખના રહે.** મોહનો અધિકાર આત્મા પર વર્ચસ્વ જમાવી બેઠો હોય છે, એટલે ધાર્યા કાળાં કામ કરાવે છે, પાછું પાપકાર્યો નિર્ભયપણે કરાવે છે ! ભોગની વાત હોય તો કંઈ હિસાબ નહિ, ને ત્યાગની વાત હોય તો ગણત્રી કરવાની ! રખે વધી ન જાય !! આજનો દેશકાળ કેવો ? સંયોગ અને પરિસ્થિતિ કેવી ? ધર્મની સાધના સારી કરાવે એવી ? કે નરસી કરાવે તેવી ? પાપ ઓછા કરાવે તેવી ? કે વધુ કરાવે તેવી ? **પૂર્વે જરૂરી પણ પાપમાં કાપ મૂકતો. આજે બિનજરૂરી એવાય પાપો વધારે જવાય છે !** ત્યાં કુમારપાળ, શાલિભદ્ર વગેરે યાદ આવે છે ?

**વિકારો ત્યાગધર્મથી જ મટે :** આપણે અઢાર દેશના માલિક તરીકે મોટી પ્રભાવના કરનારા કુમારપાળ ન બની શકીએ, પણ પાંચ વિગઈના ત્યાગવાળા કુમારપાળ બની શકીએ કે નહિ ? કદિ મહાન ત્યાગી શાલિભદ્ર ન બની શકીએ, પણ પ્રભુના અને ગુરુના જ ભક્ત શાલિભદ્ર ન બનાય ? કહે છે વિગઈના ત્યાગથી શું બહું લાભ ! પણ કહેનારને ખબર નથી કે **વિગઈઓથી વિકાર જાગે છે. વિકારો અનેક પાપ કરાવે છે,** ઈન્દ્રિયોની ગુલામી કરાવે છે. ત્યાગ અને તપસ્યા એ વિકારોને શાંત કરવા માટે છે. **ભરેલા પેટે જે વિકારો જાગે, તે ઉપવાસમાં ન જાગે;** ને જે એક ઉપવાસમાં જાગે તે બે ઉપવાસમાં ન જાગે; ઉપવાસ કરવાથી કાયાનું જોર ઘટ્યું, એટલે વિકારનું જોર નરમ. આમ દુન્યવી દૃષ્ટિએ **જરૂરી ગણાતા રસ સેવનના પાપમાંય સમ્રાટ રાજા કુમારપાળ મોટો કાપ મૂકતા ! આજે બિનજરૂરી રસ સેવન વધી ગયાં ! કોને ? સમ્રાટ નહિ, સામાન્ય માણસનેય !! વાહ આજનો યુગ !**



**ધિટ્ઠા ન બનવા પ્રતિજ્ઞા સાથે શક્ય અમલ જરૂર કરો :** મહાપુરુષોની કોરી અનુમોદના કર્યા કરીએ અને કશું આદરવાનું નહિ એટલે તો ભય છે કે આત્મા ધિટ્ઠો બની જાય. **ભવાંતરના માટે આત્મા ધિટ્ઠો ન બને, જિનેશ્વરદેવની વાણી માટે હૃદય કઠોર ન બને તે માટે પણ ઈન્દ્રિયો ઉપર કાબુ મૂકવો જોઈએ.** ઈન્દ્રિયો અને મનની વૃત્તિઓ પર અંકુશ મૂકવા સારા નિયમોની જાળમાં એને જકડી લેવાની. પ્રતિજ્ઞા ધર્મનું મૂલ્ય સમજો નહિ ત્યાંસુધી પ્રતિજ્ઞા આવે નહિ. પ્રતિજ્ઞા વિના આત્માનું ઓજસ વધે નહિ, **પ્રતિજ્ઞા વિના પાપની વૃત્તિ મટે નહિ.** મોહનો અધિકાર વર્તતો હોય એટલે પ્રતિજ્ઞાથી દૂર ભાગવાનું કરાય. પછી વિના પ્રતિજ્ઞાએ, એ કદાચ પાપ ન કરે; પણ તે કેટલા કાળ માટે નિષ્પાપ ? કોઈ નિયમ નહિ, કેમકે પ્રતિજ્ઞા હોય તો ને ? એ તો જરૂર પડ્યે પાપમાં પડવાનો. કેટલા સંયોગમાં રાત્રિભોજનથી દૂર ? રાત્રિભોજન ન કરવાનું આજના માટે, બોલો, નિર્ણીત છે ? જો હા, તો કહો પ્રતિજ્ઞા લેવામાં શું વાંધો ? નાનોય સંકલ્પ કે નિર્ધાર જો કરી શકે કે હું રાત્રિભોજનના પાપથી દૂર, તો એનું મૂલ્ય કેટલું ? **જેટલા કાળ માટે પ્રતિજ્ઞા કરી તેટલો ધર્મ તિજોરીમાં સુરક્ષિત સંઘર્યો ! પ્રતિજ્ઞાનું મહત્ત્વ ઘણું ઊંચું છે.**

**ધર્મને હૃદયમાં પ્રતિજ્ઞા સુરક્ષિત કરે છે :** આજે પણ પ્રતિજ્ઞાનું મહત્ત્વ બહુ મનાય છે ! નવો જજ આવે એટલે સોગંદવિધિ કરાવે, નવો વાઈસરૉય કે વડો પ્રધાન આવે કે સોગંધવિધિ થાય. કોઈ સંસ્થામાં જોડાવું હોય તો પ્રતિજ્ઞાપત્ર પર સહી કરવી પડે. ક્યાં પ્રતિજ્ઞા નથી ? વેપાર વગેરેમાં કબાલા, પ્રતિજ્ઞાપત્રો વગેરે પર ધૂમ વ્યવહાર ચાલે છે તેમ પ્રતિજ્ઞા પર ધર્મ વ્યવસ્થિત ચાલે છે.

**આત્માનો સ્વદોષ પર અધિકાર હોય તો પાપમાં કાપ પડે :** ધર્મ ધન છે હૃદય એ એની તિજોરી છે. **ધર્મધન હૃદયમાં ક્યાં સુધી રહે ? પ્રતિજ્ઞાનું તાળું પહોંચે ત્યાં સુધી.** ધાર્મિક પ્રતિજ્ઞાથી સંસાર કપાય છે. મોક્ષનો અભિલાષી જીવ સંસાર કાપવાની પેરવીમાં હોય. તે ક્યારે બને ? મોહનો અધિકાર ઉઠી ગયો હોય તો. એનું પ્રમાણપત્ર શું ? આત્મા સાક્ષી પૂરે કે સંસારનો સંસર્ગ અને ખપ કરી રહ્યો છું, તેમ રાગદ્વેષ અનેક જાતના કરું છું ખરો, પણ એ કોટિના નથી કે એ ધારે તેટલાં કાળાં કામ મારી પાસે કરાવી જાય. મારા આત્માના દોષોનો મારા પર અધિકાર એવો જોરદાર નથી કે કાળાં કામ હિસાબ વિના અગણિત કરાવે, ને ધોળાં કામમાં હિસાબ રખાવે !"

**કર્મમાં પણ નિયત સંચાલન : સંક્રમ એટલે : ?** વર્તમાન ઘણું જગત સંસારના ઝાંઝવાના સુખ આગળ પાગલ બની ગયું છે. એ જોતું નથી કે કર્મ વિચિત્ર છે. કર્મની વિચિત્રતા કેવી ? જીવની હાલતાં ચાલતાં અવગણના અપમાન

કરે એવી ! આઠે કર્મની દશા જુદી ! એટલા માટે શાસ્ત્ર કહે છે કે આત્મામાં જ્યારે **અધ્યવસાયોનું પરાવર્તન થાય છે, ત્યારે બંધાઈ ચૂકેલા એક કર્મમાંથી બંધાતા બીજા કર્મમાં સંક્રમણ થાય છે** ખરું, પણ એ જાતભાઈમાં જ ! અશાતાનું શાતામાં ને શાતાનું અશાતામાં; ઉચ્ચ ગોત્રનું નીચ ગોત્રમાં, ને નીચ ગોત્રનું ઉચ્ચ ગોત્રમાં; એટલું જ પરંતુ વિજાતીયમાં એટલે કે વેદનીયનું ગોત્રમાં કે ગોત્રનું આયુષ્યમાં, એમ સંક્રમણ નહિ. ત્યારે વળી આયુષ્યમાં તો એક ભવનું બીજામાંય સંક્રમિત ન થાય. નરકનું આયુષ્ય એક આત્મા બાંધવા મંડ્યો ! સાતમીનું બાંધ્યું ! પણ હવે પરિણામ પલટાયાં, તો ફેરવી શકે પણ એમાં ને એમાં, એટલે ? કાળની સ્થિતિ ઓછી કરી શકે. પણ તે નરકમાં ને નરકમાં. નરકનું તિર્યંચમાં ફેરવી શકે નહિ.

**ફળની આશંસા કરતાં ગુણાનુરાગમાં ક્રિયા ઊંચી :** કૃષ્ણ મહારાજા સાધુઓને વંદન કરતાં કેવી ભાવના ભાવે છે. ‘આજનો કેટલો ઉત્તમ દિવસ મલ્યો કે આ મહાત્માઓને વંદન કરવાનું મલ્યું ! વંદનના એ ઉલ્લાસમાં પ્રભુ પાસે આવ્યા, અને કહે છે કે ‘પ્રભુ ! હવે તો થાક્યો !’

પ્રભુ કહે છે કે **‘કૃષ્ણ ! થાક્યો નહિ. સાધુ વંદનથી થાક ઉતાર્યો ! સાતમીની ત્રીજી કરી નાંખી’**

‘તો તો પ્રભુ ! હવે ફરીથી વંદના કરું !’

‘ના હવે કાંઈ ન થાય.’

બસ, ત્રીજી નરક નિશ્ચિત રહી ગઈ. એ ભાવોલ્લાસ ગયા, હવે તો આશંસા આવી. હવે નિકાચિત એ ત્રીજી નરકે ભોગવે જ છુટકો. **કોને ? ક્ષાયિક સમકિતીને. કેમ ?** કર્મ વિચિત્ર છે.

**અનંતાનુબંધી કષાય એટલે ?** શ્રેણિક મહારાજે ગર્ભિણી હરણીનો શિકાર કરીને કાળો કેર વર્તાવ્યો કે નરકનું આયુષ્ય બાંધ્યું. એ ત્યારે, કે જ્યારે પ્રભુ મળ્યા નહોતા. પછી અનાથી મુનિ મળ્યા, પ્રભુ મળ્યા અને ક્ષાયિક સમકિત પામ્યા. કેવી રીતે ? શ્રદ્ધાના બળ ઉપર. કર્મક્ષય કરનારી ખંડક્ષપક શ્રેણી માંડી, એથી દર્શન સપ્તકનો અર્થાત્ અનંતાનુબંધીના ક્રોધ-માન-માયા-લોભ-મોહનીય અને મિથ્યાત્વ-મિશ્ર સમ્યક્ત્વ મોહનીય, એ સાતનો ક્ષય કરનારી ધ્યાનધારા ! ખંડ એટલા માટે કે આયુષ્ય બાંધી દીધું હોવાથી આગળ ચારિત્ર મોહનીયનો ક્ષય કરવા તે ધારા ટકી નહિ. આત્મા જે ક્રોધ-માન-માયા ને લોભમાં અનાદિકાળથી રખડે છે, જે ક્રોધાદિ પાછા એને ઉપાદેય એટલે કરવા યોગ્ય લાગે છે, તે ઉગ્ર કોટિના કષાયો છે, તેને અનંતાનુબંધી કહે છે. અનંત એટલે સંસાર, તેનો અનુબંધ કરાવનારા, એટલે કે સંસારની પરંપરા ચલાવનારા તે અનંતાનુબંધી કષાયો. એની સાથે દર્શનમોહનીય



ત્રણ-સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, મિથ્યાત્વમોહનીય. આ સાત પ્રકૃતિ આત્મામાં સત્તાગત હોય તે દર્શન સપ્તક કહેવાય. આ સપ્તક ક્ષાયિક સમકિતની આડે આવનારું છે.

**ખરાબ કર્મ ન બંધાઈ જાય એની જ ચિંતા કરો :** વિચિત્ર અને બેશરમા કર્મોની ગુલામીમાં આત્મા જકડાયો છે. કહો જો, તેની કાંઈ શરમ કે ભારી ખેદ છે ? ના હોય તો તો ચેન ન પડે. **એ વિચિત્ર કર્મો આત્માને ગુલામ બનાવી કેવી કેવી વિટંબનામાં આત્માને નાખે છે, એના તરફ સરાસર અજ્ઞાન અને બેદરકારી હોવાથીજ નવા કર્મ બાંધવામાં સંકોચ નથી, ભય નથી, શરમ નથી, કાંઈ ચિંતા નથી !** આપણે ચિંતામાં પડેલા ગણાવીએ છીએ. પણ એમાં કર્મની ચિંતામાં છીએ, એ વાત નથી આવતી ! કેમ ખરું ને ? કે ચિંતા વારે વારે બંધાતા કર્મની થાય છે ? વિવેક આવે તો જરૂર લાગે કે કર્મના જેવી કોઈ ચિંતા કરવા જેવી નથી; અને થવી પણ ન જોઈએ. આત્માને જો શુભકર્મ અનુકૂળ હોય તો બીજી શું ચિંતા રહે ? જેને કર્મ અનુકૂળ, એવા પુણ્યશાળીની ચિંતા બીજાઓ કરે છે. પણ પાપનો ઉદય હોય એટલે એવી સ્થિતિમાં મૂકાય કે ઘરવાળાય એનું સાંભળે નહિ ! ને એ ચિંતાબળ્યો એનું બોલવાનું છોડે નહિ ! જુઓ કેવું નાટક ! **કર્મ એવી આપણી ઠેકડી અને મશ્કરી કરે છે, એવી વિટંબનામાં ઉતારે છે, અને એવી વિચિત્ર સ્થિતિ ઊભી કરે છે, જેમાં આપણું કશું ચાલે નહિ !!** હસતાં બજારમાં ગયો હોય, પણ પોક મૂકતો સાંજે ઘેર આવે. સવારે કહે કે “કુટુંબ તો સારું મલ્યું !” પણ સાંજે મોંકાણ માંડે કે ‘આવાની સાથે કાં પાના પડ્યા !’ અલ્યા, પણ સવારે શું કહેતો હતો ? તો કહેશો, “અરે ! મૂકો વાત, એ તો એમને મેં ઓળખ્યા નહોતા” **એક બાજુએ પૈસા મેળવવાના સારા કર્મનો ઉદય હોય, પણ એ સારા કર્મના પડોશીકુટુંબ ક્લેશના કર્મને શરમ ન પડે ! એ તો સાથે જ રહે !!** વાહ કર્મ ? તારા ખેલ ! તારી ક્રૂરતા ! ચિંતા કરો તો એક કરો કે અશુભ કર્મ ન બંધાઈ જાય.

**કર્મનો જુલમ :** મનુષ્યપણાનું આયુષ્ય, ગતિ અને સારી ઈન્દ્રિયો, સારા કર્મના ઉદયે મલી. છતાં ઠરીને જોઈએ તો દેખાય કે નરસા કર્મનોય ઉદય કેટલો ? અપરંપાર ! અનંતા જોજન જોઈ શકવાની **જ્ઞાનશક્તિ** ધરનાર આત્માને માથા પાછળ શું છે, તેય દેખાતું નથી. કારણ કાંઈ ? એજ કે ઘોર જ્ઞાનાવરણીય કર્મનો ઉદય. અનંત લાભ-લબ્ધિના યોગે સમસ્ત જગતની ઋદ્ધિ મેળવી શકે એવા પણ આત્માને કર્મ એક હિસ્સેદાર તરીકેના બસો-પાંચસો રૂપિયાય એના હાથમાં સીધા ન આવવા દે. આત્મા અનંત **વીર્ય-શક્તિનો** ધણી ગણાય છતાં ઘોર વીર્યાન્તરાયનો ઉદય તેને કેવો કેવો નિર્બળ કરે છે, એ ક્યાં અનુભવ બહાર


E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

છે ? એ અનંત લાભલબ્ધિ અને એ વીર્યલબ્ધિ એમજ દટાઈ દબાઈ રહે, અને અહીં કર્મ સવારથી સાંજ સુધી તેલ કાઢે, પછી સાંજે થોડોક ચારો નીરે.

**આત્માની લાયકાત મોટી છતાં સંસાર પરખાવે કેટલું :** આપણે જો વિચાર કરીએ કે 'આપણને મલી શકે કેટલું ? અનંત લાભશક્તિના હિસાબે સમસ્ત જગતભરનું, પણ મજુરી કરવા છતાંય કર્મ આપે કેટલું ? અતિ અતિ અલ્પ, નગણ્ય આપે;' જો આવો પણ વિચાર સંસાર અંગે આવે, તો સંસાર પરથી મોહ ઉઠી જાય. કેમકે આપણી લાયકાત મહાન હોય, ને સંસાર પરખાવે અપમાનજનક !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૪,તા.૧૪-૨-૧૯૫૩

## (૧૯) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**શુભકર્મની કૃપા :-** પાછું આમ જોશો તો કર્મની મહાન શુભશક્તિ દેખાશે. જગતમાં મોટામાં મોટો દિલાવર માણસ આપી આપીને શું આપે ? 'લે આ છ ખંડનું સામ્રાજ્ય.' જો એ ચક્રવર્તી હોય તો ! અને ઈન્દ્ર ખુશી થાય તો કહે 'જા શાલિભદ્રને ત્યાં તો માત્ર નવાણું પેટી, પણ તારે ઘેર નવસો નવાણું પેટીઓ ઉતરશે ! એટલું જ ને ? કિંતુ મનુષ્યપણામાં આયુષ્ય વધારી આપે ? ઔદારિક શરીર બદલાવીને દેવતાઈ શરીર બનાવરાવી શકે ? ના, ત્યારે હવે વિચારો કે શુભકર્મ શું આપે ? **ભરવાડમાંથી શાલિભદ્રનું માનવખોળીયું !** એ મળે તો જ ચારિત્ર મળે. પછી શાલિભદ્રમાંથી અનુત્તરનું ખોળીયું ! કર્મ શું આપે ? **જગતનો મોટામાં મોટો દિલાવર ન આપી શકે, તેનાં કરતાં પુણ્યકર્મ કેઈ ગુણું આપી શકે !**

**કર્મનો જુલ્મ ! :-** પરંતુ કર્મની આ બધી શક્તિ પર ખુશ થવા જેવું નહિ કેમકે કર્મ વિચિત્ર છે ! એ સદા તુષ્ટ રહે જ નહિ. તે તુષ્ટ પછી ૠષ્ટ એવાં થાય કે હાડકા ભાંગી નાખે. માટે એને તડકાવીએ કે 'અમારા આત્મામાં અનંતજ્ઞાન, અનંત સુખ, અનંત લબ્ધિ, લાભ અને વીર્ય છે ! સ્થિરતા છે ! ભોગ છે ! તું અમારી પાસે મજુરી કરાવી કરાવીને શું આપે ? નહિ જેવી સુખની વાનગી, તેય કૃત્રિમ. રૂપાળું શરીર, પણ મળમૂત્રે ભરેલું !' લીમડાના સોપથી ધોઈ ધોઈને શરીર સાફ કરો તો પણ શરીર કેટલો કાળ સાફ ? જરાક. તેય બહારથી. અંદરથી કેવું સાફ ? કાંઈ જ નહિ. મહાગંદુ. મળમૂત્રના દ્વાર જો જરા ખુલ્લા પડી વહેતા થઈ જાય, તો જોઈ લ્યો દુર્ગંધ ! અજ્ઞાન જીવડો સાફને સાફ રાખવા તૈયાર થયો



છે ! મજુરી ભારે કરવાની ને પરિણામે ઘાસ મલે ! 'ઘાસ જેવું ફળ લેવા માટે પહાડ ઉપાડવા જેવી મજુરી મારે કરવી નથી,' આટલો પણ વિવેક આવે તો કંઈક સંસારમાંથી પાછા હઠાય.

**કર્મનો કુમેળ ! :-**

જુઓ તો ખરા કે વિચિત્ર કર્મોના ઉદયથી જીવોમાં પરસ્પરની ઢંગધડા વગરની સ્થિતિ કેવી છે ! એક જણને લક્ષ્મીનું પુણ્ય છે, પણ સહી કરતાં નથી આવડતી ! બીજાને સારી બુદ્ધિનું કે અતુલ બળનું પુણ્ય છે, પણ ધન મેળવવામાં શકોરાનુંય પુણ્ય નથી ! કોઈને મેળવવાનું પુણ્ય છે, પણ ભોગવવામાં કોદરીની ઘેસ પર રહેવાનું છે ! કોઈને કાન બહુ સબળા છે, પણ આંખની શક્તિ નથી. બીજાને આંખમાં તેજ છે, ત્યારે કાન બહેરા છે ! આવું બધું જગતમાં દેખાય છે કે નહિ ? અરે પોતાની જાતમાં દેખાય કે નહિ ? પોતાને જ શરીર સારું મલ્યું હોય, પણ ચાલ ઉંટના જેવી ! અથવા બીજી બાજુ ચાલ હાથીના જેવી મલી હોય, પણ બોલે ત્યારે અવાજ ઘોઘરો હોય ! આ કેવા વિચિત્ર કર્મના ઉદય ! તો કહો, આ સ્થિતિ પર વૈરાગ્ય સહેજે થાય કે રાગ ?

**કર્મની ચિંતા કરો :-** તીર્થંકરદેવના આત્મા પર પણ કર્મની ઢંગવિનાની સ્થિતિ ! પ્રભુને ઈન્દ્ર હમણાં સ્તુતિ-વંદન કરીને જાય, ત્યાં તો બીજી બાજુ કાનમાં ગોવાળીયા ખીલા ઠોકી જાય !! એક માત્ર શ્રી જિનેશ્વરદેવનું શાસન એવું છે કે જે કર્મોની ઢંગધડા વગરની સ્થિતિને વિસ્તારથી અને સૂક્ષ્મતાથી વર્ણવે છે, એ બતાવે છે કે કર્મો વિચિત્ર છે, અને એની વિચિત્ર અસર જગત પર ચાલે છે ! અજ્ઞાનીને એની એ ખબર નથી પડતી, તેથી કર્મનો માર ખાવા છતાં નવાં કર્મને પગભર કરે છે ! પરમાત્માના શાસનમાંથી આવી કર્મોની વિચિત્રતાને જાણી એવા સાવધાન બનવું જોઈએ કે પોતાના આત્માને કહી દઈએ કે 'બધાની ચિંતા મા કરજે, પણ કર્મની ખાસ ચિંતા કરજે. એના ઉદયમાં મુંઝાતો ના. એ તારા જ બાંધેલા છે. માથે પડ્યું સમાધિથી સહી લેજે. પણ નવાં નવાં પાપસ્થાનક સેવી નવાં નવાં કર્મ બાંધવાનું ન કરતો.'

**કર્મનું વિચિત્ર સાયન્સ : વિપાકોદય-પ્રદેશોદય :-**

**પ્ર.-** આત્મા કર્મને સર્વાંશે પરાધીન છે કે અંશે ? જગત સર્વાંશે પરાધીન કે અંશે ?

**ઉ.-** જૈન શાસન બતાવે છે કે કર્મનું સર્વાંશે પણ ચાલે છે, ને અંશે પણ ચાલે છે ! સર્વાંશે એ રીતે કે બાંધેલ સર્વકર્મ પાર પડ્યા વગર આત્મા નિર્ભય ન બની શકે. કર્મ બાંધ્યાં, એને ભોગવીને કે કઠોર તપસ્યાથી નાશ ન કરીએ ત્યાં



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સુધી નિશ્ચિત ન રહી શકાય. કર્મને નાશ પામવા માટે વિપાકોદયથી જ કર્મ ભોગવવાં પડે એવું નહિ, પણ પ્રદેશોદયે ભોગવાઈનેય નાશ પામે. દા.ત. અહીં મનુષ્યગતિ વિપાક-ઉદયથી ભોગવાય છે, પણ નરકગતિ કે દેવગતિ પણ પ્રદેશોદયથી અહીં ભોગવાય છે. કેમકે એની સ્થિતિ પાકે એટલે એ ભોગવવામાં આવે જ. તો પછી મનુષ્યગતિનું શું થાય ? મનુષ્યગતિનો રસ ભોગવાય, અને પેલાં પ્રદેશ ઉદયથી ભોગવાય, એટલે એનો રસ અનુભવમાં ન આવે. ભોગવતાં રસનો અનુભવ ન થાય તે પ્રદેશ-ઉદય, અને અનુભવ થાય તે વિપાક-ઉદય. ત્યારે વિના ભોગે બાહ્ય અભ્યંતર તપથી જે કર્મ વિખરાઈ જાય તે નિર્જરા.

**કર્મનું સંક્રમણ :-** બંધાતા સારા કર્મમાં પૂર્વનાં નરસાં કર્મ કે બંધાતા નરસામાં પૂર્વનાં સારાં કર્મ ભળી જાય તે સંક્રમણ. શેરડીનો રસ પીવા આપ્યો મોટો વાટકો ભરીને, પણ એમાં એક નાની ચમચી જો કરીયાતુ નાખ્યું, તો તે એમાં એવું મળી જાય કે આખો વાટકો પી જઈએ, પણ કરિયાતાની ખબર ન પડે. કેમકે એ શેરડીના રસ જેવું થઈ ગયું. તેમ બંધાતી શાતામાં અશાતા સંક્રમે, તે શાતાસ્વરૂપ થઈ જાય; ઉદયે શાતાનો અનુભવ આવે. જો પૂર્વે ઘોર અશાતાકર્મ બાંધતા હોઈએ, તો તેમાં પૂર્વના અમુક અશાતા-કર્મનું સંક્રમણ થાય, તે અશાતાકર્મ મટી શાતાકર્મ થઈ જાય.

**કર્મના ઉદય ૧. સનિમિત્તક, ૨. અનિમિત્તક :-** કેટલાક કર્મો ઉદયમાં ચાલુ હોય, પણ દ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવ ફરી જતાં ઉદય અટકી જાય; અને કેટલાકના ઉદય ચાલુ ન હોય, તે અમુક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સંયોગ મળતાં ઉદયમાં આવે. **પન્નવણાજીમાં** કર્મના ઉદય સનિમિત્તક અને અનિમિત્તક, એમ બે પ્રકારે કહ્યા છે. સનિમિત્તક ઉદય એટલે તે, કે જે નિમિત્ત મળે તો જાગે. અનિમિત્તક એટલે નિમિત્ત વિના જાગે તે. માનો કે ઉદયે શાતા છે. પરંતુ જાણીને ઉપરથી પડતું મૂક્યું, કે માથું પછાડ્યું તો અશાતાકર્મ ઉદયમાં આવે. અર્થાત્ જો ખરાબ સંયોગમાં ન મુકાઈએ તો જાણે પેલાં કર્મો ઉદયમાં આવવા તૈયાર નથી. બાકી ખરાબ સંયોગમાં તે ઝટ ઉદયમાં આવે. આનો અર્થ એ છે કે **મોહજનક સંયોગમાં ન આવો, તો ઘણાં મોહનીય કમ ઉદયમાં ન આવે.** સારી ભાવનામાં ચઢ્યા હો, મંથન સારું ચાલી રહ્યું હોય, ને નાનો કનૈયો આવીને પાસે બેસી ગયો. 'બાપુજી, બાપુજી' કરીને એણે આપણને બોલાવવાની શરૂઆત કરી. ત્યાં એનું મોઢું બંધ કરી દઈએ તો તો શુભધ્યાનની પરિણતિ રહે. પણ જો એનું બોલવું એવું કાંઈ સાંભળીએ કે "મને ફલાણે માર્યો, કે માથામાં વાગ્યું, કે ઘરમાં ચોરી થઈ, નોકર ભાગી ગયો !" તો સામાન્ય સારી વિચારધારા તો શું, પણ આપણા તરણ-તારણ



તીર્થંકરદેવના જીવનની વિચારણાની ધારા જોરદાર ચાલુ હોય, તો તે પણ બંધ ! અને રાગ કે દ્વેષનો પ્રવાહ ચાલુ થઈ જાય ! કેમ આમ ? કારણ કે સંયોગ મળતાં મોહનીયકર્મ ઉદયમાં આવ્યું. **સારી ભાવના એટલે મોહનીય કર્મના ગળે ટુંપો. ત્યારે નરસા સંયોગ એટલે સારી ભાવનાને ગળે ટૂંપો. પોતાની જ લક્ષ્મી રાગ કરાવે છે.** અને **પોતાનો જ હરામખોર નોકર દ્વેષ જગાવે છે !** આ શું ? નિમિત્ત મળેથી કર્મ ઉદયમાં આવ્યા. **દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ ફરવાથી કર્મના ઉદય પલટાયાં. આપણે સારા સંયોગ અને સારી વિચારણામાં રહીએ એટલે ઘણાં કર્મો પોતાનો સ્વાદ આપણને ચખાડવા પામી શકે નહિ.** બલ્કે પૂર્વના ઉદય ચાલુ હોય તે પણ બંધ થઈ જાય. **અહીં બેઠા છો માટે શાંત છો. સિનેમામાં ઊભા હો તો મોહના ઉદય ઉછળે.**

હવે સમજાશે કે જેટલાં કર્મો આત્મામાં હોય તે બધા ક્રમસર વિપાકોદયથી ભોગવવાં જ પડે એવું નહિ ! નહિતર તીર્થંકરદેવ જેવાનેય બાર નહિ, બારસો વર્ષે પણ કેવળજ્ઞાન ન મલે. ઘણાં કર્મ પ્રદેશોદયથી કે ઘણાં તો તપથી આપોઆપ ખરી પડનારાં હોય છે. **પૂર્વ કર્મનું આટલા પૂરતું ચાલે, બાકી નવાં કર્મ આત્મામાં પેસાડવા કે નહિ તે આપણા હાથની વાત છે.**

**કર્મ પર વિજયની ચાવી :-**

કર્મોની વિચિત્રતા મોટી, તેથી વર્તમાનમાં આપણે **ભવિષ્ય અંગે જો કાબુમાં વાત ન રાખીએ તો તો કર્મ આપણી ઢંગધડા વગરની સ્થિતિ બનાવી દે, જો કાબુ રાખીએ, તો આપણે એની ઢંગધડા વગરની સ્થિતિ કરી શકીએ !** અર્થાત્ એના ઉદયને નિષ્ફળ કરી એને મૂળમાંથી દૂર હઠાવી શકીએ.

**પ્ર.- કર્મના ઉદય પર કાબુ એટલે શું ?**

**ઉ.- બને ત્યાં સુધી આત્માને વિકારથી બચાવવાનો. સમજી રાખો કે રાગ વિકાર છે, દ્વેષ વિકાર છે, હર્ષ વિકાર છે, શોક વિકાર છે, ભય વિકાર છે, અહંકાર વિકાર છે, લોભ વિકાર છે.**

**વિકાર રોકવાની વિચારણા :-**

કર્મની વિટંબનામાંથી બચવા માટે આ વિકારની રમતમાંથી પાછા હઠવું જ જોઈએ. વિવેક જાગે તો વિચાર કરાય કે મજૂરી ઘાંચીના બેલ જેટલી કરાય છે, અને કર્મ ફળમાં દેખાડે છે ધૂળ જેવું ! એ ફળપર રાગાદિના વિકાર શા ? પછી આમ તો આત્મા અનંત વીર્યવાળો છતાં એ વીર્ય કેટલું દેખાડે ? બહુ બહુ અખાડા-કુસ્તી ખેલો ત્યારે, બે-ચાર માણસોને પછાડવાનું બળ મળે !! પાંચ, પચાસ માઈલ દોડવાનું બળ મળે ! પાંચ, પચીસ મણ વજન ઊંચકવાનું બળ મળે ! એજ ને ?

પણ જે અનંતબળની આત્મામાં યોગ્યતા છે, એનો કેટલો હિસ્સો મલ્યો ? કુછ નહિ. એવું જ સુખ અંગે સમજવું. અનુત્તર દેવનું શાતાકર્મ પણ સુખ દેખાડી દેખાડીને કેટલું દેખાડે ? આત્માના સહજ સુખનો અનંતમો ભાગ માત્ર !

**આત્માની યોગ્યતા અનંત છતાં કર્મ તરફથી અપમાન ભયંકર :-**

સંસારના સુખ પર અણગમો કરવો છે ? તો વિચારો કે "મારા આત્મામાં સુખ મેળવવાની લાયકાત કેટલી, અને કર્મ દેખાડે કેટલું ?" સંસારના સુખ માટે જો સમજીએ કે મારી લાયકાત ઊંચી છે, ને આ કર્મ મારું અપમાન કરે છે, તો એનાં આપેલાં સુખને રાજીપાથી લેવાય કે નારાજીથી ? શું નથી લાગતું કે સંસારનું સુખ આવકારવા જેવું નથી ? સંસારના સુખમાં, ઈન્દ્રિયોના સુખમાં કાંઈ જ માલ નથી ! સત્તાગત અનંત ક્ષાયિક સંપત્તિ આત્મામાં પડી છે. એટલે મનને એમ થવું જોઈએ કે "યોગ્યતાના ઘરમાં તો આટલું બધું છે, ને કર્મનો સંસાર મને ટૂકડો આપીને લલચાવવા, લોભાવવા માગે છે જ ! હું ન આવકારું એને." આપણી પોતાની લાખો મણ બદામના મોટા ગોડાઉન ભર્યા હોય; એમાંથી માત્ર એક બદામમાંથીય એક માત્ર ટૂકડો ભાગી આપણા તરફ ફેંકે તો શું અપમાન ન લાગે ? સમૃદ્ધિની યોગ્યતા આપણી મોટી, ને પરખાવાના અપમાનભરી રીતે ! આ એક વિચારણા. બીજી વિચારણા પૂર્વે આવી ગઈ છે. યાદ છે ને ? જે પુણ્યથી કંઈક સારું મળે છે, તે પુણ્ય પણ બીજા કેટલાય પાપના ઉદયથી કલંકિત છે. કપાળમાં લાલ ચાંલ્લો લાલઘુમ કેશરનો કરે, પણ ઉપર કાળા ચોખા ચોડીને આપે છે. એવા તકલેદી પુણ્યના ઉદય પર આત્માએ જરાયે ખીલવા જેવું નથી. **આવી આવી વસ્તુઓ બરાબર હૃદયમાં કોતરી રાખીએ તો સુખદુઃખમાં અવિકારી રહેવું એ કાંઈ કઠિન વાત નથી.** એટલે વૈરાગ્ય પામવો તો શાનો જ કઠિન હોય ? "મારી લાયકાત છે કેવળજ્ઞાનના ડીગ્રીધર તરીકેની, અને મલે છે એકડીયાની ડીગ્રી ! એમાં શું રાચું ? એવું જગતનું કોઈ સુખ નથી કે જે મારા આત્માને રીઝવી શકે. હવે મારે એવી તૈયારી રાખવી કે, એને ત્યાં વધારે ચઢવું જ નહિ, કે જેથી જઈએ તો કહેને 'આવ્યા ? બેસો નીચે સીમેંટની ગુણપાટ પર ! પછી પાણી જેવુંય માંગવું પડે. તેય માંગીએ છતાં નળનું પાણી ભરીને આપે, ને કહે 'ઢીંચો.' હવે એવું લેવાને મોખ નથી એ વિષયોની જાત જ એવી છે કે જરા એના આશરે આપણે પડ્યા કે મર્યા સમજો ! એટલી બધી એ જુદી જુદી ઈચ્છાની ખણજ ઊભી કરે છે કે, વલખા માર્યા જ કરવાનું ચાલે. તેથી હવે એને ત્યાં ગયા વિના અને આત્માને વિકારી કર્યા વિના, શાસ્ત્ર કહે છે તેમ, જીવનભર ધર્મ કરવો. એટલે દર્શન, જ્ઞાન, ચારિત્ર, અને તપના આચારમાં જ રચ્યાપચ્યા રહેવું; દાન, શીલ, તપ,



ભાવની નિરંતર સાધના કર્યા કરવી,

**મોહ મારવાના ઉપાય :-**

આત્મા પરથી મોહનો અધિકાર ઉઠાવવા અનેક ઉદ્યમ કરવા જોઈશે. (૧) એક તો કોઈ પણ કાળાં કામો કરવા નહિ. (૨) શુભ કર્મના ઉદયો અંતે વિટંબના આપનાર હોય છે, જેમાં પરસ્પર ઢંગધડો નહિ માટે એને વધુ મહાલવવા નહિ. (૩) સારા વિચારોમાં મચ્યા રહેવું, તો ખરાબ વિચારો મર્યે જ છૂટકો. (૪) સારા સંયોગોમાં જ રહેવું, ખરાબમાંથી પાછા હઠવું.

**સારી વિચારણાના નક્કર આઠ લાભ :-**

હવે જેવા સારા વિચાર કરીશ, એટલા પ્રમાણમાં મને અનેકાનેક લાભ મલવાના છે. જેવાં કે (૧) શુભ પુણ્યનો લાભ, (૨) એમાં પૂર્વે બંધાઈ ગયેલ કેટલાક અશુભનો સંક્રમ થઈ, એ અશુભનો શુભમાં પલટો, (૩) એ બધાના પછીથી સારા ઉદયો. (૪) વર્તમાનમાં શુભ બંધ ચાલુ તેથી અશુભકર્મ બંધાતા અટકે. તેથી જ (૫) સંક્રમણ દ્વારા પૂર્વના શુભ એ અશુભ થતા અટકે, ને (૬) ભવિષ્ય ખરાબ ન આવે. વળી (૭) આપણા શુભ વિચારને લીધે આપણા થકી વાતાવરણ ખરાબ ન થાય; તેથી (૮) સામાને કષાય ન થાય. એમ મનને મનાવી સારા વિચારમાં રહેવાનું.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૫,તા.૨૧-૨-૧૯૫૩

## (૨૦) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**સાધના માટે કેળવો-જાગૃતિ, ગરજ અને પુરુષાર્થ :** શું રાગદ્વેષ અને મોહનો એટલો બધો અધિકાર કે જીવને ગમે ત્યાં તાણી જાય ? એની સામે જાગ્રત બની પુરુષાર્થ કેળવાય તો કદાચ ૪૭ મિનિટનું સામાયિક ગમે તેવું ગયું હોય, પણ બાકીની એક મિનિટનું સામાયિક પણ સુંદર થઈ જાય ! મોહનો અધિકાર ઉઠી જાય તો અધ્યાત્મભાવ આવે. યોગદષ્ટિની ભૂમિકા ઊંચી, સુંદર અને એવી આશીર્વાદરૂપ છે, કે તે ભૂમિકાને, યોગ્ય જો જાગ્રતિ, ગરજ અને પુરુષાર્થ બરાબર બનાવી દઈએ તો, ચણતર ભવાંતરમાંય સારું મલશે. ભૂમિકા માટે આ અધ્યાત્મભાવને કેમ ખીલવાય, તેની વિચારણા જોઈએ.

પરમાત્માને નમસ્કાર કરતાં પરમાત્માની મોંઘી પિછાણની વિચારણા કરાય છે. પરમાત્મા યોગીગમ્ય છે, અર્થાત્ યોગીથી જ જણાય; અયોગીથી ન સમજાય



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

તેનું કારણ એ છે કે અયોગીની તો પરમાત્માને જાણવાની જિજ્ઞાસા પણ નથી. શું પરમાત્માને જાણવાની જિજ્ઞાસાય નહિ ? ના નહિ. જેની પાસે યોગ નથી એ ભોગી છે, ભોગરસિક છે. એને ભોગો, ભોગના સાધનો-એની જિજ્ઞાસા-પ્રેપ્સા હોય; પરમાત્માની જિજ્ઞાસા શા માટે થાય.

**પરમાત્માની જિજ્ઞાસા કેળવવા સાંસારિક જિજ્ઞાસાઓ ઘટાડો :** પરમાત્મા કેવા હશે, તેની જિજ્ઞાસાને બદલે આજે મોટા ભાગે શાની જિજ્ઞાસા છે ? 'બજાર શું ખૂલશે ? અમેરિકામાં આજે શું થશે ?' એમાં પછી જેમ જેમ આગળ વધતા જાઓ, તેમ તેમ ધર્મ-જિજ્ઞાસાનું સ્થાન નીકળી જાય. **ધર્મીને ધર્મમાં ઊંચી ઊંચી કોટિનાં પગથિયાં માટે વધુને વધુ જિજ્ઞાસા તોજ જાગે કે જો સંસારમાંની જિજ્ઞાસાઓ ઓછી કરવામાં આવે. અને એ ઓછી કરવા માટે** સમજવું જોઈએ કે જો સંસારના કામોમાં વધુને વધુ પૂછવાની ઈચ્છા થાય, પૂછાય, સંભળાય, રસ લેવાય, તો એ બધાં વધારેને વધારે પાપનાં પગથિયાં છે. આત્માની એમાં ઉન્નતિ અને વિકાસ નથી, પણ અવનતિ છે; આવરણથી આવરવાનું છે. શાસ્ત્ર તો કહે છે કે **"જેમ જેમ ધર્મની જિજ્ઞાસામાં આગળ વધે, તેમ અધિકાધિક કર્મની નિર્જરા કરતો જાય." પછી આચરણમાં આગળ વધે એનું તો પૂછવું જ શું ?** તેથી ઊલટું સંસારમાં જિજ્ઞાસાથી આગળ વધતો જાય, તે વધુ ને વધુ કર્મના બંધ કરે કે નહિ ? બંધાતો જાય કે છૂટતો જાય ? **આ જિજ્ઞાસા એટલે એના તરફના રાગ અને આકર્ષણ સાથેની આતુરતા.** વિચારજો, માનવ જીવનનો સોનેરી સમય ક્યાં અને કેટલો બધો ખર્ચાઈ રહ્યો છે ?

**સાંસારિક જિજ્ઞાસાનું કારણ વધુ પડતી જરૂરિયાતો અને ઉપાધિ :** આજના વધારે ઉપાધિના અને વધારે સગવડના કાળમાં જિજ્ઞાસાનો પાર નહિ, તેથી નાહકનો જીવ કેટલાય પાપ બાંધતો હશે ! વધારે જિજ્ઞાસા શાથી ? જીવનની જરૂરિયાતો અને ઉપાધિઓ વધારી છે તેથી ઉપાધિ એટલે જરૂરિયાતને પોષવા કલ્પેલું સાધન. જ્યાં નવું જુએ સાંભળે કે મેળવવાનું મન થાય ! ઈચ્છાનું **એક ચક્ર ચાલુ થાય એટલે તેની સાથે સંકળાયેલાં અનેક ઈચ્છા-ચક્રો ચાલુ થાય છે !**

**નિયત ધર્મજીવન માટે, જરૂરીયાતોનું માપ કાઢો :** ચોક્કસ પ્રકારનું ધર્મજીવન કેમ જીવવું, તેની યોજનાની વિચારણા કરવાની છે. એ માટે નક્કી કરવું જોઈએ કે 'મારે ઓછામાં ઓછાં પાપથી ચલાવવું જોઈએ, અને તેની જિજ્ઞાસાઓ ઓછી કરવી જોઈએ.' જિજ્ઞાસાઓ ઓછી કરી, પછી મન નવરું તો નહિ રહે, તો તેને **ધર્મની, તત્ત્વની અને પરમાત્માની જિજ્ઞાસામાં જોડો.** પછી મન જેમ જેમ યોગના



ઉપર ઉપરનાં પગથિયાં ચડશે, તેમ તેમ અસંખ્યગુણ નિર્જરા વધતી જશે. મન પાપ-જિજ્ઞાસાથી બચી જવાને લીધે પાપમાંથી બચી જશે. તેટલું જ નહિ, પણ વિષયોની સંજ્ઞા અને જિજ્ઞાસા જે જોરદાર બનતી હતી, તેને પરમાત્મજિજ્ઞાસા તોડી નાખશે તેને વાસી કરશે, અને ધર્મસંજ્ઞાના સંસ્કાર તાજા અને સુદૃઢ કરશે. **જેને વધુને વધુ યાદ કરો, તેના સંસ્કાર તાજા અને દૃઢ થાય, એ નિયમ છે.**

**કુસંસ્કારોને પોચા કોણ પાડે ? :** કુસંસ્કારોને પોચા તે પાડે કે તેને વાસી કરતાં ને કરમાવતાં જેને આવડે, ભૂલતાં આવડે, યાદ કરતાં નહિ. રસદાર ભોજન વારંવાર કરવાના જ સંસ્કાર જેણે પાડ્યા હોય, તે જ્યાં જાય, ત્યાં એને રસમાં મહાલવાનું જ મન થાય ! એને મંદિરના નૈવેદ્યમાં કે સત્પાત્રમાં દાન કરવા જેટલી વૃત્તિ ન જાગે, તેમ સાધર્મિકભક્તિ અને તત્ત્વવિસ્તાર સાંભળવાની વિશેષતા જેટલી એને યાદ ન આવે, એટલી જાતે સારા પકવાન્નનું જમણ કરવાની વૃત્તિ રહ્યા કરે ! કેમ જાણે સારા સારા રસો ઉડાવી લેવા એજ જિંદગીનો મહાન લહાવો ! એમ કોઈને સારી લક્ષ્મી મળે એ, કોઈને સારી સ્ત્રી હોય તો, ઘેરે કોઈ ઉત્સવ, મહોત્સવ લઈએ તો તે દિપાવે, સાધુ-સાધર્મિકની સેવાભક્તિ સારી કરે' પણ સાચું કહો, આટલા માટે સારી સ્ત્રીને જીવનનો લહાવો સમજો છો ? કે પતિપત્નીના વૈષયિક સંબંધ માટે ? ભૂલશો નહિ, કે **મન ચોર છે.** આપણે જો સાવધાન ન હોઈએ તો એ આપણને પવિત્રતામાંથી અપવિત્રતામાં, અને શુભમાંથી અશુભમાં લઈ ગયા વિના રહે નહિ.

**દૃષ્ટિ તેવી સૃષ્ટિ : સંસ્કાર તેવી સૃષ્ટિ :** સંસ્કારનું બળ જુઓ સુંદર સ્ત્રી કે પુરુષ સામે દેખાય, તેમાં સારી ઘણી વિશેષતાઓ હોય છે. એ સુશીલ હોય, ધર્મી હોય, પરમાર્થ કરનાર હોય, સહિષ્ણુ હોય, સેવાભાવી હોય, નમ્ર હોય...વગેરે ઘણું. પણ તે યાદ ન આવતાં, **જે પ્રકારના સંસ્કાર આત્માએ પોષ્યા હોય, તે પ્રકારનું આત્માનું વલણ થાય છે.** એટલે સ્ત્રીઓમાં સારું રૂપ જુએ ત્યારે એને એમ થાય કે 'આ સુંદર ભોગ્ય છે !' એમાં સારી સેવા જુએ ત્યારે થાય કે 'આવા સેવા કરનાર આપણને મળવા જોઈએ.' માટે, જે આ સ્વાર્થના જ ધોરણ છે, તે સૂચવે છે કે **સારા સંસ્કારના અભ્યાસની બહુ જરૂર છે.** એ માટે તત્ત્વોની અને આત્મગુણોની જિજ્ઞાસા જોઈએ. આત્માની એ તાકાત છે કે શુભ જિજ્ઞાસામાં આગળને આગળ વધી શકે એ સુશક્તિનો ઉપયોગ કરી લેવો જોઈએ. એ માટે સદા મનમાં રમ્યા કરવું જોઈએ કે 'હું શા માટે હવે સંસારી પદાર્થોની કે સાંસારિક પ્રસંગની બહુ જિજ્ઞાસા કરું ? હવે મને એ ખપે નહિ.'

**જિજ્ઞાસાદિ યોગોમાં જોરદાર પ્રયાણ :** યોગના પહેલા પગથિયા તરીકે જિજ્ઞાસા થયા પછી બીજું પગથીયું પૃચ્છા. પૂછવા માટે, અહંકારને મારવો પડે; આત્માને કુણો કરવો પડે. એમ આગળ આગળ વધતાં શુભ ભાવના અને શુભ ધ્યાનના જોરે ક્ષપકશ્રેણી મંડાય છે. લાખો પૂર્વોના કાળ તપની, સંયમની, અને સૂત્ર-સ્વાધ્યાયની ક્રિયા એની એજ હોવા છતાં, એ ગાળામાં કેવળજ્ઞાન ન મલ્યું, ને અત્યારે શુકલધ્યાન દ્વારા કેવળજ્ઞાન કેમ મળ્યું ? કહો પહેલાં જિજ્ઞાસા કરી હશે, પૂછ્યું હશે, સાંભળ્યું હશે, સમજ્યા હશે, પછી વ્રત પણ લીધાં હશે, બધું ખરું; પરંતુ હમણાં જિજ્ઞાસા એવી વધી, કે સુસંસ્કારોના જોર પર ધીખતી આંતરદષ્ટિ પ્રગટી, ઉચ્ચ ભાવના અને ઉચ્ચ ધ્યાનમાં ચઢી કર્મો ખપાવવા માંડ્યા ! ધ્યાનબળ વધ્યું. દર્શન, ચારિત્ર, મોહનીયની ક્ષપણા કરવા માંડી, એને ક્ષીણ કરી નાખ્યા ! સાથે, જ્ઞાનાવરણીય કર્મોના ક્ષયે કેવળજ્ઞાન આપ્યું !

**નારી-તત્ત્વની વિશેષતાઓ : ઈન્દ્રિયોના જડ વિષયોની જરૂરિયાત જેટલી ઓછી કરવામાં આવે, તેટલા પ્રમાણમાં આત્મિક ઓજસ વધે.** જરૂરીયાત જડની જેટલી ઓછી થાય, તેટલી તેની જિજ્ઞાસા વગેરેના પગથિયાં ઓછાં થાય; અને તેથી થતો પાપનો બંધ ઓછો થાય. સાથે કુસંસ્કારો ઢીલા પડતા જાય. તેનો મહાન લાભ કર્યો ? તે, કે સંસ્કારના પાત્રોની જે વિશેષતાઓ દેખાતી નહોતી, તે હવે દેખવા માંડે. **કુસંસ્કારોને પોષવાનું બંધ કર્યું,** તો પણ ઈન્દ્રિયોના પાત્રો તો સામે આવવાનાં. પણ એમાં પહેલાં કુસંસ્કારોથી જે ખરાબ વિચારો થતા હતા, તે હવે બંધ થયા, **હવે તેની સાચી ગ્રાહ્ય વિશેષતાઓ સામે દેખાવા માંડશે !** સારી વિશેષતાઓ જોવી હોય તો ઘણી ભરેલી છે. વાસનાનું પાત્ર દેખાતી સ્ત્રીમાં વિનય છે, સહિષ્ણુતા છે, શીલ અને સંયમ છે, સેવાકારિતા અને વાત્સલ્ય છે, મૃદુતાદિ છે, એમ અનેક વિશેષતાઓ છે. કદાચ કોઈમાં એમાંનું કાંઈ જ ન હોય તોય એનામાં વિશેષતા તરીકે વિરાગજનકતા છે, સંસારવર્ધકતા છે, પાપપોષકતા છે, **જગતને અનર્થમાં** આકર્ષણકારિતા છે, વગેરે અનેકાનેક વિશેષતાઓ છે. જિજ્ઞાસાથી જોતાં આવડવું જોઈએ.

**પાપજિજ્ઞાસા અને પાપવિકલ્પોની ભયંકરતા : જ્યાંસુધી જડની જિજ્ઞાસા વગેરે લપ ઓછી થાય નહિ, ત્યાંસુધી કર્મની કે તત્ત્વની જિજ્ઞાસા જાગે નહિ.** પછી ધર્મ અને પરમાત્મા અંગેની ગમે તેટલી વાતો સાંભળવામાં આવે તો પણ તેથી તેનું શું લેવાદેવા ? પાપની જિજ્ઞાસા એવી બદમાશ છે, ભયંકર છે, કે એ આત્માને પાપની કઈ ગલિકુંચીઓમાં ફસાવી દે, તેની ખબર જ પડે નહિ



પાપજિજ્ઞાસાની આંટીઘુંટીમાં પડેલાને કોઈ સ્ટેશન જ મલે નહિ, કે જ્યાં જઈ અટકવાનું થાય. **પાપ જિજ્ઞાસાઓની અને પાપ વિકલ્પોની ભયંકરતા ખાસ ધ્યાનમાં રાખી લેવા જેવી છે.** એ માટે આંતરમંથન ચાલવું જોઈએ કે,

૧. ખોટી ઝંખના-જિજ્ઞાસામાં પાપનો બંધ કેવો ?

૨. નિર્જરાનો અવકાશ હતો, તે કેવો અટક્યો ?

૩. કુસંસ્કારોનું પોષણ કેટલું ?

૪. પાછું કુસંસ્કારને લાયક પાત્ર મળે એટલે કેવી કુવિકલ્પની ભયંકર પરંપરા ચાલે ?

૫. એ ભવેભવમાં જીવને કેવા અને ક્યાં રખડાવે ?

**આવડત હોય સારી જિજ્ઞાસાની, તો જગતના પાત્રો પણ સમ્યગ્દષ્ટિને સંવેગ અને વિરાગ માટે થાય.** કારણ કે તેણે પાપી જિજ્ઞાસા તોડી નાખી છે. **જે પાત્રમાં મિથ્યાદષ્ટિ જીવ રાગને ઉત્તેજીત કરે છે, રતિ-આનંદને કરે છે, તેમાં જ સમ્યગ્દષ્ટિ જીવ વિરાગ, અકળામણ, અને ઉદાસીનતાને ઉત્પન્ન કરે છે.** જુઓ કુમારપાળની દૃષ્ટિ.

**વસ્તુને જોવાની કળામાં કર્મ તૂટે : કુમારપાલ :** રાજા કુમારપાળ અમલદાર વર્ગ વગેરેની સાથે કુબેરશેઠની લક્ષ્મી જોવા જાય છે. કુબેરશેઠની હવેલીઓની ફરકતી ધજાઓ જોઈ રાજા બોલી ઉઠે છે કે "અહો ! આ ધજાઓ કહે છે **કે અમારાથી સૂચવાતી આ લક્ષ્મી, અમારી જેમ ફડફડાટવાળી છે, અર્થાત્ ચંચળ છે."** સંસારના રસિયાને સંસારનું એક પણ પાત્ર સામે આવે ત્યાં પાપ બુદ્ધિના અને રાગના સહેજ વિચારો આવે, ત્યારે મોક્ષના રસિયાને વિરાગના વિચારો સહેલાઈથી આવે. પરંતુ કુસંસ્કારોને લીધે જડની પાછળ જાણે આદુ ખાઈને મંડેલા જીવને, ઘેલા થયેલા જીવને, પાપની ક્રિયા પૂરી કર્યા પછી વિચારો તો ચાલુ જ ! પકવાન્નના **જમણનું ભોજન ભલે દસ મિનિટમાં પતે, પણ તેનું વિવરણ કલાકોના કલાકો ચાલે !** દિવ્ય જીવનનો કેવો આ પાશવી ઉપયોગ ! જુઓ કે, એની વિચારણામાં ક્યાં સુધીની અધમ વિચારણા ? સામી સ્ત્રી સતી હોય, ધર્મી હોય, તો પણ 'અહો ! કેવી સુશીલ ધર્માત્મા,' એમ એને નહિ થાય પણ ગુલાબી ચામડી અને અદ્ભુત રૂપ પર 'આ સારું ભોગનું પાત્ર છે,' એમ વિચારણા પહોંચે ! કેમકે કુસંસ્કારોને પોષ્યા છે તેથી. વાહ ! કેવી આ નીચ દશા ! વળી ત્યાં પાછું એમ લાગે પણ નહિ, કે આ આપણે અધમ વિચારણા કરી રહ્યા છીએ !



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

## (૨૧) શ્રી ‘યોગદૃષ્ટિ સમુચ્ચય’

સતી સુરસુંદરીને જોઈને વેપારીને, વેશ્યાને, અને રાજાને શું શું થયું ? વેપારીને એ કરીયાણું લાગી, વેશ્યાને એ પૈસા કમાવાનું સાધન લાગી, રાજાને એ ભોગ્ય લાગી. કારણ ? જુદા જુદા સંસ્કારવાળી જિજ્ઞાસા ! **જેવા સંસ્કાર તેવું જ વલણ આત્માનું ઘડાવાનું ! પછી વલણના હિસાબે આતુરતા થવાની.** કોઈ સ્ત્રી સુંદર રૂપવાળા મુનિને જુએ, પણ જોતાં કામના જ સંસ્કારો પોષ્યા હોય તેવી સ્ત્રીને શું વિચારણા મલે ? ‘આ મુનિ છે, ધર્મના આરાધક છે’, તે બધું ભૂલી જાય ! સુરસુંદરીને રાજાએ બધી સાહ્યબી, બધી રાણીઓ ઉપર પટરાણીની સત્તા વગેરે ઠકુરાઈ આપવાની વાત કરી, ચોરે પણ શું કર્યું ? સુરસુંદરી મહાસતીને ભારે ધાક-ધમકી બતાવવા મંડ્યો. જે જાતના સતીના આંતરદર્દ ભર્યા માયાળુ શબ્દો સાંભળવા શાહુકાર ગણાતા રાજા વગેરે પણ જો તૈયાર નહિ, તો તે ચોર સાંભળે ? એ તો તલવાર લઈ ઊભો થઈ ગયો ! લ્યો, છે હૈયું ? વિચારવા જેવું છે કે **જ્યાંસુધી આપણે જીવતા છીએ, સભાન છીએ, ત્યાંસુધીમાં કુસંસ્કારો, કુ-વલણો અને કુજિજ્ઞાસાઓને નાબુદ કરવા માટે કેટકેટલું કરવું જોઈએ ?** ચોર દુર્જન છે.

**દુર્જનનાં પાંચ લક્ષણ છે :**

(૧) દયાનો અભાવ, (૨) નિષ્કારણ વિગ્રહ (લડાઈ), (૩) પારકાનું પડાવી લેવાનું ગમે, (૪) બીજાને જ દોષ દેવાની તૈયારી, અને (૫) સ્નેહીઓ પર પણ અસહિષ્ણુતા, તિરસ્કાર. આનાથી આપણાં માપ કાઢવાની જરૂર છે. ગમે તેવા સંયોગોમાં પણ દયાળુ હોય, કારણે પણ વિગ્રહથી દૂર રહેવાની ઈચ્છાવાળો જ હોય, ચોરીને બદલે દાન કરનારો હોય, પોતાને દોષ દેનારના પણ ગુણો જોનારો હોય, અને એકલા સ્નેહીઓ જ નહિ પણ જગત પર પણ સહિષ્ણુ હોય, તો તે સજ્જન ગણાય.

પરમ ઉપકારી શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા યોગદૃષ્ટિ સમુચ્ચય નામના ઉત્તમ શાસ્ત્રને વિષે યોગદૃષ્ટિનું સ્વરૂપ બતાવતાં ઈચ્છાયોગથી પરમાત્માને નમસ્કાર કરે છે.

નમસ્કારમાં પરમાત્મા કેવા કેવા સ્વરૂપવાળા છે, તે બતાવતાં એક વાત એવી કહી કે પરમાત્મા યોગીગમ્ય છે. એનો અર્થ તો જાણે એ થયો કે પરમાત્માને



સમજવાને માટે યોગીપણું જોઈએ. યોગી ન હોય તો ? શાસ્ત્રકાર કહે છે કે યોગસન્મુખ ન હોય તેને પરમાત્માને સમજવાની વાત તો દૂર છે, પણ તે પરમાત્માની જિજ્ઞાસા પણ ન કરી શકે. અર્થાત્ તેનામાં સમજણની નાલાયકતા છે એટલું જ નહિ, પણ જિજ્ઞાસાની પણ લાયકાત નથી.

પરમાત્મા, મોક્ષ, યોગ, વગેરે એવી ઊંચી ચીજો છે, એ એવી કોટિની છે, કે એની જિજ્ઞાસા થવામાં પણ યોગ્યતા જોઈએ ! ત્યારે જો જિજ્ઞાસા જ હજી જાગી નહિ, તો ઉપરનાં પગથિયાં તો આવે જ ક્યાંથી ? જો એ જિજ્ઞાસાનાં પગથિયાં નથી, તો પછી પાપકાર્યોની જિજ્ઞાસાનાં અને એની આગળનાં પગથિયાં એના શિરે લખાયેલાં જ છે. એટલે ? એટલે એ કે આ મોહ તમને ઠગી રહ્યો છે. તમારે જો પરમાત્મા-મોક્ષ વગેરે જાણવાં-સમજવાની અને વિચારવાની ગરજ નથી તો જડની જિજ્ઞાસા વગેરેની આખીય મશીનરી તમારા દિલમાં કામ કરતી રહેશે. એમાં અહીંય ગદ્ધાગુલામી અને પરભવેય.

એક આત્માને તત્ત્વની જિજ્ઞાસા થાય. જિજ્ઞાસા પછી પૂછવા સાંભળવાની ઈચ્છા, એટલે કે શુશ્રુષા થાય; પૂછવા માટે જવાની ઈચ્છા કરે. જઈને પૂછે સાંભળે, સમજીને અંગીકાર કરે. અંગીકાર કર્યા પછીની અમલની અવસ્થા ધરે. શ્રાવકપણું પાળે. આ બધા પગથિયામાં ચઢતે ક્રમે અસંખ્યગુણ-અસંખ્યગુણ કર્મનિર્જરાનો લાભ પામે. અંગીકારમાં શું કરવાનું ? સમ્યક્ત્વ. સમ્યક્ત્વ એટલે સાંભળેલા તત્ત્વ પર સચોટ હૃદયપૂર્વકની શ્રદ્ધા. તે માટે શ્રવણ જોઈએ. અને શ્રવણ માટે કોઈ તત્ત્વ કહેનારની પાસે જવું જોઈએ. આ માટે અંતરમાં જિજ્ઞાસા-શુશ્રુષા જાગવી જોઈએ. જિજ્ઞાસા ઉપરની જે બધી વાતો છે તે આગળ આગળ અસંખ્યગુણ અસંખ્યગુણ કર્મની નિર્જરા કરાવનારી છે.

**જિજ્ઞાસા વગેરેની રહસ્યમય કિંમત :** તમને આ વાતો મામૂલી લાગે ને ? ‘હા’ કહો છો ? તમારા મનને એટલું તો થાય છે કે આ માનવભવમાં, ભાઈ ! ધર્મ જોઈએ તો ખરો. પણ ‘આ માનવ જીવનમાં પૈસા-સુખસગવડ જોઈએ,’ એના વિના ન જ ચાલે, એ હૈયે કેવું વસ્યું છે ? એમાં જો ધારણા કરતાં વધું મલ્યું, તો ત્યાં હૈયાના આનંદનો ઉછાળો કેવો ? અપરંપાર ! અને આ તત્ત્વો, ધારણા નહોતી તેટલા વિપુલ પ્રમાણમાં મલ્યાં, છતાં ઉછાળો કેટલો ? ગ્રંથકાર જે ઈચ્છાયોગથી પરમાત્માને નમસ્કાર કરે છે, તે ઈચ્છાયોગની પહેલી શરતમાં ‘કરવાની ઈચ્છા’ છે. કરવાની ઈચ્છા તત્ત્વજિજ્ઞાસાથી મળી છે,

(૧) **એક તત્ત્વની સાચી જિજ્ઞાસા થાય એટલે આત્મા ગુણશ્રેણિએ ચઢ્યો સમજો.**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

(૨) એથી આગળ એમ થયું કે **"લાવ પૂછું !" ત્યાં અહંભાવ ઘટ્યો !**

(૩) "લાવ જાઉં પૂછવા માટે," એમ કરી ચાલ્યો એટલે **વીર્યાન્તરાય તોડ્યો.**

(૪) જઈને શ્રવણ કરવા લાગ્યો, અને સમજવા-સ્વીકારવા માંડ્યું ત્યાં **પ્રમાદનો ત્યાગ કર્યો, એટલે ગુણશ્રેણિ ચઢી.**

જો જો કેવી ક્રમશઃ ગુણશ્રેણિ એટલે અધિકાધિક કર્મ ક્ષય થઈ રહેલ છે. સાચી પૂછવાની ઈચ્છામાં જે ગુણશ્રેણિ, તે કરતાં શ્રવણમાં વધુ. બરાબર શ્રવણ કરે છે, લાગે છે કે આ સ્વીકારવા જેવું છે. એટલે પાછી ગુણશ્રેણિ વધી. અને જ્યારે એ સ્વીકારી રહ્યો છે, ત્યારે તો વળી ઓર ગુણશ્રેણિ ચઢી. સ્વીકાર્યા પછી "અહો હું પામ્યો !" એટલે પાછી ચઢી ! ક્રોડ પૂર્વોનું ચારિત્ર પાળતો હોય, અને સમાન સ્થિતિમાં રહેતો હોય, પણ જ્યારે **શુભવિચારોની શ્રેણિમાં ચઢી શુભધ્યાનની શ્રેણિ ચઢે એટલે, જરૂર પડે અંતર્મુહુર્તમાં ઠેઠ તેરમે ગુણઠાણે જઈને બેસે !** વીતરાગ સર્વજ્ઞ થાય ! બધો નિકાલ તરતમાં થવા માંડે !

**આત્મનિરીક્ષણ :** ખૂબી તો એ છે કે 'અત્યાર સુધી ભૂતકાળનો સંસાર કેવો અને કેટલો ડહોળ્યો ? શું શું કમાઈ કરી ? શું અત્યારે પરિસ્થિતિ છે ? પાપી છે કે ધર્મી ? સાધુ છે કે શ્રાવક ? આરંભસમારંભવાળો છે કે આરંભ વિનાનો ?' આ કાંઈ પૂછવાનું નહિ ! શુદ્ધ આત્મનિરીક્ષણ કરતાં જીવ શુભવિચારની ધારાએ ચઢવા માંડ્યો, ગુણશ્રેણિએ ચઢવા માંડ્યું, એટલે અસંખ્યગુણ, અસંખ્યગુણ કર્મ નિર્જરા કરતા ચાલ્યો ! હવે સાથે પ્રથમ સંઘયણ જો યારી આપે અને શુભ ધ્યાનની ધારા વધતી જ ચાલે તો સકલ ઘાતી કર્મ ખપાવી કેવળજ્ઞાન સુધી પહોંચી શકે ? **દ્રઢપ્રહારીનું જીવન કેવું ? અર્જુનમાલીની દશા કેવી ? ઝાંઝરીયા મુનિનો ખુની રાજા કેવો ? પાપમય; છતાં એ શુભવિચારણા અને શુભ ધ્યાનના બળે કેવળજ્ઞાની સર્વજ્ઞ બન્યા !!**

**પૂર્વનો ઉન્નતિવાળો કાળ :** ગુણસાગર ચોરીમાં બેઠા હતા. દેખાવમાં લોકમાં શું દેખાતું હતું ? ઘણો ભાગ્યશાળી ! આઠ કન્યાઓ પોતાનો હાથ એના હાથમાં આપી રહી છે ! હાથમાં હાથ છે ! એકનો નહિ, આઠનો ! રત્નસંચય એમના પિતા, એ સાચેસાચ રત્નના સંચયવાળા. અર્થાત્ મહા સમૃદ્ધિશાલી. એમનો આ સૌભાગી પુત્ર છે ! ધામધૂમથી વિવાહ-ઉત્સવ ઉજવાય છે. આ સ્થિતિ કેવળજ્ઞાન પામવા માટે યોગ્ય ગણાય ? ગુણસાગરે જે ગુરુને જોયા હતા, તે તો હજુ છઠ્ઠા અને સાતમા ગુણ ઠાણામાં અટકેલા હશે ! છદ્મસ્થપણામાં હશે ! ત્યારે ગુણસાગર કેવળજ્ઞાનની તૈયારી કરે છે ! તેરમે ગુણઠાણે વીતરાગ સર્વજ્ઞ બનવાની તૈયારી કરે છે !



**ગુણશ્રેણિના ગજબ ચમત્કાર :** આમ તો અત્યારે ગુણસાગર પાણિગ્રહણ કરી રહ્યા છે. એક રૂપસુંદરી સાથે નહિ, આઠ સાથે ! તમારી દૃષ્ટિએ આ વિષયતૃષ્ણા કેટલી ગણાય ? ત્યારે લક્ષ્મીમાં કેવું ? સંપત્તિ વિપુલ ! અને મોટા ઘરમાં આરંભસમારંભનું પૂછવું જ શું ? તે તો ઠીક ઠીક હોય. આવી સ્થિતિમાં કેવળજ્ઞાન હોતું હશે ? હા, હોય, જો ગુણશ્રેણિએ ચઢતાં આવડે તો. સાધુ હોય અને ગુણશ્રેણિએ ચઢતાં ન આવડે તો તે કયી સ્થિતિમાં હોય ? ભૂલા પડે તો કઈ વિકટ સ્થિતિમાં મૂકાય ? જીવ ગમે તે સ્થિતિમાં બેઠો હોય પણ ગુણશ્રેણિની પગથાળીએ ચઢતાં આવડે, એટલે અસંખ્યગુણ અસંખ્યગુણ કર્મનિર્જરા કરતો ચાલે ! અને જો સંઘયણ યારી આપે તો ક્ષપકશ્રેણિના ઊંચા પગથીયે પહોંચી, કેવળજ્ઞાન લઈને સ્થિર થાય. **ગુણશ્રેણિમાં શું કરવાનું ? શુભ ધ્યાનની ધારામાં આત્માને પુદ્ગલ-રાગમાંથી ખેંચી લઈ શુદ્ધ સ્વભાવમાં ચઢાવી દેવાનો.**

**લોક અને ગુણસાગરના દૃષ્ટિભેદ :** ગુણસાગર એટલે ગુણનો સાગર ! ગુણનું ખાબોચિયું નહિ. લોક સમજે છે 'આઠેય સુખ આપનારી, એકી સાથે કોલ આપે છે !' આ સમજે છે કે **'આ એક-બે નહિ, પણ આઠ-આઠના બંધનમાં પડ્યો !'** લોક સમજે છે કે 'આ આઠેને પરણ્યા પછી જોજો એનો વૈભવ અને વિલાસ !' અને આ સમજે છે કે **'આ લપમાંથી ક્યારે છુટું, ને ક્યારે ગુરુદેવ પાસે જઈ ચારિત્ર લઉં !'** કેવાં હૃદય અને કયી સમજ એમનામાં હશે ! કોઈની ગુલામી કરાવે તેવો વૈભવ નહોતો ! ટોણા-ટપકાં ખાવાની સ્થિતિમાં વિલાસ નહોતા ! કલેશ ને કંકાસ હોય તેવું ઘર નહોતું ! છતાં વૈરાગ્યના આસમાનમાં ઉડતા હતા. તે કેમ બન્યું ? વિચરતા તીર્થંકર ભગવાન પધાર્યા હોય તેવું પુણ્ય નહોતું ! ત્યારે હતું શું ? **જાતિસ્મરણ.** જાતિસ્મરણમાં શું વિચાર્યું ? **અહીં જો આરાધના ચૂકી જઈશું તો ભૂતકાળના પંડિત એવા આપણે અહીંયાં વર્તમાનના મૂર્ખ બનશું !! વર્તમાનના મૂર્ખ એટલે ભવિષ્યના ભ્રષ્ટ, પતિત, અને અતિ દુઃખિત !** પૂર્વે આરાધના કરી હતી માટે પંડિત; એટલે જ અનુત્તર વિમાન જોયું હતું, અને અહીં પણ ઉત્તમ કુળ અને ધર્મસામગ્રી મળી, હવે વર્તમાનમાં મૂર્ખ નહિ થવાનું. **જેટલા પ્રમાણમાં દુન્યવી ચાળા જેટલા જોરજોરથી પૂર્વે કર્યા, એટલા જ જોરજોરથી એટલા ચારિત્ર અને તપ આરાધી કર્મનિર્જરા કરવાની !** જેવી સંસારમાં ઘોર અજ્ઞાન-દશા, ચારિત્ર લીધા પછી તેટલા જ વિપુલ પ્રમાણમાં જ્ઞાન-દશા !

**જ્ઞાનદશાના માર્ગ :** દેવગુરુ નહોતા પામ્યા ત્યાંસુધી અજ્ઞાન દશાની ગુલામી હતી પણ દેવગુરુનો સંયોગ પામ્યા પછી તો તેથી ઊલટું તેટલા જ પરાક્રમી જ્ઞાનદશા જગાવવાની અને ટકાવવાની અને સંજ્ઞાઓને કબજે કરવાની ! સંજ્ઞાઓને



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

કહી દેવાનું કે "તમારું ધાર્યું હવે ન થાય ! હવે તો અમારૂં ધાર્યું થશે. ઈન્દ્રિયો ! તમે જેટલી પૂરજોશમાં મને તાણી જતી હતી, તેમ મારી કેડ તૂટે તેની પણ પરવા નહોતી કરી, તે હવે હું ધર્મ પામ્યો છું, એટલે હવે તો મારી ધારણાનુસાર હે ઈન્દ્રિયો ! અંતરાત્મામાં જઈ તમારે ઠરવું પડશે. આત્માના વિકાસ કેમ સાધતા હશે ? વેવલી વાતોથી ? ના, ચોક્કસ પ્રકારની યોજના વિચારી, તેનો સચોટ અમલ કરવાથી. **આત્મા ઈન્દ્રિયોની પાછળ પૂર્વે જેટલો ગુલામ હતો તે હવે પોતે ઈન્દ્રિયો પર જુલ્મગાર બની જાય. સીધેસીધું નહિ તો બળાત્કારે પણ ઈન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવવાની. બાકી જ્યાં જીવનની અતિ જરૂરિયાતોમાં ઈન્દ્રિયોને રોકવાનું આપણું ચલણ નથી ત્યાં પણ આપણે ઈચ્છાપૂર્વક ન જ દોડી જઈએ. કચવાતે દિલે અને જલદી પાછા વળી જવાની તૈયારી સાથે જઈએ.**

**ગુણસાગરની ધ્યાનધારા :** દેવગુરુ નહોતા મળ્યા ત્યાં સુધી આળસ અને પ્રમાદમાં હતા, હવે ઉદ્યમ કરવાનો ! જે મોહની ગુલામી હતી તેને ઉઠાવી, હવે માનસિક સ્વચ્છંદતાને ગુરુપારતંત્ર્યની પોલાદી સાંકળોથી કબજે કરવાની ! થેકડા મારતા હતા, તેટલા જ શાંત બનીને બેસવાનું ! જે પ્રકારની અજ્ઞાન અને મોહ દશામાં રઝળતા હતા, તેથી વધુ પ્રમાણમાં જ્ઞાનદશા અને નિર્મોહ દશામાં રમવાનું ! એટલે ગુણસાગર ચોરીમાં બેઠો એ ભાવના કરે છે કે, "સદ્‌ગુરુ પાસે જઈ સંયમ લઈશ ! નિર્મળ શ્રુતજ્ઞાન ભણીશ ! નિત્યગુરુ વિનય કરીશ ! કઠોર તપ તપીશ ! નિર્દોષ રૂક્ષ ગોચરીથી નિર્વાહ ચલાવીશ ! કામ કષાયને ભગાડી, મહા સુંદર જીવન બનાવીશ ! સંયમ યોગમાં સ્થિર થઈ જીવિત-મરણને વિષે સમભાવ કેળવી મોહ શત્રુને હણીશ !"

**આઠ પત્નીની ધ્યાનધારા :** આ બાજુ આઠ વિચારે છે ! 'પતિ છે વિરાગી, અને વળી આર્ય પિતાના પુત્ર ! બોલેલું વચન પાળવાના ! એટલે પાણિગ્રહણ પછી સંયમ લેવાના જ. તો અમારેય સંસારનું શું કામ છે ? આવા ધર્મપતિ ક્યાં મળવાના હતા ? એટલે અમે પણ નાથ નગીનાની સાથે સંયમ પંથે જઈશું ! બસ, પછી તો આ રીતે આરાધનામાં જોમ અને ઝડપ લગાવવાના, આઠેય ચઢી ક્ષપક-શ્રેણિએ !

આ નવ આત્માઓ શું કરે છે ? ગુણશ્રેણિએ પણ કૂદકે ચઢી ગયા છે ! સમભાવનું એટલું બધું ઓજસ આવી ગયું છે, કે કોઈ એકજણ આવીને કહે કે બીજી મિનીટે તમારું મૃત્યુ છે ! ને બીજો આવીને કહે કે 'તમારું લાખ વર્ષનું આયુષ્ય થયું !' તો આ બંને તરફ હૃદયમાં કંઈ ફેર નહિ ! સામે લાવી કોઈ હીરા ના ઢગલા ભેટ કરે, કે ઘરમાં પડેલા ઝવેરાતની માટી થઈ જાય, તોય એ બંને પ્રત્યે



હૈયામાં કોઈ આનંદ કે શોક નહિ ! એકબીજાની પ્રતિસ્પર્ધી એ બંનેય વિષમ સ્થિતિમાં આત્માની દર્પણ જેવી અવિકૃત અવસ્થા ! એ વિચારે છે કે "મોહના જેટલા શત્રુ આવશે, તેનો સંયમથી પરમાત્માએ આપેલા દશ પ્રકારના યતિ-ધર્મના શસ્ત્રોથી નાશ કરી નાખીશું ! ક્રોધ કે અભિમાન, હિંસા કે જુઠ, કોઈ મોહ રિપુને ઊભો નહિ રહેવા દઈએ." કવિ એમની સ્થિતિ રજૂ કરે છે.

**સંયમ લેઈ સુગુરુકને, તપ તપશું મનોહારી રે લો...અહો તપ૦**
**જીવન મરણે સમ પણું, સમતૃણ-મણિ પણું ગણશું રે લો...અહો સમ૦**
**સંયમ યોગે થિર થઈ મોહ રિપુને હણશું રે લો...અહો ! મોહ, રિપુ૦**
**અમે પણ સંયમ સાધશું, નાથ નગીનાની સાથે રે લો...**

**મોહના સ્થાનમાં ધર્મનાં તાન :** એક વાર સંયમ યોગમાં સ્થિર થઈ, મોહના સુભટોને ભગાડી મૂકવાના ! પછી નિરાંત ! એક તત્ત્વની સાચી જિજ્ઞાસા વધારી જીવ આગળ વધ્યો, એટલે તો પછી ઉપડ્યો ગુણશ્રેણિના માર્ગે. અહીં એક બાજુ લગ્નનાં વાજાં વાગી રહ્યા છે, મંગલ વર્તાઈ રહ્યા છે, એ તમારે સંસારીને મન તો ભવ્ય ઉત્સવનો પ્રસંગ ને ? તે વખતે આ યોગ્ય જીવો જાણે સદ્‌ગુરુ પાસે પહોંચી સંયમી થયા ! ગુરુ વિનયને તો જાણે આત્મામાં ઓતપ્રોત કરી દીધો ! સમતા ને સમાધિ વધારતા ગયા ! આત્માના પરિણામ ઊંચા વધતા ચાલ્યા. સામેથી દુનિયાના અનુકૂળ-પ્રતિકૂળ આક્રમણ આવે તો પણ **મોહના યોદ્ધાને આત્મવીર્યની સહાય આપવાની વાત નહિ !** સઘળા મોહ પર વિજય મેળવી લીધો ! વિજય મેળવવા માટે જે પુરુષાર્થ કરવો પડ્યો, તે પુરુષાર્થમાં જુગ જુના કર્મ ખેરવી નાખ્યા !

**ગુણસાગરની આદર્શ પત્નીઓ :** આ જે ગુણશ્રેણી ચઢી, તેમાં લોક જોતાં રહી ગયા ! ગોર મંતર ગણતો રહી ગયો ! માબાપ ઓરતો કરતા રહી ગયા ! અને ગુણસાગરે કેવળજ્ઞાન-કેવળદર્શન ઉપાજર્યા, ત્યારે એ આઠ કન્યાઓ હાલી-મવાલીના ઘરની નહોતી. તેમ મામુલી જીવ સાથે સંબંધવાળી નહોતી એટલે એ પણ શું કામ બાકી રાખે ? એય ઉચ્ચ ભાવનાના આસમાનમાં ઉડવા લાગી. અહીં તો લોક દૃષ્ટિએ મહાન જીવન ઉત્સવ હતા. શ્રીમંતના ઘરની કન્યાઓ, રૂપરૂપનો અંબાર ! એટલે વળી પોતાના લગ્નના પ્રસંગે આભૂષણશૃંગારમાં શું ખામી હશે ? આ જોઈ માતપિતાનું દીલ કેવુંક ઠરે, એ સ્થિતિમાં લોકને રાગમાં રમતું મૂકી આ કન્યાઓ વીતરાગભાવનામાં ચઢી ! **સંસારના ઉત્સવો જોઈને હૃદયમાં કકળાટ થાય, નિસાસાનો અનુભવ થાય તેવા વિરાગી આજે દુનિયામાં કેટલા જોવા મલે ? દુનિયાદારીનો ઉત્સવ મંગળ એટલે આત્માના અનુત્સવ-અપમંગળ સર્જાઈ રહ્યો છે !'** આવું સમજનારને, સમ્યગ્ દર્શન કરનારને હૃદયમાં કકળાટ થાય,



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

નિસાસો પડે. કન્યાઓ વસ્તુમાં સમ્યગ્દર્શન કરી રહી છે. એમાં એમણે પણ પતિની પાછળ ક્ષપકશ્રેણિની ગાડીએ સિધાવ્યું ઘનઘાતી કર્મો ચોરીમાં હસ્તમેલાપની મોહની રમત વખતે ઉરાડીને એ કેવળજ્ઞાન પામી ! આપણે ચોરી તો નહિ પણ ઉપાશ્રયમાં મોહની રમત નહિ, પણ જિનવાણી શ્રવણ કરતાં કેટલા કર્મ ઉરાડી ક્યાં પહોંચીએ ?

**ગજસુકુમાળ પર પ્રભુદયા :** ગજસુકુમાળને જંગલમાં જતાં જોઈ નેમનાથ પ્રભુને કકળાટ ન થાય ? સગડી માથે મુકાઇ, તે પહેલાં પણ અને તે વખતે પ્રભુ જ્ઞાનથી જોતા જ હતા ! કેવળજ્ઞાનથી નિહાળી રહ્યા હતા કે આ સસરો સોમીલ આ ફુલડાના માથે ખેરના કોલસા ભરી રહ્યો છે ! સુકોમળ માથું ભડભડ સળગી રહ્યું છે ! અગ્નિ અંદર પેઠો છે, ને કુણા મગજને શેકી બાળી ભસ્મ કરી રહ્યો છે ! એમાં કેટકેટલી પારાવાર વેદના છે, તે પણ પ્રભુ બરાબર જોઈ રહ્યા હતા ! છતાં એ જ્ઞાની સાથે જોતા હતા કે **'એના અશુભ કર્મના ઉદયના ઉપદ્રવમાં તેના આત્મા માટે મહોત્સવ ઉજવાઈ રહ્યો છે !'** સંસારના ઉત્સવમાં આત્માની હોળી સર્જાઈ રહી હોય છે ! આવું દર્શન સમ્યગ્દષ્ટિ નહિ કરે તો કોણ કરશે ? **ભલે અગ્નિ ભયંકર, પણ એ તો માત્ર બંધનભૂત કાયાની રાખ કરે, આત્માની નહિ ! આત્માના તો, એ અગ્નિ જન્મોજન્મના કર્મ કચરા સાફ કરી રહ્યો છે !** ભગવાનના દીલમાં કેમ અરેરાટી નહિ ? કેમકે ભગવાન સ્વયં વીતરાગ તો છે જ, પણ આ તો એ જુએ છે કે ગજસુકુમાળ પણ ત્યાં કર્મના ઉપદ્રવમાં વીતરાગ બની મોક્ષ વરવાનો મહોત્સવ ઉજવશે ! અનંતીભવ પરંપરાનો અંત આણશે ! કષ્ટની શી કિંમત હતી જો લાભ અગણ્ય-અચિંત્ય થતો હોય ?

**શુભ ભાવનામાં ચઢ્યા પછી વિમાન જેવી સાવધાની જરૂરી :** જ્યાં ગુણસાગરના લગ્ન મહોત્સવ ઉજવાઈ રહ્યા કે ગુણસાગર કહી દેશે કાલ પ્રભાતે કે 'દીક્ષાનો વિચાર તો છે પણ આજે નહિ ! થોડા વખત પછી ! તે મારી ખાતર નહિ, તમારી ખાતર ! "ઓરતા ને અરમાન માબાપનો થતા હોય કે ન થતા હોય, પણ અહીં તો પુત્રરત્નને અદ્ધર આકાશમાં ઉચ્ચ ભાવનાના વિમાનમાં ઉડવાની વાત છે. ઉત્તમ કોટિના અધ્યવસાય તે વિમાન છે. પગ નીચે મૂકવાનું કામ નહિ. અર્થાત્ જમીનને અડી રહેવાની હવે જરૂર નહિ. પછી સંસારનું કંઈ દેખાઈ ગયું, કે મેલે એને નીચે પડતું ! પણ જો પોતે જ પડતું મૂકે તો ? તો શું ? વિમાનને એટલે કે શુભ વિચારધારાને જતી કરી ભાઈ આવ્યા નીચે મલિન સંસારિક ભાવના તળ પર. એ તે **શુભ ભાવનાને પકડીને બેસી રહેતાં જો આવડે, તો એ વિમાનનો સ્વભાવ, કે ઊંચે ઊંચે લઈ જાય ! અર્થાત્ વિચારણાની ધારાય ઊંચી વધે, અને**



**આત્મ-ઉન્નતિ પણ અધિકાધિક ખીલે !**

**ધર્મક્રિયાનો પ્રભાવ ગુણશ્રેણિથી ગુણાય :** પરિણામની ધારા પર, વિચારના ઉચ્ચ પગથિયાં પર, ને શુદ્ધ અધ્યવસાયની નિસરણી પર ચઢતાં આવડે, તો અધિક ને અધિક આત્મવિકાસ સાધતો ચાલે ! એવી જ કોઈ ગુણશ્રેણિમાં સંગમ ગોવાળીઓ એ શાલીભદ્ર બન્યો ! હાથી એ મેઘકુમાર બન્યો, ભિખારી એ સંપ્રતિ થયો ! સર્પ એ ધરણેન્દ્ર બન્યો ! આ બધું શુભ વિચાર સરણીની વૃદ્ધિગત ધારાના પ્રતાપે ! જો એને ન આવકારીએ તો પછી ટૂંકડા કપાળમાં શું લખવાનું ? પાપ કેળવું, મેળવું, ને કબજે કરું એજ ને ? જેવો પેલો ગુણશ્રેણિમાં અધિક અધિક કર્મ નિર્જરા કરતો ચાલે, તેમ હલકી ભાવનામાં આ અધિકાધિક પાપ બંધ કરતો ચાલે. એક બાજુ ગુણશ્રેણિની ઊંચી ઊંચી પાયરી, ને બીજી બાજુ હલકી ભાવનામાં દોષનું ભોયરું ! એક બાજુ ગુણોનો ધસારો, ને બીજી બાજુ કુવિકલ્પોનો ધસારો !

**જુઓ, જીવને સ્વભાવ ભૂત શું છે ? સતત શુભ વિચારો કે કુવિકલ્પો ? :** શુભ વિચારો માટે કોઈ નિયત કાળ, દ્રવ્ય ક્ષેત્ર કે ભાવની રાહ જોવાની જરૂર નથી, સઘળો કાળ, સઘળું ક્ષેત્ર, સઘળા સંયોગો, ને સઘળી પરિસ્થિતિ, શુભ વિચાર કરવો હોય તો, નડતર રૂપ નથી. ગરીબ માણસ શુભવિચાર કરે તો ફળે નહિ, અને તવંગર કરે તો જ ફળ મલે, તેવું નથી. ઘરમાં કરો તો નિષ્ફળ, ને ઉપાશ્રય-મંદિરમાં કરો તો ફળે, તેવું પણ નથી, સર્વકાળ, સર્વક્ષેત્ર, અને સર્વ દ્રવ્ય સંયોગ નિર્જરા માટે ને શુભવિચારણા માટે બનાવી શકાય છે. એટલું ધ્યાનમાં રહેવું જોઈએ કે **માનવભવમાં શુભ વિચાર પ્રવાહની સારી તક છે એ જો ગુમાવી તો સમજો કે પછી તો મનુષ્યપણામાં વાવેલા કુસંસ્કારો ભવિષ્યમાં ભયંકર નીવડશે.** જેમ ક્ષેત્રમાં પડેલા દાણામાંથી અનેક છોડ, ને તેમાંથી, અનેક નવા દાણા, અને તેમાંથી વળી નવા છોડ થાય. તેમ આ કુસંસ્કારના બીજને જો અહીં પોષ્યા તો ભવાંતરમાં તે વૃદ્ધિ જ પામવાના ! શુભવિચારોના અભાવે ખોટા વિકલ્પો એટલા બધા જાણે સ્વભાવભૂત બની ગયા છે કે, સામે કોઈ પણ પાત્ર આવ્યું કે મલિન સંસ્કારો જાણે તરત જ આત્મામાં જાગવા માંડશે ! પછી ભલેને સતી સ્ત્રી સામે આવે ! અને કુવિકલ્પોથી આત્માને ભરી દીધો હોય એટલે આત્માનું વલણ કુવિચારો તરફ જ જાય. **સંયોગોમાં એ તાકાત છે કે ઉદયમાં વર્તતા કર્મને ટુંપીને બીજા ઉદયમાં લઈ જાય. પણ શુભવિચારણા તો, જો સીધો જોરદાર પુરુષાર્થ ચાલુ રહ્યો હોય, તો ઘડતર એવું કરી નાંખે કે ગમે તેવા સંયોગો આવે પણ શુભવિચારણા જ ચાલે.**

**જડ પુદ્ગલના ખીલે બંધાયેલું જગત દોડે, તોય જડના સીમાડામાં : ધર્મક્રિયા**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**એ નિશાળ છે; ને એમાં પ્રતિકૂળતાની કસોટી એ પરીક્ષા હોલ છે.** ક્રિયાની નિશાળમાં શું શીખો ? શુભવિચારણા કરવાનું અને શુભ અધ્યવસાય વધારવાનું, તથા ઉપસર્ગ-પરીષહ-પ્રતિકૂલ વાતાવરણ વગેરે કસોટીમાં બરાબર ટકો એ રીતે તૈયાર થવાનું. એમાં પાસ થયા એટલે સમજો કે આત્માનું ઓજસ વધ્યું, કલાસ ચઢ્યો, મોહના સુભટને ધક્કો લાગ્યો. પૂર્વે કુસંસ્કારો ગમે તેટલા પોષાઈ ગયા હોય, પણ હવે ધ્યાનનો નવો પુરુષાર્થ જો જોરદાર જગાવો, તો કુસંસ્કારો એવા તૂટે કે એમાં આત્માની પહેલાંની વલણની સ્થિતિ આખી બદલાઈ જાય. પરમાત્મા યોગીગમ્ય છે. અયોગિગમ્ય નથી. અયોગીને પરમાત્માની જિજ્ઞાસા નહિ, કારણ કે કુવલણ, અને કુવિકલ્પો સિવાય બીજો કોઈ એને ધંધો નથી. નવરો પડ્યો, ચાલ્યો કુવિચાર ! આવું ક્યાં સુધી ચાલે ? જ્યાં સુધી સંસારનો પક્ષપાત હોય ત્યાં સુધી. રાતને દિ' આ દુનિયાના જડ પદાર્થોના કુંડાળામાં જ એ કેવળ ફરવાનો ! **પુદ્‌ગલના ખીલે બંધાયેલું જગત દોટ મૂકે તો પણ હોય ક્યાં ? જડના જ સીમાડામાં !** ત્યાં એની બધી હોશિયારી છે. ધીખતો પુરુષાર્થ છે. **ઘોર આફતમાંથી પણ સ્વાર્થને સાધી લેવાની કળા જગત પાસે છે ! તેમ આપત્તિ વખતે આત્મહિતને સાધી લેવાની કળા જિનના ભક્ત પાસે છે.**

**બળ, બુદ્ધિ, અને પુણ્ય શા માટે :** લક્ષ્મણજીના મૃત્યુથી રામચંદ્રજી ગાંડા જેવા થાય છે. એ શું રાજ્ય સંભાળે ! ત્યારે રાજ્ય સંભાળવાના અધિકારી કોણ ? લવણ અને અંકુશ (લવ અને કુશ) પણ એ શું કરે છે તે જુઓ. એ વિચારે છે કે **'જો આ રાજ્યના મોહમાં ફસાઈશું તો આત્મહિત ગુમાવશું.' રાજ્ય, રમણી વગેરે ઘંટીની પડ છે, એમાં જો એક વાર માથું ઘાલી એને ગળામાં લીધા, તો પછી બસ ! જિંદગીભર ઉપાડીને ફરો !** લવણ-અંકુશ તરત જ ત્યાંથી ચાલી નીકળીને ચારિત્ર ગ્રહણ કરે છે ! લક્ષ્મી સદાય નધણિયાતી જ છે. 'તેના ધણી થવાના કોડ હું કરું,' એવી ગાંડાઈ તેમનામાં નહોતી. કાકાના મૃત્યુનો, અને પિતાના ખેદનો આઘાત બાજુએ મૂકી ચારિત્રની રજા માગી. રામચંદ્રજી અને સીતાજીના કોમળ પુષ્પ જેવા આ બે બાળકો. વિચારો કે કયી લગનીમાં છે ! પુણ્યવાન એવા કે એમને રામચંદ્રજી અને લક્ષ્મણ પણ જીતી શકે નહિ ! **છતાં તે અતુલ બળ એમણે શામાં ખર્ચ્યા ? ચારિત્ર પાળી કર્મ ખપાવી, અનંતબળ બનવામાં; નહિ કે સંસારમાં મહાલી કર્મના સકંજામાં વધારે ફસાઈ નિર્બળ થવામાં. એમની પાસે બુદ્ધિ હતી, તે કેવળજ્ઞાન લેવા માટે હતી. કિંતુ એકેન્દ્રિય નિગોદિયા બનવા માટે નહિ ! અહીં એમને જે વિપુલ સુખ હતા, તેમાંથી નીકળી અનંત સુખમાં જવા માટે, પણ નહિ કે અનંત દુઃખમાં પટકાવા માટે ?** આ ક્યારે બને ? ચારિત્ર ધર્મની સાધના હોય



તો બને. સ્વાધ્યાય, વિવેક, અને સહિષ્ણુતામાં અત્યંત નિપુણ બનતાં જો આવડે, તો ધર્મ સાધના એવી સરસ થાય કે પછી અનંત કાળને માટે કોઈથી ન લુંટાય તેવા અનંત સુખ મળે ! **સમિતિ ગુપ્તિના ધોરણે જ જ્યારે મન, વચન, અને કાયાને પ્રવર્તાવે, જ્યારે કુવિકલ્પો છોડી સ્વભાવતઃ શુભવિચારણાની ધારામાં આવે. ત્યારે ચારિત્ર ધર્મની સાધના જોરદાર થાય.**

**શુભ ભાવનાથી ત્રણ તત્ત્વની સિદ્ધિ :** શુભવિચારણામાંથી શુભધ્યાન જાગે, અને તેથી સારામાં સારી કર્મની નિર્જરા થાય. વિચારણામાં એકાગ્ર બને તેટલો સમય દુનિયાને એ ભૂલી જાય છે, ને ધર્મધ્યાનના પ્રકારમાં આવે છે. ધ્યાન એ અભ્યન્તર તપ હોવાથી કર્મ નિર્જરા કરાવે છે. વળી શુભવિચાર એ માનસિક શુભક્રિયા છે. એ શુભ આશ્રવ હોવાથી પુણ્ય બંધાવે છે. તેમજ શુભ ભાવના એ સંવર હોવાથી પાપને રોકે છે. આમ શુભવિચારણામાં ત્રણ તત્ત્વના મિશ્રણ છે. **શુભવિચારણા રૂપી મનની શુભક્રિયા એટલે શુભ આશ્રવ; શુભ ભાવના એ અશુભ ક્રિયાની અટકાયત, એટલે સંવર, અને શુભધ્યાન એ નિર્જરા તત્ત્વ.** સંવર નવાં પાપ અટકાવે છે. અને શુભધ્યાન રૂપ તપ જુનાં સિલિકે રહેતાં પાપનો નાશ કરે છે. શુભધ્યાનમાં એકાગ્રતાવાળો ઉપયોગ છે. એકાગ્રતા એટલે એક વિચાર પર સ્થિરતા એટલે જ ધ્યાન. સારી એકાગ્રતાની કિંમત મહાન છે. અને એકાગ્રતા જો અશુભ હોય તો દુર્ધ્યાન થવાથી એ ભયંકર છે. વિચાર કરે તેટલી મનની ક્રિયા છે, અને એકાગ્રતા એટલે સ્થિરતા છે. **મનની પવિત્રતા સતી સ્ત્રીનું કામ આપે છે.** ત્યારે તેને દેશવટો એટલે ? પછી આત્માની સંપૂર્ણ બરબાદી કરનાર વેશ્યા જેવી અ-પવિત્રતાનું સેવન થાય છે. વિચાર અને વાણીનો પ્રમાદ આત્મા પર જોરદાર, એટલે પછી તે જ પ્રમાણે આત્મા ખેંચાય છે. એટલે પવિત્ર મન જો સદા સુંદર વિચારણા, સુંદર ભાવના અને સુંદર મનોરથમાં રમતું હોય તો આત્માના આકર્ષણ ઉચ્ચ કર્તવ્ય તરફ થવાના.

**સંસારને ઓળખી લો તો મન નહિ બગડે :** આર્ય દેશમાં આધુનિક જડવાદના તણાઈ ગયેલા અને અનાર્યને છાજે તેવા ઉદ્‌ભટ જીવન જીવતા થઈ ગયેલા દીકરા દીકરીને જ્યારે માતાપિતા શિખામણ આપે છે, ત્યારે એ નવી પ્રજા ગુસ્સે થાય છે. એમને નથી માતાની પરવા, નથી બાપની, કે નથી પત્નીની પરવા ! મા-બાપના કુણા દિલને શું થતું હશે ? આના કરતાં વાંઝિયા રહ્યા હોત તો સારું, આજ ને ? લ્યો દીકરા દીકરી આવી મળ્યા, એટલે તમે માનો છો કે સંસારના સુખ મળ્યા, છતાં રોવાનું ? **સંસારનાં સુખ કેવાં ? ૧. પુણ્યની સાથે મિશ્રિત પાપનાં કલંકથી કલંકિત !** સંસારનાં સુખ કેવાં ? **૨. રોજ રડાવે ! નિસાસા નખાવે**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**તેવા !** સંસારનાં સુખ કેવાં ? ૩. **અનેકના પાપોદય જાગે તો જ મળે તેવા !** સંસારનાં સુખ કેવાં ? ૪. **અનેક કુવિકલ્પો કરાવે તેવાં !** સંસારનાં સુખ કેવાં ? **૫. પરિણામે ભયંકર દુઃખો લાવે તેવાં ! સંસારનાં આવા ઠગારા અને હલકટ સુખના સ્વરૂપને જાણનારો સમકિતી જીવ તેનાથી સદા કંટાળેલો, ત્રાસેલો, અને ભટકતો રહેવાનો તથા બને તેટલો અલિપ્ત રહેવાનો જ પ્રયાસ કરે !** જાણે છે કે ભયંકર કુવિકલ્પો કરાવી કુસંસ્કારો દઢ કરનાર અને રૌદ્ર દુઃખને દેનાર આ દુન્યવી સુખોથી દુર રહેવામાં જ મઝા છે પછી એના માટે મન બગાડવાની શી જરૂર ? શુભવિચારણામાં જ સદા મસ્ત રહેવું.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૩૩,તા.૨-૫-૧૯૫૩

## (૨૨) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**સજ્જનને જ ખમવું પડશે :-**

વિકલ્પોથી દૂર રહેલી સુરસુંદરીએ સામે મરણ જોઈ, નવકારનું સ્મરણ કરવા માંડ્યું ચોર તલવાર ઉગામીને સામો ધસી આવે છે. ખરેખર ! કર્મની ગતિ અત્યંત વિચિત્ર છે ! તેમ અગમ્ય પણ છે ! જાણે ગુણની ચઢતી પર અદેખો બનીને એ વેર ન વાળતો હોય જીવ પર ! પણ સતી સુરસુંદરીને શીલરક્ષાનો દઢ નિર્ધાર છે. પછી પ્રાણ જાય તો પરવા નથી.

**સજ્જનતાનું મૂલ્ય :-** ત્યારે દુર્જનને વળી વિચાર શાનો ? નિર્દયતા અને વિના કારણ લડાઈ, ચોરી, લૂંટ, સ્વાર્થ અને અસહિષ્ણુતાનું જ જાણે જીવન ! **સજ્જન થવું હોય તો બધો વિચાર કરવો પડશે.** દયાળુતા, સૌમ્યતા, દાન, પરમાર્થ અને સહિષ્ણુતા વગેરે ખાસ કેળવવા જોઈશે. પછી એ લાભ કેળવવામાં દુન્યવી ગેરલાભ સામું નહિ જોવાય. અર્થાત્ 'સામો ક્રૂર બનીને ખાટી જાય અને અમે સહિષ્ણુ થઈને શું પૈસા ટકા ગુમાવીએ ?' એવા વિચાર-ધોરણ નહિ રખાય, જો સજ્જન બનવું હોય તો.

**નવકારના પ્રભાવે** શાસનદેવીને પ્રગટ થઈ જવું પડ્યું ! ચોરનો એ હાથ થંભાવી દે છે ! અને ચોરને થપાટ મારે છે. જંગલમાં નિઃશસ્ત્ર, અબળા અને અસહાય સ્થિતિમાં દેખાતી સુરસુંદરીને પણ સાચા ધર્મની મોટી સહાય હતી. ચોરે ચમત્કાર જોઈ ક્ષમા માગી. સુરસુંદરી ઉદાર દિલે કહે છે, 'ડર નહીં !' **ઉત્તમ જીવો** જાત પર ખમીનેય બદલામાં **પાછો ક્ષમાનો ધર્મ કરે છે.** પલ્લિપતિ સતીને જવા દે



છે, એની ઊભો પ્રશંસા કરે છે ! ધન્ય નવકાર ! જીવનમાં હાલતાં ને ચાલતાં નવકારની રટણા થઈ જવી જોઈએ. એ મહાન આત્મશુદ્ધિ અને મહાન ઉદય સાધી આપે છે. અહીં સુરસુંદરી નમસ્કાર મહામંત્રનું ફરી ફરી સ્મરણ કરે છે; કર્મની વિચિત્રતા અને તે ઉત્પન્ન આત્માની અનંત અવળચંડાઈનો વિચાર કરે છે. જુઓ બાળપણમાં ભણેલા નવતત્ત્વ કેવા ઉપયોગી થાય છે ! મહાન કર્મબંધના સ્થાનમાં કર્મબંધથી બચાવી કેવો કર્મક્ષયનો મહાન લાભ આપે છે !

### ● ઈચ્છાયોગ - શાસ્ત્રયોગ - સામર્થ્યયોગ ●

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથના પ્રારંભમાં પરમાત્માને ઈચ્છાયોગથી નમસ્કાર કરે છે. તે પ્રસંગને પામીને ગ્રંથકાર પોતે જ બીજા શ્લોકમાં કહે છે કે, યોગીના ઉપકારના માટે અહીં ઈચ્છાદિ ત્રણ યોગનું સ્વરૂપ કહેવાય છે. તે યોગી કયા ? કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી.

**ચાર પ્રકારના યોગી :-** કુલયોગી, ગોત્રયોગી, પ્રવૃત્તચક્ર અને સિદ્ધયોગી. અહીં **ગોત્રયોગીને** બાદ કર્યા, કેમકે એ તો માત્ર યોગીના ગોત્રમાં જન્મેલા એટલું જ, પણ યોગીની કુલ મર્યાદા વિનાના. ત્યારે **કુલયોગી** એટલે અલબત બહુ કોઈ આત્મવિકાસની ઊંચી કક્ષાએ પહોંચેલા નહિ, પણ (૧) યોગીના કુળમાં જન્મેલા; અર્થાત્ જ્યાં યોગધર્મની મર્યાદાઓ ચાલી આવે છે ત્યાં જન્મેલા; તેમજ (૨) યોગધર્મને અનુસરનારા. યોગધર્મ તરીકે દયાલુતા, વિનીતતા, ક્લિષ્ટપાપનો ત્યાગ, સુકૃતવ્યસન, દેવ-ગુરુપ્રેમ વગેરે જે આ ગ્રંથના અંતે ગણાવ્યા છે તે. (૩) **પ્રવૃત્તચક્રયોગી** તે છે, જે ઈચ્છાયમ અને પ્રવૃત્તિયમમાં આવ્યા છે, અને સ્થિરયમ અને સિદ્ધયમની સાધના કરે છે. એ માટે એ શુશ્રૂષા, શ્રવણ વગેરે બુદ્ધિના આઠ ગુણોને ધારણ કરે છે. (૪) ચોથા સિદ્ધયોગીને સિદ્ધ હોવાથી અહીં ન લીધા. અહીં તો સાધક યોગી લેવા છે.

**યોગ ચાર કક્ષાએ સાધવાનો હોય છે : ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા, અને સિદ્ધિ.** અહીં પહેલાં 'યમ' ના યોગની વાત લીધી. યમ એટલે અહિંસા, સત્ય, નીતિ, સદાચાર-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ-અલ્પપરિગ્રહ. એ અહિંસાદિની ઈચ્છા-સાચી ધગશ તથા એમાં ઉદ્યમ, એ પહેલાં બે યમ. પ્રવૃત્તચક્રયોગીમાં એ હોય જ. ઉપરાંત એ અહિંસાદિને જીવનમાં સ્થિર કરવા તથા આત્મસ્વભાવમાં અહિંસાદિ ગુણને સિદ્ધ કરવાની લાલસા રાખે. અર્થાત્ એ સ્થિરયમ અને સિદ્ધિયમ, એ બે માટે અત્યંત ઝંખનાવાળા હોય; અને તેથી જ સદ્ઉપાયમાં પ્રવૃત્ત રહેનારા હોય.


E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

યોગ એટલે માત્ર કોઈ મહાન સમાધિ એમ ન સમજતા. અહિંસાસત્ય વગેરે પણ યોગ છે. **મોક્ષ સાથે આત્માને જે યોજી આપે તે યોગ.** પરમાત્માને નમસ્કાર તે પણ યોગ. મોક્ષને અનુકૂલ કોઈ પણ વિચાર વાણી કે વર્તાવ, તે યોગ. ગ્રંથનો વિષય યોગની આઠ દૃષ્ટિ છે. પણ એ ગ્રંથને વિસ્તારતાં પહેલાં પરમાત્માને ઈચ્છાયોગથી નમસ્કાર કર્યો. એટલે અહીં જિજ્ઞાસા થાય કે ઈચ્છાયોગ શું ? કેવો ?

**ઈચ્છાયોગમાં ન અભિમાન કે ન અવ્યવસ્થિતતા :-**

અહીં ઈચ્છાયોગનું વર્ણન કાંઈ ઈરાદાપૂર્વક લાવવામાં આવ્યું છે, એવું નથી. પણ પરમાત્માને જે નમસ્કાર કરીએ છીએ તે કઈ કોટિનો છે, તે બતાવવું છે. **(૧) અભિમાન ન થઈ જાય, તેમ (૨) જઘન્ય કોટિનીય સાધનામાં શું આવશ્યક છે તે સમજાય, એ માટે** ઈચ્છા-યોગ સમજવા જેવો છે. એ સમજીએ તો પછી મોટી સાધના કર્યાનો ખોટો ઠેકો રાખવાનું નહિ બને. અસત્યવાદી ન બનાય એ માટે ગ્રંથકારે કહ્યું કે, 'અમે જે નમસ્કાર કરીએ છીએ તે ઈચ્છાયોગના ઘરનો નમસ્કાર કરીએ છીએ. કાંઈ ઊંચા ભાવ કરવાનો દાવો અમે રાખી શકતા નથી. કેમકે એવો નમસ્કાર કરવાનું હજુ અમે પામ્યા નથી.' માટે તો 'નમુત્થુણં' સ્તુતિમાં 'નમસ્કાર કરું છું.' એમ ન કહેતાં, નમસ્કારની પ્રાર્થના કરી કે 'મારો નમસ્કાર હો.'

**સાધનાની કક્ષા ત્રણ, ઈચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્યયોગ :-** નમસ્કાર ત્રણ રીતે થાય. જેમ ઈચ્છાયોગનો પ્રારંભિક નમસ્કાર છે, તેમ શાસ્ત્રયોગનો પણ નમસ્કાર છે; અને તેથી ઊંચો સામર્થ્યયોગનો પણ નમસ્કાર છે. "ઇક્કોવિ નમુક્કારો જિણવરવસહસ્સ વદ્ધમાણસ્સ-જિનવરમાં શ્રેષ્ઠ શ્રી વર્ધમાન સ્વામીને કરેલો એક પણ નમસ્કાર સંસાર-સાગરથી તારે છે." આ સામર્થ્યયોગના નમસ્કારની વાત છે. એ જ તત્કાલ કેવળજ્ઞાનરૂપી જીવનમુક્તિ લાવી આપે છે. ઈચ્છાયોગના નમસ્કારથી જો મોક્ષ સીધો મલતો હોય તો પછી દીર્ઘકાળ સુધી આ તપ-જપ કોણ કરે ? નમસ્કાર કર્યો એટલે પત્યું, મોક્ષ મલી ગયો ! જીવનો સ્વભાવ સુકોમળ છે. એવો કે, દા.ત. એક બાજુ ભાખરાના મોટામોટા ટૂકડા અને એમાં સાકરના આખા નાખેલા ટૂકડાનો બનાવેલો લાડુ, અને બીજી બાજુ વાટેલી સાકર નાંખેલો મુલાયમ ચુરમાનો લાડુ, એમ સામે આવ્યા તો બેમાંથી કયો લાડુ ગમે ? સાકરના કે ભાખરાના ટુકડા ચાવવા પડે એવો લાડુ, કે મોંમાં મૂકતાં જ જીભ પર સીધો રસદાર સ્વાદ છૂટે એવો મુલાયમ લાડુ ? બીજો જ કહેવાના. તો પછી ઈચ્છાયોગના નમસ્કારથી મોક્ષ મલી જતો હોય તો કોણ બીજી માથાફોડ કરે ? ઈચ્છાયોગથી



મોક્ષ મળે ખરો, પણ એમાંથી આગળ વધીને શાસ્ત્ર કહે છે 'તું જ્યારે સામર્થ્યયોગની સાધનામાં આવી નમસ્કાર કરે, પછી મોક્ષ મળે.' તે પણ જે શાસ્ત્રયોગના નમસ્કાર સુધી પહોંચ્યો હોય તેને મળે. તે શાસ્ત્રયોગનો નમસ્કાર પણ તેને મલે કે જેણે ઈચ્છાયોગના ખૂબખૂબ નમસ્કાર કર્યા હોય.

**ઉદ્યમ-લક્ષ્ય-અંતિમ નિર્ધાર :-** અહીં નમસ્કારની જે વાત કરી, એ બીજી ક્રિયાની ઉપલક્ષણ છે. (એટલે કે સૂચક છે, નવકારવાળી ગણીએ તે પણ એ રીતે; તપશ્ચર્યા, વ્રત, પચ્ચકખાણ કરીએ તે પણ એ રીતે. પહેલાં ઈચ્છાયોગથી ખૂબ આરાધાય, અને શાસ્ત્રયોગ માટે પ્રયત્ન થાય. પ્રારંભમાં ઈચ્છાયોગ, પુખ્ત સ્થિતિમાં શાસ્ત્રયોગ માટે પ્રયત્ન થાય. પ્રારંભમાં ઈચ્છાયોગ, પુખ્ત સ્થિતિમાં શાસ્ત્રયોગ અને યોગનું ફળ જે મોક્ષ તે પામવાની, અર્થાત્ કેવળજ્ઞાન પામવાની યોગસાધનાની અંતિમમાં સામર્થ્યયોગ.

## • ઈચ્છાયોગનું લક્ષણ •

આ પ્રમાણે લક્ષણ બતાવવામાં આવે છે.

"[૧]**कर्तुमिच्छोः** [२]**श्रुतार्थस्य,** [३]**ज्ञानिनोऽपि** [४]**प्रमादिनः ।**
[५]**विकलो** [६]**धर्मयोगो यः स इच्छायोग उच्यते ॥**"

કરવાની ઈચ્છાવાળા, આગમનું શ્રવણ કરનાર અને જાણકાર, એવા પણ પ્રમાદી જીવની જે ખામીવાળી ધર્મપ્રવૃત્તિ, તેને ઈચ્છાયોગ કહે છે. વિકલ એવા ધર્મયોગને ઈચ્છાયોગ કહેવાય છે (૧) વિકલ એટલે ખોડખાંપણવાળો.

(૨) એવો પણ ધર્મયોગ એ ઈચ્છાયોગ છે. ધર્મયોગ એટલે પુરુષાર્થ કરી સાધેલો ધર્મ, એ ઈચ્છાયોગ છે. ધર્મની માત્ર ઈચ્છા એ ઈચ્છાયોગ નહિ. વળી ધર્મયોગ પણ પરાણે થયેલો તે નહિ, કિંતુ

(૩) कर्तुमिच्छोः - સ્વયં જેને ધર્મ કરવાની ઈચ્છા વર્તે છે, એનો ધર્મ પુરુષાર્થ લેવાનો છે. એટલું જ નહિ કિંતુ.

(૪) श्रुतार्थस्य એટલે ધર્મયોગનું શાસ્ત્ર જેણે સાંભળ્યું છે તેનો ધર્મયોગ એ ઈચ્છાયોગ. શાસ્ત્ર સાંભળ્યા વિના મનમાની રીતે અને મનમાન્યો ધર્મયોગ થઈ જાય એ નકામો છે. એ ઈચ્છાયોગમાં નહિ આવે. વળી માત્ર કરવાની ઈચ્છાવાળો અને શાસ્ત્ર સાંભળનારો એટલું જ નહિ ઉપરાંત.

(૫) ज्ञानिनः - જે જ્ઞાની છે, અર્થાત્ સાંભળેલા શાસ્ત્રને સમજનારો છે, એ મુજબ વિધિ અને પોતાની સ્ખલનાને સમજનારો છે, તેનો યોગ લેવાનો છે. પાછું જ્ઞાની હોવા છતાં.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

(૬) પ્રમાદિનઃ - જે પ્રમાદી છે. એટલે કે શાસ્ત્રે કહેલા યોગ્ય કાળને, તે તે ચોક્કસ આસનમુદ્રાદિને તથા ચોક્કસ વિધિને જે પ્રમાદથી સાચવતો નથી,

આવો ધર્મયોગ એ ઈચ્છાયોગ છે.

ઈચ્છાયોગ એટલે માત્ર ઈચ્છા નથી, પણ ધર્મયોગનો પુરુષાર્થ છે. ધર્મની પ્રવૃત્તિ છે. તે પણ સ્વેચ્છાથી એટલે રાજીપાથી કરાતી પ્રવૃત્તિ છે. જેને વળી ઉચ્ચ કોટિનો ધર્મ કરવાની ઈચ્છા હોય, અને પ્રવૃત્તિ હોય એટલા માત્રથી ઈચ્છાયોગમાં પણ નથી અવાતું; પરંતુ જે ધર્મ કરવો છે, તેના પદાર્થને જેણે ગુરુ મુખે શાસ્ત્રોમાંથી સાંભળ્યો છે. સાંભળીને પાછો જ્ઞાતા બન્યો છે. તેથી 'એના અંગે સાવચેતી અને વિધિવિધાન ક્યાં ? વિઘ્નો કેવાં આવે ? કેવી રીતે એનો સામનો થાય ?' આ બધી વાતોનો જ્ઞાતા હોય, અથવા સામાન્યથી કહીએ તો આગમનો શ્રોતા હોય. ખૂબ સમજજો ઈચ્છાયોગીની કક્ષામાં આવવા માટે પણ કેટકેટલો અને કેવો કેવો પુરુષાર્થ જોઈએ.

**અર્થ એટલે આગમ શી રીતે :-** અહીં 'શ્રુતાર્થ' એટલે સાંભળ્યા છે આગમ જેણે, એવો અર્થ કર્યો. એમાં 'અર્થ' શબ્દનો અર્થ 'આગમ' કેમ કર્યો ? એટલા માટે કે તેના દ્વારા તત્ત્વને અર્થાય છે, એટલે કે ઈચ્છાય છે. ઈષ્ટ બનાવાય છે, એની અપેક્ષા કરાય છે. જેના થકી તત્ત્વની અભિલાષા રહે તેનું નામ અર્થ. 'અર્થ'નો અર્થ કર્યો 'આગમ'.

**ઘણું છતાં ઈચ્છાયોગ ? :-** જેણે આગમનું શ્રવણ કર્યું છે, તે શ્રુતાર્થ. વળી શ્રવણ માત્રથી ન ચાલે. શ્રવણ કરવા છતાં, વસ્તુનો, વસ્તુના વિધિવિધાનનો, તત્ત્વનો જ્ઞાતા ન બને, તો સારો ઈચ્છાયોગ નહિ સધાય. માષતુષ મુનિ જેવા પણ પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ વગેરેના જ્ઞાતા તો ખરા જ. નહિતર, જાણે નહિ તો પાળે શું ? ધર્મ કરવાની ધગશ થઈ, ગુરુ પાસે જઈ આગમનું શ્રવણ કરે છે, ને એ શ્રવણમાંથી જ્ઞાન મેળવ્યું છે, આટલું છે, અને પાછો ધર્મ સાધેય છે; એને શાસ્ત્રયોગ નહિ કહેતાં ઈચ્છાયોગ કેમ કહો છો ? કારણ એ છે કે એ તત્ત્વનો વેત્તા બન્યો છતાં પ્રમાદી છે ! પ્રમાદી હોવાથી તેનો ધર્મયોગ કાળ-આસનમુદ્રા વગેરેમાં ખોડખાંપણવાળો છે. શાસ્ત્રયોગીમાં પ્રમાદ હોય નહિ, તેથી એ ખોડખાંપણ લગાડે નહિ. પણ અહીં સાધક એટલા પ્રમાદને પરવશ છે કે ધર્મયોગમાં ખોડખાંપણ લગાડી દે છે. એ હિસાબે એ ઈચ્છાયોગી છે. છતાં એ સાચી ધર્મની અભિલાષાવાળો છે, તત્ત્વવેત્તા છે એ વાતનો સ્વીકાર કરવામાં આવે છે.

કરવાની ઈચ્છા, શાસ્ત્ર શ્રવણ, કર્તવ્ય બોધ અને પુરુષાર્થ ખાસ આ ચાર ખાસિયત ઉપર આ ધર્મયોગનો અધિકારી છે, એમ કહેવાય. પણ પ્રમાદમાં હોવાથી



વિકલ દશાનો હોવાથી ઈચ્છાયોગની સ્થિતિમાં છે. શાસ્ત્રયોગી તો પ્રમાદ નહિ રાખવાનો, આત્મસત્ત્વથી પ્રમાદ ત્યજવાનો. તેથી તેનો ધર્મયોગ વિકલ નહિ થવાનો, શાસ્ત્રાનુસારી થવાનો. શાસ્ત્રાનુસારી એટલે શાસ્ત્ર જેવા કાળને, ક્ષેત્રને, દ્રવ્યને અને ભાવને સાચવીને ધર્મ કરવાનો કહ્યો છે, તે મુજબ બરાબર સાચવીને કરે.

કાયોત્સર્ગયોગ કરવાનો, એટલે પછી કાયોત્સર્ગના દોષો વિનાનો અને પ્રતિજ્ઞાના પાલનથી કરવાનો. જેટલા આગારો રાખ્યા તેટલાથી ઉપરવટ નહિ થઈને કરવાનો. એ રીતે કરે અને તે પણ બરાબર જિનમુદ્રા સાચવીને, પ્રમાદને ત્યાગીને કરે તો તો શાસ્ત્રયોગનો કાઉસગ્ગ થાય. પાછું આની ઉપર સામર્થ્યયોગ ન આવે ત્યાંસુધી કેવળજ્ઞાન આવવાનું નથી. માત્ર શાસ્ત્રયોગથી કેવળજ્ઞાન ન મલે. એનાથી આગળ વધી સામર્થ્યયોગને સાધવાથી જ મળે.

**ઈચ્છાયોગમાં ખુમારી કે સંતોષ ખોટો છે :-** જે શાસ્ત્રયોગ આટલો ઊંચી કોટિનો છતાં સીધો કેવળજ્ઞાન આપનાર નથી, તો તેનાથી નીચેનો ઈચ્છાયોગ સીધો મોક્ષ કેમજ આપી શકે ? આપણે એ ઈચ્છાયોગમાં કદાચ આવ્યા હોઈએ, તો એના પર ધર્મિપણાની કેટલી ખુમારી કરી શકીએ ? એવો કેટલો સંતોષ માની શકીએ કે, 'અમુક પ્રકારની સાધના મેં કરી લીધી; હવે બસ, આપણે પામી ગયા.' સાચોસાચ ઈચ્છાયોગના ઘરની આપણી સાધના હોય, તો પણ શાસ્ત્રયોગની આગળ તો તે તુચ્છ છે, એ બરાબર લક્ષમાં જોઈએ. આજે તો આપણી સાધના ઊંચી કોટિના ઈચ્છાયોગના ઘરનીય નથી લાગતી તો પછી આવી બોડીબામણી ઈચ્છાયોગની સાધના પર ખુમારી કે સંતોષ કોણ અનુભવી શકે ? એ કે જે અજ્ઞાન હોય, અથવા ઈચ્છાયોગના ઘરમાં જ ન આવ્યો હોય તો પહેલાં શોધવું પડે કે આપણી પ્રવૃત્તિઓ ઈચ્છાયોગમાં છે કે નહિ ? વિનયરત્ને સંયમ લીધું અને પાળે છે, તો તે ઈચ્છાયોગની પ્રવૃત્તિ ખરી ? ના, નહિ, કેમકે ઈચ્છા ધર્મયોગની નથી; ઈચ્છા તો ઉદાયી રાજાને મારવાની છે. બગલો ધ્યાનથી ઊભો રહ્યો. તે ધ્યાન કહેવાય ? ના, તે લુચ્ચાઈ છે. માટે કહો કે પહેલા યોગના ઘરમાં ધર્મયોગ સાધવાની પવિત્ર ઈચ્છા જોઈએ.

**સામાન્યથી ચારિત્ર માટે બે શરત :-** બદદાનતથી વિનયરત્ન કાલિકસૂરિજી મહારાજ પાસે આવ્યો, કહે છે, "ચારિત્ર આપો !," "કેમ વારુ ?"

"સંસાર અસાર છે. શું મઝા છે ?"

"પાળી શકીશ ?"

"હા; બરાબર !"

સૂરિજી મહારાજે એને ચારિત્ર આપ્યું. કેમ ? જો કે આમ તો દીક્ષાની



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

યોગ્યતા માટે સોળ ગુણ કહ્યા છે. પરંતુ સામાન્યતઃ બે વાત જેનામાં દેખાતી હોય, તે ચારિત્ર માટે યોગ્ય ગણાય, પ્રખર ન્યાયવિશારદ ઉ.શ્રી યશોવિજયજી મહારાજે અધ્યાત્મસારમાં કહ્યું છે કે, **यो बुद्ध्वा भवनैर्गुण्यं, धीरः स्याद् व्रतपालन । स योग्यो** એક તો સંસારની નિર્ગુણતા અર્થાત્ અસારતા-અપકારિતા જેને સમજાઈ છે, અને બીજું જેનામાં વ્રત-પાલન કરવા જોગી ધીરતા-સ્થિરતા હોય, તે યોગ્ય છે. ગમે તેમ થાય પણ વ્રત મૂકે નહિ તે વ્રત-પાલનની ધીરતાવાળો. અને બીજો 'સંસાર કોઈ ખૂણામાંય ગુણકારી નથી' એવી એની નિર્ગુણતાના સચોટ ખ્યાલવાળો-તે દીક્ષા માટે યોગ્ય છે. કોઈ આત્મામાં સર્વવિરતિના સાચા ભાવ છે કે નહિ, તે તો કેવળી સર્વજ્ઞ પરમાત્મા જ જોઈ શકે. છદ્મસ્થનું એ ગજું નહિ, માટે છદ્મસ્થોએ આ જોવાનું કે સામો સંસારની અસારતા સમજે છે ? અર્થાત્ સંસાર એ નિર્ગુણ છે, જરાય ગુણકારી નથી, એવું એને લાગ્યું છે ? તેમ વ્રત પાળવા માટે બરાબર મજબુત છે ?

## • 'એકાંત નિશ્ચયનયનું ખંડન' •

**એકલા હૃદયના ભાવ પર ચાલનારને મતે શાસનનો વિચ્છેદ :-**

**પ્ર.**- કોઈ એમ આક્ષેપ કરે કે, 'સર્વવિરતિના પરિણામ (આંતરભાવ) નહિ હોય તો શું કરશો ? દીક્ષા નકામી જશે. ભાવ વિના ગુણસ્થાનક હોય નહિ. માટે ભાવ પર આધાર રાખો !'

ઉ.- પૂ.ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે, 'પણ જો એવું જોવા જઈએ, તો શાસનનો ઉચ્છેદ થઈ જાય. કેમકે હૃદયના ભાવ જોવાનું છદ્મસ્થનું ગજું નથી. એમ છતાંય અમે તને પૂછીએ છીએ કે જેનામાં સર્વવિરતિના પરિણામ હોય, તેને પછી દીક્ષાવેશ આપવાની જરૂર છે ? ના, કેમકે ગુણસ્થાનક તો એનામાં આવી ગયું છે. પરિણામ હૃદયમાં આવ્યા હોય, પછી વેશ આપીએ તો જ ક્ષપકશ્રેણિ માંડે એવું તું માને છે ? ના, કેમકે વેશ વિના જ ભાવથી ભરતને ક્ષપકશ્રેણિ અને કેવળજ્ઞાન મળેલું છે. તેથી વેશની જરૂર ન રહી. પછી તો ભગવાન જેવા પણ ગૌતમસ્વામીને દીક્ષા ન આપી શકે ! કેમકે ભગવાન જુએ કે ઈન્દ્રભૂતિજીને સર્વવિરતિના ભાવ થઈ ગયા છે; એટલે કહે, 'બેસો હવે દીક્ષા લેવાની જરૂર નથી. ક્ષપકશ્રેણિ પણ એમજ ભાવથી થઈ જશે.' આમ આખો દીક્ષા આપવાનો વ્યવહાર બંધ, એટલે પછી શાસન જેવું શું રહ્યું ? એકલા ભાવ પર મદાર બાંધી બાહ્ય વ્યવહારનો નાશ કરનારા એ તો શાસનના વિચ્છેદ કરનારા છે. કેમકે એમને તો બાહ્ય વેશ, બાહ્ય સાધુચર્યા, ગૃહસ્થોથી જુદી પડતી સાધુસંસ્થા વગેરે જરૂરી ન રહ્યા; કારણ, ભાવ



ન હોય તો તો બધું નકામું, અને ભાવ હોય તો તે બધું બીનજરૂરી. જ્યારે અહીં તો પૂર્વોક્ત બે લક્ષણ હોય, પછી ભાવ ન હોય તોય સન્માર્ગનું પાલન કરતાં કરતાં ભાવ આવી જવાનો, અને આત્મા આગળ વધી જવાનો. એમ અનંત આત્મા ઠેઠ મોક્ષે પહોંચી ગયા; માટે ચારિત્ર આપવાનું.

**ખુદ જિનેશ્વરદેવના જીવનમાં વ્યવહાર વિના નિશ્ચય નહિ :-** જ્યારે **વીરપ્રભુએ 'કરેમિ સામાઈઅં' ઉચ્ચર્યું, ત્યારે સર્વવિરતિના પરિણામ આવ્યા;** પણ ઘર ત્યજીને વરઘોડે નીકળ્યા ત્યારથી નહિ. જો કે જ્યારે દીક્ષા લેવા માટે નીકળ્યા, ત્યારે સાચેસાચ ત્યજી દીધું છે, પણ ત્યાં સુધી પરિણામ નહિ ! બધું ઉતારીને આપી દીધું ત્યાં સુધી પણ નહિ; કિંતુ 'કરેમિ સામાઈઅં' ઉચ્ચરતી વખતે સર્વવિરતિના ભાવ જાગ્યા, અને ત્યાં જ મનઃપર્યાયજ્ઞાન પ્રગટ્યું. મનઃપર્યાયજ્ઞાન છઠ્ઠે-૭મે ગુણસ્થાનકે મુનિને જ થાય. ભગવાનને મનઃપર્યાયજ્ઞાન દીક્ષા લેતાં થાય જ એવો નિયમ છે. જ્યાં સુધી કરેમિ સામાઈઅં ઉચ્ચર્યું નહિ, અને છઠ્ઠું ગુણસ્થાનક ફરસ્યું નહિ ત્યાં સુધી મનઃપર્યાય આવ્યું નહિ. એ બતાવે છે કે મુનિપણું અને દીક્ષાના ભાવ 'કરેમિ સામાઈઅં' વખતે આવ્યા. સંસારનો ત્યાગ, પછી એની પ્રતિજ્ઞાનું ઉચ્ચારણ, એનું પાલન વગેરેનો વ્યવહાર આદર્યો એટલે જગતના પદાર્થો પર વિરક્તભાવ મજબુત થયો, અને તે વિરતિમાં પરિણમ્યો. આ સૂચવે છે કે વ્યવહાર જોઈએ.

**વિરતિ ને વિરાગમાં ફેર છે.** રતિ એટલે આસક્તિ, આકર્ષણ. વિરતિ એટલે જેમાંથી આસક્તિ-આકર્ષણનો ભાવ નીકળી ગયો છે તે. **રાગ** એટલે જગતના પદાર્થો વિષે હિતકારીપણાની બુદ્ધિ અને ઉપાદેય ભાવ. એથી આત્માને એ હિતકારી અને ઉપાદેય લાગ્યા કરે. એ ભાવ ઉઠી ગયો, તો **વિરાગ.** સંસારી આત્મા વિરાગી હોઈ શકે છે. સંસાર પર એને હિતકારીપણાનો ભાવ નથી. વિરાગી એમ નથી સમજતો કે સંસાર હિતકારી છે, કે આદરવા જેવો છે સંસારને એ નિર્ગુણ સમજે છે, અપકારી સમજે છે, છોડવા જેવો જાણે છે. છતાં હજી મોહના લીધે એના પર રતિ-આસક્તિ થાય છે. જેમ ડાહ્યા દરદીને કુપથ્ય પર વિરાગ છતાં જીભને ખેંચાણ થાય છે. વિરતિમાં આવ્યાથી જગતનું ખેંચાણ કે જગત પર આસક્તિ નથી રહેતી. જાણે અંદરથી સહજભાવે સૂગ થાય છે. એવી વિરતિને લાવવા માટે આચારપાલનના વ્યવહારની જરૂર છે.

**નિશ્ચય એ સ્ટેશન છે, વ્યવહાર એ મુસાફરી છે :-** દીક્ષા એ પણ વ્યવહાર છે. ઉપાશ્રયમાં રહેવું તે પણ વ્યવહાર છે. વ્યવહાર વિના ભાવ ન જાગે. એકલા નિશ્ચયથી કોઈની મુક્તિ થઈ નથી. વ્યવહારનું નિમિત્ત પામીને જ મોક્ષ થયો છે. ભરત ચક્રવર્તી જેવામાં જો અહીં બાહ્ય દીક્ષાનો વ્યવહાર **નહોતો દેખાતો, તો**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**પૂર્વભવમાં તો હતો જ.** સાચા જિનમતને શરણે જવા જે માગતો હોય, એને હૃદયથી સ્વીકારવા માગતો હોય, તે નિશ્ચયમાં મુંઝાતો નથી, વ્યવહારને મૂકતો નથી. વ્યવહાર અને નિશ્ચય, બેય જરૂરી; કેમકે નિશ્ચય આદર્શ છે, વ્યવહાર પ્રવૃત્તિ છે. નિશ્ચય સ્ટેશન છે, વ્યવહાર મુસાફરી છે. અમદાવાદ સ્ટેશન કઈ દિશામાં છે, એ જાણ્યા વિના ગમે તેટલી મુસાફરી કરે, તે શું કામ લાગે ? તેમ તે જાણ્યા છતાં મુસાફરી જ ન કરે તો સ્ટેશનને દૂરથી માત્ર જાણવાનું ને ? પહોંચાય તો નહિ જ.

**નિશ્ચય-વ્યવહારની અન્યોન્ય અપેક્ષા :-** નિશ્ચયનું લક્ષ હોય તો વ્યવહાર શુદ્ધ બને. અને વ્યવહાર શુદ્ધ બને, એટલે નિશ્ચય જીવતું ને જાગતું બને. **જેવી રીતે વ્યવહાર રૂપ ધર્મક્રિયાઓ, આપણે અંતરમાં કેવો નિશ્ચય-ધર્મ પામ્યા છીએ, તેનું પ્રતીક છે, તેમ નવો નિશ્ચય-ધર્મ પામવા માટે એ સાધનરૂપ પણ છે.** નિશ્ચય-વ્યવહાર ઉભયને માનનાર આ વિવેક કરી શકે. બાકી એકલાને જ પકડનાર તો આખી ભીંત જ ભૂલે. તીર્થંકરદેવ ગૃહવાસમાં હોય છે ત્યારે પણ, મહાવિરાગ અને ભેદજ્ઞાન ધરાવે છે. કિંતુ પોતાના જીવનમાં પણ માત્ર એકલા ભેદજ્ઞાનથી નથી ચલાવતા. એ પણ કહે છે કે, 'જેવું ભેદજ્ઞાન છે, તે પ્રમાણે વ્યવહાર કરી દેવો જ જોઈએ. જો શરીરથી આત્મા જુદો છે, તો માત્ર શરીર સાથે સંબંધ રાખનારા એવા ઘરવાસનું આત્માને હવે કામ શું છે ? ગૃહવાસ ત્યજી દેવો જ જોઈએ.' એ હિસાબે એ પરમપુરુષ પણ સંસારના સર્વ સંબંધો ત્યજી ભાવ સાથે ચારિત્ર વ્યવહાર આદરે છે. ચારિત્ર વ્યવહાર એટલે વિહાર, તપસ્યા, સમિતિગુપ્તિ અને મહાવ્રતોનું પાલન વગેરે. એનાથી નિશ્ચયરૂપ ભાવની વૃદ્ધિ કરી જીવ કેવળજ્ઞાન સુધી પહોંચે છે.

**શુદ્ધ નિશ્ચય નયનો ભ્રામક શબ્દ :-** એકલા નિશ્ચયની વાત કરનાર થાપ ખાય છે. તે જે નિશ્ચય મનાવે છે, તેને જૈનશાસન સુનય નથી કહેતું. એવંભૂત છેલ્લો નિશ્ચય છે. એવંભૂત એટલે એ જ પ્રકારે બનેલો. સાચો ઈન્દ્ર કયો ? ઈન્દન ક્રિયાવાળો, અર્થાત્ સિંહાસને બિરાજી ઈન્દ્રપણાની બરાબર સમૃદ્ધિ ઠકુરાઈવાળો આ એવંભૂત ઈન્દ્ર. ત્યારે શું સિંહાસનેથી નીચે ઉતર્યા પછી એ ઈન્દ્ર નહિ ? તો આ નય કહે છે કે, 'એ ઈન્દ્ર નહિ.' છતાં સમભિરૂઢ અને શબ્દ નામના નિશ્ચય નય ને વ્યવહારાદિ નયની અપેક્ષાએ તો એ ઈન્દ્ર કહેવાય છે. એમાં એવંભૂતની ગૌણતા છે. એવંભૂતની પ્રધાનતામાં બીજાની ગૌણતા રહે છે. બીજા નયનું ખંડન કરી પોતાનું જ સ્થાપનારો, માનનારો નય એ કુનય. જો કે આમ કહેવાય **શુદ્ધ** નિશ્ચયનય, પણ શુદ્ધનો અર્થ સમજો છો ? **શુદ્ધ એટલે અન્ય નયથી નિરપેક્ષ**



**અર્થાત્ એકાંત નિશ્ચયનય.** તો એકાંત એ શું જૈનશાસનને માન્ય હોય ? માટે શુદ્ધ શબ્દમાં મુંઝાતા ભરમાતા નહિ. મુંઝવનારા તો તમને કહેશે શુદ્ધ નિશ્ચય નયથી આત્મા માનો પણ શુદ્ધ એટલે એકાંત; અને એકાંત એટલે જૈનેતર, જૈન શાસનથી બાહ્ય.

**વિચારણા પણ વ્યવહાર છે :-** સંસારમાં પણ એવંભૂતની અપેક્ષાએ ચેતન કેવો ? શુદ્ધ ચૈતન્યવાળો. નિરંજન નિરાકાર. અનંત જ્ઞાન ને અનંત સુખમય. કોઈ પણ જાતના વિકલ્પ વિનાનો. આવા નિશ્ચયનયના આત્માને શું કરવાનું રહે ? કાંઈ જ નહિ ! તપ-જપ, વ્રત-પચ્ચકખાણ એ તો વ્યવહાર છે. પ્રતિજ્ઞા, સાધુવેશ, સાધુક્રિયા, એ બધું ક્યાં શુદ્ધ નિશ્ચયના સ્વરૂપમાં છે ? માટે એકલા નિશ્ચયવાદીને એની જરૂર નથી લાગતી ત્યારે મુક્તિ શી રીતે થાય ? શું કરે ત્યાં ? કહે છે કે "નિશ્ચયનું અવલંબન કરવાનું ! વ્રતક્રિયામાં આત્મહિત વસ્યું છે તે નહિ માનવાનું. માત્ર આત્મપર્યાયની વિચારણા કરવાની." પણ આ ધતિંગ છે, અજ્ઞાન છે. **કેમકે આ જૈનશાસનનો નિશ્ચય નહિ. એનું કારણ એ છે કે આ શુદ્ધપર્યાયની વિચારણા એ પણ વિકલ્પ છે, અને વિકલ્પ તે વ્યવહાર ગણાય. વિચારણા માટે મન જોઈએ, અને મન એ પુદ્ગલ છે. અને પુદ્ગલનું આલંબન એટલે શુદ્ધ નિશ્ચય નહિ.** એના મતે તો વ્યવહારમાં આત્મહિત માને તો મિથ્યાત્વ લાગે. તો પછી વ્યવહારરૂપ આત્મપર્યાયની વિચારણા પણ કેમ કરાય ? નિશ્ચયના શુદ્ધ સ્વરૂપમાં તો કેવળજ્ઞાનથી થતું પર્યાયોનું આત્મ-પ્રત્યક્ષ આવે. ત્યારે પ્રત્યક્ષને બદલે વિચારણા તો, જે કંઈ જાણ બહાર હોય, તેની કરવાની હોય. દા.ત. જંગલમાં માર્ગ પ્રત્યક્ષથી ખબર નથી, તો વિચારણા થાય છે કે માર્ગ કયો હશે ? પણ અહીં તો શુદ્ધ પર્યાયથી આત્માને અનંતજ્ઞાનમાં સમસ્ત કાળનું સમસ્ત જગત દેખાય છે, તો વિચારવાનું શું રહે ? તો કહો આત્મપર્યાયની વિચારણા કોને કરવાની ? જેને તે પ્રત્યક્ષ નથી તેને. એ વિચારણા એ શું આત્માનું નિશ્ચય સ્વરૂપ છે ? ના.

**બીજી રીતે વ્યવહાર જરૂરી :-** જો કહો કે આત્મા હાલ અશુદ્ધ છે, તો એ અશુદ્ધિ શાથી ? જો કર્મથી અશુદ્ધિ છે એમ કહેશો, તો કર્મ તે પરદ્રવ્ય છે; એની શી અસર આત્મા ઉપર થાય ? તમે તો પર દ્રવ્યની પર દ્રવ્ય ઉપર અસર નથી માનતા. તો આ બધાનો સાર એ છે કે વ્યવહારથી અશુદ્ધિ માનવી જ જોઈશે, અને એને ટાળવા માટે ક્રિયાનો અપ્રમત્તપણે સમ્યગ્ આચારોમાં રચ્યાપચ્યા રહેવું જ જોઈશે. કહો જો એ ગુણને સાચવવા માટે આપણો કેટલો અપ્રમત્ત ભાવ ? 'દિવસ અને રાત્રે એવો સાવધાન રહું, કે આ મારો ગુણ ન જવો જોઈએ.' પછી ભલે ગુણ સંતોષ હોય કે ઉદારતા, સહિષ્ણુતા હોય કે નમ્રતા, ભલે ગમે તે ગુણ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પકડ્યો, પણ એને જવા દેવો નહિ એ નિર્ધાર ખરો ? સાચો નિર્ધાર હોય તો એને સાચવવાનો વ્યવહાર અવશ્ય પાળવાનો ઉદ્યમ થાય. મહાપુરુષોએ એજ રીતે ગુણ રક્ષણ કર્યું છે.

વિનયરત્નનું ચારિત્ર ઈચ્છાયોગનુંય નહોતું. કેમકે એને ચારિત્રની શુદ્ધ ઈચ્છા નહોતી. એને તો ચારિત્રના બહાને ઉદાયી રાજાનાં મહેલમાં ઘુસી રાજાની કતલ કરવી હતી. ઈચ્છાયોગ શું છે ? ક્યાં સુધી આત્મા પહોંચે ત્યાં સુધી પણ ઈચ્છાયોગ નહિ, અને હજીય કેટલે આગળ જવું જોઈએ. એ પૂરું વિચારવું પડશે ! બહાનું કાઢો છો કે, 'બનતું અમે કરીએ છીએ, કર્મની વેઠમાં વધારે ક્યાંથી થાય ?' પરંતુ વિચારજો કે શું આટલું જ બને એવું છે, કે ધારો તો વધારે બનાવી શકો એમ છો ? ત્યારે એ પણ જો જો કે શું કર્મ કરે એટલું જ થાય ? આપણે એને સર્વથા પરાધીન ? શું કર્મે તાવ આપ્યા પછી બેસી રહો છો ? કે દવા-હવા વગેરેથી તાવને કાઢવા મથો છો ? કર્મ જીવને વારંવાર તમાચ મારી જાય, એની સામે શાસન એવા કિમિયા બતાવે છે કે તમે એને તમાચ મારી શકો. કર્મના ઉદય કેવી કેવી રીતે પીડે છે, છતાં એમાં ધર્મનું શરણ લઈ આત્માએ પણ પોતાના ભવિષ્યને સુધારવા કેવા કેવા પ્રયત્ન કરવાના એ શાસને બતાવ્યા છે, તે ખૂબ વિચારો આદરો, તો માત્ર ઈચ્છાયોગ નહિ, કિન્તુ શાસ્ત્રયોગ-સામર્થ્યયોગમાં ચઢી અનંત સુખી બનશો.

## • ઈચ્છાનું સ્વરૂપ •

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરીભદ્રસૂરિજી મહારાજાએ યોગદૃષ્ટિ સમુચ્ચય રચવાના પ્રારંભમાં મંગલ માટે ઈચ્છાયોગથી નમસ્કાર કર્યો. જો જો, આવા સમર્થ શાસ્ત્રકાર અને સંયમ અવસ્થામાં રહીને જે સંસારની કોઈ જંજાળ નથી રાખતા, તેવા ઉત્તમ ચારિત્ર પાળનારા જ્ઞાની ભગવંત પણ કહે છે કે; 'અમે નમીએ છીએ ઈચ્છાયોગથી. હજુ અમારામાં શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનો નમસ્કાર કરવાની શક્તિ નથી આવી.'

વિકથા-વિષયકષાયાદિ પ્રમાદના યોગે અપૂર્ણ એવો જે જે ધર્મયોગ, એનું નામ ઈચ્છાયોગ છે. તે આવા શાસ્ત્રકાર મહર્ષિ ક્યાં વિકથા કરવા ગયા હશે ? તેમને પણ શું વિષય - કષાય પીડી જતા હશે ? છતાં કહે છે કે આ મારો ધર્મયોગ ઈચ્છાયોગના ઘરનો છે ! એટલે હવે આપણે આપણી ધર્મચર્યા પર કેટલી ખુમારી કે સંતોષ અનુભવી શકીએ તે વિચારવાનું છે. જીવને ધર્મની બાબતમાં કાં તો ખુમારી છે કે હું જાણે કેટલો બધો ધર્મ કરું છે, અથવા સંતોષ છે કે 'આપણે કરીએ



છીએ તે ઘણું છે.' ત્યારે અહીં તો શાસ્ત્ર કહે છે કે ઈચ્છાયોગથી ધર્મ સાધતો હોય તેમાં ધર્મનું સ્વરૂપ અધિકાધિક જાણવા માટે આગમનું શ્રવણ પણ કર્યે જાય છે. શ્રવણ પાછું નકામું ન જાય તે માટે તત્ત્વજ્ઞાનને મેળવતો જતો હોય છે. શ્રવણ એકલું કોરું ન જોઈએ, તત્ત્વજ્ઞાન સાથે જોઈએ. અર્થાત્ ઈચ્છાયોગ માટે પહેલું, સાધના કરવાની ઈચ્છા જોઈએ, બીજું આગમનું શ્રવણ જોઈએ; અને ત્રીજું શ્રવણ કરીને તત્ત્વજ્ઞાન મેળવેલું જોઈએ. આ ત્રણ વસ્તુ સાધેલી હોય છતાં તેને પ્રમાદાદિ નડતાં હોય છે તેથી નમસ્કાર ખોડખાંપણવાળો કરતો હોય છે. છતાંય તેનો નમસ્કાર અહીંયાં ધર્મયોગમાં રાખ્યો છે. ઈચ્છાયોગની નીચેના પૌદ્ગલિક આશંસાયોગ કે કષાયયોગ એ ધર્મયોગ નથી 'ફલાણો શું દાનથી કીર્તિ ખાટી જતો'તો ? હું વધુ દાનથી એને બતાવી આપું.' એમ કરી દાન દે એ અભિમાન-કષાયયોગ થયો.

તો પહેલું એ વિચારવાનું છે કે જો ધર્મયોગને કરીએ છીએ, તો એના માટેની ધગશ કેટલી છે ? દર્શન કરવા જઈએ છીએ, પૂજા કરીએ છીએ, સામાયિક પ્રતિક્રમણ કરીએ છીએ, નવકારવાળી ગણીએ છીએ, ત્યાં ધગશ રાખીએ છીએ, પણ તે ધગશ એની કે બીજાની ? મારે પરમાત્માના દર્શન કરવા છે.' એ ધગશ છે, કે 'ક્રિયા પતાવવી એ ધગશ છે ?' શું પતાવવાનું ? મોંમાં પાણી ઘાલવા માટે દર્શન છે ?' શું પતાવવાનું ? મોંમાં પાણી ઘાલવા માટે દર્શન પતાવવાના, એમ ? મન ક્યાં જઈ રહ્યું છે ? ક્રિયાની પતાવટ પર, વ્યવહારના પાલન પર, શ્રાવકપણાનો આચાર 'પતાવવા' પર. અરે મહાનુભવ ! પતાવવા જેવી તો સંસારની વેઠ કે ઉત્તમ ધર્મક્રિયા ? જેનાથી ભાવી અનંતકાળ સુધરી જાય એવી તરણતારણ ધર્મક્રિયા તો કેમ વધુ કરું, સારી કરું, નિરાંતે કરું, એવું એવું થવું જોઈએ.

**ઈચ્છા કેવી જોઈએ :-** ઈચ્છાયોગમાં શું લાવવું છે ? મનમાં થાય કે, 'મારે પ્રભુની પૂજા કરવી છે. પૂજાની ક્રિયા તો પહેલી કરવાની છે. પ્રભુપૂજન વિના કાયા અને મન પવિત્ર ક્યાંથી બને ? ત્યારે એ વિના દિવસ કેમ જાય ?

પછી શાસ્ત્ર શા માટે સાંભળવું છે ? કહો કે, 'તે વિના આત્મા કેમ સુધરે ?

શું સમજ્યા ? શાસ્ત્રોનું શ્રવણ આગળ વધવા માટે છે, ત્યાંને ત્યાં ઊભા રહેવા માટે નથી. આટલું જો ધ્યાનમાં આવી જાય તો ઈચ્છાયોગની આ ક્રિયા પણ આત્માને ખૂબજ આગળ લઈ જાય. તમને ધર્મ કરવાની શુદ્ધ ઈચ્છા હોય, શુદ્ધ ધર્મ કરવાની જ ધગશ હોય, તો જ ઈચ્છાયોગની સાધનામાં આવો, નહિતર નહિ. જગતમાં સંમૂર્છિમ ક્રિયા કરનારા હોય છે, વિષક્રિયા કરનારા હોય છે, પણ એ ઈચ્છાયોગમાં નહિ ગણાય. કેમકે શુદ્ધ ધર્મની સાચી ઈચ્છા નથી. ગતાનુગતિ ક્રિયા કરે, એના કરતાં માણસ એમ વિચારે કે, "નવકારવાળી વિના મારે ચાલે જ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

નહિ," એમ વિચારવામાં શું વાંધો નડે ? ગભરાશો નહિ કે ઉત્કૃષ્ટી ઇચ્છા તો અમારામાં નથી આવતી, કેમકે ઇચ્છા અને ઉલ્લાસની ઘણી કક્ષાઓ છે. એમાં મધ્યમ કક્ષા પણ ચાલે. માત્ર ક્રિયા શા માટે કરીએ છીએ, એનું ચોક્કસ નિશાન કરવાની જરૂર છે.

કોઈ પૂછે, 'કેમ કંદમૂળ ખાતા નથી ?' તો શું એનો જવાબ એટલો જ કે 'બાધા છે.' ના ! એમ નહિ,

'કંદમૂળમાં જીવહિંસા ઘણી, માટે એ ખવાય જ નહિ'

કોઈ નિયમ લઈને કાર્ય શરૂ કર્યું પછી રોજ શું વિચારવાનું ? ધગશથી નિયમ લીધા, પણ પછી શું ?

એજ કે, 'અમારે હવે ઓછામાં જ ચલાવવાનું. એથી અમે નક્કી કર્યું છે, એનાથી વધુ નહિ જ વાપરવાનું.'

બાધા કરી કાંઈ પણ છોડ્યું છે શા માટે ? ઓછામાં ચલાવવા માટે, ઇચ્છાઓ પર, તૃષ્ણા પર કાપ મૂકવા માટે.

પ્રભુનાં દર્શન શા માટે કરો છો ? પ્રભુના જ દર્શન કરવા લાયક છે માટે. પ્રભુથી વધીને જગતમાં છે શું ?

જુઠું ન બોલતાં સાચું શું કામ બોલો છો ?

માનવજીભે જુઠું બોલાય જ નહિ, સત્ય જ બોલાય. માટે જુઠું નથી બોલતા.

આમ વ્રત-ક્રિયા આદિના ઉદ્દેશ અંગે અંદર ઉતરીને વિચારશો તો પોતાની પામરતા જરૂર દેખાશે. અજ્ઞાનતા એવી છે કે સ્ટેશનની જ ખબર નથી એટલે પચીસ વર્ષ પહેલાનું જે સામાયિક, પૂજા, કે દર્શન, તેજ આજે છે ! કદાચ એમેય હોય કે પૂર્વે જે ધગશથી થતું હતું તે ધગશ આજે નહિ હોય. પહેલવહેલાં સિદ્ધગિરિ દાદાના દર્શને આંખમાં આંસુ હશે. પણ પછી નહિ. ઇચ્છાયોગના ઘરની પહેલી શરત એ કે 'ધર્મકાર્ય કરીએ તે ધર્મકાર્ય કરવાની ઇચ્છાથી. ધગશથી કરીએ.' માટે સતત ધ્યાન એજ જોઈએ કે **જીવનની કિંમત ધર્મ સાધવા માટે છે. માનવની શાબાશી ધર્મ સાધવામાં છે, કર્મ સાધવામાં નહિ.**

**કાળની રોજ નવી ભેટ :-** ધર્મની ઇચ્છા શી રીતે થાય ? એમ વિચારીને થાય કે કાળ જીવનનું બધું ખેંચી જાય છે, તેમાંથી બચાવવાનું ધર્મકાર્યથી બનશે. દિવસ પર દિવસ ઊગે છે, એ પસાર તો થાય જ છે, પણ પાપમાં, ગઈ કાલનો કોઈ મહાન મહાત્મા કે બદમાશ હોય, પણ બંનેને નવું પ્રભાત મલે, એટલે અહોરાત્રની નવી કોરી કરંસી નોટ મલે ! હવે તેનો જેવો ઉપયોગ કરવો હોય તેવો કરી શકે છે. જીવની શાબાશી જોઈએ કે તણાઈ જતામાંથી બચાવી લેવું.



સવારે ઊઠ્યા ત્યારે ચોવીસ કલાકની જે ભેટ મલી, તેમાં અખંડ ત્રીસ સામાયિક કરવાની ભેટ છે. ચોવીસ કલાકમાં તો પૂજા, દર્શન, વ્રત, પચ્ચક્ખાણ, તપ-જપ વગેરે અનેક જાતના ધર્મ કરવાની તક છે ! પણ સાંસારિક સમયમાંથી એવું કેટલું બચાવવાની પડી છે ? મકાન, તિજોરી, બધું સલામત હોય, પણ માત્ર બે પૈસાની સાવરણીય ન ખોવાય, તેની પણ કેટલી સલામતી રાખો છો ? ત્યાં તો આટલુંય તણાઈ જવું ના જોઈએ અને અહીંયાં બધું તણાઈ જાય, છતાં બચાવવાની વાત નહિ !! કેમ આમ ? **'મનુષ્યજીવન તણાઈ જતી શક્તિ, સામગ્રી અને સમયમાંથી બચાવી લઈ ધર્મ માર્ગે જોડાવા માટે છે. એમ કહી આત્માને દુર્ગતિમાંથી બચાવી લેવા માટે છે.'** તે વાત નક્કી નથી કરી ! જો બેસીને બરાબર વિચાર કરો કે કાળ તમારા જીવનમાંનું કેટકેટલું તાણી જાય છે. તો એની ભયાનકતા ગજબની લાગશે. માનવજીવનનો એકેક દિવસ જે મળે છે, તેમાં કેટલુંય સારું શક્ય હોય છે; પરંતુ એના બદલે એકેક દિવસનો કાળ તમારા જીવનમાંનું ઘણું ઘણું ઊલટા રસ્તે તાણી જાય છે. અફસોસ ! કે હજારો દિવસોની તો કેટલી ગજબની ખોટ !

**શું તણાઈ રહ્યું છે : માનસિક શક્તિ :-** પહેલું તો એ કે આ માનવના અવતારમાં આટલી સારી **સમજશક્તિ** અને **વિચારશક્તિ** મલી છે. તો એથી સારામાં સારી તત્ત્વ-વિચારણા કરી શકો. આત્મચિંત્વના, મૈત્રી આદિ ચાર કે, અનિત્યાદિ બાર ભાવના ભાવી શકો. આજ્ઞાવિચયાદિ શુભ ધર્મધ્યાન ધ્યાઈ શકો. પણ વિચારો કે એના બદલે અતત્ત્વની ભાંજગડમાં તુચ્છ જડ પદાર્થોની ચિંત્વનામાં, અને વળી શત્રુતા કઠોરતા, તથા મોહની ભાવનાઓમાં જીવન કેવું તણાઈ રહ્યું છે ? એમાં સમજશક્તિ અને વિચારશક્તિ કેવી વેડફાઈ રહી છે ? જીવને કાળજી હોય તો શું આમાંથી કાંઈ જ બચાવી શકાય એવું નથી ? કાળજી ચીવટ હોય તો આડે માર્ગેથી ઘણીય શક્તિ વેડફાતી બચાવી શકાય એમ છે. ખરાબ વિચાર, ખરાબ ચિંત્વન, ખરાબ ભાવના આવતા પહેલાં ઝટ સારી વસ્તુ મનમાં ગોઠવી શકાય એમ છે. એટલે તરત તણાતું બચે.

**૨. તણાઈ જતા પૈસા :-** બીજું, જુઓ કે, કાળ તમારા જીવનમાંની **ધનની કમાણીમાંથી** કેટલુંય બધું પાપમાં તાણી જાય છે. કેટલું ખોટા ખર્ચામાં, કેટલું ફેશનમાં, અને કેટલું એશઆરામી માટે ખેંચાઈ જાય છે ? આ પાયધુનીથી જરા ધોબીતલાવ જવું છે. ઝટ મનને થશે કે, 'ચાલો, ટ્રામ, બસમાં બેસી જઈએ,' શી જરૂર હતી ભાઈ આની ? ચાલી નાખ, પાંચ સાત મિનિટનો રસ્તો છે એ રીતે વધેલા પૈસા કોઈ દેરાસરમાં, પૂજામાં, કે સાત ક્ષેત્રની પેટીમાં નાખજે. તો એ તણાતું બચ્યું ગણાશે. આ સિવાય તો ઘણું ઘણું તણાઈ રહ્યું છે. જરા પેટ કે માથું



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

દુખ્યું, એકાદ દિવસ ધીરજ ધરી ઉપવાસ ખેંચી કાઢે તો મટી જાય એમ હોય; પણ નહિ એ તો ઝટ ડૉક્ટરના ઘેર દોડવાના. રૂપિયો દવાનો, બે રૂપિયા ઈંજેક્શનના, બે રૂપિયા મોસંબીના એમ ધનને તણાતું જવા દેવામાં સંકોચ નહિ ! માત્ર હિસાબ ગણવાનો જ્યાં આત્માનો બચાવ છે ત્યાં એટલે ક્યાં ? નથી જાણતા ? પ્રભુ પૂજાની સર્વ વસ્તુ પોતાની ખરીદી વાપરવામાં, કોઈ ટીપમાં લખાવવામાં, દાનમાં, જ્ઞાનમાં, પ્રભુ ભક્તિમાં, ગુરુ ભક્તિમાં, સાધર્મિક ભક્તિમાં, અનુકંપા કરવામાં, જ્યાં આ બધે ખરચેલું એ બચેલું બને છે, ત્યાં ખરચતાં હિસાબ ગણવાનો ! વધુ ન ખરચાઈ જાય એ ધ્યાન રાખવાનું ! વાહ તમારી ધર્મમાં હિસાબી થવાની અને સંસારમાં તણાઈ જવાની ઉદારતા ! સંસારના બિનજરૂરી ખરચામાં આખું ને આખું તણાઈ જાય ત્યાં કાંઈ વિચાર નહિ !

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૩૪,તા.૨૩-૫-૧૯૫૩

## ૨૩ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**તણાઈ જતી શરીર શક્તિ :** એમાં વિચારો કે કેટલું ઉન્માર્ગે તણાઇ રહ્યું છે. શરીરની શક્તિઓ ઘણી ઘણી સારી પ્રવૃત્તિમાં જોડી શકાય એમ છે; પણ એના બદલે ફોગટ પ્રમાદમાં; વિષયકષાયના પોષણમાં, નિંદા કુથલીમાં, આરંભમાં, સાંસારિક દોડધામમાં શરીર-શક્તિઓ તણાઈ રહી છે. એના બદલે દેવગુરુ અને ધર્મની સેવામાં શું કેટલીય શક્તિઓ ખર્ચી શકાય એમ નથી ? ત્યારે શું સારા માર્ગે, પરમાર્થના કાર્યમાં સુકૃતમાં તે શક્તિઓ વાપરી શકાય એમ નથી ? બજારમાં શાક લેવા ગયો, લાવ ત્યારે બજારમાં દહેરાસરના દર્શન પણ કરતો જાઉં, એવું ન કરી શકાય ? શું છાપાના વાંચનને બદલે ધર્મપુસ્તક ન વાંચી શકાય ! કસરતને બદલે પ્રતિક્રમણ કે ખમાસમણા ન દઈ શકાય ?

**૪. તણાતી સામગ્રી અને સંયોગો :** પોતાની ચીજ સામગ્રી અને સંયોગો સંસારના કથલામાં કેટલા બધા તણાઈ જાય છે ! તો એને ધર્મખાતામાં, પરોપકારમાં વાળી બચાવું, એવી ધગશ હોય તો કેટલો બધો બચાવ કરી શકાય એમ છે ? માત્ર લક્ષ્ય જોઈએ. ગરજ જોઈએ, આવડત અને ઉદ્યોગ-ઉદ્યમ જોઈએ. આવડત હોય તો વિવેક કરી બચાવવાના માર્ગ શોધી કઢાય, તે અનુસાર ઉદ્યમ થાય. એવા ઉદ્યમથી દેખાશે કે આપણે માનેલી પાપ સામગ્રી અને પાપસંયોગ એ ખરેખર !



હવે તો ધર્મ સામગ્રી અને ધર્મ સંયોગ બની ગયા છે !

**પુણ્યસામગ્રી :** દા.ત. એ જ માનવ દેહનો ઉપયોગ દયામાં દાનમાં, તથા દેવ-ગુરુ-સંઘ-સાધર્મિકની પૂજા-ભક્તિ વૈયાવચ્ચમાં અને તપસ્યામાં જેટલો થાય તેટલા પ્રમાણમાં પુણ્યોપાર્જન નીપજે છે. એ હિસાબે એ દેહસામગ્રી પુણ્યસામગ્રી બની ગણાય. એજ ઇન્દ્રિયોનો સદુપયોગ થાય, અશુભમાંથી પાછી હઠાવાય, પ્રશસ્ત-સ્થાનમાં નિયોજાય, તો એજ ઇન્દ્રિયો પુણ્યસામગ્રી બને. દા.ત. ચક્ષુનો ઉપયોગ પર રૂપ જોવામાં, હિંસામાં ઉપયોગી થવામાં, ઇત્યાદિમાં થાય એ પાપસામગ્રી; પણ શાસ્ત્રવાંચનમાં ઇરિયાસમિતિ નિરીક્ષણ, દેવાદિદર્શન, વગેરેમાં ચક્ષુનો ઉપયોગ થાય તો એ ચક્ષુ પુણ્ય સામગ્રી. એજ પ્રભુ ગુણગાન, ધર્મોપદેશ વગેરેમાં વપરાતી જીભ એ પુણ્યસામગ્રી ત્યારે તત્ત્વચિંતન, પરોપકાર વિચારણા, ધર્મધ્યાન, વગેરે કરાવતું મન એ પુણ્યસામગ્રી. તેમ જિનપ્રતિમાદિ સાતક્ષેત્રમાં અને અનુકંપામાં ખર્ચાતી લક્ષ્મી એ પુણ્યસામગ્રી.

**પુણ્યસંયોગો :** તો સંયોગમાં પણ એવું જ છે. સારી પત્નીનો સંયોગ જો ધર્મકાર્ય કરવામાં ઉપયોગી થયો તો તે પુણ્યસંયોગ. કુપત્નીનો સંયોગ જો ધીરતા, ક્ષમા અને વૈરાગ્યદાયી બન્યો તો તેય પુણ્ય સંયોગ. કપરા દેશકાળના સંયોગ જો ત્યાગમાં જોડનાર બન્યા, મોજશોખ ઘટાડનાર બન્યા, અને ધર્મમાં વધુ ઉદ્યમી કર-નારા બન્યા, તો એ પણ પુણ્ય સંયોગ.

**વિવેક :** બસ, આ ભેદ સમજીને પાપરૂપ બનતી સામગ્રી કે સંયોગને આપણે પુણ્યરૂપ બનાવી શકીએ. માત્ર આપણાં ધોરણ ફેરવવાની જરૂર છે. એ થાય તો તો લાગે કે આપણે તણાઈ જતું કેટલું બચાવી શકીએ છીએ ! આ માટે કોઈપણ સામગ્રી કે સંયોગ અંગે થતી હલકી વિચારણા અને અધમ ધોરણમાં કંઈ ભયંકરતા છે, અને એથી ઊલટું ઉત્તમ વલણ અને ઉમદા ધોરણમાં કઈ કઈ વિશેષતાઓ છે, એનો આલોક પરલોકના અનેક દૃષ્ટિબિંદુથી વિચાર કરવો જોઈએ. **ખેદની વાત છે કે એવી ઘણી સામગ્રી અને ઘણા સંયોગો આજે આપણને મળ્યા છે કે જે ધરાસર પાપ સામગ્રીરૂપ અને પાપ સંયોગરૂપ બની રહ્યા છે.**

હવે પાપ સામગ્રીના દાખલા જુઓ.

**પાપસામગ્રી :** દા.ત. પહેલા નંબરની સામગ્રી માનવદેહ; એ કેવી ઊંચી સામગ્રી ? પણ એ ષટ્કાય જીવોના સંહારમય આરંભ-સમારંભમાં કારણભૂત બની થોકબંધ પાપકમાઈ કરાવી રહી છે ને ! એટલે દેહ એ પાપસામગ્રી થઈ. એજ પ્રમાણે ઇન્દ્રિયો અને મન એ પણ વિષયોના સંગ અને કષાયોના સેવનમાં કારણભૂત બની સતત કર્મબંધ કરાવી રહ્યા છે. તેથી એ પાપસામગ્રી થયા. એવું જ લક્ષ્મી



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પણ ઘોર પાપસામગ્રી બની રહી છે, એ આજે પ્રત્યક્ષ દેખાય છે.

**પાપસંયોગના** દાખલા પણ જુઓ. કોઈને પત્ની સારી પ્રેમાળ મળી છે, તો એ પણ એને પાપસંયોગરૂપ નીવડે છે, જો એ એટલા મોહમાં ચકચૂર રાખે છે કે એના સિવાય બીજી દેવ-ગુરુ-ધર્મની લગની જ ન લાગવા દે, અને એની ખાતર અનેક પાપ-વેપાર, અભક્ષ્ય-સેવન, બીજાઓ સાથે ક્લેશ-ટંટા વગેરે કરાવી પાપના થોક ઉપાર્જાવે ત્યારે આવી પત્નીનો સંયોગ પાપસંયોગ જ થયો ને ? એથી ઊલટું જો એ કર્કશા પત્ની હોય, કઊભારજા હોય, તો પણ એના સંયોગે પતિ ક્લેશ, કષાય અને શોક વગેરે દ્વારા કેટલાય પાપ ઉપાર્જશે, માટે પાપરૂપ. બીજી રીતે જુઓ કે ગામમાં કે દેશમાં, ધંધામાં કે મિત્રમંડળમાં અમુક પ્રકારના સંયોગ ઉપસ્થિત થયા, એના ઉપર પણ જીવો જો અઢળક પાપ બાંધશે. તો એ પાપસંયોગ થયા.

**પણ જો હવે જૈનશાસનની સમ્યક્ શિક્ષા લો તો એ આવડત આવશે કે જેથી એ પાપસામગ્રી અને પાપસંયોગોને ધર્મસામગ્રી અને ધર્મસંયોગોમાં પલટાવી શકાશે.**

આનો ખૂબ વિચાર કરવો જોઈએ. એને નિરંતર હૃદયમાં રમતો રાખવામાં આવે પછી કદાચ તેમાં આલંબન સારું ન મળવાથી વિશેષ ઉદ્યમ ન કરી શકે, છતાં શુભભાવ તો ટકાવી શકે, તેથી ઈચ્છાયોગમાં સારો નંબર લાગે. ઈચ્છાયોગ શું માગે છે ? આત્માના ઉદય માટે ધર્મ સાધવાની ઈચ્છા 'એ વિના મારે ચાલે જ નહિ, કેમકે જીવનનું કર્તવ્ય આત્માનો ઉદય અને ધર્મ જ છે. એમ નહિ કે ધર્મ ન કરીએ તો ખરાબ દેખાય, પૈસા ટકા ન મળે.

કોઈ પૂછે બ્રહ્મચર્ય કે સદાચાર કેમ પાળો છો ? તો કહીએ મારું જે આ જીવન છે. તે શીલ પાળવા માટે છે. કેમકે એનાથી અનાદિના કુસંસ્કારો ભૂલાઈ ભૂંસાઈ જાય છે. પરંતુ મારું વ્રત ભાંગે ! અમે કલંકિત થઈએ ! લોકમાં અપભ્રાજના થાય,' તેની કોઈ વાત નહિ ! પણ 'માનવ થઈને શીલ ગુમાવીએ તો ખલાસ, ભવ ગુમાવ્યો, તક ગુમાવી.' આ કર્તવ્ય સમજે એટલે પોતાના જીવનમાં શીલ પાળતાં વાર નહિ. આ સાથે ઈચ્છાયોગનો ધર્મ સાધવા માંડે, એટલે ધર્મમાંથી એને કોઈ ચલાયમાન ન કરી શકે.

**બાધામાંથી પતન કેમ ? :** માણસ પતન પામે છે તે કેવી રીતે ? એ વિચારશે કે, 'પ્રતિજ્ઞા છે, માટે પાપ નહિ કરવાનું પણ એમ નહિ કે પાપ કરાય જ નહિ. પાપના ભવ બીજા, માનવનો નહિ.' પછી અવસર આવે પ્રતિજ્ઞા ન ભાંગે, પણ નવો ઈશ્યુ કાઢે ! ધારો કે બાધા છે કે 'જુઠું ન બોલવું.' પણ જુઠનો પ્રસંગ આવ્યે છોકરાને બોલાવીને કહેશે કે, 'જો આ મારે તો નિયમ છે, પણ તું સમય વર્તિ લે !' કેવું પતન ! અહીં જો એ સમજ્યો હોય કે, 'જૈન માનવ



જીવનમાં જુઠું ન જ બોલાય,' તો પોતે તો ન બોલે, પણ બીજા પાસેય ન બોલાવે એના બદલે મારે બાધા છે. માટે મારે જુઠું ન બોલાય,' એટલું જ માની બેસે. એટલે એટલા સિવાય બધા દરવાજા ખુલ્લા ! 'બીજાને એવી બાધા નથી તો એ જુઠું બોલી શકે. મારે પણ જુઠું બોલવાની બાધા છે, બોલાવાની બાધા નથી.' આવાં લોચા વાળે, ત્યારે કેમ પતન ન પામે ? ધર્મ જ કર્તવ્ય છે. પાપ કરાય જ નહિ. દા.ત. શીલ પાળે એમ સમજીને કે શ્વાસોશ્વાસ એ કાયાનો પ્રાણ છે, તેમ શીલ એ આત્માનો પ્રાણ છે. શરીર નાશવંત છે, તે નાસ્તિકને પણ કબુલ કર્યે છુટકો છે. **શરીર અને આત્માનો મુકાબલો કરીએ એટલે** શરીરની કિંમત જ નહિ. એટલે જો આત્માના શીલનું રક્ષણ થતું હોય, તો ભલે કાયા વહેલી પડી જાય ! પણ કાયાના રક્ષણમાં શીલનું ભક્ષણ થતું હોય તો તે નહિ થવા દેવાનું.

**પાપ ધોવાનું અહીં જ સુલભ છે :** ઈચ્છાયોગનું કર્તવ્ય શું તાકાત આપે ? સુકોમળ કાયાથી પણ ક્ષાત્રવટ દેખાડવાનું બળ આપે ! કંગાલ દેખાતામાં શૂરવીરતા લાવે ! સંવત્સરી પ્રતિક્રમણ કરવું તે કર્તવ્ય છે ! વર્ષભરના પાપ ધોવાં છે, એ બુદ્ધિથી આવ્યાં હોય તો સામાન્ય ગરમીની તો શું તાકાત છે, પણ કોઈ વિશેષ ગરમી વરસે તો પણ વધાવવા તૈયાર ! પાપ ધોવાનું અમારું કર્તવ્ય છે માટે પ્રતિક્રમણ કરવું જ જોઈએ !

આમ પાપ ધોવાનું આજ જીવનમાં સુલભ અને સાધ્ય છે ! એ અમારા આત્માને શક્તિ અને આનંદ આપનાર છે, માટે એ સાધવું જ જોઈએ.

શીલભંગનું પાપ નથી જ થવા દેવું, એટલે સુરસુંદરીને આપઘાતનો યત્ન કરતાં. સરોવરમાં ઝંપાપાત કરતાં કે મગરના મોંમાં ગસાઈ જતાં વાંધો નથી લાગતો. એમાંથી બચ્યા પછી ભારંડ પક્ષીએ એને ઊંચકી આકાશમાં ઉડ્યે રાખ્યું. પણ વળી પાછી અદ્ધરથી જ છોડી **આકાશમાંથી પડતી કોણે મૂકી ? ભારંડ પક્ષીએ ? ના, એના કર્મે !**

**પાપને પુણ્યકાર્યથી ધકેલો :** કર્મ જીવની જે ફેંકાફેંક અને જે વિટંબના કરે છે, તેવું જગતમાં કોઈ કરતું નથી. **કર્મ સિવાય કોઈ રઝળાવનાર કે કાયાની માટીમાં જીવને ચુંથનાર નથી.** કર્મ છે ત્યાં સુધી વિટંબણા મટનાર નથી, નવી વિટંબણા આવ્યા વિના રહેનાર નથી ! તો હવે શું કરવું ? એજ કે વિટંબણાને બદલે કર્મને ઉખેડવાની વાત રાખો ! પાપ કર્મનો ઉદય આવ્યો ને બજારે પાંચસો ખૂંચવી લીધા, તો નક્કી કરવાનું કે, 'હવે બીજા પાંચસો હું દાન ધર્મથી લૂંટાવી દઉં !' ખલાસ ! પુણ્યથી પાપ ઠેલાય. કર્મ હોય તો વિટંબના આવ્યા વિના રહે નહિ. સુરસુંદરી ઉપરથી ફેંકાય છે ! પણ એના ચિત્તમાં શું ? **'નમો અરિહંતાણં'**

આ સપ્તાક્ષરી મંત્ર છે. **ત્યારે ષોડશ અક્ષરીમંત્ર જાણો છો ? એ છે 'અરિહંત-સિદ્ધ-આયરિય-ઉવજ્ઝાય-સાહુ !'** આમાં વિપુલ પુણ્યની કમાઈ અને થોકબંધ કર્મની નિર્જરા ! પંચપમેષ્ઠીને નમસ્કાર એ જેમ ધર્મ છે, તેમ એમનું સ્મરણ એ પણ ધર્મ છે. 'મરીશ તો પણ શીલનું રક્ષણ તો થશે ! અને નમસ્કાર મહામંત્ર મારી પાસે છે, ત્યાં સુધી મારી દુર્ગતિ થનાર નથી !' સુરસુંદરીને કોઈ આકુળતા-વ્યાકુળતા નથી પટકાવામાં ! છતાં જાતે કર્મ કહે છે 'હું તને પટકાવા ન દઉં !' કેવી રીતે ? ત્યાં વિદ્યાધરનું વિમાન જતું હતું. સુરસુંદરી પડી એમાં !

**શીલ રક્ષાની ધગશે મૃત્યુમાં આનંદ :** વિદ્યાધર વિલાસી જીવ દેખાયો ! એને જોઈને મુંઝાઈ સુરસુંદરી. એણે ઉદ્ગાર કાઢ્યા કે, "કેમ મને પકડી રાખો છો ? નાખો સીધી ધરતી પર મરતાં રાજી થઈશ."

"પણ શું કામ છે, પટકાઈને મરી જવાનું ?"

ત્યારે કહે છે, "શીલ સાચવવામાં મારા માથે ખૂબ વીતી છે, ને એમાંથી મને લાગે છે કે આ જીવનનો અંત આવી જાય. તો શીલ અખંડ રહી જાય. માટે હું હાથ જોડીને કહું છુ કે મને નાખી દો નીચે."

એટલે પેલો વિદ્યાધર કહે છે. "મારાથી તું બી મા, હું તારો ભાઈ છું. તારી કાન્તિ તારું સ્વરૂપ અને તારા બોલ જોતાં મને લાગે છે કે તું કોઈ ઊંચી કોટિનો જીવ છે, તો શા માટે આપઘાત જેવું અધમ કામ કરવાને તૈયાર થાય છે ?" વિદ્યાધરના હૃદયના બોલ સાંભળી એને કાંઇક ધરપત વળી.

**સજ્જનને નવ વસ્તુ ગોપવાની : સજ્જન માણસો નવ ચીજોને છુપાવી રાખે છે.**

એક તો **આયુષ્ય,** તેને ગોપવી રાખવું જોઈએ. એનો ખોટી રીતે વિનાશ ન કરવો જોઈએ. બાકી હા, વ્રતનું ને ધર્મનું રક્ષણ કરતાં પ્રાણ જાય તો વાંધો નહિ. તે સિવાય નહિ. આજે તો બાઈઓ ઘાસતેલ છાંટીને બળી મરે છે, અને ભાઈ પાટા પર સુઈને ખતમ થાય છે. એ 'મરી ગયાં સારા' એમ માને છે. પણ પછી શું ત્યાં ખોટી ઝંખના દુર્ધ્યાન કરીને કોઈ તિર્યંચ વગેરેનું આયુષ્ય બાંધ્યું હોય, ને માછલી થવું પડ્યું, પછી કોઈ મલેચ્છના ઘેર કડાઈમાં કડકડતા તેલની અંદર તળાવાનો વખત આવે ત્યારે ?

**બીજું ધન**, તેને ગોપવી રાખવું જોઈએ, જેમ તેમ ઉડાવવું જોઈએ નહિ. ગોપવું **એટલે બિનજરૂરી બધા ખરચા બંધ કરી, અને જરૂરીમાં પણ ખુબ જ સાદાઈ અને ત્યાગ કેળવીને ગોપવી રાખવાનું, કે જેથી વધુ કમાવા માટે વધુ પાપ ન કરવું પડે.**

**ત્રીજુ ઘરનું છિદ્ર :** એ કોઈને કહેવું નહિ એ ગોપવી રાખવું. છિદ્ર એટલે



દોષ રહસ્ય વગેરે. **ચોથું વિષયક્રિયા, મોહરમત,** એ પણ ગુપ્ત રાખવી. સામાન્ય ચેષ્ટા પણ બે સિવાય ત્રીજો દેખાતો હોય ત્યાં ન કરવી જોઈએ. અરે ! મોહનો સામાન્ય બોલ પણ ત્રીજો સાંભળતા ન બોલાય ત્યાં તો ગંભીર અને શિષ્ટ બોલ જોઈએ. કહો ત્રીજાના સાંભળતા પતિ પત્નિને વહાલી કહીને બોલાવે ?

**પાંચમું ઔષધ :** એ પણ ગોપવીને વાપરવું. નહિતર કદાચ કોઈની નજર લાગી જાય.

**છઠ્ઠું દાન દેવાનું :** તે પણ ગોપવીને. જમણા હાથે દીધું તે ડાબો હાથ ન જાણે !

**સાતમું માન :** મળ્યું હોય, તે પણ મનમાં ગોપવી રાખવાનું. બહાર ગાતા નહિ ફરવું.

**આઠમું અપમાન :** તેને પણ બહાર નહિ કહેવાનું.

**નવમું શીલ વગેરે આત્માના ગુણ, તેને બરાબર** ગોપવી રાખવા. એટલે કે એનું બરાબર રક્ષણ કરવું.

**તપ વર્ષોના ! ઘાતક લટકો એક જ વખતનો ! :** અનંતકાળનો ઇતિહાસ તપાસીએ તો દેખાય કે લાખો વર્ષના તપ તપનારા વિશ્વામિત્ર વગેરેને પણ રંભા ઉર્વશીનું એક મટકું થયું કે જોવાનું મન થયું ! સ્ત્રીની આંખ અને અંગોપાંગના વર્ષોના લટકા નહિ. એક દિવસના નહિ, એક એક **વખતનાય લટકા વર્ષોના તપને સાફ કરી શકે.** બ્રહ્મા એમ જ ચતુર્મુખ થયા. ચાર ચાર માસ સિંહની ગુફા આગળ ઊભા રહેવાની હામ ખરી, પણ કોશા વેશ્યાની આગળ એક દિવસ પણ સ્વસ્થ શીલવંતા ઊભવાની તાકાત નહિ ! જાતીય સંબંધોના અનાદિ સંસ્કાર એવા છે કે વિજાતીય પાત્રો સંબંધમાં આવતાં જ વિકારનું અવનવું તોફાન જગાવ્યા વિના રહે નહિ, તમે જો મર્યાદા મૂકો, નવવાડ બ્રહ્મચર્યની ચૂકો, એટલે મોહ કહે છે, "આવ હવે અમે તને માંકડાની જેમ નચાવીએ ! પછી ભલે તું સાધુવેશમાં હો પણ તારામાં જો વિકાર સુલભ છે, તો ભક્તાણીનું રૂપ કરી આવીનેય તને ઊંચો નીચો કરી નાંખીએ !"

**બ્રહ્મચર્યના મૂલ્ય :** આમાં જીવને એ જોવાની ફુરસદ કે પરવા નથી. મોહના આવેશને પરવશ બની વિકારી થવામાં આત્મામાં સારું શું વધે છે ? એમાંય માનસિક રીતિએ આકર્ષાઈ મનને વિકૃત બનાવવામાં કોઈ લાભ ? શું કોઈ સમ્યગ્દર્શનનો, જ્ઞાનનો, ચારિત્રનો કે તપનો પર્યાય વધે ખરો ? ના, ઊલટો હોય એ હ્રાસ પામે. તો પછી શા સારું વિકારી થવું ? વિકારી થવામાં આત્માની ઊંચામાં ઊંચી કોટિની મહાકિંમતી અને શરીરની રાજા સમાન ગણાતી ધાતુ જે


E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

(વીર્ય), તે પાતળી પડી વિનાશને પામે છે. એનાથી ઈન્દ્રિયોનાં તેજ ઘટે છે. મગજની ગ્રહણ-ધારણ-વિચારણ શક્તિ હણાય છે, અને ધીરવીર હૃદય પણ દુર્બળ બને છે. જગતમાં જીવન જીવવાની મજા હોય તો સાત્ત્વિક સબળ અને તેજસ્વી ઈન્દ્રિયો તથા મનના ઉપર છે. બ્રહ્મચર્યના ભંગથી, વીર્યના નાશથી એ ઈન્દ્રિયો અને મનને નિઃસત્ત્વ, દુર્બળ અને માયકાંગલા બનાવી દીધા. પછી જીવન જીવવામાં શી મજા ? પછી તો આયુષ્ય હોય એટલે જીવવાનું તો ખરું પણ દહાડા એમ જ મુડદાલીયા જીવનથી પૂરા કરવા પડે. ચક્ષુમાં તેજ ન હોય, કાન બહેરા પડ્યા હોય, મગજમાં સ્મૃતિભ્રંશ રહ્યા કરે, તેથી ભૂલી બહુ જવાય; એટલું જ નહિ પણ મગજની શક્તિ ઘણી મરી ગઈ, તેથી મગજ સહેજ સહેજમાં ઉશ્કેરાઈ જાય, તુચ્છ વિચારો કરી નાખે, દીર્ઘ અને ઊંડા તત્ત્વચિંતન કરવામાં એ તદ્દન અસમર્થ હોય આ તે કાંઈ જીવન છે ?

ત્યારે તમે બીજી પણ એક વાત સમજો કે **બ્રહ્મચર્યનું મમત્ત્વ જો નથી, તો વિચારસરણી હલકી રહેવાની,** અને કાર્યોમાં સારી સફળતા નહિ મળવાની, કવિ કહે છે "બ્રહ્મચારીનું ચિંતવ્યું કદીયે અફલ ન થાય; પાપસ્થાનક ચોથું વરજીએ"

**વિચારસરણીની હલકાઈ** એ રીતની કે સામે ગમેતેવા સદ્ગુણી પાત્ર હશે. એમાં ગુણ જોવાને બદલે રૂપલાવણ્ય જોશે ! આત્માની સ્થિતિને બદલે ચામડાની ગોરાશ અને ગાલની ગુલાબીતા જોયા કરશે ! એમાં પાછું અન્યાન્ય કામ **પાત્રોમાં મુકાબલો કરી ટકા આંકશે** આગળ વધી **કામની કલ્પનાસૃષ્ટિમાં ચડી ભોગસુખના ઝાંઝવાના નીર જેવા વિકલ્પો કરશે !** વળવાનું કશું જ નહિ, પરંતુ સતત વિચારણા વિષય ભોગની, વિષયના સારાનરસાપણાની ! ત્યારે બ્રહ્મચર્યના મમતાળુને અને અભ્યાસીને એ કોઈ લત નહિ. તેથી શુદ્ધ ગુણદર્શન અને તત્ત્વચિંતનના પવિત્ર ઊચ્ચ જીવન જીવવાના.

**અબ્રહ્મ સેવનમાં** એ પણ ખામી છે કે છતાં તારક દેવગુરુને મૂકી કામના પાત્રની ખોટી ગુલામી ઉઠાવવી પડે છે, એની ખોટી શેહમાં પડવું પડે છે. તેથી દેવગુરુ અને ધર્મને કાં સરાસર ભૂલાય છે, અગર તો ગૌણ કરાય છે. ત્યાગ, તપસ્યા વગેરેને જતા કરવા પડે છે. આવા તો કેઈ નુકસાનો ખડા થાય છે. અહા-હાહા ! પ્રભુશ્રી વીરના વારસદાર થવા છતાંય આવી ભયંકર નુકસાનીઓ વહોરવી પડે તે શા કારણે ! એક અબ્રહ્મચર્યના જ કારણે ને ? વિષયભોગના કારણે ને ? ત્યારે આ એક જ દોષ જો દૂર કર્યો તો કેવી અદ્ભૂત કમાણી હાથવેંતમાં છે ! કેવા સુંદર અને સાચા વીરના વારસદાર બનાય છે ! અબ્રહ્મના લીધે કાર્યમાં નિષ્ફળતા પણ ઘણી. નિષ્ફળતા એટલે આત્માના લાભમાં ઉતરવાની વાત નહિ, પાછળથી



નિશ્ચિતતા, પ્રસન્નતા અને પ્રોત્સાહિતતા નહિ. **આત્માના અસલી નિર્વિકાર અને જ્ઞાનમય સ્વરૂપની સામે લક્ષ રાખવાથી કામવાસના કાબુમાં આવે છે. સાથે, સુદર્શનશેઠ, સ્થુલભદ્રસ્વામી વગેરેના ચારિત્ર ખુબ ખુબ વિચારવા લાભદાયી છે.**

**ધર્મક્રિયાની સફળતા શામાં ? :-**

અનંત ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા 'યોગદૃષ્ટિ સમુચ્ચય' ગ્રંથમાં પરમાત્માને નમસ્કાર કરે છે ઈચ્છાયોગથી.

ઈચ્છાયોગથી નમસ્કાર શા માટે ? એટલા માટે કે શાસ્ત્રયોગ ને સામર્થ્યયોગનો દાવો કરીએ એ સ્થિતિ અત્યારે અમારી નથી. એમ છતાં ઈચ્છાયોગથી પણ નમસ્કાર કરવામાં ન આવે તો તે નમસ્કાર નિષ્ફળ જાય.

**સાધેલો ધર્મ સફળ, જો શુદ્ધિ-મુક્તિ અને સમૃદ્ધિ :** પ્રાથમિક નંબરમાં પણ ઈચ્છાયોગના ઘરની ક્રિયા બનવી જોઈએ; તો જ માની શકીએ કે ધર્મક્રિયાની સફળતા જે મલવી જોઈએ તે મલશે. **ધર્મક્રિયાની સફળતા એટલે ?** સ્વર્ગીય સુખ મળે તે નહિ, પણ આત્મામાં શુદ્ધિ આવતી જાય, આત્મા વિકાસ પામતો જાય, મોહમય સંસાર અને કર્મનાં બંધનમાંથી મુક્ત થતો જાય, પોતાના અનંતસુખ-સમૃદ્ધિની નજીક પહોંચતો જાય, તેમાં ધર્મક્રિયાની સફળતા છે. ત્યારે જો આમાં સાચી સફળતા હોવાનું માનીએ, એટલે તો કોઈ દિવસ એવા નિરાશ થવાની જરૂર ન પડે. કે "ભાઈ, હું આટલા તપ-દાન-શીલ કરે જાઉં છું, છતાં તેનું કેમ કોઈ ફલ દેખાતું નથી ? અથવા મને બધું નિરાશા જેવું કેમ લાગે છે ?" આવું જે થઈ જાય છે તેના કરતાં જો એ સમજતો હોય કે ધર્મક્રિયાની સફળતા આત્માના દોષોની શુદ્ધિમાં છે, જડની પરાધીનતામાંથી આત્માની ક્રમશઃ મુક્તિમાં છે, અને આત્માના ગુણવૈભવનો ઉત્તરોત્તર વિકાસ કરી મોક્ષની નજીક જવામાં છે, તો નિરાશા નહિ લાગે કેમકે એ ફળ તો શુદ્ધ ધર્મક્રિયાથી સધાઈ જ રહ્યું છે.

**આત્માની શુદ્ધિમાં શું આવે ?** એ, કે જે દોષ અને દુર્ગુણોથી તથા કુવાસના-કુસંસ્કારોથી આત્મા કલુષિત હતો, તે તે હવે ઓછા ઓછા થતા આવે, હ્રાસ પામતા જાય.

**મુક્તિ એટલે ?** આત્માને જે સંસાર અને ઉપાધિઓ બાંધીને ગુલામીમાં રાખે છે, તેમાંથી મુક્તિ અર્થાત્ તેની પરાધીનતા પર કાપ.

**આત્માની વિભૂતિની નજીક જવું એટલે શું ?** એટલે એ કે આત્માની જેવી નિર્મળ જ્ઞાનમય દશા છે, નિવૃત્તિના ઘરની સુખની દશા છે, સ્વરૂપે વીર્યની દશા છે, એનો અંશે અંશે પણ અનુભવ કરતાં જાવું, ઝાંખી કરતાં જવું, એટલે આત્મસમૃદ્ધિની નજીક જવાય.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**વિનાશી તે અપવિત્ર પર : અવિનાશી પવિત્ર સ્વ :** (૧) આત્મશુદ્ધિ, (૨) બંધનથી મુક્તિ, અને (૩) આત્મસમૃદ્ધિની ખીલવટ આ ત્રણમાં ધર્મક્રિયાની સફળતા છે, પણ દેવલોકનાં કે રાજવૈભવનાં સુખ મળે તેમાં નથી. ઈચ્છાયોગના ઘરની ધર્મક્રિયા સાધવા એ સફળતા લક્ષમાં રહેવી જોઈએ. આત્માની શુદ્ધિ, મુક્તિ, અને સમૃદ્ધિના સચોટ લક્ષથી ચારિત્ર લેવાય અને પળાય ત્યારે તો કથીર એવા કાળનો સોનેરી ઉપયોગ બની જાય ! વર્તમાન વિકટ સંયોગોમાંથી ઊંચામાં ઊંચી કોટિનું ફળ મેળવી આપનારું ચારિત્ર એ ત્રિપુટીથી બને છે. લોક કાળને કહે છે, તેમાંથી ઊંચામાં ઊંચી કોટિનું ફળ નિપજાવવા માટે કાળા કાળમાંથી ધોળું ફળ મેળવવા માટે, ટૂંકા એવા માનવભવમાંથી લાંબી સફળતા મેળવવા માટે, વિનાશી એવી કાયાથી અવિનાશી પદની સાધના માટે, અપવિત્ર એવા શરીર દ્વારા આત્માને પવિત્ર બનાવવા માટે, પર એવા સંયોગોમાંથી સ્વ એવી આત્માની ઋદ્ધિ બનાવવા માટે-ઈત્યાદિ માટે છે. ધર્મસાધના શુદ્ધ ધર્મ સાધવાની વાસ્તવિક ઈચ્છા કરે ત્યારે તે ઈચ્છાયોગના ઘરની ક્રિયામાં આવે. આ રીતે ધર્મક્રિયાઓ હવે વિચારો.

**ફરી વિચારો ક્રિયાના ઉદ્દેશ : કેમ સામાયિક ?** પાપમાંથી બચવાનો માર્ગ છે ! **આટલો પ્રભુની મૂર્તિનો ઠાઠ શા માટે ?** પ્રભુ પ્રત્યે દિલ ચોંટાડી રાખવા માટે. આ આંગી અને આ **થાળ ભરી ભરીને ફૂલ, ફળ, નૈવદ્ય આ બધું શા માટે ?** પાપમાં તણાતી લક્ષ્મીને યોગ્ય પાત્રે અર્પવી જ જોઈએ. પરમાત્મા ફરી ફરી નહિ મલે ! જો એ નહિ મળ્યા હોય ને હીરા માણેક પણ મલ્યાં હશે, તો તે શું કરવાના ? આ ઈચ્છાયોગથી પૂજા કરનારો કેવો ઉદાર હોય ? એમાં પૂછવાનું શું ? ઈચ્છાયોગમાં શુદ્ધ ધર્મલેશ્યા જોઈએ છે, એ આવી પછી તો આત્મામાં અપૂર્વ જોમ આવે છે.

**ઈચ્છાયોગ એક સમર્થયોગ :** ઈચ્છાયોગ તો માત્ર નામથી ઈચ્છાયોગ છે, બાકી તો એ મહાન સમર્થ યોગ છે ! સાતમે ગુણઠાણે અપ્રમત્ત ભાવ સુધી લઈ જનાર એ ઈચ્છા યોગ છે ! અલબત શાસ્ત્રયોગનું લક્ષ રહેવું જોઈએ. બાકી ઈચ્છાયોગ એક સમર્થયોગ છે એમાં શંકા નથી. ત્યારે કાંઈ સામર્થ્યયોગ એમને એમ નથી ઉતરી પડતો ! અનંતી દ્રવ્યક્રિયા પછી ભાવક્રિયા આવે છે ! એ ભાવક્રિયાના દીર્ઘઅભ્યાસ પછી શુકલધ્યાન, ક્ષપકશ્રેણિ, ને કેવળજ્ઞાન આવે છે. આ અભ્યાસની દશામાં, એટલે કે આ ભાવક્રિયાની નિશાળે ભણવાની અવસ્થામાં કઈ ક્રિયા લાવવાની ? ઈચ્છાયોગના ઘરની. પણ એ ઈચ્છાયોગની જે ક્રિયા આપણને ઊંચે લઈ જવા સમર્થ છે, તેને શાસ્ત્ર કહે છે એ પ્રમાણે ન બનાવીએ તો ત્યાંના ત્યાં ઊભા રહીએ !





# (૨૪) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**દ્રવ્યક્રિયાની મહત્તા : પ્ર.-** અનિચ્છાએ કરેલો ધર્મ ઈચ્છાયોગમાં આત્માને લાવી ન આપે ?

ઉ.- જેને લાવવો હોય તેને, બીજાને નહિ. પંચવસ્તુમાં આજ શાસ્ત્રકારે દ્રવ્યશ્રુત-દ્રવ્યક્રિયાનું ગૌરવ ગાયું છે. કોઈએ આક્ષેપ કર્યો કે દ્રવ્યશ્રુત અનંતવાર સેવ્યું, છતાં હજુ ભાવશ્રુત આવ્યું છે ? ના, માટે કહો કે દ્રવ્યશ્રુત કામનું નથી, ભાવશ્રુત જ કામનું છે, ત્યારે તેને આ શાસ્ત્રકાર ઉત્તર આપે છે કે 'તારી વાત અર્ધ-સત્ય છે.' અનંતવારની દ્રવ્યક્રિયા નકામી ગઈ, તે અમે માનીએ છીએ પણ એ સમજે કે જ્યારે ભાવશ્રુત મલશે ત્યારે તે દ્રવ્યશ્રુતની સહાયથી મલશે. ભાવ વિનાની ક્રિયા નકામી એનો અર્થ એ નથી કે ક્રિયા નકામી. જમીન અને વરસાદ છતાં પાક કેમ નહિ ? કેમકે બીજ નહોતું વાવ્યું. તો પાક માટે બીજ કામનું અને વરસાદ નકામો એમ ? ના, એ તો પાછો જ્યારે જમીનમાંથી પાક થશે, ત્યારે બીજ અને વરસાદ સિવાય નહિ જ. ભાવશ્રુતનું લક્ષ્ય ન રાખ્યું, તેથી અનંતવાર દ્રવ્યશ્રુત જ ભાવશ્રુત મેળવી આપશે. ભાવનું ધ્યેય રાખીને ક્રિયા કરતાં સાચા ભાવ અને ભાવક્રિયા પ્રગટશે માટે તો સમકિત વિનાની દાનાદિ ક્રિયાને નકામી કહેનાર જ્ઞાનીઓએ જ સમકિત પામવાના સાધન તરીકે પાછી દાન, વ્રત, તપસ્યાદિને બતાવ્યા.

**ભાવ બે પ્રકારના છે.** આજે ઉપવાસ કર્યો. કોઈ આહારની ગુલામી નહિ, કોઈ આહારની વિચારણા નહિ. આહારની લપમાંથી છુટ્યાનો મહાસંતોષ. આ ઉત્તમ ભાવ છે. હવે આ જેમ ભાવ છે, તેમ એ ભાવના ધ્યેયને પામવા માટે હૃદયમાં જે ઈચ્છા થાય છે, તે પણ ભાવ કહેવાય છે. અર્થાત્ છતી ભૂખે આહારની ગુલામીમાંથી છૂટ્યાનો સંતોષ પામવાની તમન્ના એ પણ ભાવ છે. ઉચ્ચ કોટિના ભાવ લાવવાના હૈયાના ભાવને પણ ભાવ કહેવાય છે. અને અભિગ્રહોમાં કેવો અદ્ભુત ચમત્કાર છે ! એ ખૂબ ખૂબ સેવતાં કોઈક દિવસે ઊંચી કોટિના ભાવ જોવાનો સમય આવશે. પૂર્વ પુરુષોના ચરિત્રો જુઓ, વિચારો એમાં વ્રત, તપ વગેરે સેવતાં ઉત્તરોત્તર શુભ ભાવની ચઢતી થયાનું ઠામ ઠામ દેખાઈ આવશે.

**ધર્મક્રિયાની ઈચ્છા શા માટે ?** કહો કે જીવનનો સારજ ધર્મક્રિયા છે !



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

જીવનની સફળતા જ આમાં છે ! કથીરના સંયોગમાંથી સુવર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કરવાની સાધના ધર્મક્રિયામાં છે ! વિનાશી, અપવિત્ર અને પર એવી કાયામાંથી અવિનાશી, પવિત્ર ને સ્વકીય કલ્યાણ સાધવાનું કાર્ય આમાં છે. નાસ્તિકને પણ કાયાના આ ધર્મો કબુલ કર્યા વિના છુટકો નહિ. સ્વપરના ભેદ જગતમાં નિર્ણીત થઈ ગયેલા છે.

**આસ્તિકનું ડહાપણ :** નાસ્તિક ભલે ને આત્માને મંજુર ન કરતો હોય, પણ કાયા પર એ શું એવો દાવો, સંતોષ કે ખુમારી ધરી શકે એમ છે, કે 'આપણું કહ્યું કાયા માને જ ? આપણી ઈચ્છા મુજબ જ કાયા વર્તે ! આપણા કબજામાં જ એ રહે ? ના, તારું ધાર્યું તે કરે, કે તું એનું ધાર્યું કરે ? તારા હુકમ એ પાળે, કે એના હુકમ તું પાળે ? બધું ઊંધું ! આપણે એનું કહ્યું માનવાનું ! તેથી જ આસ્તિક આત્મા એમ વિચારે છે કે, 'એવી પણ આ કાયામાંથી જો હું ધર્મનો ઈચ્છાયોગ સાધું, જો હું ઈચ્છાયોગથી પણ ધર્મ સેવી લઉં તો મારા આત્માનું અવિનાશીપદ, સાચી પવિત્રતા, ને સાચું સત્ત્વ હું સાધી શકું એમ છું. આટલા માટે મારે આ ધર્મક્રિયા કરવી છે.' આવી ઈચ્છા આપણને ઈચ્છાયોગના અધિકારી બનાવે છે.

## • 'લૌકિકમાંથી અલૌકિક તરફ' •

**જીવન જીવનમાં ફેર :** જીવ તો દુનિયામાં અનેક કોટિના છે ! એમના ય જીવન વિવિધ પ્રકારે છે. એમાં આ મનુષ્યજીવન અને એમાંય આર્ય **માનવ-જીવન જ અલૌકિક છે. તો પછી સાધના પણ અલૌકિક જોઈએ, લૌકિક નહિ !** જીવન મચ્છર ને માંકડનું જુઓ, માંખી ને ભમરાનું, વીંછી ને સાપનું, કાગડા ને કબુતરનું બધાનાં વિવિધ જીવન દેખાશે. વાઘનું જીવન જેટલું ભયંકર, એટલું સસલાનું જીવન ભયંકર નહિ. છતાં સસલાને સદા ભયભીત જીવન. હવે અજ્ઞાનતાની દૃષ્ટિએ જીવનો જોઈએ, તો પણ વિવિધતા ! શક્તિ-અશક્તિમાં જોઈએ તો પણ વિવિધતા ! ગુલામી ને શેઠાઈમાં જોઈએ તો પણ વિવિધતા ! સો હાથણીને એક હાથી. કુદરતી રીતે એમાં એવો તફાવત છે કે સો જણ આજ્ઞા ઉઠાવનાર અને એક જ જણ આજ્ઞા કરનાર !

**સંસારી જીવોના કરુણ જીવન :** નરકના જીવોના જીવન તો આજે તમે નજરે દેખી શકતા નથી, પરંતુ તમારી નજર સામે અનેકાનેક પશુના જીવન, પંખીના જીવન કીડા મંકોડા વગેરેના જીવન, તેમ જ માણસોમાં રાજાના, અમલદારના, વેપારીના, દલાલના, શેઠ-નોકરના, વગેરેના વિવિધ પ્રકારના જીવન તો જોઈ શકો



છોને ? એમાં તમને શું નથી દેખાતું કે તમે પોતે કેવા ઉચ્ચ જીવન જીવવાનો સુંદર સંયોગસામગ્રી પામ્યા છો ? વર્તમાન જગતમાં પશું પંખીના જીવનમાં ત્રાસનો પાર નથી. અમેરિકા જેવામાં ચરબી માટે ઢોરને સ્પેશીઅલ મોટી જમીનો પર ઉછેરવામાં આવે છે. અને લોટબંધ એનો સંહાર યાંત્રિક કતલખાનામાં કરવામાં આવે છે. કોમ જેવાં કોમળ ચામડા માટે કુમળા વાછરડાઓને ધખ ધખતા ઉકળતા પાણીથી નવરાવી ધોકાથી કુટવામાં આવે છે. શાથી ? એ જીવ જીવતો હોય ત્યાંસુધી એમ કુટેલા ચામડામાં લોહી ફરતું રહે અને ચામડું વધારે મુલાયમ થાય. કેટલુંય બાળ્યા કૂટ્યા પછી જીવતા જીવે એની ચામડી ઉઝરડી લેવામાં આવે છે. વિચારજો એ જીવોના જીવનની કરુણ દશા. ત્યારે આજે લીવર એક્સટ્રેક્ટ, ઈસેન્સ ઓફ ચીકન્સ, કોડલીવર ઓઈલ, વગેરે કેટલાય ઈંજેક્શનો અને દવાઓ બનાવવા માટે માછલાં, મરઘા, વાંદરા વગેરે પર કેટકેટલા ભયંકર જુલમ વરસાવાય છે, એ વિચાર્યું છે ? એમાં એ વાંદરા વગેરે તો ચીસેચીસ પાડી ઉઠે છે, પણ એની દયા ત્યાં કોણ ખાય ? કેવું કરુણ જીવન ! પંખીઓના પીંછાઓ, અને માંસાદિકના ઉપયોગ પાછળ એના પર જુલ્મનો પણ પાર નથી. ત્યારે વાતવાતમાં આજે દુકાળ ! એમાં ઢોરની કઈ દશા ? અરે ખુદ એ તળાવના માછલાની કઈ દશા ? પાણી તો સુકાવા આવ્યું, પછી ગામના કુતરા અને સીમના શીયાળીયા-ગીધડા તળાવ પર તુટી પડે, ત્યાં એ માછલાની કેવી કરુણ દશા ! અરે ! સારા ગણાતા ઘોડાની પણ આખી રાત ડાંસ મચ્છરથી ડસાવાની કેવી દુઃખદ દશા ! માનવ પ્રાણીની પણ કેવી કરુણ સ્થિતિ !

આ તો દુઃખની દૃષ્ટિએ જીવન જોયાં. પણ જીવનમાં પાપાચરણ કેવાં તે જુઓ. પશુ પંખી કે અનાર્ય મનુષ્યોને કોઈ વિવેક ખરો ? ના, જીવન આખું પાપથી ખદબદતું ! બિલાડીને શરીર પર લાકડી પડતી હોય છતાં પકડેલા ઉંદરને નહિ છોડે. ઘોડો ઈચ્છે કે ન ઈચ્છે પણ સડેલા ચણા ભેગી જીવાત પણ ચાવી નાખવાનો. ત્યારે પશુ ધર્મ તો શું જ કરે ? કાં તો ચામડા-તૂટ વેઠમાં હોય, કાં નવરો પડ્યો અજ્ઞાન અને અવિવેકમાં સમય બરબાદ કરતો હોય. ધર્મનું નામ નહિ. એને એક સહેલામાં સહેલો પરમાત્માના જાપનો ધર્મ પણ નહિ. કેવાં ! જીવન આ !

**ધર્મસામગ્રી અને ધર્મસમજ એ અલૌકિક છે :** આ વર્તમાન માનવ જગતમાં પણ જે અનેક જાતનાં જીવન દેખાય છે, એ બધાં જીવનમાં શી બહુ સગવડ મલે છે ? કાંઈ બહુ નહિ. છતાં એ બધાંય જીવન લૌકિક આહારાદિના ધોરણ પર ચાલનારાં છે. તેમાં ફક્ત તમારું માનવ-જીવન જ અલૌકિક ધર્મ સામગ્રી અને



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ધર્મસમજવાળું છે. તો એ અલૌકિકતાથી જીવનમાં અલૌકિક કાર્ય થવાં જોઈએ. તાકાત ન હોય તો લૌકિકને એકદમ મૂકી દેવાનું ન બને; પણ લૌકિક કાર્યમાં અલૌકિકતા અવશ્ય ભળેલી રખાય. ખાનપાન, પહેરવું, ઓઢવું, જડ પદાર્થો પર મમત્વ કરવું, માતપિતા બનવું આ બધું લૌકિક છે. જીવન જો અલૌકિક બનાવવાનું સમજતા હોઈએ તો આવાં લૌકિક કાર્ય કરીને કેમ જ બેસી રહીએ ? તો પછી અલૌકિક જે રીતે આવે એ માટે અલૌકિક કાર્યવાહી જોઈએ.

**લૌકિકમાં અલૌકિકતા ભેળવો : ખાવાની લૌકિક ક્રિયા કરતો કીડો, ને ખાવાની લૌકિકક્રિયા કરતો માનવ, બેમાં ફરક ક્યાં પડે ?** માનવની લૌકિક ક્રિયામાં ભક્ષ્યાભક્ષ્યનો વિવેક તથા વૈરાગ્યાદિની અલૌકિકતા ભળેલી હોય; ને તેનું ભોજન પણ અલૌકિક કાર્ય માટે અર્થાત્ ધર્મસાધના માટે હોય ! **સ્વાર્થ લૌકિક ને પરમાર્થ અલૌકિક !** કદાચ મોહવશ સ્વાર્થ સાધે તો પણ અલૌકિક દાનાદિના પરમાર્થ ભેળવીને. **ભોગ લૌકિક છે ને ત્યાગ અલૌકિક છે !** ભોગવે ખરો પણ ત્યાગરૂપી અલૌકિકતા ભેળવીને. ત્યારે કેટલાક લૌકિક તો બિલકુલ તજવાના જ હોય. **અનીતિ જુઠ લૌકિક, ને નીતિ-સત્ય અલૌકિક ! હિંસા લૌકિક ને દયા અલૌકિક !** તો આ લૌકિકને છોડી નીતિ, સત્ય, દયા વગેરે અલૌકિકને જ સાધવાના. **માનવ-જીવન અલૌકિક છે ! માટે માનવતા અલૌકિકતામાં રહેલી છે,** લૌકિક એટલે અજ્ઞાન લોક બહુ માને તે; અલૌકિક એટલે જ્ઞાનીએ ફરમાવેલી જીવજતના, પાપત્યાગ વગેરે વસ્તુ. **બાઈને ચુલો સળગાવવો પડે તે લૌકિક, પણ દયાથી ઉપર ઢાંકવાનું રાખે તે અલૌકિક.** અહીંયાં આ લૌકિકતા-અલૌકિકતાને સમજનારી બાઈ સમજે છે કે વધુ સળગાવવું એટલે ઓલવવામાં વધુ પાપ ! તો કરવું શું ? વધારે અગ્નિ સળગાવવો જ નહિ. અને થોડું પણ કરવું પડે છે એમાંય એ વિચારે છે કે, 'અગ્નિ, કાચું પાણી વગેરેને અડવું જ ન પડે તેવું ક્યારે પામું !' માણસ વિચાર કરે તો ખ્યાલ આવે કે 'મારું જીવન કેટલું પાપમય છે ! અલૌકિકતાને ભેળવું તો પણ કેટલી ? મામુલી !' છતાં પણ જો આવડે, તો અલૌકિકતા કામ ન કરે ? શું મણ લોટમાં પાંચશેર-દસશેર ઈલાયચી હોય તો જ કામ કરે ? ના રે ! પાંચ તોલા વાટીને નાખી એટલે મઘમઘાટ ! તેમ આ અલૌકિકતાને ભેળવતાં આવડે તો આખા લૌકિક કાર્યને મઘમઘાટ કરી નાંખે ! ઈચ્છાયોગનો ધર્મ કરવો છે ? તો આ બધું કરવું પડે. કોઈ પૂછે કે **ધર્મક્રિયા શા માટે કરો છો ?** કહેવાનું કે મારું **જીવન લૌકિકમાંથી અલૌકિક બનાવવા માટે.**

**એકલી લૌકિક પ્રવૃત્તિ ઝેરી, જંગલી અને પાપમય :** ભિખારીને શા માટે આપવું ? કેમકે એકલા ખાઈએ તો તે લૌકિક જીવન બને, અને એને આપવું તેથી



અલૌકિક જીવન બને ! એકલી લૌકિક પ્રવૃત્તિ એટલે ? ઝેરી, જંગલી ને પાપવાળી પ્રવૃત્તિ ! **ઝેરી એટલે** કુસંસ્કારોનું ઝેર બરાબર નાખી આપે તેવી. **જંગલી એટલે** આત્મરક્ષાના વિવેક વિનાની. **પાપમય એટલે** જીવ પર પાપ લાદનારી. એકલી લૌકિક પ્રવૃત્તિ એટલે આત્માની સ્મૃતિ વિનાની પ્રવૃત્તિ. શું કરે એ ? કુસંસ્કારોના ઝેર વધારે, જ્ઞાનીઓના વિવેકને ન લેવા દે, આત્માને કર્મથી ભારે કરી નાખે ! અમારું જીવન માત્ર લૌકિક પ્રવૃત્તિથી ઝેરી-જંગલી પાપમય નથી બનાવવું, એ માટે ધર્મ કરીએ છીએ.

**શીલનો ઉદ્દેશ :** હવે કહો ત્યારે શીલ પાળવું શા માટે ? ન પાળીએ તો મોટું પાપ લાગે, માત્ર તેટલા માટે નહિ ! કિન્તુ **શીલ એ અમારા જીવનની અલૌકિકતા છે, સુગંધી છે,** તેવું વિચારીને. અશીલ, મૈથુન એ લૌકિકતા છે, દુર્ગંધી છે. સુગંધીને કોઈ મહાન દિવસેય ન લાવીએ તો વસવાયા ને અમારામાં શો ફેર ? માટે પર્વતિથિના બ્રહ્મચર્ય. અમારું ચાલે તો અમારા જીવનના પ્રત્યેક દિવસે પવિત્ર રહીએ. મૈથુન, અબ્રહ્મ એ લૌકિકતા છે, અપવિત્રતા છે, બ્રહ્મચર્ય એ અલૌકિકતા-પવિત્રતા છે.

## • ધર્મ પ્રગતિ વાસના વિકારની શાંતિમાં •

**ઈચ્છા માટે ગુણોની મર્યાદાની પકડમાં પકડાવું પડશે :** જો ઈચ્છાયોગના ઘરની પ્રવૃત્તિ કરતા જઈશું પણ આવી ચોક્કસ ઈચ્છાઓના સ્વરૂપનો ઈચ્છાયોગ જો નહિ આવે, તો પૂર્વભવની જેમ આ ભવમાંય છતી ધર્મક્રિયાએ ડિંડવાડુ ચાલ્યા કરવાનું. ઈચ્છાયોગના ઘરની પ્રવૃત્તિ એવી શુદ્ધ ઈચ્છાએ બનવી જોઈએ કે, **"આત્માપરના વાસનાઓના અને વિકારોના બંધનમાંથી મુક્ત થવા માટે હું આ ધર્મ કરું છું !** એ કરતો જાઉં એટલે મારા લૌકિક જીવનમાં અલૌકિકતા આવશે !" સમજી જ રાખવું કે **જગતમાં દેખાતાં સઘળા જીવનોમાં માનવજીવન અલૌકિક છે. તો જીવનમાં અલૌકિકતા જોઈએ જ.** માટે જ અલૌકિક પ્રવૃત્તિ આદરવી જ અને એમાં રચ્યાપચ્યા રહેવું જોઈએ **લૌકિકજીવન એટલે પશુજીવન, છુટું, મર્યાદા રહિત, સ્વચ્છંદ જીવન, ઈચ્છાયોગનો ધર્મ સિદ્ધ કરવો હોય તેને જ્ઞાનીઓએ દર્શાવેલ ગુણોની અનેકવિધ મર્યાદાઓની પકડોમાં પકડાવું પડશે.** છૂટા નહિ ફરાય.

**અલૌકિકતા માટે વ્રત પચ્ચકખાણ-સંવેગવિરાગ :** કપરા સંયોગ ઓછા નહોતા મલ્યા સતી સુરસુંદરીને ! આપત્તિ આવી એટલે 'ઓ...બાપ' નહિ કરવાનું પણ 'નમો અરિહંતાણં'...કરવાનું એણે રાખ્યું હતું. એણે શ્વાસોશ્વાસ પ્રાણ નહિ, શીલ પ્રાણ માન્ય હતા. આને પરિણામે જીવનમાં અલૌકિકતા રાખી શકી અને અલૌકિક



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પ્રવૃત્તિ આદરી શકી. પૂર્વે એણે વધુ પડતા મોજ, વિલાસ નહોતા કર્યા તેથી અત્યારે એ સારું સહી શકે છે. બાકી **સંસારના વધુ પડતા વૈભવ, વિલાસો સેવવા એ આત્માનું કારમું મોત કરે છે.** એવું કદાચ અજ્ઞાનતામાં સેવાઈ ગયું હોય તો એમાંથી બહાર નીકળી, બચાવ શોધવો જોઈએ; જેથી લાગેલા પાપ ધોવાય, તે ઉપરાંત દઢ થયેલા કુસંસ્કાર મંદ પડી જાય. આ જીવનને અલૌકિકતા તરફ લઈ જાય છે. આના માટે **વ્રત પચ્ચક્ખાણ ભર્યું અને સંવેગ વિરાગ છલકતું જીવન બનાવી દેવું જોઈએ.**

**ઈચ્છાયોગનો દીર્ઘ અભ્યાસ જરૂરી :** કોઈપણ ધર્મની કાર્યવાહી સફળ ક્યારે બને ? જેની પ્રવૃત્તિ ઈચ્છાયોગાદિ ત્રણ યોગમાં આવતી હોય. તેમાં શાસ્ત્રયોગ, સામર્થ્ય યોગ ઊંચી ભૂમિકા માગે છે, જે આજે આપણામાં દેખાતી નથી. ઈચ્છાયોગમાં શું જોઈએ ? જે ધર્મકાર્ય ઉપાડ્યું, તે ધર્મકાર્ય કરવાની શુદ્ધ ઈચ્છા, એ પહેલું જરૂરી. અને તેને માટે જરૂરી આગમનું શ્રવણ અને તત્ત્વનું જ્ઞાન પણ સાથે જોઈએ. આ ત્રણ વાતો જેનામાં આવે, એની ધર્મપ્રવૃત્તિ ઈચ્છાયોગના ઘરમાં આવી શકે. સાથે કહ્યું કે **પ્રમાદેન વિકલઃ** અર્થાત્ જીવન પ્રમાદી હોવાથી તે ધર્મયોગ પણ **ખોડખાંપણવાળો** છે; પણ ઊચ્ચ કોટિની જે ધર્મ સાધના કરવી છે તે માટે જે શુદ્ધ અને નિરતિચાર યોગ જોઈએ છે, તે આ ઈચ્છાયોગના દીર્ઘ અભ્યાસથી જ બની શકશે. વિષયકષાયની પરાધીનતાવાળી પ્રમાદ દશા હોય એટલે અતિચાર કરી બેસે છે, છતાંય પ્રબલ ધર્મેચ્છાદિવાળા એવાય ઈચ્છાયોગને ધર્મયોગ કહેવામાં આવે છે. પણ એ ઈચ્છાયોગ માટે ત્રણ વાત ઉપર જે કહી, તે કરી બતાવવી જોઈએ. ધર્મની શુદ્ધ ઈચ્છા, શાસ્ત્ર શ્રવણ અને તત્ત્વબોધ. આ સાથેનો ધર્મપુરુષાર્થ તે ઈચ્છાયોગ

**ઉદ્દેશ નક્કી વિના ત્યાંના ત્યાં :** શુદ્ધધર્મ આરાધવાની ઈચ્છા એ પહેલી શરત છે. એટલે કોઈ પૂછે કે **વ્યાખ્યાન કેમ શ્રવણ કરો છો ? કેમ પ્રભુ-પૂજા કરવા જાઓ છો ?** તો કહેવાનું કે, **'મહાન પુણ્યે અમે શ્રાવક બન્યા છીએ એટલે એ બધું કરવું જ જોઈએ !'** એમ જ ધર્મક્રિયા ચલાવ્યે રાખનારા ઘણા હોય છે, પણ એ વર્ષોને પરિણામે ધર્મક્રિયાઓ કરવા છતાં ત્યાનાં ત્યાંજ ઊભા રહે છે !

## • 'ક્રિયાને પચાવતાં શીખો' •

**ખાધું પણ પચાવ્યું નહિ તો શું કામનું : વ્યાખ્યાન શા સારું** સાંભળો છો ? કહો 'સારું' મારે સાંભળવું છે !' કેમ સાંભળવું છે ? એટલા માટે કે 'આત્મામાંથી **અજ્ઞાન ટળે. અજ્ઞાનનો અંધકાર ફીટી સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થાય,**



**નવી ધર્મપ્રેરણા મલે, ધર્મમાં ઉલ્લાસ આવે, મોહ ઢીલો પડે ! રાગ ઘટે, ને ધર્મવીર્ય સ્ફુરે !'** માટે સાંભળવા જાઉ છું. દુનિયાની કાર્યવાહીમાં કેવું કેવું બોલો-વિચારો છો ? ત્યારે શું અહીં કંઈ મલે નહિ ? તો મહાન ધર્મ સાધી મહાન **ફળ લાવવાનું છે.** આ ફળના હિસાબે **ક્રિયા પચાવતાં આવડવું જોઈએ.** જેમ ખાવું કેમ તે આવડવું જોઈએ, તેમ વ્યાખ્યાનશ્રવણાદિ ધર્મક્રિયા કરતાં અને પચાવતાં આવડવી જોઈએ. **પચાવવું એટલે આત્માને આત્મગુણોને સુંદર પુષ્ટિકારક પરિણામ આણવાનો પુરુષાર્થ છે.** ચક્ષુ તો માખીને પણ છે. જોવાનું તો એ પણ કરે છે. પણ એને જોઈને પચાવતાં નથી આવડતું. જોયા પછી નુકસાનમાંથી પાછા હઠવાની ખબર નથી. કારણ કે બિચારી લૌકિક જીવનમાં પડેલી છે ! એટલે હોમાય છે કળકળતા દૂધમાં કે ઘી તેલમાં. ત્યારે અલૌકિકતાના હિસાબે માનવને જોતાં અને પચાવતાં બંને આવડે. લૌકિક ક્રિયા કરે તો પણ અલૌકિકની સાધના ત્યાં સાથે જ આવે. **સ્વયં પેટ ભરવું છે, ત્યાં દાન સાથે જ રાખે.** જેટલા રસ મલે તેટલા ભોગવે તેમ નહિ, એકાદ બે બાજુએ મૂકી દે, બેનો ત્યાગ કરે. **આ ત્યાગ અને દાન એ અલૌકિકતા.** મળેલું ખાવું છે તે પણ એવું ન ખાવું જોઈએ, કે શરીર પ્રકૃતિ બગડે, અને તેથી પછી મન પણ બગડે. કેમકે શાતામાં જેટલી સમાધિ ટકાવવી સહેલી છે, તેટલી અશાતામાં નહિ રહે. સશક્ત શરીરે ક્રોધને જેટલો કાબુમાં રાખી શકાશે, તેટલો અશક્ત શરીરે રાખવો મુશ્કેલ છે. એટલે જ ખાવામાં સાવધાન રહેવાની જરૂર છે. કેમકે જો એ શરીરને બગાડી માંદું અશક્ત કરે, તો ક્રોધને અવકાશ મલે. એ સાવધાની એ જ અલૌકિકતા. તો કહો, **ખાવાની લૌકિક ક્રિયામાં પણ દાન, ત્યાગ અને સાવધાનીની અલૌકિકતા આવી. ત્યારે અલૌકિક એવી ધર્મક્રિયાનું તો પૂછવું જ શું ?** હજી આગળ જુઓ. લોકમાં ખાઉધરામાં ખપીએ તેમ ન ખાવું જોઈએ. એક સારી ચીજ પેટ ભરીને ખાધા પછી પણ જો એની લગની ન છૂટે, તો પેટે તો વાત પતાવી દીધી, પણ મન બેઠું બેઠું ચકાવે ચઢ્યા કરે ! 'કોણ જાણે શું થયું આજે ! તે બરાબર ખાઈ શકાયું નહિ. નહિતર ટેસ તો અવ્વલ હતો.' ખરી રીતે વિવેક જોઈએ કે, **'ખાઉં ખરો, પણ તેને સર્વસ્વ માનીને નહિ ! ભોગવું ખરો પણ જીવનનું સર્વસ્વ માન્યા વિના !'** જેટલી ચીજો પુણ્યના યોગે મલે છે, તેનો લાભ જે લેવાનો, તે એને નોકર તરીકે રાખીને; શેઠ તરીકે રાખીને નહિ ! આ વિવેક છે, આનો લાભ એ કે તમારી પાસે એ કાળા કામ કરાવે નહિ, તમને સતાવે નહિ; કે માથે ચઢી બેસે નહિ. **વસ્તુનો ભોગવટો કરવામાં આત્મરક્ષણની થોડી પણ ઉસ્તાદગીરી કરતાં ન આવડે, તેનું તો સંસારમાં મોત જ થઈ જાય !** સમકિતી જીવ આત્મરક્ષણ કરવામાં આવો ઉસ્તાદ હોય ! એ સમજીને જ ચીજ વાપરે કે,



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

“ચીજ એટલે જીવનનું સર્વસ્વ નહિ, અને જે એક જીવનનું સર્વસ્વ ન થઈ શકે. તે સનાતન કાળના આત્માનું તો શું સર્વસ્વ થઈ શકે ? માટે એની પાછળ ઘેલા નહિ થવાનું, દુર્ધ્યાન નહિ કરવાનું. પછી એને પચાવતાં આવડે.

**પર્વતિથિ એ ખાવાનું પચાવ્યું :** મહર્ષિ કુરગડુ પર્વ તિથિના દિવસે પણ ઘડો ભરીને કૂર લઈ આવતા હતા. એમને એટલી બધી ભૂખ લાગતી, પણ શું ખાતા હતા ? કૂર ! કૂર એટલે શું જાણો છો ? ઘેબર જેવો ઘી નીતરતો આહાર નહિ, દુધથી રેબઝેબ નહિ, સુકાલુખા ભાત જેવું. ભૂખ્યા રહી શકાતું નહોતું એટલા માટે લાવતા હતા. એક વાર પર્વ દિવસે પણ લાવ્યા. બીજા સાધુઓ ઉપવાસી હતા. આ તો ભક્તિ માટે બીજાઓ પાસે ગયા અને કહે આમાંથી સ્વીકારી મને લાભ આપો.’ ત્યારે બીજા સાધુઓએ શું લાભ આપ્યો ? લેવાનો નહિ, આપવાનો ! પણ શું થુંક ! ‘આજેય ખાવાનું સૂઝે છે’ એમ કહી પાતરામાં થુંક્યા ! લ્યો, લાભ આપ્યો ! હજુની ઘડી સુધી આ મુનિ કેવા ગળિયા હતા ? સવારથી ઉઠે ત્યારથી ભૂખ લાગે ! પણ હવે ક્ષણ પછી આ મુનિ કેવા બળીઆ આત્મા થઈ ગયા, તે જુઓ. ખાતાં મુનિએ વિચાર્યું અહો હું કેવો પામર ! પણ આ તપસ્વીનું મુખામૃત મારી ભૂખ મિટાડશે ! તપ અને અનાહારીપણું આપશે ! અહો, ક્યારે હું પરની લતથી છુટું !...’ એમ ભાવનામાં ચઢી ક્ષપકશ્રેણીએ-વીતરાગ કેવળજ્ઞાની થયા ! દેવ ઉતર્યા, સોનાનું કમળ રચાયું, ને મુનિને તેના પર બિરાજમાન કરી કેવળજ્ઞાનનો ઉત્સવ કર્યો. ઘડી પહેલાંના નિર્બળ એ ઘડીમાં બળિયા બની ગયા ! શું આ ? પર્વતિથિએ પણ ખાવુ પડતું, તેને પચાવતાં આવડ્યું. મુનિના થુંકનેય પચાવ્યું !

**દિવસમાં ૨-૩ કલાક પણ જગતના વિચારથી બચી શકો ? :** આત્મા જે ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી જાય છે તે શાના યોગે ? શુદ્ધ વિચારધારાની બળવત્તાના યોગે. એમાં એ તાકાત છે કે ઘડી પહેલાં ઠેઠ નીચે રહેલાને એકદમ ઊંચે ચઢાવી દે ! મૂળમાં શુભ વિચારણાએ મન જીવને કહે છે કે **‘જગતની કોઈ ચીજ તારી નથી.’ બસ તેના પર પછી ભાવનાના ફુવારા છુટે છે,** એમાં આગળ વધતાં કેવળજ્ઞાનનીય શી વાર ?

**વિચારો કરવાના નહિ : એટલું તો નક્કી કરો કે ચોવીસેય કલાક જગતના વિચાર નહિ; બે ત્રણ કલાક તો માત્ર ધર્મના વિચાર.** ‘ના’ કહે છે. ‘નક્કી થાય એવું નથી !’ કેવી કંગાળ દશા ! ક્યાંથી હવે અપૂર્વ અલૌકિક જીવન આવે ? જીવન કેવું મલ્યું છે ? લૌકિક કે અલૌકિક ? સવારથી માંડી સાંજ સુધી થતી સેંકડો પ્રવૃત્તિમાં ખૂબ ખૂબ અલૌકિક મનની વૃત્તિ અને કાયિક પ્રવૃત્તિ ભેળવવી એ ભારે જરૂરી છે. આ ફરી ફરી યાદ કરાવી ભારપૂર્વક એટલા માટે કહેવાય છે કે હજી



જીવનમાં તેવી અલૌકિકતા નથી દેખાતી. અલૌકિક જીવનની જરૂર ગમે તેટલી હોય, એને જાણવાનું પણ બન્યું હોય; પણ તમને તો જાણે અત્યારે એમ જ લાગે છે ને કે એને જીવનમાં નભાવાય એમ નથી ? અને લૌકિકને છોડાય એમ નથી ! માટે જ અમારો આગ્રહ છે. અલૌકિક તરીકે **એનો સર્વત્યાગ તો કદાચ નહિ, પણ આજે થોડો પણ ત્યાગ નથી કર્યો તો ક્યાંથી આગળ ઉપર પણ સર્વત્યાગ કરવાના ?** જેને ત્યાગની ઈચ્છાય નથી, તેને પછી આગળ તો વધવાની વાત જ ક્યાં ?

**મોક્ષમાં તો યાવત્ શરીરનો પણ ત્યાગ છે,** તો શરીર સાથે જે અહંકાર છે, પાંચ ઈન્દ્રિયના વિષયસુખો છે, રોફ, પ્રપંચ, તૃષ્ણાઓ, આ આ બધું જે શરીર સાથે છે, તેનો ત્યાગ તો મોક્ષમાં હોય હોય જ ને તો કહે, **કેવો મોક્ષ જોઈએ છે ?** એ બધાના ત્યાગવાળો ? કે ત્યાગ વિનાનો ? એમ થાય છે ખરું કે મોક્ષ તો સર્વના ત્યાગવાળો છે, તો એના હિમાયતી મારે થોડો પણ ત્યાગ કરવો જ જોઈએ ? દિનપ્રતિદિન ત્યાગમાં આગળ વધવું જ જોઈએ ? એટલે મારા જીવનમાં વિરાગનો અભ્યાસ સતત જોઈએ જ. ત્યાગનો અભ્યાસ જોઈએ જ. એટલા માટે દાન જોઈએ; શીલ જોઈએ. તપ જોઈએ. જો દાન શીલ વગેરે નહિ તો પુણ્યાનુબંધી પુણ્ય ન બંધાય. મળતા ભોગોમાંથી ધર્મબુદ્ધિએ જ ત્યાગ કરતો જાય એટલે પરભવ સલામત મલે. ત્યાં દેવગુરુના સંયોગ મલે. એ સંયોગ મલે એટલે વિવેક આવે. એની સાથે ઉદારતા આવે. આ ત્યાગની વૃત્તિ અને પ્રવૃત્તિ જ્યારે ભોગની સાથે મલે, એટલે તો લૌકિકતામાં અલૌકિકતા મલી કહેવાય. મનુષ્યનું ખોળિયું ઘણાના હાથમાં નથી આવતું. અસંખ્ય દેવો, તિર્યંચો, નારકો સામે મનુષ્યની સંખ્યા બિલકુલ મામુલી છે.

**લૌકિક જીવનના સ્વરૂપ :** એટલે જ દેખાઈ આવે છે કે મનુષ્ય જીવનની કિંમત વધુ છે. એવા કિંમતી જીવનમાં ‘જેટલું મલે તેટલું ભોગવી લેવું, જેટલું ખાઈ પી શકાય એટલું ખાઈ-પી લેવું, જેટલું ભેગું કરાય એટલું ભેગું કરી લેવું, એ માટે પૂરતા કષાયો કરી લેવા, અને થાક્યા એટલે ઊંઘી જવું,’ એમ ? એ લૌકિક જીવન છે. ક્રોધ-માન-માયા, અને લોભમય જીવન પણ લૌકિક જીવન છે. ઋદ્ધિ, રસ, અને શાતાની આસક્તિ પણ લૌકિક જીવન છે. માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાશલ્ય, આ પણ લૌકિક જીવન છે. પુદ્‌ગલની જ આશંસા અને આસરવાસર, આ બધું ખતરનાક લૌકિક જીવન છે. જરાક ઠીકઠીક મલ્યું તેના પર મસ્તાન થવું, મન-વચન-કાયાથી અઢાર પાપસ્થાનકની પ્રવૃત્તિમાં ઉજમાળ રહેવું, પાપસ્થાનક એક પણ બાકી ન રાખવું, આ ભયંકર લૌકિક જીવન છે. **પતંગિયું દીવામાં ઝૂકીને**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**પોતાના જ જીવનનો નાશ કરે છે. પણ તે એક જ જીવનનો અને તમે ?** સંસારના ક્ષણિક ને દુન્યવી સુખોમાં ઝુકીને અનેક જીવનનો નાશ કરો છો. જંતુ પાસે તો અલૌકિક જીવનનો માર્ગ નથી, માટે તેમ થાય છે. પણ તમારી પાસે અલૌકિક જીવનની ભરપૂર સામગ્રી અને આવડત છે, તે મૂકી એકલા લૌકિકમાં જાઓ તે કેટલું ખેદ અને શરમજનક ? ગટરનો કીડો ગટરમાંજ રહેવા સર્જાયો તેને કોઈ ખીરનું કુંડુ ધરવા ન જાય. પરંતુ ભૂંડને તો કદાચ કોઈવાર કોઈ દયાળુ ખીરનું કુંડુય ધરે, તો પણ એ ગટરમાં જ મોં ઘાલવા જાય. એ ખીરને અડે નહિ ! તો કીડા કરતાંય એ કેવું મૂર્ખ ? **અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો અલૌકિક જીવનની સામગ્રી અને સમજના અભાવે બિચારા ગણાય. પણ સંજ્ઞી મનુષ્ય તો અલૌકિક જીવન ન ઘડે તો બેવકુફ ગણાય !** જીવો જીવનમાં ધર્મની સામગ્રી મેળવ્યા છતાં લૌકિકમાં જ ઘસડાય છે એટલે પરભવમાંય ધર્મને મોંઘો કરી નાખવાના ! કેમકે લૌકિકમાં ક્યાંથી સુસંસ્કાર કમાવાય ? લૌકિકની વધુ પડતી લતમાં બોધિ દુર્લભ થાય છે, એટલે ભવાંતરે ધર્મની સરાસર નાલાયકતા ! જૈન ધર્મનું મોં જોવા ન મળે ! આવું માનવ કરી શકે, કીડા નહિ. એ તો બિચારા પૂર્વનું પાપ ભોગવે ! ત્યારે ભૂલેલો માનવ આગામી અનેક ભવોમાં નરસું ભોગવવાનું તૈયાર કરી મૂકે છે !

**પૂર્વે અને આજ :** પૂર્વના કાળમાં લોકો **આપત્તિમાં પણ પરમાર્થ** કરવા તૈયાર હતા, આજે **સંપત્તિમાં પણ સ્વાર્થની જ** સાધના કરે છે ! કેમ આમ ? લૌકિક જીવન સુકૃતભર્યું નથી તેથી. ઉત્તમ આત્માઓને વિષયો મલે ઉત્તમ કોટિના, પણ ત્યાગ ઉત્તમ કેળવે, અને અધમ કોટિના આત્માઓને વિષયો મલે કુચા જેવા, પણ ત્યાગનું નામ નહિ ! **ઉત્તમ બનવું હોય તો ત્યાગની અલૌકિકતા ઉપર બનાય.** યુગલિકના કાળમાં જમીન જે હતી તે પણ સાકર જેવી ! આયુષ્ય કેટલાં મોટાં ! પહેલાં આરામાં અસંખ્ય વર્ષોનું, છતાં ખાવાની ક્રિયા ત્રણ દિવસે કરે ! ને ખાવાનું કેટલું ? ચણાના દાણા જેટલું ! શરીર કેવડું મોટું ? ત્રણ ગાઉનું ! વિષયો કેવા મળતા હતા ? ઊંચી કોટિના ! પણ લાલસા કેટલી ? નહિવત્ ! આજે આપણને વિષયો કેવા ? નહિવત્ ! ને લાલસા કેટલી ? ઊંચી કોટિની !! વિચારો ફરક. **પૂર્વે ઊંચા વિષયોમાં પણ નહિવત્ ભોગ ! અહીંયાં કુચા જેવા વિષયમાં ભોગવૃત્તિ એવી જોરદાર કે તમારી પાસે અમારે ત્યાગ કરાવવો હોય, તો નવ નેજે પાણી ઉતરે ?** એનું નામ લૌકિકમાં ગળાબૂડ ડૂમામણ છે.

અલૌકિક કોટિની ધર્મક્રિયાઓ શું એવી હોય કે હજારો વાર કરીએ છતાં આત્મામાં ઓજસ ન આવે ? આત્મા ગુણમાં પ્રગતિ કે વિકાસ ન સાધે ? આજે તો આપણે પ્રભુદર્શન કરતાં હોઈએ તે જાણે લૌકિક, અને કોઈ સ્નેહી સંબંધીના



દર્શન થાય તે જાણે અદ્ભુત ! સામાયિક એટલે કસ વિનાનું, અને વિકથા એટલે કસવાળી ! પ્રભુની ભક્તિ એટલે માલ વિનાની ને સિનેમા નાટક ખૂબ રસ સાથે ! આ એવું બનાવી દીધું છે, માટે જ કસવાળી આરાધના કે જોરદાર આરાધના થતી નથી. આરાધનાનો આનંદ વર્ષો સુધી ટકતો નથી. એ તો અલૌકિક કોટિનો ધર્મ બનાવીએ તો એ અજબ ગુણવિકાસ કરી આપે. ત્યારે કહો કે ઇચ્છાયોગની પ્રવૃત્તિ બનાવવા માટે જીવનમાં અલૌકિકતા ઝગમગાવવી જોઈશે. એનાથી ગુણો ખૂબ ખીલશે.

**મહાન સંપત્તિવાળાને આપણી આગળ ઝુકાવનાર જો કોઈ હોય તો આપણા આત્માના શીલ વગેરે ગુણો છે.** અલબત્ પુણ્યનો ઉદય પણ મહાન દુર્ગુણી આગળેય લોકોને ઝુકાવે છે ખરો, પણ તે પુણ્ય સહાય કરે ત્યાં સુધી. બાકી પુણ્ય જાય કે એ જ લોક ભારોભાર નિંદા કરે ! એટલે કોઈને **લોક ઝુકે છે કે નિંદે છે એના પર એના ગુણ અવગુણના ધોરણ ન બંધાય.** સાચા ગુણ પ્રત્યેના નમન અને પુણ્યશક્તિ પ્રત્યેના નમન જુદાં. ત્યારે એનાં આકર્ષણ પણ જુદા. ગુણ પ્રત્યેનો ઝુકાવ કે આકર્ષણ, પુણ્ય કે કોઈની સહાય નથી માગતું.

**ગુણ રક્ષામાં જ જીવનની વીરતા :** સતી સીતા અને બીજા મહાપુરુષોના દાખલા શિખવે છે કે, ભયંકર આપત્તિમાં પણ ગુણનું રક્ષણ, ધીરતા, વીરતા અને સ્થિરતા રાખીને કરવાનું. એ માનતા કે જો એ રીતે ગુણરક્ષાનો પરમાર્થ માર્ગ ખુલ્લો રાખ્યો, જો જુલ્મની ઝડી વરસતાં છતાં લૌકિક જીવનમાં અલૌકિકતા બરાબર ટકાવી રાખી, તો અમારે બીજી કોઈ ચિંતા નથી. 'માનવ એવા અમે ગુણરક્ષા માટે આ બધુ સહન કરીએ, તેમાં શું નવાઈ ? અવશ્ય સહન કરવું જોઈએ. નહિતર જૈન શાસન પામી અમે શી વિશેષતા કેળવી ?' સુરસુંદરીએ એમ જ શીલરક્ષા કરી. સ્ત્રીજાતિ, એને કેટલી વીરતા ? ત્યારે મરદનું ખોખું ધારણ કરી અંતરથી **કાયર અને નિઃસત્વ વૃત્તિમાં રમનાર તથા અંતરમાં પશુ સુધીના વાસના-વિકારોનું જ જીવન જીવનાર એ સાચા મરદ શાના ?** સુરસુંદરીને માનવના ખોખાવાળા બે માણસો મલ્યા. જો કે પતિ તો માત્ર એકજ છે. પણ રાજાની કઈ દૃષ્ટિ થઈ ? ને વિદ્યાધરની દૃષ્ટિ કઈ થઈ ? રાજાને પત્ની કરવી હતી, વિદ્યાધરે બેન ગણી.

**મનમાં જેવી જાતના વિકલ્પોનો અભ્યાસ હોય છે, પછી સંયોગ મલતાં તેવા પ્રકારનું આત્માનું વલણ બને છે. તેમ આત્મા જેવા જેવા વલણવાળો બને, તેવા તેવા વિકલ્પોમાં રમતો રહે છે.** આમાં પૂર્વના સંસ્કાર પણ કામ કરે છે. રસ્તે ભિખારી ઊભો છે, એને જોતાં આપણને દયા આવી. કેમ આવી ? ભીખારીએ દયા નથી કરાવી, દયાના સંસ્કારે દયા કરાવી. દયાના સંસ્કાર દયાના વિચારોના અભ્યાસે



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પડાવેલ. આત્માનું વલણ પણ દયામય હોવાથી અવસરે દયા ઉભરાઈ આવે છે. એથી ઊલટું જો દયાના સંસ્કાર નહિ અને બજારમાં ચાલ્યો જતો હોય અને ૫-૧૫ ભીખ માગતા માનવીને જુઓ તો તગડી મૂકે ! 'આ લોકોને મહેનત કરવી નહિ અને મફતનું ખાવું છે' આવું વિચારનારા પણ હોય, પણ **આપણે જો દયાના સ્થાનમાં નિર્દયતાનો વિચાર કરવા ટેવાયા તો આપણને દયાના સાચા સ્થાન પ્રત્યે પણ નિષ્ઠુરતા આવે.**

**શાસ્ત્રયોગ :** કાઉસ્સગ્ગમાં શરીરના હલનચલનનો ત્યાગ, અને આત્માનું એક ધ્યાન હોય; છતાં ત્યાં શાસ્ત્રયોગ ક્યારે ગણાય ? **શાસ્ત્રયોગના સ્વરૂપ [1]યથાશક્તિ અપ્રમાદ, [2]વચન અનુસારે અવિધિનો ત્યાગ, [3]પૂર્ણ શ્રદ્ધા અને [4]તીવ્ર બોધ જોઈએ. તપાસો એ ત્યાં છે ?**

**પ્ર.**- કોઈ પૂછે કે ભલે ચૈત્યવંદન પ્રતિક્રમણ આખામાં આ શાસ્ત્રયોગ નથી રહેતો; પણ કોઈ અંશમાં ખરો કે નહિ ? પ્રતિક્રમણ બરાબર સંધ્યા કાળે કરે, એમાં સૂર્ય ડૂબુ-ડૂબુ થાય ત્યારે પ્રતિક્રમણ સૂત્ર આવે, વાંદણાના બરાબર પચીસ આવશ્યક અને સત્તર સંડાસા સચવાય. શ્રદ્ધાપૂર્ણ હોય, મનનો ઉપયોગ તીવ્ર હોય, કાઉસ્સગ્ગમાં ઓગણીસેય દોષ ટાળી, મન વચન કાયા બરાબર સંયમિત કરે, તે બધું કદાચ ન થવા મળે એટલે શાસ્ત્રયોગ આખી ક્રિયા માટે નહિ, પણ તેમાંની કોઈ એક ક્રિયામાં બને કે નહિ ? દા.ત. 'શક્રસ્તવ' આટલું જ બોલવાનું કે 'નમોર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વ સાધુભ્યઃ' આટલું જ બોલવાનું. આમાં પણ બરાબર વિધિપૂર્વક બોલવા છતાં શાસ્ત્રયોગ કેમ નહિ ? ભલે અખંડ ક્રિયા નહિ પણ કોઈ અંશ તો શાસ્ત્રયોગમાં આવે કે નહિ ? કાઉસ્સગ્ગ પારતાં 'નમો અરિહંતાણં' કહ્યું, એટલી જ ક્રિયામાં શાસ્ત્રયોગ કેમ નહિ ? જો એ શાસ્ત્રયોગ બને તો ગ્રંથકર્તા કેમ પોતાને ઈચ્છાયોગના જ સાધક ગણાવે છે ?

ઉ.- આનો ઉત્તર એ છે કે પહેલું તો જ્ઞાની છતાં જે આત્મા પ્રમાદી છે, તેનો ધર્મયોગ, તે ઈચ્છાયોગ. એક મુખ્ય ક્રિયા આદરી તેના મોટા ભાગમાં શું ? એમાં વધુ પ્રમાદ છે કે અપ્રમાદ ? વિધિ કે અવિધિ ? ખોડખાંપણ વધુ કે અખંડતા વધુ ? તે જોવા જાઓ તો દેખાશે કે અવિધિ, પ્રમાદ, ને ખોડખાંપણ વધારે છે, માટે તે શાસ્ત્રયોગ નહિ. વિધિમાં યોગ્ય કાળે જ ક્રિયા જોઈએ, એના વિહિત આસન મુદ્રાદિ બરાબર સાચવીને સંશયાદિ આઠે પ્રમાદ તજવા જોઈએ; તાત્પર્ય કે પ્રમાદના ત્યાગ માટે આત્મા સાવધાન જોઈએ. એક નવકારવાળીના ૧૦૮ પારા ફેરવવામાં સમય તો જવાનો જ છે. હવે જો પારા જલદી ઉથલાવી જવા જેવું કરો તોય પ્રમાદ, અને ધીરે ચલાવતાં બીજું ત્રીજું વિચારો તો પણ પ્રમાદ ! પણ જો



હાથમાં લીધેલા જાપ પર જ જો ઉપયોગ, એના શબ્દ અને અર્થનો જ ખ્યાલ, તો એ પ્રમાદથી બચ્યા. એમાં સાથે તીવ્ર ઉપયોગ; અને શ્રદ્ધાબળ રાખી આસન-મુદ્રા વગેરે બરાબર શાસ્ત્રાજ્ઞા મુજબ સાચવીને શુદ્ધ ગણો તો તે શાસ્ત્રયોગ બને.

**નાની શી ક્રિયામાં મહાન લાભ :** જાવંતિ ચેઈઆઈ, જાવંત કેવિસાહુ, જયવીયરાય આ ત્રણ સૂત્રમાં મુક્તાશુક્તિ મુદ્રા છે; એટલે કે અંજલિ અણવિકસ્યા કમલના ડોડા જેવી રાખવાની. અહીં જો ઉપયોગ બરાબર હોય તો જુઓ કેવો લાભ મળે છે. 'જાવંતિ ચેઈઆઈમાં અધો-મધ્ય ને ઉર્ધ્વલોક અર્થાત્ ઠેઠ ઉપરથી નીચે સુધી બધા ક્ષેત્રમાં જેટલા ચૈત્ય હોય તે સર્વેને હું અહીં રહેલો વાંદુ છું' ત્રણેય લોકના ચૈત્યો તરફ આંતર દૃષ્ટિની બરાબર એકાગ્રતા હોય તો આ વંદનનો અનુપમ લાભ મળે. લોકના સમગ્ર ચૈત્યોને વાંદવાનો લાભ કેટલો બધો ! જાવંત કેવિસાહુમાં ભરત-મહાવિદેહ વગેરે અઢી દ્વીપમાં રહેલા મુનિ, જે ત્રિવિધે મન-વચન કાયાના દંડથી વિરામ પામેલા છે, તેમને વંદન કરાય છે. જુઓ ઘેર બેઠા કેવા વિપુલ લાભ મળે એવા સૂત્ર અને ક્રિયા આપણને મળ્યા છે ! એ બધી ક્રિયા અને સૂત્રોચ્ચારણ ખૂબ જ ધગશથી કરો. પણ જો પ્રમાદમિશ્રિત હોય તો ઈચ્છાયોગ ગણાય, શાસ્ત્રયોગ નહિ. આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જેવા પણ શાસ્ત્રયોગનો દાવો નથી કરતા, એ સામાન્ય જેવી ગણાતી નમસ્કાર ક્રિયા પણ ઈચ્છાયોગે કરે છે. એનો અર્થ એ કે એમને એ ક્રિયાથી સંતોષ નથી વળી જતો કે 'બધું બરાબર થયું કે પૂરું થઈ ગયું.' તો તમે મોટી ક્રિયા જે ચૈત્યવંદન, પ્રતિક્રમણ વગેરે કરો છો તેમાં કેમ સંતોષ માનો છો કે 'બરાબર થયું ?' ઈચ્છાયોગમાં અનુષ્ઠાન ચાલુ છે. તેનું જે તત્ત્વ છે તે ઈણ આગમ સાંભળીને જાણ્યું છે, છતાં પ્રમાદના કારણે વિકલ-અપૂર્ણ યોગ કહી દીધો, ત્યાં બરાબર કે પૂર્ણ હોવાનો સંતોષ કેમ રખાય ? એ રખાય છે તે 'ક્યાં ઊભા છીએ ? ક્યાં જવું છે ?' એનો ખ્યાલ નથી માટે. ધર્મના નામે કેવું ઘસડી રહ્યા છીએ, અને ખરેખર કેવું આરાધવાની જરૂર છે, તેનો વિચાર નથી એટલે. આંખો મીંચીને જ ચલાવે જઈએ પછી સરવાળે શું મળવાનું ? આત્માની પ્રગતિ નહિ ! ભવિષ્યમાં નક્કર જવાબ પણ નહિ ! તેથી જ,

**જાતને માટે હંમેશા 'હું ક્યાં ઊભો છું,' એ ખ્યાલ રાખો.** વિચારો કે કેવળજ્ઞાનીની અપેક્ષાએ **જ્ઞાનમાં** ક્યાં ? **વૈરાગ્યમાં** શાલિભદ્રની અપેક્ષાએ ક્યાં ? **શ્રદ્ધામાં** સુલસાની દૃષ્ટિએ ક્યાં ? ને **નિર્વિકાર દશામાં** અનુત્તરવાસી દેવની દૃષ્ટિએ ક્યાં ? **તપની દૃષ્ટિએ** નંદનઋષી કે ધન્ના અણગારની સામે કેટલે ? મહા ક્ષમાસાગર મહાવીર ભગવાનની અપેક્ષાએ **ક્ષમામાં ક્યાં ?** ક્ષમા ન બને તો **સેવામાં કેટલે ?** શાસનના પૂર્વ મહાપુરુષોને સાંભળ્યા છે ને ? તો માપો. વ્યવહારમાં બધી ખબર



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

રહે છે કે પોતે લક્ષ્મીમાં કેટલો ? સત્તામાં ક્યાં ? પરિવારમાં કેટલો ? તબીયતમાં ક્યાં ? અહીં જ ખબર નથી. ક્યાં ઊભો છું. એનો ખ્યાલ ચોક્કસ હોય તો માણસને પોતાને યોગ્ય અને શક્ય લાગતા કર્તવ્ય બજાવ્યા વિના રહે નહિ. તેથી અહીંયાં જાણે બધાં કર્તવ્ય સમાપ્ત થઈ ગયાં ! અથવા જાણે કંઈ કર્તવ્ય જ નથી એમ ને ? એક બે ત્રણ સામાયિક કર્યાં, પણ શું પછીય મનને કહ્યું કે સામાયિકના સૂત્રના અર્થ તો જાણ ? કહો, ક્યારે સૂત્રનો અર્થ જાણી અંતરમાં ભાવિત કરે ત્યારે 'ઇરિયાવહિયાં શું ? કરેમિભંતેની પ્રતિજ્ઞા શું ? એ ન સમજાય તો શા ભાવ પ્રગટે ?

**સવ્વસ્સવિ...નો ભાવ :** કહો જો 'સવ્વસ્સવિ દેવસિઅ...' સૂત્રથી શું કરવાનું છે ? જાણો છો ? ગુરુ પાસે સઘળા દૈવસિક મન-વચન-કાયાના પાપનું પ્રાયશ્ચિત્ત માગવાનું છે. 'હે ભગવંત ! દિવસ કે રાત્રિ સંબંધી મેં સર્વ પ્રકારનું જે મનથી ખોટું વિચારેલ, વચનથી ખોટું બોલેલ અને કાયાથી ખરાબ આચરેલ, તેના માટે હે ભગવંત ! શું હું પ્રાયશ્ચિત્ત કરું ?' આમ શિષ્ય પૂછે છે, ત્યાં ગુરુ તત્કાળ પૂરતું **પ્રતિક્રમણ** નામનું એક પ્રાયશ્ચિત્ત કરવા કહે છે, **પડિક્કમેહ** તું પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કરે.' અર્થાત્ હૃદયથી 'તું મિચ્છામિદુક્કડં' કહે. પછી શિષ્ય 'મિચ્છામિદુક્કડં' કહે છે. અહીં જો આ વસ્તુ ખબર હોય તો આ સૂત્ર અને આ ક્રિયામાં કેવા ઊંચા ભાવ આવે ! હૈયામાં પશ્ચાત્તાપનો કેવો દાવાનળ સળગે !

**મૂર્ખ જીવ અનાદિની કર્મની હોળી જોતો નથી ! :** આ બધું ક્યારે બને ? કર્મની ભયંકરતા સમજાય અને એટલું જ નહિ પણ એના તરફ સતત નજર રહે. પણ અફસોસી એ છે કે **અનાદિકાળથી હોળી ચાલી આવી છતાં મૂર્ખ આત્માએ તે તરફ દૃષ્ટિ સરખી નથી કરી !** નહિતર આ દશા ના હોય. કોઈ આત્માઓએ એ હોળી તરફ નજર નાખી તમારા જેવા સંસારમાંથી કર્મને ડામી પોતાના આત્માને ઉદ્ધર્યા છે. આત્મા સંસારમાં છે માટે કર્મ લાગે જ તેવું નથી. તમે કર્મને દ્વાર ઉઘાડા કરી આપો તો કર્મ અંદર પેસી જાય.

**કર્મ દરેકના જુદાં :** ધરતી પર ધર્મી અને પાપી બંને રહે છે. કસાઇ અને દયાળુ બંને જીવ છે. ધર્મી ને કે દયાળુને રહેવા નથી મલતું કે જીવવાં નથી મલતું એવું નથી. જગતમાં વિવેકથી જીવે એને કર્મ ઓછા લાગે. કર્મના પુદ્ગલના ભંડાર છે એ જો એમ જ ચોટ્યે જ રહે, તો તો ધર્મી અને પાપી બંનેને સરખી રીતે ચોટ્યા જ કરે. પણ એવું નથી. બંનેને પાપ પુણ્ય સરખું નથી ચોટતું. તફાવત આંખે ન દેખાય પણ એ વસ્તુ ફલથી દેખીએ છીએ. એક ઘરમાં દસ માણસ હોય છે. દરેકના ભોગફળ જુદા દેખાય છે. કોઈ બિમાર, કોઈ નિરોગી, કોઈ બુદ્ધિમાન,



કોઈ મૂર્ખ, કોઈ બળવાન, કોઈ નિર્બળ, **એમ સૌના દેહ-બુદ્ધિ-બળ-સુખદુઃખ જુદાં શાથી ? સૌના કર્મ જુદા છે માટે.** કર્મ પુદ્ગલ આત્માને દેખે કે ચોટી જ પડે તેવું નથી. અમુક પ્રકારનું આત્માનું વલણ કરો તે મુજબ અમુક પ્રકારનાં કર્મ ચોટે **આત્માની મનોવૃત્તિ પર જ કર્મનો આધાર.** આત્માને મિથ્યા દૃષ્ટિમાંથી સમ્યગ્દૃષ્ટિ બનાવો, પછી જગતના પ્રસંગમાં પોતાના આત્માનું વલણ કેવું રહેવાનું ?

**સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ કેવી ?** "હું સંસારમાં રઝળવાવાળો નહિ, હું મોક્ષમાં મહાલવાવાળો છું. એ સ્વરૂપ પ્રગટ કરવા માટે તો આ જન્મ મલ્યો છે. તેથી આ જીવન લૌકિક નહિ, અલૌકિક જીવવાનું. હું કર્મનો **એવો ગુલામ નહિ કે એના પ્રભાવમાં અંજાઈ, ઘમંડી કે દીનદુઃખી બનું.** મોહની લાગણીઓ હાલતા ચાલતા મને ફસાવી ન જાય. હું અનંતબળી, એ બળ ઢંકાયેલું ભલે હોય, પણ હું વીતરાગનો અનુયાયી, નિર્ગ્રંથ ગુરુને માનનાર, જગતના ઊંચા સુખને પણ દુઃખ લેખનાર' આવી માન્યતા ઘડી, પછી તો ગમે તે પ્રસંગે સમાધિનું વલણ સહેજે રહે. તેથી કર્મબંધ બહુ જ ઓછા થાય. **એમ કરતાં સમ્યક્ત્વથી આગળ વધી ક્રમશઃ વિરતિ વીતરાગતા-અયોગમાં ચઢે, તો કર્મના લેપ તદ્દન અટકે. પછી તરત મોક્ષ,**

**આરાધનાનું માપક યંત્ર :** કેવળજ્ઞાન સામર્થ્યયોગથી મલે એ સામર્થ્યયોગની વાત દૂર રહી. પણ એની નીચેનો શાસ્ત્રયોગ તે પણ હરિભદ્રસૂરિ મહારાજ જેવાને દૂર દેખાય છે ! જો એ હજી શક્ય બન્યો નથી લાગતો, એટલે મુક્તિ તો એમને કેટલીય દૂર લાગતી હશે. ત્યારે આપણી વાત વિચારો કે જ્યાં આપણામાં સુંદર ઇચ્છાયોગનાં પણ ઠેકાણાં નહિ ત્યારે આ ભવ તો નહિ પણ આવતા ભવમાંય તુરત મુક્તિ જ થશે, એમ કેમ મનાય ? **જૈનશાસનમાં આરાધનાનું માપ ઘસેડપટ્ટીની ક્રિયા પર નથી, તેમ કોરી વિદ્વત્તા કે જ્ઞાન પર નથી, પણ હૃદયની પરિણતિ કેવી છે તેના પર છે.** પછી એ પરિણતિ શિષ્યની વધી જાય, તો ગુરુ અધિક જ્ઞાની છતાં ઊભા રહી જાય, ને શિષ્ય કેવળજ્ઞાન પામી સંસારમાંથી વહેલો છૂટે. એ વાત આપણને આશ્વાસન આપે છે કે 'મારામાં મહાપુરુષ જેટલું જ્ઞાન નથી, છતાં તેમણે ઉપદેશેલી પરિણતિ તો જરૂર લાવી શકું.' **આંતર પરિણતિ જેટલી કુણી સતેજ અને જ્ઞાનીના માર્ગ તરફ ઝુકેલી રહેશે, તેમજ માત્ર તત્ત્વોનો પક્ષપાત કરનારી બનશે, એટલા પ્રમાણમાં પ્રગતિ સધાશે.**

**ઇચ્છાયોગ શું બહુ માંગે છે ?** એ આસન, કાળ, મુદ્રા, વિધિ બરાબર જોઈશે જ એવું નથી કહેતા. હા એનું લક્ષ્ય રાખવાનું, પરંતુ 'આની ક્રિયામાં તો અવિધિ છે, પ્રમાદ છે, માટે આ ઇચ્છાયોગમાં નહિ,'-એમ નથી કહેતો. કાઉસ્સગ્ગમાં એક ઝોકું ? જાઓ રવડી મરો ? એમ નથી કહેતો. વિકલતાને અર્થાત્ ખોડ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ખાંડપણને શાસ્ત્ર બચાવમાં લે છે. શાસ્ત્રની આવી દયા ! તો શાસ્ત્રે શું માગ્યું ! જે કરો તે શુદ્ધ ઈચ્છાથી કરજો, પરાણે કે સોદારૂપે નહિ કરતા. તે ગુરુ પાસે શ્રવણ કરી, શ્રદ્ધા કરી કરજો, આપમતિએ નહિ કરતા. તે સમજીને કરજો પણ મૂઢની જેમ નહિ કરતા. આમાં શાસ્ત્ર શું બહુ માંગે છે ?

**ધર્મ શ્રવણની રીત :** શ્રવણ કરવા તો આવો જ છો, હવે સમજ કરજો. શ્રવણ કરતાં ચિત્ત ચંચળ ન બનાવતા કે જેથી શ્રવણ કરો તે બરાબર સમજાય, જે સાંભળો તે કદાચ વિસ્તારથી નહિ સહી, તો છેવટે સારરૂપે પણ લઈ જજો. ત્રણ હજાર શબ્દોમાંથી ત્રણસો, ત્રણસો નહિ તો સો, પચાસ, પણ લઈ જશો ને ? અહીંથી ઉઠીને બહાર ગયા ને કોઈએ પૂછ્યું, શું સાંભળ્યું આજે ? કહેશો 'ભૂલી ગયો,' એમ ? કેમ ભૂલ્યા ? જરૂરી નહોતું ? 'હતું પણ સ્મરણશક્તિ બરાબર નહિ,' તો ડાયરી રાખી નોંધી લેવું હતું. આજના પોતાને હોશિયાર માનનારા માણસો તો વાતવાતમાં ડાયરી કાઢે છે ! 'ક્યારે કઈ એપોઈન્ટમેન્ટ છે ? કયું કયું કામ છે ?' બધું ડાયરીમાં નોંધેલું જુએ. તેની જરૂર ને ફુરસદ પણ ખરી; તો આખા વ્યાખ્યાનમાંથી પાંચ પોઈન્ટ નોંધાય નહિ ? તે દિવસમાં પાંચ વાર ન જોવાય ? એવી રોજની પાંચ વાત યાદ રાખતાં મહિને ?

**ક્રિયા માટે ઈચ્છાનું સ્વરૂપ :** વ્યાખ્યાન સાંભળો છો ? હા સાંભળવું જ જોઈએ. વ્યાખ્યાન કેમ સાંભળો છો ? આત્માને સત્સાધનમાં જોડ્યો રાખવા. તે વગર ન ચાલે ! નવકારવાલી કેમ ગણો છો ? ગણવી જ જોઈએ. જેમ પાણી કેમ પીઓ છો ? કહો છો તરસ લાગી છે માટે. ખાવું શા માટે ? ભૂખ લાગી છે માટે. તેમ આ **ધર્મક્રિયા શા માટે કરવાની ? આત્મકલ્યાણની ભૂખ અને તૃષા છે માટે. એ ભૂખ ન હોય તો જગાડવાની, તો જ ઈચ્છાયોગની પ્રવૃત્તિમાં અવાય.** ઈચ્છા આવી કરવાની કે 'જડહિતની દુનિયાની જપમાળા ગણતાં ગણતાં થાકી ગયો, હવે આત્મહિતની ભૂખ લાગી છે, લાવ નવકારવાળી. દુનિયાની ધાંધલ સંભાળતા સંભાળતા હું વેઠિયો મજુર થઈ ગયો, હવે તો મને ધર્મની રુચિ થઈ છે, તો લાવ ધર્મનું પુસ્તક સંભાળું. સામાયિક કરું.' સાચી ભૂખથી થતી ક્રિયા તે ઈચ્છાયોગ. કાઉસ્સગ્ગ પારતાં 'નમો અરિહંતાણં' બોલવામાં અરિહંતને નમસ્કારનો ખ્યાલ હોય ને બોલો, તો ઈચ્છાયોગમાં. બાકી રાબેતા મુજબ સમૂર્છિમની જેમ બોલી જાઓ તો ઈચ્છાયોગમાં નહિ.





## (૨૫) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

### • "ચિત્તના ઉપયોગનું મહત્ત્વ" •

**(૧) મનમાં ફજુલ વાતોના કચરા અને (૨) ઉપયોગ શૂન્યતાથી ધર્મક્રિયા એળે ! :** સંસારમાં ઘણી ક્રિયા સ્વભાવિક થાય છે, છતાં ઉપયોગ રહે છે. ખાવાનું હજારો દિવસ હજારો ટંક સહેજે થતું છતાં કોળિયો મોંને બદલે નાકમાં નથી પેસતો ! મોંમાં નાખતાં માખી દેખાય તો તરત ઓકી નખાય છે; પછી ભલે મગજમાં કોઈપણ વિચાર ચાલતા હોય. તેમ ધર્મક્રિયા કરતાં જાગ્રત લક્ષ જોઈએ. 'નવકાર' બોલો છો 'નમો અરિહંતાણં' બોલો છો, તો તેમાં ધ્યાન રાખો. આત્મકલ્યાણ અર્થે નવકાર ગણવાની ઈચ્છા સાચી હશે તો ખ્યાલ જાગતો રહેશે. ધર્મસાધનાની આવી ઉત્તમ વસ્તુ તે મનના ઉપયોગ વિના સિદ્ધ નહિ થાય. **વાસ્તવિક રીતે ધર્મક્રિયાનો અધિકારી કોણ ? જે એમાં મનનો ઉપયોગ રાખે તે ઉપયોગ વગરની ક્રિયા અધિકારની નહિ પણ ઘરેડની ગણાય. ઉપયોગ વિનાની ક્રિયા સફળ નહિ પણ નિષ્ફળ જાય.** હજારો દિવસના અભ્યાસ છતાં ચિત્તની ચંચળતા કેમ મટતી નથી ? ધર્મ સાથે આત્મા કેમ એકાકાર નહિ ? તેના સંસ્કાર કેમ ગાઢ નથી પડતા ? કહો, ઉપયોગ શૂન્ય હલકાર્યે રાખ્યું માટે. આ ઉપયોગ શૂન્યતાનું શું કારણ ? કહો કે **દુનિયાની મામુલી વાતોએ આપણા મનનો જે કબજો મેળવ્યો છે એવો આ ધર્મક્રિયાઓએ નથી મેળવ્યો.** એથી જ છતી ધર્મક્રિયાએ ઈચ્છાયોગની ખામી ! શું નથી સમજાતું કે આત્માની આ મહા અજ્ઞાન અને કંગાલ દશા છે ? **શું સામાયિકમાં એ તાકાત નથી કે એ દુનિયાની વાતને ભુલાવી દે ?** ત્યારે શું જગતની એક એક વાતમાં એવી તાકાત છે કે સામાયિક પૌષધમાંય એ મનને પકડે ? અથવા તદ્દન સામાયિક પૌષધ મુકાવે અને ચારિત્રને તો અવસરેય સ્મરણમાંય ન આવવા દે ? માટે જગતની બહુ વાતોના કચરા તમારા પવિત્ર હૃદયગૃહમાં ન ભરો તો ધર્મ સ્ફુરશે અને ટકશે.

**અંતરમાં ભાવ ન હોય છતાં ભાવ જગાડવા ક્રિયા કરો :** કુટેવથી એ વિચારો એકદમ નથી છુટતા, તેથી જ ધર્મક્રિયામાં સાચો રંગ અને એકાકારતા નથી આવતી; છતાં **ધર્મ સાધવામાં પવિત્ર ભાવ જગાડવાનું લક્ષ ચોક્કસ કરવું અને સાચવવું જોઈએ.** દા.ત. પ્રભુદર્શનની ક્રિયામાં પ્રભુ આગળ એમ પ્રાર્થાય કે 'સંસારમાં અમે તપી ગયા હતા, સળગી ગયા હતા; હવે હે ભગવાન ! તારી પાસે ઠરશું.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

અહો ! કેવી અદ્‌ભુત તારી કરણી ! કેવા અનુપમ તારા ગુણ ! કેવું આદર્શ તારું જીવન !' આ ચિંતન દ્વારા હૃદયને ભાવભીનું કરવાનું. ક્રિયાનો જે ભાવ જોઈએ, તેનું લક્ષ્ય કરવાનું, તેની કામના કરવાની. **ઉપવાસની ક્રિયામાં ભાવ શાનો જોઈએ ? આહાર સંજ્ઞાના કાપનો. દાનમાં ? પરિગ્રહ સંજ્ઞાના કાપનો. શિયળમાં ? વિષય સંજ્ઞાના કાપનો.** શીલ લીધું છતાં વિષય સંજ્ઞા મુંઝવે તો પણ જો પ્રયત્ન તે સંજ્ઞા કાપવા માટેના હોય, તો એવાને હજુ શાસન નભાવે તેમ, ધીમે ધીમે સંજ્ઞા કપાતી આવે. એવી રીતે પાપ વિચાર ચાલુવાળું સામાયિક પણ જો પાપ વિચારને તોડવાની ધગશથી કરો, તો લેખે છે. એ ધગશથી લાંબા અભ્યાસે જ પાપ વિચાર અટકાવવાના. ધર્મક્રિયા સેવતાં ગુણસ્થાનકના ભાવની જે ભીનાશ જોઈશે. તે કદાચ ન આવે, પણ કરતાં કરતાં હૃદય ભીનું બનાવવાનું લક્ષ તો રાખવું જ. તેથી ગુણસ્થાનકોની સાચી સ્પર્શના થાય.

**ભાવ જાગવાના અવસરે ક્રિયા છોડી ન દો :** મંદિરે પગ મુક્યો, ત્યાં પ્રભુને જોતાંજ ઝણઝણાટી થવી જોઈએ. મૂર્તિ દેખતાં હૃદયમાંથી જાણે ભક્તિરસના પાણીનો પ્રવાહ આંખ દ્વારા છૂટે ! સ્તુતિમાં હૈયું નાચે ! તેવું કરવાની ઈચ્છા જોઈએ, આ ભાવ જોઈએ એટલે ઈચ્છાયોગ વિકસે. ચૈત્યવંદન કરે, એક સ્તવન બોલે ત્યાં જો હૃદય ભીનું ન થયું, તો મનને કહે 'ચાલ, બીજું બોલું.' એમાં વળી કોઈ કડી આવશે, ત્યાં મન બેસશે, તો દીલ ભીનું થશે. નવકારવાળી એક ગણી પણ ચિત્ત ચોંટ્યું નહિ, તો બીજી નવકારવાળી ગણવાની. અથવા નવકારવાળી પૂરી થતાં પહેલાં કેટલીક અસ્થિરતામાં ગઈ, હવે છેલ્લા પારા આવ્યા ત્યાં ખ્યાલ આવ્યો. તો એમ થાય કે 'ઘણું રખડી આવ્યો હવે તો સ્થિર થા. ચાલ હવે બાકીની બરાબર ભાવપૂર્વક ગણ.' એમ મનનો ખ્યાલ કરો, એટલે છેલ્લા પારામાં ભાવ જાગ્રત રહેશે. **ક્રિયા કરતાં કરતાં ભાવ આવે ખરા, પણ ભાવ લાવવા માટે ક્રિયા કરો તો આવે.** તેથી જ સમજો કે એક નવકારવાળી ગણી, અને અંતે ભાવ જાગવાનો અવસર આવ્યો, તો ઠેર બીજી આખી નવકારવાળી ગણવી જોઈએ. **આ તો એક સ્તવન કે નવકારવાળીમાં ભાવ જાગવાની હજી તૈયારી થઈ, ત્યાં સમાપ્તિ કરી દે છે ! પછી ભાવમાં ઝીલવાનો અવસર કયો ?** એટલે જો હવે બીજું સ્તવન કે બીજી માળા શરૂ કરે તો તેમાં ભાવમાં ઝીલવાનું થાય; ચિત્તની સ્થિરતા થાય; શુભ ઉપયોગ વધે; સાવચેતી વધે; આત્માનંદ વધે ! પ્રભુ આગળ બે મિનિટ ઊભા રહી આંખથી પ્રભુને દેખતા હતા. ત્યાં પણ આંખ જરા મીંચી અવધારણ કરવાનું કે 'પ્રભુ બરાબર દેખાય છે કે કેમ ?' એમ પ્રભુનું દર્શન કરી ખસવાના પ્રસંગે ખ્યાલ



આવ્યો, કે હવે હૃદયથી મેળાપ થાય એમ લાગે છે, તો પછી કહો, ત્યાંથી ભાગવાનું કે બે મિનિટ વધારે ઊભા રહેવાનું ? ત્યાં હવે બે મિનિટ વધુ થોભો એટલે પ્રભુ સાથે હૃદય ભળવા માંડે. કદાચ આનો ખ્યાલ ન આવ્યો, કિંતુ બહાર નીકળતાં પણ આવો વિચાર આવે તો ફરીથી દર્શને જવું. એમાં શું વાંધો ? એમ ન બન્યું તો મનને એટલુંય થવું જોઈએ કે ધક્કો નિષ્ફળ ગયો.

**ક્રિયામાં મનના ઉપયોગથી શ્રદ્ધાબલ અને સંયમબલ તથા ધર્મધ્યાન વધે :** વિમાનમાં બેઠા, વિમાન ઉપડ્યું. ચાલે છે કે નહિ તેની ખબર નથી. બહાર જોવા ડોકું કાઢો ત્યાં ખબર પડે કે સો બસો માઈલ તો કપાઈ ગયા ! એમ ઈરિયાવહી, કાઉસ્સગ્ગ કે નવકારવાળી શરૂ કરી પણ સાથે બીજું વેશ વસ્તુ ઠીક ઠીક કરવામાંથી ઊંચો આવ્યો, ત્યાં જુએ તો એ પુરૂ થવા આવ્યું હોય ! આવી વૈમાનિક વેગથી ક્રિયા થાય, એવી ભલે હજાર વાર થાય, પણ આગળ નહિ વધાય. ઈચ્છાયોગ એમ નહિ સધાય. ખ્યાલ આવે કે, 'થોડા પણ ઉપયોગથી ક્રિયા કરું, ઉપયોગ વિના ચાલ્યું ગયું તો ચાલો ફેર સૂત્ર ભણું, ફરી કાઉસ્સગ્ગ, ફરી નવકારવાળી, ફરી ક્રિયા કરું,' અને તેમ કરાય તો એમ કરતાં એક દિવસ એવો આવે કે એક પણ 'નમો અરિહંતાણં' પદ જેવું ય મનના ઉપયોગ અને હૃદયના ભાવ વગર નહિ ચાલ્યું જાય ! એ એક નમસ્કારમાં અનંતા અરિહંતને નમસ્કાર કરવાનો લાભ, તમારામાં લાયકાત અને ઉપયોગ હોય, તો થાય ! ઈચ્છાયોગની સાધના બરાબર કરવા કટીબદ્ધ થાઓ તો જુઓ કે આત્મામાં ઉપયોગ શું કામ કરે છે એ ઉપયોગથી હૈયામાં શ્રદ્ધાબલ વધી જાય. પછી તો એમ થાય કે **પ્રભુ પાસેથી ગૌતમ સ્વામીએ દ્વાદશાંગી જ્ઞાનથી લીધી, મેં એ સમ્યગ્દર્શનથી લીધી,** આટલો જ ફેર !' આ ક્યારે કે જો દ્વાદશાંગી શબ્દ સાંભળી દિલમાં અપૂર્વ શ્રદ્ધાનો ઉપયોગ સ્ફુરે તો.

એમ કોઈ વસ્તુ વાપરતાં પહેલાં જો ઉપયોગ રાખી નજર નાખે કે 'કોઈ જીવ બિચારો આમાં ભૂલો તો નથી પડ્યો ને ?' તો ત્યાં સંયમ વધે, શુભ ધ્યાન વધે. કેમકે આ શું કર્યું ? નિર્દોષ જીવ બિચારો મરી ન જાય, એની શુભ ચિંતા કરી, અને હોય તો એની રક્ષા કરી એટલે સંસારની ક્રિયામાં પણ ધર્મધ્યાન અને સંયમની કમાણી ! એથી ઊલટું પડિલેહણ વગેરે ધર્મક્રિયામાં ચિત્ત ચોંટેલું ન હોય, ને જીવની જતના ન કરે તો ધર્મની ક્રિયામાં અશુભ ધ્યાન તથા અસંયમરૂપી પાપની કમાણી કરાવે. ઉપયોગ વગરની ધર્મક્રિયામાં શું કમાણી ? પછી એવા પ્રકારની ધર્મના ઉપયોગ વિનાની ક્રિયાઓ કરવામાં વર્ષો વીતે છે ! ત્યારે બીજી બાજુએ જીવનભર સાંસારિક વાતોના ઉપયોગ ખુબ ફાલેફુલે છે, અને મનમાં રાત ને દિ' એનાજ વિકલ્પો અને કલ્પનાઓ આવ્યા કરે છે !!

## “વિકલ્પો કેવા ?”

**ખોટા વિકલ્પોની વ્યાપકતા અને ભયાનકતા : મનમાં જે જાતિના વિકલ્પના અભ્યાસ રહે છે, આત્માના વલણ પણ તેવા પ્રકાર ઘડવાના.** બિલાડીને મલે કંઈ નહિ પણ જન્મથી મનમાં ઉંદર મારવાના ગાઢ વિકલ્પ ! ઉંદર ક્યારે મળે ને ઝડપું, એ લેશ્યા સતત ! પછી પડછાયો દેખાય તો પણ ‘ઝડપી લઉં ? હમણાં મારી નાખું,’ એવા જ વલણ રહ્યા કરે ! વિકલ્પ બહુ ખોટી ચીજ છે. ખરાબ ચીજ છે. વિકલ્પના જોરે સંસારના પદાર્થોને જોવા માત્રમાં ભયંકર વલણ થાય છે. **વળવાનું કંઈ ન હોય છતાં વિકલ્પના ધસારા જીવની કતલ કરી નાંખે !**

**તંદુલીઓ મચ્છ :** “મોટા મગરમચ્છના મોંમાંથી નીકળતા નાના મચ્છો કેવા ભાગ્યશાળી, કે બિચારા બચી ગયા,” આવી વિચારણા ન કરી શકે. અથવા “આ મોટો મગરમચ્છ કેટલી તૃપ્તિવાળો ! અહો ‘માલ મળે છે, તો ખાધે રાખો ! આપણા કબજામાં છે તો કોઠીમાં ઓરે રાખો,’ એમ એને નથી થતું.” આવી વિચારણા તંદુલીયાને નહિ. જો કે મોટો મચ્છ એક વખત પેટ ભરી લીધા પછી કાંઈ જુએ નહિ કે મોંની અંદર માછલાં પેઠા છે, પણ તંદુલીયાને ખોટા વિકલ્પનો અભ્યાસ મોટો, તેથી એ વિચાર કરે ઊલટો, એ જ કે “હું હોઉં તો એક ન છોડું !” **બસ, માત્ર આ ખોટા વિકલ્પના અપરાધે તંદુલિયો નરકમાં જાય છે !** ઓછું મલે તો પણ વિકલ્પ ન કરતા, વધુ મલે તો પણ વિકલ્પની ચુંગાલમાં ફસાતા નહિ. “શ્રીમંતો ગરીબનાં લોહી પી જાડા થયા છે,” આવા આવા વિચાર એ ખોટા વિકલ્પ છે. તેમાં જો કોઈ સામે શ્રીમંત મલે તો કદાચ દ્રવ્યથી નહિ, તો ભાવથી તો તેનું ખુન એ કરી નાંખશે ! આ વિકલ્પનાં પાપ ! દયાના વિકલ્પ રાખે તો દયા વરસે. હિંસાના વિકલ્પ દયા ભૂલાવશે. લડાઈ વીતી ગઈ. ખોટા વિકલ્પના અભ્યાસવાળાઓએ ભયંકર પાકર્મ બાંધ્યા, પણ દયા ન ચિંતવી. હજીય કોઈને આનંદરૂપે, તો કોઈને પશ્ચાત્તાપરૂપે પાપવિકલ્પો ચાલુ હશે ! લડાઈ પતી પણ વિકલ્પ ન પત્યા !

**વિકલ્પથી નુકસાનો :** વિકલ્પ એ જાણે ક્ષયનો જંતુ છે. એ એક મનમાં પેઠો કે બીજા અનેક વિકલ્પ જંતુઓ ઉત્પન્ન કરે છે. એથી વળવાનું કશું જ ન હોય, છતાં એ એટલી ભયંકર સ્થિતિએ પહોંચી જાય છે, કે હૃદયને કાળું મેશ કરી મૂકે. મગજને તપાવી દે, અને રૌદ્ર ધ્યાનમાં ચઢાવી નરકના ભાતાં ભેગા કરાવે ! લ્યો શો સાર કાઢ્યો ? પ્રસન્નચંદ્ર રાજર્ષિને સાતમી નરકના ભાતાં ભેગા થયા. શરીરની ધાતુઓને એ ઉશ્કેરી મૂકે છે, તેથી આખુંય ઘડતર ફરી જાય છે. પછી તો એ



વિકલ્પોની આવૃત્તિ ચાલ્યા કરે છે. તે સહજ ભાવે. વિકલ્પોના કાળ દરમિયાન સારી ભાવનાઓ, તત્ત્વના ચિંતનો, મહાપુરુષના જીવન-સ્મરણો કે માત્ર પ્રભુના નામ-જાપને પણ અવસર રહેતો નથી તેથી માનવજીવનનો અમૂલ્ય સમય, વિના સુકૃત-કમાઈએ વેડફી નાખવાનું થાય છે ! બીજું એક નુકસાન એ પણ છે કે સારામાં સારા સ્નેહી માટે પણ જો આપણે ખોટા વિકલ્પમાં ચઢ્યા, તો એ દુશ્મનરૂપ લાગશે, અને પછીના આપણા એવા વર્તાવ થશે કે ખરેખર એ દુશ્મન બની જાય.

ત્યારે વિકલ્પને જો મૂળમાંથી રોકીએ તો કેટલીય સારા પુરુષાર્થની કરણીને અવકાશ છે. માત્ર આપણા કર્મની ઉદયની વિચારણા અને સામા તરફ મૈત્રી ભાવના આ બે જાગ્રત જોઈએ; તો વિકલ્પ અટકે પછી તો જુઓ કે વિકલ્પ વિનાના મસ્ત મનથી કેવી કમાઈ !

“દિવ્ય-દર્શન”-“પ્રવચન મહોદધિ” વર્ષ-૧,અંક-૩૮,તા.૨૭-૬-૧૯૫૩

## (૨૬) શ્રી ‘યોગદષ્ટિ સમુચ્ચય’

**પ્રસન્નચંદ્ર અને કુમારપાલ :** પ્રસન્નચંદ્ર રાજર્ષિ વિકલ્પમાંથી પાછા હઠ્યા અને શુભ ભાવનામાં ઊંચે ચઢ્યા, તો ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા. મહારાજા કુમારપાળે ધર્મ પામ્યા પછી વિકલ્પો ત્યજ્યા. અને પવિત્ર વિચારવાણી વર્તવાનું જીવન ઘડ્યું. ઘોડા પર બેસી લડાઈ લડતાં કેઈક પંચેન્દ્રિય માનવોની હિંસા પણ થતી હશે, છતાં ઘોડા પર બેસતાં પહેલાં પલાણ પ્રમાર્જે પુંજણીથી ! આમાં આયુષ્ય બંધાય તો કામજ થઈ જાય ને ? આયુષ્ય ન બંધાય તો પણ બીજો પુણ્યબંધ કેવો ! અગીયાર લાખ ઘોડાને પાણી ગળેલું પીવડાવવાનું.

**શુભ ભાવનો પ્રભાવ :** ગોશાળો, તેને પશ્ચાત્તાપ થયો પ્રાયઃશ્ચિત્ત નથી લીધું. પણ શિષ્યોને કહે છે “હું ભયંકર પાપી છું, ઠગારો-દંભી છું. તમને બધાને મેં ઠગ્યા છે, પણ હવે હું મરું છું. તો મર્યા પછી મારા મડદાને કુતરાના હાલે નગરમાં ઘસડજો. તે મૌનપણે નહિ. ઢંઢેરો પીટાવી કહેજો કે ‘સાચા જિન મહાવીર છે; આ તો ગોશાળો મંખલીપુત્ર ખોટો જિન ! તેનો અહીં પણ આ હાલ, તો પરલોકમાં કેવા ?” આવો પશ્ચાત્તાપ એક વાર તો એને સીધો બારમા દેવલોક લઈ જનાર બન્યો ! જો કે જીવનના ભયંકર પાપ એને સાતમી નરકમાં બે બે વાર, પૃથ્વી-અપ-તેઉ-વાઉમાં બે બે વાર વગેરે વગેરે ઘણું ઘણું ભટકાવશે, પણ પછી



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પેલા પશ્ચાત્તાપને જવાબ મલશે. ઘોર પાપી અગ્નિશર્મા નવ નવ ભવમાં સમરાદિત્યની પાછળ પડેલ; છતાં છેવટે 'અહો ! આ તો કોઈ મહા પ્રભાવી પુરુષ છે,' એ વિચાર આવ્યો, તો તો અનંતકાળ પછી પણ એ વિચાર જવાબ આપશે !

**શ્રેણિક શુભ ભાવથી જગદ્‌ગુરુ; :** હવે વિકલ્પની જગાએ સારા ભાવ આવી જવાથી જે ઊચ્ચ સ્થિતિ થાય છે, તેનો પ્રભાવ જુઓ. પદ્મનાભ સ્વામી ધર્મતીર્થ સ્થાપશે, ત્યારે કોઈ ઇંદ્રો આવશે, અચ્યુત દેવલોકવાસી ને કોઈ બીજા દેવો આવશે, પણ 'આ પ્રભુ તો નરકમાંથી આવ્યા !' એમ કોઈ જુગુપ્સા નહિ કરે. એ બધા તો એમની વર્તમાન ઊંચી સ્થિતિ જોશે કે શી રીતે એ થઈ ? કહો, શ્રેણિકના ભવમાં પાછલી અવસ્થામાં વિકલ્પો ટાળી શુભ ભાવમાત્ર શ્રદ્ધાના હતા; પણ હતા હૃદયવેધી. એક શ્રદ્ધા માત્રથી પણ આત્માના દેદાર ફરી જાય, તો ચારિત્રથી તો પૂછવું જ શું ?

**સંસારી આત્માના દેદાર ફરે તો ધર્મ ફળે;** અને દેદાર તે ફરે કે જો હૃદયસ્પર્શી ભાવ જાગે. ભૂખ્યું કુતરું જોઈ દયાથી રોટલાનો ટુકડો નાખ્યો, પણ એ ભાવથી કે 'જીવ કર્મવશ હતો ત્યારે મારાયે ભયંકર હાલહવાલ થયા હતા !' દયાનું કામ આવ્યું ને દેદાર ફર્યો. ક્ષણ પહેલા બીજા વિચારમાં મન કઠોર હતું, પણ દયાનું પાત્ર આવ્યું ને ભાવ જાગ્યો. દેદાર ફર્યા, એટલે એ દયા ફળે, અતિ ઉત્તમ લાભ આપે. કેવો ? હાથીપણેથી મેઘકુમાર ! ઈચ્છાયોગ સાધતા ચિત્ત ચંચળ થાય તો ફરી ફરી સાધે. એમ કરતાં ઉપયોગ પૂર્વકનું થાય.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૩૯,તા.૪-૭-૧૯૫૩

# ૨૭ શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

'સકલ કુશલ-વલ્લિ પુષ્કરાવર્ત મેઘો' બોલ્યા, પણ એનો અર્થ 'પ્રભુ સઘળા સુખની વેલડીને ઉગાડવા માટે પુષ્કરાવર્ત મેઘ સમાન' એમ ખ્યાલમાં ન આવ્યો. તો અર્થની વિચારણા સાથે ફરી બોલવાનું. એમ કરી ભાવ જગાડી જીવના દેદાર ફેરવીને ચૈત્યવંદન કરો તો એ મહાન ફલ આપે. **દેદાર ફેરવવા માટે ખૂબ જ ઉપયોગવંતી ધર્મક્રિયાની પૂંઠે પડવાની જરૂર છે.** તો નક્કી દેદાર ફરે. પછી કદાચ આ જીવનમાં જો નહિ તો ભવાંતરમાં જરૂર સચોટ જવાબ મળશે. દેદાર ફેરવવા માટે એ વિચારો કે **'વિષય, કષાય, અને ગારવના તાપથી સંસાર તપે છે, ધખે છે,**



**જીવને સૂકવી દે છે, નિસ્સાર કરી દે છે. તેથી સંસાર છે. ગમે તેટલો સાર કરીને સાચવ્યો તોય અંતે અસાર ! એમાં સારભૂત ધર્મ કરવો ગુમાવ્યો માટે આજસુધી કર્મવશ રહ્યા. હવે અસારની પૂંઠ ન પકડવી, ને સારનો કેડો ન મૂકવો. જૈન ધર્મ, સંયમ,** તપ, દેવ, ગુરુ એ બધું સાર. એનો કેડો ન છોડવો. મિથ્યાત્વ, કુમતિ, વિષયો, ઘેલછા, કષાય, તૃષ્ણા એ અસાર. એ કદી ઊભા ન રહે તેવું કરવું.

## • શાસ્ત્રયોગ •

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા યોગદષ્ટિ સમુચ્ચય નામના શાસ્ત્રમાં યોગની આઠ દષ્ટિનું વર્ણન કરતાં પહેલાં કહે છે કે, આરાધક આત્મા જે પ્રવૃત્તિ કરે છે, તે પ્રવૃત્તિ ત્રણ વિભાગમાં આવે. ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ, ને સામર્થ્યયોગ, એમાં શાસ્ત્રયોગ અંગેની ટુંકી વાત જણાવતા કહે છે કે, **શાસ્ત્રયોગ આત્મા (૧) યથાશક્તિ અપ્રમાદી હોય,** (૨) **નિર્મળ શ્રદ્ધાવાળો હોય,** (૩) **ચકોર બુદ્ધિવાળો હોય, અને** (૪) **અવિકલ ધર્મયોગને સાધતો હોય.** અવિધિ અને અતિચારનો ત્યાગ કરીને ધર્મ સાધતો હોય. તેની પ્રવૃત્તિ શાસ્ત્રયોગના ઘરની ધર્મપ્રવૃત્તિ કહેવાય.

મારે આવા શાસ્ત્રયોગમાં પહોંચવાનું છે, એવા નિરંતર ધ્યાનવાળો અને શુદ્ધ ધર્મની ઈચ્છાવાળો જો વિકલ પણ ધર્મપ્રવૃત્તિમાં મચ્યો હોય તો તે ઈચ્છાયોગમાં હોય છે. હવે ઈચ્છાયોગનો સાચો વિકાસ કોણ સાધે ? તે, કે જે શાસ્ત્રયોગના સાચા ધ્યેયવાળો હોય, તેમાં આવવાની તીવ્ર ઈચ્છાવાળો હોય. 'હું ક્યાં ઊભો છું ? ને મારે ક્યાં જવું છે ?' આ બે વાતો સમજ્યો હોય તેને ઈચ્છાયોગની સાધના વિકસવી દૂર નથી, ને શાસ્ત્રયોગે પહોંચવું દૂર નથી.

**પૌષધમાં ભાવના :** પખવાડીયામાં જે હોળી ચૌદ ચૌદ દિવસ સળગાવી, માત્ર બીજાને જ નહિ પણ પોતાની જાતને ય બાળનારી; તેનાથી બચવા માટે 'લાવ, આજે પૌષધ કરું ! શા માટે ? નવી પાપની હોળીથી બચવા અને જૂના કર્મના બંધથી મૂકાવા માટે. જે વીતરાગ પરમાત્માની યત્કિંચિત્ કૃપાની રૂએ પણ હું આ મનુષ્ય જન્મ પામ્યો; તો તેના બદલામાં પરમાત્માની સેવા તો કરવી જ જોઈએ ને ?' એમ કરી ચૌદશે પૌષધમાં આવવાનું. 'રોજના એક એક ટંકમાં અસંખ્ય સ્થાવર જીવોનો હું ખોડો કાઢું છું. પણ આજે ચતુર્દશી છે, તો જીવોને કહું છું, ''આજે ખુશમીશાલ જીવતા રહો ! **વીતરાગ પરમાત્મા સારા જગતના જીવોના નિષ્કારણ બંધુ છે. તેમનો અનુયાયી હું એક દિવસ પણ તમારો બંધુ ન બનું, તો મને લાંછન લાગે.''** ઈચ્છાયોગ સુધી આવેલો, જેઠ મહિનાની ચૌદશે પૌષધ કરી



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ગયો, તે ભલે પાછો પંદર દહાડે ઠેઠ અષાઢ મહિનાની ચૌદસે આવે. પણ આ ભાવનાથી આવે તો પૌષધ એ પોતાની ચીજ બને. અને અપૌષધ એટલે ઘરસંસાર, એ પર વસ્તુ લાગે, શત્રુભૂત લાગે ! આ ક્યારે આવે ? કે જ્યારે હંમેશા એવા મુખ્ય લક્ષવાળો હોય કે, 'હું ક્યાં ઊભો છું ! ને ક્યાં જવા ધારું છું !'

**મનવચન કાયાની હીલચાલનું પ્રયોજન પંચાચારનું પાલન :** ત્યારે પૌષધમાં એ ભાન હોય કે 'મારો ઘણો સમય પ્રમાદમાં જાય છે, અને એ પ્રમાદ મામુલી છે ! ભલે ને બહાર હરવા ફરવા ન જતો હોઉં, પણ અહીંયાં પાંચ મિનિટ પણ કાયાની ગુપ્તિ ન રહે, ત્યાં મનની ગુપ્તિની તો વાતેય શી ? સીધી એક મિનિટ પણ મનોગુપ્તિ નહિ. પ્રયોજન વિનાની એક આંગળી પણ ઊંચી નીચી ન કરે તો કાયગુપ્તિ રહે. ત્યારે આખા અંગના અંગ પ્રયોજન વિના જ્યાં હાલેચાલે ત્યાં ? **પ્રયોજન એટલે પંચાચારનું પાલન. આ પ્રયોજનવાળી સારાય અંગને હલાવવાની પ્રવૃત્તિ તે કાયાની ગુપ્તિ છે; અને આ પ્રયોજન વિનાની બધી પ્રવૃત્તિ તે કાયદંડ છે.** તમે કહેશો કે આ તો બધી ઝીણી વાતો કરો છો ! પણ એ સમજ્યા વિના વિકાસ નહિ થાય. હૃદયથી આરાધવાની વાત આવે ત્યાં જો ગોટા વળાશે, ખોટા બચાવ ને ઓઠા લેવાશે, તો પછી તે રીતે તો આ જન્મમાં શાસ્ત્રયોગી નહિ બની શકાય.

**જગતના પ્રેમમાં બીઓ, શાસ્ત્રના ઠપકામાં આનંદો :** આશ્ચર્ય છે કે જીવોને જગત તરફથી કઠોરતા જેટલી ખપે છે, તેટલી શાસ્ત્રની દયા ખપતી નથી ! ગુરુ "મહાનુભાવ" થી કહે, પણ જાણે તે બધું પગ નીચે ઘસી નાખીએ, કે 'અમને બધી ખબર છે !' અને કોઈ અમલદાર ધમકાવીને કહે કે "ભાન નથી ?" તો Very sorry 'Excuse me 'I beg your pardon' વગેરે કહીને ઊભો રહે ! **સમજુ અને ડાહ્યા તો તે કે જે ગુરુ કઠોરતાથી આપે તો પણ હર્ષભેર લે; ને જગતની પ્રેમભરી વાતમાં પણ સાવધાન બની જાય. શાસ્ત્રની કઠોર આજ્ઞા આનંદ સાથે માને, જગતની દયાભરી વહાલભરી વિનંતિને પણ ભયની દૃષ્ટિએ જુએ.** આમ તો દયા છે શાસ્ત્રની આપણા પર તે દયાથી આપણને આપણી શક્તિ મુજબ જ કરવાનું કહે છે. એમાં પાછું કેટલાય અપવાદની છુટ આપે છે. તો પછી **શાસ્ત્રની દયાની કદર કરી કાં એના જ અંદેશોના ખપી ન બનવું ?**

**આત્માની દુર્દશાનું નિરીક્ષણ :** આત્મા પોતાની દુર્દશા વિચારે તો દેખાય કે, "મારી ક્રિયામાં હું પ્રમાદી ઘણો, અપ્રમાદી ઓછો; અવિધિ ઘણી, વિધિ ઓછી ! જડની, જગતની, માન-મોભાની, અનુકૂળતાની ઝંખના હજી પણ ઘટતી નથી ! ભલે બહારનો સંસાર મૂકીને આવ્યો પણ અંતરનો સંસાર લઈને જ બેઠો છું ! ભલે ને ઉપાશ્રયમાં આવ્યો, પણ તે કાયાથી મનથી તો જાણે ઘરની રીતભાતમાં છું.



તેથી મારું મન કહે છે, કે 'કોઈએ મારી સાથે તોછડાઈથી વાત નહિ કરાય ! અમારે તો, ઘરે હતા ત્યારે, બપોરે સૂવા જોઈતું હતું તો તો અહીંયાં પણ તે ટેવ નહિ મુકાય' આવી આવી તો મારામાં કંઈ પોલ ! અંદરના રાગદ્વેષ, કષાય, માન, મોભાની અને ઇન્દ્રિયસુખની વૃત્તિઓ જાણે અસ્ખલિત રાખવાની હોય તેવી ચર્યા હજી ચાલી રહી છે ! આવી સ્થિતિ શું બતાવે છે ! કદાચ ધર્મયોગનો ઇચ્છાયોગી હોઈશ કે કેમ, પણ સાથે કર્મયોગનો મોટો ઇચ્છાયોગી છું !' શું મૂકીને ધર્મસ્થાનમાં આવવાનું ? શું મૂકીને આવ્યા હોઈએ તો સાચોસાચ ઇચ્છાયોગી ગણાઈએ ? **જો ઉપાશ્રયમાં હાજરી માત્રથી ધર્મયોગી બનાતું હોય, તો અહીં ઉપાશ્રયના ઘાટીઓ મોટા ઇચ્છાયોગી ગણાત !** ધર્મયોગ સેવનારાં એટલે કર્મયોગને બહાર મૂકીને આવનારા. વર્ષોની આરાધના પછી **જો આગળ વધવું છે, તો અહીંયાં ધર્મસ્થાનમાં જેમ બાહ્ય કુટુંબ મૂકીને આવો છો, તેમ આંતર કુટુંબ તરીકે જે દુનિયામાં જરૂરી માનેલા અહંભાવ, માનેલા ગુસ્સા, માનેલા માનપાનને મોભો છે, તે બધું પણ મૂકીને આવવું જોઈએ.**

આ વિકટ સંસારની અંદર જુવો કે જ્યાં કેટલાય ચોવીસે કલાક કાળી પ્રવૃત્તિઓમાં રહે છે, તેમાંથી જે એક કલાક પણ અહીં આવે તે બચે છે. જેમ બહારનો સંસાર મૂકવાનો છે તેમ અંદરનો સંસાર પણ બહાર મૂકવાનો છે. જો દુનિયાનો મોભો, ઠસ્સો, દુનિયાની ચાલબાજી, ને અહંભાવ, આ બધી દુનિયાની વાતો બહાર મૂકીને ધર્મસ્થાનમાં આવે તો ન્યાલ થઈ જવાય !

**સ્વકીય યથાર્થ દર્શન :** વિચારો કે "જાવું છે મારે અપ્રમાદ સ્થિતિમાં, અખંડ ધર્મક્રિયાની પ્રવૃત્તિમાં, અતિ નિર્મળ ને અતિચકોર બુદ્ધિના ઘરમાં. ને હું ઊભો છું ક્યાં ? હું છું પ્રમાદ ભરેલી સ્થિતિમાં ! હું છું બુદ્ધિનો બંઠ ! ને ધર્મ હું ખોડખાંપણવાળો કરી રહ્યો છું ! તો ત્યાં કેવી રીતે જવાશે ? ઘોર સંસારમાં આવી દિવ્ય વાતો જીવનમાં ઉતારવાની જે તક મલી છે, તે અહીં નહિ ઉતારું તો પછી તક ક્યાં મલશે ? ક્યાં ઉતારીશ ? હું મહાસામ્રાજ્યનો રાજાપણું કે મંત્રીપણું મૂકીને બેઠો છું. **મને એ ખ્યાલ છે કે હું સંસારનો કીડો છું.** કીડો એટલે ? કીડાને ઊંચું ચંદનનું કાષ્ટ આપ્યું હોય, પણ એનું કામ તો તેને કોચી ખાવાનું, એમ ચંદન જેવો માનવભવ કોચી ખાવાનો. એટલો પામર અને કંગાળ છું ! મારી આગળ મોટાં નિધાન મોજુદ છે, પણ હું કંગાળને પામર ક્યાં લાભ લઉં છું ? એટલે ? એક પ્રભુપૂજા કે એક સામાયિક, એ કેવળજ્ઞાન સુધીના નિધાન છે. પણ એ નિધાનમાંથી સામાન્ય લાભ પણ ક્યાં લઈ રહ્યો છું ? અરે ! એક સીધો સાદો શબ્દ કે 'સંસાર ઘોર, ને કર્મ ભયંકર છે,' એથી જરા તડફડાટ પણ ક્યાં છે ? સંસારનો



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

અદનો ગુલામ બની, કેવો ભાન ભૂલી આથડી રહ્યો છું ? પ્રમાદથી ભરપૂર ભરેલો, ધર્મક્રિયામાં વાતવાતમાં ખોડખાંપણ લગાડનારો, જેને વાતવાતમાં અતિચાર ને પ્રમાદ સેવવાનો પાર નહિ, એવો હું ! પણ હવે **ક્યાં જાવું છે મારે ? નિર્મળ શ્રદ્ધામાં ને અપ્રમાદની સ્થિતિમાં.** એ માટે શું શું ન કરું ? દુનિયાની એક એક વાત સાધવા સત્તર માથાકુટ કરું, તો અહીં એક પણ નહિ ? બધી જ કરું. કેમ કે મારે આગળ વધવું છે."

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૪૧,તા.૧૮-૭-૧૯૫૩

## (૨૮) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**પુરુષાર્થી થાઓ :** અહીં તમે આ બધું સાંભળી તો લીધું. પછી સરવાળે ક્યાં ? ત્યાંના ત્યાં જ ને ? મહાપુરુષોની વાત આવે ત્યારે કહો, કે 'અમારું ગજું નહિ' પરંતુ અંશેય પ્રારંભ કરી, ત્યાં પહોંચાડે એવો ધરખમ ઉદ્યમ જોઈએ કે નહિ ? કોઈ વિચાર નહિ કે આ શા માટે પોલાણ ચલાવું છું ? રૂડી ધર્મક્રિયામાં વિકથા શા માટે કરું ? કલાકભર તો બંધ રાખું. મંદિરમાં પેઠો છું, તો નિરુત્સાહ, ઊંચુ મન અને દુન્યવી જંજાળ શા માટે જોઈએ ? અહીંયાં વિષય કષાયની હોળી સળગાવવાની શી જરૂર છે ? સાધનાની આ ત્રુટિઓને ઓછી કર્યા વિના પ્રમાદને ધક્કે ચઢાવ્યા વિના આગળ વધી નહી શકાય. રાગ, દ્વેષ, અહંભાવના સ્થાનમાં જ્યાં બેઠો હોય, તેમાંથી બહાર નીકળી આગળ વધવાની જરૂર છે. ઊંચી કોટિની મૈત્રી, કરુણા, પ્રમોદ ને માધ્યસ્થ ભાવનાઓને ભાવવા સાથે, જિનાજ્ઞાનુસાર ત્રિશુદ્ધ ચારિત્ર પાળનારા, અસાધારણ વિદ્વાન, અદ્‌ભુત કોટિના તત્વચિંતન કરનાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા જેવા પણ કહે છે કે 'હું પરમાત્માને ઇચ્છાયોગથી નમસ્કાર કરું છું.'

**આત્માના ધોરણ પલટે તો ધાર્મિકતા આવે :** 'જગતમાં કઈ સ્થિતિમાં ઊભો છું,' તેનું ભાન જીવે ન કર્યું, ને 'ક્યાં જવું છે તથા તેને યોગ્ય કેવું જીવન જોઈએ,' તે ન વિચાર્યું, એવું અનંતવાર બન્યું ! ત્યારે 'ક્યાં ઊભો છું ને શું કરવું છે,' એવું સંસારદૃષ્ટિએ તો આ જીવનમાં સેંકડોવાર કરી નાખ્યું ! પણ બધું કર્મની હોળી માટે. તો પછી 'ધર્મમાં ક્યાં ઊભો છું ને શું કરવું છે,' તે ક્યારે વિચારવાનું ? **ધર્મમાં નિત્ય નવો રંગ ને નવું જીવન બને એવું થવું જોઈએ.** તમારે તો સંસાર પલટે છે તેમ જીવન ધોરણ જરૂર પલટે છે. એટલે એ મુજબ અમુક ઠસ્સો ને અમુક



રહેણીકરણી પલટતા આવડે છે. સંયોગ પલટે તેમ સાંસારિક જીવન પલટે છે, પણ ધાર્મિક જીવનના ધોરણ પલટાતાં નથી, એ કેવું આશ્ચર્ય ! **ખરી રીતે તો ધર્મસાધના અંગેના ધોરણ વધુ ને વધુ વિકાસવાળા, ઉન્નતિવાળા, અને કડક થવા જોઈએ,** પોતાના મન પર એવું કડક ધોરણ કરવું પડે કે, 'અકડાશવાળી સ્થિતિ નહિ ચાલે, મૃદુતા જોઈશે. ખાવાની બહુ વાત નહિ ચાલે, તપશ્ચર્યા જોઈશે !' શા માટે આ ધોરણ ? કેમકે સંયોગ પલટાતા ચાલ્યા માટે. એ સંયોગોમાં આખાને આખા તણાઈ ન જઈએ માટે. જો કોઈ સંગીન ધોરણ નથી ઘડાતા, તો અબુઝ આત્મા, જે ચીજમાંથી આત્મિક લાભ લેવાના હોય ત્યાંથી કર્મનો લાભ લે છે ! દા.ત. ધર્મશ્રવણ એ દુન્યવી ધોરણે ન કરાય. ત્યાં તો ગમે તેમ શ્રવણ કર્યું તો ય ઠીક પણ અહીં ધર્મમાં તેમ ન ચાલે.

**શાસ્ત્રે શ્રોતાના કેટલાક ગુણ બતાવ્યા છે :** સારો શ્રોતા કોને કહેવાય ? જેનામાં આ ગુણ હોય. શ્રવણ બરોબર ન હોય તો પરિણામ ધાર્યું સારું ન આવે. બરાબર શ્રવણ માટે ગુણ કેળવવા જોઈએ. (૧) પહેલો ગુણ એ કે પોતે વક્તાનો ભક્ત હોવો જોઈએ. જેની પાસે સાંભળવા આવ્યો તેના પર ભક્તિ-રંગવાળો જોઈએ. ભક્તિ ન હોય એટલે કહે કે, 'મહારાજ કેટલામાં છે, ખબર છે બધી !' આવા કેઈક લોચા વાળે. એટલે ઊંચામાં ઊંચી વાતોનું તત્ત્વ કહેવાતું હોય પણ તેને મામૂલી લાગે ! એની સાથે (૨) શ્રોતા અગર્વી હોય, ગર્વ રહિત હોય. ગર્વ હોવાથી શંકા પૂછે નહિ. (૩) ગર્વ નથી, ભક્તિ પણ છે; પણ શ્રવણની રુચિ ન હોય તો શું કરવાનું ? એટલે; રુચિ જોઈએ. (૪) પણ રુચિ છતાં શ્રવણ બરાબર કરે નહિ, ચંચળતા ભારે રાખે "વ્યાખ્યાન ક્યારે ચાલ્યું ? ક્યારે પૂરું થવાનું ? કોણ આવ્યું" ? આ બધા મનમાં ગોટા હોય એટલે શ્રવણ નકામું જાય. તેથી ચંચળતા ન જોઈએ, અસ્થિરતા ન જોઈએ. (૫) ત્યારે સ્થિર થઈને સાંભળતો તો હોય, પણ સમજવા જોગી સમજશક્તિ ન હોય તો ? તો સાંભળવા છતાં અબુઝ રહે. માટે સમજશક્તિ જોઈએ. જેથી કહેવાતી વસ્તુને સમજી સુબુદ્ધ બને. એક શ્રોતા બનવામાં કેટલી તૈયારી જોઈએ, તો પછી વક્તા બનવામાં કેટલી તૈયારી જોઈએ ? આગળ જુઓ (૬) શ્રોતા પાછો પટુ જોઈએ. કેમકે પ્રશ્ન કેમ મૂકવો, તે ન આવડે તો ? કે યોગ્ય પ્રશ્ન પૂછી સ્પષ્ટીકરણ કરતાં ન આવડે તો ? એટલે પ્રશ્નનો જ્ઞાતા જોઈએ. ક્યારે પ્રશ્ન કરવો ? કેવો કરવો ? કેવા શબ્દોમાં કરવો ? દા.ત. વાત્સલ્યભાવે કોઈ વાત કહેવાતી હોય, ને એ એવો પ્રશ્ન મૂકે, કે જેથી આખી સભાને લાગે કે વક્તા પર આ ટીકા થાય છે, તો એ પ્રશ્ન અનુચિત. તેમ મૂઢની જેમ હા એ હા કહી જાય, પણ સમજવા પ્રશ્ન ન પૂછે, તો તે શ્રોતા પણ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

યોગ્ય નહિ. આટલે સુધી તો પ્રારંભના શ્રોતા.

પછી આગળ વધે એટલે (૭) એ સારું જાણતો હોવો જોઈએ, અર્થાત્ સારા શ્રોતામાં સારું જાણવાપણું જોઈએ. પરંતુ અફસોસ કે આતો શ્રોતા બન્યો રહેવામાં મહિનાઓ કે વર્ષો વીત્યા હોય, પણ સુજાણપણું ન આવ્યું હોય ! કેમકે સાંભળેલું ધારી રાખવામાં આળસુ હોય. ઉદ્યોગી ન હોય તો એમજ કંઈ થોડું જ યાદ રહે ? પછી કેમ ? તો કે વાતોડીયો થાય. (૮) ખરી રીતે સાંભળેલું આત્મામાં અવધારિત કરવા માટે લખી લેવું, પુનઃ પુનઃ તે વાંચવું. યાદ કરવું, વગેરે ઉદ્યોગવાળા બનવું જોઈએ.

શ્રોતાના ગુણ ફરી યાદ કરો, શું આવ્યું ? વક્તા પ્રત્યે ભક્તિ, નમ્રતા ને શ્રવણ રુચિ, તેમજ શ્રવણમાં સ્થિરતા, અને એની સાથે સમજવાની શક્તિ જોઈએ. તેમ તત્ત્વને સમજવા ઉપરાંત પટુતા જોઈએ. જીવનમાં ક્યાં ક્યાં ખામી છે તેનો ખ્યાલ આવે. વળી પ્રશ્ન કરવાની આવડત જોઈએ. તેમ સુજાણપણું જોઈએ. તેનાથી બહુશ્રુત બનાય. સાથે ઉદ્યોગી રહેવું જોઈએ, તો તત્ત્વનું ચિંતન અને અન્યોન્ય વિચારણા ચાલુ રહે.

(૯) નવમાં નંબરમાં નિદ્રાનો ત્યાગ કરનારો હોય, અને સાથે (૧૦) સારી બુદ્ધિવાળો હોય. આંખ નિદ્રાથી ઘેરાતી ન જોઈએ; નહિતર તત્ત્વના ઊંડા પરામર્શ (વિચાર) નહિ ચાલે. **સારી બુદ્ધિ એટલે વસ્તુને સીધા રૂપમાં લઈ જવાની સરલ મતિ.** તો શુદ્ધબુદ્ધિવાળો શું કરે ? **મહાપુરુષો જે વાતો કહે છે, તેને સીધે સીધી માને, અને મારો આત્મા કેમ ઉજળો બને તે શોધે.** પણ કુતર્ક ન કરે, તેમ નિરુત્સાહ ન બને.

**રીતના મોહ કરતાં વસ્તુનો મોહ રાખો :** ધર્મશ્રવણ ધર્મ વસ્તુ જ સાંભળવાના ધોરણથી કરવાનું છે. પણ આજે તો કહેશે કે, 'વસ્તુ તો સારી છે, ગ્રન્થ ભગવતીનો છે, પણ વક્તાની વ્યાખ્યાન શૈલી ચમકદાર નથી.'' અરે ભલા માણસ ! **આત્મહિતને વસ્તુ સાથે સંબંધ છે. રીતને શું જુએ છે ? રીતના મોહ કરતાં વસ્તુનો મોહ કરવો જોઈએ.** વસ્તુ શું ? શાસ્ત્રે કહેલી ધર્મની વાતો, **માર્ગાનુસારિતાના ગુણોથી ક્ષપકશ્રેણિ સુધીની વાતો, આ શાસ્ત્રોનો અર્થ તે વસ્તુ છે.** રાગ એનો જોઈએ. પણ રીતના મોહમાં પડી જઈએ એટલે શું થાય ? 'ભગવતી સંભળાવે છે પણ મઝા આવતી નથી. અમુક ઢબે કહે તો ઠીક રહે !' આમ લોચા વળે છે. આ રીતનો મોહ ખોટો છે. કોઈએ સોનૈયા ભેટ આપ્યા, પણ મેલા લૂગડામાં બાંધીને આપ્યા, તો શું આનંદ નહિ થાય ? આપવાની રીત ગમે તેવી, પણ આપ્યું શું ? સોનૈયા. વહેવારમાં જુઓ, શરીર ઢાંકવામાં **વસ્તુનો** મોહ રાખે તો ઓછા ખર્ચમાં પતે.



**રીતનો** મોહ રાખે એટલે ફેશનેબલ કપડાં જોઈએ ! શાક લાવવા બે આના મલતા ન હોય, પણ કપડા ઈસ્ત્રીટાઈટ કરવામાં ચાર આના પહોંચે ! ઝવેરી ઘરાકની રીતના મોહમાં પડે તો પોતાનું ગુમાવી બેસે. એ ઘરાકના કપડાં ન જુવે ! એ તો એનામાં શાહુકારનું હૃદય છે, કે ચોરનું, તે જ જુએ !

કલ્પસૂત્રમાં કે શાસ્ત્રોમાં રસ કેમ નથી આવતો ? એટલા માટે કે રીતનો મોહ પેસી ગયો છે માટે. નહિતર કલ્પસૂત્રમાં વસ્તુ કમ છે ? ડહાપણ હોય તો વસ્તુના ખપી બનો. **રીતની અપેક્ષાએ જોવા જાઓ તો વેશ્યા ચઢી જાય, ને વસ્તુની અપેક્ષાએ જોવા જાઓ તો સતી ચઢી જાય. આજનું જગત વિનાશના માર્ગે ચઢી ગયું હોય તો રીતના મોહના કારણે.** ઘેરઘેર ફેમિલી ડોક્ટર થઈ ગયા. પણ ફેમિલી ગુરુ નહિ ! કોણે ફેમિલી ડૉક્ટર ઘાલ્યા ? રીતના મોહે તે એટલે સુધી કે ખાનપાનમાં તો રીતનો મોહ ખરો, પણ દવા ખાવામાંય રીતનો મોહ ! અમને ઇંજેક્શન જ ફાવે, ...વગેરે રીતના મોહમાં આજની નવી પ્રજા ઉદ્‌ભટતાના માર્ગે ચઢી ગઈ છે. જીવનમાં નિરોગી ખોરાક, સાદાં વસ્ત્રો સાદુ ઘર, કલ્યાણમિત્રો, સદ્‌ગુરુસેવા, દેવાધિદેવની ભક્તિ, વગેરે વસ્તુની જરૂર છે. રીતની ખટપટમાં પડવાથી આખીય સ્થિતિ બગડે છે. પછી તો કેમ ? તો કે ખોરાક આવી રીતનો જોઈએ, વસ્ત્રો આ પ્રકારનાં, ઘર આવી સ્ટાઈલનું, મિત્રો આવી પદ્ધતિના, ગુરુ આ રીતનું બોલનારા જોઈએ, આવા તો કેઈ તોફાન ચાલે. મિત્રોની રીતના મોહ પર એક દૃષ્ટાન્ત છે.

**મિત્ર પરીક્ષાનું દૃષ્ટાંત :** તમને ખબર હોય તો એક મંત્રીને પોતાના (૧) હંમેશ મળવા આવતા **નિત્યમિત્રની,** (૨) અવારનવાર મળવા આવતા **પર્વમિત્રની** અને (૩) કોકવાર રસ્તામાં ભેટી પડતા **જુહારમિત્રની** પરીક્ષા કરવી હતી. તે મંત્રી ઘેરથી નોકરને 'મેં રાજપુત્રનું ખૂન કર્યું છે' કહી મિત્રો તરફ નીકળી પડ્યો. નોકરે રાજાને ચાડી કરી. રાજાએ પકડવા સિપાઇઓ મોકલ્યા. અહીં મંત્રીના **નિત્યમિત્ર** ગણાતા ભાઈબંધે તરત મંત્રીને ઘરમાંથી બહાર કાઢ્યો !'' **પર્વમિત્રે** દિલસોજી દેખાડી, પણ સહાય ન કરી. **જુહારમિત્ર** મલ્યો. એણે કહ્યું, 'ફિકર ન કરો.' વસ્તુ જાણી લીધી. કેમકે મંત્રીએ જ કહ્યું, મેં ''રાજપુત્રનું ખૂન કર્યું છે, મને બચાવો.'' વાત ખોટી હતી, પણ મિત્રની પરીક્ષા માટે મંત્રીએ એ ઊભી કરી હતી. તે જુહારમિત્રે સાચી માની લીધી, અને ચાર ચાર દિવસ સુધી મંત્રીને ઘરમાં સંતાડી રાખ્યો.

આમાં જુઓ કે નિત્યમિત્રની **રીત** દેખાવડી હતી બે વખત રોજ મંત્રીના ઘેર મલવા આવતો, પણ મિત્રપણાની **વસ્તુ** બરાબર નહોતી. એમ પર્વમિત્રની, ત્યારે જુહારમિત્રની **રીત** બહુ સામાન્ય, કોઈકવાર રસ્તે મળે ત્યારે જુહાર કરવાના એટલું



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

જ છતાં એનામાં મિત્રપણાની **વસ્તુ** ઉમદા હતી. તે પોતાના અને કુટુંબના જાનના જોખમે રાજાની સામે થઈ એણે મંત્રીને ગુપ્ત આશરો આપ્યો. આર્યદેશમાં પૂર્વે હિસાબ મંડાતા હતા કે હલકાપણું નોકરમાં હોય, શેઠમાં નહિ. ઉછાંછળાપણું નાનામાં હોય, મોટામાં નહિ ! અધીરપણું સ્ત્રીમાં હોય, પુરુષમાં નહિ ! પણ આજે તો વિપરીત ઘણું દેખાય છે ! કેમકે આજે એ કેળવણી નથી. સંસ્કૃતિને બદલે વિકૃતિની કેળવણી અપાય છે. પહેલાં તો સહુ સહુને પોતાના દરજ્જા મુજબનું ભાન હતું.

**પ્ર.**- વસ્તુ ને રીતનું મિલન ન હોય ?

**ઉ.**- હોય, પણ વસ્તુ અને યોગ્ય રીતનું મિલન હોય. જો વસ્તુતત્ત્વ સમજાય કે, 'ખાવું એ પુષ્ટિ માટે છે,' એવું ખવાય તો રોગ ન આવે, ને પુષ્ટિ રહે, તો એની સાથે રીત કઈ ? એજ, કે "બે કોળિયા ઓછા ખાવા જોઈએ. પ્રકૃતિ બગડે એવું વાયડું, તીખું તમતમતું, કે કફકારી ન ખવાય." પણ જેને એની ખબર જ ન હોય તે ? આજે તો પકવાન્ન પોથીઓ ફેરવાઈ ગઈ ! વસ્તુગત્યા વસ્તુની પરવા નથી, એટલે સાચીને ખોટી રીત કહે છે, ને ખોટીને મહા આશીર્વાદ રૂપ ગણે છે ! હવે સાથે સાથે જુઓ કે આ મિત્રોનું દૃષ્ટાન્ત આત્મારૂપી મિત્રને કેવું ઘટે છે.

**કાયા, કુટુંબ અને-ધર્મ એ ત્રણ પ્રકારના મિત્ર :** સુરસુંદરીને નંદીશ્વર દ્વીપમાં મુનિ કહે છે, કે 'જગતમાં જેમ ત્રણ પ્રકારના મિત્ર હોય છે, તેમ આત્માને પણ ત્રણ પ્રકારના મિત્ર છે. નિત્ય વધારેમાં વધારે લુચ્ચો છે, પર્વમિત્ર એનાથી ઓછો ને જુહારમિત્ર એકાંતે કલ્યાણકારી. **કોણ નિત્યમિત્ર ? કાયા. કોણ પર્વમિત્ર ? સ્વજન, પરિવાર, કોણ જુહાર મિત્ર ? ધર્મ એ જુહારમિત્ર.**

કાયા એ **નિત્યમિત્ર** છે. શું કરે ? સદા સાથે રહે; ડાહી ડાહી વાતો કરે. આપણાં ચા-પાણી પી જાય. અને આપણને પાપ વધારી આપે. આપણે ઘસાવાનું, મુડાવાનું, ને કચડાવાનું ! ને જ્યારે એ સમજે કે હવે કંઈ માલ નથી, એટલે આપણને કરે લટકતી સલામ ! તે આ કાયા !! આત્માનું પુણ્ય ખાઈ જનારી, સુસંસ્કારો ચાવી જનારી અને પાપના પોટલા બંધાવનારી આ કાયા ! એ સોનેરી ધર્મની તક ખાઈ જાય ! ત્યાગ તપશ્ચર્યા ખાઇ જાય ! કાયા જન્મી ત્યારથી ખાવા માંગે ! કશું નહિ તો અંગુઠો મોંમાં ! શાતા માગે, આરામી માગે, હાડકાં હરામ રાખે ! આમ કરીને, કષ્ટને આનંદથી વધાવવા-વેઠવાના સુસંસ્કાર, મહેનત કરવાના સુસંસ્કાર, ત્યાગ સેવાભાવ વગેરેના સુસંસ્કારને જગા ન આપે.

સુસંસ્કારો શું કહે છે ? 'વ્રત પચખ્ખાણ બરાબર રાખ !'



ત્યારે કાયા શું કહે - 'નિત્ય નવું ખાવા લાવ, નવું સારું પીવા લાવ, પહેરવા લાવ, જોવાનું સુંઘવાનું લાવ, કોમળ સ્પર્શો લાવ.' આમ એ પુણ્યના થોક ખાઈ જાય ! પૂર્વના શુભ કર્મે આપેલી અપૂર્વ ધર્મકરણીની તકને રદબાતલ કરે ! કાયાને માન-પાન, સ્થાન-સ્થિતિ જોઈએ છે; એટલે કહે છે, 'ધર્મ કરવાના સંયોગો નથી.' શું આ વાત સાચી છે ? કહે છે 'કાયાના સંયોગો જુદા છે !' પણ આપણે કોના સંયોગ જોવાના ? 'આત્માના કે કાયાના ? વધુ કોના ?'

**નિત્યમિત્ર** કાયા તો મૃત્યુ રાજાનો હુમલો આવતા આત્માને કહી દેશે, 'નીકળ અહીંથી;' અને કાઢી મૂકશે. પેલા નિત્યમિત્રે મંત્રીને કહી દીધું હતું ને બાકી તો જીવતા જીવે કાયા શું શું પાપ નથી કરાવતી ? ચક્રવર્તીની કાયા એને અઢળક પાપ કરાવી નરકમાં મોકલે છે. રૂડા રૂપાળા ધર્મને ભૂલાવનારી કાયા છે. કાયાની બદમાશી તો બરાબર નજર સામે રાખવા જેવી છે. એને મિત્ર નહિ પણ શત્રુ લેખવાની છે. તો જ ત્યાગ તપ, જ્ઞાન ધ્યાન, દાનશીલ, પ્રભુ ભક્તિ વગેરે ખૂબ કરી શકશો.

**પર્વમિત્ર** તે કુટુંબ પરિવાર એ કાયાની જેમ નિરંતર સાથે નહિ, છતાં ઘણીવાર સાથે રહે છે. તે પણ થોડી ઘણી લુચ્ચાઈ કરી જાય. મિત્ર ખરા, પણ કર્મની વાતમાં, ધર્મની વાતમાં નહિ. આપણું પુણ્ય ખાઈ જાય, પુણ્ય વધારે નહિ ! વધારે રંગરાગ કોણ કરાવે ? સારા સારા વિષયોના ઉપભોગ કોણ કરાવે ? ચાડી ચુગલી કોને ખાતર ? પોતાના આત્મા ખાતર ? ના રે ના, હિંસાથી માંડી મિથ્યાત્વશલ્ય સુધીનાં પાપો સેવાતાં હોય, તો પહેલા નંબરમાં નિત્યમિત્ર કાયા માટે, ને બીજા નંબરમાં પર્વમિત્ર માટે સ્વજન એટલે પર્વમિત્ર, એ શું કરે ? ધારિણી મેઘકુમારને મનાવે છે, **"મને તો પુત્ર ! ઘણી આશા હતી, કે હું વહુના છોકરાને રમાડીશ ! મારા કકળતા હૈયાને તો તું જો. તું મારો એકનો એક પુત્ર છે."** સ્વજન શું કહે ? 'તું ઘરમાં રહે એટલે મોક્ષનું સર્ટિફીકેટ, ઘડપણ ન આવે, મૃત્યુ ન આવે !' કેમ એમજ ને ? ભવાંતરમાં કયા સ્થાને જશો, તે કહેવા કોઈ તૈયાર નથી; છતાં સારું જ મળે એટલુંય કરવા સ્વજન તૈયાર નથી. આ પર્વમિત્ર ! આ પર્વમિત્ર આપણા મૃત્યુ વખતે માત્ર દિલસોજી દેખાડે, પણ રક્ષણ ન આપે. પરલોકની જેલમાં એકલા જવા દે, સાથે ન આવે. દુર્ગતિમાં જીવે એકલાએ જ રીબાવાનું, સ્વજન ન બચાવે. ઊલટું જે પુણ્ય બચાવી શકે તે તો સ્વજનોએ ભેગા મળીને લૂંટી ખાધું હોય. જે ધર્મ બચાવી શકે, તે ધર્મને તો સ્વજનોએ કરવા જ ન દીધો હોય. કેમકે સ્વજનોને લીધે ઘણી એવી ઉપાધિઓ હોય.

**જુહારમિત્ર** ધર્મ છે. એ કહે છે કે 'ભલેને તું દિવસો સુધી મને ન મલે, પણ કોઈવાર પણ મળે છે, તો મિત્ર જ ગણું. આપત્તિમાં સાથે ઊભો રહું.' આ મિત્ર પેલાની જેમ આપણું પુણ્ય ખાય નહિ, પણ પુણ્યને વધારી આપે. ત્યારે બીજી બાજુ પેલા બે પાપ વધારી આપે; કિન્તુ આ મિત્ર પાપ વધારે નહિ, પણ પાપનો ક્ષય કરાવી આપે. અંતે મૃત્યુરાજાનો હુમલો આવે ત્યારે મહારક્ષણ આપે. **જુહારમિત્ર 'ધર્મ'** એમ ન કહે 'ચાલ્યો જા એકલો.' એ તો **જીવની કર્મ તરફથી થતી મૃત્યુ જેવી મહાદુર્દશા વખતે સાથે રહે, અને જીવને મહાશરણ, મહારક્ષણ, અને મહાસહાય આપે. પરલોકને જેલ સમાન નહિ, પણ મહેલ સમાન બનાવે,** એટલું જ નહિ પણ **છેવટે આ ધર્મમિત્ર આપણે મોક્ષના મહાસામ્રાજ્યને અપાવે. ખબર પડે છે ? કયા મિત્રને સાચવી રહ્યા છો ?**

સુરસુંદરીને ગુરુ મહારાજ કહે છે કે જુહારમિત્ર કોઈકવાર મલનારો. અર્થાત્ ચૌદ રાજલોકના વિશાળ ક્ષેત્રમાં માત્ર મધ્યલોકમાં, માત્ર અઢી દ્વિપમાં, માત્ર પંદર કર્મભૂમિ પર, જીવ મનુષ્યપણે આવે ત્યાં એ ચારિત્ર રૂપે ભેટે ! અનંત પુદ્ગલ પરાવર્તમાં ચરમાવર્તમાં આવે ત્યારે ભેટે ! એવો એ જ્યારે મળવા આવ્યો હોય, તેને હવે વધાવી લેવામાં પ્રમાદ કે બેદરકારી શા સારું ?

આમ જુહારમિત્રની **રીત** કરતાં **વસ્તુ** અલૌકિક છે. તેમ ધર્મશ્રવણ મળે ત્યાં ધર્મની **વસ્તુ** જોવી, કેવી રીતે કહે છે તે **રીત** નહિ, એ શું કર્યું ? દુન્યવી ધોરણ મૂક્યા. દુન્યવી ધોરણ પલટો તો પછી ઈચ્છાયોગની સાધના વેગવંતી બને. શ્રદ્ધાબળ, અપ્રમાદ વગેરે વધારી શાસ્ત્રયોગમાં પરિણમે. અલબત તત્ત્વજ્ઞાન વિકસાવવું જ જોઈએ.

પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ, યોગદૃષ્ટિ સમુચ્ચયગ્રંથમાં 'પરમાત્માને નમસ્કારની ક્રિયા હું ઈચ્છાયોગથી કરું છું' એમ કહે છે. ધર્મક્રિયાની આરાધના કરવાના ત્રણ વિભાગ પાડ્યા. (૧) શ્રેષ્ઠ સામર્થ્યયોગ, (૨) મધ્યમ શાસ્ત્રયોગ, (૩) પ્રાથમિક ઈચ્છાયોગ આ ત્રણ પરીક્ષામાં પાસ થયા પછી યોગ આરાધવાની જરૂર નહિ. પરમાત્માને નમસ્કાર વગેરે ધર્મક્રિયા ઈચ્છાયોગની કરતાં આવડી, એમાં શાસ્ત્રયોગનું લક્ષ્ય રાખ્યું, એના સતત પ્રયત્નમાં રહ્યા, તો એમ કરતાં જીવ શાસ્ત્રયોગની આરાધનાવાળો થાય ત્યાં સામર્થ્યયોગનો આદર્શ રાખે. અને તે ક્રમે કરીને તે સિદ્ધ કરે. એટલે ઘાતીકર્મનો નાશ ને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. હવે વીતરાગ બન્યા એટલે લીધેલું ચારિત્ર ચાલ્યું ન જાય. ચારિત્ર મૂકી ન દે. 'ચાલો, કેવળજ્ઞાન પામ્યા, હવે ઘેર જઈને બેસીએ,' તે પણ નહિ. હવે તો વીતરાગ સર્વજ્ઞ છે માટે સ્નાતકનું ચારિત્ર બન્યું. એ કેવું ચારિત્ર ? સર્વશુદ્ધ, સહજભાવનું. હવે



એમને 'મારે આ ચારિત્ર કર્તવ્ય છે.' એવું નહિ વિચારવાનું; પણ જેમ પવનની સહજભાવે તિર્ચ્છી ગતિ હોય છે, તેમ વીતરાગ પરમાત્માને સહજ ભાવે ચારિત્ર હોય છે.

ઋજુવાલુકાના તીરે રહેલા પ્રભુ મહાવીર દેવ શુકલ ધ્યાનનો બીજો પાયો ચિંતવતા કેવળજ્ઞાન પામ્યા. હવે ? તપશ્ચર્યાની આરાધના, ને ઉપસર્ગની આરાધના પૂર્ણ થઈ ગઈ. નહોતા પામ્યા કેવળજ્ઞાન, ત્યાં સુધી એ હતું કે, 'ચાલો અભિગ્રહો કરવા દો, કે 'રાજકુમારી હોય, માથું મુંડેલું હોય, પગમાં બેડી હોય, મધ્યાહ્ન વીત્યો હોય, અડદના બાકળા હોય, રોતી રોતી વહેરાવે, તોજ તે લઈ પારણું કરવું !' હવે કેવળજ્ઞાન પામ્યા એટલે કેમ ? તો કે પામ્યા પહેલાં તો છ-છ મહિના સુધીના તપ કર્યા હતા, પણ હવે તો નિત્યભોજી ! કેવળજ્ઞાન નહોતા પામ્યા ત્યાંસુધી બધી ઈરાદાપૂર્વકની કર્મ તોડવાની તાલાવેલીવાળી આરાધના હતી. હવે એવા તૂટે એવા ઘાતીકર્મ તો નાશ પામી ગયા; અને જે અઘાતી બાકી છે, તે કાંઈ તપસ્યાથી તૂટે એમ નથી; માટે તપસ્યા નહિ.

**ઘાતીકર્મ ભયંકર ગણાય, પણ પોચાં ! લપડાક મારીએ કે ભાગી જાય ! ત્યારે ભયંકર ન ગણાતા અઘાતી કેવાં ? હઠીલાં, કે ગમે તેટલી લપડાકો મારો પણ ન જાય. એ તો ભોગવાઈને જ જાય.** એ કયા ? વેદનીય, આયુષ્ય, નામકર્મ અને ગોત્રકર્મ. છતાં એ આત્માનું બહુ બગાડે નહિ. આત્માના જ્ઞાનદર્શનાદિ ગુણનો ઘાત ન કરે એ. ત્યારે ઘાતી કોણ ? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયકર્મ એ ચાર ઘાતી. એનો નાશ ન કરો ત્યાંસુધી આત્મગુણને એ હણે. **જગતની ગુલામી કરાવે તો તે ઘાતી ! અઘાતીને જન્મ આપનાર ઘાતી !** ઘાતી મરે એટલે અઘાતીને મર્યેજ છૂટકો ! **ઘાતી કેમ ભયંકર છે ?** જીવને અજ્ઞાની, વિષયાંધ, દુર્ગુણી, નિર્બલ બનાવનાર હોય તો તે ઘાતી છે. અનંતા અલોકને કે જ્યાં કોઈરૂપી પદાર્થ નથી, જેના પ્રમાણનું માપ નથી, એવા એ માપ વિનાના ને અંધકાર કે પ્રકાશ વિનાના અલોકને જોઈ શકવાવાળો આત્મા, આ ઘાતીના ઉદયે પ્રકાશની હાજરીમાંય એક ચીજ પણ પૂરી જોઈ શકતો નથી ! પોતાની પીઠ પાછળ શું છે, તેય જોઈ શકતો નથી ! તે કોનાથી ? ઘાતીથી, અઘાતીથી નહિ.

**અઘાતી કર્મે** શરીર આપ્યું છે. તે જ્ઞાન નથી રોકતું. પણ ઘાતીએ આપેલા જ્ઞાનાવરણ જ્ઞાનને રોકી રાખે છે. શરીર મલ્યું, ઈન્દ્રિયો મળી, એ અઘાતીના હિસાબે મલ્યાં છે, એટલે **કદાચ પુણ્યાઈ ખૂટી જાય તો ઈન્દ્રિયો દુર્બલ થઈ જાય;** આંખના તેજ ખૂટી જાય, **છતાં પણ જો આપણે વીતરાગ બનવું હોય તો એ અટકાવતાં નથી !** પણ અંદર રહેલાં મોહનીય **આદિ ઘાતી તો કહે છે કે "હું છું**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**ત્યાંસુધી વીતરાગ નહિ બની શકો, ચાહે દેખતા હો કે આંધળા, મારા ગયા પછી અંધ હશો તોય વીતરાગ સર્વજ્ઞ બનશો.''**

**ઘાતી કેમ ભયંકર ?** અનંતા જ્ઞાનદર્શનને, અનંતાવીર્યને, અને અનંતી વીતરાગતાને અટકાવે છે માટે ઘાતી ભયંકર છે. માટે જ જ્યાંસુધી ભગવાન પણ કેવળજ્ઞાન નહોતા પામ્યા, ત્યાંસુધી એ ઘાતીના નાશ કરવાની તમન્ના અને મથામણમાં હતા. એ માટે કઠોર તપસ્યા કરતા. ઘોર ઉપસર્ગપરીસહ સહતા. એટલા માટે તો ઈચ્છાપૂર્વક અનાર્યદેશમાં વિચરતા. પણ કેવળજ્ઞાન પામ્યા પછી શું ? કંઈ નહિ. કેમકે ઘાતી સઘળાં નાશ પામી ગયાં. હવે જે અઘાતી કર્મ છે તે એવાં હઠીલાં છે, કે લાત મારો પણ ન ખસે. તે તેનો ક્રમશઃ ભોગવટો થઈ ગયે આપોઆપ ભાગશે. એટલે **અઘાતીથી નહિ, પણ ઘાતીથી ડરવાનું છે.** રોગ અઘાતીથી છે, અજ્ઞાનઘાતીથી છે, રોગમાં ક્યાં ડર છે ? ક્યાં દુઃખ છે ? ત્યારે ઘાતીથી ભય પામવાની વાત તો દૂર રહી, પણ ઊલટું જેટલા પ્રમાણમાં ઘાતીને પંપાળવાનું કામ ચાલુ છે, તેટલા પ્રમાણમાં તે આત્મપ્રદેશમાં પથારી લાંબી કરીને સુવાના ! જો આપણું કામ એને લપડાક મારવાનું, તો તેનું કામ ભાગી જવાનું.

એટલે શું સમજ્યા ?

**કર્તવ્ય :** અંતરમાં ઉઠતા ક્રોધ, અભિમાન વગેરે કષાયો, અને કામ, ભૂખ, ઈર્ષ્યા વગેરે લાગણીઓથી ડરવાને બદલે એ જ હૃદયમાં રમતા રાખવાનું જેટલું આપણે કરીએ, તેટલા પ્રમાણમાં એ આત્મામાં દઢમૂલ થાય. એના બદલે એ કષાયો અને એ કુલાગણીઓથી જો ભય પામી, એની સામે ક્ષમા, નમ્રતાદિની અને બ્રહ્મચર્ય, તૃપ્તિ તથા પ્રમોદ વગેરે ભાવનાની લપડાક મારો, તો એ ભાગી જાય. **મહેનત ઘાતીને કચરવાની કરવી જોઈએ, પોષવાની નહિ તેમ અઘાતીને કચરવાનું કામ નથી.** પાપના ઉદયે આવેલી નિર્ધનતા, કે **અઘાતીના ઉદયે આવેલો રોગ નહિ ખસે,** જો નિકાચિત વિપાકોદય હશે તો **પણ ઘાતીના ઉદયે આવેલી દુર્બુદ્ધિ, અજ્ઞાન અને ધર્મપ્રવૃત્તિમાં પ્રમાદ, એને સામો પુરુષાર્થ કરીને ભગાડી શકાય એમ છે.**

કેવું જૈનત્વ ? :

પ્રભુ મહાવીરદેવ સંસારમાંથી બહાર નીકળી દીક્ષા લઈને બહાર પડ્યા, કે એકદમ જાણે તપ પર તૂટી પડ્યા. બેમાસી, ચોમાસી, છમાસી ! સંયમ લીધું એટલે એકદમ પુરુષાર્થને ખડો કરી દીધો, કાયક્લેશ, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, દિવસોના દિવસો અનશન, સતત કાઉસ્સગ્ગધ્યાન, આ બધું ઈચ્છાપૂર્વક ઊભું કરી દીધું ! કેમકે સમજે છે કે આ જે વિવિધ તપશ્ચર્યા છે, તે ઘાતીને લપડાક છે ! તપશ્ચર્યા



આરાધવા માંડી એટલે **કષાય** પર ઘણ પડે ! **મોહ** મરતો આવે ! ત્યાગ કરવા માંડ્યો એટલે ભોગનું જે પાપ હતું ઘાતીનું, તેને લપડાક પડવા માંડી. ધ્યાનના તપથી **નિદ્રા** ભાગવા માંડે. વિહાર વગેરે તપથી અંતરાય તૂટી **વીર્યાન્તરાયના** ક્ષયોપશમ પ્રગટે. મોટાભાગે કાયોત્સર્ગ વગેરે અભ્યંતરતપ, તેમાં કાયક્લેશ થાય તે બાહ્યતપ, આ બેની સાધના રાખી એટલે ઘાતીના ભુક્કા. **તપના ઘરનો પુરુષાર્થ ઘાતીને લપડાક લગાવે !** એને ભગાડી મૂકે છે ! ત્યારે આપણી પાસેથી જો ઘાતી ન ટળતાં હોય, તો એમાં બેદરકારી આપણી છે. એટલું જ નહિ કિંતુ બેદરકારીથી ઘાતીને આગળ વધવાની વાત જાણે આપણને પોસાતી વાત છે, એટલે તેને પાળ્યે રાખીએ છીએ. ખેદની વાત છે કે અનુપમ ધર્મશાસન મળ્યા પછી આપણી દુષ્ટ ઘાતીને તપથી દૂર કરવાની તૈયારી ઓછી ! અને અજ્ઞાન, મોહ, ધર્મવીર્યાન્તરાય વગેરે એ ઘાતીને પોષવા પંપાળવાની તૈયારી ઘણી ! કેવું જૈનત્વ !

**ઘાતી હઠીલા નથી; એની સામે આપણે હઠીલા છીએ.** જ્ઞાનીઓના જીવન અને ઉપદેશ મલવા છતાં આપણે ઘાતીને જાણે રાખી મૂકવાની હઠવાળા છીએ. એ હઠ ન હોય તો માથું દુખતું હોય ને ધર્મક્રિયા બેઠાં બેઠાં કરવાનું આવે ત્યારે, હૃદયમાં જોરદાર કલેશ થાય. 'કેવો હું હીણભાગી ? ધર્મ કરવાના અવસરે માંદો ? હવે બેઠાં બેઠાં કરીશ તો અતિચાર લાગશે, નવા વીર્યાન્તરાય બંધાશે, અહીં તો દુબળો છું જ. પણ પાપના યોગે ભવાંતરમાંય શું ?' કંઈ પશ્ચાત્તાપ થાય ? **શોધવાની જરૂર છે કે જે ઘાતી કર્મોને આપણે જૈન શાસનના બળે તોડી શકવાનું સામર્થ્ય ધરાવીએ છીએ તેવા ઘાતીને તોડવાનો ધંધો ચાલુ છે, કે પંપાળવાનો ?** શું અજ્ઞાન સ્વયં ઉઠતું નથી, કે આવા ઉત્તમ સામગ્રીવાળો ઉત્તમ ભવ છતાં આપણે એને ઉઠવા દેતા નથી ? આત્મામાંથી જાણે એ ઉઠી જવા તૈયાર છતાં બેસાડીએ છીએ ? વિષયો આવીને ચોંટે છે, કે આપણે લાલસા કરી કરી એને શોધીને, મેળવીને, પછી એને બાથ ભરીને બેસાડી રાખીએ છીએ ? વળી **એ લાલસા ઉખડી ન જાય માટે વારંવાર મીઠા સ્મરણના ગુંદર લગાડીએ છીએ ?** અલબત વિષયની લાલસા અને કષાયની પકડ આત્મા પર અનાદિ કાળથી છે. પણ **જો એના પર પેકિંગ-સિલિંગ કરવા તૈયાર ન હોઈએ, તો તે ઉખેડવા તૈયાર છે. પણ જો તેને સીલ પેક કરવાની રમત આ જન્મમાં પણ ચાલુ, તો આ જન્મ નહિ પણ કેટલાય જન્મમાં એ નહિ ખસે ! આપણે હઠીલા બનીને તેને હઠીલાં બનાવીએ છીએ.**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

# (૨૯) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

સામર્થ્યયોગનું સામર્થ્ય એવું છે કે, જુગજુના ઘાતી કર્મો જે અંદર ભરાઈ બેઠેલાં છે, તેને અંતર્મુહૂર્તમાં દૂર કરે ! પણ એ પૂર્વે શાસ્ત્રયોગની સાધના જોરદાર જોઈએ. એ માટે તીર્થંકર દેવ જેવા પણ ઘોર તપશ્ચર્યા ને ઉગ્ર સંયમની સાધના કરતા હતા. એમાંથી સામર્થ્યયોગ પ્રગટાવીને ઘાતીના અનંતકર્મો જે જનમ જનમનાં બાંધેલા હતા, તે બધાંને ઋજુવાલુકા નદીના કિનારે પ્રભુ મહાવીર વિભુએ અંતર્મુહૂર્તના કાળમાં ઉખેડી નાખ્યા ! **વાત આટલી છે કે મોહનીય વગેરે ઘાતીનું પોષણ ન કરો. ઘાતીના જોરથી આત્મા** નિષ્ઠુર પરિણામે જે લંપટતાનું પાપ લાગ્યું, તે ઉદયમાં આવે ત્યારે જીવ વિકરાળ વાઘ જેવો હશે ! જે આત્મા સમજે છે કે આ વસ્તુ કરવા લાયક નહિ જ, છતાં જો જાણીબુઝીને ખુશીથી મનને એમ મનાવી લે છે કે 'આનો તો વાંધો નહિ,' તો તે ઠેઠ ઘાતકી પરિણામ સુધી પહોંચે છે !

**ચકોરતા :** પ્રભુએ કેવળજ્ઞાન પામતાં પહેલાં ઘોર તપશ્ચર્યા, ભયંકર કાયકષ્ટ અને દિવસ ને રાત કાઉસ્સગ્ગમાં, આવું સાડાબાર વર્ષ કર્યું ! ઘાતીનો નાશ થયો ત્યાંસુધી એ કર્યું. કેવળજ્ઞાન પામ્યા પછી એ નહિ. સામર્થ્યયોગ એવી ચીજ છે કે એ કેવળજ્ઞાન પમાડી દે, પછી એની કે શાસ્ત્રયોગ અને ઈચ્છાયોગની કોઈ જરૂર નહિ. શાસ્ત્રયોગ માટે શું જોઈએ ? સમ્યગ્દર્શનની ઊંચી નિર્મળતા, એ માટે આઠ પ્રકારના દર્શનાચાર ખૂબ ખૂબ આચરવા જોઈએ. એથી તત્ત્વજ્ઞાની બની ચકોર બનવાનું. પોતાના દોષોને પડછાયામાંથી ઓળખીએ તેવો ચકોર ! સાધના કરવા બેઠા ને કોઈ અતિચારનો સંભવ પણ જાણ બહાર જાય, તે બને નહિ ! એથી પ્રમાદ, સ્ખલના, અવિધિ વગેરેનો ત્યાગ કરી અપ્રમત્ત બનવાનું. દુકાન પર **નોટો ગણતાં બે નોટો કદાચ ભેગી ચાલી જાય, એવો પ્રમાદ કે બેદરકારી કરો ખરા ?** ના, તો પછી અહીં ધર્મક્રિયામાં કેમ પ્રમાદ રહે ? **મનને કહી દો કે ધર્મને તો હું નોટો કરતાંય અધિક ગણું છું, માટે બરાબર સજાગ રહીશ.**

પ્રભુના દર્શન કરીને પાછા ચાલ્યા; પણ વળતાં પ્રભુ તરફ આપણી જરાક પીઠ થઈ. શાસ્ત્રયોગમાં આ ન ચાલે. ત્યાં તો બરાબર ખ્યાલ હોય કે ભગવાનની નજરમાંથી જ્યાંસુધી બહાર ન નીકળું, ત્યાંસુધી જરાય પ્રભુને મારી પીઠ ન થાય. આવા અતિચાર કે સ્ખલનાઓ આપણી જોઈએ તો કેટલી નીકળે ? ત્યાંસુધી શાસ્ત્રયોગ શો આવે ?



**શાસ્ત્રયોગના માર્ગે :** સમ્યગ્દર્શનની નવીન નવીન **નિર્મળતા, અતિચાર અને દોષોને પરખવાની ચકોરતા,** શાસ્ત્રયોગી કેમ બનાય તેને અનુલક્ષીને **ઉદ્યમ,** તે બંને માટે **પ્રમાદનો ત્યાગ ને અવિધિનો ત્યાગ** કરવાનું આવડે, તો શાસ્ત્રયોગી બનવાની વાર નહિ. માટે ઈચ્છાયોગમાં જેમ જેમ આગળ વધતા જાઓ તેમ તેમ પ્રમાદને ડામો. સંપૂર્ણ નહિ તો અમુક અમુક અંશે. આટલી વિકથા ઓછી કરો, આટલા વ્યસન દૂર કરો, આટલા વિષય ઓછા કરો, આટલા કષાયને કાપો ! જીવનમાં જો પ્રમાદને ઓછો કરશો, તો ધર્મયોગનો રંગ જામશે. **અર્થકામની તાલાવેલી, રંગરાગ ને મોહ** તથા **વિલાસ અને વૈભવ પ્રત્યે આત્માનાં આકર્ષણ, તે મોટો પ્રમાદ છે !** તે મોટા પ્રમાદને ઓછા કરો, એટલે કે એ બધો કથલો મામૂલી કરી દો, અર્થાત્ એનો ભાર માથેથી ઉતારી દો, તો ધર્મસાધનામાં આગળ વધી શકો એટલે જ રાજા કુમારપાળ જ્યારે રાજ્ય સંભાળતા હતા ત્યારે સમજતા હતા કે જો માથે **રાજ્ય સંભાળવાનો બોજો વધુ પ્રમાણમાં રાખુ તો ગુરુદેવ હેમચંદ્રસૂરિજી મહારાજ આગળ સુખે બેસી ન શકું.** માટે એ બોજાનું પ્રમાણ ઘટાડી દેવા માટે બારવ્રત અને જૈનત્વનું વિશિષ્ટ પાલન, ચોમાસામાં કડક નિયમો વગેરેને આનંદથી સ્વીકારેલું હતું. આમેય જુઓ કે ઉપાશ્રયમાં પેઠા એટલે સંસારની આંધિને કિલ્લામાં પૂરી દીધી. આંધી એટલે તેના અંગેની ચિંતાઓ, વિચારણાઓ. તેને કેદ કરી શકાય; 'નિસીહિ' એટલે શું ? જાણે 'કિલ્લો' એમાં આંધિઓ કેદ પૂરાઈ ગઈ. પછી ધર્મયોગની સાધના સુંદર થાય.

પરમાર્હત કુમારપાળે સંસારને માત્ર ત્રણ ભવમાં સમાપ્ત કરવાનું કર્યું ! મિથ્યાત્વ અને રાગદ્વેષને એવા ધક્કે ચઢાવી દીધા, કે પોતાના શરીર પરથી અવસરે મંકોડો ન ખસ્યો, તો મંકોડાને નહિ ઉતાર્યો, પણ પોતાની ચામડી ઉતારી કાઢી ! અવસરે દેવીનું ત્રિશુળ ખાવાનું કર્યું, પણ દયા નહિ છોડી ! યાવત્ ચિતામાં બળવાની તૈયારી રાખી ! તે આ બધું, પણ ક્યારે બને ? જ્યારે ગુરુમહારાજ આગળ શ્રુતના શાસ્ત્રવાણીના અમૃત કુપ્પા પેટ ભરીને પીતાં આવડે તો ! ક્યારે પીતાં આવડે ? કે જ્યારે સંસારની ચિંતાઓને તાળાં મારતાં આવડે તો ! તાળાં મારતાં ક્યારે આવડે ? જ્યારે તેનો બોજ માથે ન લઈએ તો ! શાસ્ત્રયોગના આદર્શવાળો એ સમજે છે કે અપ્રમાદી બનું ત્યારે શાસ્ત્રયોગી બની શકું. અપ્રમત્ત બનવા માટે સંસારમાં હોઉં, ત્યારે પણ માથેથી સંસારનો બહુ બોજો ઉતારી નાખવો જોઈએ.

**જીભ અને મન પર પરમાત્મા :** કેટલાક દુર્ભાગી જીવો, જે જીભથી પ્રભુના ગુણગાન કરી શકાય, જે મનથી પ્રભુના ગુણ વિચારી શકાય, તેનાથી જ લોકના



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

દોષોને ઉકેલે છે. તો કહો સાપને જીભ મલી. ને એને જીભ મલી તેમાં શું ફેર ? સાપ જીભને વારેવાર બહાર કાઢે છે ! કહે છે સાપે સાપ મલ્યા તો શું ? જીભના લપકારા. તેમ બહુ બોલકણાઓ ભેગા મળે એટલે જાણે કુથલી, વિકથા, નિંદાની એજન્સી ન રાખી હોય ! તે સાપ જેવા ! તેવાને નથી ને એક પ્રશ્ન પૂછો તો સો વચનો બોલે. જો પુણ્યે મળેલ જીભ અને હૃદય પર પરમાત્માને વસાવે, તો પછી એ આત્માને જે પવિત્રતા અને પ્રોત્સાહન આપે, તે અવસરે દેવ પણ ન આપી શકે. ટૂંકા જીવનમાં ટૂંકી જીભ ! જે સારું બોલવું હોય તે સ્વતંત્રપણે બોલી શકાય. આટલી અનુકૂળતા છતાં, તે જીભ પર પરમાત્માને અને જિનવાણીને વસાવવાનું કેમ નથી થતું ? ને ગલીચ વાતો વસાવવાની કેમ બને છે ? જૈનને એ ગમે જ કેમ ? જૈન તો આત્મપુરુષાર્થ એવો ફોરવે, કે જીભ અને મન એના આશીર્વાદરૂપ બને. એટલે **આત્મપુરુષાર્થ વધે તો જગતમાં જ્યાં પ્રમાદથી લોકો લખલૂટ કર્મ બાંધે છે, ત્યાં જાગ્રત સુયત્નથી આ લખલૂટ કર્મ-નિર્જરા કરે.**

**આત્માની માપબંધી :** જે સંસાર નભાવો છો તે માટે બધી વાતની જરૂર માનો છો; આટલાં વાસણ. આટલાં ગાદલાં, આટલી ખુરશી, આટલા કોચ, આટલાં સાધન, આટલાં કપડાં લત્તાં જોઈશે જ. એમ ખર્ચ તો આટલું જ, શોખ તો આટલાજ, માપાબંધાથી બધું નક્કી કેમ ? પણ **ખરી રીતે આત્મા માટે માપાબંધી નક્કી કરી રાખજો** કે આટલી તૃપ્તિ, આટલી ખામોશ, વગેરે જોઈશે જ. વિષય તો આટલા જ, કષાય તો આટલા જ, એથી વધુ નહિ જ કરાય ! **વિષય કષાય તો કચરા છે. તો શું કચરા માટે તદ્દન છૂટ !** ના માપાબંધી જોઈએ. એ સમજજો કે આ કચરાનો ભાર ઊંચકીને ન ફરાય, નહિ જ ફરવું જોઈએ. કેમકે તેની દબામણ એવી છે કે આપણો તો છુંદો જ થઈ જાય. "મારે રસ, ઋદ્ધિ, ને શાતાના ગારવ અપરિમિત નહિ કરવાના. ગારવ એટલે અભિમાન. ગારવ તો આટલા જ કરવાના. મનમાં ખુમારી ચઢી જાય, અને 'ખાવાની તમને શું ખબર પડે ? એ તો અમને જ આવડે,' આવું કદાચ બોલાઈ જાય, તો પણ બસ ! એટલું જ, પછી ગારવમાં આગળ નહિ વધવાનું. **ઓછા વિષયથી, ઓછા કષાયથી, ઓછા શલ્યથી, ઓછા ગારવથી, ને ઓછા દુર્ધ્યાનથી, (ઓછા એટલે ? ઘણી ઘણી કાપકુપ કરીને,) જીવન ચલાવવાનું જે સમજે, તેનું નામ સાચો મોક્ષાભિલાષી, સાચો ધર્માત્મા, વીતરાગના શાસન માટે સાચો યોગ્ય જીવ !** આ ઓછું કરવાનું ન સમજે, ને પેલામાં બધું સર્વાંશે જોઈએ, તેને મોક્ષ સાથે, ધર્મ સાથે, જિનશાસન સાથે શો સંબંધ ?



**ધર્મયોગમાં હૃદય ક્યારે મળે ? :** સંસારમાં રહ્યા છતાં સંસારનું ઝેર ન ચઢી જાય, સંસાર વિજય ન મેળવી જાય, તે માટે આ લિમિટ કરવી જોઈએ. ક્યાં લિમિટ નથી ? ખાવામાં, પણ જ્યાં ઊલટી થાય એવું લાગે એટલે કહે છે કે રહેવા દો. બચ્ચાને ખીલવતો હોય, પણ બચ્ચું અવળચંડુ એટલે જો બે ચાર લાત મારે તો કહે, 'ચાલ ઉઠ, ભાગ અહીંથી' **પરલોકની ચિંતા અને મોક્ષની લગની લાગે એટલે વિષયકષાયાદિમાં ઓટોમેટિક (આપમેળે) લિમિટ આવી જાય.** એનું નામ સંસારમાં રહ્યા છતાં સંસારના ઝેર ચઢ્યા નહિ. હજી બેઠા છો ભોગમાં, છતાં યોગી ! માત્ર હવે એ વિષય, કષાય, ગારવ, શલ્ય, વગેરેમાં મર્યાદા થઈ, એના પર મોટો કાપ પડ્યો, એટલે યોગ માટે સારા જેવો અવકાશ મળવાનો, અને હૃદય એમાં મળવાનું.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૪૩,તા.૧-૮-૧૯૫૩

## (૩૦) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

### • સામર્થ્ય યોગ •

**સામર્થ્યયોગમાં આત્મશક્તિની ઉત્કટતા :** હવે આપણે સંક્ષેપમાં સામર્થ્યયોગનું વિવેચન જોવાનું છે, શાસ્ત્રકાર મહર્ષિ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તેનું વર્ણન કરતાં લખે છે કે :

**शास्त्रसन्दर्शितोपायस्तदतिक्रान्तगोचरः ।**
**शक्त्युद्रेकाद्विशेषेण सामर्थ्याख्योऽयमुत्तमः ॥**

અર્થાત્ ત્રણે યોગમાં સામર્થ્યયોગ ઉત્તમ કોટિનો છે, કેમકે એ તરતજ મુખ્ય ફલ જે 'વીતરાગતા,' તેને ઉત્પન્ન કરે છે. એમાં આત્મશક્તિ પ્રબલ રીતે વિકસાવવામાં આવે છે. વિકસાવતી આ બહુ જ બળવાન આત્મશક્તિ શેમાં પ્રવર્તે કે ? શાસ્ત્રે કહેલા ઉપાય પર્યંત જ નહિ, પણ તેથીય આગળ આગળના ઉપાયમાં, એટલે શું સમજ્યા ? શાસ્ત્રે જે ઉપાયોનું વિશેષ વર્ણન નથી કર્યું, તે ઉપાયોમાં આ પ્રબળ આત્મશક્તિ પ્રવર્તે છે, ત્યારે જો તમે પૂછો કે શું મોક્ષના સર્વ ઉપાય શાસ્ત્રમાં વિસ્તારથી વર્ણવેલા ન મળે ? તો એનો ઉત્તર ગ્રંથકાર મહર્ષિ પોતે જ આપે છે કે એમ તો શાસ્ત્ર ઠેઠ ફળ સુધીનું વર્ણન કરે છે, તેથી તેમાં ઉપાયનું સામાન્યરૂપે વર્ણન કર્યું હોય છે, પરંતુ વિશેષ રૂપે નહિ, એનું કારણ એ છે કે



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

વિશેષરૂપે આ ઉપાય જે અસ્તિત્વમાં આવે છે, તે આત્માની શક્તિની અત્યંત પ્રબળતાને લીધે.

**સામર્થ્યયોગની પ્રક્રિયાને શાસ્ત્ર વિસ્તારથી ન વર્ણવી શકે :** એ અતિ પ્રબળ આત્મશક્તિ કેવી રીતે કામ કરી રહી હોય છે, એનું વર્ણન શાસ્ત્રમાં થઈ શકે એવું હોતું નથી. છતાં શાસ્ત્ર સામાન્યથી કહે છે કે, 'શાસ્ત્રયોગને માટે જરૂરી એવાં આત્મવીર્ય કરતાં અતિ ઉત્કટ રૂપે જો આત્મવીર્ય ઉલ્લસે, તો સામર્થ્યયોગ જન્મે. એમાં આવી રીતે અપ્રમત્ત સંયમભાવથી આત્મા આગળ વધી ધર્મધ્યાન અને શુકલધ્યાન ધ્યાવતાં શ્રેણીમાં ચઢે ત્યારે અપૂર્વકરણ કરતાં સામર્થ્યયોગ પામે' આવી રીતે શાસ્ત્ર વર્ણવી શકે. પરંતુ એ ધ્યાનબળના વિકાસનું વિસ્તૃત સ્વરૂપ, શ્રેણિના કારણનું વિસ્તૃત સ્વરૂપ, શાસ્ત્ર ન વર્ણવી શકે. તેથી જ એમ કહેવાય છે કે સામર્થ્યયોગના ઉપાયોનું વિશેષરૂપે, અર્થાત્ તે તે વિશિષ્ટ ખાસીયતોનું વિસ્તારથી વર્ણન, શાસ્ત્ર ન કરી શકે.

આના જ માટે શાસ્ત્રકાર મહર્ષિ આગળ ઉપર એમ ફરમાવે છે કે, સિદ્ધિ અગર મોક્ષ પ્રાપ્ત કરવાના સમ્યગ્દર્શન વગેરે જે હેતુઓ છે તે પરમાર્થથી શાસ્ત્રના આધારે સર્વપ્રકારે નથી જાણી શકાતા; કેમકે તે પ્રકારો અનંત છે. કેટલાક પ્રકારો તો શાસ્ત્રમાં વર્ણવેલા મળે છે; પરંતુ બધા જ પ્રકાર શાસ્ત્રમાં વર્ણવેલા નથી મળતા. યોગીઓ પણ એ બધાને શાસ્ત્રથી નહિ જાણી શકે. કેમકે એમ જો શાસ્ત્રથી સર્વ પ્રકારે સમ્યગ્દર્શનાદિ જણાઈ જાય, તો તો કેવળજ્ઞાનની જેમ શાસ્ત્રથી પ્રત્યક્ષ જ થઈ જવાથી તરત સર્વજ્ઞતા આવી જાય; અને મોક્ષ પણ થઈ જાય. કેમકે મોક્ષના છેલ્લા ઉપાયભૂત અયોગી કેવલીપણાનો પણ વિશેષરૂપે બોધ શાસ્ત્રોથીજ થઈ જાય. મોક્ષના હેતુભૂત સમ્યગ્દર્શનાદિના સર્વ પ્રકારોની અંતર્ગત અયોગી કેવલીપણાની વાત આવી જાય. અયોગી કેવલીપણું એટલે મોક્ષે જવાના છેલ્લા અંતર્મુહૂર્તમાં જે શૈલેશીકરણ કરાય છે તે, ત્યાં મન, વચન અને કાયાના સર્વયોગ અર્થાત્ સ્થૂલ કે સૂક્ષ્મ સઘળી પ્રવૃત્તિ તદ્દન બંધ થઈ જાય છે. આત્મપ્રદેશોને કાયા સાથે માત્ર સંબંધ એટલું જ. બાકી ઝીણામાં ઝીણી પણ કોઈ કાયિક હીલચાલ નહિ, વાચિક ઉચ્ચારણ નહિ, માનસિક ક્રિયા પણ નહિ આ અયોગીપણું; અને કેવલીપણું એટલે સર્વજ્ઞતા. શાસ્ત્રથી જો મોક્ષ હેતુના એ બધાનો સાક્ષાત્કાર થવાથી તુર્ત જ સર્વજ્ઞતા અને અયોગીપણું આવી જાય અને મોક્ષ ઉપજે. પણ એવું બનતું નથી; શાસ્ત્રના પારગામી ગણધર ભગવાન જેવાને પણ તુર્ત મોક્ષ નથી થતો, માટે કહો કે મોક્ષના સર્વ ઉપાયોનું વિશેષરૂપે જ્ઞાન શાસ્ત્રથી થઈ શકતું નથી, તેથી જ માત્ર શાસ્ત્રના આધારે એ ઉપાયો સાધી ન શકાય. તેથી જ સામર્થ્યયોગ સાધવો પડે.



એ એક એવો યોગ છે કે જેમાં શક્તિની ઉત્કટતાને લીધે એ ઉપાયો અમલમાં આવે છે,

**પ્ર.**- શાસ્ત્રયોગીને શાસ્ત્રનું જ્ઞાન તો છે જ. હવે સામર્થ્યયોગ વખતે તે ઉપરાંત કોઈ વિશિષ્ટ જ્ઞાન ખરું ?

પ્રાતિભ જ્ઞાન.

**ઉ.**- હા, સામર્થ્યયોગના મહાન આંતર પુરુષાર્થના પ્રભાવે એક **'પ્રાતિભ'** નામનું જ્ઞાન થઈ જાય છે. એ પ્રાતિભજ્ઞાન સહિત સામર્થ્યયોગ જલ્દીથી સર્વજ્ઞત્વને સાધી આપે છે. આ પ્રાતિભજ્ઞાન એક વિલક્ષણ જ્ઞાન છે, જેમ સૂર્યોદય પૂર્વે અરુણોદય થાય છે, તેમ કેવલજ્ઞાન પૂર્વે આ પ્રાતિભજ્ઞાન પ્રગટે છે. તે માર્ગને અનુસરતું ઉત્કૃષ્ટ **ઊહા** નામનું જ્ઞાન છે.

**પ્ર.**- પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાન જ કહીયે તો કેમ ? જો તેમ નહિ માનીયે તો પછી તેને મતિજ્ઞાનાદિ પાંચ જ્ઞાન ઉપરાંત છઠ્ઠુ જ્ઞાન માનવુંજ પડશે. પણ તેમ તો માની શકાય નહિ, કેમકે શાસ્ત્રમાં પાંચ જ જ્ઞાન કહ્યા છે. એને કેવલજ્ઞાન પણ નહિ કહી શકાય, કેમકે કેવળજ્ઞાન તો સામર્થ્યયોગ પછી પ્રગટે છે; જ્યારે પ્રાતિભજ્ઞાન તો સામર્થ્યયોગની સાથે જ હોય છે. માટે એને શ્રુતજ્ઞાન માનવું ઠીક છે.

**ઉ.**- પ્રાતિભજ્ઞાનને શ્રુતજ્ઞાન નહિ કહી શકાય; કેમકે તત્કાળ જ જ્ઞાનાવરણના ઉત્કૃષ્ટ ક્ષયોપશમથી એ નીપજે છે. તેમ એને કેવળજ્ઞાન પણ નહિ કહી શકાય, કેમકે એ ક્ષાયોપશમિક છે; ઉપરાંત એ સર્વદ્રવ્ય પર્યાયોને અવગાહતું નથી. ત્યારે એનાથી એ નિરાળું પણ નથી. કિંતુ અરૂણોદય જેવું છે. અરૂણોદય એ દિવસ પણ નથી તેમ રાત્રિ પણ નથી; ત્યારે એ બંનેથી તદ્દન અલગ પણ નથી; એવું જ પ્રાતિભજ્ઞાન છે.

**સામર્થ્યયોગનું પહેલું કાર્ય ઘાતિકર્મોનો ક્ષય :** શાસ્ત્રયોગ સિદ્ધ કર્યા પછી ઉલ્લસેલા આત્મવીર્યની શક્તિ એટલી બધી ઊંચી હોય છે કે એનાથી જે સામર્થ્યયોગ પ્રગટે છે, તેની સાથે અરૂણોદય જેવું પ્રાતિભજ્ઞાન પ્રગટ થઈ જાય છે, એ પછી તો કેવળજ્ઞાન પામવાની કોઈ વાર લાગતી નથી. કેમકે સામર્થ્યયોગના પુરુષાર્થ વખતે જીવ શુકલધ્યાનમાં ચઢે છે. **આ શુકલધ્યાન એક ભયંકર દાવાનલ સમાન હોય છે.** એમાં ચાર જે ઘાતીકર્મો મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય, તે કર્મના અનંત દળીયા સુકાકાષ્ઠની જેમ બળીને ભસ્મીભૂત થઈ જાય છે. પહેલાં સર્વથા મોહનીય નાશ પામે છે, પછી જ બાકીના ત્રણ ક્ષય પામે છે. **મોહનીયનો ક્ષય થયા વિના બાકીના ત્રણ નાશ પામી શકે જ નહિ.** પરંતુ મોહનીય ક્ષય પામવાની સાથે જ શુકલધ્યાનનો ચાલુ વેગ જ્ઞાનાવરણીય વગેરે કર્મોની ક્ષપણા



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

કરવાનું કામ ચાલુ કરી દે છે, તેથી બાકીના ત્રણ અવશ્ય નાશ પામે છે. આ **ઘાતીકર્મનો નાશ અર્થાત્-ક્ષપણા કરવાની અંતર્મુહૂર્ત સુધીની સળંગ કાર્યવાહીને ક્ષપકશ્રેણિ કહે છે.** કર્મનો ક્ષય કરનારી પ્રવૃત્તિની સળંગધારા તે ક્ષપકશ્રેણિ. હા, આત્મપુરુષાર્થની એક ધીખતી પ્રવૃત્તિ મોહનીય કર્મના ક્ષયના બદલે ઉપશમ કરનારી પણ છે. એ ઉપશમ શ્રેણિમાં પ્રબળયોગના પુરુષાર્થની જરૂર પડે છે. પરંતુ એ અલ્પકાળની હોવાથી તેમજ એની પછી અવશ્ય ગુણસ્થાનકમાં નીચે પતન થતું હોવાથી એની અહીં ગણત્રી નથી કરી. અહીં તો ક્ષપકશ્રેણિની વાત છે. એમાં સામર્થ્યયોગ કામ કરે છે. તો સામર્થ્યનું પહેલું કાર્ય ઘાતી કર્મોનો ક્ષય કરવાનું થયું.

**સામર્થ્યયોગનું બીજું કાર્ય યોગનિરોધ :** આ સિવાય પણ બીજે સ્થળે સામર્થ્યયોગ કામ કરે છે. તે સ્થળ છે બાકી રહેલા ચાર અઘાતી કર્મોના નાશનું. એ નાશ માટે શું બાદર કે શું સૂક્ષ્મ, સર્વ પ્રકારની મન, વચન, કાયાની પ્રવૃત્તિનો સદંતર ત્યાગ કરવો પડે છે. અને યોગનિરોધ અયોગિપદ કહે છે. એ કરવાનું સામર્થ્ય માત્ર સામર્થ્ય યોગમાં છે.

**સામર્થ્ય યોગના બે પ્રકાર :** આથી એ આવ્યું કે સામર્થ્ય યોગ બે પ્રકારે છે. એક ક્ષપકશ્રેણિ વખતનો અને બીજો અઘાતી નાશ માટેનો. શાસ્ત્રીય પરિભાષામાં એને અનુક્રમે (૧) **ધર્મ સન્યાસ સામર્થ્ય યોગ,** અને (૨) **યોગ સંન્યાસ સામર્થ્ય યોગ** કહે છે.

**ધર્મ સંન્યાસનો અર્થ :** અહીં ધર્મ સંન્યાસ પદમાં ધર્મશબ્દથી ક્ષાયોપશમિક ધર્મો લેવાના છે. તેનો સંન્યાસ એટલે ત્યાગ. અર્થાત્ ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ તે ધર્મ સંન્યાસ તે નામનો સામર્થ્ય યોગ એટલે કે જે યોગમાં એવા ધર્મોનો સંન્યાસ છે, તે યોગધર્મ સંન્યાસ સામર્થ્ય યોગ કહેવાય છે. અહીં પ્રશ્ન થશે કે ક્ષાયોપશમિક ધર્મો એટલે શું ?

**ક્ષાયોપશમિક ધર્મો એટલે** કર્મના ક્ષયોપશમથી નીપજનારા આત્મધર્મો-આત્મગુણો દા.ત. મતિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાન ઉત્પન્ન થાય. આંખેથી દેખવાપણું, કાનેથી સાંભળવાપણું, મનથી ચિંતવવાપણું ઇત્યાદિ, એમ મોહનીયના ક્ષયોપશમથી નીપજનારા ક્ષમા, બ્રહ્મચર્ય વગેરે છે.

અહીં ક્ષયોપશમનો અર્થ સમજી લેવો જોઈશે. ક્ષયોપશમ એટલે ક્ષય અને ઉપશમ. ઘાતી કર્મના જે દળીઆ ઉદયકાળ પ્રાપ્ત છે, તેનો તો ક્ષય; અને જે ઉદયકાળ પ્રાપ્ત નથી થયા, તેનો ઉપશમ અર્થાત્ **ક્ષયોપશમ એટલે સર્વથી ક્ષય નહિ, પરંતુ એવા પ્રકારનો ક્ષય કે જેમાં તે તે કર્મના દળીયાને વિપાકોદયમાં ન આવવા દેતાં પ્રદેશોદયમાં વાળી દેવાનું બને છે.** આથી હવે તે કર્મ પોતાનો વિપાક



એટલે કે પ્રભાવ બતાવી શકતું નથી. તેથી તે કર્મના પ્રભાવે આવરાઈ જતો આત્માનો ગુણ હવે આવરાતો નથી, પણ પ્રગટ થાય છે. પરંતુ **ક્ષયોપશમમાં એ ભય છે કે ભવિષ્યમાં સિલકમાં રહેલા એ કર્મના દળીઆ કદાચ વિપાકોદય પામી જાય, તો આત્માનો ગુણ આવરાઈ જાય.** દા.ત. આપણે તત્ત્વાર્થ મહાશાસ્ત્રનું અધ્યયન કરી એટલા શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ સાધ્યો. ક્ષયોપશમ થોડો વખત ટક્યો, અર્થાત્ તત્ત્વાર્થ શાસ્ત્ર અંગેનો આત્માનો બોધ ગુણ થોડો વખત પ્રગટ રહ્યો. પરંતુ જો ભણ્યા પછી તેનું પરાવર્તન અવરનવર પણ કર્યું નહિ, તો શું પરિણામ ? એજ, કે કાળે કરીને ક્ષયોપશમ નષ્ટ થઈ ગયો, અને શ્રુતજ્ઞાનાવરણીયનો વિપાકોદય જાગ્યો ! તેથી હવે એ તત્ત્વાર્થનો બોધ ગુણ આવરાઈ ગયો, ઢંકાઈ ગયો; એટલે હવે તત્ત્વાર્થ કાંઈ યાદ આવે કરે નહિ. એવું જ ક્રોધ મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય તો ક્ષમા ગુણ પ્રગટે. પણ પાછો જો સિલિકમાં રહેલાં ક્રોધ મોહનીયનો વિપાકોદય થાય, તો ક્ષયોપશમ નષ્ટ થઈ ક્ષમા ગુણ ચાલ્યો જાય.

**ક્ષયોપશમનો ઉપાય :** ત્યારે અહીં કોઈ એમ પ્રશ્ન કરે કે આત્મામાં સત્તાગત એટલે કે સિલિકમાં ક્રોધ મોહનીય હોય, તેથી તેનો કાળ પાકે એટલે વિપાકોદય તો થતો જ રહેવાનો પછી ક્ષયોપશમ શી રીતે રહી શકવાનો ?

આનો ઉત્તર એ છે કે આત્મા જો યોગ્ય પુરુષાર્થ ફોરવે તો, ઉદયકાળ પાકવાવાળા કર્મનો ઉદય તો થાય, પરંતુ પ્રદેશોદય થાય; વિપાકોદય નહિ. આનું નામ ક્ષયોપશમ. અહીં પુરુષાર્થ ફોરવવા તરીકે ક્ષમાશીલ સાધુ મહારાજનો સમાગમ ક્રોધની ભયાનકતા વિષેનું વાંચન-શ્રવણ અને ચિંતન, સદ્ભાવનાઓ, ક્રોધના કટુ વિપાકના દૃષ્ટાન્તોનો ખ્યાલ, ક્ષમાની મળેલી તક, ઇત્યાદિ કરવાની જરૂર છે. આવું બધું ચાલું હોય તો ક્રોધ મોહનીયનો ક્ષયોપશમ સિદ્ધ રહે. તેથી ક્ષમા ગુણ ટક્યો રહે. એમ માન મોહનીયનો ક્ષયોયશમ સાધવાથી મૃદુતા નમ્રતા ગુણ આવે.

**દ્વિવિધ ધર્મો : ઔદયિક અને ક્ષાયોપશમિક :** આ પ્રસંગે એ પણ સમજી લેવા જેવું છે કે શું ક્રોધ કે શું ક્ષમા, શું અભિમાન કે શું નમ્રતા. શું મિથ્યાત્વ (મિથ્યારુચિ) કે શું સમ્યક્ત્વ સમ્યગ્રુચિ એ જન્મે છે તો આત્મામાં જ, જડમાં નહિ; તો પછી બંનેમાં શો ફરક છે ? એનો ઉત્તર એ છે કે તો એ બે પ્રકારના આત્માના ધર્મોજ; કિંતુ **ક્રોધ, માન, મિથ્યાત્વ વગેરે ઔદયિક ધર્મો છે, ત્યારે ક્ષમા, મૃદુતા, સમ્યક્ત્વ વગેરે છે ક્ષાયોપશમિક ધર્મો. કર્મના ઉદયથી જે ગુણ, જે ધર્મ પ્રગટે તે ઔદયિક કહેવાય, અને કર્મોના ક્ષયોપશમથી જે પ્રગટે તે ક્ષાયોપશમિક ધર્મ કે** ક્ષાયોપશમિક ગુણ કહેવાય. ક્રોધ, અભિમાન વગેરે ધર્મો ક્રોધ મોહનીય કર્મ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

માન મોહનીય કર્મ વગેરે કર્મના વિપાકોદયથી જન્મે છે. માટે તે ઔદયિક ધર્મ કહેવાય. ક્ષમા મૃદુતા વગેરે ધર્મો, ક્રોધ માનાદિ મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે, તેથી ક્ષાયોપશમિક ધર્મ કહેવાય. અજ્ઞાન, અબુઝપણું એ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી હોય છે. તેથી તે ઔદયિક ધર્મ કહેવાય, જ્ઞાન એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે માટે તે ક્ષાયોપશમિક ધર્મ કહેવાય. આમ **સામાન્ય રીતે (૧) જેટલા દુર્ગુણો છે, દા.ત.** મિથ્યાત્વ, ગુસ્સો, અભિમાન, કપટ, કામ, હાસ્ય, શોક વગેરે; તેમજ (૨) **ગુણનો જે ઘાત છે,** દા.ત. અજ્ઞાન, નિદ્રા, દુર્બલતા, અલાભ વગેરે, **તે બધા ઔદયિક ધર્મો છે.** ત્યારે જે સદ્‌ગુણો દા.ત. જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, ક્ષમા, મૃદુતા વગેરે તે બધા ક્ષાયોપશમિક ધર્મ કહેવાય.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૪૪,તા.૮-૮-૧૯૫૩

## (૩૧) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**આગમથી શ્રદ્ધા અને ચકોરતા વધે :** ઈચ્છાયોગમાં જે ધર્મક્રિયા હાથમાં લીધી તે કરવાની ઈચ્છાથી કરવી જોઈએ; સાથે આગમનું શ્રવણ જોઈએ. કેમકે ધર્મક્રિયાની વિધિ, રહસ્યો, ઊંડા ચમત્કાર, વિશેષતા, ને તેમાં ભાવવા જેવી ભાવનાને સાવધાનીને બતાવનાર આગમ છે. આગમનું શ્રવણ કરવાથી શ્રદ્ધા વધે છે, અને બુદ્ધિ બહુ ચકોર બને છે. ક્યાં ? ચકોર આરાધનામાં; જો શાસ્ત્રનું શ્રવણ નહિ, તો આજે જે પૂજા કરતો હશે, તે પછી દશ હજારમાં દિવસે પણ તેવી જ પૂજા કરતો હશે. એમાં સુધારો કે વિકાસ નહિ હોય. કેમકે એમાં બુદ્ધિ ચકોર બની નથી. શાસ્ત્રયોગ માટે તીવ્ર શ્રદ્ધા અને ચકોર બુદ્ધિ જરૂરી છે.

ઈચ્છાયોગમાં ખામીઓ ને પ્રમાદ નડી જાય છે, માટે તે અધકચરીયો યોગ છે. એવા એ પ્રમાદ અને અવિધિને ટાળે, ને બુદ્ધિ ચકોર બનાવે, ત્યારે તે શાસ્ત્રયોગમાં જાય. શાસ્ત્ર આવું જ્યારે સ્વરૂપ બતાવે છે, ત્યારે જો આગમનું આલંબન ન રાખ્યું હોય તો ક્યાં ક્યાં મને અવિધિ-પ્રમાદ નડે છે, ને ક્યાં ક્યાં પાછો પડું છું, તેનો ખ્યાલ કરવાનો રહે જ નહિ. ઊંચામાં ઊંચા ઈચ્છાયોગમાં પણ અસંતોષ રાખીને શાસ્ત્રયોગમાં જવાનું છે તે બને નહિ. જીવ પૂજા વગેરે કરી સંતોષ વાળી દે ત્યારે એને કહો કે,

અરે ભાઈ ! તું તારી પૂજાથી જે સંતોષ માને છે, તે પહેલાં જરા તારા આત્માને પૂછ તો ખરો કે **પરમાત્મા કોણ છે ? કયા સન્માન સત્કારને યોગ્ય**



**છે ? અને તું એમનાં કેવાં સન્માન સત્કાર કરી રહ્યો છે ?'** ઘેર આવેલ એક સામાન્ય મહેમાનને પણ ચહાનો કપ જરા અનાદરથી આપો, અથવા ચિત્ત બીજે રાખી આપો, તો એને ખોટું લાગે છે. તો અહીં ત્રણ જગતના નાથની પૂજા એવી રીતે થાય તો અનાદર નહિ ? પૂજા તો કેટલા ઉત્કટ આદર વાળી અને ચિત્તના ઉપયોગવાળી જોઈએ ! પાછું એ જુઓ કે તમારા રોજીંદા ખોરાક કરતાં મે'માનને ઊંચું જમાડો તો ભક્તિ કરી ગણાય છે, તો અહીં ઇંદ્રોને પૂજ્ય એવા ત્રિભુવન ગુરુને કેવાં દ્રવ્યોથી પૂજો છો ? તેય તમારાં દ્રવ્યો કે સાધારણના ?

આ પરમાત્મા કોણ અને કયા સન્માન અને સત્કાર એમના કરીએ, તો ઉચિત સન્માન સત્કાર કર્યાં ગણાય; આ બધો વિચાર કરશો તો દેખાશે કે આપણે નથી એમને ઓળખ્યા, કે નથી એમના યોગ્ય સન્માન કર્યા.

**અનુમોદન જોઈએ ખુમારી નહિ :** માણસને પોતાની થોડીશી ધર્મક્રિયા પર ખુમારી અને સંતોષ કેમ થઈ જાય છે ? કારણ એ છે કે તે જોવા તૈયાર નથી કે આ તો અનંતજ્ઞાનીનાં વિધિ વિધાન છે. એની સાધનાની કક્ષા ઊંચી છે. એ કક્ષાને પહોંચવા જિનકલ્પી જેવા ય મથે છે, ત્યારે તું કોણ માત્ર ?

અલબત આપણાથી **જે કોઈ સુકૃત થાય, તે બદલ આપણી જાતને એવી ભાગ્યશાળી માનવી જોઈએ, કે જેથી દુનિયાનું બીજું ત્રીજું ભાગ્યશાળીપણું ભૂલાઈ જાય. પછી એ કોઈનાય બીજા ત્રીજા ભાગ્યશાલીપણામાં અંજાઈ ન જાય, એની પાછળ દીન ન બને. આમ સુકૃતની અનુમોદના જોઈએ.** પણ અનુમોદના એવી ન જોઈએ કે આપણી અનેકાનેક બીજી ખામીઓ જોવામાંથી એ આપણી નજર જ ચૂકવી દે.

કોઈએ ગોખવાનું કામ લીધું, પચીસ ગાથા સાંજે તૈયાર. ઘણું સરસ ! પણ તેમાં સંતોષ એવો ન જોઈએ કે જેથી કાલે ત્રીસ પાંત્રીસ ગાથા કરતો પણ ન થાય ! જ્ઞાનનો ખોટો સંતોષ કે ખુમારી થાય ત્યાં વિચારવું કે **'કેવળજ્ઞાનનો કેટલામો ભાગ પામ્યો ?'** માટે સંતોષ કેવો રાખવો, તે સમજજો. નહિતર અવસરે બીજા પ્રત્યે ઈર્ષ્યા, અભિમાન ને જુગુપ્સા થઈ જશે, જીવ ખુમારીમાંથી ક્યારે બચે ? જો સમજે કે,

"હું મનુષ્ય ખરો, ધર્મની સામગ્રી ખરી, તેને આરાધનારો પણ ખરો; પણ **જે સામગ્રી મલી છે, તેમાંથી જેટલું આરાધી શકાય એમ છે, તેમાંથી તો હું ઘણું જ થોડું આરાધું છું."**

જો ધર્મ સાધનાઓ કરીને શાસ્ત્રનું આલંબન ન રાખ્યું, તો આગળ નહિ વધાય ! ખુમારી પીડ્યા કરશે ! બુદ્ધિ ચકોર, વધુ ચકોર નહિ બને !



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**ઈંદ્રનું હૃદય :** આખા દેહે ઝવેરાતથી શોભતા ઈન્દ્રને પ્રભુની પૂજા કરવાનો અવસર આવે તો તેની અંગુલી કેવી મૃદુ પડે ? હૃદય કેવું ગળગળું હોય ? ને દીન જાતને કેવી ભાગ્યશાળી થયેલી માની રોમાંચ અનુભવે ? ત્યારે બીજી બાજુ જિનાજ્ઞાપાલનરૂપી ઊંચી સારી ભક્તિ નહિ કરી શકવા બદલ પોતાની પામરતા એને કેટલી ખટકતી હોય ? કેવી શરમ લાગતી હોય ! આ તો તે નાથ છે કે જેમની આગળ સામર્થ્યયોગી બનવાનું છે ! ત્યાં હજી ઘણીએ ખામીઓ ને ત્રુટિઓવાળી પૂજા ચાલતી હોય. એવા ઈચ્છાયોગ પર ખુમારી કોણ કરાવે છે ? આગમનું આલંબન લેવાતું નથી તે. તેથીજ બુદ્ધિ ઘડાતી નથી, સૂક્ષ્મ બની ચકોર થતી નથી. ચકોર બને તો તો ખોજ કરી કરીને ખામીઓને કે પ્રમાદને દૂર હઠાવી દે. પછી શાસ્ત્રયોગની શી વાર ?

**વેશ્યાના હૃદયે શ્રદ્ધાબળ ન વધે :** ત્રણ લોકના ચક્રવર્તી પાસે જઈને આવે તે બેકાર આવે ? **ભલે પૂર્ણ વીતરાગતા ના લાવી શક્યો, પણ વિરાગનું એકાદ પડિકુંય ન લાવે ?** કદાચ એમની ઉચ્ચ અડગતા ન લાવે, પણ સામાન્ય અડગતા પણ નહિ ? જઈ આવ્યો હોય શ્રેષ્ઠદાતા ચક્રવર્તી પાસે, ને બહાર પાછો મુઠી ધાન્યનાય રોદણાં રૂવે, આ શું સૂચવે છે ? પૂજા વીતરાગની કરવા છતાં વૈરાગ્ય લેવાતો નથી; તેમજ શ્રદ્ધા નથી કે **'જે મલશે તે નાથથી જ મલશે, બીજાથી નહિ જ.'** તો 'નમું તો નાથને જ, ભજું તો નાથને જ, સ્મરૂં, જપું તો નાથને જ !' આ શ્રદ્ધા નથી, તેથી મંતર-જંતર, દોરા-ધાગા, કુગુરુ-કુદેવ, બાધા-આખડી, વગેરે **સત્તર ઠેકાણે હૈયાં આપવા છે, જ્યાં લોટરી લાગે ત્યાં ખરી ! વેશ્યાના ખેલ છે આ, જેને પતિની ગણત્રી નહિ. વેશ્યાના હૃદયે શ્રદ્ધા બળ ન વધે.** પરમાત્માની પિછાન નથી, ઊંચા જૈન કુળમાં આવ્યો, તેની ખુમારી નથી, એટલે હૈયાં ઠેરઠેર ગીરો મૂકી આવે છે !

નહિતર જો હૃદય સતીનું રાખે તો એક વીતરાગ માત્ર પર શ્રદ્ધા હોય. હું તો વીતરાગનો સેવક ! હૈયું ગીરે મૂકીશ તો ત્યાં જ મૂકીશ. હું તો સર્વદાતા અરિહંતનો ભક્ત ! કાંઈ ઈચ્છીશ તો સમજીને કે એ મળવાનું એની જ કૃપાથી. આફત ટળવાનું સમજીશ તો મારા તીર્થંકર દેવથી ! નમું તો નાથને જ ! બીજાને નહિ. રોદણાં રોવું તો નાથ આગળ; જો આજીજી કરું તો નાથ આગળ !"

આમ કોણ કરી શકે ? ઈચ્છાયોગનો ધર્મ સાધતાં છતાં, આગમની વાતો જે સાંભળનારો હોય, નિયમિત સાંભળતો હોય તે. આમ સળંગ ધારાબદ્ધ તત્ત્વ સાંભળવામાં આવે ત્યારે પૂર્વાપરના સંબંધ મલે; પ્રકાશ પૂરો મળે. શ્રદ્ધા અત્યંત નિર્મળ થાય. વીર્યોલ્લાસ વધે; પ્રમાદ ફગાવી દેવાય.



**નવ્ય જીવનનો એક ઉપાય 'આલંબનના વિરહમાં પણ તાદશ ભાવ' :** આ પરમાત્મા એટલી ઊંચી કોટિના છે કે એમનું દર્શન અથાગ પ્રીતિ ભક્તિના ઉછાળાવાળું અને ભારે એકાગ્રતાવાળું જોઈએ. પરમાત્મા એટલા બધા કિંમતી લાગે કે આજુબાજુનું બીજું ટાળી એમના બિંબ ઉપર દૃષ્ટિ ચોંટેલી ઉખડે નહિ ! નવ્ય જીવનના નવ ઉપાયમાં ચોથા ઉપાયમાં શું ! સાંભળી ગયા છો; યાદ આવે છે ? ચોથો ઉપાય આ છે, કે **'આલંબન ખસી ગયા પછી પણ સાધના અખંડ રહેવી જોઈએ.'** દા.ત. આંખ સામે મૂર્તિ ન હોય છતાં તાદશ દર્શન થાય ! શાસ્ત્ર વાંચી બંધ કર્યું, છતાં મનમાં જાણે શાસ્ત્રનું વાંચન તાદશ ચાલ્યા કરે ! દિન પ્રતિદિન સંવેગ વધતો જાય. ધર્મક્રિયાઓ એવી સધાવી જોઈએ કે આત્મા આગળને આગળ વધતો જાય.

**પરમાત્માની મૂર્તિ જોતાં શું વિચારશો :** પરમાત્માનાં દર્શન કરતાં કરતાં એ એટલું ઊંચું આલંબન લાગે કે દૃષ્ટિ એમના પરથી ખસીને બીજા પર જાય નહિ ! એવો કોઈ પ્રસંગ આવે, સામાન્ય નહિ, ભારે છતાં પણ દૃષ્ટિ ન ઉખડે ! પછી તો કેમ ? તો કે પરમાત્માને જોતાં જોતાં એ પરમાત્મભાવમાં ચઢે ! દિલમાં ચિંતવે; 'અહો ! કેવું શુદ્ધ સ્વરૂપ પરમાત્માનું ! એની આગળ કોણ વિસાતમાં છે ?' એમાં ચઢ્યો ભાવ દર્શનમાં, એટલે ક્યાં પહોંચે ? બોલોને ક્યાં ? કહો કે અવસર આવ્યે શુકલ ધ્યાન અને ક્ષપકશ્રેણિ પર પહોંચ્યો હોય ! ત્યાંથી નીચે ઉતરવાનું નહિ !

'પ્રભુ, તમારું સ્વરૂપ કેવું ? કોઈ અશિવ નહિ ! પણ પૂર્ણ શિવ, અચલ, અરોગ, અનંત, અક્ષય, અવ્યાબાધ, અને અપુનરાવૃત્તિ એવી સિદ્ધિગતિ નામના સ્થાનમાં શાશ્વતપણે બિરાજનારા !' આ દર્શન કરતાં કરતાં વિચારાય કે 'હું ક્યાં ?' સેંકડો અશિવની એટલે ઉપદ્રવની સ્થિતિમાં ! ચલવિચલ સ્થિતિમાં ! કેવી ચલ ? અનેક રીતે ચલ ! કોઈ એક ઠેકાણું જ નહિ ! એક ભવમાંથી બીજા ભવમાં ! એક ચિંતામાંથી બીજી ચિંતામાં, એક જડ પદાર્થ પરથી બીજા જડ પદાર્થ પર ! એક રાગાદિ લાગણીમાંથી બીજી લાગણી પર ! એક કર્મના ઉદયમાંથી બીજા ઉદયમાં ! ક્યાં હું આટલો ચલવિચળ ? ને કેવા આપ સ્થિર ? કોઈ ભવજ નહિ, તેથી ચિંતા જ નહિ, જડ સંયોગ જ નહિ, રાગાદિ ભાવજ નહિ ! મન, રોગ, વ્યાધિ, ઉપાધિ, કર્મોદય, ઈત્યાદિમાંનું આપને કાંઈજ નહિ ! હે પ્રભુ ! આપ તો સિદ્ધિગતિમાં અનંત આનંદમાં ઝીલો છો. ને હું રોબડ અહીં રખડું છું' એમ ભાવતાં ભાવતાં ભાવ દર્શનમાં ચઢે, ને પછી કદાચ સંતોષ માને તો હજીય ઠીક. પરંતુ આમાંની કોઈ વિચારણા, આત્મદર્શન અને હૃદયવેધી પશ્ચાત્તાપ હોય નહિ,



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ત્યાં શો સંતોષ ?

"નાથ, તારા દર્શને કોઈકને સંયમ અને કોઈકને કેવળજ્ઞાન અપાવ્યાં ! અનાર્ય દેશના રાજપુત્ર **આર્દ્રકુમાર** પ્રતિમા જોતાં બુઝાયાં ! અને નાસીને લીધું ચારિત્ર ! **શય્યંભવ** ભટ્ટ યજ્ઞસ્તંભની નીચે રહેલી પ્રતિમાં જોતાં પહોંચ્યા પ્રભવસ્વામી પાસે, અને ચારિત્ર લઈ બન્યા શ્રુતકેવળી ! **નાગકેતુ**એ પુષ્પપૂજા સાથે દર્શન કરતાં કરતાં કેવળજ્ઞાન લીધું ! હું કંગાળ અનેક દર્શન કરવા છતાં મારે હજીય ચારિત્ર કે મોક્ષ ક્યાં છે ? આજના તારા દર્શનની સફળતા માટે આટલો ત્યાગ તો જરૂર લઈને બહાર નીકળું." આમ ત્રણ લોકના નાથના દર્શન કર્યા વિના જીવ બેકાર જેવો બહાર નીકળે તો ગમાર કે બીજું કાંઈ ?

જીવને કહો, કે "તે જેવા પૂજ્ય છે, એ પૂજ્યતાની સામે તું ભક્તિના હિસાબેય જે કરી રહ્યો છે, તેમાંનું કાંઈક કદાચ અનાદર આશાતનામાંય જતું હોય ! તું જે ચૈત્યવંદન કરી રહ્યો છે, તે કદાચ તેમના ગુણગાન ઉપરાંત કોઈ વિષય કષાયની સાધનામાંય જતું હશે ? શાને ખુમારીના ખેલ રચી રહ્યો છે ?" તમને આશ્ચર્ય થશે કે આશાતના કે વિષયકષાયની સાધના શેની ? પરંતુ જે પૂજ્ય પરમાત્મા દેવતાઈ દેવદૃષ્યથી પૂજાવા યોગ્ય છે, એમને તે તો નહિ, પણ મૃત્યુ લોકનાય ઉજ્જવળ મુલાયમ મલમલનાય વસ્ત્ર નહિ, કિંતુ મેલા અને બરછટ થઈ ગયેલા કપડાથી પૂજા એ શું અનાદર નહિ ? તેમ ચૈત્યવંદનમાં જો મનમાં માનની લાગણી છે કે એવી બીજી કોઈ લાગણી છે, તો શું એ **કષાય સાધના** નહિ ? હવે કહો, આમાં શો સંતોષ રાખવા જેવો કે શી ખુમારી કરવા જેવી છે ?

અહીં તમે બચાવ કરવાના કે હજી ક્યાં અમારું મન કાબુમાં છે ? પણ એ વિચારો કે અનંતજ્ઞાની વીતરાગ પરમાત્મા, અને જગતના અજ્ઞાન રાગદ્વેષી દેવ; આ બેમાં ફેરફાર ખરો કે નહિ ? દા.ત. ઘંટાકર્ણ દેવ, તેમાં માન્યું કે આનાથી કાર્ય સરે એવું છે, ત્યાં મનને કેટલું સ્થિર અને પવિત્ર રાખી શકો છો ! મન વચન કાયાને કેવા શુદ્ધ અને સ્થિર રાખી ખડે પગે કલાકભર માલા ગણી શકો છો ? ત્યારે ત્યાં એજ મંદિરમાં ઉપર જ મહાવીરસ્વામી પાસે કેટલો સમય ? શું આવડત નથી ? છે, માટે ઘંટાકર્ણની સચોટ સાધના થાય છે. અસંખ્ય ઈન્દ્રો અને ગણધરોથી પૂજિત એવા પ્રભુ પાસે જઈ આવ્યો તે સ્થિરતાથી હૈયું ભેળવીને ? દ્રવ્યો લઈને ? ત્યારે બહાર નીકળતાં એવું પણ વિચાર્યું કે હું કાંઈ નક્કર લઈને જાઉં છું કે નહિ ? આ વિચારવું કઠીન છે ? આત્મશુદ્ધિની સાચી ઈચ્છા કેળવી ધર્મ કરવા જાઓ, પછી વીતરાગ પરમાત્માના પ્રભાવ આગળ 'ઘંટાકર્ણ કુછ નહિ' એમ લાગશે. વીતરાગની પૂજા બહુ ભાવથી થશે.



ઈચ્છાયોગના ઘરનો પણ ધર્મયોગ માયકાંગલો નથી; આગમના શ્રવણવાળો છે, શ્રુતના તત્વની સમજવાળો છે. પણ પ્રમાદ છે, અવિધિ કરી નાખે છે, સમજે છે, એટલે જ્યાં સમય મલ્યો ત્યાં પાછો એકાકાર બની જશે ને દોષની ખબર પડતાં પશ્ચાત્તાપનો પાર નહિ રહે ! શ્રવણ ને સમજ હોય તો શાસ્ત્રયોગનો આદર્શ રાખીને ઈચ્છાયોગ સાધે. એટલે 'કેમ હું અધિક ને અધિક વિધિ સાચવું, પ્રમાદ ટાળું, જ્ઞાનીની આજ્ઞા અણીશુદ્ધ આરાધી કર્મક્ષય કરું ! એ ભાવના રમતી રહેવાથી જેમ જેમ ક્રિયા આદરતો જાય તેમ તેમ સમ્યગ્દર્શનને નિર્મળ કરતો જાય; ચકોરતા કેળવતો જાય; સાથે સાથે પ્રમાદ ને વધારેને વધારે કાપતો આવે. શી રીતે કપાય ? ધર્મક્રિયામાં પ્રમાદ કેમ ઓછો થાય ? સંસારની ક્રિયાને અધિક ભાર ન ચઢાવે ત્યારે થઈ શકે. કુમારપાળ ધર્મક્રિયામાં જે સ્થિરતા રાખી શકતા હતા તે એમને એમ નહિ પણ સંસારની મોટી ચિંતાઓના અને સંસારની વિકલ્પોભરી ઉપાધિઓના શિકાર નહોતા થતા માટે. **સંસારમાં વલોપાત, ચિંતા અને વિકલ્પના ભારને નીચે ઉતારતાં આવડે, તો ધર્મક્રિયામાં પ્રમાદ ઊભો ન રહી શકે.** પછી શાસ્ત્રયોગને આવતાં શી વાર ? માનવને કહી દો જૈન શાસનમાં અર્થકામ એ મહાપ્રમાદ છે. એમાં શું મુઝાવું હતું ? પૈસામાં હતું શું ? તુચ્છ પૈસા ! માટીની ચીજ, માટીમાં મલી જવાની ! ત્યારે વિષયો અને વિષય ભોગનું ખોળિયું પણ માટીનું, તેમાંજ મલી જવાનું ! **તો શું તેમાં આવેલો આત્મા એવો રંક છે કે એ માટીની ચીજ ખાતર આત્માને વેચે ?** વિષય કષાય એ પ્રમાદ છે. લક્ષ્મી એક પ્રકારનો વિષય છે. લક્ષ્મીનો રાગ એ કષાય છે. મહારાજા કુમારપાળે વિષયોનો જો વધુ પડતો ભાર રાખ્યો હોત તો વિવેક કરી શકત નહિ; ને ઊલટું અવિવેક પર વિવેકની છાપ મારત !

**રાગ-દ્વેષ-મોહની કૂતરા સાથે ઉપમા :** રાગ અને દ્વેષ, મોહ અને અજ્ઞાન, અજ્ઞાન અને ઊલટું જ્ઞાન (વિપર્યાસ) એજ ખરા ભયંકર છે. જગતમાં વધુમાં વધુ ભયંકર હોય તો મોહ છે. રાગ, દ્વેષ અને મૂઢતા એ ત્રણે કૂતરા છે ! ડાઘીયા કૂતરા ! પણ દ્વેષ બિચારો ડાહ્યો કે કરડવા આવે તે ભસીને આવે, એટલે આપણને ખબર પડી જવાથી સાવધાન બની જઈએ. પણ રાગ શાંત રીતે આવે, ને ગફલતમાં રાખી કાઢી જાય ! ત્યારે મોહ તો વળી એવો કે આવે ત્યારે ઊલટું મનાવીને આવે. કૂતરાને બકરું મનાવે ! પછી એ કેવું મહાન ભયંકર નુકસાન કરે ? એ મિથ્યાત્વની મોહ મૂઢતા છે. કાટે છતાં માને નહિ કે આ કૂતરે કાટ્યું. કેમકે એને બકરું માને છે ? પછી ઉપચારની વાત જ ક્યાં ? ફરી બચવાની વાત જ ક્યાં ? ત્યારે રાગમાં તો કહ્યા પછી ખબર પડે કે આણે બચકું ભર્યું તેથી ઉપચાર થાય, ફરીથી બચાય.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

મોહમૂઢતામાં આ નહિ. સમકિત આવ્યું કે મોહમૂઢતાને જવું પડે પણ રાગ ત્યાંસુધી આત્માને કાટે ખરું પાપનું કામ કરાવે, પાછું એ ખરાબ છે એવું માનવા દે. મોહનું કામ એવું ભયંકર કે દોષને ગુણ તરીકે બતાવેલ ! મિથ્યાત્વના લીધે 'રાગદ્વેષ ભયંકર છે, એવું હૈયે બેસે નહિ. સમકિતી જીવને મિથ્યાત્વ નથી, તેથી જો કે એને રાગદ્વેષ પીડી જાય છતાં એ જરૂર સમજે છે, કે **"રાગદ્વેષ ભયંકર છે. મારા આત્માને કરડી જાય છે; અહીં અને પરલોકમાં એની ભારે વેદનાઓ છે.** એના તરફ શા વ્હાલ અને હેત ?" આમ એના તરફ અરૂચિ જાગ્યા પછી એ કરવામાં મંદતા આવશે. એથી બીજી બાજુ અવિધિ પ્રમાદ વગેરે ઘટશે, ધર્મશ્રદ્ધાનું બળ વધશે, અને શાસ્ત્રયોગને અવકાશ મળશે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૪૬,તા.૨૨-૮-૧૯૫૩

## (૩૨) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**સદ્‌ગુણરૂપ ધર્મ બે જાતના, ક્ષાયોપશમિક અને ક્ષાયિક :** હવે આગળ વધીને જુઓ. પૂર્વે સમ્યક્ત્વ, ક્ષમા મૃદુતા વગેરે ક્ષાયોપશમિક ધર્મ કહ્યા, તેમાં ભય એ છે કે જો તેના વિરોધી કર્મ-મિથ્યાત્વ મોહનીય, ક્રોધમોહનીય વગેરે કર્મ-વિપાકોદય પામે, તો એ સમ્યક્ત્વાદિ ગુણો પાછા ચાલ્યા જાય. પરંતુ જો સિલિકમાં રહેલા એ મિથ્યાત્વમોહનીયાદિ કર્મનો સર્વથા નાશ કરી નાખ્યો હોય, તો પછી કદાપિ એનો વિપાકોદય થવાનો ભય જ ન રહે. આમ કર્મના સર્વથા નાશ પછી જે ગુણ પ્રગટે છે, તેને ક્ષાયિક ધર્મ કહેવાય છે. ક્ષાયિક એટલે કર્મના ક્ષયથકી નીપજતો ગુણ કે ધર્મ. એ નિપજાવવા માટે પ્રબળ પુરુષાર્થભર્યા સામર્થ્યયોગની જરૂર છે. ઈચ્છાયોગ અને શાસ્ત્રયોગથી આ ક્ષમાદિ ક્ષાયિક ધર્મો પ્રગટાવવાનું બની શકતું નથી. એ તો એક સામર્થ્યયોગીનીજ એવી તાકાત છે કે એ ઘાતી કર્મોની જડ ઉખેડી નાખે, અને ક્ષાયિક ધર્મ પ્રગટાવે.

**ક્ષાયોપશમિકમાંથી ક્ષાયિકમાં :** હવે જ્યાં ક્ષાયિક ધર્મો પ્રગટ્યા એટલે ક્ષાયોપશમિક ધર્મ કર્મના ક્ષયોપશમની અપેક્ષા રાખતા હતા પરંતુ હવે જ્યારે કર્મજ નથી રહ્યા, તો કર્મનો ક્ષયોપશમ પણ ક્યાંથી રહેવાનો ? તે નહિ તો ક્ષાયોપશમિક ધર્મ પણ નથી રહ્યા. ક્ષયોપશમમાં કર્મનો પ્રદેશોદય હોય છે, તેમજ સિલિકમાં કર્મની સત્તા હોય છે. ત્યારે ક્ષાયિક વખતે તો કર્મનો સર્વથા નાશ થઈ જવાથી એ



બેમાંનું કશું રહેતું નથી તેથી ક્ષાયોપશમિક ધર્મ નથી રહેતા. આથી એ આવ્યું કે સામર્થ્યયોગના પ્રભાવે ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ કરી ક્ષાયિક ધર્મો પ્રગટાવવામાં આવ્યા. તો ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગ એ સામર્થ્યયોગનું પહેલું સ્વરૂપ થયું.

**ધર્મસંન્યાસ : યોગસંન્યાસ :** બીજું કાર્ય યોગનો ત્યાગ થવાનું છે. એ બેને ગ્રંથકાર અહીં ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ શબ્દથી કહે છે. સંન્યાસ એટલે ત્યાગ. ધર્મ એટલે ક્ષાયોપશમિક ધર્મ. યોગ એટલે મન વચન કાયાની પ્રવૃત્તિ. એ બંનેનો ત્યાગ ક્યારે થાય તે વસ્તુ શાસ્ત્રકાર મહર્ષિ અહીં આ રીતે જણાવે છે કે બેમાં પ્રથમ જે ધર્મસંન્યાસ એટલે કે ક્ષાયોપશમિક ધર્મનો ત્યાગ, તે દ્વિતીય અપૂર્વકરણ વખતે થાય; અને બીજો જે યોગસંન્યાસ અર્થાત્ યોગનિરોધ તે શૈલેશીકરણ વખતે થાય.

**અપૂર્વકરણ :** અહીં અપૂર્વકરણ સમજવું જોઈશે. અપૂર્વકરણ બે પ્રકારે છે. એક અપૂર્વકરણ પહેલવહેલું સમ્યક્ત્વ પામતા પૂર્વે થાય છે; અને બીજું અપૂર્વકરણ આઠમા ગુણઠાણેથી શ્રેણિ માંડવા પૂર્વે થાય છે; અપૂર્વકરણ એટલે અપૂર્વવીર્યની ફોરવણી. જીવ અનાદિ કાળથી મિથ્યાત્વમાં-અતત્ત્વની રુચિમાં રમતો રહ્યો છે, એથી જ એના ચિત્તના અધ્યવસાય અર્થાત્ વિચારપરિણતિ મલિન રહ્યા કરે છે. એમાં 'નદીઘોલ પાષાણ' ન્યાયથી કેટલીય વાર એ અધ્યવસાયો કંઈક શુભ બને છે. આની પાછળ જો કે આત્મવીર્ય કામ તો કરે જ છે; પરંતુ તે ખાસ ઈરાદાપૂર્વક નહિ, તેથી તેને **'યથાપ્રવૃત્તકરણ'** કહે છે. કરણ એટલે આત્મવીર્યની ફોરવણી, અને યથાપ્રવૃત્ત એટલે ઈરાદા વિના જ સહજભાવે પ્રવર્તેલ. આનાથી આત્માના કાંઈક વિશુદ્ધ પરિણામ બને છે. સ્થૂલ ભાષામાં કહીએ તો શુભ વિચારસરણી ચાલે છે. પરંતુ અહીં બને છે એવું કે આત્મામાં અનાદિથી ચાલી આવતી જે રાગદ્વેષની તીવ્ર પરિણતિ, તે રૂપી દુર્ભેદ્ય ગાંઠ ખડી થાય છે. ખડી થાય છે એનો અર્થ એ નથી કે 'પહેલાં એ અદૃશ્ય થઈ ગઈ હતી અને હવે એ પ્રગટ થાય છે.' કેમકે એ અનંતાનુબંધી નામના પહેલા અર્થાત્ અતિઉગ્ર કોટિના કષાયરૂપ હોવાથી મિથ્યાત્વી જીવને ઉદયરૂપે પ્રગટ તો છે જ. પરંતુ ગાંઠ (ગ્રન્થિ) ખડી થાય છે એનો અર્થ એટલો જ છે કે યથાપ્રવૃત્તકરણની સામે આ ગ્રન્થિ દુશ્મન તરીકે ઊભી છે. હવે એનો જો પ્રબળ સામનો થાય, તોજ એ ગ્રન્થિ ભેદાય; અને તોજ પછી આગળ સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન પામવા માટે ભૂમિકા તૈયાર થઈ શકે. પણ જો એવો સામનો ન થઈ શક્યો અને ગ્રન્થિ અકબંધ ઊભી રહી ગઈ, તો જે યથાપ્રવૃત્તકરણની શુદ્ધિ કાયમ ટકે એવી નથી તે યથાપ્રવૃત્તકરણને આત્મા ગુમાવી નાખવાનો; અને પાછો અનાદિ સિદ્ધ મલિન અધ્યવસાયમાં રમતો થઈ જવાનો. એ તો કાંઈક વિશુદ્ધ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

બનેલા પરિણામની ધારાને વધુ ને વધુ વિશુદ્ધ બનાવતાં આવડે તો જ આ મહાકઠીન ગાંઠ ભેદાય અને આગળ વધાય એમ છે. ત્યારે વિચારો કે મલિન વિચારસરણીમાં જીવને અનંતો કાળ એક ધારાએ અર્થાત્ સળંગ રમ્યા કરવું હોય, તો બધું જ સહેલું છે; કોઈ એનો સામનો કરી એમાં ફેરફાર કરનાર નથી. માત્ર સારી સ્થિતિ કદાચ પ્રાપ્ત થઈ ગઈ, તો એને ટકાવવી અને આગળ વધારવી એજ મુશ્કેલ કાર્ય છે. એને દુશ્મનથી બચાવી લેવાની જરૂર છે. અને દુશ્મન કોણ ? આપણા જ આત્માના રાગદ્વેષના પરિણામ. તો પૂછો ને કે માલ-મિલકત, કુટુંબ પરિવાર વગેરે નુકસાનકારી નહિ ને ? ઉત્તર સીધો છે. રાગદ્વેષના પરિણામમાં એ નિમિત્તભૂત બનતા હોવાથી, તેમજ એના પોષક હોવાથી એ પણ નુકસાન લાવનારા જ ગણાય; માટે દુશ્મનરૂપ કહેવાય, પણ બાહ્યથી અભ્યન્તર રીતિએ શત્રુભૂત આપણા આંતરિક રાગદ્વેષના પરિણામ છે. એને જો દબાવીએ, દૂર કરીએ, તોજ આગળ વધાય એમ છે. ત્યારે પ્રશ્ન એ છે કે એ રાગદ્વેષની ગાંઠને ભેદનાર કોણ છે ?

**ગ્રન્થિભેદ અપૂર્વકરણથી થાય :** જેમ યથાપ્રવૃત્તકરણમાં આત્માના ખાસ પુરુષાર્થ વિના જ શુભ આત્મવીર્ય ઉલ્લસ્યું હતું તેમ નહિ પણ ખાસ પુરુષાર્થથી નિર્ધારિત મનવડે અધિકાધિક શુભ આત્મવીર્યને ઉલ્લસાવાય. તો પેલી ગાંઠ ભેદાય. ‘આ વીર્યોલ્લાસને અપૂર્વકરણ કહેવામાં આવે છે. ભૂલશો નહિ કે આ માટે અંતરની વિચારસરણી, અધ્યવસાય, લેશ્યા, વલણ વગેરેને ખૂબ જ ઉજ્જવળ, અપૂર્વ નિર્મળ કરવા જોઈશે. પછી તો અપૂર્વકરણ ઈન્દ્રના વજ્રની જેમ રાગદ્વેષની નિબિડ ગ્રન્થિને ભેદી નાખશે.

**અપૂર્વકરણથી પાંચ કાર્યો :** આમ જે આ અપૂર્વકરણ કરવામાં આવે છે, તેમાં કર્મ સંબંધમાં અદ્‌ભુત પાંચ વસ્તુઓ બને છે. ૧ સ્થિતિઘાત, ૨. રસઘાત, ૩. ગુણશ્રેણિ, ૪. ગુણસંક્રમ, અને ૫. અપૂર્વસ્થિતિબંધ.

**સ્થિતિઘાત અને રસઘાતમાં :** કર્મોની સ્થિતિ અને રસનો હ્રાસ થાય છે. એટલે કે યથાપ્રવૃત્તકરણમાં ભલે સહજભાવે છતાં પણ આત્મામાં એટલી શુદ્ધિ આવી હતી કે આત્માની સિલિકે પૂર્વે આયુષ્ય સિવાયના સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ જે ૭૦-૪૦-૩૦-૨૦ કોડાકોડી સાગરોપમ જેવી હતી, તે ઘટી ઘટીને ઠેઠ માત્ર એક કોડાકોડી સાગરોપમ જેટલી બની જાય છે. એમાંય પાછી એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ઓછી થાય છે. આને અંતઃકોડાકોડી સ્થિતિ કહે છે. આટલી તો યથાપ્રવૃત્તકરણમાં. હવે અપૂર્વકરણમાં આ સ્થિતિનો પાછો ઘાત થઈ ઓછાશ થાય છે. એવી રીતે એમાંના અશુભ કર્મો અર્થાત્ પાપકર્મની પ્રકૃતિઓના રસનો પણ ઘાત થાય છે. એક સ્થિતિઘાતવાળા દળીયામાં હજારો રસઘાત થાય



છે. તે સ્થિતિઘાત-રસઘાત કહેવાય છે. સ્થિતિઘાતમાં વસ્તુ એવી બને છે કે કર્મોની સ્થિતિમાં જે ઉપરની સ્થિતિના દળીયા તેને, ઉદય સન્મુખ જે નીચેની સ્થિતિવાળા કર્મના દળીયા, તેના ભેગાં નાખવામાં આવે છે. અર્થાત્ ઉદયવતી જે પ્રકૃતિઓ તેનાં દલિકોને તેના ઉદય સમયથી જ પ્રારંભીને ભોગવાતામાં અંતર્મુર્હૂત પર્યંત અસંખ્યાત ગુણ અસંખ્યાતગુણ પ્રમાણે રચના કરે છે. ત્યારે અનુદયવતી જે પ્રકૃતિઓ તેનો સ્થિતિઘાત કરવા માટે ઉદયાવલિકા પછીના સમયથી પ્રારંભીને અંતર્મુર્હૂત સુધીના રહેલા દળિયામાં અસંખ્યાતગુણ પ્રમાણથી રચના કરે. આ સ્થિતિઘાત પામેલા દળીયામાં હજારો રસઘાત કરે; અર્થાત્ અતિમંદ રસ કરી નાખે. તાત્પર્ય એ છે કે કર્મોની જે અમુક કાળની સ્થિતિ હોય છે, એનો અર્થ એ છે કે તે કાળના દરેક સમયદીઠ તે કર્મના જુદાં જુદાં દળીયાંને ઉદયમાં આવવાનું નક્કી થયેલું છે. એટલે દા.ત. કોઈ કર્મને કોડાકોડી સાગરોપમના કાળની સ્થિતિ છે; તો આત્માની અંદર તે કાળનાં બધાં સમય પર જાણે તે કર્મનાં દળીયાં પથરાઈ ગયેલાં છે. તેથી જેમ જેમ તે તે સમય આવતા જાય, તેમ તેમ તે તે દળીયાં આત્માની અંદરથી ઉચકાતા જાય અને ભોગવતાં જાય.

અહીં એક પ્રશ્ન ઉઠે છે, કે જો આમજ કર્મ ભોગવાઈને છૂટકારો પામે તો તો પછી સર્વ કર્મોનો છૂટકારો શે થાય ? કેમકે કર્મ બાંધવાનું કામ તો સમયે સમયે ચાલુ છે, અને ક્રમસર ભોગવવા કોડાકોડી સાગરોપમો જોઈએ; તો એ બધા ક્યારે ભોગવાઈને પૂરા થાય, અને ક્યારે આરો આવે ? આનો ઉત્તર એ છે કે બાંધેલા કર્મ એમજ અખંડ રહીને ક્રમશઃ ભોગવતાં જાય, એવું મોટા ભાગે બનતું નથી. પરંતુ બંધાઈ ચૂક્યા પછી પણ એના પર અનેક જાતના ફેરફારો થાય છે. શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો એના પર અનેક કરણો લાગુ થાય છે. જેમકે, સંક્રમણકરણ, ઉદીરણાકરણ, ઉદ્વર્તનાકરણ, અપવર્તનાકરણ, વગેરે. **સંક્રમણમાં,** આ બંધાયેલા કર્મના જથામાંના કેટલાંય કર્મદલિકો, એ વર્તમાન સમયે બંધાતા સમાનજાતીય કર્મના ભેગાં ભળી જાય છે, અને પછી એનું સ્વરૂપ ધારણ કરે છે. દા.ત. પૂર્વનું બાંધેલ અશાતા કર્મ વર્તમાનમાં બંધાતો શાતાકર્મ ભેગું ભળી શાતારૂપે બની જાય છે. ત્યારે **ઉદીરણાકરણથી** મોડે ઉદયમાં આવવાનાં કર્મદળિયાં વહેલાં ઉદયમાં આવે છે. જેમ ઝાડ પર રહીને મોડી પાકવાની કેરી ત્યાંથી ઉપાડી ઘાસ વગેરેમાં દબાવાથી વહેલી પાકે છે, તેમ ઉદીરણાથી કર્મ વહેલું પાકી જાય છે. **અપવર્તનાકરણ** કર્મોની બંધાયેલ સ્થિતિનો હ્રાસ કરે છે. આવી રીતે બાંધેલા કર્મમાં ફેરફાર થાય છે.

તો હવે જુઓ કે જે પૂર્વે કહ્યું કે અપૂર્વકરણમાં એક કાર્ય સ્થિતિઘાતનું થાય છે, ત્યાં સ્થિતિના છેલ્લે કાળે પાકવાના કર્મને એ વર્તમાનમાં બીજાની સાથે સાથે



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ઉદયમાં આવી જાય, એવાં કરવામાં આવે છે. એથી ઉપરની કાળ સ્થિતિમાં કર્મ હવે રહ્યું નહિ એટલે આ કર્મની સ્થિતિ એટલી ઘટી ગણાય. એનું નામ સ્થિતિઘાત. રસઘાતમાં અશુભ કર્મોના તીવ્ર રસના અમુક ખંડનો ઘાત કરી તે રસને મંદ બનાવવામાં આવે છે; જેથી હવે એ અશુભ કર્મ એના ઉદયમાં એટલું તીવ્ર વેદન નહિ કરાવે. આ સ્થિતિઘાત અને રસઘાત કરવા માટે યથાપ્રવૃત્તકરણ સમર્થ નથી. તે માટે તો અપૂર્વકરણ જોઈએ. અપૂર્વ એટલે સંસારમાં કદી નહિ જગાવેલ એવું કરણ અર્થાત્ આત્માનો જબરજસ્ત આંતરિક ધર્મવીર્યોલ્લાસ પ્રગટવો જોઈએ. ત્યારે જીવનમાં ખરી વિશેષતા પણ એની છે, પણ પાપ વીર્યોલ્લાસની નથી. એ તો અનંતાભવો કરી. તેમ અપૂર્વ ઉન્નતિ અને સુખ પમાડનાર પણ એજ છે. માટે શક્ય દેખાય ત્યાં અને ત્યારે શુભ આત્મવીર્યોલ્લાસને, શુભ અધ્યવસાયોને, શુભ પવિત્ર વલણ અને લાગણીઓને જગાવતાં, ટકાવતાં અને વધારતાં ચાલો.

**ગુણશ્રેણિમાં** પ્રતિસમય અસંખ્યગુણ ચઢતા ક્રમે કર્મ દળિયાંની રચના કરવામાં આવે છે. (ગુણ=અસંખ્યગુણ; અને શ્રેણિ=ચઢતા ક્રમે રચના) આનું પરિણામ એ આવે છે કે હવે પ્રતિસમય અધિક-અધિક પ્રમાણમાં કર્મ દલિકની રચના થઈ ભોગવાઈને ક્ષય પામી જાય છે. સ્થિતિઘાતમાં ઉપરની લાંબી સ્થિતિનો નાથ થયો હતો. આમાં એ કર્મદળિયા અધિક અધિક પ્રમાણમાં રચાઈને નાશ પામે છે. અપૂર્વકરણમાં સમય પર સમયે આત્માની વિશુદ્ધિ વધતી જતી હોવાથી આમ બનવા પામે છે, કે પૂર્વ સમય કરતાં પછીના સમયે ઉદય માટે અસંખ્યગુણ કર્મદલિકની શ્રેણિ રચાઈ જાય. આ દલિકનો રસ પાછો રસઘાતથી અત્યંત મંદ થઈ ગયેલો હોય છે.

**ગુણસંક્રમમાં,** પૂર્વે જે સંક્રમણની વાત કહી તે મુજબ પરંતુ આમાંય પૂર્વવત્ પૂર્વબદ્ધ સત્તામાં રહેલ અશુભ કર્મ દળિયાનું અસંખ્યગુણ અસંખ્યગુણ સંક્રમણ બંધાતી સજાતીય શુભ પ્રકૃતિમાં થયા કરે છે.

**અપૂર્વ સ્થિતિબન્ધમાં,** પૂર્વે અનાદિ અનંતકાળમાં અશુભ કર્મોનો કદી નહિ કરેલો એવો જે **અલ્પ** સ્થિતિબંધ, તે અહીં કરે છે. અહીં પ્રશ્ન થાય કે અપૂર્વકરણના શુભ અધ્યવસાય વખતે શુભ કર્મબંધ હોઈ શકે, પણ અશુભકર્મ બંધાય જ ક્યાંથી કે એની અલ્પ સ્થિતિનો બંધ વિચારવો રહે ? આનો ઉત્તર એ છે કે પરાવર્તમાન કર્મ પ્રકૃતિઓમાં પ્રાય શુભ બંધ થાય છે; અને કર્મ પ્રકૃતિઓમાં જે ધ્રુવબંધી પ્રકૃતિઓ છે, તે શુભ અને અશુભ તે તે ગુણઠાણા સુધી અવશ્ય બંધાય છે; પછી ભલે ત્યાં વિચારણા શુભ પ્રવર્તતી હોય. આ શુભ અધ્યવસાયનો લાભ એ કે એ પ્રકૃતિઓની કાળસ્થિતિ અલ્પ અને રસ મંદ બંધાય. કેમકે એવો નિયમ છે કે



**રાગદ્વેષનો સંકલેશ જેમ વધારે, તેમ કર્મની બંધાતી સ્થિતિ મોટી હોય, તથા અશુભ કર્મનો બંધાતો રસ તીવ્ર અને શુભ કર્મનો બંધાતો રસ મંદ હોય. એથી ઊલટું જેમ એ સંકલેશ ઓછો, એટલે વિશુદ્ધિ વધારે, તેમ કર્મની બંધાતી કાળ સ્થિતિ નાની હોય, અશુભ કર્મનો રસ મંદ બંધાય, અને શુભ કર્મનો રસ તીવ્ર બંધાય.** અહીં અપૂર્વકરણમાં વિશુદ્ધિ અપૂર્વ છે, તેથી અશુભ કર્મની સ્થિતિ જે અલ્પ બંધાવાની, તે પણ અપૂર્વ અલ્પસ્થિતિ બંધ કહેવાશે. કેમકે પૂર્વે કદી આટલી અલ્પ નહિ બાંધેલી.

**ઉપશમ-ક્ષયોપશમ સમકિતની પ્રક્રિયા : અંતરકરણ અને ૩ પુંજ :** આ રીતે આ પાંચ વાનાંવાળા અપૂર્વકરણથી ગ્રન્થિભેદાય છે. પછી સિદ્ધાંતમતે અનિવૃત્તિકરણદ્વારા કાં મિથ્યાત્વોદય વચ્ચે અંતરકરણ કરી ઉપશમ સમ્યક્ત્વ પામે છે, અગર તો મિથ્યાત્વનાં ત્રણ પુંજ કરી ક્ષયોપશમ સમ્યક્ત્વ પામે છે. પહેલાં કરતાં બીજા માટે આત્માના પરિણામની વધારે નિર્મલતા જોઈએ છે. પહેલામાં ઉપશમ સમકિતના અંતર્મુહૂર્ત કાળ દરમિયાન જે મિથ્યાત્વ દળિયા ચાલુ કર્મ ઉદયમાં આવવાનાં હતાં, તેને એના પૂર્વના કાળમાં ખેંચી ઉદયમાં લાવી નાખવામાં આવે છે; તેથી હવે આ અંતર્મુહૂર્તનો કાળ મિથ્યાત્વોદય વિનાનો ખાલી પડે છે. અર્થાત્ પૂર્વે છેક છેલ્લા સમયે ભોગવાયું, અને આ અંતર્મુહૂર્ત પછી જે પહેલા સમયે પાછું સિલિકનું મિથ્યાત્વ ઉદયમાં આવવા ડોકિયાં કરી રહ્યું છે. તે એમ બે સમયોની વચ્ચે અંતર્મુહૂર્ત કાળનું અંતર પડી ગયું; આ **અંતરકરણ** થયું. એ કાળમાં ઉપશમ સમકિત હોય છે. પછી એ અવશ્ય ચાલ્યું જાય છે. હવે જો અંતરકરણની પ્રક્રિયાને બદલે, અધિક વિશુદ્ધિથી ત્રણ પુંજ કરવાની પ્રક્રિયા થાય તો એમાં આત્માની સિલિકે રહેલા મિથ્યાત્વના જથ્થાનું સંશોધન અર્થાત્ શુદ્ધિકરણ કરી ત્રણ પુંજ કરવાની પ્રક્રિયા થાય તો એમાં આત્માની સિલિકે રહેલા મિથ્યાત્વના જથ્થાનું સંશોધન અર્થાત્ શુદ્ધિકરણ કરી ત્રણ પુંજ એટલે કે ત્રણ જથ્થા કરવામાં આવે છે. ત્રણે પુંજને અનુક્રમે સમકિત મોહનીય, મિશ્ર મોહનીય, અને મિથ્યાત્વ મોહનીય કહે છે. એક તદ્દન શુદ્ધ, બીજો અર્ધ શુદ્ધ અને ત્રીજો તદ્દન અશુદ્ધ. પછી આમાંના શુદ્ધ દળિયાનો ઉદય થતાં આત્મામાં ક્ષયોપશમસમકિત પ્રગટ કરે છે. એમાં **શુદ્ધ** દળિયાનો ઉદય હોવાથી આત્મામાં મિથ્યાભાવ નથી રહેતો, આ સિદ્ધાન્તમત છે. કર્મ ગ્રન્થવાળાનો મત એવો છે કે પહેલવહેલું સમ્યક્ત્વ તો ઉપશમ કોટિનું જ થાય. ક્ષયોપશમ તો તે પછીથી ત્રણ પુંજના હિસાબે થાય.

**સમ્યગ્દર્શનનાં લક્ષણ :** આ રીતે જે સમ્યક્ત્વ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રગટ્યું, તે શું છે, એ ગ્રંથકાર મહર્ષિ પોતે જ ટીકા ગ્રન્થમાં આ રીતે બતાવે છે, કે



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સમ્યગ્દર્શન એ આત્માનો પરિણામ છે. અર્થાત્ આત્મા પોતે જ આ ગુણરૂપે પરિણમે છે. એ ગુણનું સ્વરૂપ છે. તત્ત્વાર્થ શ્રદ્ધાન, અર્થાત્ તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધા, અથવા પદાર્થોની તત્ત્વરૂપે-યથા-વસ્થિતરૂપે શ્રદ્ધા. તે પદાર્થો કયા ? તો કે સર્વજ્ઞ પ્રભુએ ભાખેલા એને એમણે જે સ્વરૂપે કહ્યાં, તેજ સ્વરૂપે સ્વીકારવા, માનવા તે તત્ત્વાર્થ શ્રદ્ધાન. 'સર્વજ્ઞ કેવળી ભગવાને જે જે તત્ત્વો કહ્યાં છે, તેજ બધા સાચા અને શંકા વિનાના છે, તે બધાંય સાચાં જ અને નિરશંક જ.' તેમજ એવી કોઈપણ પ્રકારનાની દુન્યવી લાલચ વિનાની હૃદયની સચોટ શ્રદ્ધા તે તત્ત્વાર્થ શ્રદ્ધાન, તે સમ્યગ્દર્શન. શાસ્ત્રે આનાં પાંચ લક્ષણ કહ્યાં છે : શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા, અને આસ્તિકયની પ્રગટ દશા. આ લક્ષણો જેનામાં હોય, તેનામાં સમ્યક્ત્વ અવશ્ય હોય. એ પાંચેય પશ્ચાનુપૂર્વીના ક્રમથી જન્મે છે. અર્થાત્ પહેલાં આસ્તિકય જન્મે, પછી અનુકમ્પા, પછી નિર્વેદ, પછી સંવેગ અને પછી શમ પ્રગટે. તે આ રીતે : સદ્ગુરુના ઉપદેશ વગેરેનું નિમિત્ત પામી (૧) આત્મા છે, (૨) જ્ઞાનાદિગુણવાળો નિત્ય છે. (૩) એ કર્મનો કર્તા છે, (૪) કર્મનો ભોક્તા છે, કર્મથી સંસારમાં રખડતો છે. (૫) મોક્ષના ઉપાયો છે, (૬) એ ઉપાયો દ્વારા જીવ મોક્ષ પણ પામી શકનારો છે. આવી 'છે' ની, અર્થાત્ અસ્તિત્વની શ્રદ્ધા તે **આસ્તિક્ય.** એ પહેલું પ્રગટે. પછી જીવોની સાચી દ્રવ્ય દયા અને ભાવ દયા પ્રગટે તે **અનુકંપા.** જીવની કરુણદશા કરનારા કારાગાર જેવા સંસાર પર ખેદ થાય, અરુચિ, કંટાળો જાગે, તે **નિર્વેદ.** એ થાય એટલે એના પ્રતિપક્ષી મોક્ષ પર પ્રીતિ અને મોક્ષસાધક ધર્મનો રંગ પ્રગટે તે **સંવેગ.** આ થવાથી સંસારના બીજભૂત જે કષાયો, તેને શાંત કરવામાં આવે તે **શમ.** ત્યાં કષાયોના, ઉકળાટની એવી શાંતિ કરે કે અપરાધી ઉપર પણ 'એનું ખરાબ થાઓ ?' એવું હૃદયમાં ન થાય.

**દ્વિતીય અપૂર્વકરણ :** આપણી વાત હતી અપૂર્વકરણની. સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે અનાદિની રાગદ્વેષની ઘન નિબિડગ્રન્થિનો ભેદ કરવા માટે સમર્થ તે પહેલું અપૂર્વકરણ. એમાં સામર્થ્યયોગની જરૂર નથી. પરંતુ ક્ષપકશ્રેણિમાં જે દ્વિતીય અપૂર્વકરણ કરવું પડે છે, તેના માટે સામર્થ્યયોગની ખાસ જરૂર રહે છે. ક્ષપકશ્રેણિ એટલે મોહનીય અને જ્ઞાનાવરણીયાદિ ઘાતી કર્મની કરવામાં આવતી ક્ષપણાની ધારા તે કર્મોને ખપાવવાની-નાશ પમાડવાની ધારા. એ પૂરી થયે તેરમે ગુણઠાણે કેવળજ્ઞાન-સર્વજ્ઞતા પ્રાપ્ત થાય. આ ક્ષપકશ્રેણિ માટે અપ્રમત્ત નામના સાતમા ગુણઠાણા પછી આઠમે ગુણઠાણે અપૂર્વકરણ કરવાની જરૂર રહે છે. આ છે દ્વિતીય અપૂર્વકરણ. સમ્યક્ત્વ પ્રાપ્ત થયેથી રહેલી કર્મસ્થિતિમાંથી પલ્યોપમ પૃથકત્વ ઘટ્યે દેશવિરતી, અને સંખ્યાતા સંખ્યાતા સાગરોપમ ઓછાં થતાં આવે તેમ તેમ



સર્વવિરતિ, ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ પ્રાપ્ત થાય. એટલે જ કહ્યું કે તે કર્મ સ્થિતિકાળમાં તેવા સંખ્યાતા સાગરોપમ લંઘે ત્યારે દ્વિતીય અપૂર્વકરણ પ્રાપ્ત થાય. આમાં પણ પૂર્વની જેમ સ્થિતિઘાતાદિ પાંચ વાનાં કરવામાં આવે છે. પરંતુ તે વિશિષ્ટ કોટિનાં. આ કરવાને માટે સામર્થ્યયોગનો જ પુરુષાર્થ સમર્થ છે. ઈચ્છાયોગ અને શાસ્ત્રયોગના વીર્યોલ્લાસથી આ અપૂર્વકરણ નીપજી શકતું નથી.

**દ્વિતીયાપૂર્વકરણે પ્રથમસ્તાત્ત્વિકો ભવેત્ :-** આ બીજા અપૂર્વકરણથી ઘાતીકર્મોની ક્ષપણા શરૂ થાય છે, તેથી હવે ત્યાં ઘાતીનો ક્ષયોપશમ રહેતો નથી. તેથી જ એ ક્ષયોપશમથી નીપજેલા જે ક્ષાયોપશમિક ક્ષમાદિ ધર્મો, તેનો ત્યાગ થઈ ક્ષાયિક કોટિના એ ધર્મો પ્રગટ થાય છે. પૂર્વે બે ત્યાગની વાત કરી છે, એક **ધર્મસંન્યાસ** (સંન્યાસત્યાગ) અને બીજો **યોગસંન્યાસ.** બંનેય સામર્થ્યયોગના ઘરના છે. એમાં યોગસંન્યાસ તો નિર્વાણની નજીકમાં થવાનો. પણ પહેલો 'ધર્મસંન્યાસ' એટલે કે ક્ષાયોપશમિક ધર્મનો ત્યાગ, એ દ્વિતીય અપૂર્વકરણથી થાય છે. મહર્ષિ કહે છે કે તાત્ત્વિક પરમાર્થિક ધર્મત્યાગ એ છે. બાકી ઔપચારિક ધર્મત્યાગ તો દીક્ષા લેતી વખતે પણ હોય છે. ત્યાં દીક્ષા વખતે થતા ધર્મત્યાગનો અર્થ પ્રવૃત્તિરૂપ ધર્મનો ત્યાગ સમજવાનો છે. દા.ત. ગૃહસ્થ માટે શ્રી અરિહંત પ્રભુની દ્રવ્યપૂજાની પ્રવૃત્તિ એ ધર્મ છે, શ્રાવકોની ભક્તિ કરવાની પ્રવૃત્તિ એ ધર્મ છે; પરંતુ સાધુપણું લેતાં એવી સઘળી પ્રવૃત્તિરૂપી ધર્મનો ત્યાગ કરવામાં આવે છે. આનું કારણ એ છે કે,

**જ્ઞાનયોગ-મોહયોગ : દીક્ષા એ જ્ઞાનયોગનો સ્વીકાર કરવા રૂપ છે.** દીક્ષા અંગીકાર કરી એટલે જ્ઞાનયોગ સ્વીકાર્યો. **સંસારમાં મોહયોગ છે, ત્યારે ચારિત્રમાં જ્ઞાનયોગ છે.** જ્ઞાનયોગનો ખપ હોય તો જ ચારિત્ર લેવું પ્રમાણ ગણાય. એટલા જ માટે ચારિત્રના અધિકારી તરીકે ભવવિરક્તને જ અર્થાત્ સંસાર પ્રત્યે વૈરાગ્ય ધરનારને જ ગણ્યો. કેમકે **સંસાર પર એકાંતે જેને વૈરાગ્ય છે, એ હવે સંસારના મોહાનુસારી જીવનથી કંટાળ્યો છે. અને હવે મોહના ઊભા કરેલા ફોગટિયા સંબંધો ગમતા નથી. એની ખાતર કરવી પડતી પ્રવૃત્તિ પણ એના મનમાં ભારે ખૂંચે છે. આ મોહ સંબંધો અને મોહ પ્રવૃત્તિ એ મોહયોગ છે. સાચા-વિરાગીને એના પ્રત્યે ભારે નફરત છે, અરુચિ અને દુઃખ છે. એને તો હવે ગમે છે પરમાત્મા સાથે સંબંધ, પરમાત્માના શાસન સાથે સંબંધ, અને એ અંગેની જ પ્રવૃત્તિ. આ બધું માત્ર જ્ઞાનમૂલક છે. જરાય મોહપ્રેર્યું નથી; તેથી એ જ્ઞાનયોગ છે; અર્થાત્ 'જ્ઞાનના લીધે જ થતો યોગ' છે, જ્ઞાનથી નીપજતી મન-વચન-કાયાની પ્રવૃત્તિ છે. જ્ઞાનયોગનો બીજો અર્થ એમ પણ થાય કે 'જ્ઞાનમય યોગ' અર્થાત્ માનસિક ચિંતનાદિ અને કાયિક ક્રિયાઓ ખુદ જ્ઞાનમય છે, જ્ઞાનગર્ભિત છે, તત્ત્વજ્ઞાનની પરિણતિથી સર્વથા**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**વ્યાપ્ત છે. આવું સાંસારિક પ્રવૃત્તિમાં નથી, તેથી જ્ઞાનયોગ નથી. આમ ચારિત્ર એ જ્ઞાનયોગ સ્વરૂપ હોવાથી, સંસારથી વિરક્ત બનેલાને જ ચારિત્રનો અધિકારી ગણ્યો.** એ વાત ચારિત્રની યોગ્યતા માટે દર્શાવેલ સોળે ગુણો પરથી નક્કી થાય છે.

**દીક્ષાર્થીના સોળ ગુણ :** પ્રવ્રજ્યાને યોગ્ય કોને માનવો ? એના ઉત્તરમાં કહે છે કે તેને માનવો કે જે (૧) **આર્ય દેશમાં જનમ્યો** હોય; અને (૨) વિશિષ્ટ કોટિની **જ્ઞાતિ અને કુળે** કરીને સહિત હોય, આર્યદેશમાં જન્મ એ ગળથુથીમાં સારા સંસ્કારોની ભેટ આપે છે. વિશિષ્ટ જ્ઞાતિ અને વિશિષ્ટ કુળની ખાનદાની અકાર્ય કરતાં અટકાવે છે, નથી ને ચારિત્ર લીધા પછી કદાચ મોહનો ઉદય જાગ્યો તો કુળની ખાનદાનીની આત્મા પર શરમ પડશે, મનને એમ થશે કે 'આવા ઊંચા કુળમાં જન્મેલો હું, મારાથી અકાર્ય કે વ્રતભંગ કેમ જ થાય ? નહિતર મારામાં અને ઢેડભંગીમાં ફરક શો ?' પછી પાછો સદ્‌વિચારમાં પાછો ફરી પ્રતિજ્ઞાને દઢપણે વળગી રહેશે. તેમ એ પણ લાભ છે કે વિશિષ્ટ જ્ઞાતિ અને કુળના હિસાબે એના લોહીમાં એવા અણુઓ હશે કે જે એને ઉત્તમ સાત્ત્વિક પુરુષાર્થ અને પ્રગતિ કરવામાં ખૂબ જ પ્રેરક બનશે. (૩) વળી તે **'ક્ષીણપ્રાયકર્મમલ'** હોવો જોઈએ, અર્થાત્ સર્વ કર્મમાં ભયંકર જે મોહનીય કર્મ, તેમાં મિથ્યાત્વ તો ઉદયમાં હોય જ નહિ, ઉપરાંત ચારિત્ર મોહનીય કર્મ ઘણું ઘણું તો નાશ પામી ગયું હોય. પૂછો કે ગુરુ આ શી રીતે જાણી શકે ? તો એની પછીનો પાંચમો ગુણ એનો ખુલાસો કરે છે, તે એ છે કે (૪) દીક્ષાર્થી એટલા જ માટે **'વિમળબુદ્ધિ'** બનેલો હોય; એની બુદ્ધિ હવે નિર્મળ બની ગઈ હોય, અર્થાત્ આજસુધી અનેક પ્રકારની વાસનાઓ અને વિકારોના મળ સાફ થઈ ગયા હોય. આ વસ્તુ એના વર્તાવ અને ઉદ્‌ગાર પરથી તેમજ આગળ બતાવેલા ગુણો પરથી સમજી શકાય છે. (૫) બુદ્ધિ નિર્મળ થવાના યોગે છઠ્ઠો ગુણ એ છે કે એને **સંસારની નિર્ગુણતાનું**-સંસારની અસારતાનું ભાન હોય. એને મનમાં સચોટ ભાસે કે **'જે મનુષ્યપણું મળવું ઘણું જ દુર્લભ છે, તે મનુષ્યપણું અશુભ કરણીના યોગે ભવિષ્યના અનેક જન્મમરણનું નિમિત્ત બને છે. વળી એમાં જે સંપત્તિ જીવને અશુભ કરણી કરાવે છે, તે વીજળીના જેવી ચપળ છે, ચંચળ છે. એનો અર્થ એ છે કે સંપત્તિ તો કદાચ આ જન્મમાં જ અથવા અવશ્ય આવતા જન્મમાં તો ચાલી જવાની, પરંતુ એમાંથી કરેલા પાપ માથે પડી જવાના ! અને અનેક જન્મ મરણની જાળમાં જીવને જકડવાના ! સંપત્તિ ઉપરાંત સંસારમાં જીવને જે ઈષ્ટ અનિષ્ટ રૂપરસ વગેરે વિષયો મળે છે, એ વિષવૃક્ષના ફળની જેમ ભયંકર દુઃખને દેનારા બને છે. ત્યારે સંસારની વળી એક મોહિની છે કુટુંબ પરિવારનો સંયોગ, તેનો વિયોગ અવશ્ય થાય છે; તેથી તેની ખાતર સેવેલા**



**પાપ અને તેના પ્રત્યે કરેલા રાગાદિનું ફળ ભોગવવાના અવસરે એમાંનું કોઈ સગું એ દુઃખમાં ભાગ પડાવવા કે બચાવવા આવતું નથી, કેવો નિર્ગુણ અને નિસ્સાર આ સંસાર !** એમાં આયુષ્ય કર્મના દળિયાં પ્રત્યેક ક્ષણે ભોગવાઈ-ભોગવાઈને નાશ પામતા જાય છે, અને આયુષ્યનો નાશ એટલે મૃત્યુ; એમ પ્રત્યેક ક્ષણે મૃત્યુ થાય છે. એમ કરતાં અંતે મહામૃત્યુ પામી અહીંથી નવો જન્મ લેવા ચાલી જવું પડે છે ! ત્યાં અહીંના કરેલા હિંસાદિ પાપોનો, મોહનો અને રાગદ્વેષનો દારુણ વિપાક અર્થાત્ ભયંકર નતીજો વેઠવો પડે છે ! વિકરાળ દુઃખોનું પરિણામ અનુભવવું પડે છે ! આવી રીતે સંસારની સારરહિતતાનું ભાન દીક્ષાર્થીને હોવું જોઈએ. (૬) તેથીજ એવા સંસાર પ્રત્યે એને વિરાગ હોય, અણગમો હોય. સંસાર પર લેશમાત્ર આસ્થા એને ન હોય; ઊલટું એવો અણવિશ્વાસ હોય કે 'રખેને આમાં ઠગાઈ-ફસાઈને એમજ ન મરું ?' સંસારનો એને ભારે કંટાળો હોય. (૭) સાતમો ગુણ એ છે કે સંસારના મૂળભૂત જે કષાયો, તે એના પાતળા પડી ગયા હોય. કેમકે ક્રોધાદિ કષાયો જો દુર્બલ ન થયા હોય તો ચારિત્રી બન્યા પછી ચારિત્રમાં પાછો એ એક નવો સંસાર સર્જવાનો. (૮) આઠમાં ગુણમાં દીક્ષાર્થીના જીવનમાં હાસ્યાદિ ન હોવા જોઈએ, અથવા નહિવત્ કવચિત્ બનનાર હોય તો તે અવ્યક્ત જેવા હોય. હાસ્યાદિ એટલે હાસ્ય-કુતુહલ, શોક, વિલાપ, હર્ષ, ઉદ્વેગ, ભય-જુગુપ્સા, કામ-ચેષ્ટા વગેરે. આ દોષો જો મોજુદ હોય, તો સમજવું પડે કે એનામાં હાસ્યના હિસાબે છીછરાપણું અને તુચ્છતા છે, ગંભીરતા નથી; શોકના હિસાબે પુદ્‌ગલાસક્તિ છે, વિરાગ નથી; ભયના હિસાબે નિઃસત્ત્વતા છે, જુગુપ્સાના હિસાબે કાં અહંભાવ કે જડસંગિતા છે, કામના હિસાબે વેદનો ઉદય છે, હર્ષ-ઉદ્વેગના હિસાબે જડના મૂલ્યાંકન અને જડની પરાધીનતા છે, ચેતનના એ નથી, આ બધું ચારિત્રમાં બાધક છે. (૯) વળી દીક્ષાર્થી **કૃતજ્ઞ** હોવો જોઈએ. કેમકે જો કૃતજ્ઞ એટલે પોતાના ઉપર કોઈએ કરેલા ઉપકારને જાણનારો અને કદર કરનારો નહિ હોય, તો દીક્ષા અને જ્ઞાનશિક્ષા જેવા અતિ મહાન ઉપકારને લીધા પછી પણ કદાચિત્ સ્વાર્થાંધ બની એ ઉપકારને ભૂલશે, તેથી ઉપકારી ગુરુ વગેરેનો ઉપરથી સામનો કરશે, (૧૦) દસમા નંબરમાં એ **વિનીત** હોવો જોઈએ, વિનય એ ધર્મનું મૂળ છે. એની તો ચારિત્રમાં ડગલે ને પગલે જરૂર રહે છે. (૧૧) પૂર્વે પણ એ રાજા, મંત્રી અને શહેરી જનોને સારા માન્ય હોવો જોઈએ. આ જોવાનું એટલા માટે જરૂરી છે કે જો આ દીક્ષાર્થી એ બધાને માન્ય નહિ, પણ વિરુદ્ધ હોય, તો એ વિરોધની પાછળ કારણભૂત આની ખામી હોવી જોઈએ, આપણા અનુચિત વર્તાવ વિના આપણા પ્રત્યે લોકનો વિરોધ-અરુચિ શા માટે થાય ? અને જીવનમાં જો એવી અયોગ્ય કાર્યવાહી હોય



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

તો દીક્ષા લેતાં કદાચ રાજા વગેરે રુઠે, લોક વધુ નિન્દે; અને પછી પણ દીક્ષિત બીજું કાંઈ અનુચિત કરી બેસવાનો સંભવ રહે. (૧૨) વળી મુમુક્ષુ આત્મા દ્રોહકારી ન હોવો જોઈએ, વિશ્વાસઘાતી ન જોઈએ. નહિતર નિર્દોષ સાધુઓને અને શાસનને મહા નુકસાન કરી બેસે, જેમ વિનયરત્ન. (૧૩) દીક્ષાર્થી **અખંડિત અંગોપાંગ**વાળો જોઈએ. લુલો, લંગડો દીક્ષિત થયો હોય તો લોક કહે 'જોયું ? આ ધર્મમાં આવા લુલીયા જમાલીયા એ ધર્મગુરુ !' એમ કહી નિંદા કરે. (૧૪-૧૫-૧૬) છેલ્લા ત્રણ ગુણમાં, દીક્ષાર્થી આત્મા **શ્રદ્ધા** એટલે કે અખૂટ ધર્મશ્રદ્ધાવાળો જોઈએ. નહિતર પોતાની જ શ્રદ્ધાના અભાવે બીજાનેય અશ્રદ્ધાળુ કરશે, તેમ પોતાને ચારિત્ર ધર્મ પરિણમશે નહિ. વળી તે **સ્થિર** જોઈએ, એટલે કે લીધેલી પ્રતિજ્ઞાઓ અને ઉત્તમ કડક માર્ગને વહન કરવાની આડે ઊભા થતા વિઘ્નોનો સામનો કરી સ્વવ્રતો અને સન્માર્ગમાં નિશ્ચલ રહેનારો જોઈએ. નહિતર વ્રતભંગ કે સાધુતા ત્યાગ કરી બેસે ! છેલ્લે દીક્ષાર્થી **સમુપસંપન્ન** જોઈએ. અર્થાત્ ગુરુને સારી રીતે શરણે આવેલો જોઈએ; સ્વાત્માનું અર્પણ કરનારો જોઈએ. ગુરુને કહે કે "હવે આપ મારી આંખ, મારું મન, આપ મારું હૃદય. આપનો આદેશ અને આપની ઈચ્છા એજ મારું જીવન. એને જ મારી આંખ જુએ, એજ મન વિચારે, એજ હૃદય સદ્દહે." આ જો ન હોય તો દીક્ષા લીધા પછી વાસ્તવિક ગુરુનિશ્રા એ નહિ સેવી શકે, ગુરુને પરતંત્ર નહિ રહી શકે. ગુરુ પાસેથી મેળવવા યોગ્ય હિતશિક્ષા-જ્ઞાનાભ્યાસ વગેરે નહિ મેળવી શકે.

**૧૬ ગુણોનો ઉપસંહાર :** શાસ્ત્રકાર મહર્ષિ આ સોળ ગુણો દર્શાવીને લખે છે કે જે આ ગુણોથી યુક્ત નહિ હોય એ 'જ્ઞાનયોગ'ને આરાધવાનો નહિ, ત્યારે જે આ ગુણોથી સંપન્ન છે, એ ઉત્તમ જીવ જ્ઞાનયોગને ન આરાધે એવું બનવાનું નહિ. સોળ ગુણો જ એવી કોટિના છે કે એને 'મોહયોગ' સાથે મેળ જામે જ નહિ, તેમ જ્ઞાનયોગ વિના રહી શકે નહિ. બીજી રીતે જોઈએ તો મોહયોગને આ ગુણો સાથે મેળ ન જામે ત્યારે જ્ઞાન યોગને આ ગુણો સિવાય ચાલે નહિ. આનો અર્થ એ છે કે તમારે ગૃહસ્થપણામાં પણ અંશેય જ્ઞાનયોગનું જીવન જીવવું હોય તો અંશે પણ સોળ ગુણોનો અભ્યાસ કેળવો. એ અભ્યાસ ઊંચો વધી જતાં પૂર્ણ જ્ઞાનયોગનું જીવન અવશ્ય પ્રાપ્ત થશે ! સોળ ગુણો એ તો વિમાન છે. એમાં આરૂઢ થયા એટલે પછી તો જ્ઞાનયોગના ગગનવિહારને મોજથી આદરો. આપણી વાત એ હતી કે ધર્મસંન્યાસ ગૌણપણે તો દીક્ષા લેતી વખતેય આવે છે, કેમકે ત્યાં પ્રવૃત્તિધર્મનો ત્યાગ કરી જ્ઞાનયોગનું નિવૃત્તિ જીવન સ્વીકારવામાં આવે છે. પરંતુ તાત્ત્વિકપણે સર્વે ક્ષાયોપશમિક ધર્મોનો ત્યાગરૂપી ધર્મસંન્યાસ દ્વિતીય અપૂર્વકરણે પ્રાપ્ત થાય છે.



અહીં સોળ ગુણો, જ્ઞાનયોગ, સામર્થ્યયોગ વગેરેની જે વાત કરી તેને અંગે સમર્થ શાસ્ત્રકાર લખે છે કે આ બધી વાતો કહેનાર આગમ છે; અને આગમ એ જેનું તેનું વચન નથી, કિન્તુ સર્વજ્ઞ ભગવાનનું વચન છે; સર્વજ્ઞ પ્રભુની દેશના છે. માટે એ આગમ સત્યાર્થ છે, ભૂતાર્થ છે, નિરુપિતાર્થ છે; અર્થાત્ બરાબર તપાસેલા, એટલે કે પ્રત્યક્ષાદિ પ્રમાણથી પરીક્ષેલા પદાર્થને કહેનારું છે. સાક્ષાત્ નિહાળેલી વસ્તુને ઉપદેશનારું છે, કિન્તુ વગર પરખેલા અને વગર દેખેલા પદાર્થને જણાવનારું નથી. તેથી આગમે કહેલા પદાર્થો તદ્દન સાચા છે. માટે જ તે પરમશ્રદ્ધેય અને પરમ આદરણીય છે.

**સામર્થ્યયોગનું બીજું સ્વરૂપ યોગસંન્યાસ :** ધર્મસંન્યાસ કરાવનાર બીજું અપૂર્વકરણ જોઈ આવ્યા. એ સામર્થ્યયોગના ઉત્તમ કાર્ય માટે બને છે. સામર્થ્યયોગની કોટિના ધર્મયોગ માટે વિશિષ્ટ કોટિનો શ્રેષ્ઠ પુરુષાર્થ જરૂરી છે. એ પુરુષાર્થ શાસ્ત્રગમ્ય નથી અનુભવગમ્ય છે. એનું કાર્ય અપૂર્વકરણ દ્વારા ક્ષાયોપશમિક ધર્મો ત્યજાવી અર્થાત્ ધર્મસંન્યાસ નામના સામર્થ્યયોગને સધાવી, ક્ષાયિકધર્મો પમાડવાનું છે. એથી આત્મા અનંત-અક્ષય જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યાદિલબ્ધિ પામે છે. એટલે હવે એ વીતરાગ સર્વજ્ઞ બને છે. પરંતુ ત્યાં જ મોક્ષ નથી થઈ જતો, અર્થાત્ ત્યાંજ સર્વેય કર્મનો અંત નથી થઈ જતો, હજી ચાર અઘાતી કર્મનો નાશ કરવો બાકી રહે છે. તેથી પહેલાં તો તેરમે ગુણઠાણે એનો લગભગ બધો ભોગવટો કર્યા બાદ છેવટનો એનો અલ્પઅંશ ભોગવી નાશ કરવા માટે ચૌદમું ગુણસ્થાનક પ્રાપ્ત કરવું પડે છે. એ માટે ચૌદમે ગુણઠાણાને અંતે શૈલેશીકરણ કરવું પડે છે. એ શૈલેશીકરણ સામર્થ્યયોગના અનન્ય પુરુષાર્થથી બની શકે છે. આ શૈલેશીકરણ પૂર્વે જે યોગસંન્યાસ કરવામાં આવે છે, તે દ્વિતિય સામર્થ્યયોગ છે. પહેલો કહ્યો તે **ધર્મસંન્યાસ** નામે સામર્થ્ય યોગ અને આ બીજો **યોગસંન્યાસ** નામે સામર્થ્ય યોગ કહેવામાં આવ્યો. પહેલો ધર્મસંન્યાસમાં મુખ્ય હેતભૂત શુકલધ્યાનના પહેલા બે પાયાનું ચિંતન હોય છે. અને યોગસંન્યાસમાં કારણ તરીકે એના જ છેલ્લા બે પાયાનું આલંબન હોય છે.

**એક ખાસ ખુલાસો :** અહીં આપણે પૂર્વે વિવેચન કરતાં ધર્મસંન્યાસ-યોગસંન્યાસને સામર્થ્યયોગનાં બે કાર્ય તરીકે વર્ણવ્યા હતા. તે એ હિસાબે કે સામર્થ્યયોગ એક જબરજસ્ત આત્મપુરુષાર્થ છે અને તેના પરિણામે આ બે સંન્યાસ નીપજે છે. પરંતુ **'સામર્થ્યયોગ'** ખરી રીતે માત્ર વિશિષ્ટ વીર્યોલ્લાસ નથી; કિન્તુ એ વીર્યોલ્લાસથી થતી જે ધર્મસંન્યાસાદિરૂપ પ્રવૃત્તિ તે છે. જેમકે **'ઈચ્છાયોગ'** એ માત્ર ધર્મપ્રવૃત્તિની ઈચ્છા નથી, પરંતુ એ ઈચ્છાથી થતી ધર્મપ્રવૃત્તિ છે. એમ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સામર્થ્યયોગ પણ આત્માના અપૂર્વ સામર્થ્યથી થતી પ્રવૃત્તિ છે. ધર્મયોગનો એ ત્રીજો વિભાગ છે, તેથી પ્રવૃત્તિ લીધી, વીર્ય નહિ, માટે જ શાસ્ત્રકાર મહાપુરુષે ઠીક જ સામર્થ્યયોગને બે ભાગમાં વહેંચી કહ્યું કે એક સામર્થ્યયોગ ધર્મસંન્યાસ નામનો, બીજો સામર્થ્યયોગ યોગસંન્યાસ નામનો.

**આયોજ્યકરણ ઉપર બીજો સામર્થ્યયોગ :** આમાં બીજો જે યોગસંન્યાસ, તે ક્યારે થાય, એનું વર્ણન કરતાં કહે છે કે જેમ દ્વિતીય અપૂર્વકરણ ઉપર ધર્મસંન્યાસ થાય છે, તેમ આયોજ્યકરણ ઉપર યોગસંન્યાસ થાય છે, આયોજ્યકરણમાં **'આ'** એટલે કેવળજ્ઞાન વડે અચિંત્ય વીર્યશાલીતા હોવાને લીધે, **'યોજ્ય'** એટલે તત્કાલ અઘાતી કર્મને ખપાવવાના હિસાબે તેવી અવસ્થાનો, **'કરણ'** એટલે પ્રયત્ન-એવો અર્થ થાય. આખાનો અર્થ એ થયો કે કેવળજ્ઞાન અને અનંતવીર્યના પ્રભાવે બાકીના ચાર અઘાતી કર્મો (ભવોપગ્રાહી=સંસારમાં પકડી રાખનારા કર્મો)ને ખપાવવા માટે જરૂરી એવી જે આત્માની અવસ્થા કરનારો પ્રયત્ન તે **આયોજ્યકરણ** કહેવાય છે. આ પ્રયત્ન, આ વીર્યોલ્લાસ આત્માની શૈલેશી અવસ્થાને જન્મ આપે છે. એમાં યોગસંન્યાસનામનો સામર્થ્યયોગ નીપજે છે.

**શૈલેશીકરણ અને યોગસંન્યાસનું સ્વરૂપ :** અહીં જે શૈલેશી અવસ્થા કહેવામાં આવી તે સાર્થક છે, અર્થાત્ શૈલીથી શબ્દના અર્થને અનુસરનારી છે. શૈલ એટલે પર્વત, શૈલનો ઈશ તે મેરૂપર્વત. એ અચલ, મહાસ્થિર અને નક્કર ગણાય છે. અહીં પણ આત્માની અવસ્થા મેરૂ જેવી કરવામાં આવે છે. જેમ મેરૂના પાષાણના ઝીણામાં ઝીણા પ્રદેશો બધા જ્યાં છે ત્યાં જ રહે છે, જરાય હાલતા ચાલતા નથી. તેમ આત્માના અરૂપી પ્રદેશો આ અવસ્થામાં સ્થિર અચલ કરી દેવામાં આવે છે; અર્થાત્ હવે ઉપરના પ્રદેશો નીચે, નીચેના ઉપર એમ ચલવિચલ નથી થવા દેવામાં આવતા. શૈલેશી પૂર્વે આત્મામાં મનયોગ, વચનયોગ, કે કાયયોગનું પ્રવર્તન હતું તેથી આત્મપ્રદેશો ચલવિચલ હતા. અલબત્ત એક પણ પ્રદેશ આત્માથી છૂટો નહોતો પડતો; પણ ઉકળતા પાણીના પ્રદેશોની જેમ અંદર અંદર હીલચાલ ચાલુ હતી. હવે કેવળજ્ઞાની સર્વજ્ઞ પોતાની અચિંત્ય શક્તિથી આત્મપ્રદેશોને શૈલેશની જેમ નિશ્ચલ કરી દે છે. તેથી જ પૂર્વે જ્યાં શરીરના પોલાણના ભાગમાં આત્મપ્રદેશ નહોતા, ત્યાં પણ આત્મપ્રદેશો પૂરાઈ જાય છે. અને માટે જ આત્માની અવગાહના (આકાશમાં રહેવાની સ્થિતિ) શરીર કરતાં ૨/૩ બની જાય છે. અહીં શૈલેશીકરણમાં, અર્થાત્ શૈલેશ જેવી અવસ્થા કરવાની પ્રક્રિયામાં, મન-વચન-કાયાના યોગોનું સદંતર રુંધન કરવામાં આવે છે. એમાં સ્થૂલ કાયયોગથી-સ્થૂલ મનયોગ-વચનયોગ રુંધાય છે, પછી સૂક્ષ્મ કાયયોગથી સ્થૂલ કાયયોગ-સૂક્ષ્મ મનયોગ-સૂક્ષ્મ વચનયોગ રુંધાતાં અંતે



એ અંતિમ સૂક્ષ્મ કાયયોગ પણ રુંધાઈ જાય છે. આ યોગોનું સદંતર રુંધન કરવું એ યોગનિરોધ કહેવાય છે, એજ યોગસંન્યાસ કહેવાય છે. આ કરવું એ યોગસાધનાની પરાકાષ્ઠા છે. યમ નિયમથી માંડીને ધ્યાન, સમાધિ સુધીની યોગસાધના કે અદ્વેષ, જિજ્ઞાસાથી પ્રારંભી તત્ત્વ પ્રતિપત્તિ-પ્રવૃત્તિ સુધીની યોગસાધના હતી તો મહાન અને ઉત્તરોત્તર ઊંચી ઊંચી કોટિની. પરંતુ એનામાં મન વચન કાયાની પ્રવૃત્તિ સદંતર અટકાવવાનું જોમ નહોતું; અને એ અટકાયત ન થાય ત્યાંસુધી આત્મા પર જડ કર્મપુદ્ગલનો બંધ ચાલુ જ રહે છે. ત્યારે શૈલેશીકરણ હવે એવું જોમ આપે છે કે જેથી તદ્દન જ પ્રવૃત્તિ બંધ થાય છે. અર્થાત્ યોગનિરોધ, યોગસંન્યાસ થાય છે. તે પછી લેશમાત્ર નવીન કર્મબંધ થતો નથી, અને સિલકમાં રહેલા સર્વકર્મનો નાશ પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચારણ જેટલા કાળમાં જ થઈ જવાથી તુર્ત મોક્ષ નીપજે છે. આમ યોગસંન્યાસ એ જીવને તુર્ત મોક્ષ સાથે જોડી આપે છે. **યોગસંન્યાસ સર્વશ્રેષ્ઠ યોગ છે.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૨૪,તા.૬-૩-૧૯૫૪

## (૩૩) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

(હવે મૂળ ગ્રંથનો વિષય શરૂ થાય છે.એમાં યોગની આઠ દષ્ટિના નામથી શરૂ કરી ઓઘદષ્ટિ અને યોગદષ્ટિ પર સુંદર પ્રકાશ આપવામાં આવ્યો છે.)

**ક્રિયા ભલે એની એ, પણ ભાવોલ્લાસ વધવાથી ક્રિયાનું મૂલ્ય વધી જાય છે.-સંસારની રસિકતા સલામત રાખવી છે, અને યોગદષ્ટિવાળા બનવું છે, એ બે વાતનો મેળ ખાય એવો જ નથી. -આત્માએ આચરેલી ભૂલોની છૂપામણી જ્ઞાની આગળ ટકી શકતી નથી.**

**શાસ્ત્રકાર મહર્ષિઓનો અનુપમ ઉપકાર :-** પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ આચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે શ્રી યોગદષ્ટિસમુચ્ચય શાસ્ત્ર રચવાના પ્રારંભે ત્રિલોકનાથ શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર કરવા રૂપે મંગલાચરણ કર્યું, એમાં નમસ્કાર ઈચ્છાયોગથી કર્યો. એના પ્રસંગમાં મોક્ષ સાધનાના ત્રણ યોગ, ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ, અને સામર્થ્યયોગ, એનું સ્વરૂપ સમજાવ્યું. પરમ કૃપાળુ શાસ્ત્રકાર શ્રી આચાર્ય ભગવંતોની આપણા પર મહાન દયા છે કે મૂળ શાસ્ત્રના વિષય ઉપરાંત પ્રસંગોપાત પ્રાપ્ત થયેલાં તત્ત્વોની પણ સમજુતી આપે

છે. ખરેખર ! મહાન 'પૂર્વો' નામના વિદ્યાસાગરોની ગેરહાજરીના આજના કાળમાં ઈચ્છાયોગ વગેરે ચૂંટેલા તત્ત્વોના રહસ્ય આવા મહાપુરુષ સિવાય કોણ બતાવે ? અને એ બતાવે છે એનો કેવો સુંદર લાભ છે ? એનો ઘડીભર કરીને વિચાર કરીએ તો દેખાય કે,

**શાસ્ત્રના મહાન લાભો :-** (૧) આપણા હાથવેંતમાં રહેલી કેટલીક નક્કર ધર્મસાધનાઓનું ભાન આ તત્ત્વોના પ્રકાશનથી મળે છે. જો એ પ્રકાશન ન હોય તો પેલું ભાન જ ન હોય; અને તેથી હાથવેંતમાં રહેલી સાધનાઓ અજ્ઞાનતાથી એમજ ગુમાવવાનું થાય.

(૨) બીજી વાત એ છે કે આપણી મનમાની સાધનાઓમાં કયી કયી ત્રુટિઓ છે, તેનું પણ ભાન આવા તત્ત્વ-પ્રકાશનથી થાય છે. દા.ત. ઈચ્છાયોગનું જે સ્વરૂપ બતાવ્યું એથી જાણવા મળ્યું કે નીચેની કોટિની પણ તે તે ધર્મની સાધના કરવા માટે તે તે ધર્મ આદરવાની **ધગશ** જોઈએ. અને એ સંબંધના શાસ્ત્રજ્ઞાનને મેળવવું જોઈએ. આમ ખામીઓ દૂર કરવાનું જાણવા મળે છે.

(૩) વળી મહાપુરુષોએ કરેલા પ્રકાશનથી આપણી ચાલુ સાધનામાં ભાવોલ્લાસ વધારવાના ઉપાય જાણવા મળે છે. **ક્રિયા ભલે એની એ, પણ ભાવોલ્લાસ વધવાથી ક્રિયાનું મૂલ્ય વધી જાય છે.** એક જ નવકાર અજ્ઞાની ગણે, અને જ્ઞાની ગણે, એમાં બહુ ફેર. ક્રિયાના રહસ્ય સમજવાથી એની સાધના વિદ્યાધરોની વિદ્યા-સાધના જેવી સચોટ અને એકાગ્રચિત્તવાળી બને છે. આચાર્યદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે બતાવેલા તત્ત્વ રહસ્ય આપણા આત્માને અજોડ ઉપકારક છે. એ મોક્ષ માર્ગની સાધનાને જ્વલંત બનાવી શકે છે, જેનો આજે ય અનુભવ થઈ શકે છે. અલબત એ રહસ્યો બરાબર સમજવા જોઈએ. ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગનું તત્ત્વ પણ એવું જ સુંદર છે.

**હવે ''યોગદષ્ટિસમુચ્ચય'' નામનો ગંથ શરૂ કરતાં એના કર્તા મહર્ષિ યોગની આઠ દષ્ટિઓના નામ ગણાવે છે.**

**''મિત્રા- તારા- બલા- દીપ્રા- સ્થિરા- કાન્તા- પ્રભા- અને પરા.''**

યોગદષ્ટિઓના આ આઠ નામ છે. એટલે ? **મિત્રાદષ્ટિ** એ પહેલી યોગદષ્ટિ, **તારાદષ્ટિ** એ બીજી; એમ ઠેઠ આઠમી પરાદષ્ટિ આવે.આના ભાવ આગળ સમજાવશે પણ,

**યોગદષ્ટિની પૂર્વે ઓઘદષ્ટિ :-** અહીં પહેલાં તો યોગદષ્ટિ શબ્દમાં 'યોગ' શબ્દ કેમ મૂક્યો ? એના સમાધાનમાં એમ કહેલ છે કે બીજી મલિન પણ દષ્ટિ જગતમાં વર્તે છે, એને **ઓઘદષ્ટિ** કહે છે. ઓઘ એટલે સામાન્યમાં સામાન્ય દષ્ટિ.



એટલે જગતના અનંતાનંત જીવો જે દષ્ટિમાં પડેલા છે તે દષ્ટિ. એ **ઓઘદષ્ટિ દૂર ખસે નહીં ત્યાંસુધી યોગદષ્ટિ આવે નહિ.**

**ઓઘદષ્ટિવાળો ભવાભિનંદી જીવ છે :-** ગ્રંથકારે પોતે જ **'ઓઘદષ્ટિ'નો અર્થ 'ભવાભિનંદી જીવનું સામાન્ય દર્શન'** એવો કર્યો છે. ભવાભિનંદી જીવ એટલે સંસારરસિક જીવ. જેને સંસારનો જ રસ છે, જેને મોક્ષનું નામ નિશાન ગમતું નથી, એવો જીવ ભવાભિનંદી કહેવાય છે. એનું સામાન્ય દર્શન એટલે કે એ વસ્તુને સામાન્ય રૂપે અર્થાત્ સાચા વિશેષ ધર્મોનો વિવેક કર્યા વિના ઉપલક રીતે જે જુએ છે તે.

અહીં જુઓ કે યોગદષ્ટિમાં આવવું હોય તો ઓઘદષ્ટિની બહાર નીકળવું પડે છે. એનો અર્થ એ કે ભવાભિનંદીપણું પણ છોડવું પડે છે. ભાવભિનંદી જીવની દશા જ એવી છે કે એનામાં યોગદષ્ટિ સ્થાન પામી જ ન શકે. **સંસારની રસિકતા સલામત રાખવી છે, અને યોગદષ્ટિવાળા બનવું છે, એ બે વાતનો મેળ ખાય એવો જ નથી.** એનું કારણ જ છે કે યોગદષ્ટિના પહેલાં પગથીયાનીય વાતો મોક્ષરુચિ સાથે જ સંગત છે. ભવાભિનંદી જીવને મોક્ષરુચિ હોતી નથી; એને તો સંસારરુચિ ઝગમગે છે. એની એ સંસારરુચિને જીવંત રાખનારા ક્ષુદ્રતા, લોભરુચિ વગેરે અનેક દોષો છે. તેમ એ દોષો સંસારની રુચિના લીધે વિકસનારા છે. આપણા શાસ્ત્રકારો પણ એવા જબરજસ્ત વૈદો છે કે એ આપણા આત્માનું ચોક્કસ નિદાન (DIAGNOSIS) કરી આપે છે. જેમ દુન્યવી લૌકિક વૈદ-ડૉક્ટર શરીરમાંના રોગનું નિદાન શોધી આપે છે, પછી ત્યાં ભૂલને છૂપાવવાની દરદીની ચોરી ચાલતી નથી; એવું આત્મા સંબધમાં સમજવું. **આત્માએ આચરેલી ભૂલોની છૂપામણી જ્ઞાની આગળ ટકી શકતી નથી.** એ તો જુએ છે કે જીવમાં ક્ષુદ્રતા છે, હૃદયની તુચ્છતા છે, તોજ અમુક પ્રકારનો વર્તાવ થાય છે, અને જો એનામાં ભવાભિનંદિતા છે, તો જ ક્ષુદ્રતા ટકી શકે છે. માટે બાહ્ય તેવા આચરણના હિસાબે અનુમાન થાય છે કે એનામાં ક્ષુદ્રતા અને સંસારરસિકતા છે.

**ભવાભિનંદીનાં આઠ લક્ષણ :-** આપણે આપણા આત્માનું સાચું નિરીક્ષણ કરીએ તો માનવું જ જોઈએ કે હજી જ્યાં સુધી આપણું હૈયું ક્ષુદ્ર છે, લોભ-તૃષ્ણામાં આનંદી અને નિર્ભય વર્તે છે. જગતની મામુલી વસ્તુ ખાતર પણ દીનતા અનુભવે છે, ઈર્ષ્યાનો અને ખારનો પાર નથી, સ્વાર્થના સહેજ પણ ઘવામણમાં વાતે વાતે ભયભીતતા છે, લુચ્ચાઈ કોટે વળગી છે, સંસારના પદાર્થ માટે જીવ મોહમૂઢ અને અજ્ઞાન છે, માત્ર અસાર પ્રવૃત્તિઓનો જ કરનારો છે, -જો આવા આવા દુર્ગુણો ધરાવે છે, તો તે જીવ ભવાભિનંદી છે. ત્યાં જો એ એમ કહે કે ''ના, ના, મને

અંદરથી સંસાર ખારો ઝેર જેવો લાગે છે. સંસાર ગમતો નથી, પણ મોક્ષ જ ગમે છે,'' તો આ તેનું કથન ભ્રમવાળું કે દંભ ભરેલું છે. શાસ્ત્રકારે આ નક્કી કર્યું છે કે હૈયામાં જો સંસારનો તેવો રંગ નથી અને મોક્ષની આછી પણ ઈચ્છા છે તો એ જીવ તેના ક્ષુદ્રતાદિ દુર્ગુણો ધરાવી શકે નહિ. સંસારરુચિનો રોગ આ દોષો પર નિર્ભર છે, એવું શાસ્ત્રકારનું કહેવું છે. તો કહો, શું એ વસ્તુ આપણે બહુ વિચારવા જેવી નથી ? આપણી મોક્ષેચ્છાને વાસ્તવિક ઠરાવવા માટે આ દુર્ગુણોને દૂર કર્યે જ છૂટકો છે. 'શું કરું ? મને અંદરથી ક્ષુદ્રતાદિ પાપ બહુ ડંખે છે, બાકી મને મોક્ષનો પ્રેમ છે;' એ બચાવ અહીં નભી શકે એવો નથી. શાસ્ત્રોએ કેટલાક પાપોમાં ડંખ કબૂલ રાખ્યો છે, પણ બીજા એવાંય પાપો હોય છે કે જેમાં હૈયામાં ડંખ હોવાની વાત દંભભરી ગણાય છે. આ અતિ ક્ષુદ્રતા, લોભમાં આનંદ વગેરે પાપો આ કોટિના છે. એની પાછળ પાપનો ડંખ નથી હોતો, પણ પાપની પ્રીતિ, અર્થાત્ સંસારની અભિનંદિતા-રસિકતા હોય છે. એ હોય ત્યાંસુધી જીવ ઓઘ-દૃષ્ટિમાં રમતો રહે છે. અહીં કોઈ એવું માનવાની ભૂલ કરે છે કે જે જીવ અંધશ્રદ્ધામાં રમે છે તે ઓઘદૃષ્ટિવાળો છે. આ કથન બરાબર નથી. કેમકે અંધશ્રદ્ધા એટલે શું ? ''ભાઈ ! આપણે કાંઈ તત્ત્વ-બત્ત્વ સમજીએ નહિ, આપણને અભ્યાસ કરવાની, વિચાર કરવાની ફુરસદ નથી. આપણે તો ભગવાનને કહ્યું તે બરાબર એટલું માનનારા છીએ. એમણે કહ્યું કે સંસાર ખરાબ અને મોક્ષ સારો; તો આપણે એ માની લેનારા છીએ. પણ 'તમે હવે સંસાર-મોક્ષના તત્ત્વોનો અભ્યાસ કરો' એમ કોઈ અમને કહે, તો અમે તેમ કરવા તૈયાર નથી.'' આ શ્રદ્ધા એજ અંધશ્રદ્ધા ને ? આને શું ઓઘદૃષ્ટિ કહેવાય ? જેમાં યુક્તિ-હેતુ વિના ફક્ત જ્ઞાનીના વચન માત્રથી મોક્ષ સારો એમ નિર્ણય કર્યો, એ દૃષ્ટિ તો યોગની દૃષ્ટિ છે, ઓઘદૃષ્ટિ નહિ.

**સામાન્ય દર્શન :- ઓઘદૃષ્ટિ** એ સામાન્ય દર્શન છે. યોગદૃષ્ટિ એ વિશેષ દર્શન છે.અહીં એમ નથી સમજવાનું કે ''સામાન્ય એટલે થોડું અને વિશેષ એટલે વધારે; -તથા દર્શન થોડું હોવામાં ભલે વિકાસ ઓછો છે, પણ કોઈ દોષ નથી, ઊલટો થોડો પણ ગુણ છે.'' આવું સમજવાનું નથી. કેમકે અહીં સામાન્ય-વિશેષ શબ્દો પરસ્પર વિરોધી અર્થને સૂચવે છે. અર્થાત્ **'સામાન્ય દર્શન'** શબ્દથી ઉપલકીયું-છીછરું દર્શન, છીછરી નજર, સમજવાની છે, 'વિશેષ' શબ્દથી ગંભીર-ઊંડી નજર લેવાની છે. છીછરી નજરથી વસ્તુનું ખોટું માપ જણાય છે, ઊંડી નજર હોય તો વસ્તુનું સાચુ માપ જણાય છે. એમ સામાન્ય દર્શન એટલે બીજી વસ્તુના જેવું દર્શન કહીએ તો વિશેષ દર્શનનો અર્થ બીજી વસ્તુ કરતાં આ વસ્તુના સ્વતંત્ર જુદા



સ્વરૂપનું દર્શન એવો થાય. આમાં પણ બીજી વસ્તુના જેવું દર્શન એકાંત દૃષ્ટિએ કરવામાં આવે છે તેથી એ ખોટું થાય છે; જ્યારે વિશેષ દર્શનમાં અનેકાંતદૃષ્ટિથી વસ્તુમાં રહેલી સ્વતંત્ર વિશેષતા જોવામાં આવે છે. એ દર્શન સાચું છે.

**ઓઘ૰ યોગ૰ માં ફરકનું દૃષ્ટાન્ત :-** એક દાખલો. ઓઘદૃષ્ટિવાળો સામાન્ય દર્શનથી લક્ષ્મીને જુએ છે. તેમાં એ સામાન્ય નજર એટલે છીછરી નજરથી લક્ષ્મીને સુખકારી અને હિતકારી સમજે છે, એ ખોટું છે. એમ બીજી વસ્તુ સાથેની સમાનદૃષ્ટિથી લક્ષ્મીને જીવનનું સાધન એટલે સર્વસ્વ માની લે છે, તે પણ ખોટું છે. અહીં જો વિશેષ દર્શન કરવામાં આવે તો દૃષ્ટિ ઊંડી જાય. એથી લક્ષ્મીથી થતા અનર્થો નજરે ચઢે. લક્ષ્મી આત્મામાં કેવા કેવા દુર્ગુણો પોષે છે, કેવો કેવો કલેશ કરાવે છે, કેવા કેવા પાપ આચરાવે છે, ઈત્યાદિ ઈત્યાદિ જણાય. આ બધું તમારાથી ક્યાં અજાણ્યું છે ? ત્યારે અનેકાંત દૃષ્ટિથી જુઓ કે હીરાનો હાર જો પુણ્યાનુબંધી પુણ્યવાળાના હાથમાં આવશે, તો એ હાર લક્ષ્મી હોવા છતાં અનર્થ નહિ પણ લાભ કરનારો બને છે.

**પ્ર.**- પૂછો એ શી રીતે ?

**ઉ.**- એ રીતે કે પુણ્યશાળી એ હારને પરમાત્માની ભવ્ય મૂર્તિના ગળામાં અર્પણ કરી દે છે. તેથી વધુ શોભાવાળી બનેલી મૂર્તિ અનેક ભવ્યજીવોને દર્શન આપી સમ્યક્ત્વ વગેરે ગુણો પમાડે છે, પણ તે ક્યારે ? દેવગુરુધર્મની સેવામાં એ લક્ષ્મી જાય ત્યારે, નહિતર તો એ પાપના માર્ગે જઈને મહા અનર્થ નિપજાવે છે; અને મોટે ભાગે દુનિયામાં એ પાપના માર્ગે જતી દેખાય છે, તેથી ઊંડી દૃષ્ટિથી કહેવાય કે લક્ષ્મીમાં ગુણકારિતા નથી પણ અનર્થકારિતા છે.

**ઓઘદૃષ્ટિવાળાને યોગદૃષ્ટિ કેમ નહિ ? :-** આમ છીછરી નજર અનેકાંત દૃષ્ટિ જીવને ઓઘદૃષ્ટિમાં જકડી રાખે છે. જ્યાંસુધી જીવમાં સંસાર, ઈન્દ્રિયોના વિષયોમાં, મોહાંધ કુટુંબ, દુન્યવી સત્તા-માનપાન વગેરેમાં જ સર્વસ્વ લાગે છે, પણ મોક્ષ જેવી વસ્તુ પર નજર સરખી નથી, 'મોક્ષ છે'-એવું ઊંડે ઊંડે પણ લાગતું નથી, ત્યાં સુધી એ સંસારપ્રેમને કારણે ઓઘદૃષ્ટિ હોય છે,એવી ઓઘદૃષ્ટિથી જડપદાર્થોના માત્ર લૌકિક લાભો જુએ છે, ને તાત્કાલિક સુખને ગણે છે; પણ લોકોત્તર નુકસાન કેવા છે, પરિણામે કયી ભયંકરતા સર્જાય છે તે જોતો નથી. એથી કોઈ એની આગળ તત્ત્વની વાત લાવે તો એના પર અને એ વાત પર દ્વેષ-અરુચિ થાય છે; પછી ત્યાં તત્ત્વજિજ્ઞાસા થવાની વાતેય શી ? ત્યારે યોગદૃષ્ટિમાં તો **ક્રમસર અદ્વેષ** જોઈએ છે-એ વસ્તુ આગળ જણાશે.

**માત્ર બાહ્યચક્ષુની નિર્મળતાથી યોગદૃષ્ટિ નહિ :-** હવે અહીં ગ્રંથકાર આચાર્ય



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ભગવાન કહે છે આ ઓઘદૃષ્ટિ સારી ચક્ષુવાળાનેય હોય છે, અને વિકૃત ચક્ષુવાળાનેય હોય છે. અર્થાત્ કોઈ માણસ આંખ આગળ રંગીન કાચ રાખે, તો તેમાંથી વસ્તુના રંગનુ ખોટું દર્શન થાય છે. અહીં ચક્ષુવિકૃત જેવી થઈ. તેમજ એવો કાચ ન રાખે અને શુદ્ધ ચક્ષુથી વસ્તુ જુએ તો પણ જો એ ઓઘદૃષ્ટિથી પીડાતો હશે, તો એનું વસ્તુદર્શન તત્ત્વદૃષ્ટિએ ખોટું હશે. એનો અર્થ એ થયો કે બાહ્યચક્ષુ નરસી હોય કે સારી, પણ એ જીવ ઓઘદૃષ્ટિ હોઈ શકે છે. બાહ્યચક્ષુ ચોક્ખી હોવા માત્રથી વસ્તુનું યથાર્થ દર્શન નથી થતું, જો એ જીવ ઓઘદૃષ્ટિવાળો છે. યોગદૃષ્ટિવાળાનું દર્શન સાચું દર્શન હોય છે.

**દૃષ્ટિભેદના દૃષ્ટાન્ત :-** અહીં કોઈ પૂછે કે જોવાનું તો આંખોથી છે, તો પછી ઓઘદૃષ્ટિવાળાના જ્ઞાનમાં અને યોગદૃષ્ટિવાળા જ્ઞાનમાં કેમ ફરક પડે છે ? આનું કારણ એ છે કે સાચા ખોટા જ્ઞાનનો આધાર હૈયા પર છે. ઓઘદૃષ્ટિવાળાનું હૈયું સંસારપરવશ હોવાથી ખોટું છે, તેથી એની સારી આંખે પણ થયેલું જ્ઞાન ખોટું છે. શિષ્ય પૂછે છે કે 'દર્શનના આવા ફરકના દૃષ્ટાન્ત છે ?' ગુરુ કહે છે કે 'હા, છે.' જુઓ કે ચક્ષુ એની એજ હોય, પણ આકાશ વાદળથી ઘેરાયું હોય ત્યારે થતું વસ્તુનું દર્શન; અને વાદળ બીલકુલ ન હોય તે વખતનું વસ્તુનું દર્શન-એ બેમાં ફરક પડે છે. તેમ એમાં પણ રાત્રિએ થતું વસ્તુનું દર્શન, અને દિવસે થતું વસ્તુનું દર્શન, -એમાં પણ ફેર પડે છે. એમાંય જેને ગ્રહ વળગ્યો હોય કે ચિત્તભ્રમ થયો હોય, તેનું દર્શન, અને એવું ન થયું હોય, તેનું દર્શન-એ બેમાં પણ તફાવત હોય છે. એથીય આગળ જુઓ કે, બાળકને થતું વસ્તુદર્શન, અને મોટાને થતું વસ્તુનું દર્શન, એમાં પણ ફેર હોય છે. આનું કારણ એ છે કે બાળકમાં વસ્તુનો વિવેક નથી. સાપને જાણે રમકડા તરીકે જુએ છે. તેથી તો હાથેથી પકડવા જાય છે. એવી રીતે જ આંખ સારી છતાં ઉપર રંગીન કાચ લગાવી જોવાથી વસ્તુના દર્શનમાં ફરક પડે છે. આમ લૌકિક વસ્તુ એકની એક છતાં જેમ સાથેના સંયોગો-સંયોગોમાં વિચિત્રતા છે, તેથી દર્શન-દર્શનમાં ભિન્નતા પડે છે; તેમ તાત્વિક વસ્તુ એકની એક છતાં જ્ઞાનાવરણીય-મિથ્યાત્વ વગેરે કર્મોના ક્ષયોપશમમાં ફરક પડવાથી વસ્તુના તાત્વિક દર્શનમાં તફાવત પડે છે. ઓઘદૃષ્ટિવાળાને મિથ્યાત્વનું દબાણ હોવાથી વસ્તુનું ઉપલકીયું સામાન્ય દર્શન થાય છે. એથી દા.ત. સામાન્ય ઘરને બદલે બંગલો જોતાં એને થાય છે ઓહો કેવો સરસ બંગલો ! જો મિથ્યાત્વ મંદ પડ્યું હોય તો એમ થાય કે આ બંગલો વધારે રાગ-મમત્વ કરાવનાર હોવાથી ભયાનક છે. સુંદર નહીં પણ ખરાબ છે.





# ૩૪ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**સંયોગોની વિચિત્રતા દર્શનમાં ભેદ :-** યોગના આચાર્યો પણ કહે છે કે દર્શનમાં જે ભેદ પડે છે, તે જેમ સાથેના બાહ્ય સંયોગીની વિચિત્રતાના કારણે પડે છે, તેમ આંતરિક મિથ્યા કે શુદ્ધ દૃષ્ટિના હિસાબે પણ ફરક પડે છે. આનો અર્થ એ છે કે દા.ત પૂર્વે કહ્યું તેમ દિવસના ઝગમગાટ પ્રકાશમાં કોઈ હવેલી જોઈ, તો તે સ્પષ્ટ જુદા જુદા રંગભરી દેખાઈ; અને સંધ્યાકાળ પછી તેને જોઈ, તો તે અસ્પષ્ટ અને કાળા જેવા એક જ રંગવાળી દેખાઈ. આમાં કાળના સંયોગો ફર્યા, માટે દર્શન ફર્યું. એવી રીતે **ઓઘદૃષ્ટિવાળો** આંતરિક મિથ્યા એવી સંસારદૃષ્ટિના કારણે ઈન્દ્રિયોના વિષયોને ભોગ્ય અને હિતકારી દેખે છે, ત્યારે **યોગદૃષ્ટિવાળો** આંતરિક શુદ્ધ મોક્ષદૃષ્ટિના પ્રભાવે એજ પદાર્થોને અહિતકારી અને ત્યાજ્ય દેખે છે.

**ચેતવણી :-** ભૂલતા નહિ કે અનંત કાળ રખડીને આવ્યા પછી અહીં જે આ વાતો સાંભળવા મળે છે તે દુર્લભ-અતિદુર્લભ છે; તેમજ મહાકિંમતી છે. એ તમને સાંભળવી ગમે છે, એ પણ તમારામાં યોગદૃષ્ટિના ઓછા વધતા પ્રકાશની સૂચક છે. પરંતુ આટલી સ્થિતિએ પહોંચ્યા પછી હવે ખૂબજ સાવધાન બની, ઓઘદૃષ્ટિના અંધારામાં ન તણાઈ જવાય, અને યોગદૃષ્ટિનું અજવાળું વધારતા જવાય, એ માટે નક્કર પુરુષાર્થ કરવો જરૂરી છે. ઓઘદૃષ્ટિના અંધારામાં ન તણાઈ જવા માટે ભવાભિનંદિતા અર્થાત્ સંસાર પર આસ્થા અને પક્ષપાતથી દૂર રહેવાનું છે. સામાન્યથી જીવની દૃષ્ટિ, જીવની મનોવૃતિ સંસારનો પક્ષપાત કરવાની હોય છે, ને તેમાં એ ધાંધલ ઘણું મોટું મચાવી મૂકે છે. આજે જુઓ કે નવી નવી શોધો, રેડીઓ, વાયરલેસ, મશીનરી, એટમબોમ્બ, રેકેટ, આ બંધુ તોફાન ઓઘદૃષ્ટિનું છે.

**જેટલું ઓઘદૃષ્ટિનું વધુ નાટક, તેટલો આત્મામાં વધુ અંધકારનો ફેલાવો.લખી રાખો, ઓઘદૃષ્ટિ એટલે અંધકારનો કાળ અને યોગદૃષ્ટિ એટલે પ્રકાશનો કાળ.દુનિયા આજે જેને પ્રકાશ કહે છે તે પ્રકાશ નથી.**

**પ્ર.-** આજ સુધી જે બનવાનું આશ્ચર્ય કહેતા હતા, અસંભવિત કહેતા હતા, તે આજે સંભવિત બન્યું, તો શું તે પ્રકાશ નથી ? વિજ્ઞાને જે શોધ કરી જીવને જાણકાર બનાવ્યો, તેને અંધકાર કેમ કહો છો ?

ઉ.- કારણ એજ કે અહીં તત્ત્વજ્ઞાનીઓની પ્રકાશની જે વ્યાખ્યા છે, તે તપાસવાની જરૂર છે. અંધકાર-પ્રકાશની વિચારણા કરતાં પહેલાં તેનું ધ્યેય તપાસવું જોઈએ છે. તત્ત્વવેત્તાની દૃષ્ટિએ **આત્માને જે અત્યંત છેલ્લી કોટિનું પરમસુખ ઈષ્ટ છે, જે સર્વથા સ્વતન્ત્ર પરમપદ ઈષ્ટ છે, તેની નજીક લઈ જાય તે પ્રકાશ; અને દૂર લઈ જાય તે અંધકાર**. વાત પણ સાચી છે. સમજો કે તમે જંગલમાંથી પસાર થતા કોઈ આડા માર્ગે ચઢી ગયા. ત્યાં પ્રકાશ હતો તેથી આગળને આગળ ચાલ્યા પણ તેથી તો એક વિકરાળ પશુઓના સ્થાને પહોંચી ગયા. તો કહો તે પ્રકાશને અજવાળું કહેવું કે અંધારું ? એમ થાય ને કે આના કરતાં અંધારૂં હોત તો સારું, જેથી વિશ્વાસમાં આગળ તો ન વધત ? મુશ્કેલીમાં તો ન મૂકાત ? આજના વિજ્ઞાનના પ્રકાશ આ કોટિના છે. જગતને એ જડની મોહિનીના ભયંકર અંધારે લઈ જાય છે; ત્યારે યોગદૃષ્ટિનો સાચો પ્રકાશ સર્વ શ્રેષ્ઠ ઈષ્ટ પહોંચાડે છે.

**છેલ્લી કોટિનું ઈષ્ટ કેવું ? :-** બીજી બધી વસ્તુઓ ઈષ્ટ છે, પણ તે બીજાને માટે છે. દુકાને જવાનું કેમ ઈષ્ટ છે ? ધન જોઈએ છે માટે. તો દુકાને જવાનું તે છેલ્લું ઈષ્ટ નથી. ધન શા માટે જોઈએ છે ? અર્થાત્ ધન કેમ ઈષ્ટ છે ? સંસારના ભોગવિલાસ માટે. તો ધન પણ છેલ્લું ઈષ્ટ નથી. એના પર આગળ વિચારો. ભોગવિલાસ ઈષ્ટ છે. ઠીક ભોગવિલાસ શા માટે ? સુખ જોઈએ છે તે માટે. તો ભોગ વિલાસ પણ છેલ્લું ઈષ્ટ નથી. એના ઉપર સુખ ઈષ્ટ છે. હવે પૂછો, સુખ કેમ ઈષ્ટ છે ? તેનો જવાબ નથી. કેમ કે એ સ્વતંત્ર ઈષ્ટ છે; છેલ્લું ઈષ્ટ છે. પરંતુ એ સુખ પણ કાયમી નિર્ભેળ અને સ્વાધીન જોઈએ છે. શાસ્ત્રકારો સાચા સુખને માટે યોગદૃષ્ટિમાં પ્રવર્તન કરાવે છે. તે પ્રમાણે ઓઘદૃષ્ટિથી દુનિયા પણ કહે છે કે સુખ માટે સંસારની કાર્યવાહી ઈષ્ટ છે. પણ એ કાર્યવાહી કેવી ? કંચન, કામિની અને વિષયોને પરાધીન. પાછું એમાં સુખ કેવું ? દુ:ખ, ચિંતાઓથી ભરેલું અને ક્ષણિક. એ સુખ છેલ્લું ઈષ્ટ નથી. છેલ્લું ઈષ્ટ હોત તો એ મળ્યા પછી કદી રોવાનો વખત ન આવત. પણ કહો આજ જીવનમાં પણ હૃદયથી રોવાના પ્રસંગ કેટલા જોયા ? કહોને ઘણા, એવા સુખને લાવનાર વિજ્ઞાન તે અંધકાર છે. કહે છે કે રેલ્વે હોય તો તાત્કાલીક જવાય, માટે કેવું સરસ સુખ ! જરૂર, માનેલું સુખ ખરું. પરંતુ તેની પાછળ દુ:ખ કેટલું ? ગામડાના ધંધા ભાંગી ગયા. ચોર ડાકુને ચોરી કરી ભાગવું સહેલું થયું. તીર્થયાત્રા એક માસને બદલે ત્રણ દિવસમાં પતી, તેથી બાકીના દિવસ પાપના થયા. વિમાનની શોધમાં સુખ શું મેળવ્યું ? અકસ્માતમાં દુનિયાના મહાન માણસોના વિનાશ સર્જાયા ! શહેરોની કિલ્લેબંધી નકામી થઈ ! ઉપરથી બોંબ ફેંકાયા !



**યોગની પહેલી ચાર અને પછી ચાર દૃષ્ટિમાં ફરક :-** ઓઘદૃષ્ટિના સિમાડામાં આવતી સંસારના વિલાસની વાતો અને પુદ્ગલના વિકાસની વાતો આત્માથી સદા પર છતાં આત્માની જ વિનાશક છે. ગમે તેટલું વિજ્ઞાન અને ફેશન દ્વારા એવું જડ પદાર્થનું નાટક વધુ ને વધુ વધારો, તેની ખીલવણી કરો, તે શું આત્માનું સુખ વધારી રહ્યું છે ? કે સુખથી વધુને વધુ દૂર લઈ ગયું છે ? લોક પૂર્વના કાળમાં વધારે સુખી અને આબાદ હતું. યોગદૃષ્ટિમાં આવ્યા પછી અલબત જીવ ઓઘદૃષ્ટિવાળો નથી. ભવાભિનંદી નથી. છતાં યોગની પહેલી ચાર દૃષ્ટિમાં વિચિત્રતા છે. પાંચમી દૃષ્ટિમાં પ્રવેશતાં પહેલાં એ આત્મા અનાદિની રૂઢ એવી રાગદ્વેષની નિબિડ ગાંઠને તોડે છે. શાસ્ત્રોમાં એને ગ્રન્થિભેદ કહે છે, પછી સમ્યક્ત્વનો પ્રકાશ પથરાય છે. એ પ્રકાશમાં વિચિત્રતા નથી પડતી. પછી તો **જે ઉપરની દૃષ્ટિમાં વિશિષ્ટતા છે તે પ્રકાશના ઊંચા ઊંચા અમલના હિસાબે છે.**

**આલંબનની જરૂર :-** આ બધામાં એક ધ્યાન રાખવાનું છે કે યોગદૃષ્ટિમાં પ્રવેશવાનું અને ઊંચે ઊંચે ચઢવાનું જે થાય છે, તેમાં અસાધારણ કારણ શુભ આલંબનો છે. **જીવને સારા સારા આલંબન મળે એટલે છૂપી યોગ્યતા પાકે છે; અને પાકેલી યોગ્યતા ઉપર પાછા સારા આલંબનો મળે એટલે જીવમાં અદ્ભુત ગુણોનો વિકાસ થાય છે**. આલંબનોના મહિમાના હિસાબે જ ધર્મક્રિયાઓ જે કરાય છે, તે પરમાત્માની મૂર્તિની સન્મુખ કે ગુરુની અથવા સ્થાપના ગુરુની સન્મુખ કરાય છે.

**પ્ર.-** મહાન યોગી-મહર્ષિઓ જંગલમાં વિના સ્થાપનાએ અનુષ્ઠાન રાખી શકે છે તો આપણે ઘરમાં કેમ ન રાખી શકીએ ? એ સ્મશાનમાં ઊભા હોય છે, તે કોની સન્મુખ ?

ઉ.- યોગીઓને વિચરતા શ્રી તીર્થંકર દેવની અને સિદ્ધ ભગવાનની સાક્ષી હોય છે. આપણને એમ ન ચાલે. લાકડીના ટેકે ચાલનારા જીવને લાકડીનો ટેકો રાખવો જ પડે. ગુરુની સાક્ષીમાં સારી રીતે વર્તી શકનારને સ્થાપના ગુરુનુંય આલંબન જોઈએ. જો ન રાખે તો મોહરાજા ક્યાંય ચઢાવી દે, તેની ખબર ન પડે. પછી કર્મરાજા ક્યાંય ફેંકી દે, તેનોય પત્તો લાગે નહિ. વિના આલંબને બાલ જીવોનેય એવું એકાગ્ર ધ્યાનનું આલંબન નથી. તેથી પરમાત્મા અથવા ગુરુની સ્થાપના જોઈએ. જ્યારે યોગીઓ ધ્યાનબળમાં આગળ વધેલા હોય છે. અને ચારિત્રભાવમાં અતિ સ્થિર થયેલા હોવાથી એમને એકાકી વિહારની ગુરુ અનુજ્ઞા આપે છે. એ સ્મશાનાદિમાં કાઉસગ્ગમાં સિદ્ધ ભગવાનનું ભાવ-આલંબન રાખી શકે છે.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સજીવ નહિ એવી પણ સ્થાપનાનો જુઓ, કે કેવો અદ્‌ભુત મહિમા છે. એ મૂર્તિના આલંબને દેવગુરુ પ્રત્યે ભક્તિ-બહુમાન આરાધી શકાય છે. **પ્રત્યક્ષમાં મૂર્તિ પ્રત્યે કરાતી આદરપૂજા વસ્તુતઃ સાક્ષાત્ દેવગુરુ પ્રત્યે છે.** માટે જિનબિંબના દર્શન કરવા જતાં ખૂબ આદર રાખો; ત્યાંસુધી કે જેમ વ્યવહારમાં પોતાના કરતાં કોઈ રાજા જેવો મોટો માણસ હોય, તો તેને મળીને પાછા ફરતાં એવો વિવેક રખાય છે કે તેને પૂંઠ કરીને જવાય નહિ; તેની સામે ગમે તેમ ચાલવા-બોલવાનો કે બેસવાનો અવિવેક કરાય નહિ; તેજ પ્રમાણે ભગવાનની મૂર્તિ આગળ વિવેક પૂરો રાખવાનો હોય છે. એ બધો વિવેક, હૃદયમાં જાણે હું સાક્ષાત્ પ્રભુની આગળ છું. એવો મનને ખ્યાલ હોય તો જાળવી શકાય. માટે પ્રભુના વિરહમાં મૂર્તિનું આલંબન જોઈએ. એ હોવાથી મૂર્તિ પ્રત્યેનો બધો વિવેક અને ભક્તિ ભગવાનની પ્રત્યે કર્યા બરાબર છે. તેથી જ સાંભળીએ છીએ કે પ્રભુ મૂર્તિની પૂજા-આદરથી કુમારપાળ, એ મહારાજા બન્યા અને ગણધર બનશે. નાગકેતુ કેવળજ્ઞાન પામ્યા. મૂર્તિને જો ભગવાન માને તો, અભિષેક કરવાના કળશને ઠેસ લાગે તોય 'મિચ્છામિદુક્કડં' દેવાય; અને 'આ મારા પૂજ્ય પ્રભુનો અભિષેક કળશ' એમ વિચારી બહુમાનપૂર્વક એને ઉઠાવી બરાબર પાણીથી ધોઈ કરી સ્થાને મૂકાય. જેમ રાજા પર અત્યંત માન હોય છે, તે એના ભક્તિદ્રવ્યો પર પણ આદર હોય છે, તેવી રીતે મૂર્તિને સાક્ષાત્ પ્રભુ સમજ્યા પછી એના ભક્તિ-સાધનો પર અનાદર ન હોય. આલંબનનો આ મહીમા છે કે ઈંદ્રો જેમ સાક્ષાત્ પ્રભુની ભક્તિ કરી લાભ મેળવતા, તેમ અહીં પણ સાક્ષાત્ ભક્તિ જેવો લાભ મળે છે.

એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આલંબનભૂત એ મૂર્તિ એ સાક્ષાત્ જિન સમાન છે, સ્થાપના એ સાક્ષાત્ ગુરુ સમાન છે. તેથી તેમની જરાય આશાતના ન થાય. મંદિર એટલે પ્રભુનું સ્થાન. ત્યાં કોઈ આશાતના અવગણના ન થવા દેવાય; શેઠને ત્યાં કાંઈ અવ્યવસ્થિત ન થાય એની ઘણી સાવચેતી રખાય છે, કારણ કે ત્યાં 'ગરબડ કરવામાં પોતાનું ખરાબ થશે, શેઠને પોતાના પ્રત્યેનો સદ્‌ભાવ ઓછો થશે.' મૃદુતાપૂર્વક ક્ષમા માગે છે.વધારામાં શેઠનો આદર ઘણો કરે છે. ક્ષમા આપનારા શેઠ માટે ઊંચો ખ્યાલ ધરે છે, તેમ પરમાત્મા પાસે જતાં પહેલાં એમાં ખૂબ આદરભાવ લાવવાનો છે. ઊંચો સદ્‌ભાવ કેવળવવાનો છે પ્રભુ માટે ચિત્તમાં થાય કે "તેમનું કેવું અદ્‌ભુત સંયમ ? કેવો મહા ત્યાગ ! કેવું અનંત પદાર્થોનું અનંતકાળનું જ્ઞાન ! મારા પરમાત્મા એટલે ? ગણધરોથી સેવાયેલા, ઈન્દ્રોથી પૂજાએલા. જન્મ થતાં જ તેમને ઈન્દ્રો મેરુ પર સ્નાત્ર સન્માન માટે લઈ જાય છે." એવી એવી વિચારણા ખૂબ ખૂબ કરવા જેવી છે. તેવી રીતે એ ભાવથી જિનબિંબની



સ્નાત્રવિધિ કરવાથી મહાન લાભ થાય છે. એથી ઊલટું આશાતના-અનાદર કરવાથી નુકસાન પણ મોટું છે. કેટલાક આશાતનાથી ડરી પૂજાથી જ વંચિત રહે છે. પણ તે ખોટું છે, કેમકે જેમ મોટા વેપારમાં જોખમ મોટું છતાં લાભ મોટો હોવાથી માણસ વેપારમાં ઝુકાવે છે, તેમ અહીં પ્રભુપૂજામાં ઉજમાળ રહેવાનું છે. આશાતના તજવા ધ્યાન રાખવાનું છે. **પરમાત્માનું દર્શન-પૂજન એટલે શું ?** અનાદિના મલિન અને કુસંસ્કારો આત્માને શુદ્ધ અને સુસંસ્કારી કરવાની સાધના. જેટલા પ્રમાણમાં પરમાત્મા ખુશી થાય, એટલે કે આપણા આત્માને ઉચ્ચ એટલા પ્રમાણમાં પૂજા સારી. પ્રભુના ગુણમાં જેટલી આત્માની તલ્લીનતા એટલી પૂજા ઊંચા પ્રકારની. પ્રભુના ગુણમાં વીતરાગતા છે. તો રાગ કરાવનારા હીરા, માણેક જેવા દ્રવ્યો લાવી ધરે; અને એ દ્વારા પ્રભુમાં તલ્લીન બને. પ્રભુ કરતાં જગતના કિંમતી પદાર્થો ઉપર રાગ વધારે હોય છે, તે તજવા એ દ્રવ્યોને જ વધુ કિંમતી પ્રભુ આગળ ધરવાના.

**પ્ર.**- પ્રભુને ગમે તેવું ઊંચું ધરવા છતાં પ્રભુ ક્યાં ખુશ થવાના છે ?

**ઉ.**- ઘણાય શેઠ એવા હોય છે કે જેઓ ખુશી નથી થતા, છતાં નોકરો પોતાની બધી પ્રવૃત્તિ શેઠને ખુશ કરવા કરે છે. "કોઈક દિવસ શેઠ યોગ્ય કરશે, મનમાં લાવશે અને મનમાં લાવશે ત્યારે અહીંથી ઊંચકીને સીધો ભાગમાં નાખી દેશે. ચાલ પેઢીમાં તારો આજથી છ આની ભાગ." એમ કહી દેશે. આવું સમજે છે. પછી તે શું કરે છે ? શેઠનો પડતો બોલ ઝીલે છે, કહેતાં પહેલા કામ તૈયાર રાખે છે, અને માને છે આપણા બાળકો કરતાં તેમના બાળકોને ખુશ રાખવા જોઈએ. થાક આપણો જોવાય નહિ. આપણે થાક ગણકાર્યા વગર તેમનું કામ પતાવવું જોઈએ. શેઠનું તો શું, પણ શેઠનો છોકરો આવે તો તેનુંય એટલું જ માન જાળવવાનું, દુનિયામાં ચાલે છે ને આવું બધું ? બસ, એજ પ્રમાણે પરમાત્મપ્રીતિ અર્થે ઊંચા પૂજન છે, તેઓ ખુશ થાઓ કે ન થાઓ, પરંતુ આપણે ભારે આદર ને બહુમાનપૂર્વક એમની પૂજા, અને એમના આજ્ઞાના પાલન કરવા જોઈએ. પૂજામાં ચિત્તની મહાન પ્રસન્નતા જોઈએ. એમ કરતાં એક દિ' હૃદયમાં પ્રકાશ ખુલી જાય. **પરમાત્માને ખુશ કરવા એટલે એમના સિદ્ધાંત મુજબની સારી આત્મદશા કરવી.** એ અહિંસાના હિમાયતી છે. એ અદ્‌ભુત ત્યાગી છે. સમ્યદર્શનજ્ઞાન ચારિત્રરૂપી રત્નત્રયીની સાધનામાં એ માનવજીવનની સફળતા કહે છે. એમના એ સિદ્ધાન્ત અને એ સ્વરૂપની પ્રવૃત્તિના માર્ગે હું ચાલું, તેમાં વધુ ને વધુ પ્રવૃત્ત થાઉં. એજ પરમાત્મ-પ્રીતિ થઈ ગણાય. કેમકે એથી **એમના જ્ઞાનમાં આપણી યોગ્ય સારા આત્મા તરીકે ગણત્રી થવાની**. ત્યારે આપણાં દિલમાં પણ એ પ્રવૃત્તિથી પરમાત્મા પ્રત્યે વધુ આકર્ષણ વધુ ઝોક રહેવાનો. આલંબનના હિસાબે જીવ તરે છે, અને

આલંબનના હિસાબે જીવ ડૂબે છે. માટે જ જ્ઞાની ભગવંતો હંમેશા સારા આલંબનમાં રહેવાનું કહે છે.

જ્યાંસુધી જીવ પહેલી ચાર યોગદૃષ્ટિમાં હોય છે, ત્યાં સુધી એનામાં યદ્યપિ મોક્ષરુચિ હોવાથી સંસારાભિનંદિતા નથી, છતાં હજી એને સમ્યક્ત્વ પ્રાપ્ત ન થવાથી શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના વચન પર અવિહડ શ્રદ્ધા થઈ નથી. સમ્યક્ત્વ માટે સંસાર પર વૈરાગ્ય અને જિન વચન પર શ્રદ્ધા એમ બે વસ્તુ જરૂરી છે. જો કે શ્રદ્ધા કહેવાથી એનામાં વૈરાગ્યનો સમાવેશ થઈ જાય છે; છતાં બાળ જીવને સમજવા માટે અને એને સમ્યક્ત્વની પ્રાપ્તિની સાધના કરવા માટે વૈરાગ્ય-સંસારભય-મોક્ષરુચિની સાધના તરફ ખાસ લક્ષ ખેચવું પડે છે. એ પાયો છે. એ મુખ્ય જરૂરી ચીજ છે. કેટલીકવાર એવું જોવા મળે છે કે એનો ખ્યાલ ન હોવાથી કેટલાક લોકો એમ તો કહે છે કે અમને શ્રી સર્વજ્ઞના વચન પર શ્રદ્ધા છે; પરંતુ એમ નથી સમજતા કે "શ્રી સર્વજ્ઞ તો સંસારને અને વિષયોને ત્યાજ્ય કહ્યા છે, આત્માને નુકસાનકારી કહ્યા છે, તો એના પ્રત્યે આપણને અણગમો હોય, તિરસ્કાર હોય તો તો એ વચનને સાચું માન્યું કહેવાય." શ્રદ્ધા એ કાંઈ મૌખિક ઈકરાર નથી, વાચિક કબુલાત નથી; શ્રદ્ધા એ તો માનસિક સ્વીકાર છે, હાર્દિક વિશ્વાસ છે. એ વિશ્વાસ એટલે આત્માનું તેવું વલણ, જ્ઞાની ભગવંતોએ જે જે પદાર્થો જેવા જેવા કહ્યા છે, તે તે પદાર્થો પ્રત્યે આપણા હૃદયનું તેવા તેવા સ્વરૂપને અનુરૂપ વલણ, એ શ્રદ્ધા છે. ઈન્દ્રિયોના વિષયોનું સ્વરૂપને કર્મબંધક એટલે કે નુકસાનકારી કહ્યું છે, તો તે સ્વરૂપને અનુરૂપ વલણ તિરસ્કારનું અને ભયનું જોઈએ; અર્થાત્ તે વિષયો પ્રત્યે હાર્દિક આકર્ષણ નહિ પણ તિરસ્કાર હોય; અને એની તરફ પ્રવર્તવા જતાં હૈયામાં ભય ઊભો થાય કે આ વિષયોના સંગમાં મારું થશે શું ?

સુબાહુકુમાર, નંદિષેણ, ધન્નો વગેરે સર્વજ્ઞ પરમાત્મા મહાવીરદેવના વચન પર આવી શ્રદ્ધા ધરનારા બન્યા હતા, તેથી પ્રભુની એ વાણી સાંભળી સંસારપ્રત્યે ભયભીત બનેલા, અણગમાવાળા બનેલા એમણે "એવા ભયાનક સંસારનો સંગ હવે એક દિવસ પણ શા સારું રાખવો," એમ વિચારી તત્કાલ ચારિત્રમાર્ગે ઝુકાવ્યું. ત્યારે શ્રેણીક રાજા કે આનંદ-કામદેવ શ્રાવક જેવા ચારિત્ર લઈ ન શક્યા છતાંય સંસારમાં રહેતાં આખી દૃષ્ટિ ફેરવી નાખી; જગત પ્રત્યેના મનના વલણ બદલી નાખ્યા, હિત-અહિતના ધોરણ ફેરવ્યાં.

કોઈ પૂછે કે સમ્યક્ત્વ પામ્યા, ન પામ્યાને વિશ્વાસ શી રીતે પડે ?

એનો ઉત્તર આ છે કે શ્રી જિનેશ્વરદેવોએ કહ્યા પ્રમાણે દૃષ્ટિ, વલણ અને ધોરણ ઘડાય તો સમ્યક્ત્વ પામ્યાનો વિશ્વાસ પડે, મિથ્યાદૃષ્ટિ જીવના સંસાર અને



આત્મા પ્રત્યેના દૃષ્ટિવલણ-ધોરણ જુદા અને સમકિતી જીવના જુદા, સમ્યક્ત્વના એ ઘડતર થયા પછી જીવન પલટતાં વાર નહિ.

## • દૃષ્ટિ પલટવા પર એક રાજાનું દૃષ્ટાન્ત •

એક રાજા હતો. પુણ્યાઈ મુજબ મધ્યમ રાજ્યસંપત્તિ એને મળી હતી. પરંતુ આ દુનિયામાં ચઢતી-પડતીનું પૂછવું શું ? રાજાની આબાદી કર્મથી સહન ન થઈ. ત્યારે કર્મ સામે જીવનું થોડું જ કાંઈ ચાલે છે ? માણસ આ ભૂલી જાય છે કે "અનીતિ કરીને, જૂઠડફાણ હાંકીને, જીવ હિંસાઓ કરીને ભલે પૈસા ભેગા તો કર્યા. પણ જ્યારે કર્મ એ સહન નહિ કરે ત્યારે ગમે તે રસ્તે એ પૈસા ઊડી જશે અને હિંસા-જૂઠ-અનીતિના પાપ માથે ઊભાં રહી જશે. તે વખતે આત્માની દશા કઈ ?" માટે જ જીવનમાંથી જૂઠ-અનીતિ, ઈર્ષ્યા-દ્વેષ, નિંદા-પ્રપંચ, વગેરે પાપો ઓછા કરી નાખવા જોઈએ. શા માટે એવા પાપ કરવા ? જે દુન્યવી વસ્તુ ખાતર એ પાપ કરવામાં આવે છે, એ દુન્યવી વસ્તુ તો કર્મનો હલ્લો આવતાં છતી ન છતી, હતી ન હતી થઈ જાય છે એને માટે પાપ કોણ કરે ? જૂઠ-અનીતિનાં પાપ માણસને આજે સહી પડ્યાં છે, પણ તેથી જીવન ગંદુ ગણાય છે, પવિત્ર નહિ, એ ભૂલવા જેવું નથી.

રાજાની સામે અણધાર્યો હલ્લો આવ્યો એક દુશ્મન રાજાનો. આ એવી ગફલતમાં હતો કે દુશ્મન ઠેઠ રાજમહેલ સુધી આવી પહોંચ્યો ત્યારે ખબર પડી. પછી તો સૌ ચારે બાજુ નાઠા. રાજા પણ જીવ બચાવવા જંગલમાં નાઠો. એને હૈયે એવી તો ચોંટ લાગી ગઈ કે એ નાના બાળકની જેમ ત્યાં પોકે પોકે રોવા લાગ્યો. સુખમાં મહાઆરામી અનુભવી હોય, એ દુઃખમાં ધીરજ ક્યાંથી રાખી શકે ? દુઃખમાં હિંમત તો તે રાખી શકે, કે જે સુખમાં સાવધાન હોય, છકી ન ગયો હોય, ગળીયો ન બન્યો હોય. લલિતાંગ દેવ સ્વયંપ્રભા દેવીના મૃત્યુથી ગાંડા જેવો થઈ વિમાનમાં ઠામઠામ 'હે સ્વયંપ્રભા ! હે સ્વયંપ્રભા !' કરતો ફરી રહ્યો છે. કોણ લલિતાંગ દેવ, ખબર છે ને ? ભગવાન ઋષભદેવ સ્વામીનો જીવ. પૂછોને કે એમની આ સ્થિતિ ? હા, એમની જ્યાં સુધી જીવ પોતે મોહના બંધનોમાં સ્વેચ્છાએ જકડાય છે. ત્યાંસુધી ગમે તેવા આત્માનીય ઘેલી અવસ્થા થાય એમાં કાંઈ જ નવાઈ નથી. બાંધેલા કર્મને ક્યાં એવી શરમ છે કે 'આ મોટા માણસ છે, તો એમને આપણાથી કેમ નડાય ?' એ કર્મ તો તીર્થંકરપણું પામી ચૂકેલા શ્રી મહાવીર ભગવાન ઉપર પણ ગોશાળાની તેજોલેશ્યાનું નિમિત્ત લઈને ત્રાટક્યું હતું અને એણે ભગવાન જેવાનેય છ માસ સુધી ગરમીની પીડા આપી હતી. પાપકર્મનો ઉદય તો

ભલભલાનેય આવે છે, પણ એ વખતે ધૈર્ય રાખવું, સહિષ્ણુ એટલે સહન કરવામાં હર્ષિત બનવું એ જરૂરી છે. એ માટે સુખના કાળમાં છકેલ કે ગળીયા ન થવું જોઈએ.

રાજા ભૂલો પડેલો છે. સુખમાં મદમસ્ત હતો, તેથી અત્યારે દુઃખ વખતે જંગલમાં એકલીઅટુલી નિરાધાર સ્થિતિમાં રોકકળ કરે છે, 'હાય ! આ કેમ સહ્યું જાય ? દુશ્મન કેવો હરામી ? હે ભગવાન ! શું કરું હવે ? મારાથી તો આ જોવાતું નથી. હું નરાધમ આવું બનવા સુધી જીવતો કેમ રહ્યો ?' વગેરે કલ્પાંત વધતો ચાલ્યો. તે એટલે સુધી કે માથું કૂટે છે, છાતી કૂટે છે. એમાં હાથમાં ગળે બાંધેલ માદળીયાની દોરી આવતા તૂટી અને માદળીયું જમીન પર ફેંકાઈ પડ્યું. કહો કલ્પાંત કોણ કરાવે છે ? રાજ્ય ગયું તે ? ના, રાજ્ય ગયું છતાં રાજા હમણાં જ ક્ષણ પછી કલ્પાંત ભૂલી જવાનો છે. તો કલ્પાંત કોણે કરાવ્યો ? ઊંધી સમજે; અવળી દૃષ્ટિએ; વિષરીત ધોરણે. સમજ એવી છે કે "રાજ્ય સદા મારું જ રહે એવું છે." દૃષ્ટિ એ પ્રકારની છે કે "રાજ્ય એટલે સુખની ખાણ" ધોરણ એવું બાંધ્યું છે કે " આ જિંદગી આવા સુખ જ ભોગવવા માટે છે." ઉત્તમ મનુષ્યભવમાં આવ્યા પછી પણ આવા અવળા સમજ, દૃષ્ટિ અને ધોરણ રહે ત્યાં સમ્યક્ત્વ અને ઉચ્ચ ચારિત્ર ક્યાંથી સ્વપ્નેય ફરસે ?

રાજાના ગળામાંથી પડી ગયેલા માદળીયામાંથી ચિઠ્ઠી નીકળી. તે જોઈને રાજાને વિસ્મય થયું કે 'આમાં વળી આ ચિઠ્ઠી શાની ?' ક્ષણભર દુઃખ ભૂલી ચિઠ્ઠી હાથમાં લઈ ખોલી; તો એમાં લખાણ જોયું. શું લખ્યું હતું ? આ લખ્યું હતું કે

**"આ પણ ટકવાનું નથી."**

આ વાંચતાં જ રાજા ચોંક્યોં; વિચારે છે કે "શાનો હું ફોગટ કલ્પાંત કરું છું ? દુઃખમાં ધીરજ ધરવા માતાજીએ નાનપણમાં આ કેવો સરસ હિતોપદેશ માદળીયામાં બાંધી આપ્યો ? ચિઠ્ઠી કહે છે કે આ દુઃખ લાંબુ ટકવાનું નથી. તો પછી શા માટે શોક કરવો. ઉઠ જીવ ! ઉદ્યમ કર. બધા સારાં વાનાં થશે." રાજામાં હિંમત આવી ગઈ; કેમકે સમજ-દૃષ્ટિ ફરી, સુખ ભલે સદા ન રહે, વચમાં દુઃખ પણ આવે. પરંતુ એ દુઃખ કાંઈ ટક્યું ન રહે.

એક ટૂંકો પણ હિતોપદેશ કેવું સુંદર કાર્ય કરે છે ? માતાનું એ ડહાપણ હતું. પૂર્વના કાળે આવા ખ્યાલ બહુ રખાતા. જીવનના ધોરણ લક્ષ્મી અને ભોગવિલાસ પર નહોતા મંડાતા; પણ સમાધિ, ધૈર્ય અને ધર્મ લાગણી પર મપાતા. આજના ધોરણ જુદા છે. ત્યારે એમાંથી શો સાર નીકળે છે એ પણ નજરે દેખાય છે. રાજાને એટલો ટૂંકો હિતોપદેશ સોનેરી થઈ પડ્યો. દુઃખમાં દુર્ધ્યાનમાંથી એ બચાવી લે છે.



જીવનમાં આવા હિતોપદેશના સ્થાન ખાસ જોઈએ. રાખ્યા છે ને ? તમારા હિસાબી ચોપડાના ખૂણે પણ એકાદું હિતવચન લખેલું ન મળે ને ?-'નીતિ અને સત્ય પાળનારો જ સદ્ગતિનો અધિકારી બને છે.' લક્ષ્મી માટે માનવજીવન નથી'...આવું આવું કંઈક લખેલું મળે ને ? ના કહે છે. ઠીક, તો મોઢે અવસરે અવસરે એવું કંઈક સંભળાવનાર પત્ની, પિતા, પુત્ર વગેરે છે ને ? ન હોય તો ઊભા કરો; અને તમે પણ કોઈને હિતોપદેશ દેનારા બન્યા રહો.

રાજા માદળીયું પાછું ચિઠ્ઠી સાથે ગળે બાંધી ત્યાંથી ઉઠી પહોંચ્યો મિત્રરાજા પાસે. મિત્રે આવકાર આપ્યો. એને બધી વાત કરી પેલાએ સહાનુભૂતિ દેખાડી, પોતાનું લશ્કર આપ્યું. મિત્રતા એનું નામ કે જેમાં સામાના દુઃખના અવસરે શક્ય સહાયની તૈયારી હોય. લશ્કર લઈ રાજાએ પોતાના દુશ્મન સામે ચઢાઈ કરી. દુશ્મનને હરાવી રાજ્ય પાછું કબજે કર્યું.

સમ્યક્ત્વના વલણની આપણી વાત હવે આવે છે, રાજાએ રાજ્યમાં બધું પહેલાંની જેમ સુસ્થિત કરી દીધું. પછી આનંદમોજમાં મંત્રીમંડળ સામે બેસી રાજા હોંશમાં પોતાની હકીકત કહી રહ્યો છે.

"કેમ મંત્રીજી ! જાણો છો આ બધું કેમ બરાબર થઈ આવ્યું ?"

"ના, હજુર."

"અરે શું ના ? આમાં તો ચમત્કાર થયો."

"હેં ચમત્કાર ?"

"હા, જંગલમાં ગયા પછી મને તો કલ્પાંતનો પાર નહોતો, ત્યાં આ માદળીયામાંથી ચિઠ્ઠી નીકળી, તે વાંચી હિંમત મેળવી. પછી તો મિત્રરાજાની સહાયથી પાછા આપણે આબાદ બની ગયા."

"ખરો ચમત્કાર, હજુર !"

"થાય જ ને ? દુશ્મનના શા ભાર હતા ? એ તો એના દગામાં આપણે ફસી ગયા'તા, બસ, હવે શી ફીકર છે ? હવે નિરાંતે મોજ કરો."

"ખરી વાત, હજુર ! એ ચિઠ્ઠીમાં એવું તે શું લખ્યું હતું ?"

**"આ પણ ટકવાનું નથી- એટલું લખેલું હતું."**

મંત્રી મનમાં મુગ્ધ થઈ ગયો. એને થયું "વાહ ! કેવું સરસ લખાણ ? પણ હવે રાજા મનમાં જરા મદાંધ બન્યા છે. કેમ કે લખાણનો અર્ધો અર્થ જ એમણે ગ્રહણ કર્યો છે. પરંતુ મારી ફરજ છે કે એમનું ધ્યાન ખેચું." એમ વિચારી મંત્રી કહે છે કે,

"મહારાજા ! એનો અર્થ શો ?"



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

"અરે ! મંત્રી એટલો અર્થ નથી સમજતા ? દુઃખ ભલે આવ્યું પણ તે કાંઈ ઝાઝો સમય ટકવાનું નથી. એ એનો અર્થ."

"ક્ષમા કરજો, હજુર ! એનો અર્થ એ પણ થાય નહિ કે આ સુખ પણ ટકવાનું નથી ?"

રાજા એ સાંભળી ઠંડો જ પડી ગયો. મનમાં હવે મંથન ચાલ્યું "ખરી વાત ! શાનો હું વિશ્વાસે બેઠો ? દુઃખ નહિ તો સુખ પણ ક્યાં કાયમ ટકનારું છે ? ખરેખર હું ભાન ભૂલ્યો ! મહા ઉપકાર આ મંત્રીનો કે એણે અવસરે ઠીક સુઝાડ્યું. બસ, હવે જો આ સુખ પણ અસ્થિર છે, ચંચળ છે, તો એ મને છોડીને જાય, એના બદલે હું જ એને કાં ન છોડી દઉં ?" વિચાર કરી મંત્રીને કહે છે, "હવે રાજકુમારને રાજગાદી સોંપી હું સંસારત્યાગ કરવા ઈચ્છું છું."

મંત્રીએ ધન્યવાદ આપ્યા; અને રાજા સંસાર ત્યજી મહર્ષિ બન્યા.

એ રાજા અને એ મંત્રી કેવા ? મંત્રીએ રાજાની દૃષ્ટિ ફેરવી, તો રાજાએ આત્માનું વલણ ફેરવ્યું. વલણ ફરે તો સમ્યક્ત્વ શું, ચારિત્ર આવતાં વાર નહિ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૨૮,તા.૩-૪-૧૯૫૪

## (૩૫) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**વિરાગી છતાં મિથ્યાત્વીનો મોક્ષ નહિ :-** યોગની પહેલી ચાર દૃષ્ટિમાં મોક્ષરુચિ આવી છે, પરંતુ શ્રી સર્વજ્ઞ ભગવાને કહેલા તત્ત્વ ઉપર શ્રદ્ધા નથી આવી, તેથી એના વસ્તુ-દર્શનમાં ભિન્નતા પડે છે. કેમકે તત્ત્વશ્રદ્ધાના અભાવે હજી એ એકાંતવાદી મિથ્યા દર્શનોમાં અટવાયેલો છે. **આ એક ખૂબી છે કે મોક્ષરુચિના હિસાબે મિથ્યાદૃષ્ટિને પણ સંસાર ખોટો તો લાગ્યો, અસાર તો ભાસ્યો, પરંતુ હજી મિથ્યાત્વ પડ્યું છે, તેથી એકાંતદૃષ્ટિ ખસી નથી. એકાંતદૃષ્ટિ ગયા વિના અનેકાંતદૃષ્ટિ આવે નહિ અને ત્યાં સુધી સર્વજ્ઞકથિત તત્ત્વો ઉપર શ્રદ્ધા જામે નહિ.** મિથ્યાદર્શનવાળા પાસે વૈરાગ્ય હોય છે, ઈન્દ્રિયદમન હોય છે, કામ-ક્રોધાદિ આંતરશત્રુને દબાવવાનું હોય છે, સંસાર પર અરુચિ હોય છે, મોક્ષની લગની હોય છે; ત્યારે પૂછો કે ખામી શાની હોય છે ? કહો, સત્ય-તત્ત્વ-શ્રદ્ધાની. એટલા એટલા ગુણો આવવા છતાં ધર્મશાસન સર્વજ્ઞનું નથી મળ્યું તેથી યથાર્થ તત્ત્વશ્રદ્ધા નથી મળી. તો તમારી પુણ્યાઈ કેટલી ઊંચી ? પણ ધ્યાન રાખજો કે જેમ **વૈરાગ્ય છતાં શ્રદ્ધા વિના મોક્ષ નહિ, તેમ શ્રદ્ધા છતાં વૈરાગ્ય વિનાય મોક્ષ નહિ.**



**સર્વજ્ઞવિના અધુરું ને ઊંધું :- યથાર્થ તત્ત્વ શ્રદ્ધા શ્રી વીતરાગ સર્વજ્ઞના વચનથી જ મળી શકે છે.** કેમકે વીતરાગને ક્યાંય એવો પક્ષપાત નથી કે જેથી વસ્તુમાંથી અમુક અંશ માનવો અને અમુકનો અપલાપ કરવો, વીતરાગ ભગવાનને એવો ક્યાંય હઠાગ્રહ નથી, વ્યુદ્ગ્રહ નથી, દ્વેષ નથી, તેથી વસ્તુના દર્શન કે પ્રતિપાદનમાં એમને કોઈ પકડ નથી. ભલે ખોટું હોય છતાં અમુક જ વસ્તુ સાચી હોય છતાં એના પ્રત્યે આંતર અરુચિના હિસાબે એ ખોટી કહે, એવું વીતરાગમાં ન બની શકે. ત્યારે કહેનાર જો સર્વજ્ઞ હોય તો એમના વસ્તુજ્ઞાનમાં કાંઈ બાકી રહેતું નથી. એથી એ વસ્તુના ત્રણે કાળના સ્વરૂપને અને ચારે બાજુના સ્વરૂપને જાણે છે. અજ્ઞાની કે અલ્પજ્ઞાનની એટલી દૃષ્ટિ નથી પહોંચતી. તેથી વસ્તુની અમુક બાજુ જ જુએ છે, અમુક અંશ જ એના ધ્યાનમાં આવે છે. જગતની એકેક વસ્તુમાં અનેક અપેક્ષાએ અનેક ધર્મો રહેલા હોય છે. પરંતુ એ બધી અપેક્ષાઓ અને બધા ધર્મો અલ્પજ્ઞાનીના સમજમાં નથી આવતા. તેથી એ ક્યાંથી વસ્તુનું યથાર્થ પ્રતિપાદન કરી શકે ? કેમકે એની સમજમાં જે છતી એવી પણ અપેક્ષાઓ અને છતાં એવાય ધર્મો નહિ આવવાના, તેને માટે એ કહેવાનો કે "વસ્તુમાં એ કાંઈ હોય નહિ. તેથી એ સાચા નથી." એમ કરી સત્ય એવા અંશોનોય એ અપલાપ કરવાનો; અર્થાત્ ઊંધું માનવાનો. તેથી છતે વૈરાગ્યે મોક્ષ નહિ પામવાનો.

**પ્ર.**- ભલે કદાચ વસ્તુના અમુક ધર્મોનો અપલાપ કર્યો, પણ તેથી એનામાં જો મોક્ષરુચિ છે, વૈરાગ્ય છે, શમ-દમ-તિતિક્ષા છે, તો પછી મોક્ષ મેળવવામાં શો વાંધો આવવાનો હતો ?

**ઉ.**- ઉત્તર સહેલો છે, બહારથી દેખાતા વૈરાગ્ય-શમ-દમ-તિતિક્ષા એ કેટલીક વાર જોઈએ તેવા સ્વરૂપના નથી હોતા. તેમજ માત્ર એજ મોક્ષસાધન નથી; તેથી એટલાથી જ મોક્ષ થતો નથી. કેમકે જે જે કારણોએ સંસાર છે, તેના તેના પ્રતિપક્ષી સર્વ સાધનો આવી મળે તો મોક્ષ થાય. તો અહીં જુઓ કે સંસાર માત્ર રાગ, ઈન્દ્રિયાધીનતા અને અસહિષ્ણુતાના કારણે નથી. એ સિવાયનાં પણ સંસાર માટેનાં બીજા કારણો છે; જેવાં કે,- મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, પ્રમાદ વગેરે, આ બધાનાં પ્રતિપક્ષી સાધનો મળે ત્યારે જ સંસારનો અંત આવે, અને મોક્ષ નીપજે. પ્રતિપક્ષી સાધનોમાં સમ્યક્ત્વ, સર્વવિરતી, અપ્રમાદ, બાહ્ય-આભ્યન્તર તપ, વગેરે આવે. મિથ્યાદૃષ્ટિ પાસે આ બધું નથી, તેથી એને મોક્ષ પામવાના વાંધા છે.

**તત્ત્વશ્રદ્ધાના અભાવે શું ? :-** આપણી વાત એ ચાલતી હતી કે સંસાર પર ઝળહળતો વૈરાગ્ય આવવા છતાં તત્ત્વશ્રદ્ધા નહિ હોવાના કારણે એનામાં સમ્યક્ત્વ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

નથી. તેથી યોગની પહેલી ચાર દૃષ્ટિ સુધી જ આગળ વધી શકે છે. સમ્યક્ત્વ પામે ત્યારે પાંચમી **'સ્થિરા'** નામની દૃષ્ટિમાં જાય છે. પછી એ સમ્યક્ત્વ, એ સમ્યગ્દર્શન છઠ્ઠી-સાતમી-આઠમી દૃષ્ટિમાં કાયમ રહે છે. મિથ્યાત્વની અવસ્થામાં વસ્તુના અમુક ધર્મ પર આગ્રહ રાખી એની જ માન્યતા ધરાતી હતી. ત્યારે સમ્યક્ત્વવાળી અવસ્થામાં વસ્તુની અંદર ઘટી શકતા સર્વ ધર્મ સ્વીકારવામાં આવે છે. એ ધર્મો દેખીતી રીતે પરસ્પર વિરુદ્ધ હોય છે. દા.ત. નિત્યત્વ અને અનિત્યત્વ, સત્વ અને અસત્વ, હિંસકત્વ-અહિંસકત્વ, પરંતુ પિતાપણું-પુત્રપણું, સાસુપણું-વહુપણું, શેઠપણું-સેવકપણું વગેરેની માફક નિરનિરાળી અપેક્ષાએ તે તે ધર્મો એક જ વસ્તુમાં હોઈ શકે છે, તેથી તેમાં એ માનવા જ જોઈએ.

**નય એટલે ? :-** આ જુદી જુદી અપેક્ષાઓના હિસાબે જ વસ્તુને જોવાની દૃષ્ટિ ભિન્ન-ભિન્ન પડે છે. એ દૃષ્ટિને નય કહેવાય છે, નય એટલે મત, નય એટલે દૃષ્ટિ. **જુદી જુદી અપેક્ષાએ જોવાની જુદી જુદી દૃષ્ટિનું નામ નય છે.** એવા અનેક નય છે.

**દર્શનભેદ-એકદર્શન :-** સમ્યક્ત્વવાળો જીવ કોઈ પક્ષને એકાન્તે પકડનાર હોતો નથી. તેથી અનેકાન્તદૃષ્ટિએ સર્વનયને માને છે.ત્યારે મિથ્યાદર્શની અમુક જ નયને માને છે. તેથી બને છે એવું, કે કોઈક મિથ્યાદૃષ્ટિ તો વસ્તુને કોઈ નયથી જુએ છે-માને છે. ત્યારે બીજો મિથ્યાત્વી એજ વસ્તુને બીજા નયથી જુએ-માને છે. એકાન્ત પકડનારાઓની આ પંચાયતી છે કે તેઓ આપસ આપસમાં લડી પડે છે, ત્યારે અનેકાન્તવાદીની આ વિશેષતા છે કે એ બધાને એમની અન્યોન્ય અપેક્ષાઓએ ન્યાય આપી સમજુતી કરાવે છે. સમ્યક્ત્વી તો બધા નય માને છે; પરંતુ મિથ્યાત્વીને એ પોષાતું નથી. તેથી પોતાનાથી વિરુદ્ધ માનનાર તરફ અરુચિ થાય છે; કેમકે એને એ ખબર નથી કે પોતે માનેલું જેમ અમુક અપેક્ષાએ, અમુક નયે સાચું છે, તેમ સામાનું માનેલું પણ કોઈ બીજા નયે સાચું છે. વસ્તુનું સમગ્ર સ્વરૂપ જુદા જુદા નયોના જ્ઞાનથી જણાય છે. મિથ્યાદૃષ્ટિને સાચા એવા અનેક ભિન્ન ભિન્ન નયોનું અર્થાત્ નયભેદનું જ્ઞાન નથી; તેથી વસ્તુદર્શન અંગે પરસ્પરમાં જુદા પડે છે. પણ **न खल्वयं स्थिरादिदृष्टिमतां भिन्नग्रन्थीनां योगिनां यथाविषयं नयभेदावबोध-भावात् ।** સમ્યગ્દૃષ્ટિ ગમે તેવા વિકસિત ૭મી ૮મી યોગદૃષ્ટિવાળા હો કે અવિકસિત ૫મી ૬ઠ્ઠી યોગની દૃષ્ટિ ધરાવતા હો, પરંતુ એ ગ્રન્થિ ભેદી ચૂકેલા હોવાથી, નય ભેદના જ્ઞાનવાળા, અર્થાત્ જુદા જુદા નયોનો સ્વીકાર કરનાર હોવાને લઈને એમના વસ્તુદર્શનમાં ભેદ નથી પડતો. અલબત યોગસાધનામાં ફરક હોય છે, કોઈએ ઊંચી યોગસાધના સિદ્ધ કરી છે, તો કોઈએ નીચેની સાધના પ્રાપ્ત



કરી છે. તેથી આત્મગુણના વિકાસમાં તરતમતા છે; છતાં એ બધાના વસ્તુદર્શનમાં ભેદ નથી. સમ્યક્ત્વ પામવા પૂર્વે એમણે જે ગ્રન્થિભેદ કર્યો છે, જે રાગ-દ્વેષની મજબૂત ગાંઠ તોડી મિથ્યાત્વના પુદ્ગલને ઉદય રહિત બનાવ્યા છે, તેનાથી યોગી બનેલા એ દરેક વિષય દીઠ જે જુદા જુદા નય, એનો સ્વીકાર કરનારા હોય છે. તેથી એમના દર્શનમાં એટલે કે વસ્તુને જોવા-સમજવામાં ફરક નથી પડતો. એ સૌ અનેકાન્ત દૃષ્ટિથી વસ્તુને જોનારા-સમજનારા હોય છે. તેથી એ ચારે પ્રકારની યોગીનું એક સરખું દર્શન હોય છે.

**એક નિશ્ચિત વસ્તુદર્શન પામેલા સમકિતીનું સ્વરૂપ :-**

આવા સત્ય એકસરખા દર્શનવાળા બનેલાએ, પાંચમી વગેરે યોગદૃષ્ટિ ધરનારા યોગીઓ કેવા મહાન હોય છે.એનો આછો ખ્યાલ ગ્રંથકાર મહર્ષિ આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ આ રીતે આપે છે :-

**''प्रवृत्तिरप्यमीषां परार्थं शुद्धबोधभावेन विनिवृत्ताग्रहतया मैत्र्यादिपार-तन्त्र्येण गम्भीरोदाराशयत्वात् चारिचरिकसंजीवन्यचरकचारणनीत्याः ॥**

"આ એક સરખું સત્ય વસ્તુદર્શન ધરનારાએ ઉપરની ચાર યોગદૃષ્ટિવાળા આત્માની પ્રવૃત્તિ પણ 'પરાર્થ' એટલે કે-

(૧) **સ્વાર્થ માટે નહિ. કિન્તુ 'પર' માટે બીજાનું ભલું કરવા માટે હોય છે. અથવા,**

(૨) સામાન્ય લક્ષ્ય માટે નહીં. પરંતુ 'પર' લક્ષ્ય માટે-શ્રેષ્ઠ લક્ષ્ય માટે હોય છે.

"આનું કારણ એ છે કે હવે એ સમ્યગ્દૃષ્ટિ આત્મા ગંભીર અને ઉદાર આશયવાળા બની ગયા છે. એમ બનવાનું કારણ મૈત્રી-કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થ ભાવનાની જ આધીનતા છે. એમ થવામાં કારણ એ છે કે એમને હવે અનાદિની ખોટી પકડો ને ખોટાં ધોરણો છૂટી ગયા છે. આ છૂટવામાં હેતુભૂત નિર્મલ બોધ છે."

**સમકિતીના આ સ્વરૂપ જાણવાના ઉદ્દેશ બે :-** યોગની ચાર દૃષ્ટિના વિકાસ ઉપરાંત સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યાથી ઉન્નતક બનેલા આત્માનું આમાં સુંદર નાજુક ચિત્ર દોર્યું છે. આપણા આત્માની પરીક્ષા કરવા માટે, અથવા એવી સ્થિતિ પ્રાપ્ત ન થઈ હોય તો આત્માને ઊંચી સ્થિતિ સધાવવા માટે આમાં સુંદર માર્ગદર્શન આપ્યું છે, એ માર્ગદર્શન પણ ક્રમિક સાધનાના માર્ગનું દર્શન છે. તેથી આપણને ખબર પડે કે કયા ક્રમથી આગળ વધવું. પહેલી વાત એ છે કે ગ્રંથકારે રજૂ કરેલા પગથીયા જોતાં આપણા આત્માનું સમકિતીપણાનું ગુમાન ઉતરી જાય એવું છે. કેમકે તે તે ગુણ સ્થિતી વાસ્તવિક રીતે આપણામાં ઉતરેલી હોય એવું દેખાતું નથી.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ભાગ્યશાળી ઘણા ય છે એવા, કે જેના જીવનમાં આ વસ્તુઓ વણાઈ ગઈ છે. પણ આ તો માત્ર આપણા આત્માની જાંચ છે, સ્વાત્મનિરીક્ષણ કરવાનું છે.

**દિલ્હી હજી દૂર છે :-** એમાં દેખાય છે કે દિલ્હી હજી દૂર છે. જૈન શાસનની આ ખૂબી છે કે એ પામેલા આત્માને મોક્ષની લગની લાગ્યા પછી અને મોક્ષ માટે પુરુષાર્થી બન્યા પછી આમ તો સંસાર હવે લગભગ કપાઈ ગયો હોય, પરંતુ તેથી ઊલટું એને એમ ભાસે કે મોક્ષ તો ઘણો દૂર છે. કવિરત્ન પં. વીરવિજયજી મહારાજ બારવ્રતની પૂજા પૈકી શ્રાવકના સાતમા ભોગોપભોગ વિરમણ વ્રતની પૂજામાં આ પ્રમાણે કહે છે :-

**"વ્રત સાતમે વિરતિ આદરૂં રે લો, કરો સાહિબ જો મુજ મહેર જો;**
**મને સંસાર-શેરી વિસરી રે લો...**
**તુજ આગમ આરિસો જોવતાં રે લો, દુર દીઠું છે શિવપુર શહેર જો."**

શ્રાવક ભાવના ભાવે છે, "હે પ્રભુ ! જો આપ મારા પર કૃપા કરો તો મારામાં એ તાકાત આવે કે જેથી સાતમા વ્રતમાં ભોગ-ઉપભોગમાં આવતી વસ્તુનો અમુક અંશે ત્યાગ કરવા રૂપ વિરતી હું આદરું. મને વિરતિ ગમી તો ગઈ છે, પણ જીવનમાં આદરવા આપની મહેર જોઈએ છે, આ વિરતીમાર્ગ પર પ્રીતિ થવાનું કારણ એ છે કે આપ જેવા નિરંજન નિરાકાર પ્રભુ મળ્યાથી મને સંસારશેરી ભૂલાઈ ગઈ છે. આમ વિરતિપર પ્રીતિ થવા છતાં અમલ કરવા માટે હે પ્રભુ ! આપની મહેર શા માટે મારે જોઈએ છે ? કારણ એ છે કે આપના આગમ રૂપ દર્પણમાં નિહાળતાં મોક્ષનગર મને દૂર દેખાય છે."

કવિના આ શબ્દો બહુ વિચારણીય છે. જુઓ ક્રમ કેવો સુંદર ગોઠવ્યો છે !

**પાંચ પગથીયા :-**

(૧) "ચૌદ રાજલોકમાં અતિ દુર્લભ એવા શ્રી અરિહંત પરમાત્મા મને અહીં મળી ગયા. કેવું ઉત્કૃષ્ટ સદ્‌ભાગ્ય !" એમ કરી એની ભારોભાર અનુમોદના કરવાની.

(૨) આવા દુર્લભ દેવાધિદેવ મળ્યાની સાર્થકતા એ કે એ મોક્ષરસિક હોવાથી આપણને પણ મોક્ષનો રસ જાગે અને તેથી સંસાર ભૂલાઈ જાય અર્થાત્ નીરસ લાગી જાય.

(૩) સંસાર નીરસ લાગ્યો અને જીવ સમ્યક્ત્વ પામ્યો એટલે તો શાસ્ત્ર કહે છે કે એ જીવે અનંતા પુદ્‌ગલ-પરાવર્તનો સંસાર ઓછો કરી નાખ્યો અને હવે માત્ર અર્ધપુદ્‌ગલ-પરાવર્ત કાળની અંદર અંદર મોક્ષ પામવાનો. પં.પદ્મવિજયજી કૃત



નવપદજીની પૂજામાં દર્શનપદની પૂજામાં કહ્યું છે કે

**"જસ અનુભાવ અનંત પરિયટ્ટા, ભવ સંસાર સૌ છીજીયે,**
**ભિન્ન મુહૂર્ત દર્શન ફરસનથે, અર્ધ પરિયટ્ટે સીઝીયે,**
**પ્રભુ નિર્મલ દર્શન કીજીયે."**

અનુભાવ એટલે પ્રભાવ. પરિયટ્ટ=પરાવર્ત, પુદ્‌ગલ પરાર્વત. છીજીએ=ક્ષીણ કરી નખાય છે. ભિન્નમુર્હૂત=અંતર્મુર્હૂત.

કવિ કહે છે કે સમ્યગ્દર્શનના પ્રભાવથી, અનંત પુદ્‌ગલ-પરાવર્ત સુધી અનેક ભવોમાં સરક્યા કરવા રૂપી જે ભવસંસાર, તેનો ક્ષય કરી નખાય છે. અરે ! એક અંતર્મુર્હૂત એટલે બે ઘડીની (૪૮ મિનિટના) અંદર અંદરનો કાળ માત્ર પણ સમ્યક્ત્વ ફરસે તોય અર્ધ પુદ્‌ગલા પરાવર્તના કાળમાં આત્મા સિદ્ધ થાય છે, મુક્ત થાય છે. એનો અર્થ એ કે આત્મા સમ્યક્ત્વના પ્રભાવે મોક્ષની આટલો બધો નજીક આવી જાય છે.

(૪) હવે મોક્ષમાર્ગ કેવો અને કેમ સાધવો એ માટે આગમ-શાસ્ત્રો જોવાની ખાસ જરૂર છે, અર્થાત્ શ્રદ્ધા-સમ્યક્ત્વ આવ્યા પછી ધર્મની આરાધના કરવી હોય, એટલે કે વ્રત, પચ્ચક્ખાણ, ત્યાગ-તપસ્યા અને ધાર્મિક આચાર-અનુષ્ઠાન આદરવા હોય તો તે માટેનું માર્ગદર્શન આગમગ્રન્થો અને આચાર્યરચિત શાસ્ત્રો દ્વારા મેળવવું જોઈએ. અર્થાત્ એ માટે શાસ્ત્રશ્રવણ, શાસ્ત્રાધ્યયન, શ્રુતાભ્યાસ ખૂબ જરૂરી છે. ઈચ્છાયોગમાં એ વાત આવી ગઈ છે કે '**श्रुतार्थस्य ज्ञानिनो**' આગમ-અર્થ જેણે સાંભળ્યો છે, અને એનો જે જ્ઞાતા બન્યો છે, તેનો ધર્મ યોગ એ ઈચ્છાયોગ છે. એટલે આરાધના માટે શાસ્ત્રાધારજ કામ લાગે. **આરાધક બનવાનો મૂળ પાયો શાસ્ત્રાનુસારિતા છે**. પછી ભલે આચરવામાં ઓછું બની શકતું હોય, અવિધિ થતી હોય, છતાં મનનું ધોરણ શાસ્ત્રાનુસારી જોઈએ. અર્થાત્ હૃદયથી માનવા અને વાણીથી બોલવામાં એટલી વાત નક્કી જોઈએ કે "શાસ્ત્રીય સાચો માર્ગ આ છે. શાસ્ત્ર આમ ફરમાવે છે, અને એજ કર્તવ્ય છે."

(૫) હવે આ રીતે જ્યારે શાસ્ત્ર જોવા જઈએ છીએ ત્યારે એમાં તો મોક્ષમાર્ગ એવો કપરો બતાવેલો દેખાય છે કે એની સાંગોપાંગ શુદ્ધ આરાધના કઠિન લાગે છે, મુશ્કેલ જણાય છે. **કવિ આનંદઘનજી** પણ શ્રી અજિતનાથ પ્રભુના સ્તવનમાં કહે છે કે-

**"વસ્તુ વિચારે જો આગમે કરી રે, ચરણ ધરણ નહિ ઠાય.**
**પંથડો નિહાળું રે બીજા જિન તણો રે."**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

હું, બીજા અજિતનાથ સ્વામી કયા રસ્તે મોક્ષે પધાર્યા એ શોધું છું, એમાં જો આગમના આધારે એ વસ્તુનો વિચાર કરવા જાઉં છું. તો તો એમ લાગે છે કે જમીન પર પગ મૂકી શકાય એમ નથી. અર્થાત્ આગમે દર્શાવેલ કડક ચારિત્રવ્રતના વિવિધ ઝીણવટભર્યા વિધાનો જોતાં એમ લાગે છે કે એ આરાધવા માટે નિરાંતે પગ માંડીને ઊભા રહેવા જેટલો જરાય અવકાશ મળે એમ નથી. અથવા જાણે ભોંય પર પગ માંડી શકાય એમ નથી એવો કપરો એ માર્ગ છે." આનો અર્થ એ છે કે સમકિત પામીને હવે આરાધનાની સીમમાં આવતાં, મોક્ષ ઊલટો દૂર દેખાય છે. **જો આવી મહાજાગ્રતી અને ભયંકર કડક આત્મદમન** કેળવવા મહામુશ્કેલ છે, તો પછી મોક્ષ ક્યાં રીઢો પડ્યો છે ? મોક્ષ કાંઈ મનમાની સાધનાથી ન મળે, એ માટે બરાબર શાસ્ત્રોક્ત માર્ગનું પાલન જોઈએ. ઈચ્છાયોગમાંથી નીકળી શાસ્ત્રયોગ આરાધવાનો પુરુષાર્થ જોઈએ. શાસ્ત્રના સૂક્ષ્મ સિદ્ધાંત અને કાનૂન મુજબ આરાધના થાય તો મોક્ષ મળે. એવી આરાધના જો મુશ્કેલી લાગતી હોય તો સહેજે મોક્ષનગરમાં પહોંચવાનું મુશ્કેલ બન્યું ગણાય. તેથી જ કહેવાય છે, કે

**"તુજ આગમ આરિસો જોવતાં રે લો, દૂર દીઠું છે શિવપુર શહેર જો."**

**શાસ્ત્રની કડક વ્યાખ્યા જીવને ચઢાવવા માટે છે :-** પણ આ તો એક હકીકત થઈ; એક વસ્તુસ્થિતિ નક્કી થઈ પરંતુ એટલામાં બેસી રહેવાનું નથી. "ચાલો શાસ્ત્ર સમકિતીનું જે વર્ણન કરે છે તે તો કાંઈ આપણામાં લાગતું નથી, માટે આપણાથી શું વળવાનું હતું ?" આવી નિરાશા કરવાની જરૂર નથી. ઊલટું શાસ્ત્રે બતાવેલા સ્વરૂપને બરાબર સમજી આપણે એ માર્ગે પુરુષાર્થ આદરવાનો છે. શાસ્ત્રમાં આવતા કડક લક્ષણોનાં વર્ણન આપણને ઊંચે ચઢાવવા માટે છે. કેમકે એમાંથી કેવા બનવાનું છે એનો ખ્યાલ મળે છે, તેથી કર્તવ્યની દિશા સૂઝે છે, પછી ભલે આજને આજ એ સ્થિતિ પ્રાપ્ત ન થાય, પણ નીચેની યોગદૃષ્ટિની સાધના એને પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી કરાય છે.

હવે જુઓ સમકિતીનું ટૂંકું સ્વરૂપ શાસ્ત્રકારે લખ્યું કે યોગની છેલ્લી ચાર દૃષ્ટિમાં એટલે કે પાંચમીથી આઠમી દૃષ્ટિમાં આવેલ આત્માઓનું વસ્તુદર્શન એક સરખું હોય છે; એવા એ યોગીઓની પ્રવૃત્તિ પણ 'પર' માટે હોય છે, તે આ રીતે :- પ્રથમ તો તે,

**૧. શુદ્ધ બોધને ધરનાર હોય છે; તેથી**

**૨. આગ્રહને ત્યજનારા હોય છે; તેથી જ**

**૩. મૈત્રી વગેરે ભાવોને ભજનારા હોય છે; માટે**



**૪-૫. ગંભીર આશયને અને ઉદાર આશયને ધરે છે. એટલે**

**૬. એમની પ્રવૃત્તિ 'પર' માટે હોય છે.**

**૧. શુદ્ધ બોધ :-** ઓઘદૃષ્ટિ અને ભવાભિનંદીપણામાંથી બહાર નીકળીને યોગની ચાર દૃષ્ટિમાં આવી આત્માનું શુદ્ધિકરણ અને વિકાસ એવા સાધ્યા હોય છે કે પાંચમી યોગદૃષ્ટિમાં તત્ત્વનો શુદ્ધ બોધ પ્રાપ્ત થાય છે. આ શુદ્ધ બોધ એટલે માત્ર જાણકારી નહિ સમજવાની; કિન્તુ આત્માની દૃષ્ટિ જ શુદ્ધ બોધવાળી બની ગયેલી હોય છે. એનો અર્થ એ છે કે હવે એનું વસ્તુદર્શન તત્ત્વબોધના પાયા પર મંડાયેલું હોય છે, અજ્ઞાન, અબુઝ અને તત્ત્વબોધના વિનાના લોકોના દર્શન કરતાં એનું દર્શન જુદું જ લોકોત્તર શૈલીનું દર્શન હોય છે, જ્યાં જ્યાં એની ઈન્દ્રિયો વસ્તુને જુએ જાણે, કે જ્યાં જ્યાં એના મનની વિચારણા પહોંચે, ત્યાં ત્યાં શુદ્ધ બોધનો સંસ્કાર હોય છે. એ જોવા-જાણવા-વિચારવાનું શુદ્ધબોધને અપેક્ષીને હોય છે. સાંસારિક વિષયને પણ તાત્ત્વિક દૃષ્ટિથી એ નિહાળે છે. કદાચ સંસારનું કરે-મૂકે છતાં બધું સમજી-વિચારીને હોય છે. ચાંપા વાણીયાને જંગલમાં વનરાજ વગેરે ત્રણ લૂંટારા મળ્યા, ત્યાં ચાંપાએ પોતાની પાસેના પાંચ બાણમાંથી બે ભાંગી નાખ્યા. પેલા આશ્ચર્ય પામી પૂછે છે કે "કેમ એમ કર્યું ?" ચાંપો કહે છે કે "કમનસીબ છું કે હજી ગૃહવાસમાં પડ્યો હોવાથી પંચેન્દ્રિઘાતક બાણનો ઉપયોગ કરવો પડે છે. પરંતુ હું નિરપરાધીને મારતો નથી, અને અપરાધી માટે તો એકેકની સામે એકેક બાણ બસ છે." પોતાની લક્ષ્મીનું જતન કરવા માટે લડવું પડે એ સાંસારિક ક્રિયા છે. છતાં એમાંય જાગ્રતિ છે. જે કાંઈ કરવાનું તે સમજી-બુઝીને કરવાનું છે. ચેડા મહારાજને હલ્લવિહલ્લનું સાધર્મી તરીકે રક્ષણ કરવાનો પ્રસંગ આવ્યો. કોણિક સાથે લડાઈ ચાલી, પણ ચેડા મહારાજને પોતાને દિવસમાં એક જ બાણ વાપરવાનો નિયમ છે. ઘોર યુદ્ધમાં પણ કેવો કડક સંયમ ! હૃદય શુદ્ધ બોધથી વ્યાપ્ત હોય, તે દરેક પ્રવૃત્તિ એના પ્રકાશથી પ્રકાશિત હોય; પણ યથેચ્છપણે મોહના અંધકારમાં ડૂબકી મારનારી ન હોય.

**શુદ્ધબોધથી હૃદય પ્રકાશિત થવાનો લાભ :-** (૧) એ થાય કે સાંસારિક પ્રવૃત્તિમાંથી નિર્દયતા, અસત્ય, અનીતિ અને અનાચાર વગેરે દોષો નીકળી ગયેલા હોય. (૨) વળી એ પ્રવૃત્તિ ખૂબ જ સંસારસંકોચ અને ધર્મવિકાસના પંથ સન્મુખ ઢળતી હોય; અર્થાત્ તૃષ્ણાક્ષય અને અધ્યાત્મવૃદ્ધિ તરફ ઝુંકનારી હોય. (૩) એમને એમ પણ પ્રવૃત્તિ સિવાયના કાળમાં હૃદયમાં તત્ત્વનું ચિંતન-મનન ચાલુ હોય. (૪) વળી એમ આવતા જગતના પ્રસંગો તરફ પોતાનું વલણ તાત્ત્વિક હોય. શુદ્ધબોધના આવા સુંદર લાભો સમજીને જીવનમાં એ પ્રાપ્ત કરવા માટે જ ખરો પુરુષાર્થ અને



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ખરી ધગશ જગાવાની જરૂર છે. પૈસા ટકા કે દુન્યવી માનપાન વગેરે મેળવવામાં વેડફી નાખેલી ધગશ અને પુરુષાર્થથી આત્મા મૂર્ખ ઠરશે. એમાં શી શાબાશી છે? **અજ્ઞાન કોટિના** પૃથ્વીકાય, અપકાય, વગેરે, પોરા, કીડી, કીડા, માખી ભમરા વગેરે તથા જળચર-થલચર-ખેચર-તિર્યંચના ભવોમાંથી નીકળી આટલા ઊંચા ને **સજ્ઞાનકોટિનો** બની શકે છે. એવા માનવભવમાં આવ્યા પછી સજ્ઞાન ન બનીએ, શુદ્ધબોધ ન મેળવીએ એ કેવી મહાન ગફલત ગણાય ? જરાક યાદ રાખો કે લાડી-વાડી-ગાડી પાછળની પ્રવૃત્તિમાં તો ઊલટું અનાદિનું અજ્ઞાન આત્મામાં સ્થિર મજબૂત થતું જાય છે. એની સામેનો બચાવ પ્રથમ નંબરમાં શુદ્ધબોધ પ્રાપ્ત કરવાનો છે.

## • એ શુદ્ધબોધમાં શું શું આવે ? •

**જૈન તત્ત્વો :-** જગતમાં બે તત્ત્વ છે. ચેતન અને જડ. જગતના જડ પદાર્થો અનિત્ય છે, પર છે એટલે કે આત્માના કહ્યામાં નથી, કર્મબંધક છે, કલેશજનક છે. **(અનિત્યતા)** એના સંસર્ગથી આત્મા રાગી બને છે, દ્વેષી બને છે, કર્મથી બંધાઈ જગતમાં ભમે છે, દુઃખી દુઃખી થાય છે, એવું જ જગતના આત્માઓના સંબધમાં આવીને બને છે, ક્યાંક સ્નેહ તો ક્યાંક અણબનાવ, ક્યાંક મૈત્રી, તો ક્યાંક વૈર, વગેરે કરી એની પાછળ બીજા પણ હિંસાદિ અનેક પાપો આચરી ચાર ગતિની સંસાર અટવીમાં જીવ ભૂલો ભમે છે. **(આસ્રવો)** ત્યાં જીવને કોઈ શરણ નથી, કોઈ ઓથ કે બચાવ નથી. મોટા દેવો પણ દીન બને છે. જરા-મૃત્યુ-રોગ-શોક-દારિદ્ર-અને બીજી પીડાઓ જીવને રોતાં રોતાં ભોગવવી જ પડે છે. કોઈ રક્ષણહાર નહિ. **(અશરણપણું)** સાંસારિક સંબંધો જૂઠા નીવડે છે. પાછી એની અનંતી આવૃત્તિ થાય છે. **(સંસાર)** જીવ એકલો જન્મે છે, એકલો મરે છે, એકલો રોગાદિ પીડાથી પીડાય છે. **(એકત્વ)** કોઈ એનું થતું નથી. જગતનું કાંઈ એને કામ લાગતું નથી. **(અન્યત્વ)** આટલું છતાં જીવનમાં મોહ મદિરાથી ઉન્મત્ત બનેલો અને જ્ઞાનાવરણથી અંધ બનેલો જીવ ગંદકીના ગાડવા સમી પોતાની અને પારકી કાયા પર વિષ્ઠાના ભુંડની જેમ આસક્ત થાય છે; અનેક આસ્રવો-પાપસ્થાનકો સેવે છે. **(મોહ-આસ્રવ)** સદ્ગુરુનો સમાગમ એને સંવર-નિર્જરાનો ધર્મસ્થાનકનો માર્ગ બતાવે છે. **(સંવર-નિર્જરા)** એ આરાધે તો નવાં કર્મબંધ અટકે અને જુનાં કર્મ નાશ પામે તો ક્રમે કરીને જીવોનો મોક્ષ થાય એમ છે. એ મોક્ષમાં અનંતજ્ઞાન અને અનંત સુખ છે; સાચું પૂર્ણ આત્મ-સ્વાતંત્ર્ય છે; શાશ્વતી સ્થિરતા અને શાશ્વતી ઉજ્જવળતા છે; કાયા કે કર્મ, કોઈનો સંસર્ગ નથી. **(મોક્ષ)**

જીવ આ વસ્તુ જલદી સમજતો નથી. પરંતુ એને ખબર નથી કે આમજ



ભાનભૂલા રહી જીવો આ વિશાલ ચૌદ રાજલોકમાં કેવા કેવા ભમે છે; ચૌદ રાજલોકમાં નીચે સાતમી પાતાળ સુધી અને ઊંચે અનુત્તર વિમાન ઉપર સિદ્ધશિલા સુધી કેવી કેવી વિચિત્ર સ્થિતિ છે, એમાં ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યોની કેવી કેવી અવસ્થાઓ કયા કયા કારણે બન્યા કરે છે, એમાંય ખાસ કરીને જુદી જુદી યોનિઓમાં જીવોની કેવી કેવી સ્થિતિ હોય છે, અને પુદ્ગલ દ્રવ્યની ખાસ કરીને ઔદારિકાદિ આઠ વર્ગણાઓમાંથી કેવાં કેવાં શરીર, ભાષા શ્વાસોશ્વાસ, મન, કર્મ વગેરે બને છે; કર્મના બંધના કયા કયા કારણો છે, એમાંથી કર્મનો બંધ-સંક્રમણ-ઉદ્વર્તના અપવર્તના-નિદ્ધત્તિ-નિકાચના-ઉદીરણા-ઉદય વગેરેનું કેવું કેવું તંત્ર ચાલે છે, **(સંસાર-લોકસ્વભાવ)** વગેરેની કશી ખબર નથી.

એ જો સમજે તો જણાય કે આ જગતમાં ધર્મ પામવો કેટલો દુર્લભ છે, સમ્યક્ત્વ અને ચારિત્ર ફરસવું કેટલું કેટલું મોંઘું છે, દુષ્કર છે. કારણ કે એ સમ્યક્ત્વ અને ચારિત્રનું સ્વરૂપ એવું ગજબનું છે કે સંસારની અનાદિની ચાલી આવતી ચાલમાં અટવાયેલા જીવને એનો મેળ થવો અશક્ય લાગે છે. **(ધર્મ દુર્લભ).**

એમાં પાછા ધર્મના નામે અનેક કુધર્મો જગતમાં ચાલી રહ્યા છે. તેવા કુધર્મોના સંપર્કમાં ફસાઈ પડવાનું હજીય સુલભ બને છે. ત્યારે જિનેશ્વરદેવનો ધર્મ મળવો ઘણો ઘણો દોહિલો છે. કેમકે જગતમાં બહુ કિંમતી વસ્તુ દુર્લભ હોય છે અને જૈનધર્મ અતિ કિંમતી છે, તેથી દુર્લભ છે. જૈનધર્મ બહુ કિંમતી એટલા માટે છે કે એ વીતરાગ સર્વજ્ઞ ભગવાને બતાવ્યો છે, એથી જ જે જે એમણે પ્રત્યક્ષ જોયું; તે તે તત્ત્વને જ જૈનધર્મમાં સ્થાન છે, પણ કલ્પિત કે સંદિગ્ધને નહિ. વળી એમાં અનેકાંતવાદની શૈલીથી વસ્તુમાત્રમાં ઘટતાં સઘળા ધર્મોને સ્થાન છે. એમાં અનન્ય કોટિનો કર્મ સિદ્ધાંતનો વિસ્તાર વર્ણવ્યો છે. અદ્ભુત અને વાસ્તવિક આત્માની ઉત્ક્રાંતિના ચૌદ ગુણસ્થાનકનું પ્રતિપાદન એમાં મળે છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોટિની અહિંસાનું વર્ણન જૈનધર્મ સિવાય બીજે ક્યાંય છે ? ત્યારે બીજા ધર્મોની સમજ તો એટલી છે જ કે પાપનું કાર્ય કરીએ કે કરાવીએ તો પાપ લાગે, પણ કોઈ પાપ કરે તેમાં આડકતરી રીતે આપણો ભાગ, લાગો કે અનુમતિ હોય તો પણ પાપ લાગે, એવું એ ક્યાં સમજે છે ? તેમજ પાપ ન કરવાં છતાં પાપની **વિરતિ** ન હોય, એટલે કે પાપ ન કરવાની પ્રતિજ્ઞા ન હોય તો પણ પાપ લાગે, એવું બીજા ધર્મો ક્યાં બતાવે છે ? એ તો માત્ર એક જૈન ધર્મ જ વિશિષ્ટ કોટિના વિરતિ-માર્ગનો હિસાબ બતાવે છે. સમ્યગ્દર્શન અર્થાત્ શ્રદ્ધા પણ મોક્ષનો કેવો અનન્ય માર્ગ છે, અને એનું કેવુંક વિશિષ્ટ સ્વરૂપ છે, એનો ખ્યાલ જૈનધર્મ આપે છે. ધર્મના પ્રણેતા તીર્થંકર ભગવાનના અગડંબગડં નહીં પણ અદ્ભુત અને વાસ્તવિક



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

કોટિના ચરિત્રો માત્ર જૈનધર્મમાં જ જે મળે છે, તે સાંભળતાં તો જાણે શ્રોતા પોતે ખરેખર આત્માની ઉન્નતિના માર્ગ પર આવી પ્રયાણ કરતો લાગે છે ! આવાં આવાં અનેક કારણોએ જૈનધર્મ સર્વશ્રેષ્ઠ છે, અને અતિ કિંમતી છે. **અહો ! આવા કેવા સુંદર ધર્મને શ્રી અરિહંત પરમાત્માએ ફરમાવ્યો છે (સ્વાખ્યાતધર્મ)** ! શુદ્ધ બોધમાં આ બધી વસ્તુઓ જાણવી રહે છે. એનું હૃદયસ્પર્શી માન જાગ્રત હોય તો આત્મામાં સમ્યક્ત્વનો દીપક ઝગમગતો રહે, એમાં શી નવાઈ ? યોગની પહેલી ચાર દૃષ્ટિમાં રહેલાને આ શુદ્ધ બોધ હોતો નથી તેથી એમને વૈરાગ્યાદિની ખીલવટ હોવા છતાં સમ્યક્ત્વ પ્રાપ્ત નથી. પરિણત શુદ્ધ બોધવાળાને આ બોધ જ એવો છે કે જેમાં સહેજ સાથે સાથે વૈરાગ્યાદિ તો વર્તે જ છે; એથી એ સમ્યક્ત્વ-નિધાનની માલિકી ધરાવે છે. જીવનમાં આ શુદ્ધ બોધનો ઉદય થાય એ કેવું સરસ !

**૨. દુરાગ્રહનો ત્યાગ :-** શુદ્ધબોધ હૃદયને સ્પર્શે, આત્મામાં પ્રકાશતો થઈ જાય, એટલે સહજ રીતે હઠાગ્રહ અર્થાત્ ખોટી પકડનો ત્યાગ થઈ જાય છે. માણસ સજ્ઞાન નથી હોતો ત્યાં સુધી સ્વમાનની પકડ, વૈરની પકડ, પ્રપંચની પકડ અને તૃષ્ણાની તથા આશંસા તેમજ મિથ્યાત્વની પકડ પકડી રાખે છે. પછી ભલે પોતે બોલવા-ચાલવામાં ખોટો હશે, પણ પોતાનું સ્વમાન જાળવી રાખવા માટે પોતાની ભૂલ કબૂલ નહીં કરે, હૈયામાં પશ્ચાત્તાપ નહિ કરે, ઊલટું એક ભૂલ ઉપર બીજી કોઈ જૂઠ બોલવા વગેરેની ભૂલ આચરશે, સંગમદેવે એક રાતમાં ઘોર વીસ ઉપસર્ગ કરી પ્રભુને અણનમ જોયા, છતાં છ મહિના પ્રભુની પૂંઠ પકડી સ્વમાન જાળવવા મથ્યો, પણ અંતે સ્વમાનેય ગયું અને અનંત સંસાર ઉપાજર્યો. કહો શું સારું મળ્યું ? પકડ-દુરાગ્રહ બહુ ભયંકર ચીજ છે.

આજે દુનિયામાં જુઓને કે અહંત્વ અને સ્વમાનની પકડ પાછળ કેટકેટલાં દુષ્કૃત્યો આચરવામાં આવે છે. પોતાના કુટુંબમાં જ, કે જ્યાં જિંદગી આખી વીતાવવાની છે, ત્યાં પણ એ પકડને લીધે પરસ્પર મહાન હુંશાતુંશી અને ઝગડા જામે છે. અહંત્વ અને સ્વમાનની પકડમાં શો માલ છે ? રાજા રાવણ જેવાના અહંત્વ તૂટી ગયા. **સ્વમાન પણ શાના ઉપર ? માથે મૃત્યુની, જરાની, કર્મની ગુલામી છે, અને તીર્થંકર ભગવાન જેવા ગુણ નથી, તો સ્વમાન શોભતું નથી.**

ત્યારે વૈરની પકડની તો વાત જ કરવા જેવી નથી. વૈર હજીય સારા સંયોગ મળતાં, સારો ઉપદેશ મળતાં, શાન્ત થાય. પણ જો વૈરની પકડ હોય તો ત્યાં સામેથી આવતા મહાન ઉપદેશ કે મહાન નમ્રતા પણ નકામા નીવડે છે. અગ્નિશર્મા તાપસને કુલગુરુએ ઘણો સમજાવ્યો છતાં પોતાના હૃદયમાં રાજા ગુણસેન ઉપર



ઊભા કરેલા વૈરની પકડ છોડી નહિ, તો જાણો છોને એનું કેવું ભયંકર પરિણામ આવ્યું ? રાજા ગુણસેન ક્ષમા-વૈરાગ્યથી નવમાં માનવ ભવે સમરાદિત્ય કેવલજ્ઞાની મહર્ષિ થઈ અનંત મોક્ષસ્થાન પામ્યા ત્યારે અજ્ઞાન અગ્નિશર્મા વૈરની પકડને લીધે કારમાં કુકૃત્ય કરી અનંત સંસાર ઉપાર્જનારો બન્યો. જીવે વિચારવું ઘટે કે વૈરની પકડ શા સારું કરવી ? અહીં (કેટલા) કાળ કાઢવા છે, વૈર રાખીને શું સાથે લઈ જઈ શકાવાનું છે, વૈરની આગમાં કદાચ આપણે આપણું માન જાળવ્યું, પણ એ જાળવેલા સ્વમાનની, આપણા મર્યા પછી કોણ કવિતા ગાવાનું છે તે વૈર ઊભું રાખવું ? **તાત્ત્વિક દૃષ્ટિએ જોઈએ તો બીજાના પર મજબુત વૈર કરવાથી ખરેખર ! આપણે આપણા આત્મગુણ ઉપર વૈર કરીએ છીએ** એનું કેવું મહાન નુકસાન !

**હવે માયાની પકડ જુઓ.** માણસ કષ્ટ કરે છે, દાવપેચ ખેલે છે; સાથે એની જો પકડ રાખે છે, તો એ માયા-કપટના શલ્ય હૃદયમાં સ્થાપિત થઈ જાય છે. એનું પરિણામ એ બીજા ગુણોનો પણ નાશ કરે છે. કવિ કહે છે કે,

**"માયા સાપણ પાપિણીજી, મનબિલ મૂકે નાહી;**
**કોમળ ગુણને તે ડસેજી, તૃષ્ણા લોભ અથાહ કૃપાનિધિ, સુણ મોરી અરદાસ.**

હે પ્રભુ ! માયારૂપી નાગણ મનરૂપી દરમાં રહે છે, અને કદી તે મનનું સ્થાન છોડતી નથી, અર્થાત્ મારું મન સદા માયામાં મશગુલ રહે છે. એ માયા-નાગણી આત્માના કોમળ ગુણોને ડસે છે, તેથી એ ગુણો મરી જાય છે. માયાની જેમ તૃષ્ણા અને લોભ પણ મને અથાગ છે." કવિના આ કથનને ખૂબ ધ્યાનમાં લેવા જેવું છે. માયાનો આગ્રહ ખોટો છે, એ દીર્ઘ અને દુઃખી સંસારનું બીજ છે. માયાને શાસ્ત્ર સંસારની માતા કહે છે, એક માયાના પાપમાં બીજા કેટલાય ગુણોનો વિનાશ થાય છે. તેથી આવેશમાં કદાચ માયા થઈ ગઈ, તો તરત એનાથી પાછું ફરી જવું જોઈએ; પણ એનું શલ્ય, એની પકડ ન રાખવી જોઈએ.

**માયાની જેમ તૃષ્ણાનો આગ્રહ પણ ખોટો છે.** તૃષ્ણા જાગ્યા પછી એના લૌકિક કે લોકોત્તર નુકસાન જણાયા; છતાં તૃષ્ણાને વળગી રહેવું, એ તૃષ્ણાનો આગ્રહ છે. તેમ માનો કે આર્યકુળમાં જન્મી જવાના હિસાબે તૃષ્ણા ભૂંડી છે. એમ જાણ્યું છતાં તૃષ્ણા થઈ જાય છે. હવે જો એ તૃષ્ણા કર્યા બદલ પશ્ચાત્તાપ હોય તો તો હજી એનો આગ્રહ સેવ્યો ન ગણાય. પરંતુ તેના બદલે એ વખતેય જો એમ લાગે કે "ભાઈ ! શું કરીએ ? આપણે સંસાર લઈને બેઠા એટલે તૃષ્ણા કર્યા વિના કાંઈ ચાલે છે ?" અને મહત્ત્વાકાંક્ષાઓ ન હોય એવા જીવનમાં માલ શું છે ?"



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

આવા આવા લોચા વાળી તૃષ્ણાનો બચાવ કરે અને જરાય અફસોસ ન કરે, તો એનું નામ પણ તૃષ્ણાનો આગ્રહ છે.

**એમ પૌદ્‌ગલિક પદાર્થો અને કીર્તિની મજબુત આશંસાઓ અને લાલસાઓ ધરવી,** એ પણ એક પ્રકારની પકડ છે. એ આશંસાઓ-લાલસા-વાસનાઓને તો ઝેરી શલ્યરૂપ સમજી, જેમ જેમ ધર્મ સાધતા જઈએ તેમ તેમ, એને હૃદયમાંથી ઉખેડતા આવવું જોઈએ, અને એની પ્રવૃત્તિઓ અતિ અલ્પ કરી નાખવી જોઈએ, એને બદલે હૈયામાં એના મૂળ સ્થાપવાનું કરવું એ એક ભયંકર આગ્રહ છે, પકડ છે.

**આવી જ એક પકડ ખોટી સમજની છે.** મિથ્યા દેવ, મિથ્યા ગુરુ, મિથ્યા ધર્મની આગ્રહભરી શ્રદ્ધા એ એક મહા ઝેરી શલ્ય છે. અતત્ત્વની પકડ એ પણ શલ્ય છે. શ્રી સર્વજ્ઞ વચને કહ્યામાં સ્વમતિકલ્પનાઓ કાંઈ ઊંધુ કલ્પી એના પર અભિનિવેશ ધરવો એ પણ ભયંકર દુરાગ્રહ છે, જમાલી, રોહગુપ્ત, દિગંબર, ગોશાળો વગેરે એમાં જ સ્વપર ઊભયનાં મહાન આત્મઘાતક બની ગયા. આમ વૈર-સ્વમાન-પ્રપંચ-તૃષ્ણા-મમતા-મિથ્યાત્વ-ખોટી સમજ વગેરેના આગ્રહ ખતરનાક છે; સમકિતી જીવ શુદ્ધ બોધ પામેલા હોય છે, એથી એ આગ્રહો એનામાંથી ચાલી ગયેલા હોય છે. સાધક બનવા ઈચ્છનાર માટે આ સાધના છે કે એણે આ આગ્રહો ત્યજતા આવવું.

**૩. મૈત્રી વગેરેની આધીનતા :-** શુદ્ધબોધ અને આગ્રહત્યાગ પછી ત્રીજી વસ્તુ છે મૈત્રી કરુણા-પ્રમોદ અને માધ્યસ્થ્યાદિ ભાવોને સદા પરાધીન રહેવાની. આ પણ એક અદ્‌ભુત સાધના છે. પહેલું તો અહીં એટલું ખાસ સમજવાનું છે કે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે **'મૈત્ર્યાદિપારતન્ત્ર્ય'** શબ્દનો પ્રયોગ જે કર્યો છે, તે બહુ સૂચક છે. મૈત્રી વગેરેનું પારતન્ત્ર્ય એટલે એની પરાધીનતા; અર્થાત્ એને જ આધીન બન્યા રહેવું; એના આધારે જ જીવનનો ટકાવ માનવો. નિર્ધન ધનવાનને પરાધીન હોય છે, તેમ આપણે આ મૈત્રી આદિ ભાવોને પરાધીન રહેવાનું છે. આ દૃષ્ટાન્તોથી એ ખ્યાલમાં આવશે કે 'આધીનતા-પરાધીનતા એટલે શું, અને જેને પરાધીન હોઈએ એના તરફ કેમ વર્તવું જોઈએ ?' એજ જીવન એજ આધાર અને એજ સર્વસ્વ,-એની દશા કેળવાય તો એની સુંદર આધીનતા આવે. લબ્ધિનિધાન ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજી જેવા પણ પરમાત્મા શ્રી મહાવીરદેવને પરાધીન હતા, એટલે કે શ્રી મહાવીર પ્રભુ એજ એમનું જીવન એજ એમનો આધાર, એજ એમનું સર્વસ્વ. તેમ આપણે આ કરવાનું છે કે મૈત્રી, કરુણા વગેરે ભાવો એજ આપણું જીવન બને, આપણો આધાર બને, આપણું સર્વસ્વ બને. એનો અર્થ એ



કે જીવનમાંથી શત્રુતા-બુરાઈ-નિર્દયતા-ઈર્ષ્યા-દ્વેષ-પરચિંતા વગેરે દુષ્ટ ભાવો પલાયન થઈ જાય. કદીય એનો આધાર ન લેવાય, ભલેને ગમે તેવી આપત્તિમાં કાં ન મૂકાયાં હોઈએ. એ દુર્ગુણોથી ઉપલક દૃષ્ટિએ લાભ પણ દેખાતા હોય છતાં એને જરાય જીવનનું સર્વસ્વ ન મનાય; પણ એને તો જીવનવિષ જ માનવું જોઈએ.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨,અંક-૨૯,તા.૧૦-૦૪-૧૯૫૪

## (૩૬) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**હવા વિના જીવ ગુંગળાય, તેમ મૈત્રી આદિ વિના જીવ ગુંગળાય ? :-** મનને સચોટ લાગી જાય કે અનંત અનંત કાળના પરિભ્રમણ પછી હું ઘણો ઘણો ઊંચે આવી ગયો છું; તો હવે અનાદિની આહાર-પરિગ્રહાદિની વસ્તુની જરાય કિંમત ન આંકતા, આજ ધ્યાન રાખવું ઘટે કે ''મારા જીવનમાં શત્રુતા-બુરાઈ વગેરે દુષ્ટ ભાવોને જરાય સ્થાન ન આપું. દુનિયાનું બધું સહન કરી લઈશ, પણ દુનિયા સામે શત્રુવટ-દ્વેષ-ઈર્ષા વગેરે નહિ જ કરું. **એ શત્રુતાદિ મારા જીવનના વિષ-બીજો છે. મારે વિષવૃક્ષો નથી ઉગાડવા, તેથી હવે તો એ ટાળી મિત્રતાદિને મારા શ્વાસો-શ્વાસમાં વણી લઈશ.** જેમ જીવન જીવવા માટે હવા-પાણી વિના નથી ચાલતું તેમ મારે મૈત્રી-કરુણાદિ શુભાભાવો વિના નહિ ચાલે. જેમ **હવા-પાણી ન મળે તો જીવ મુંઝાય છે, ગુંગળાય છે, તેમ મૈત્રી-કરુણાદિ નહિ જાગે તો જીવ મુંઝાશે; અકળાશે;** એ જાગશે ત્યારે જીવને સ્વસ્થતા થશે. વળી **જેવી રીતે જીવનમાં આજીવિકા-રોગ-ઝગડો વગેરેના પ્રસંગે શેઠ-વૈદ-વકીલ વગેરેનું શરણું લેવું પડે છે; પડે છે શું, સહર્ષ લેવાય છે; તેમ હું પણ જીવનના વિવિધ પ્રસંગોમાં મૈત્રી આદિ શુભભાવોનું શરણ લઈશ.** એમની સલાહ લઈશ, એમનો જ આશ્રય કરી માનીશ કે એમનાથી જ મારું બધું સારું થશે.'' આવો માનસિક નિર્ધાર થયા પછી એનો એજ પ્રમાણે અમલ થવા માંડે એનું નામ **'મૈત્ર્યાદિપારતન્ત્ર્ય'.** અનાદિની રાહે જીવન જે જીવાય છે, તેમાં ગજબનાક પલટો આવે અને જીવનનાં ધોરણ ફરે તો આ સ્થિતિ ઊભી થવી શક્ય છે. માત્ર કોક કોક વાર મૈત્રી ચિંતવી લેવી, કે કરુણા કરી લેવી એ જુદી વસ્તુ છે, અને જીવનમાં હંમેશ માટે મૈત્રી-કરુણા વગેરેનું વ્યસન થઈ જવું. અર્થાત્ મૈત્રી આદિ શુભભાવોનું એક સળંગ જીવન જ બની જવું એ જુદી વસ્તુ છે. ત્યારે માણસ જો સમજે તો જીવનમાં બીજું કરવા જેવું છે શું ? આજ કે મૈત્રી-પરહિતચિંતા-


E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સમતા-કરુણા-વૈરાગ્ય-ગુણાનુરાગ-પરદોષોપેક્ષા-ઈન્દ્રિયનિગ્રહ-કષાયનિગ્રહ વગેરે ભાવોને આત્મસાત્ કરવા માટે ડગલે ને પગલે એના અભ્યાસમાં રચ્યાપચ્યા રહેવું. ધર્મક્રિયાઓ અને પવિત્ર આચારો એ માટે છે.

**મૈત્રીભાવના :-** મૈત્રી ભાવના માટે જગતના જીવ માત્રને મિત્ર લેખવા જોઈએ. અને એમનું ભલું થાઓ એવી હાર્દિક ભાવના કેળવવી જોઈએ. એમાં કાંઈ કઠણાઈ નથી. એટલું સમજી રખાય કે,

(૧) જીવનમાંથી સારું કરેલું, સારું બોલેલું, અને સારું વિચારેલું, એજ જશરૂપે લઈ જવાનું છે. તો કોઈનું સારું વિચારવાનું છોડી બૂરું શા માટે ચિંતવવું જ ?

(૨) બીજું, આપણે દુશ્મનનું અહિત વિચારવા માત્રથી તો અહિત કરી શકતા નથી, તો પછી અહિત વિચારી આપણું પોતાનું મન બગાડવાની જરૂર જ શી ?

(૩) કોઈનું પણ એટલે કે આપણા અપરાધીનું પણ આપણે બૂરું વિચારવાથી આપણું જ મન બગડે છે; એ મહાનુકસાની છે. **પવિત્ર મન એ રત્નની ખાણ છે, ત્યારે બગડેલું મન એ એરૂનો રાફડો છે, જ્વાળામુખી છે.** કેમકે પવિત્ર મનથી શુભ પુણ્યરૂપી રત્નો પેદા થાય છે, અને ખરાબ મનથી પાપની પરંપરારૂપી ઝેરી સર્પો સર્જાય છે.

(૪) અહીંયાં પણ મન બગાડવાથી વાતાવરણ બગડે છે. એની પોતાના અને બીજાના ઉપર ખરાબ અસર પડે છે. પોતે દ્વેષને લીધે કંઈપણ ધમધમાટમાં આવી જાય છે. એથી પોતાના બીજા કામ પણ બગડે છે. મૈત્રીભાવ જાળવનારને હૃદયમાં તે અંગેની ઠંડક છે, તેથી બીજા કાર્યને ધક્કો નથી લાગતો.

(૫) મૈત્રી ગુમાવવાથી સામા પર વૈર-દ્વેષ-ઈતરાજી વગેરે થાય છે. સામાનું બૂરું ચિંતવાય છે, સામાના બુરામાં ખુશી થવાય છે, તેથી અનાદિની જગતમાં ભમાવનારી કુવાસના પુષ્ટ થાય છે, અને મહાન કર્મબંધ પડે છે.

આવા આવા દારુણ વિપાક વિચારી અમૈત્રીના આગ્રહ છોડી. અમૈત્રીની પરતન્ત્રતા છોડી મૈત્રીભાવની જ પરતન્ત્રતા કેળવવા જેવી છે. મૈત્રીભાવને બદલે અમૈત્રીભાવ રાખવાથી મન બગાડવા અંગેના નુકસાનો બાકીના નિર્દયતા-ઈર્ષ્યા વગેરે અશુભ ભાવમાં પણ સમજી લેવાના છે; અર્થાત્ કરુણા-પ્રમોદ વગેરેને બદલે નિર્દયતા-ઈર્ષ્યા વગેરે અશુભ લાગણીઓ સેવવામાં એ પ્રમાણે નુકસાનો તો છે જ.

**કરુણા ગુમાવવાથી શું ? :-** તદુપરાંત, (૧) નિર્દયતા, નિષ્ઠુરતા કરવાથી, લોકમાં અપયશ થાય છે. (૨) નિષ્ઠુરતા બતાવવાથી સામાના દુઃખમાં વૃદ્ધિ થાય



છે. (૩) આપણા દુઃખમાં બીજા પાસેથી સહાય-સહાનુભૂતિ મેળવવાનો હક ચાલ્યો જાય છે. માણસ નિર્દોષ કે નિષ્ઠુર બની દયાભાવ ગુમાવતાં એમ કેમ નહિ વિચારતો હોય કે સામાની જગાએ હું હોઉં અને ત્યાં મારા પર બીજા નિર્દય કે નિષ્ઠુર બને તો મને કેવું લાગે ? ઊલટું.

**કરુણાભાવ કેળવવાથી** તો (૧) આપણી સ્થિતિ સદ્ધર થાય છે. (૨) આપણા શુભેચ્છકો જગતમાં વધે છે. (૩) આપણી દયા જોઈ બીજા પણ દયા શીખે છે. (૪) એક ખાસ મહાન લાભ એ છે કે ગુણોનું મંડાણ દયાભાવ કરુણાભાવ કરવાના મળેલા અપૂર્વ પ્રસંગમાં નિર્દયતા કરનારો જીવ વાઘવરુ જેવા હૃદયવાળો બને છે.

**પ્રમોદ બદલે ઈર્ષ્યા કરવાથી નુકસાન :-** ગુણાનુરાગને બદલે ઈર્ષ્યાભાવ કેળવવામાં તો હાથે કરીને પોતાની સ્થિતિ બગાડવાનું થાય છે. **સિંહગુફાવાસી મુનિએ** સ્થૂલભદ્રસ્વામી પર ઈર્ષ્યા કરી કોશા વેશ્યાને ત્યાં ચોમાસુ રહેવા જઈ કોનું બગાડ્યું ? પોતાનું જ. **પીઠ અને મહાપીઠે** પણ ભરત-બાહુબલીના જીવ બાહુ-સબાહુ પર ઈર્ષ્યા કરી, તો એમને પછીના ભવે બ્રાહ્મી સુંદરીના સ્ત્રી અવતાર પામવા પડ્યા. આમ તો એ અનુત્તર વિમાનમાં જનારા, એટલે ઊંચામાં ઊંચું ચારિત્ર પાળનારા, છતાં સ્ત્રીવેદ બાંધે, એ ઈર્ષ્યાની કેવીક ભયંકરતા ! હજીય **પુણ્યાઈ ગુણાનુરાગથી વધે છે, ઈર્ષ્યાથી નહિ.** અને પુણ્યાઈ વધે તો જ આપણને સારું મળે. બાકી તો પુણ્યાઈ હોય નહિ, અને ઈર્ષ્યા કર્યે જવાય, એથી શું વળે ?

**ચોથી ભાવના માધ્યસ્થ્ય ભાવના છે :-** દોષ ભરેલા માનવી પર જ્યારે કરુણા કરવાનું સ્થાન ન રહ્યું હોય એટલી બધી એનામાં દોષની ધિઠ્ઠાઈ હોય, તે વખતે એના પર દ્વેષ ન કરતાં મધ્યસ્થ બનવું જોઈએ. અર્થાત્ એની ચિંતા મૂકી દઈ એની ઉપેક્ષા કરવી જોઈએ. **'પરદોષોપેક્ષણમ્ ઉપેક્ષા.'** 'બીજા આવા ખરાબ છે, ને તેવા ખરાબ છે, એવી વિચારણા કરવાને બદલે એને આપણી વિચારણામાંથી જ કાઢી નાખવા. એથી આપણને મહાન સુસમય બચે છે. તેમાં પૂર્વના કે વર્તમાન મહાપુરુષોના ઉત્તમ કાર્યોની અનુમોદના કરી શકીએ છીએ.

**ભયંકર નિંદા :- શ્રીપાળનું ચારિત્ર** સાંભળતા આપણે "ધવલશેઠ બહુ ખરાબ, મહાલુચ્ચો..." વગેરે વગેરે રૂપે એની દુષ્ટતાની બહુ વિચારણામાં ચઢીએ તો શ્રીપાળ કુમારના ગુણગાન કરવા રહી જાય. એમ વીર પ્રભુના ઉપસર્ગ સાંભળતાં, સંગમ વગેરેની દુષ્ટતા જોવા બેસીએ તો પ્રભુના અદ્‌ભુત ગુણોની અનુમોદના કરવી રહી જાય. **દુષ્ટો તો જગતમાં બહુ પડ્યા છે. ઉત્તમ પુરુષ મળવા દોહિલા છે. એની ગુણસ્તુતિમાં ઓતપ્રોત થવું ઘટે,** જગતમાં જે નિંદાનું મોટું સામ્રાજ્ય ચાલે છે, તે માધ્યસ્થ્ય-ભાવના ભૂલવા ઉપર. ત્યાં જીવને એમ નથી થતું કે 'અરે



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ભાઈ ! ભલે બીજા સાચોસાચ કદાચ ખરાબ પણ હશે, પરંતુ એની પલેવણ તું કાં કરે ? એની ચિંતા મૂકી દઈ, તું તારું સંભાળ.' **તારા માથે પૂર્વના અસંખ્ય ભવોનો ભયંકર કર્મનો ભાર ક્યાં ઓછો છે ? દોષોનો ગંજ ક્યાં નાનો છે ? કર્મ અને દોષોનો ભાર ઓછો કરવા માટે મળેલા આ ટૂંકા શા શ્રેષ્ઠ માનવભવમાં તું આ પરનિંદા અને પરચિંતા કાં કરી રહ્યો છે ?** એ અમૂલ્ય સમય નિંદામાં માત્ર વેડફાઈ જાય છે. એટલું જ નહિ પણ ઉપરથી તારા પર કર્મ અને દોષોનો ભાર ઓર વધે છે, મહાપુરુષોની અનુમોદના કરવાનો સમય ગુમાવાય છે, આપણી આત્મચિંતા ભૂલાય છે, આપણા ગુણો કેળવવાનો અવકાશ નથી રહેતો.

(૪-૫) **ગંભીર અને ઉદાર આશય :-** જીવનમાં શુદ્ધબોધ, દુરાગ્રહત્યાગ, અને મૈત્યાદિનું પારતન્ત્રય, એ ત્રણ આવી જાય. પછી તો એનો આશય ગંભીર અને ઉદાર બની જાય છે. આશય એટલે અભિપ્રાય, આશય એટલે ધોરણ, આશય એટલે વલણ, જાગ્રત જીવનમાં કાંઈ પણ બોલવા-ચાલવા કે વિચારવા પાછળ કોઈને કોઈ આશય કામ કરતો હોય છે. તે એટલે સુધી કે એની અસરથી નિદ્રામાં સ્વપ્ન પણ તેને અનુસારે આવે છે. હવે જો અહીં આશય કાયમને માટે ગંભીર અને ઉદાર હોય તો વાણી, વિચાર અને વર્તાવ કેટલા બધા ઉચ્ચ હોય ! **માણસ ગંભીર અને ઉદાર આશય રાખીને વિચારવા બેસે, તો સંતની વિચારણા કરવાનો, નહિતર ક્ષુદ્ર અને છીછરા આશય પર શેતાનની વિચારણામાં પડવાનો.** ગંભીર આશય એટલે ઊંડો આશય. **ગંભીર આશય એટલે વસ્તુના તળને સ્પર્શતો તલસ્પર્શી આશય.** એથી કાંઈ પણ પગલું માંડતાં જુએ કે વસ્તુના કે પ્રસંગના ઊંડાણમાં શું છે. એવી રીતે વિચાર કે પરિણામ ઠેઠ ક્યાં સુધી પહોંચે એમ છે. ઉદાર આશય એટલે વિશાલ અભિપ્રાય. **ઉદાર આશય એટલે વધુમાં વધુ સ્વ-પરના હિતને સમાવી લેતો આશય.** એમાં એ કોઈપણ પ્રસંગને હાથમાં લેતાં દિલ બહુ પહોળું બનાવશે, મન ખૂબ મોટું કરશે. એથી એમ જોશે કે આ પ્રસંગથી પોતાનું આત્મહિત મોટામાં મોટું કેમ થાય; તેમજ એ જોશે કે કેમ બીજા વધારેમાં વધારે જીવોનું હિત આનાથી થાય.

**ગંભીર આશયના દૃષ્ટાન્તો :-** ગંભીર આશયની બલિહારી છે. જુઓ માત્ર છ વરસના નાના **અઈમુત્તાકુમાર** એક વાર ગૌતમ મહારાજને વહોરાવી એમની સાથે ગયા. ત્યાં શ્રી મહાવીર પ્રભુ પાસેથી એવું શીખી આવ્યા કે ઘેર આવી માતાને કહે છે,

"માતાજી, મારે હવે પ્રભુ પાસે રહેવું છે."

"પણ ભઈલા ! તે તો ચારિત્ર લઈને જ રહેવાય."



"તે મા ! હું ચારિત્ર લેવા જ ઈચ્છું છું."

"બચ્ચા ! દીક્ષામાં તું શું સમજે ?"

બાલ અઈમુત્તો આનો શો ઉત્તર કરે છે તે જાણો છો ને ? માનવજીવન જીવવા પાછળનો ગંભીર આશય અઈમુત્તાના મનમાં બરાબર જાગી ગયો છે તેથી એ કહે છે.

**"હું જે જાણું તે નવિ જાણું, નવિ જાણું તે જાણું."**

**મોટા થઈએ ત્યારે તો બગડી જઈએ :-** માતાના મનને એમ હતું કે "હું તો મોટી, તે વસ્તુતત્ત્વ બરાબર સમજી શકું. પણ આ નાનડીઓ નાદાન શું સમજી શકે ?" પણ તમેજ કહો કે વૈરાગી બનેલા નાનાને જ્યારે મોહમાં ફસેલા વડિલ આમ કહેતા હશે ત્યારે શું વડિલને મનમાં એજ આવતું હશે ખરું કે "અમને બરાબર સમજ પડે છે, તો હવે ચારિત્ર કેમ લેવાતું નથી ?" **ચારિત્ર સુંદર, અને સંસાર મલિન,** -એનું રહસ્ય સમજવા છતાં મલિન અને તુચ્છ સંસારમાં જે પડી રહેનારા છે, તેના કરતાં ભલે ઊંડા રહસ્ય વિસ્તારથી ન સમજનારો છતાં પણ ચારિત્ર લેનારો નાનડીઓ ડાહ્યો કે નહિ ? આ તો પોલીટીકલ માણસો બાળકને શીખવે છે કે,

**"ભાઈ ! મોટો થાય ત્યારે દીક્ષા લેજે."**

પણ તે વખતે છોકરો કદાચ એમ કહે "બાપાજી ! **મોટા થઈએ ત્યારે તો બગડી જઈએ."**

તો વડિલ પાસે એનો ઉત્તર છે ? કદાચ કહે કે,

**"કંઈ ન બગડી જવાય."**

તો તો ત્યાં વિરાગી બાળ પૂછી શકે ને કે,

**"તો પછી દુનિયામાં આટલા બધા મોટા જો બગડી ગયા ન હોય તો મોટા થાય પછી કેમ દીક્ષાના માર્ગે ન સંચર્યા ?"**

**એક ઉત્તર-"હું જાણું છું" :-** અરે ! દીક્ષાની વાત તો પછી, પણ જીવનમાં અખંડ ન્યાયીપણું, સત્યવાદિતા, સંતોષ અને પરોપકાર જેવુંય કેમ નથી દેખાતું ? ક્ષમા, નમ્રતા, સરળતા કેમ મોંઘી પડે છે ? પોતાની જાતને સમજુ અને ડાહી માન્યા પછી આટલું ય ન બને ? અને સમજુ છતાં જો એ ન બને તો સમજવામાં ધૂળ પડી કે બીજું કાંઈ ? પેલું દૃષ્ટાન્ત સાંભળ્યું છે ને ? ઘરમાં રાતના ચોર પેસવા જાય છે, ત્યારથી પત્ની પતિને કહે છે કે 'આ ચોર પેસે છે.'

પતિ કહે છે 'હું જાણું છું.'



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

'પણ આ પેઠા.'

તોય સૂતો સૂતો પતિ કહે છે 'હું જાણું છું.'

'અરે ! આ તાળું તોડ્યું. આ ઝવેરાત કાઢ્યું. આ ગઠડી બાંધી. આ ઉપાડ્યું.' એમ પત્ની બોલ્યે ગઈ.

પણ ત્યાં સુધી પેલો એદી પતિ પત્નીના દરેક બોલે એટલું જ કહ્યા કરે છે 'હું જાણું છું. હું જાણું છું.'

છેવટે પત્ની બોલી કે 'પણ આ તો માલ ઉપાડી ચાલ્યા.'

તોય પતિ કહે છે કે 'હું જાણું છું !' ત્યારે પત્ની બરાડી જ ઉઠેને કે "શું કપાળ જાણો છો, આ તમારા જાણવામાં ધૂળ પડી. ચોરો માલ ઉપાડી ગયા અને હવે ભીખ માગવી પડે એવી સ્થિતિ ઊભી થઈ, ત્યાં સુધી કહો છો હું જાણું છું." કહો પત્ની આવું વ્યાજબી રીતે કહી શકે ને ? તેમ શું અમે તમને કહી શકીએ કે,

**આત્મઘરમાં ચોરી :-** **"આ અહીં જન્મ પામ્યા એટલે મૃત્યુની ફાંસી નક્કી થઈ ગઈ."** હવે એની વચમાં **કાળ પિશાચ તમારા રત્નનિધાનતુલ્ય જીવનમાંથી ચોરી કરતો જાય છે..."** "વધારામાં આ તમે બાળપણેથી આગળ વધ્યા તેમ તેમ **વિષયમોહ અને જડવાદરૂપી ચોટ્ટા આ તમારા આત્મઘરમાં મજબુતપણે પેસતા ગયા..."** "આ તમારા સુંદર ધર્મનિર્ણયનાં તાળાં તૂટ્યાં," "આ સુસંસ્કાર, તત્ત્વશ્રદ્ધા અને વૈરાગ્યના માલ ઉપાડ્યા..."

આવું આવું અમે તમને કહી શકીએ ને ? એ દરેક પ્રશ્નના ઉત્તરમાં તમે શું કહો છો ? એજ ને કે 'હા, અમે જાણીએ છીએ.' પણ 'જાણીએ છીએ' ક્યાં સુધી ? ઠેઠ માલ ઉપડવા માંડ્યો ત્યાં સુધી 'જાણીએ છીએ ?' ત્યારે પેલી પત્નીની જેમ શું અમે કહીએ કે,

"શું જાણો છો, કપાળ ? આ પરભવમાં ભીખ માગતા થવાનો અવસર આવી લાગ્યો ત્યાંસુધી જાણીએ છીએ ? તો પછી એ જાણવામાં ધૂળ પડી કે બીજું કાંઈ ?"

**જાણવાનું ફળ શું ? :-** જાણ્યા પછી કદાચ એકદમ ચારિત્ર ન લઈ શકાય, પણ ક્રોધાદિ કષાયો ઓછા કર્યા ? પાપી પેટ ભરવા પાછળ આર્યને અનુચિત વર્તાવ, જેવાં કે જુઠ-અનીતિ-સ્વાર્થાંધતા-નિર્દયતા વગેરે ત્યજ્યા ? સત્ય-નીતિ અને દયાથી જે કમાયા તેમાંથી પરમાર્થ-પરોપકાર કરવાનું વધાર્યું ? ઇન્દ્રિયો પર કડક અંકુશ મૂક્યો ? વિષયલાલસા કાપી નાખી ? જીવનને ઓછામાં ઓછી જરૂર વસ્તુ સિવાયની બધી વાતો દૂર કરી દીધી ? જાણ્યા પછી આમાનું શું કર્યું ? આજે



દુનિયા ભલે દુઃખી હોઈ શકે, પણ ભારત દેશ શા માટે દુઃખી હોય ? દુઃખી નથી એમ કહેતા નહિ. દુઃખ લાગ્યા વિના રોદણાં ન હોય. અનેક પ્રકારના રુદનો આજે ચોમેરે વ્યાપી ગયા છે. એ સૂચવે છે કે તમે દુઃખ અનુભવી રહ્યા છો. તમારે દુઃખનું શું કારણ ? તમે તો આર્યદેશના વાસી. આત્મા, પુણ્ય-પાપ, ધર્મ, સંસાર, મોક્ષ વગેરેને જાણનારા. જાણીને આ બધું ? જાણ્યા પછી તો તમે લક્ષ્મીથી બહુ ડરતા હો, જગતની અનુકૂળતાથી બહુ ગભરાતા હો, દુનિયાની વાહ વાહ અને માનપાનથી બહુ બીતા હો; કેમકે એ લક્ષ્મી, એ અનુકૂળતા, એ વાહ વાહ અને માનપાન આત્માને મુંઝવનારા છે, ભાનભૂલા પાગલ બનાવનારા છે, એથી પાપ વધારે સૂઝે છે, ધર્મ ભૂલાય છે, કર્મના બંધન વધે છે, માટે એ તો ઓછા મળે એ વધારે સારું. પછી જો ખરેખર એ અલ્પ જ મળ્યા હોય તો આનંદ પામવાનો હોય દુઃખ શાનું ધરવાનું હોય ? તેમ વધુ મેળવવાની આળસ હોય, પણ વધારે મેળવવા માટે જૂઠ-ડફાણ, અન્યાય-અનીતિ, વગેરે આચરવાના હોય નહિ. ધર્મના જાણકાર હો, તમારી જાતને સમજદાર સમજતા હો તો આત્મસુધારણાના માર્ગે ધરખમ પ્રયત્નો ચાલુ હોવા જ જોઈએ. એમ ન હોય તો જાણકાર શાના ?

**માતાની બિનજાણકારી :-** અઈમુત્તાકુંવરની માતા એમ સમજે છે કે "દીક્ષા એટલે, શું તે હું જાણું છું, પણ આ નાનો બાળ શું જાણે ?" પરંતુ જ્યારે અઈમુત્તાએ કહ્યું કે 'હું જે જાણું તે નવિ જાણું, નવિ જાણું તે જાણું,' ત્યારે તો માતા વિચારમાં પડી ગઈ. "અરે ! આ બાળ આવું પંડિતવાક્ય શું બોલે છે ? હું કહું કે બચ્ચા તું શું સમજે ? પણ આ તો હું જ નથી સમજી શકતી. એના કહેવાનો શું ભાવાર્થ હશે, શું ગંભીર આશય હશે ? લાવ પૂછું."

માતા પૂછે છે, 'ભાઈ તું શું કહેવા માગે છે ?'

**'હું જે જાણું તે નવિ જાણું...'નું રહસ્ય :-** "મા ! એજ કે હું જે જાણું છું કે મારે એક વાર અવશ્ય મરવાનું છે, તે હું નથી જાણતો કે મારે ક્યારે મરવાનું છે. તેમજ હું જે નથી જાણતો કે મારે અહીંથી કઈ ગતિમાં જવાનું છે, તે હું જાણું છું કે હું જો પાપમાં રહું તો મારે આ સંસારમાં ભટકતા જ રહેવું પડે. માટે માતાજી ! હવે હું ચારિત્ર લઈ પાપથી છૂટવા ઈચ્છું છું." અઈમુત્તાને ગંભીર આશય પાપથી છૂટવાનો થઈ ગયો, તો એનું વચન પણ ગંભીર હતું.

**શય્યંભવ :-** બ્રાહ્મણે યજ્ઞઆંગણે પધારેલા મુનિઓના મુખેથી સાંભળ્યું કે "**અહોકષ્ટં, અહોકષ્ટં, તત્ત્વં ન જ્ઞાયતે પરમ્ ।**" અરે ! ખેદની વાત છે ખેદની વાત છે કે ઉચ્ચ તત્ત્વ (અહીં) નથી સમજાતું." વિપ્ર વિચારમાં પડી ગયો. "જૈન સાધુ જૂઠું બોલે નહિ. ત્યારે શું આટલો બધો સમારંભ છતાં અમે ઉચ્ચ તત્ત્વ નથી



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

સમજતા ?" પછી તો એણે યજ્ઞગુરુને મારી નાખવા સુધીની ધમકી આપી ત્યારે જાણવા મળ્યું કે 'યજ્ઞનો પ્રભાવ સ્તંભ નીચે રહેલ અરિહંત પ્રભુની પ્રતિમાને આભારી છે.' એટલું જાણ્યા પછી તો પ્રતિમા બહાર કાઢી અને વધુ તત્ત્વ સમજવા શ્રી સુધર્મા ગણધર મહારાજના પટ્ટાલંકાર શિષ્ય શ્રી પ્રભવસ્વામી પાસે પહોંચી ગયા, 'અહો કષ્ટં...'વાળા વાક્યની પાછળનો ગંભીર આશય જાણ્યો, તત્ત્વ સમજ્યા અને ચારિત્ર લીધું.

પ્રવૃત્તિ માત્ર ગંભીર આશયવાળી હોવી જોઈએ. **બાહડમંત્રીએ** શ્રી સિદ્ધગિરિ પર કાષ્ઠમંદિર કરાવ્યું. એ તૈયાર થયાની વધામણી લાવનારને સોનાની જીભ ઈનામમાં આપી. પણ શિખરમાં પવન પેસી જવાથી મંદિર પડી જવાના સમાચાર લાવનારને સોનાની બે જીભ ઈનામમાં આપી. કેમ ? એની પાછળ ગંભીર આશય એ છે કે "મારા જીવતાં આ સમાચાર એ કહી ગયો તે સારું થયું, કે જેથી હું હવે સંગેમરમરનું સુંદર મંદિર ઝટપટ કરાવી જાતે લાભ લઈ શકીશ. હું મરી ગયો હોત તો મને મંદિર કાષ્ઠનું બનાવવાની ભૂલ ક્યાંથી સમજાત ? નવો લાભ ક્યાંથી મળત ?"

**વિમળશાહ** મંત્રીને દેવતાએ કહ્યું કે 'તમારા ભાગ્યમાં મંદિર અને પુત્ર બંને નથી, માટે બેમાંથી ગમે તે એક માગો.' મંત્રી અને એમની પત્નીએ મંદિર માગ્યું. એની પાછળ ગંભીર આશય એ હતો કે "પુત્રથી વંશ રહેવાનું નક્કી નથી. કેમકે એ પુત્રને પુત્ર ન હોય તો ત્યાં જ વંશની સમાપ્તિ થઈ જાય, કદાચ પુત્રને પુત્ર હોય તોય પૌત્રના કાળમાં દાદાનું નામ રહે નહિ. ત્યાં તો બાપ દીકરાનું જ નામ બોલાય છે. એટલે પુત્રથી નામ રહેતું નથી, નામ તો મંદિરથી રહેશે, તેમ પુત્રથી સંસારની વૃદ્ધિ છે, ત્યારે મંદિર કરાવવાથી પોતાના અને સેંકડો વર્ષ સુધી બીજા અનેકના સંસારનો હ્રાસ થાય છે." આ આશય ગંભીર છે, તેમ ઉદાર એટલે વિશાલ પણ છે. એમાં અનેક જીવોના લાભનો વિચાર છે.

**ઉદાર આશય :-** સમજદાર જીવની વિશેષતા જ એ કે પ્રવૃત્તિ પોતાના મહાન હિતની અને બીજા અનેક જીવોના હિતની કરે. **ઝાંઝણશા** મંત્રીને ગિરિરાજ તરફ યાત્રા સંઘ લઈ જતાં વચમાં એક સ્થાને રાજાએ આમંત્રણ મોકલ્યું કે "સંઘવી સારા સારા માણસો સાથે મારા આંગણે પધારી મને લાભ આપે." ઝાંઝણશાએ વિચાર્યું કે "એના કહેવા મુજબ અમુક અમુકને લઈ જવા, એનો અર્થ એ કે બાકીના યાત્રિક સાધર્મીઓ સારા નથી. એમ કાંઈ હું મારા મોટા ભાગના સાધર્મીની કિંમત નીચી ન અંકાવું." રાજાને કહેવરાવ્યું કે "મારે તો આખો સંઘ સારો છે," શું આ ? ઉદાર આશય. 'રાજાનું માન ન મળે તો કાંઈ નહિ, પણ આખા ગામ



સહિત રાજાને જમાડવામાં અઢળક નાણું ખરચ્યું.'

**આશયમાં જગત અને જૈન :-** દરેક દરેક બોલમાં ને ચાલમાં ગંભીર અને ઉદાર આશયથી પ્રવર્તતા માણસનો મહાન વિકાસ થાય છે. પણ એ માટે મગજ કામ કરતું રહેવું જોઈએ; એટલે કે **મન વિચારક બન્યું રહેવું જોઈએ. તેમજ એ વિચારણા પવિત્ર હૃદય, પરમાર્થી હૃદય, અને પરલોકાપેક્ષી હૃદયથી થવી જોઈએ.** ટૂંકી દૃષ્ટિ, ક્ષુદ્ર માન્યતા અને સ્વાર્થ બુદ્ધિ હોય ત્યાં ગંભીર અને ઉદાર આશય નહિ આવી શકે. જગત અને જૈનમાં આ ફરક હોય કે જગત ટૂંકી દૃષ્ટિએ વિચારતું હોય છે, ત્યારે જૈન દીર્ઘદષ્ટિથી વિચારે છે. કેમકે જૈનનો આશય ગંભીર છે. એમ જગત સ્વાર્થ પરાયણ હોય છે, ત્યારે જૈન ઉદારચેતાઃ પરોપકારના વિશાળ અભિપ્રાયવાળો હોય છે. જગતને માત્ર આ લોક આંખ સામે હોય છે, જૈન વિશેષે કરીને પરલોકની વિચારણા મુખ્ય રાખી પ્રવૃત્તિ કરે છે, એથી જ જગતનો જીવ કોઈને મદદ કર્યા પછી જો જોશે કે પેલાને એથી વેપારમાં સારો નફો થયો, કુટુંબ પરિવાર વધ્યો, મોટી દુકાનો મંડાઈ, તો તેથી એ ખુશ થશે. પણ જૈન એમ ખુશ નહિ થાય. ઊલટું એ તો વિચારશે કે 'અરે ! આ તો દુનિયાના પ્રપંચમાં આગળ વધી વધુ ફસી ગયો ! ધર્મ વિના કેવળ પાપસ્થાનકભર્યા જીવનથી આ બિચારા જીવનું પરભવમાં શું થશે ?'- આવી વિચારણા જૈનને થવાની. કેમકે એ ગંભીર અને ઉદાર આશયવાળો છે. તોછડી વિચારણા, છીછરી વિચારણા, એને નથી આવડતી. વાતેય સાચી છે કે જો ગંભીર અને ઉમદા આશયવાળી વિચારણા જૈનના મનમાં ન રમ્યા કરે તો લોકવણ અને જૈનમાં ફરક શો ? એમાં કઠણાઈ કાંઈ નથી. શુદ્ધ-બોધ, આગ્રહના ત્યાગ અને મૈત્રી આદિનું પારતન્ત્રય આવી જાય, તો ગંભીર અને ઉદાર આશય રોજિંદો થઈ જાય છે. સહજ બની જાય છે.

**અનુપમા દેવીનો પ્રસંગ જુઓ :-** વસ્તુપાલ-તેજપાલ સામે કોઈએ રાજાના કાન ભંભેર્યા છે કે "આ વાણીયા રોજ આપને પોતાના એંઠા ભોજનનો થાળ મોકલે છે; કેમકે એ ઘમંડી છે. અને આપને વટલાવવા ધારે છે." રાજા બહુ ભંભેરણીથી વહેમાયો. એક વખત એ સંન્યાસીનો વેશ કરી પરીક્ષા માટે થાળ ભરવાના અવસરે વસ્તુપાલના આંગણે પહોંચી ગયો. મોટા દિલવાળા સુણીસુણાઈ પર નિર્ણય ન બાંધે. પુરાવા મેળવે. વસ્તુપાલ વગેરે એવા ઉદાર આશયવાળા હતા કે રોજ સેંકડો સાધુ ભગવંતોની ભક્તિ કરતા, તદુપરાંત સેંકડો બાવા સંન્યાસીને અનુકંપા દાન કરતા. એ બાવા ભેગા ભળવાનું રાજાને ઠીક ફાવ્યું. જઈને એ ઠેઠ અંદરના એવા સ્થાને ઊભો કે જ્યાંથી થાળ ભરાતો દેખાય. એવામાં ત્યાં સાધુ વહોરવા પધાર્યા. તેજપાલના પત્ની અનુપમા દેવી પોતે વહોરાવવા આવે છે.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

શું ? સાધુને કોણ વહોરાવે ? નોકર કે શેઠ ? વહોરાવતાં પાત્ર બહારથી ખરડાયું. તરત જ અનુપમા પોતાની કિંમતી સાડીના પાલવથી પાત્ર લૂછે છે. એક બાજુ અનુપમાને સાધુ તેમ કરવા નિષેધે છે, કેમકે પાછળથી કાચા પાણીએ વસ્ત્ર ધોવાનો દોષ ન લાગે અને બીજા તરફ રસોઈયો ઈન્કારે છે.

**રસોઈયાને ગંભીર ઉત્તર :-** હવે અહીં અનુપમાના ઉદ્‌ગાર જુઓ. એમનો આશય ગંભીર અને ઉદાર છે, તેથી પ્રૌઢ શબ્દો ઉચ્ચારે છે, અને તેની ગુપ્તપણે ઊભેલા રાજા પર ચમત્કારિક અસર થાય છે. રસોઈયાને એ કહે છે કે "ગાંડા ! શાની ચિંતા કરે છે ? જો હું તેલીની પત્ની હોત તો સંસાર વર્ધક ધંધા પાછળ આખો દિવસ કપડાં કેવા બગડત ? ત્યારે આ તો ગુરુમહારાજની ભક્તિમાં કોક વાર જ કપડાનો ઉપયોગ કરવાનું મળે છે." વિચારજો કે અનુપમા જીવનની સાર્થકતા શેમાં સમજે છે, અને પ્રસંગ મળતાં એને યોગ્ય કેવો વર્તાવ કરે છે. એ સમજે છે કે સાંસારિક પ્રવૃત્તિ આજીવિકામાં ઉપયોગી થાય, પણ તે પાપ છે, સંસારવર્ધક છે, અને અનિચ્છાએ પણ અનંતીવાર કપાળે લખાઈ ચૂકી છે. ત્યારે ગુરુદેવ સાધુ મહાત્માની ભક્તિનો પ્રસંગ ઈચ્છતાંય ક્યાં મળે ? મળે તો એને વધાવી લેવામાં આત્માને તરવાનું છે. એને મન **રેશમની સાડી આવા પ્રસંગે જો ઉપયોગી થાય તો તે તારક બની, અને જો એને મોહમૂઢતાથી સાચવવાનું થયું તો મારક બની.** એણે તો તરત તોલ્યું કે સંસારખાતર આપણે શું શું નથી સહ્યું અને નથી સહતા ? ધર્મના અવસરે એ સહેલું બરાબર યાદ રાખી, એથી કદાચ વિશેષ નહિ, તો કમમાં કમ એટલું તો કરી છૂટવાની તૈયારી જોઈએ જ. વળી નોકર માણસ ભલે આપણા પર લાગણી દર્શાવતા વચન બોલતો હોય, છતાં એમાં લહેવાઈ જવાય નહિ, અને "હા, હા, ભાઈ ! ભૂલ થઈ અથવા શું કરીએ સાધુ મહારાજની જરા સ્ખલના થઈ, તો આપણાથી રાહ થોડી જ જોવાય ? સાધુ મહારાજનું તો કરવું પડે ને ?" આવા લોચા વળાય નહિ, ઉદાર આશયમાં તો વિચારાય કે **પુણ્ય કમાવાના પ્રસંગો દુર્લભ છે; માટે એ મળે તો વધાવી લેવામાં જરાય વિલંબ કરવો નહિ, ઊલટું એ લાભ મળવા બદલ ખુશી થવું અને સામાના આભારી બનવું.** હવે જુઓ કે સાધુમહાત્માને અનુપમા શું કહે છે.

**અનુપમાનો સાધુ મહાત્માને ઉદાર ઉત્તર :-** એ સાધુજી મહારાજને કહે છે 'ભગવંત ! શ્રી અરિહંત પરમાત્મા જેવા દેવાધિદેવ, આપ સરખા ગુરુદેવ, જૈનધર્મ જેવો ધર્મ અને રાજા વીરધવલ જેવા સ્વામી મળ્યા પછી શી ખોટ છે કે આવા તુચ્છ કપડાની ગણતરી હોય ? અર્થાત્ સાધુની ભક્તિનો પ્રસંગ મળ્યાની જ મહાન ગણતરી છે; કિંમત છે, તુચ્છ રેશમની સાડીની નહીં. આટલી સ્થિતિએ પહોંચવામાં



ઉપકાર છે દેવ-ગુરુ-ધર્મનો અને માલિક રાજાનો. દેવાધિદેવ આદિની પ્રાપ્તિના કેટલા ઊંચા મૂલ્ય આંક્યા હશે ત્યારે આ ભાવ જાગે ?' અનુપમાને પાછી ખબર નથી કે રાજા ઊભા છે, છતાં હૃદયમાં રહેલ રાજા પ્રત્યેનું બહુમાન પ્રગટ થાય છે. ઔચિત્યનું એ પાલન છે. દેવાદિ પ્રત્યે કૃતજ્ઞતા છે. આમ તો આમાં અનેક ઉચ્ચ લાગણીઓના મિશ્રણ છે. એ બધાનું મૂળ છે ગંભીર અને ઉદાર આશય. એથી સાડીથી લૂછવાનું બની શકે છે, એમાં પોતાની કોઈ બહાદુરી નથી સમજતી, પણ દેવાદિનો પ્રભાવ સમજે છે.

**ઉમદા આશયની રાજા પર અસર :-** સાધુ પ્રત્યેના અનુપમાના ઉદ્‌ગાર સાંભળી રાજા સ્તબ્ધ થઈ જાય છે. એને એમ થાય છે કે "અહો ! જે પોતાના દેવગુરુના સાચા ભક્ત છે, અને પરોક્ષમાં પણ જે મારા ગુણ ગાય છે, એ કદી મને એંઠું ભોજન મોકલવાનું નીચ કાર્ય કરે જ નહિ." રાજા પણ કંઈક અંશે ગંભીર આશય ધરનારો છે, તેથી આવા પ્રસંગ પરથી સાચું તારણ કાઢી લે છે. અંતરમાં સદા ગંભીર અને ઉદાર વલણ પ્રવર્તવા જોઈએ,

**(૬) પરાર્થ પ્રવૃત્તિ :-** શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ ફરમાવે છે કે યોગની પાછળની ચાર દૃષ્ટિમાં રહેલ આત્મા ગંભીર અને ઉદાર આશય ધરનારા હોવાથી, એમની પ્રવૃત્તિ **'પરાર્થ'** હોય છે. 'પરાર્થ' શબ્દના બે અર્થ થાય; (૧) **'પર'** એટલે ઉચ્ચ, શ્રેષ્ઠ. **'પરાર્થ'** એટલે ઉચ્ચ પ્રયોજન માટે. (૨) બીજું **'પર'** એટલે બીજાઓ, પોતાનાથી અન્ય. **'પરાર્થ'** એટલે બીજાના હિત માટે. ધ્યાન રાખજો, આમાં પહેલો અર્થ વધુ કિંમતી છે, વ્યાપક છે, કેમકે એમાં બીજો અર્થ સમાઈ જાય છે. જે પ્રવૃત્તિ ઉચ્ચ પ્રયોજનથી કરાય, એ બીજાના અહિતમાં ન જાય, પણ અપેક્ષાએ કાંઈને કાંઈ બીજાના હિત માટે નીવડે. માટે મુખ્યપણે પહેલાનો વિચાર કરો.

સમ્યગ્દૃષ્ટિ આત્મા ઉચ્ચ પ્રયોજન માટે પ્રવર્તે. હલકા પ્રયોજન એ મનમાંય ન ધરે. એની પ્રવૃત્તિ શ્રેષ્ઠ હેતુ માટે હોય, નરસા હેતુ માટે નહિ. અહીં પ્રશ્ન થવો સંભવિત છે કે,

**પ્ર.-** સમ્યગ્દૃષ્ટિની બધી પ્રવૃત્તિ શું 'પર' માટે હોય ?

**ઉ.-** હા, સામાન્ય રીતે કહી શકાય કે એની સર્વ પ્રવૃત્તિ ઉચ્ચ હેતુ માટે હોય છે.

**પ્ર.-** માણસ લક્ષ્મી કમાવા જાય, કે રાજા યુદ્ધ કરે ત્યાં શું ઉચ્ચ પ્રયોજન સમજવું ?

**ઉ.-** એ લક્ષ્મી લેવા જાય ત્યાં એના મનને એમ હોય કે "આ હું ગૃહવાસ છોડી શકતો નથી, અને સંસારમાં નિર્વાહ માટે ભીખ માગી શકાય નહિ, તેથી



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પૈસા કમાવા જવું પડે છે. અન્ન વિના કાયા પ્રભુભક્તિ આદિ ધર્મ સાધના કરવામાં ઉજમાળ નથી બનતી. તેથી અન્ન માટે આજીવિકાની ચિંતા કરવી પડે છે. પણ એ કરીને ઊંચામાં ઊંચી ધર્મસાધના કરીશ,"ઈતર કવિએ કહ્યું છે.

**"કબીર ! કાયા કૂતરી, કરે ભજન મેં ભંગ;**
**ઈનકું ટૂકડા ડાલકે, કરો ભજન નિઃશંક."**

સમ્યગ્દષ્ટિ આત્મા જીવન નિર્વાહની અતિ આવશ્યક સાંસારિક પ્રવૃત્તિઓ કરી ચાહે છે કે હવે આત્મહિતની પ્રવૃત્તિમાં લાગું. એટલે સાંસારિક પ્રવૃત્તિમાં લક્ષ્ય છે આત્માના કલ્યાણની કરણીમાં જવાનું. તેથી પહેલેથી બ્રહ્મચર્યાદિની હિતશિક્ષા આપવા છતાં દીકરો સાધુપણું કે બ્રહ્મચર્ય સ્વીકારવા તૈયાર ન હોય અને એને પરણાવવો પડતો હોય ત્યાં પણ પિતા એ ઉચ્ચ પ્રયોજન રાખી શકે કે આ પુત્રનાં લગ્ન થઈ જવાથી આડે માર્ગે નહિ જાય. આમ દરેક પ્રવૃત્તિની સાંકળ આત્મહિત સાથે એવી જોડે કે એથી તે તે પ્રવૃત્તિનું પ્રયોજન ઉચ્ચ રાખી શકે. ઉચ્ચ પ્રયોજન આવ્યા પછી તો જીવનમાંથી ઘણાં પાપ ટળી જવાનાં. આત્માનું મુખ્ય લક્ષ્ય મોક્ષ અને મોક્ષના ઉપાયની સાધના હૃદયમાં જાગ્રત બની ગયા પછી એની નજીક જવાય એવી રીતનું વલણ નક્કી થઈ જાય છે. એ વલણ પ્રત્યેક પ્રવૃત્તિ વખતે જાગતું હોય છે, એથી જ એવા પવિત્ર વલણને લીધે દરેક પ્રવૃત્તિ આત્મલક્ષી બની જાય છે. મહિમા પવિત્ર વલણનો છે.

ફરીથી યાદ કરો. આત્માની ઉન્નતિ માટે બહુ ઉપયોગી છે. રચનાત્મક સાધનાનું આમાં સચોટ માર્ગદર્શન છે. આત્મામાં શુદ્ધ બોધ પ્રગટી ગયો, મૈત્રી વગેરે શુભ ભાવનાઓ નિરંતર રમતી થઈ ગઈ, કષાયાદિના આગ્રહ છૂટી ગયા, અંતરના આશય બહુ ગંભીર અને વિશાલ બની ગયા, પછી તો શ્રી જિનવચનના અનુસારે મોક્ષની નજીક જવાનું ઉત્કટ વલણ રહેવાનું. એથી જ દરેક પ્રવૃત્તિ બહુ ઊંચા લક્ષ્યવાળી રહેવાની. એનું જ નામ પરાર્થ પ્રવૃત્તિ.

## મોક્ષની નજીક જવાનું વલણ એટલે શું ?

આ અહીં બરાબર ધ્યાનમાં રાખી લેવા જેવું છે. મોક્ષ એ આત્માનું તદ્દન શુદ્ધ સ્વરૂપ છે. શુદ્ધ સ્વરૂપમાં **વીતરાગ, સર્વજ્ઞતામય, અશરીરી, અક્રિય અવસ્થા** વગેરે છે.

(૧) વીતરાગ અવસ્થા એનું નામ છે કે જ્યાં લેશ માત્ર રાગ નથી, દ્વેષ નથી, અણુ માત્ર કામ નથી, ક્રોધ નથી, સહેજ પણ અહંત્વ નથી, મમત્વ નથી;



કોઈ પણ પ્રકારની તૃષ્ણા નથી, પ્રપંચ નથી; સૂક્ષ્મ કોટિનીય આતુરતા નથી, વિકાર નથી; રંચમાત્ર આસક્તિ નથી, આસંગ નથી, પછી ઈર્ષ્યા-અસૂયા, ક્ષુદ્રતા-દીનતા, દુરાગ્રહ-દુર્જનતા, અસત્ય-અનીતિ, દુરાચાર-દુર્ભાવના વગેરેનું નામનિશાન ન હોય એમાં નવાઈ નથી. કેવી અનુપમ સુંદર અવસ્થા ! હવે આવી અવસ્થાની નજીક જવું એટલે શું એ સમજાય એવું છે. તે એજ કે એ બધા રાગાદિ દોષોને જીવનમાં કમી કરતાં આવવું. એ દોષો એ આત્માના કલંકો છે. એ જગતના જડ પદાર્થોના અને મોહાંધ સ્નેહીઓના બહુ સંપર્કમાં ખંધા થઈ ગયેલા છે; આત્મામાં ઊંડી જડ ઘાલી બેઠેલા છે. એને દૂર હઠાવવા માટે બે કાર્ય કરવા પડે.

(૧) એક તો એવા સંપર્ક તદ્દન ઓછા કરીને, જીવન જીવવા માટેના અતિ આવશ્યક સંપર્કમાં રાગ-દ્વેષાદિની અતિ અલ્પતા કરી નાખવી જોઈએ. અને અલ્પ પણ સેવાઈ જતા એ રાગાદિ આંતર દુશ્મનો તથા એના પોષક સ્થાનો પ્રત્યે અરુચિ, ભયભીતતા વગેરે સદા હૈયામાં જાગતા રહે એવું કરવું જોઈએ.

(૨) બીજું એ કે આ વસ્તુને સરળ અને સુલભ બનાવવા માટે વીતરાગતાને જીવનમાં જીવનાર શ્રી અરિહંત પરમાત્માનો સંપર્ક, વીતરાગતા માટેનો પ્રયત્ન અને ઉપદેશ-પ્રચાર કરનાર સદ્‌ગુરુ સાધુ મહર્ષિઓનો સંપર્ક, તથા એમણે ફરમાવેલા દાનાદિ અનુષ્ઠાનોનો સંપર્ક ખૂબ ખૂબ વધારવો જોઈએ; એટલું જ નહિ પણ એમના પર ઝળહળતો પ્રશસ્ત રાગ, મમતા, આસક્તિ, આતુરતા, ગૌરવ કેળવવા જોઈએ.

આમાં પહેલું કાર્ય અમલમાં ઉતારવું હોય તો પહેલાં તો રાગાદિ મહાન દોષોના પ્રેરક અનીતિ-અસત્યના સંયોગો, અધર્મીઓ-નાસ્તિકોના સંપર્કોથી તો દૂર થવું જ પડે. જીવનમાં અપ્રમાણિકતા, ક્ષુદ્રતા, અતિલોભ વગેરે હોય ત્યાં આ ઉચ્ચ સ્થિતિ ન આવી શકે. અહીં તો એ બધું તજવા ઉપરાંત સત્ય અને નીતિના પાયા ઉપર પણ જે સાંસારિક પ્રવૃત્તિ છે, તે પણ પ્રવૃત્તિ સાંસારિક હોવાથી પાપરૂપ હોઈને તજવાની છે, તેથી પાયામાં અસત્ય-અનીતિ-ઈર્ષા-ક્ષુદ્રતા વગેરે દોષો તો સદંતર તજવા જ પડે એમાં નવાઈ શી ? વીતરાગતાની નજીક જવા માટે પહેલા કાર્યમાં જે વધુ પડતી જડમુખી પ્રવૃત્તિઓ અને મોહવર્ધક સંપર્કો તજવાનું કહ્યું, તેનું કારણ સ્પષ્ટ સમજાય એવું છે. દુનિયામાં દેખાય છે કે જેમ જેમ એવી પ્રવૃત્તિઓ અને એવા સંપર્કો વધારે છે તેમ તેમ આત્મામાં રાગ, દ્વેષ, કામ અને મદ વગેરે દોષો વધે છે.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

# ૩૭ શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**પ્ર.**- અહીં કોઈ એમ કહે કે પ્રવૃત્તિ કે સંયોગ તો કાંઈ કરતા નથી. કેમકે કેવળજ્ઞાની પરમાત્મા રત્નના સમવસરણ પર બેસે છે; ત્યાં રૂપના અંબાર ભૂત ઈન્દ્રાણીઓ આવે છે. ઈન્દ્રો ચામર વીંજવાનું માન આપે છે, છતાં પરમાત્માનું શું બગડે છે ? સર્વજ્ઞ ભગવાન પકવાન્નનો પણ આહાર વાપરે છે, તોય એમનું કશું બગડતું નથી. એ સૂચવે છે કે જગતના સંયોગો કશું બગાડતા નથી. પરંતુ આપણું બગડેલું મને એ આપણા આત્માનું બગાડે છે. માટે મન જ શુદ્ધ કરવું જોઈએ ને ? એકલું, એ પ્રવૃત્તિ અને સંપર્કો છોડ્યે શું વળે ?

ઉ.- આનો ઉત્તર સરળ છે. માત્ર કેવળજ્ઞાની વીતરાગ પ્રભુનું જ દૃષ્ટાન્ત આપ્યું. એ સૂચવે છે કે જે હજી એવા નથી બન્યા, એને એ કાયદો લાગુ ન પડે. બીજી વાત એ છે કે કોક કેવળજ્ઞાન ચોરીમાં હસ્તમેળાપ વખતે પામ્યા, તોય 'હવે સાંસારિક પ્રવૃત્તિ કે સંપર્ક તો કશું નથી બગાડવાના' એમ કરી એ લગ્નની ક્રિયા, સંસાર માંડવાની ક્રિયા, ઘર ચલાવવાની પ્રવૃત્તિ, પત્નીનો સંપર્ક, વગેરે કશું ચાલુ નથી રાખતા; પણ ઊલટું ધન, કુટુંબ, ઘર વગેરે સમસ્ત સંસારનો ત્યાગ કરે છે; અને સાધુચર્યામાં વિચરે છે. એ સૂચવે છે કે સાંસારિક પ્રવૃત્તિઓ અને સંપર્ક ત્યાજ્યજ છે. આ તો વીતરાગ બન્યા પછીની વાત થઈ. પણ તે પૂર્વે જુઓ કે વીતરાગતા ચોરીમાં, રાજ્યના સિંહાસન ઉપર, આરિસા-ભવનમાં કે મહેલમાં બેઠે બેઠે પામ્યાના દાખલા કેટલા ? અને સર્વ સંસારસંબંધો છોડી મહા ત્યાગમાર્ગ લઈને વીતરાગતા પામ્યાના દાખલા કેટલા ? કહેવું જ પડશે કે ત્યાગમાર્ગે સંચરી વીતરાગતા પામ્યાના દાખલા અનેકાનેક. કેમ વારું ? એટલા જ માટે કે **સાંસારિક પ્રવૃત્તિઓ અને સંપર્કો રાગ-દ્વેષાદિ દોષોને પોષનારા છે, ઉત્તેજનારા છે, માટે એને તજવા જ જોઈએ, જેથી ખોટાં આલંબન ગયેથી રાગદ્વેષાદિ મંદ મંદ પડી નાશ પામી જાય અને વીતરાગતા મળે. ખરાબ સંપર્ક મનને ખરાબ કરી આત્માનું હિત બગાડે છે.** એ દુનિયામાં સ્પષ્ટ દેખાય છે; તેથી જ જુઓ, માણસ કુલટાને પરણવાને બદલે કુલીનને પરણવાનું પસંદ કરે છે; સજ્જનો વેશ્યાના કે કસાઈઓના મહોલ્લામાંથી માત્ર પસાર થવાનું પણ ઈચ્છતા નથી.

**બાહ્યની અસર :-** બાહ્યપ્રવૃત્તિ પણ જુઓ રાગ કેવો પોષે છે ! શેઠ રસોઈયાના હાથે નહિ, પણ શેઠાણીના હાથે જમવાનું ચાહે છે. કેમ વારું ? જમવાનું તો એનું



એ જ છે. છોકરાં કુમિત્રોના સંપર્કમાં બહુ જઈ જઈને મહાવ્યસની બની જાય છે. નોકરની બાહ્ય રીતભાત, બરાબર ન હોય તો એને નોકરીમાંથી રજા અપાય છે, આ બધા દાખલા શું સૂચવે છે ? એજ કે ખરાબ સંપર્કથી મન ખરાબ થાય છે. માણસને સંત પુરુષની સાથે વાતચીત કરતાં જે શુભ ઉલ્લાસ જાગે છે, એવું નવોઢા પત્ની સાથે વાતોચીતો કરતાં નથી થતું. મિઠાઈ ખાતાં જેમ રાગ વધે છે, તેવું રોટલી ખાતાં નથી થતું, એ શું બતાવે છે ? એજ કે ખરાબ પ્રવૃત્તિથી મન ખરાબ થાય છે. તાત્ત્વિક દૃષ્ટિએ સાંસારિક સર્વ પ્રવૃત્તિઓ અને સંપર્કો ખરાબ છે, ભલે વેપારરોજગાર વગેરે સત્ય-નીતિ અને સદાચારના પાયા ઉપર હોય, પણ એ **વેપાર રોજગાર કુટુંબ-પોષણ અને સ્વસ્ત્રીગમન પાપરૂપ છે, કેમકે રાગદ્વેષાદિના ઉત્તેજક, પ્રેરક અન પોષક છે. તેથી એને સદંતર છોડવા જ જોઈએ. એ શક્તિ ન આવે ત્યાંસુધી એવી શક્તિ લાવવા માટે જેટલું બની શકે એટલા પ્રમાણમાં એમાંથી ત્યાગ કરી દેવો જ જોઈએ. (૧) જે જીવો આ સમજતા નથી માટે, અને (૨) જે સમજે છે છતાં પરલોકના હિત તરફ બેદરકાર છે માટે, સાંસારિક પ્રવૃત્તિઓ અને સંપર્કને વળગ્યા રહે છે, તેના રાગદ્વેષાદિ વધી જાય છે, કર્મબંધ ખૂબ થાય છે, અને તેથી વિરાટ ભવાટવીમાં તે બિચારા ભૂલા પડી દુર્ગતિની પરંપરામાં દુઃખની હારમાળા ભોગવે છે; ત્યારે એથી આગળ વધીને જે જૂઠ-ડફાણ, અનીતિ-અન્યાય, દુરાચાર-દુર્જનતા, ગુસ્સો-ઘમંડ વગેરે આચરે છે, એ તો વળી અનંત ભવસાગરમાં ડૂબી જાય છે. લક્ષ્મીના લાલચું, કામવાસનામાં અંધા, કુટુંબના મોહઘેલા, સન્માન-સત્તાના નશાબાજ વગેરેને આ ભાન હોતું નથી, તેથી એક મનુષ્યભવમાંથી બીજા અસંખ્ય કે અનંત ભવ દુર્ગતિના સર્જે છે.** આપણી વાત એ છે કે વીતરાગતાની નજીક જવા માટે રાગાદિ દોષો ઓછા કરો અને એ માટે જ ઘણી ઘણી સાંસારિક પ્રવૃત્તિઓ અને સંપર્કો ઓછા કરી નાખો.

સાથે એ પણ વાત કહી છે કે એમ ઓછાશ કર્યા બાદ જે અતિ આવશ્યક પ્રવૃત્તિઓ અને સંપર્કો હજી ન છૂટ્યા હોય; તેમાં પણ રાગ-દ્વેષાદિ દોષો પર ખૂબ જ સંયમ મૂકો. જીવનમાંથી દોષોને ધક્કે ચઢાવવા જોઈએ. આ અઘરું પડે છે કેમ વારું ? 'પુત્ર ન હોય તો જુદી વાત હતી, પણ પુત્ર છે, પછી તમે કહો છો એના પર રાગ ઓછો કરી નાખો કેટલું કઠીન !' કેમ ? 'ગરીબ હોત તો લાખ-કરોડ પર મમતા કરવા ન જાત, પણ લાખો કરોડો મળ્યા છે પછી એના પર મમતા ઓછી કરી નાખવાનું તમે શીખવો છો. કેમ બને એ ?' એમ જ ને ? પણ ભાગ્યવાન યાદ રાખો કે મોક્ષ વીતરાગતામય છે; એની નજીક જવા માટે રાગાદિ દોષોને દૂર કર્યે જ છૂટકો છે. મરીને રાગ છોડવા કરતાં જીવતાં છોડવો સારો;



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

જેથી એ સદંતર છૂટે.

**સર્વજ્ઞતાની નજીક જવા તત્ત્વજ્ઞાન અને શુદ્ધજ્ઞાન મેળવો :-** એવું જ મોક્ષમાં સર્વજ્ઞાતા છે. તો મોક્ષની નિકટ જવા માટે સર્વજ્ઞતાની નજીક જવું પડે. એ માટે શુદ્ધજ્ઞાનમાં નિરંતર વૃદ્ધિ કર્યે જવી જોઈએ. શુદ્ધજ્ઞાન એટલે વસ્તુ પ્રત્યે આકર્ષણ કે અરુચિ કર્યા વિના માત્ર વસ્તુનું શુદ્ધજ્ઞાન. યથાર્થ જ્ઞાન. તેમજ શુદ્ધજ્ઞાન એટલે તત્ત્વનું જ્ઞાન. તત્ત્વો નવ છે, એનું આગળને આગળ વધી સૂક્ષ્મ-સૂક્ષ્મ જ્ઞાન પ્રાપ્ત કરતા રહેવું જોઈએ. કરો છો ને ? કે પછી એકલા રૂપિયા જ ભેગા કરવાનું આવડે છે ? કહે છે,

**પ્ર.**- રૂપિયાય ક્યાં ભેગા થાય છે ?

ઉ.- તે શાના ભેગા થાય ? પુણ્ય પાતળું હોય તો રૂપિયા તો ભેગા ન થાય, પણ મોહાંધતાના યોગે સમય બધો અઢાર પાપસ્થાનકમાં બરબાદ કરવાથી પાપકર્મની મુડી ભેગી થાય. મહેનત કરવા છતાં રૂપિયા ભેગા થતા નથી, તોય આંખ નથી ઉઘડતી એ આશ્ચર્ય છે. કહેવત છે, 'શાણો સમજે સાનમાં.' તમે શાણાં હો, તો ઈશારામાં સમજી જાઓ. તત્ત્વજ્ઞાન જેટલું ભેગું કરશો એટલું આત્માનું વધુ કલ્યાણ થશે. કદાચ રૂપિયા ભેગાય થાય, તોય તેનાથી પરલોક નહિ સુધરે. બહુ તો એમાંથી દાન દેશો તો ભવાંતરે ફરી લક્ષ્મી મળશે, પણ તેથી શું ? જ્યારે તત્ત્વજ્ઞાનથી જીવનમાં વૈરાગ્ય વધશે તેથી ભવાંતરે મહાત્માપણું મળશે, યોગીપણું મળશે, તેથી જલદી મોક્ષ મળશે. જો ઈચ્છો છો મોક્ષ વહેલો, તો તત્ત્વજ્ઞાન અને શુદ્ધજ્ઞાનની ખૂબ ખૂબ વૃદ્ધિ કરો. ભૂલશો નહિ **તત્ત્વજ્ઞાન** એટલે જીવ-અજીવ વગેરે તત્ત્વોનો વિસ્તૃત અને યુક્તિયુક્ત બોધ. **શુદ્ધજ્ઞાન** એટલે જે કાંઈ બાહ્યરૂપ-રસાદિ વસ્તુનું પ્રત્યક્ષ જ્ઞાન કે શ્રવણ-સ્મરણ થાય, તે બોધમાં રાગદ્વેષની છાંટ ન જોઈએ, વસ્તુના સારા-નરસાપણાના હિસાબે આકર્ષણ-અણગમો ન થવો જોઈએ.

(૩) **અશરીરીપણું મોક્ષનું સ્વરૂપ છે : તો શરીર હેય છે :-** મોક્ષનું એક સ્વરૂપ અશરીરીપણું છે એની નિકટ જવું એટલે **નવા શરીરના જોતરાં આત્માની ખાંધે ન નખાય એ માટે યત્ન કરવો તે.** હજી એકદમ કાંઈ શરીર માત્રથી સર્વથા છૂટકારો મળવાનો નથી. છતાં એટલું તો ધ્યાનમાં રહેવું જ જોઈએ કે **"જો મારે એવા મોક્ષની ઝંખના છે કે જ્યાં શરીરનું નામનિશાન નથી; તો એનો અર્થ એ કે શરીર એ કોઈ રાખવા લાયક ચીજ નથી; બલકે આત્માને શરીર હોવું એ પણ એક કલંક છે.** તો કલંકભૂત એવા શરીરને જ્યાંસુધી છોડી ન શકાય ત્યાં સુધી ય એ કલંકો પર મોહ શા માટે કરવો ? રાગ શા સારુ ધરવો ?"

**શરીર એ કલંક શાથી ? :-** આજસુધીનો આત્માનો અનંત કાળનો ઈતિહાસ



તપાસવામાં આવશે તો શું જણાશે ? એજ, કે જન્મે જન્મે નવાં નવાં શરીરે અનેક પ્રકારના રોગ, ત્રાસ, ગુલામી, અપમાન વગેરે અનેક પીડાઓ ભોગવી, અને વધારામાં નવાં નવાં પાપ કર્મ ઉપાર્જી ફરી નવાં શરીરની વિટંબણાઓ ઊભી કરીને સંસારચક્રમાં ભમ્યા ! આવા ભમાવનારા અને પીડનારા શરીર પર શા રાગ કે શી મમતા કરવી'તી ? 'મારું અથવા બીજાનું શરીર બહુ સુંદર.'-એવી બુદ્ધિ કરવી એ **રાગ;** અને 'મારા શરીરને દુઃખ ન પડવું જોઈએ,'-એ શરીર પર **મમતા.** રાગ અને મમતા બંનેય ભયંકર છે.

**અશરીરી થવા રાગ-મમતા છોડો; હિંસા છોડો; સદાચાર પાળો :-** એથી જ એવા શરીર પાછળ અનેક પાપલીલાઓ સર્જાય છે. સદ્‌વિચાર-સદાચારના ઉલ્લંઘન થાય છે; હિંસા વધતી જાય છે. શરીર પરના વધુ પડતા પ્રેમ અને મમત્વને આજની દુનિયાએ કેવી કેવી ફેશનો, ફેસીલીટીઓ, અને ફૂડઝ (ભોજનો) ઊભા કર્યા છે ! એની પાછળ પંચેન્દ્રિય જીવોની બિચારાની કરોડોની સંખ્યામાં કેવી ક્રૂર કતલ થાય છે ! એ આજે ક્યાં અજાણ્યું છે ? મીલો માટે ચરબી, દવાઓ માટે વાંદરા, માંછલા વગેરેનું નિકંદન, ડૉક્ટરી વિદ્યા માટે જીવતાં દેડકાં વગેરે ચીરવાનું, નગરઆરોગ્ય માટે ઉંદરોનો નાશ, આ બધું શું છે ? શરીરના ખોટા રાગ પાછળની દાનવી લીલા. ભાન નથી કે આ ભયંકર સંહાર કેટલા કાળ માટે ? અહીં જીવવાનું કેટલું અને પછીનો કાળ કેટલો ? આ થોડા કાળને પોતાની અજ્ઞાન સમજ મુજબ સુધારવા માટે ઘોર હિંસાદિ પાપાચરણો સેવી ભવિષ્યના અસંખ્ય કે અનંતકાળને બગાડવાનો ? જે શરીર કલંકરૂપ છે, એની ખાતર આવાં પાપ કોણ કરે ? "શરીરને રહેવું હોય તો રહે અને જવું હોય તો જાય પણ મારા આત્માનું એની ખાતર હું નહિ બગાડું,"-એવી ભાવના જો આર્યની નહિ હોય, તો શું અનાર્યની થશે ? જેમ આજીવિકાર્થે મદારી ઝેરી સાપથી ગણત્રીનું જ કાર્ય લે છે, તેય બહુ સાવચેતીથી; તેમ મોક્ષમાર્ગ સાધનાના નિર્વાહાર્થે શરીરથી કાર્ય લેવાનું છે.

**અશરીરી બનવું છે તો રોગને મિત્ર સમજો :-** જો શરીરના કલંકનો ખ્યાલ રહે તો, નથીને કદાચ શરીર માંદુ પડ્યું, તો પણ તેથી કાંઈ આત્માની શુભ ભાવનાઓ માંદી ન પડી જાય, આત્મા તો સમજે કે **"આ કલંકરૂપ શરીર પીડાય. એથી આપણે ભેગા પીડાવાનું શું કામ ?** એવા સમયે તો **શરીરે આપણને દુનિયાદારીની ફરજોમાંથી રજા અપાવી, માટે પરમાત્માનું ધ્યાન-ભજન કરવાનો સમય મળ્યો."** જેને સર્વથા અશરીરી બનવું છે. એને શરીરના હ્રાસમાં માનસિક હ્રાસ ભોગવવાની કોઈ જરૂર નથી. ઊલટું, **એક અપેક્ષાએ શરીર તો રોગો સહીને આત્માના અશુભ કર્મોનો કચરો સાફ કરી આપે છે; તો પછી રોગો પર અણગમો**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

શા સારુ કરવો ? શરીરના રોગને તો આત્માના મિત્ર માનવા જોઈએ. એથી જ, **સનતકુમાર ચક્રવર્તીએ** શરીરમાં રોગો ઉત્પન્ન થતાંની સાથે વૈદ-હકીમ અને દવા-દારૂની વિચારણા ન કરી, પણ ઊલટું બિમારીમાં સંસાર ત્યજી ચારિત્ર આરાધવાનું કર્યું. આજ તો સાજા સારા શરીરે એ મુશ્કેલ લાગે છે. કેમ ? પાછું એવી મહા રોગિષ્ઠ કાયામાં સાતસો (૭૦૦) વર્ષ સુધી ઉગ્ર તપસ્યાઓ કરી. ત્યાં વળી દેવતા રોગ મટાડવા આવ્યો ત્યારે સાફ ના પાડી દીધી. કહે કે "રોગો તો મારા આત્માના અશુભ કર્મ ખપાવે છે, તેથી તે મિત્ર છે. તો મિત્રને તું કાઢવા આવ્યો છે ?" આ બધું શાથી ? કહો એમને જલ્દી અશરીરી બનવું હતું. અશરીરી બનવું હોય એણે શરીરની ગુલામી ઓછી કરવી જ જોઈએ.

**અશરીરીપણાની નજીક જવા બ્રહ્મચર્ય જરૂરી :-** 'મારે અશરીરી બનવું છે. શરીરરૂપી મહાકલંક ટાળવું છે; કેમકે **આ જગતમાં મારા અને બીજાના શરીરના ઉપભોગેજ હું મુડદાલ, નિઃસાર અને જડવત્ બન્યો છું.**' આ ખ્યાલ કેળવાઈ જાય, તો શરીરમાત્ર પ્રત્યેના આકર્ષણ ઓછા થઈ જાય. ત્યારે દુનિયામાં જુઓ કે ખોરાકના પદાર્થો જેવા કે ફળ, ધાન્ય, શાકભાજી એ શું છે ? એકેન્દ્રિય વનસ્પતિકાય જીવનાં શરીર, ત્યારે બંગલા, સોનું, ચાંદી, હીરા, માણેક વગેરે શું છે ? પૃથ્વીકાય જીવનાં શરીર. તો કામવાસનાથી વિહ્વલ થઈ પુરુષજગત જે સ્ત્રી ઉપર, અને સ્ત્રીજગત જે પુરુષ પર મોહાંધ થઈ રહ્યું છે, તે સ્ત્રી-પુરુષ શું છે ? શુદ્ધ આત્મા ? ના, શરીર, શુદ્ધ આત્મા તો પરમાત્મા છે; એના તરફ જે આકર્ષણ નથી, તે સ્ત્રી-પુરુષના શરીર પ્રત્યે છે ! પરમાત્માની અપેક્ષાએ, ભાઈ ! શું ગુણ છે શરીરમાં ? કાંઈ નહિ. છતાં એના નિર્ગુણી શરીર ઉપર જગત મરી રહ્યું છે. એથી આત્માનું નૂર અને બળ લુપ્ત પ્રાય થઈ ગયા છે. ભવી જીવને આ વિચાર જોઈએ કે "હું શરીરનું કલંક ટાળવા માગું છું, તો પહેલાં તો મારે મારા કે બીજાનાં શરીર તરફ આકર્ષણને બદલે ઘૃણા ઉત્પન્ન કરવી જોઈએ; રાગને સ્થાને સુગ જગાવવી જોઈએ. સાથે સાથે શરીરોના ઉપભોગ ઓછા કરી નાખવા ઘટે. તેમાંય ખાસ કરીને પરજાતિના એટલે કે સ્ત્રી માટે પુરુષના અને પુરુષ માટે સ્ત્રીના શરીરના આકર્ષણ અને ઉપભોગ પહેલા ટાળવા જોઈએ. અર્થાત્ માનસિક સાવધાની સાથેના સદાચાર અને બ્રહ્મચર્ય, એ જીવનઅંગ બની જવા જોઈએ. તેમ પહેલાં કહ્યું તે મુજબ ખાનપાન અને જર-ઝવેરાત પર પણ અભાવ થવો જોઈએ."

**(૪) મોક્ષ એટલે અક્રિય અવસ્થા :-** મોક્ષનું એક સ્વરૂપ છે અક્રિયતા. એની નિકટ જવા માટે જીવનમાંથી અશુભ ક્રિયાઓને ઓછી ઓછી કરતા આવવું જોઈએ.



**શુભક્રિયાઓ છોડવી કે કેમ ?**

**પ્ર.-** તો પછી શુભક્રિયાને પણ ઓછી કરવી જોઈએ ને ?

**ઉ.-** ના, શુભક્રિયાઓ તો એનો અવસર આવ્યે ઓછી થઈ જવાની છે. દા.ત. પ્રભુની જલચંદનાદિ પૂજારૂપ દ્રવ્યસ્તવની ક્રિયા સામાયિકની નિરવદ્યક્રિયામાં બેઠા એટલે છૂટી જવાની છે. જીવનભરનું ચારિત્ર લીધા પછી છઠ્ઠું ગુણસ્થાનક આવ્યું. ત્યાં ગૃહસ્થ યોગ્ય શુભક્રિયા છૂટી જશે. પછી શુભની પણ આતુરતા રૂપ ક્રિયા સાતમે ગુણઠાણે ચારિત્રસ્થૈર્ય અને અપ્રમાદ ભાવમાં પેઠા એટલે છૂટી જવાની છે. એથી આગળ કેવળજ્ઞાની બન્યા એટલે છૂટી જવાની છે. એથી આગળ કેવળજ્ઞાની બન્યા એટલે તપ-પ્રતિક્રમણાદિ ક્રિયા છૂટી જવાની છે. વળી ઉપર ચૌદમે ગુણઠાણે શૈલેશીમાં ચઢ્યા એટલે આહાર-ઉપદેશ-વિહારાદિ ક્રિયા પણ છૂટી જવાની છે. ત્યાંથી પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ જેટલા કાળ માત્રમાં મોક્ષમાં પહોંચ્યા એટલે શરીર ધારણરૂપ ક્રિયા પણ છૂટી જવાની છે. આમ ક્રમે ક્રમે નીચે નીચેની શુભક્રિયા ઉપર ઉપરની શુભક્રિયા પ્રાપ્ત કરતાં કરતાં છૂટી જાય છે, તેમ નીચેની શુભક્રિયા આલંબને ઉપર ઉપરની શુભક્રિયામાં અને ઉપર ઉપરના ગુણસ્થાનકમાં જવાય છે. પછી પહેલેથી શુભક્રિયાને છોડી દેવાની ઉતાવળ શા માટે ? **છોડવાની તો અશુભ ક્રિયાઓ છે.** માત્ર જ્ઞાન માર્ગીઓ અહીં થાપ ખાય છે, અને કહે છે કે શુભક્રિયાઓ પણ નકામી છે. પરંતુ એમને ભાન નથી કે,

**(૧) ઉપર ઉપરની ગુણસ્થાનકની સ્થિતિ લાવી આપનાર શુભક્રિયાઓ છે. કેમકે શુભક્રિયાઓ આત્માને સુબુદ્ધ બનાવે છે, આત્માને ઘડે છે. આત્માને કસે છે. તોજ દોષો ઘસાય છે અને ઊંચા ઊંચા ગુણોવાળું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે.**

(૨) બીજું એ કે **અશુભક્રિયાઓમાંથી છોડાવનાર શુભક્રિયાઓ છે.** કેવળ ભાવની કે જ્ઞાનમાત્રની વાતો કરવાથી અશુભક્રિયાઓ નહિ છૂટે. દા.ત. હિંસાદિ આરંભ સમારંભની ક્રિયાઓ વિરતિની અહિંસાદિની ક્રિયામાં આવવાથી છૂટે છે. બહારથી સમિતિ ગુપ્તિ જાળવશે તો હિંસાથી અટકશે, જૂઠથી અટકશે. ઇત્યાદિ.

**(૧) ક્રિયાથી ગુણસ્થાનક કેમ મળે ? :-**

**પ્ર.-** પહેલાં કહ્યું કે શુભક્રિયાઓ કરતા રહેવાથી ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે, તે કેવી રીતે ?

**ઉ.-** આ સવાલ થવો સહજ છે. પણ વસ્તુસ્થિતિ જુઓ, કે ગામમાં જ્ઞાની ગુરુ પધાર્યા છે. હવે જો એમના પાસે જવાની ક્રિયા થાય છે તો વંદનાદિના **વિનયનું** ગુણસ્થાનક મળે છે, તેમ, જો ત્યાં વંદનાદિ ક્રિયા કરાય છે, તો **તત્ત્વશુશ્રૂષાનું** ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. પછી ગુરુ મહારાજ ઉપદેશ આપે છે. ત્યાં જો શ્રવણની



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ક્રિયા કરાય છે તો **તત્ત્વબોધનું** ગુણસ્થાનક પ્રગટે છે. એના પર હાર્દિક લાગણીભરી વિચારણાની ક્રિયા કરાય છે તો શ્રદ્ધાગુણ એટલે કે **સમ્યક્ત્વનું** ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. શું આ બધું ? **શુભક્રિયાઓથી ઉત્તરોત્તર ગુણસ્થાનકોની પ્રાપ્તિ.**

**પ્ર.**- એવી ક્રિયાઓ કરનારા કેટલાયને ગુણસ્થાનક નથી મળતા તેનું કેમ ?

ઉ.- નથી મળતા એ આત્માની રેઢીયાળપણાની સ્થિતિના હિસાબે છે. એમાં એ લોકોનું ગુણસ્થાનક મેળવવાનું લક્ષ્ય જ નથી. કોઈને લક્ષ્ય હશે તો વિધિની ખામી હશે. **ક્રિયામાં તેવો આદર, સતતપણું, સ્થિર મન વગેરે ન હોય તો ગુણસ્થાનક ન મળે,** એમાં નવાઈ નથી. પરંતુ એ વાત નક્કી છે કે જ્યારે ગુણસ્થાનક મળશે ત્યારે શુભક્રિયાથી મળશે. માનસિક ચિંતન એ પણ શું છે ? વિચારવાણી એક ક્રિયા જ ને ? ત્યારે હવે તમે એમ કહો કે,

**પ્ર.**- એટલી "વિચારણાની જ ક્રિયાની જરૂર છે, બાહ્ય ક્રિયાની નહિ." તો,

ઉ.- આ કથન પણ યુક્તિયુક્ત નથી. કેમકે **સારી વિચારણાઓની ક્રિયા માટે પણ સારા વાતાવરણ અને સારા સંયોગોવાળી સ્થિતિમાં રહેવાની અને સારી પ્રવૃત્તિ આચરવાની ક્રિયા કરવી પડે છે.** ચોરીમાં કેવળજ્ઞાન પામનારા **ગુણસાગર**ને પણ પહેલાં મુનિદર્શનની ક્રિયા તથા માતાપિતા સાથે ચારિત્રની અનુમતિ માટે વાતચીત, સમજૂતી અને ચોક્કસ નિર્ણય કરાવવાની ક્રિયા કરવી પડી છે. આરિસાભુવનમાં કેવળજ્ઞાન પામનાર **ભરત ચક્રવર્તી**ને પૂર્વ ભવમાં મહાસંયમ અને સાધુ વૈયાવચ્ચની ક્રિયાઓ કરવી પડી છે. તોજ એ આ ભવમાં એવું મન લઈ આવ્યા છે કે જે મન આંગળી પરથી વીંટીનો વિયોગ થઈ જવાની ક્રિયા માત્ર પર શુભભાવનામાં ચઢવાની ક્રિયા કરી શક્યું છે. તેમજ આ ભવમાં પણ વારંવાર સાધર્મીઓ પાસેથી **'રાગાદિથી તમે જિતાયેલા છો. કર્મનો ભય તમારા માથે વધે છે. તો તમારા આત્માને એમ હણો નહિ. હણો નહિ'** આવું સાંભળવાની ક્રિયા ચાલુ હતી. તેમજ ભગવાન ઋષભદેવ પાસેય ઉપદેશ સાંભળવાની ક્રિયા ચાલુ હતી. તો ઉચ્ચ ચિંતનની ક્રિયાને અવકાશ મળ્યો. એટલે કહો તાત્પર્ય શું આવ્યું ? શુભક્રિયાઓને છોડવાની તો નથી, પણ ઊલટું ખ્યાલ બરાબર જાગ્રત રાખવાનો. પછી ઊંચે ઊંચે ગુણસ્થાનકે ચઢતાં તો એ ક્રિયાઓ આપોઆપ ક્રમસર છૂટી જઈ છેવટે સંપૂર્ણ અક્રિયા અવસ્થા પ્રાપ્ત થશે.

**અશુભક્રિયાનાં નુકસાન :-** પરંતુ તે પૂર્વે અશુભક્રિયાઓને તો આજથી જ ઓછી કરવાની છે. એનું કારણ એ છે કે **અશુભક્રિયાઓથી તો મન બગડેલું રહે છે; તેથી એકબાજુ અશુભ કર્મબંધ જોરદાર રહે છે; અને બીજી બાજુ અનાદિના દોષો અને કુસંસ્કારોનું દઢીકરણ થાય છે.** પછી ત્યાં શુભક્રિયાનો તદ્દન અભાવ રહે



છે, અથવા થોડીક શુભક્રિયા હોય તો એમાં વિધિ, સતતતા અને આદરનો અભાવ હોય છે. તેથી ગુણસ્થાનક પામતા નથી; અને અક્રિય અવસ્થાએ પહોંચાતું નથી. આ વસ્તુ ખૂબ જ ખ્યાલમાં રાખવાની છે કે **જેટલી શુભક્રિયાઓની ખૂબ જ આવશ્યકતા છે, તેટલી જ આવશ્યકતા અશુભ ક્રિયાઓને દૂર કરવાની છે.** એ માટે આટલો ખ્યાલ રહેવો જોઈએ કે,

**"અશુભક્રિયાઓ ખૂબ ખૂબ કરી કરીને, જેમ રેશમનો કોશેટો પોતાના જ શરીર પર બંધનો વધુ ને વધુ વીંટે છે, તેથી જ અંતે ઉકળતા પાણીમાં બિચારો બફાઈ મરે છે, તેવી રીતે જીવ પણ આજસુધી કર્મબંધનોથી પોતાના જ જીવને વીંટી વીંટીને દુઃખમાં બફાતો આવ્યો છે અને દોષોથી વધુને વધુ રંગાતો આવ્યો છે."**

ત્યારે, આત્માને પણ એ ભાન જોઈએ કે,

**"મારે તો સર્વથા અક્રિય બનવાનું છે. મારું સ્વરૂપ જ અક્રિય અવસ્થા છે. તો આ બધી અશુભક્રિયાઓની મારે ભાંજગડ શા માટે જોઈએ ? નવાં નવાં સ્વાદ કરવાનું રૂપ-સ્પર્શાદિ વિષયો ભોગવવાનું, એ માટે પૈસા કમાવવાનું-આ બધી ક્રિયાઓ મારે શા સારૂ જોઈએ ? હું તો અક્રિય છું, શુદ્ધ જ્ઞાનગુણનો વિલાસી છું. તો હવે એ મારું અસલી સ્વરૂપ લક્ષમા રાખી અશુભક્રિયાઓનો સંકોચ કરતો રહું."**

**અશુભ ક્રિયા ક્યાં ક્યાં ઘટાડવી :-** આવા પ્રણિધાન સાથે સચોટ રીતે અશુભક્રિયાઓમાં ઓછાશ, વધુ ઓછાશ કરતા આવવું જોઈએ. લગભગ હરેક પળ એવી જાગ્રતિ ઊભી કરી દેવી જોઈએ કે 'અશુભક્રિયા કદાચ કરવી પડી તો આટલી બધી શું કામ કરવી ? ચાલો, એમાંથી આટલી ઓછી કરી નાખો.' આ પ્રથમ પગથીયું છે. દા.ત. જમવાની ક્રિયામાં વસ્તુઓ થોડી ઓછી કરો, એમાંય ચાર પાંચ કોળીયા ઓછા જમો. નહાવાની ક્રિયામાં બહુ ટાપટીપ અને સમય ઓછા કરી નાખો. બજારમાં વધુ ફરવાનું અને રોકાવાનું ઓછું કરી નાખો. વાતચીતની ક્રિયામાં ગપ્પાસપ્પા મારવાની ક્રિયાઓ રદ કરી દ્યો. દુન્યવી કામની વાતોમાં પણ ટૂંકે પતાવો, વિસ્તાર ન કરો. ઊંઘવાની ક્રિયા ઓછી કરો. આમ કર્યે જવાથી આત્મામાં નક્કર પ્રગતિનો અનુભવ થશે અને ધર્મમાં ચિત્ત ચોંટશે આ તો તમારા પર **બાહ્ય અશુભ ક્રિયાઓનો મારો છે. તેથી કચરાઈ ગયેલો તમારો આત્મા શુભક્રિયાઓમાં સત્ત્વશીલ અને સ્વસ્થ નથી.** જેટલી જેટલી રાગ-દ્વેષ, હર્ષ-શોક, ઈર્ષ્યા-દીનતા વગેરે, દોષો પોષનારી ક્રિયાઓ છે, એને કાપવા માંડો, જરાક હાસ્ય-ટીખલ કે મજાક કરવાનું મન થઈ આવ્યું, ત્યાં તરત ચેક મૂકવો કે 'શી જરૂર છે આવી મફતીયા દોષ પોષક ક્રિયાની ?' સંપૂર્ણ ન ત્યજી શકાય ત્યાંસુધી એમાં



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

અલ્પતા, અતિ અલ્પતા તો જરૂર કેળવવી. સહેજ ટચ (સ્પર્શ) કર્યો ન કર્યો અને ઝટ ગંભીર બની જવું. એમાંથી જ તાત્ત્વિક તારણ કાઢવું. જોશો તો દેખાશે કે **હસવા-ખીલવાની, હાસ્ય-વિનોદની નકામી ક્રિયાઓમાં આપણો કેટલોય અમૂલ્ય ધર્મ સમય વેડફાઈ રહ્યો છે !** અમૂલ્ય ગંભીરતા-ઉદાસીનતાનો ગુણ કેટલોય ગુમાવાઈ રહ્યો છે !

**અશુભના નમુના :-** કેટલાય માણસોને એવી આદત હોય છે કે દુનિયાએ પાપક્રિયામાંથી થોડી નવરાશ આપી હશે તો પણ એ બિચારાને ચેન નહિ પડે, ઠરીને શુભવિચારણામાં બેસવાનું કે શુભક્રિયામાં જોડાવાનું મન નહિ થાય; પરંતુ ઉપરથી ફરી પાછું કંઈને કંઈ દુન્યવી અશુભ કામ કરવા માંડશે. દા.ત. કપડાં ધોયાં, સુકાયાં અને વળાયાં. હવે ? હવે શું, એ તો કપડું હાથમાં લઈ બેઠો બેઠો ગેડે ગેડ મેળવશે, સળ પાડશે, કરચલી ભાંગશે, ઠીક ઠાક કર્યા જ કરશે. 'અરે ! ભલાભાઈ ! આવું કાંઈ ન કર્યું તો શું બગડી ગયું ? અને એમ કરવાથી શી બહુ વિશેષતા આવી ગઈ ?' પણ અનાદિની કુટેવ તે અશુભ ક્રિયા વિના બેસી રહેવાય જ નહિ. કેટલાકને પગ હલાવ્યા કરવાની, નકામી છીંકણી સુંઘ્યા કરવાની, બીડીઓ ફુંકવાની તો કોઈને હાથ હલાવ્યા કરવાની, કે બોલ બોલ કરવાની વગેરે આદત પડી ગઈ હોય છે. ત્યારે કોઈ તો વળી વાત કરતાં કરતાં 'તમે સમજ્યા કે' 'તમે સમજ્યા કે' ભાઈને કહું' 'ભાઈને કહું' એવું એવું કે એના જેવું બીજું કાંઈક વચમાં વારંવાર નિરર્થક બોલ્યા કરશે. કેટલાકને એક સ્થાને બેસી રહેવાનું નહિ ગમે, તે બહાર ફર્યા કરશે; નહિતર છેવટે ઘરમાં આટા માર્યા કરશે. અશુભક્રિયાની કેવી લત લાગી છે, એના આ નમુના છે. **ક્યાં આત્માએ નિજગુણમાં ઠરવાનું, સ્થિર થવાનું મહાકાર્ય ! અને ક્યાં રાગાદિ દોષોમાં અને અશુભ ક્રિયાઓમાં અથડાવાની મહા મૂર્ખતા !**

## • આજનો ઊંધો યુગ •

આજે તો મોટા આરંભસમારંભના વધુને વધુ કાર્યો કરનારને **ઉદ્યોગપતિ** કહી પ્રશંસવામાં આવે છે. માનતા નહિ કે આજની વિચિત્ર વિચિત્ર **મશીનરીઓથી** ઉદ્યોગો વધ્યા, તેથી જનકલ્યાણ વધ્યું છે. **વિકરાળ મશીનરી વ્યૂહે તો ભારતદેશમાં કરોડો ગરીબ માણસની રોજી ધંધા ભાંગી નાખ્યા છે; લોકોની સુખસગવડ અને ભોગ વિલાસની ભૂખ વધારી દીધી છે.** વિચારો છો કે ધંધો હોય નહિ, આવક પુરી હોય નહિ અને ભોગની ભૂખ વધે; પછી ચોરી, લૂંટફાટ, અનીતિ-અન્યાય અને બદમાશી વધે કે બીજું કાંઈ ? મશીનરી બહુ સક્રિયતાના આ કુંડા પરિણામ છે.



એવી આજના કાળની બીજી એક સક્રિયતા **પાર્લામેન્ટોમાં** રોજ નવા નવા ધારા ઘડવા અને નવી નવી બીન જરૂરી યોજનાઓ ઊભી કરવાની છે. આજે વળી નવી નવી **સંસ્થાઓ** અને **કલબો** સ્થાપવી, **સભાઓ** ભરવી, **ભાષણો** કરવા, **ઠરાવો** પાસ કરવા વગેરે ખૂબ ચાલી પડ્યું છે. એમજ, **છાપાઓ** વાંચવા, **રેડીયો** સાંભળવા, દુનિયાભરની વાતો જાણ્યા કરવી, બીજાને ત્રીજાને મળતા રહેવું. પૂછપરછ કર્યા કરવી, આવી આવી તો કેઈ નિરર્થક અશુભક્રિયાઓ આજે વધી પડી છે. **વિચારો તો ખરા કે આમાં આત્માનું શું ચૈતન્ય વિકસી રહ્યું છે ? અહીં પણ શી સુખશાંતિ મળે છે ? જડાધીનતા ક્યાં ઓછી થઈ રહી છે ? ગુણોની દૃષ્ટિએ માનવતાની શી ખીલવટ બની રહી છે ?** એની વાતેય શી, ઊલટું ચૈતન્યનું આચ્છાદન, જડાધીનતાની વૃદ્ધિ, માનવ ગુણોનો હ્રાસ, અજંપો, ચિંતાહોળી વગેરે નીપજી રહ્યું છે તે સ્પષ્ટ દેખાય છે,

ત્યારે આજે **મનોરંજનાદિ** અર્થે ઉપયોગી ગણાતી સિનેમા, સરકસ, રેડીયો, પાર્ટીઓ, કોન્સર્ટો, ક્રિકેટ મેચો, વગેરેએ તો દાટ વાળ્યો છે. એ બધાએ આત્મચિંતા, સૂત્ર-સ્વાધ્યાય, તત્ત્વબોધ, પ્રભુભક્તિ, પરમાત્મધ્યાન, સત્સંગ, સામાયિક વગેરેનો અમૂલ્ય સમય ચોરી લીધો છે. એનો અફસોસ પણ આજના વિષમય વિષમ જડવાદી યુગે રહેવા દીધો નથી, એ આર્ય પ્રજાની એક મહાન કમનસીબી છે. અશુભ ક્રિયામાં રચ્યા પચ્યા રહેવાથી જીવનમાં આધ્યાત્મિકતા આવતી નથી, ટકતી નથી કે વધતી નથી; અને મૂળ પાયામાં આધ્યાત્મિકતા ન હોય તો કોઈ મોક્ષમાર્ગની સાધના ન આવે; તેમ મોક્ષ ન નીપજે; એમાં શી નવાઈ ? તો અક્રિય અવસ્થાની નજીક જવા માટે અશુભ ક્રિયાઓને ઓછી ઓછી કર્યે જ જવી જોઈએ. આ કોના માટેની વાત છે ? જેને મોક્ષની નજીકને નજીક જવું છે તેની.

**મોક્ષની નજીક જવા પરાર્થ પ્રવૃત્તિ આદરો :-** સંસારથી ખસી મોક્ષની નજીક જવાનું વલણ ખરેખર જાગ્યું હોય તો મોક્ષના વિવિધ સ્વરૂપોની નજીક જવું જોઈએ. નજીક જવા માટે સદા પુરુષાર્થી બન્યા રહેવું જોઈએ. હૃદયનું વલણ જ એવા પ્રકારનું ઘડાઈ ગયું હોય કે દરેક પ્રવૃત્તિમાં એ શોધી કાઢે કે મોક્ષ સ્વરૂપની નિકટ કેમ રહેવાય, આઘા કેમ ન પડાય, વધુ નજીક કેમ જવાય. આનું નામ પ્રવૃત્તિ **'પરાર્થ'** એટલે કે 'પર' જે મોક્ષ અને મોક્ષ સ્વરૂપની નિકટતા, તેને માટેની કહેવાય. આ 'પરાર્થ' શબ્દનો એક અર્થ.

**'પરાર્થ'નો બીજો અર્થ :-** ગ્રંથકાર મહર્ષિએ કહ્યું કે યોગની છેલ્લી ચાર દૃષ્ટિમાં આવેલા ઉત્તમ આત્માઓની પ્રવૃત્તિ પરાર્થ હોય છે. પરાર્થ એટલે ઉચ્ચ પ્રયોજન માટે એવો એક અર્થ કર્યો. હવે બીજો અર્થ વિચારીએ. 'પરાર્થ' એટલે



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**'પર માટે'**; અર્થાત્ બીજાના હિત માટે એ પ્રવૃત્તિ હોય છે. તો પૂર્વે જેમ કહ્યું કે એ **સમ્યગ્દષ્ટિ આત્માઓ પોતાની પ્રવૃત્તિનું પ્રયોજન ઊંચુ રાખે છે;** તેમ અહીં એ સમજવાનું છે કે **બને ત્યાંસુધી પોતાની બધી પ્રવૃત્તિને એ બીજાના લાભમાં ઉતારે છે.** એના હેતુઓ પૂર્વે વિચારાઈ ગયા તેજ છે :- શુદ્ધબોધ, આગ્રહનો ત્યાગ, મૈત્રીઆદિની આધીનતા, તથા આના લીધે ગંભીર અને ઉદાર આશય. એ હોવાથી પોતાની પ્રવૃત્તિમાં પરોપકારિતાની સુવાસ હોય છે.

**કેમ કેમ આપણી પ્રવૃત્તિ બીજાના લાભમાં ઉતારવી :-** માણસને પરમાર્થ પરોપકારનું વ્યસન લાગી ગયા પછી એની નજર જ એ રહે છે કે હાલતાં ને ચાલતાં પરોપકાર કરવાનો લાભ કેમ મળે. સામાન્યથી આ વસ્તુ તમારા વ્યવહારમાં જુઓ કે કેટલાકને એવી ટેવ હોય છે કે ઘરમાં જમવા બેસે તે વખતે પહેલાં પૂછી લે છે તપાસ કરી લે છે કે ઘરનાં બધાં જમ્યા કે નહિ. પૈસા ઘરમાં લાવતાં જ વિચારી લે છે કે દીકરીને, પુત્રવધુ વગેરેને માટે શું શું કરાવવાનું છે, શું આ બધું ? જમવા બેસવાની, પૈસા લાવવાની પ્રવૃત્તિને બીજાના લાભમાં ઉતારી. બસ, આ રીતે દુનિયામાં એવા પણ ઉત્તમ જીવ હોય છે કે જેને **અતિથિ વગેરેને ખવરાવ્યા વિના** ખાવું ગમતું નથી. આનો અર્થ એ કે પોતાની ખાવાની પ્રવૃત્તિમાં પરોપકારની પ્રવૃત્તિ સામેલ જ હોય છે. એમાં **નયસારે** સમ્યક્ત્વ મેળવ્યું. કોણ નયસાર ? વીર પ્રભુનો જ જીવ. **પૈસા કમાવા જાય ત્યાં** ઉદાર માણસ સાધર્મી દલાલ વગેરેને કમાવરાવવાનું સાથે જ રાખે છે. **પૈસા કમાઈને ઘેર લઈ જવાની પ્રવૃત્તિમાં** સાત ક્ષેત્રાદિમાં સદ્વ્યય કરવાનો પરમાર્થ ભેગો ભળેલો જ હોય છે. અરે ! એ તો શું, પણ સામાન્ય કાંઈક બોલવાનું કરશે. તોય, એમાં બીજાને ઉપકાર થાય એવું કાંઈક હશે. એ રીતે એ બોલવાનો. માણસ ધારે તો દરેકે દરેક કાર્યમાં પરોપકાર ભેળવવો કઠીન નથી. **પૈસા બજારમાં ગુમાવીને ઘેર જતો હોય,** તોય મનમાં વિચારે કે 'સમજી લ્યો કે પાંચ હજારને બદલે પંચાવનસો ખોયા હતા.' એમ કરી પાંચસો રૂપિયાનો ખાસ પરોપકાર એ દિવસે કરી પછી ઘેર જવાનો ! અથવા પરોપકાર તરીકે બીજાને સાચી સલાહ આપવાનો પરોપકાર એ કરવાનો ! એ કહેશે **"જુઓ ભાઈ ! લોભને વશ પડી મેં આ પૈસા ગુમાવ્યા. એનાથી ન ખાધું-પીધું કે દાન દીધું. સન્માર્ગે ખર્ચ્યા તો નહિ, પણ પાપકર્મને ત્યાં ભર્યા."** કારણ ? લોભ. ખુમારી તો એવી રાખી કે "મને શું થવાનું છે ? આમ કમાઈ લઉં છું; પણ આ લેવાના દેવા થયા. માટે ભાઈ ! તમે લોભ અને ખુમારીમાં પડશો નહિ." આવી સલાહ જો આપી, તો એ શું કર્યું ? વેપારમાં ખોટમાં પણ પરોપકાર કર્યો. પૂછો કે આપણા સ્વાર્થ પ્રત્યે ગુનેગાર પુત્ર, નોકર કે પરાયાને **ધમકાવવાની અતિજરૂરી



પ્રવૃત્તિમાં શો પરોપકાર થઈ શકે ?** ઉત્તમ લો. ધમકાવવાની પ્રવૃત્તિમાં પહેલું તો સામાને હિતશિક્ષાનો ઉપકાર. સાથે પોતાની નિખાલસતા, નિસ્પૃહતા અને નીતરતો વાત્સલ્યભાવ એવા બતાવાય કે જેથી સામાનેય લાગે કે 'વાહ ! કેવા સજ્જનનો ભેટો થયો.' તરત ગુનો કબુલ કરી માફી માગે. આનું નામ પરોપકાર. એથી પણ આગળ વધો. ભલે કદાચ માફી ન માગી તો પણ પછીથી અવસર પામીને કે પ્રસંગ કોઈ ઊભો કરીને એવું હાર્દિક વાત્સલ્ય બતાવાય, અને એ વાત્સલ્યના પ્રતીક સમી એવી કોઈ પરોપકારી પ્રવૃત્તિ એ પૂર્વના ગુનેગાર પ્રત્યે કરાય, કે એનામાં પરાવર્તન થઈ જાય. -આ ધમકીમાં પણ પરોપકાર.

આ તો એક મનનું ઘડતર કરવાની વાત છે કે **'મારે મારી દરેક પ્રવૃત્તિ બીજાના હિતમાં ઉતારવી.'** એવું ઘડતર કર્યા પછી તો વિવિધ રીતે પરોપકારની ગલીઓ શોધી કઢાય છે. ભોજન કરતાં કરતાં એમ ધારે કે આ શરીરમાં જરા ભોજનથી શક્તિ આવે એટલે અમુક અમુક પરમાર્થ પરોપકારના કાર્ય કરું, સાધુસેવા કરું, સાધર્મીની સેવા કરું વગેરે. ત્યારે મૌની **સાધુ પણ શું કરે છે ? એજ કે સંયમ સ્વાધ્યાયના યોગ આરાધીને જગતમાં ઉચ્ચ ત્યાગનો ધડો આપવાનો અને આત્મહિતની ઉચ્ચ સંસ્કૃતિનું રક્ષણ કરવાનો જનતા ઉપર મહાન ઉપકાર કરી રહ્યો છે.** એમાં વળી કોઈ ધર્મોપદેશ કરે, એ તો વિશેષ પરોપકાર થયો. લક્ષ્ય પરમાર્થ-પરોપકારનું બની જવું જોઈએ.'કેમ વધુને વધુ એ સાધુ' એવી ધગશ જોઈએ. પછી તો એ સાધતાં કંઈ વાર જ નથી.

## • પરોપકાર પર કેટલાક દૃષ્ટાન્ત •

**લલિતાંગ રાજકુમાર** પર પિતાએ પ્રસન્ન થઈ સવારના પહોરમાં એને બોલાવી હીરાનો હાર એના ગળામાં પહેરાવી દીધો. પણ આ તો પરોપકારી લલિતાંગ ! એટલે ! તે જેવો મહેલમાંથી બહાર નીકળ્યો કે યાચકોના ટોળાએ એને ઘેરી લીધો. 'સ્વામી ! અમને કંઈક દાન આપો. આપ નહિ આપો તો કોણ આપશે ? લલિતાંગે ખીસું તપાસ્યું આપવા જેવું કશું નીકળ્યું નહિ. પણ એ વિચારે છે કે **"પુણ્ય જ્યારે મને આવા સુખી ઘરમાં જન્મ આપ્યો છે, અને લક્ષ્મીની અનુકૂળતા આપી છે, ત્યારે દુઃખીના દુઃખ ફેડ્યા વિના મારાથી કેમ રહેવાય ? કેમ જીવાય ? તે વૈભવ શા કામનો જે પરમાર્થ પરોપકારમાં ન ગયો ?"** પરોપકારની ઊંચી ભાવનાથી પ્રેરાઈ લલિતાંગે ગળામાંથી હાર કાઢી યાચકો વચ્ચે આપી દેતાં કહ્યું કે 'જાઓ, આના નાણામાંથી વહેંચી લેજો' કહો. પિતા પાસેથી પોતાના ગળામાં હાર પહેરવાની પ્રવૃત્તિ શા માટે બની ? એજ કે પરોપકાર માટે.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**આમ્રભટ્ટ મંત્રી** રાજા કુમારપાળની ઇચ્છાથી બીડું ઝડપી એક રાજા પર મહાન જીત મેળવી પાછા આવે છે. રાજા દરબારમાં ખૂબ તારિફ કરે છે અને ઈનામમાં હાથી, ઘોડા અને કેટલુંય સોનું આપે છે. તે લઈને આમ્રભટ્ટને દરબારમાંથી બહાર નીકળતાં યાચકોનો મેળાપ તૈયાર છે. ઘરે પહોંચતા સુધીમાં એટલા બધા યાચકો મળતા ગયા કે આમ્રભટ્ટે આનંદભેર રાજાનું ઈનામ બધું દાનમાં આપી દીધું. કોઈએ જઈને કુમારપાળ રાજાને ભંભેર્યો, 'જુઓ નામદાર ! આ આમ્રભટ્ટ કેટલો બધો અભિમાની છે ? જાણે કે હું રાજા સાહેબ કરતાં ચઢી જાઉં એથી આપનું આપેલું મહા ઉદાર ઈનામ હમણાંને હમણાં બધું દાનમાં આપી દીધું !' રાજા જરાક વિચારમાં પડ્યો. મંત્રીને બોલાવે છે, પૂછે છે.

"કેમ મંત્રીજી ! આ આટલું બધું દાનમાં આપી દીધું તે મારા કરતાં કોઈ ઊંચું સ્થાન, ઊંચો હોદ્દો લેવા ઇચ્છા ખરી ?"

મંત્રી કહે છે "જુઓ મહારાજ, ઊંચું સ્થાન તો કુદરતે પહેલેથી જ મળી ગયું છે. કેમકે આપ રહ્યા માત્ર એક ઠાકોરના પુત્ર, ઠાકોરના આશ્રિત અને હું છું અઢાર દેશના માલિક મહારાજ કુમારપાળનો આશ્રિત. તેથી તો આવા સુકૃત થઈ શકે છે."

મંત્રીનો ઉત્તર કેવો સુંદર અન આપણને કેવો પ્રેરણાદાયી છે ! એને પરોપકાર કર્યાનું ગુમાન નથી, પણ મહાન આનંદ છે. એ જોઈ આપણને જીવનમાં જાતે કષ્ટ વેઠીને પણ કરેલા પરોપકાર-પરમાર્થ બદલ અપૂર્વ આનંદ માણવાની પ્રેરણા મળે છે. બીજી પ્રેરણા એ મળે છે કે **મોટાના આશ્રિત ગણાયા પછી મહાન કાર્યો ખૂબ કરવા જોઈએ. તો આપણે તો ત્રિલોકપતિ ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનના આશ્રિત હોઈને કેવા કેવા મહાન કાર્યોમાં આપણી પ્રવૃત્તિ જોઈએ !** શ્રાવક હાલે-ચાલે, લાવે-મૂકે-વાપરે ખરો, પણ બધે પરમાર્થ ન ચૂકે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૩૧,તા.૨૪-૪-૧૯૫૪

## (૩૮) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**પુણીયા શ્રાવકને** આ ખ્યાલ હતો તેથી સાડાબાર દોકડાની કમાણીમાં પતિ-પત્નીમાંથી એકેક જણ એકાંતરે ઉપવાસ કરીને પણ રોજ એક સાધર્મીની ભક્તિ કરતા; તેમ પ્રભુપૂજામાં પ્રભુ આગળ ફૂલપગર-ફૂલનો સમૂહ ધરતા. **'હું મહાન પ્રભુનો આશ્રિત, મારું જીવન દુનિયાના અજ્ઞાન મોહાંધ જેવું ન હોય. મારા જીવનમાં**



**મહાન કાર્ય અવશ્ય જોઈએ, બધી પ્રવૃત્તિ પરમાર્થથી સુવાસિત જોઈએ જ.'**-આ જાગ્રતિ અહર્નિશ ચાલુ હોય તો પછી અમલ કાંઈ જ કઠીન નથી. કેમકે શક્તિ-અનુસાર ગમે તે પરમાર્થ-પરોપકાર કરી શકાય છે.

**ધરણેન્દ્ર અને રાવણ :-** રાવણ રાજા દિગ્વિજય કરવા નીકળેલ છે. વચમાં અષ્ટાપદજી પર મંદિરમાં પ્રભુભક્તિ કરે છે. તે બહુ ભાવથી કરે છે; એ વખતે બધી દુનિયા ભૂલીને. પ્રભુ આગળ ગીતનૃત્યપૂજામાં એની લીનતા એટલી બધી છે, કે પાછળ ધરણેન્દ્ર પ્રભુદર્શનાર્થે આવેલ છે, તેનુંય ભાન નથી. આનું નામ પરાર્થ પ્રવૃત્તિ; મહાન પરમાર્થ સાધનદશા પ્રભુભક્તિ કરી બહાર નીકળે છે ત્યાં ધરણેન્દ્ર કહે છે.

'રાવણ ! તમારી પ્રભુભક્તિથી હું બહુ પ્રસન્ન થયો છું.'

રાવણ જવાબ કરે છે, "પ્રભુનો ભક્ત પોતાના પ્યારા પ્રભુની ભક્તિ થતી જોઈ અવશ્ય ખુશ થાય."

રાવણની કેવીક નિષ્કામવૃત્તિ ! 'હશે ત્યારે જો સારા પ્રસન્ન થયા હો તો આટલું કામ કરી દેજો' એવું કાંઈ મનમાંય આવતું નથી. ઊલટું જ્યારે ધરણેન્દ્ર કહે છે કે,

'અમે કોરી ખુશી નહિ, હું તમારી ભક્તિ કરવા ચાહું છું. માગો, માગો તે આપું.'

ત્યારે રાવણ કહે છે કે **'જેમ તમે આપો એમાં તમારી શોભા વધે છે, તેમ હું પ્રભુભક્તિના બદલામાં કંઈ જ ન લઉં, કાંઈ જ ન ચાહું, એમાં મારી શોભા છે.'**

અહીં જુઓ કે ધરણેન્દ્ર રાવણની સુંદર પ્રભુભક્તિ જુએ છે, એ જોવાનું પોતે મહાન કિંમતી માને છે. વારેવારે એવી ભક્તિ જોવા ન મળે. તો **એવું જોવાનીય પ્રવૃત્તિ પર પરોપકારવાળી જોઈએ,** તેથી ધરણેન્દ્ર વરદાન આપે છે, ઇચ્છિત માગવાનું કહે છે. આપણને કોઈ મહાન પ્રભુઆંગી, સંગીતમય પૂજા-ભાવના, કે મહાન સંઘયાત્રા-ઉજમણા દીક્ષા વગેરેનો ઉત્સવ જોવા મળે, તો એ જોવાની પ્રવૃત્તિ મળ્યા બદલ શો પરોપકાર-પરમાર્થ આપણે કરીએ છીએ ? વિચાર તો કરો કે એ જોવાનું મળ્યાથી આપણને આત્મામાં કેવો મહાન આનંદ અને કેવી મહાન પુણ્યકમાઈ મળે છે; ત્યારે એની પાછળ આપણે કદર શી કરીએ છીએ ?

**કૃતજ્ઞતાની રૂએ પણ એમ થાય કે 'જે આ સ્થાનો મને અતિ વિશાલ પુણ્યના થોક આપે છે, તેને મારે જરૂર કંઈને કંઈ નક્કર અર્પણ કરવું જોઈએ.'**

ધરણેન્દ્ર આ સમજે છે, માગે તે આપવા તૈયાર થાય છે. આ તો એની

પરાર્થપ્રવૃત્તિની વાત થઈ.

હવે જુઓ રાવણની પરાર્થપ્રવૃત્તિ. રાવણ કહે છે 'હું તમારી પાસેથી પ્રભુભક્તિના બદલામાં કાંઈ જ ચાહતો નથી.' **પ્રભુભક્તિની પ્રવૃત્તિ એ એટલી બધી ઊંચી પવિત્ર ચીજ છે કે એને દુન્યવી ક્ષણિક તુચ્છ વસ્તુની લાલચથી અભડાવાય નહિ, પૌદ્‌ગલિક લાલસા એ ગંદવાડ છે.** ઉચ્ચ અને પવિત્ર વસ્તુને એનાથી કલંકિત કરાય નહિ. -આ ટેક એ (૧) ઉચ્ચ પ્રયોજન રૂપી પરાર્થ. તેમજ એથી ધરણેન્દ્રના દિલમાં શુભભાવ વધી જાય એ, (૨) પરોપકાર રૂપી પરાર્થ. 'પરાર્થ'નો આ બીજો અર્થ જોયો.

યોગની ઉપરની ચાર દૃષ્ટિમાં રહેલા મહાત્માઓની પ્રવૃત્તિ પરાર્થ હોય છે. તે, શાસ્ત્રકાર કહે છે કે **ચારિચરિકસંજીવની-અચરકચારણનીતિથી.** એનો અર્થ જુઓ.

**'ચારિચરિકસજીવન્યચરકચારણ' નીતિથી :-** આનો અર્થ એ છે કે 'ચારિચરિકસંજીવનીના નહિ ચરનારાને જે બધી જાતના ચાર ચરાવવા,' એ પદ્ધિતથી પરાર્થ પ્રવૃત્તિ હોય છે. 'ચારિચરિકસંજીવની' એ ઔષધિ છે. એ સમજવા માટે એક દૃષ્ટાન્ત છે.

## • ચારિચરિકસંજીવનીનું દૃષ્ટાન્ત •

**પટેલ-પટલાણી :-** એક ગામમાં એક પતિ-પત્નીના સંબંધથી પટેલ-પટલાણીનું યુગલ રહેતું હતું. પટલાણી એટલે બુદ્ધિ કેટલી ? કહે છે ને કે પટેલને કહીને ઢેડ પાસે પટલાણી ગામમાં ટહેલ પડાવે કે 'પટલાણીએ તલ ચોરી ખાધા હતા એવું ભેસ કહે તો કોઈ માનશો નહિ,' આવી બુદ્ધિ. ત્યારે સામાન્ય રીતે બુદ્ધિ જાણે અમુક અમુક ઊંચા વર્ગને વરી છે. ખરું જોતાં એવી પુણ્યાઈવાળા એવા ઊંચા વર્ગમાં જ જન્મ પામે છે, અને બુદ્ધિનો વારસો મેળવે છે.

**પટલાણીનો વહેમ :-** પટલાણીને આમ તો પટેલ પ્રેમથી રાખતા; પરંતુ એને શંકા રહેતી કે આગળ ઉપર પટેલ આ રીતે રાખશે કે કેમ ? ત્યારે દુનિયામાં વહેમનું ઓસડ છે ? **ઊલટું એમ કહો કે વહેમથી માણસ એવા ઊંધા પગલાં માંડે છે કે સારી વસ્તુનેય બગાડે છે.** આ પટલાણીએ એવું જ કર્યું. એણે વિચાર કર્યો કે 'જો આ મારા પતિ પર કાંક કામણ કરવાનું મળી જાય તો તો પછી એ હંમેશા વશ રહેવાના.'

**સ્વાર્થની ભયાનકતા :-** સ્વાર્થ કેવી ભયંકર ચીજ છે ? એમાં એ વિચાર ન આવ્યો કે "અત્યારે પતિ ક્યાં ઓછો સ્નેહ કરે છે ? બીજું એમ વશ કરવા જતાં એ પતિ કદાચ પોતાની વિચારક શક્તિ અને બુદ્ધિ ગુમાવી બેસશે તો ? અથવા



મને વશ બન્યા પછી મારી અલ્પ મતિ મુજબ હું જેમ દોરીશ તેમ દોરવામાં એ નુકસાન પામશે તો ?" 'ના, કાંઈ નહિ, આવો વિચાર કરવાનું કામ જ શું ? આપણે તો આપણું જોવાનું પછી સામાનું ગમે તે થાઓ.' કેમ, એમ જ ને ? આમાં માણસાઈ ક્યાં રહી ? **માનવ જેવો સમજદાર, બુદ્ધિમાન અને વિશિષ્ટ શક્તિ-પુણ્યાઈ ધરનારો શ્રેષ્ઠ જીવ એ સ્વાર્થ નહિ ભૂલે અને પરમાર્થ નહિ કરે તો બીજું કોણ કરશે ?** ઢોર કરશે ? માનવભવમાં સ્વાર્થ નહિ ભૂલાય તો બીજે ક્યાં ભૂલી શકાશે ?

**પતિ પર કામણ :-** પટલાણીએ વશીકરણ કરવા માટે કોઈ જોગી-જોગણીની શોધ કરવા માંડી. એમાં એને મળી આવી યોગિની. એની આગળ પોતાની વાત કરી. યોગિની પણ મહાસ્વાર્થી અને માયાવી હતી. પોતાની પાસે એક ભયંકર કામણ હતું, તે આને સારા પૈસા પડાવીને આપ્યું. **લોભીઆ હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે. તેમ, સંતોષી આગળ લોભ અનેક પાપ કરાવે છે,** સ્નેહીઓનો દ્રોહ કરાવે છે, આત્માને ઉન્માદી બનાવે છે. પટલાણીએ ધણી પર કામણનો ઉપયોગ તો કર્યો, પણ કામણ એવું નીકળ્યું કે ધણી બળદ રૂપે બની ગયો. લો ધણીને વશ કર્યો ને ? કેવો ? હવે જેમ દોરવવો હોય તેમ દોરવાય એવો !

પટલાણી તો હેબતાઈ ગઈ એટલું જ નહિ પણ મહાદુઃખી થઈ. હવે શોક કરે છે, "હાય, હાય ! આ મેં મૂર્ખીએ શું કર્યું ? અરેરેરે ! બિચારા પતિની મેં આ કેવી દુર્દશા કરી ! ત્યારે મારે પણ શું સુખ રહ્યું !" ચોધાર આંસુએ રડી રહી છે, પણ કોને દોષ દે ? હાથનાં કર્યા હૈયે વાગ્યા. પોતાની છાતી કૂટે છે, માથું પીટે છે, "હે ભગવાન ! અમારું શું થશે ?" એમ આક્રંદ કરતી આર્તનાદ કરી રહી છે. પણ કોણ બચાવે ?

**સંસારવાસના અને અજ્ઞાનના રવાડે ચઢી અર્થકામના પાપાચરણમાં લીન બનેલા જીવ ઉપર જ્યારે એવા કોઈ અશુભ કર્મનો હલ્લો ઉતરી પડે છે. દા.ત. સંપત્તિનાશ, દેવાળું, પુત્રમરણ, જેલની સજા, ક્ષય કે કેન્સર વગેરે થઈ આવે, ત્યારે આવા કરુણ આક્રંદ અને આર્તનાદ મચાવી મૂકે છે, પણ આ ફાની દુનિયામાં અશરણ અને નિરાધાર એવા એ જીવનું કોણ બેલી ? એથીય આગળ વધીને કરપીણ મૃત્યુ અને પરલોકમાં દુર્ગતિમાં અતિદુઃખમય હલકા ભવો આવી લાગે, ત્યાં રોયે કે માથું પીટ્યે શું વળે ? ત્યાં તો નિઃસીમ ત્રાસ કપાળે લખાયેલો હોય છે, પછી ઊંચો થાય કે નીચો; વેઠે જ છૂટકો. માટે જ પાપ કરતાં પહેલાં વિચારવા જેવું છે. સંસાર ખેડતા પહેલાં વિચાર કરવા જેવો છે.**

**બળદની સેવા : દયાળુ વિદ્યાધરી :-** હવે પટલાણી પતિને વશ કરવા જતાં



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

બળદને વશ પડી. રોજ એને જંગલમાં ચરાવવા સારુ લઈ જવાનો ! એને ફેરવવાનો ! ઘરમાં એનું બધું સાચવવાનું ! એના છાણ-મૂતર ઊસેડવાના ! પત્ની એવી સ્વાર્થાંધ નહોતી કે 'હવે આ તો બળદીયો, મારે શું કામનો ?' એમ કરી એને રખડતો મૂકી દે. માનવહૃદય ન હોય ત્યાં એવું બહુ બને છે. એક દિવસની વાત છે. ભાગ્યોદય એનો જાગવાનો, તે જંગલમાં એક વાર બળદ લઈને ઊભી છે, ત્યાં ઉપર થઈને વિમાનમાં વિદ્યાધર-વિદ્યાધરી જઈ રહ્યા છે. વિદ્યાધર પ્રજ્ઞપ્તિ વિદ્યાથી જાણીને પોતાની પત્નીને આ બળદની કરુણ હકીકત કહે છે, તે સાંભળી વિદ્યાધરી ચોંકી ઊઠે છે ! એને દયા આવી જાય છે. 'અરે ! બિચારા મનુષ્યની આ દશા ! અને મૂર્ખ પત્નીની આવી ઘેલી લાલસા !' વિદ્યાધરી સમજે છે કે **પતિ પોતાના પૂર્વકૃત કર્મથી પીડાય છે; પત્ની પોતાની મોહાંધતાથી પીડાય છે.** 'પરંતુ હવે પીડામાંથી ઉગારી શકે કે કેમ ?' એવો વિચાર કરી વિદ્યાધરી પતિને ફરી મનુષ્ય થવાનો ઉપાય પૂછે છે. પતિ ઉપાય દર્શાવે છે.

**દયા ગુણોની જનેતા છે :-** દયાલુતા શાસ્ત્રે એને કહી છે કે જેમાં સામાના દુઃખ દૂર કરવાનું આવતું હોય. શક્તિ હોય છતાં દુઃખ ટાળવાના કોઈ ઉદ્યમની વાત નહિ, અને માત્ર મોંઢે બોલ્યા કરવું કે 'બિચારો બહુ દુઃખી' એમાં શી કરુણા ભાવના ખીલે ? શાસ્ત્રકાર કહે છે કે **परदुःखविनाशिनी तथा करुणा** -સામાના દુઃખ ફેડવાની પ્રવૃત્તિ, એ દયા છે. પેલી વિદ્યાધરી ઉપાય પૂછે છે, અને વિદ્યાધર નીચે ઊભેલ બાઈના સાંભળતાં ઉપાય બતાવે છે. સજ્જન માણસો બીજાનું દુઃખ જોઈ શકતા નથી. એમને દુઃખીના દુઃખ ટાળવાની તમન્ના જાગે છે. 'ક્યારે હું એના દુઃખ મિટાવું' એવી ધગશ જાગે છે. આનું નામ દયા છે, પછી પ્રયત્ન ભલે સંયોગ-શક્તિને અનુસારે થાય. **'दया गुणौघजननी' 'દયા એ ગુણના સમુદાયની જનેતા છે. દરેક પ્રવૃત્તિના મૂળમાં દયા કેળવો; દયાને વિસ્તારો. અરે ! દયાને શ્વાસોશ્વાસમાં વણી લો.'** -એવો જ્ઞાની ભગવંતોનો ઉપદેશ છે. **કોઈને દયાનું દાન, અભયનું દાન કર્યું હશે તો બદલામાં તમને અવસરે બીજા તરફથી દયાનું દાન, અભયનું દાન મળશે. દયા લેવાના અવસર દરેકને આવે છે, એ ભૂલશો નહિ. આપણને પણ દયા જોઈશે.**

**દયા બે જાતની :-** દ્રવ્યદયા અને ભાવદયા. **દ્રવ્યદયામાં** અન્ન-વસ્ત્ર-ઔષધિ વગેરે આપવાનું આવે. **ભાવદયામાં** ધર્મભાવના, હિતબુદ્ધિ, શ્રદ્ધામાં-વ્રતાદિમાં સ્થિરીકરણ, સમતા, સમાધિ વગેરે આપવાનું આવે, આ બધું દીધું હશે તો એવું પમાશે. 'જેવું દઈએ તેવું પામીએ'-છે ને આ કહેવત ? માનો છો ને કે **'જેવું વાવીએ તેવું લણીએ ?'** લિંબોડી વાવ્યા પછી મીઠા આંબાની આશા ન રખાય. તેમ



જીવનમાં જીવહિંસા-આરંભ-સમારંભ, અનીતિ અન્યાયથી લૂંટ, કુડ-કપટ વગેરે કર્યા પાછળ સારી આશા ન રખાય. તેમ **બીજાને ભાવદયાને બદલે ભાવહિંસા એટલે કે પાપ-ઉપદેશ, દુર્ગુણની સલાહ, ધર્મદ્વેષનું શિક્ષણ, દેવ કે ગુરુ પ્રત્યે અરુચિની કેળવણી, વગેરે આપ્યા પછી સારી આશા ક્યાંથી રાખી શકાય ?** એથી ભવાંતરમાં આપણને ય એવું જ મળવાનું. (૧) આપણા આત્માની દયા ખાતર પણ દયા ખૂબ આચરવા જેવી છે. તેમ (૨) સામા જીવ પર કર્મનો જુલ્મ જોઈને ય દયા કરવા જેવી છે. શ્રેષ્ઠ દયા માત્ર માનવભવમાં કેળવવાની મળે છે, અને એ દયા કેળવવાથી આત્મા ઘણો યોગ્ય અને ચૈતન્યવંતો બની જાય છે. આ વસ્તુ જો બરાબર હૃદયમાં જચતી હોય તો આપણા આત્માના રૂંવાડે રૂંવાડે દયાના પરિણામ ને દયાની ધગશ જામી જવી જોઈએ.

**વિદ્યાધર ઉપાય કહે છે :-** વિદ્યાધરીના પ્રશ્નના ઉત્તરમાં વિદ્યાધર કહે છે કે 'જો, અહીં નીચે જ જ્યાં આ લોકો ઊભા છે ત્યાં ઉગેલી વનસ્પતિ બળદ ખાય તો પાછો એ મનુષ્ય થઈ જાય.' આમ વાર્તાલાપ કરતાં વિદ્યાધર વિદ્યાધરી તો આગળ ચાલ્યા ગયા. પણ એ સાંભળીને પેલી પટલાણી ભારે રાજી થઈ. જીવનમાં આશા જ નહિ જેની, એવો ઉપાય જડવાથી કેમ રાજીપો ન થાય ? **સંસારની ભયંકરતાનું ભાન થયા પછી જીવને જ્યારે મોક્ષ છે અને મોક્ષના ઉપાય છે, એમ જાણવા મળે છે ત્યારે એને અપૂર્વ આનંદ થાય છે.** ત્યાં તત્ત્વશ્રદ્ધારૂપી જે પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટે છે. તે પામ્યાનો એ જીવને આનંદ પારાવાર હોય છે. આનંદ ન થાય તો વિચારવું પડે કે સાચું સમ્યક્ત્વ આવ્યું છે કે કેમ. એની ખામીમાં સંસારની ભયંકરતાનું વાસ્તવિક ભાન થયું હોતું નથી. એના કારણમાં જીવની બહિર્મુખતા હોય છે. અસ્તુ

પટલાણીની વિકસ્વર આંખો હવે નીચે ફરી વળી, પણ જોયું તો ત્યાં તો અનેક પ્રકારની વનસ્પતિ ઉગેલી છે. એને વિચાર થઈ પડ્યો કે 'આમાં ચોક્કસ કઈ વનસ્પતિ હશે કે જે ખાવાથી પાછું મનુષ્યપણું થતું હશે. અરેરે ! એણે આટલું બતાવ્યું ત્યારે જરા માટે કેમ બાકી રાખ્યું ? હું કેવી અભાગણી ત્યારે હવે વિદ્યાધરને પૂછવાય ક્યાં જવાય ?' એના મનને ખેદ થવા માંડ્યો કે 'અરેરે ! જાણ્યું જાણ્યું ને અધુરું જાણ્યું ! ત્યારે મારો ભાઈ વિદ્યાધર પણ કેવો કે વનસ્પતિની ઓળખાણ કરાવ્યા વિના ચાલ્યો ગયો ? હાય ! હવે હું શું કરું ?' જુઓ પ્રગટેલો અપૂર્વ આનંદ ઉદ્વેગમાં પલટાઈ ગયો.

**જગતમાં જીવની પલટાતી લાગણીઓ :-** આ સંસારમાં આવું જ છે. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ પ્રભુની સ્તુતિમાં આત્મનિંદા



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

કરતા કહે છે કે પ્રભુ હું તો '**क्षणं रुष्टः क्षणं तुष्टः क्षणं कुद्धः क्षणं क्षमी**'- ઘડીકમાં નારાજ અને ઘડીકમાં રાજી; ઘડીકમાં ગુસ્સામાં, તો ઘડીકમાં ક્ષમાધારી છું.' આમાંનો એક ભાવ, એક લાગણી, અવસ્થિત ન મળે. જીવની શું પ્રેમની કે શું દ્વેષની,-એ લાગણીઓ પલટાતી રહે છે. ત્યાં એમ **હીંચોળા ખાવામાં જીવની શોભા શી ?** કહે છે ને કે 'પ્રેમ કરવો તો કરી જાણવો ?' પણ અહીં તો પ્રેમ પણ ટકાવી શકાતો નથી; કેમકે પાછો એ અવસર આવ્યે દ્વેષરૂપમાં પલટાઈ જાય છે; પછી ત્યાં પ્રેમ શું કરી જાણ્યો ? **જગતના બાહ્ય ભાવો જેમ અનિત્ય છે, તેમ જીવના આ આભ્યન્તર વર્તતા ભાવો પણ અનિત્ય છે; ટકી શકતા નથી.** તેથી જ જેની અજ્ઞાનતા ટળી હોય, એ મનુષ્ય આવા ક્ષણિક આનંદ-ઉદ્વેગ, ક્રોધ-પ્રેમ, રાગ-દ્વેષ વગેરે ભાવોમાં ફસાય નહિ; એને હૈયામાં આવકારે નહિ. તેથી **એ સાંસારિક લાગણીઓને વશ ન પડી અપૂર્વ ચિત્તશાંતિ અર્થાત્ પ્રશમસુખનો અનુભવ કરી શકે છે. મોક્ષસુખની એ વાનગી ચાખે છે.**

**પ્ર.**- કેટલાક કહે છે "અમને મોક્ષસુખનો જરાક અનુભવ કરાવો ને; પછી તો અમે ઝટ મોક્ષ માટે પુરુષાર્થ કરીએ. પણ જ્યાંસુધી મોક્ષમાં સુખ શું તે ન સમજાય ત્યાંસુધી શી રીતે મોક્ષનું આકર્ષણ થાય ?"

ઉ.- આમ કહેનારને બિચારાને ખબર નથી કે **મોક્ષનું સુખ તો મોક્ષમાં જ હોય.** પણ એની વાનગીરૂપ જે પ્રશમ સુખ અહીં હોઈ શકે છે. તેનોય અનુભવ ન કરે ત્યાંસુધી પેલું સુખ શે સમજાય ? માટે પહેલું તો પ્રશમસુખ અનુભવવું જોઈએ. **એ માટે આનંદ-ઉદ્વેગ, રાગ-દ્વેષ, માન-મૃદુતા વગેરે ક્ષણિક ભાવોને વશ ન પડવું જોઈએ. પછી અનુભવાય કે ચિત્ત કેટલું સુંદર રીતે સ્વસ્થ રહે છે અને પરમ શાન્તરસમાં ઝીલે છે, તેમ ત્યારે સમજાય કે સંસારની સમસ્ત ઉપાધિ શરીર અને કર્મ સુદ્ધાં ટળી જાય તે વખતે આત્મામાં કેવા અવ્યાબાધ સાચાં સુખના મહાસાગર ઉછળે.** આ તો ક્ષણે ક્ષણે ગુસ્સાને અને ક્ષમાને વશ પડવું છે, ક્ષણે ક્ષણે રાગ અને દ્વેષમાં હીંડોળા ખાવા છે, ઘડીકમાં હર્ષ અને પાછો ઘડીકમાં શોક, હૈયામાં સળગ્યો રહેવા દેવો છે, અને પછી પૂછવું છે કે 'મોક્ષમાં તે વળી સુખ કેવું હોય ?' તે ક્યાંથી સમજાવાનું છે ?

**બધું ચરાવવાનું સુઝાયું :-** પટલાણી હવે ખેદમાં પડી. મુંઝાઈ કે 'શું કરું ?' પણ જરા સ્થિરતાથી વિચાર કરતાં એને સુઝી આવ્યું કે 'આ બધીય વનસ્પતિનો ચારો બળદને ચરાવું તો એમાંથી ખાસ વનસ્પતિ ખાવામાં આવતાં જરૂર મનુષ્યપણું પ્રાપ્ત થઈ જશે.' એ આશામાં અને વિશ્વાસમાં પાછી એ આનંદિત થઈ ગઈ. બળદને હવે ત્યાં રહેલી બધી વનસ્પતિની જાતો ખવરાવે છે. એમાં મનુષ્યપણું



કરનારી વનસ્પતિ જે હતી તે પણ ખાવામાં આવી ગઈ, અને બળદ પાછો મનુષ્ય થઈ ગયો ! પતિ-પત્ની ખુશ થઈ ગયા ! પત્નીએ પતિના ચરણમાં માથું મૂકી પોતાની ભયંકર ભૂલની ક્ષમા માગી, અને બંનેય ઘેર ગયા.

**ચારિસંજીવની૦ ન્યાય અર્થ :-** અહીં આપણી વાત આ દૃષ્ટાન્તમાંથી બધી જાતનો ચારો ચરાવવા અંગેની છે. જેવી રીતે જુદા જુદા ગુણવાળી વનસ્પતિઓનો ઉપયોગ કરતાં અમુક ગુણવાળી વનસ્પતિ ઉપયોગમાં આવી ગઈ એ લાભ થઈ ગયો; તેમ યોગની છેલ્લી ચાર દૃષ્ટિમાં પરાર્થ પ્રવૃત્તિ અંગે સમજવાનું છે.

**પહેલાં 'चारिचरिक-संजीवनी-अचरकचारण' એ ન્યાયનો અર્થ જુઓ :- 'ચારિચરિકસંજીવની'** એટલે 'ચારના સમૂહને ચરતાં એમાં ભેગી આવતી સંજીવની વનસ્પતિ.' **સંજીવની** એટલે જીવાડનારી, નવું જીવન આપનારી ઔષધિ વગેરે. જેમ બળદને નવું મનુષ્યપણાનું જીવન આપનારી ઔષધિ વગેરે. જેમ બળદને નવું મનુષ્યપણાનું જીવન આપનારી વનસ્પતિ મળી તે સંજીવની કહેવાય. પણ પહેલાં એ બળદ ચારિચરિકસંજીવની ત્યાં પડેલી છતાં, અજાણપણાએ કરીને એને ચરતો નહોતો. તેથી બળદ બન્યો **'ચારિચરિકસંજીવનીનો અચરક.'** તેને પટલાણીએ ચારસમૂહ ચરાવવાનું કર્યું તે **'ચારિચરિકસંજીવનીઅચરકને ચારણ'** કહેવાય. ચરણ એટલે જાતે ચરવું તે અને ચારણ એટલે બીજાને ચરાવવું તે. હવે જેવી રીતે આ બાઈએ ચારિચરિકસંજીવની-અચરકને ચારણ કર્યું. તેવી રીતે યોગની છેલ્લી ચાર દૃષ્ટિમાં આવેલ આત્મા તેજ ન્યાયથી, તેજ પદ્ધતિથી પરાર્થ પ્રવૃત્તિ કરે છે.

અહીં પહેલા પરાર્થ શબ્દના બે અર્થ કહ્યા છે; (૧)ઉચ્ચ પ્રયોજનથી, અને (૨) બીજાના હિતાર્થે. આ બંને અર્થમાં આ ન્યાય સમજવાનો છે. તે આ રીતે :-

**ચારિચરિક૦ ન્યાયની એક રીતની પરાર્થ પ્રવૃત્તિમાં ઘટના :-** 'પરાર્થ' એટલે ઉચ્ચ પ્રયોજનવાળી,' એ અર્થમાં આ પદ્ધતિનો સમન્વય કરવા પહેલાં એનો સાર સમજી લો. કહેવાનો સાર એ છે કે મોક્ષ સિદ્ધ થવાના અસંખ્ય યોગ છે. એમાંથી કોઈને કોઈ યોગે, તો બીજાને બીજા યોગે મોક્ષ સિદ્ધ થાય છે. હવે આપણને અહીં ખબર નથી કે આપણને કયા મોક્ષસાધક યોગે મોક્ષ નિકટ થવાનો છે. અલબત થશે કોઈ એક યોગે; બીજા યોગો એની સહાયમાં રહેશે, પણ ગૌણપણે, છતાં મુખ્યપણે કયા યોગે ઊંચે ચઢવાનું થશે તે ખબર નથી. તેથીજ **'ચારિચરિકસંજીવનીના ન્યાય અનુસારે બધી પરાર્થ પ્રવૃત્તિ આપણે આરાધવાની છે, આચરવાની છે. જીવને બધી પ્રવૃત્તિ પરાર્થ આચરાવનાર પોતાનામાં પ્રગટ થયેલ સમ્યક્ત્વનો પ્રકાશ છે.** સમ્યક્ત્વ પામ્યો નહોતો ત્યાંસુધી જીવ પરાર્થ પ્રવૃત્તિઓ, એટલે કે ઉચ્ચ પ્રયોજનવાળી પ્રવૃત્તિ કરનારો નહોતો. એનું નામ ચારિચરિકસંજીવનીનો અચરક, હવે પોતે યોગની



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ચાર દૃષ્ટિ વટાવી સમ્યક્ત્વ પામી ઉપરની દૃષ્ટિમાં આવ્યો, તેથી પોતેજ પોતાના જીવને પરાર્થ પ્રવૃત્તિ આચરાવે છે. એનું નામ 'અચરકને ચારણ કહે છે.' એ બધી પ્રવૃત્તિઓ જુદી જુદી વનસ્પતિ સમાન છે. એમાં જે પરાર્થ પ્રવૃત્તિ પોતાને સાક્ષાત્ મોક્ષસાધક યોગરૂપ બનવાની છે, તે ચારિચરિકસંજીવની સમાન છે. પછી આ તો કેવું છે કે ઘણી પરાર્થ પ્રવૃત્તિ આચરતાં ક્યાંક લોટરી લાગી જાય છે; અને જીવ ઝટ ઊંચે ચઢી જાય છે. તેથી કહો કે જીવે પોતાને જ ચારિચરિકસંજીવની જેવી કોક પરાર્થ પ્રવૃત્તિને સિદ્ધ કરાવવા માટે આજુબાજુની બધી પ્રવૃત્તિને પરાર્થ કરી દીધી. જીવે એ પોતાને જ ચારિચરિકસંજીવની જેવી કોક પરાર્થ પ્રવૃત્તિને સિદ્ધ કરાવવા માટે આજુબાજુની બધી પ્રવૃત્તિને પરાર્થ કરી દીધી. જીવે એ પોતાને જ પરાર્થ પ્રવૃત્તિનું ચારણ કર્યું. અર્થાત્ આચરણ કરાવ્યું. અહીં 'ચારિચરિકસંજીવની' તરીકે 'પરાર્થ પ્રવૃત્તિ' લઈ અર્થ કર્યો. તેથી અહીં જીવ પોતે જ પૂર્વે ચારિસંજીવનીનો અચરક હતો, તેને ચારણની વાત થઈ. હવે બીજી રીતે આમ ઘટના થઈ શકે:-

**બીજી રીતે ઘટના :- 'ચારિચરિકસંજીવની'** તરીકે પરાર્થ પ્રવૃત્તિ નહિ, પણ પ્રવૃત્તિમાં રહેલી **'પરાર્થતા'** લેવાની. એમાં કોક પરાર્થતા એટલે કે ઉચ્ચ પ્રયોજન એવું સચોટ હોય છે કે સીધું મોક્ષનું સંજીવન કરી આપે. આમ સમ્યક્ત્વ પામ્યા પૂર્વે પ્રવૃત્તિઓમાં તેવી પરાર્થતા નહોતી, ઉચ્ચ પ્રયોજન નહોતાં, અર્થાત્ પ્રવૃત્તિઓ પરાર્થતા નહોતી સેવતી, તેથી પ્રવૃત્તિ બની ચારિસંજીવનીની અચરક. તે પ્રવૃત્તિઓને પરાર્થતા સેવરાવવી. અર્થાત્ પરાર્થતાવાળી કરવી, એનું નામ પરાર્થતાનું ચારણ. એ પરાર્થતાનું સેવન કરાવે કોણ ? જીવ. તેથી સમકિત પામ્યા પછી જીવે 'ચારિસંજીવનીની અચરક એવી પરાર્થતારહિત પ્રવૃત્તિઓને પરાર્થતાનું ચારણ કર્યું; અર્થાત્ પરાર્થતાયુક્ત કરી;' આ અર્થ થયો.

કહેવાનો સાર એ છે કે સંજીવની તરીકે આખી પરાર્થ પ્રવૃત્તિ લો કે પરાર્થતા માત્ર લો; પણ એકજ જીવને બધી પરાર્થ પ્રવૃત્તિ મુખ્યપણે સાક્ષાત્ મોક્ષસાધક યોગ નથી બનતી, કિન્તુ કોઈ એક પરાર્થ પ્રવૃત્તિ બને છે. એ પ્રવૃત્તિ કઈ, તે જાણવું મુશ્કેલ છે, માટેજ પેલા બળદની જેમ બધી પરાર્થ પ્રવૃત્તિ આચરવી રહી.

**પરાર્થ પ્રવૃત્તિની સંજીવનીના કેટલાક દાખલા**

**અર્ણિકા પુત્ર આચાર્યને ચારિસંજીવની° ન્યાય :-** અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજને નદીમાં ભાલાથી વિંધાવાની પ્રવૃત્તિ વખતે કેવળજ્ઞાન થવાનું હતું. કેમકે એ પ્રવૃત્તિને એ પરાર્થ બનાવવાના હતા; અને એમના માટે એ પરાર્થ પ્રવૃત્તિ ચારિચરિકસંજીવની સમાન હતી. જો કે પૂર્વે સંયમ સાધનાની ઘણી પરાર્થ પ્રવૃત્તિઓ એમણે આચરી તો હતી જ. અહીં પણ નદી ઉતરવાની પ્રવૃત્તિમાં વહાણમાં બેસવા



વગેરેની અનેક પરાર્થ પ્રવૃત્તિઓ થવાની હતી. એની વચમાં ભાલો ભોંકાવાની પરાર્થ પ્રવૃત્તિ આવવાની હતી. એ શું ? અનેક ચારની વચમાં સંજીવની ચાર. આચાર્ય મહારાજને કેવળજ્ઞાની પુષ્પચુલા સાધ્વીજી ભગવંતે એ ચોક્કસ પ્રવૃત્તિનું નામ ન આપ્યું. માત્ર એટલું કહ્યું કે 'તમને પણ ગંગા ઉતરતાં કેવળજ્ઞાન થશે !' હવે આચાર્ય શું કામ રાહ જુએ ? 'આજે થશે કે કાલે, એમાનું કશું કહ્યું નથી, તો અત્યારે જ ચાલો' એમ વિચારી ગંગાએ ગયા. નાવિકને પૂછી નાવડામાં બેઠા. પણ નાવમાં જ્યાં જ્યાં બેસે ત્યાં ત્યાં દુષ્ટ દેવીના ઉપસર્ગથી નાવડું નમે, અને જોખમમાં મૂકાય. તેથી લોકોએ એમને ઊંચકીને નાવની બહાર ફેંક્યા. મુનિ નાવમાં બેસવાની, નાવમાં જુદે જુદે સ્થળે ફરવાની, અને બહાર ફેંકવાની પ્રવૃત્તિઓને પરાર્થ એટલે કે ઉચ્ચ પ્રયોજનવાળી કરતા તો હતા જ. પણ એમાં કેવળજ્ઞાન ન થયું. પરંતુ બહાર ફેંકાતા, જ્યાં આકાશમાં દુષ્ટ દેવતાએ ભાલાની અણી પર મુનિને લીધા, અને મુનિનું શરીર વીંધાઈ જવાથી એમાંથી લોહી નીચે પાણીમાં પડવા લાગ્યું. ત્યાં મુનિ કેવળજ્ઞાન પામ્યા ! કેમકે મુનિએ આ ભાલે વીંધાવાની પ્રવૃત્તિને એવી તો પરાર્થ બનાવી દીધી, કે એમણે વિચાર્યું,

**"અરે ! હું કેવો હીનભાગી કે આ મારા શરીરનું લોહી નીચે પડી પાણીના નિર્દોષ અસંખ્ય જીવોનો બિચારાનો નાશ કરી રહ્યું છે ! મારે એકને ભાલાની અણીમાં મૃત્યુ નથી થયું, પણ આ તો માત્ર એક નહિ પણ બિચારા અસંખ્ય જીવોનું મારા લોહીથી ઘોર પીડાદાયી મૃત્યુ જ થઈ રહ્યું છે ! અહો, કેવી આ શરીરની, પરની ઉપાધિ ! એ મેં જ પૂર્વે કર્મ બાંધીને વહોરી છે. એવા કર્મ બાંધનારો કેવો મારો અનંતાનંત કાળથી પાપ વિલાસી આત્મા !"**

એમ જીવદયા અને આત્મનિંદાને આ ભલે વીંધાવાની પ્રવૃત્તિમાં ભેળવી દીધી, તેથી એ પ્રવૃત્તિ પરાર્થ બની ગઈ. એ સંજીવની સમાન હોવાથી કેવળજ્ઞાન થઈ ગયું.

**આમ, જ્ઞાની ભગવંતોના આદેશ જીવને પરાર્થ પ્રવૃત્તિઓ સેવતો કરી દે, એનું નામ ચારિચરિકસંજીવનીના અચરક જીવનું ચારણ થયું,**

**અથવા, જીવ પરાર્થતા વિનાની એટલે કે ચારિચરિકસંજીવનીની અચરક એવી પોતાની પ્રવૃત્તિઓને પરાર્થતાવાળી કરે. એ એનું ચારણ કર્યું કહેવાય.** ગમે **તેમ પણ તાત્પર્ય એ છે કે બધી પ્રવૃત્તિઓને પરાર્થ બનાવો; એમાંથી કોક પરાર્થ પ્રવૃત્તિ મોક્ષનું સંજીવન કરવાથી ચારિસંજીવની બની જશે.** આ માટે અર્ણિકાપુત્ર આચાર્ય ભગવંતની ભયંકર દુઃખ વખતે પણ શ્રેષ્ઠ પરાર્થ-દૃષ્ટિ ખૂબ ખ્યાલમાં રાખવા જેવી છે.



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**પરાર્થ વિચારણાની જડીબુટ્ટી :- કર્મના ઉદયે પીડા વેઠવાની તે અવશ્ય વેઠવાની તો છેજ એમાં બીજાની દયાની વિચારણા અને પોતાના પાપની નિંદા, આ બે જડીબુટ્ટીઓ જે સુલભ છે તેને શા માટે ગુમાવવી ?** રસ્તે ચાલતાં કે સીડી ઉતરતાં ધારો કે, આપણે પડી ગયા. હવે પડ્યા ન પડ્યા થવાનું નથી. ત્યાં જો એમ વિચારાય કે 'આ રસ્તો કેવો ખરાબ ! દાદર કેવો ખરાબ ! મને કેવું વાગ્યું !' તો એમાં પરાર્થતા નથી, અધમતા છે; એથી પાપની કમાણી થાય છે. એના બદલે એમ વિચારાય કે **'અરે ! કેવો મારો પ્રમાદ ! કેવી મારી ઉતાવળ અને બિનસાવધાની ! મારા પડવાથી બિચારો કોક જીવ મર્યો તો નહિ હોય ?'**-તો એ પડવાની પ્રવૃત્તિ પણ પરાર્થ થઈ. **આમ તો જો કે પડવામાં પ્રમાદ, જીવવિરાધના વગેરે અનિષ્ટ તો છેજ, છતાં ઈરાદા વિના બની ગયેલી પડવાની પ્રવૃત્તિને આત્મનિંદા અને જીવદયાની સારી પરાર્થ વિચારણામાં ઉતારી એટલે અંશે એ પ્રવૃત્તિ પરાર્થ થઈ. પરાર્થ પ્રવૃત્તિ તો જડીબુટ્ટી છે. એમાં તો એવું બને કે જો શુભ ભાવનાનું જોર વધી જાય, તો કેવળજ્ઞાન સુધીની પ્રાપ્તિ થઈ જાય.** આવું તો દરેક પ્રવૃત્તિમાં પરાર્થ કોટિનું વિચારી શકાય.

**(વાલીરાજા :) વિજયમાં પરાર્થતા :- વાલી** રાજાએ રાવણ ઉપર મહાવિજય મેળવ્યો. વિજય તે કેવો ? ચંદ્રહાસ ખડગ લઈને દોડી આવતા રાવણને આખોને આખો ઊંચકી બગલમાં મારી, વાલીએ જંબુદ્વીપને ચક્કર લગાવ્યું. પછી મહામૃદુ બની ગયેલા તેને વાલીએ સામો ખડો કર્યો. કહો એ વખતે રાવણ કેવોક નરમ અને શ્યામ પડી ગયો હશે ! આ સ્થિતિમાં વાલીરાજા રાવણને કેદમાં પૂરી એનું કુલહૉલ રાજ્ય કબજે કરી શકે કે નહિ ? અનેકાનેક ભૂચર-ખેચર રાજાઓના અધિપતિ એવા મહાસમ્રાટ ગણાતા રાવણને રોજ પોતાના પગે પાડી શકે કે નહિ ? છતાં જાણો છો વાલીએ શું કર્યું ? ત્યાં ને ત્યાં યુદ્ધ-ભૂમિ ઉપર જ **મદાંધતા મોહાધંતા ઉપર અને ચંદ્રહાસ ખડ્ગ જેવી દુન્યવી ચીજ ઉપર રાવણની થયેલી દુર્દશા જોઈ. એ પરથી વાલીરાજાએ સ્વયં બોધ લીધો ! વૈરાગ્ય વધાર્યો;** અને નાનાભાઈ સુગ્રીવને રાવણનો આજ્ઞાંકિત રાજા બનાવી ચારિત્ર લીધું. શું આ ? **વિજયની પ્રવૃત્તિમાં પરાર્થતા એટલે કે ઉચ્ચ અર્થની સાધના.** સમજવામાં આવે છે ? શું જીવનમાં તમને એવું યાદ આવે છે કે તમે કોઈના પર કોર્ટમાં અગર બીજી રીતે સારી જીત મેળવ્યા પછી એને મનવાંછિત આપ્યું હોય, અને તમે જાતે વિરાગી બની ગયા છો ? જીતમાં લક્ષ્મી મળ્યા છતાં, લક્ષ્મી વગેરે પર તમને તિરસ્કાર છૂટ્યો હોય ? કેળવો આવું કાંઈક કેળવો, તો એથી કોઈ અપૂર્વ આત્માનંદનો અનુભવ થશે; આત્માનું ઓજસ વધશે; નવી જિંદગી શરૂ થશે.



**(રાજા વૈશ્રવણ :) પરાજયમાં પરાર્થતા :-** પાતાલલંકાથી આવી રાવણે લંકાના અધિપતિ રાજા વૈશ્રવણ સાથે યુદ્ધ કરી વૈશ્રવણના લશ્કરને હરાવ્યું. વૈશ્રવણ વિચાર કરે છે કે "શું કરવું હવે ? **હારીને ગુલામ તરીકે જીવવું એ મહાકલંકરૂપ છે; એના કરતાં આપઘાત કરવો સારો. પણ આપઘાતમાં આ મોંઘેરા માનવજીવનની બરબાદી છે. એનાં કરતાં સાધુજીવન સારું, જેમાં કોઈ માનાપમાન ગણવાના રહે નહિ, અને જીવનની મહાસફળતા થાય."** એમ કરી યુદ્ધભૂમિ ઉપર જ સાધુવેશ કરી ધ્યાનમાં ઊભા. કહો, આ હારવાની પ્રવૃત્તિ પણ કેવી પરાર્થવાળી કરી ! 'વાર્યો ન રહે, હાર્યો રહે' એ કહેવત પણ શાણા અંગે છે. મૂર્ખ હોય તે તો હાર્યા પછી પણ જંપે નહિ; મનમાં કેઈ દુષ્ટ વિચારોના લોચા વાળે. વૈશ્રવણે ઉચ્ચ પ્રયોજન સાધ્યું. ત્યારે હવે રાવણની વિશેષતા જુઓ કે એણે શું કર્યું.

**રાવણ** વૈશ્રવણનો સંસારત્યાગનો વેશ જોઈ પાસે આવી બહુજ મૃદુતાથી કહે છે, "આ શું કરો છો ? જાઓ ખુશીથી લંકાનું રાજ્ય તમારુંજ છે, તે તમે ભોગવો. અમારે તો પૃથ્વી મોટી પડી છે, ગમે ત્યાં સ્થાન કરી લઈશું." કેવી ઉદારતા ! કેવી સહૃદયતા ! એનું નામ પરાર્થ પ્રવૃત્તિ.

**(ધનાજી)** ભાઈઓના મનને વિખવાદ થતો જોઈ છાના માના રાતના ઘરમાંથી પહેર્યે લૂગડે નીકળી પડ્યા. ચાલતા ચાલતા એક ખેડૂતના ખેતર આગળ આવ્યા. ભૂખ લાગી છે. ખેડૂતનો ભાત આવ્યો છે. ખેડૂત નોંતરે પણ છે, પરંતુ ધનાજી કહે છે 'એમ ન ખાઉં. થોડું કામ આપીને ખાઉં' ખેડૂત કામની ના પાડે છે, અને આ મફતીયું ખાવાની ના પાડે છે. કેવો સરસ યોગ ! અતિથિને જમાડ્યા વિના ખેડૂત જમવા તૈયાર નથી. છેવટે નામનું હળ ફેરવવા આપ્યું, એમાં તો ભાગ્યશાળી ધનાજીના હાથે હળ ક્યાંક અટક્યું. જોર કરતાં અંદરનો પથરો ઊંચકાઈ ગયો, અને નિધાન પ્રગટ થયું.

ખેડૂત કહે છે 'તમારા ભાગ્યનું છે, તમે જ લઈ જાઓ મને ન ખપે.'

ધનાજી કહે છે 'તારી જમીનનું છે મારે ન લેવાય.'

કેવીક પરાર્થ પ્રવૃત્તિ ! જો જો ધનાજી પૈસા વિના નીકળ્યા છે; બીજું, પોતાના હળ ચલાવવાથી નિધાન નીકળ્યું છે. ત્રીજું ખેડૂત એમને લઈ જવા આગ્રહ પણ કરે છે, છતાં ધનાજી કહે છે 'મારો અધિકાર જ નથી !' આ પરાર્થ પ્રવૃત્તિ. પણ સામાન્ય પરાર્થ પ્રવૃત્તિ.

ત્યારે, ઉપરની ચાર યોગદષ્ટિઓમાં ચઢેલા આત્માઓની પરાર્થ પ્રવૃત્તિ તો વધુ ઊંચી હોય છે. જેમકે, પહેલાં અર્ણિકાપુત્ર આચાર્યની કહી તે ! એવી **ગજસુકુમાળની** માથે સગડી વહેવાની પ્રવૃત્તિ ! **ધર્મરુચિ અણગારની** કડવી તુંબડીને

જમીન પરને બદલે પેટમાં પરઠવવાની પ્રવૃત્તિ ! **ભરત ચક્રવર્તીની** અરિસાભવનમાં મુદ્રિકા વિહોણી આંગળીની નિસ્તેજતા જોવાની પ્રવૃત્તિ ! **ગુણસેન** રાજાની શબ-યાત્રા જોવાની પ્રવૃત્તિ ! **મૃગાવતીજીની** ઠપકો સાંભળવાની પ્રવૃત્તિ ! આવા તો કેઈ દષ્ટાન્તો છે.

પરાર્થ પ્રવૃત્તિઓ કરતાં કરતાં કોઈક પ્રવૃત્તિ એવી લાધી જાય છે કે એમાં આત્માનું કામ થઈ જાય. એનું નામ ચારિચરિકસંજીવનીવાળી ચારનું સેવન.

**પરાર્થ એટલે 'પરોપકાર માટે' એ અર્થમાં 'ચારિસંજીવની૰ ન્યાયની ઘટના :-** હવે આપણે પ્રવૃત્તિ પરાર્થ એટલે પર માટે. અર્થાત્ પરોપકાર માટે,- એવો જે બીજો અર્થ કર્યો, તેમાં ચારિચરિકસંજીવનીની પદ્ધતિ કેમ ઉતરે તેનો વિચાર કરીએ. વાત શું છે ? સમકિતીની પ્રવૃત્તિ પરોપકાર માટે જે હોય છે તે ચારિ.સંજીવનીની પદ્ધતિએ. અહીં આ પદ્ધતિ પોતાના જીવને આશ્રીને નહિ, પણ બીજા જીવોને આશ્રીને સમજવાની છે. અર્થાત્ જગતના જીવો ચારિચરિકસંજીવની-તુલ્ય જે બીજાની પરોપકારની પ્રવૃત્તિનો લાભ, તે લેતા નથી, તેથી તે એના અચરક કહેવાય. તેને લાભ લેતા કરવા એનું નામ સંજીવનીના અચરકને ચારણ કર્યું કહેવાય. યોગની ઉપરની ચાર દૃષ્ટિવાળા મહાત્માઓ પરના આત્માને હિતકારી થાય એવી પરાર્થ પ્રવૃત્તિ કરતા હોય છે, તેથી એમાંની કોઈ પ્રવૃત્તિથી કોઈને, તો અન્ય પ્રવૃત્તિથી અન્યને લાભ થઈ જાય છે. માટે તે તે જીવોને ચારિસરિકસંજીવની ન્યાયથી લાભ મળે માટે યોગીઓની પ્રવૃત્તિ પરાર્થ હોય છે; જેથી એમાંથી ગમે તે પ્રવૃત્તિમાંથી તે જીવોને પરોપકાર થઈ જાય. ત્યારે પૂછો કે,

**પ્ર.**- આમાં ચારિસંજીવનીની પદ્ધતિ શી આવી ?

**ઉ.**- ઊંચી યોગદષ્ટિવાળા જીવે જે પોતાની અનેક પ્રવૃત્તિ પરાર્થ કરી, એ બીજા જીવો માટે ચારના સમૂહની માફક રજૂ થઈ. એમાંથી કોઈને કોઈ રીતે, તો બીજાને બીજી રીતે ઉપકાર થઈ ગયો. આમ એકાદિ પરોપકારની પ્રવૃત્તિથી સામા જીવને લાભ થતો નહોતો. અરે ! એ જીવ પોતે જ લાભ લેવાની એવી તમન્ના નહોતો રાખતો. પણ જ્યારે યોગીથી પરોપકારની પ્રવૃત્તિઓ અનેક થઈ, ત્યારે એમાંથી ગમે તે પ્રવૃત્તિમાંથી એનાથી લાભ લેવાઈ જાય છે. એમાં કોઈક પરાર્થ પ્રવૃત્તિથી કોઈને લાભ થાય છે, બીજીથી બીજાને લાભ થાય છે. પરંતુ એ માટે અનેક પ્રવૃત્તિઓના ટચમાં (સંપર્કમાં) એને લાવવામાં આવે છે; એનું નામ ચારિચરિકસંજીવનીના અચરકને અનેક ચારનું ચારણ કર્યું કહેવાય, ઉપભોગ કરાવ્યો કહેવાય.

**તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન** પામ્યા એટલે તો પોતાની સાધનાને સમાપ્ત



કરી ચૂક્યા, જીવનમુક્તિ જેવી મહાન સિદ્ધિ એમને પ્રાપ્ત થઈ ગઈ, છતાં જુઓ કે કેવી મહાન પરાર્થ પ્રવૃત્તિ કરે છે. **ઋષભદેવ ભગવાનને** કેવળજ્ઞાન થયા પછી એક હજાર વર્ષ માત્ર ન્યૂન એક લાખ પૂર્વ વર્ષોનું આયુષ્ય બાકી હતું. એક પૂર્વ એટલે કેટલા વર્ષ. જાણો છો ? ૭૦૫૬૦ અબજ વર્ષ. આવો જંગી કાળ એક વાર નહિ. એક લાખ વાર પસાર થવાનો. ત્યારે પ્રભુએ એટલો બધો અતિ દીર્ઘકાળ શુ કર્યું ! જગત પર વિચરી વિચરીને મહાન ધર્મદેશનાઓ અને સમ્યક્ત્વાદિ ધર્મોનું દાન કર્યું. એમની પરાર્થ પ્રવૃત્તિઓમાં જુદે જુદે સ્થળે વિહારનું અને દેશનાનું ફળ એ હતું કે સમયે સમયે કેઈકને કોઈવાર દર્શનથી તથા કોઈ વચનથી, ત્યારે બીજાને બીજા દર્શન-વચનથી સંજીવની ચાર મળી ગયો. એ હિસાબે લખ્યું, કે ચારિચરિકસંજીવનીના અચરક જીવોને ચારણ કરવાની પદ્ધતિએ ઊંચા યોગીઓ પરાર્થ પ્રવૃત્તિ કરે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૪૨,તા.૧૦-૭-૧૯૫૪

## ૩૯ શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**પૂર્વના ગ્રન્થ સાથે અનુસંધાન :-**

પરમ ઉપકારી ગ્રંથકાર મહર્ષિ આચાર્યપુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે **ઓઘદષ્ટિ અને યોગદષ્ટિના** ભેદને બતાવ્યો. એમાં પ્રસંગવશ છેવટે સમ્યક્ત્વવાળી દૃષ્ટિને ધરનાર મહાત્માઓની ચારિસંજીવનીન્યાયથી થતી **પરાર્થ પ્રવૃત્તિ** અને તેના કારણભૂત **શુદ્ધબોધ** વગેરે ગુણોનું પ્રતિપાદન પણ કર્યું. હવે પ્રસ્તુત વિષયમાં મિત્રાદિ આઠ યોગદષ્ટિના કેવા ઉત્તરોત્તર વધતા પ્રકાશ હોય છે, તેનું વર્ણન કરે છે. અહીં **'પ્રકાશ'** એટલે **'બોધ'** સમજવાનો છે; કેમકે મિત્રાદિ યોગદષ્ટિઓ આત્માના તેવા તેવા પ્રકારના વલણરૂપ છે. 'દૃષ્ટિ' એટલે શું એની વ્યાખ્યા ગ્રંથકાર પોતે આગળ કરવાના છે. અહીં પણ એનો વિસ્તાર આગળ આવશે. હમણાં તો દરેક દૃષ્ટિમાં રહેલી તરતમતા અને એનું દષ્ટાન્ત શાસ્ત્રકાર ભગવંત જે બતાવે છે તેને જોઈએ.

**આઠ યોગદષ્ટિના પ્રકાશ માટેના આઠ દષ્ટાન્ત :-**

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| મિત્રા | તારા | બલા | દીપ્રા | સ્થિરા | કાન્તા | પ્રભા | પરા, |

એ આઠ યોગની દૃષ્ટિઓ છે. એના પ્રકાશને સમજવા માટે આઠ દષ્ટાન્ત છે. તે ક્રમસર તે તે દૃષ્ટિના



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પ્રકાશની તરતમતાનો ખ્યાલ આપે છે. આઠ દૃષ્ટિના ક્રમે આઠ દૃષ્ટાન્ત આ પ્રમાણે છે.

**૧-તૃણનો, ૨-અગ્નિકણ, છાણાનો, ૩-અગ્નિકણ, કાષ્ઠનો, ૪-અગ્નિકણ, દીવો, ૫-રત્ન, ૬-તારા, ૭-સૂર્ય, ૮-ચંદ્ર.**

એટલે કે મિત્રાદૃષ્ટિમાં પ્રકાશ ઘાસના અગ્નિકણ જેવો પ્રકાશ હોય છે. તારાદૃષ્ટિમાં છાણાના અગ્નિકણ જેવો પ્રકાશ હોય છે... પાંચમી સમયક્ત્વવાળી સ્થિરાદૃષ્ટિમાં રત્નના પ્રકાશ જેવો પ્રકાશ હોય છે... યાવત્ ૮મી પરાદૃષ્ટિનો પ્રકાશ ચંદ્રના પ્રકાશ જેવો હોય છે. આ દૃષ્ટાન્તોમાં વિશેષતાઓ સમજી શકાય એમ છે. વળી જેમ દૃષ્ટાન્તોમાં પૂર્વપૂર્વના કરતાં ઉપર ઉપરમાં પ્રકાશ વધતો ચાલે છે, તેમ આઠ દૃષ્ટિઓમાં પણ બોધની માત્રા વધતી ચાલે છે; એથી આત્મામાં સારી સારી વિશેષતાઓ અધિકાધિક પ્રમાણમાં આવતી જાય છે. આ દૃષ્ટિઓ સદ્ દૃષ્ટિઓ છે. તેથી એમાં સારું સારું જ પ્રાપ્ત થવાનું છે. **ઓઘદૃષ્ટિ એ અસદ્દૃષ્ટિ છે. એમાં આત્મામાં અજ્ઞાન સાથે મિથ્યાજ્ઞાન ભર્યું હોય છે. એના લીધે આત્માનું વલણ મલિન, અધમ અને માત્ર જડમુખું હોય છે. યોગદૃષ્ટિમાં જીવ આવે છે ત્યારે દૃષ્ટિ સુધરે છે, ઉચ્ચ બને છે, ચૈતન્યમુખી બને છે.** આવી દૃષ્ટિ તે બોધ છે, પ્રકાશરૂપ છે. એનું કેવું કેવું સ્વરૂપ અને સામર્થ્ય છે, એ આઠેય યોગદૃષ્ટિના જુદા જુદા વર્ણનમાં ગ્રંથકાર કહેવાના છે. અત્રે તો માત્ર આઠ દૃષ્ટાન્તના આધારે બોધની માત્રા કેટકેટલી વધે અને સામર્થ્ય કેવું કેવું હોય એનો સહેજ આછો પરિચય જેવું આપે છે. એમાં,

**ઓઘદૃષ્ટિ કેવી ? :- પહેલી મિત્રાદૃષ્ટિમાં** બોધની અવસ્થા શરૂ થાય છે. તે પૂર્વે અત્યાર સુધી **ઓઘદૃષ્ટિમાં જડમય સંજ્ઞારૂપી પૂર્ણ અંધકાર હતો. એ અંધકારમાં ચેતન તત્ત્વ કે એના ગુણ દેખાતા જ નહોતા; દેખાતું'તુ માત્ર જડ અને જડના ગુણોનું જ જગત.** એક જ સંજ્ઞા હતી કે, 'કેમ જડની અચ્છી અચ્છી અનુકૂળતા મળે, ને એને ભોગવીએ.' એમાં જે કાંઈ કામક્રોધાદિ આંતર શત્રુઓના ઉધમાત કરવા જરૂરી લાગે તે આંખ મીંચીને સહજભાવે કરી લેવાતા; એમાં કાંઈ જ સંકોચ રાખવાનો હતો નહિ, કે પાછળથી એની અફસોસી કરવાની હતી નહિ. બસ, એકજ સંજ્ઞા, એકજ વાસના, એકજ ધૂન કે 'આહાર-વિષયો-પરિગ્રહ-આરામી-ક્રોધાદિકષાયો અને લોકવાહવાહમાં મસ્ત રહો. એજ જીવન, એજ શાબાશી, એજ કર્તવ્ય.' આમાં આત્મ-વિચારની છાયા સરખી ક્યાં નખાય ? મિત્રાદૃષ્ટિમાં આવે છે, ત્યારે અંધકાર કાંઈક હટે છે; ચેતન તત્ત્વ તરફ કાંઈક નજર પડે છે, જડસંજ્ઞાને બદલે આત્મબોધનો પ્રકાશ ખૂલે છે. અથવા કહો કે આવું આવું બને છે ત્યારે



મિત્રાદૃષ્ટિમાં પ્રવેશે છે. એમાં આત્મા ચોંકે છે. પૂર્વની માફક હવે 'આહારાદિમાં મસ્તતા એજ જીવન, એજ શાબાશી, ને એજ કર્તવ્ય,' એવું નથી લાગતું. હવે એનાથી કાંઈક ઊંચું તત્ત્વ જોઈએ છે આહાર-વિષય-પરિગ્રહ આરામી-કષાયો-લોકવાહવાહ...ઈત્યાદિની વાતો મનને જરા ખૂંચે છે. જીવનનું કાર્ય એનાથી જુદું હોય એમ હૈયું પોકારે છે. શી શી વિશેષતા આવે છે એનું વર્ણન આગળ આવશે. અહીં માત્ર બોધની માત્રા અને સામર્થ્યની કક્ષાનો વિચાર કરવાનો છે. આના અંગે શાસ્ત્રકાર ભગવંત કહે છે કે,

**૧. મિત્રામાં પાંગળો બોધ :-** જેમ ઘાસના અગ્નિનો કણીયો બહુ બહુ મંદપ્રકાશવાળો હોય છે, અલ્પજીવી હોય છે, તેથી એને બીજે સ્થાને લઈ જઈ એનાથી કાર્ય કરવું હોય તો નથી થઈ શકતું, તેમ મિત્રાદૃષ્ટિમાં જાગેલો બોધ ઈષ્ટ કાર્ય કરવા સમર્થ નથી હોતો. એનું કારણ એ છે કે સારી રીતે અમલ કરવાના સમય સુધી એ ટકતો નથી; કેમકે આ બોધમાં એવી વધુ શક્તિ નહીં હોવાનો લીધે એ એવો સમર્થ સંસ્કાર નથી પાડી શકતું કે જે સંસ્કારોના લીધે સારી સ્મૃતિ, સારી યાદગીરી ટકી રહે. આવું કેટલાક ઉપદેશ સાંભળનારામાં દેખાય છે. ધર્મની દેશના સાંભળતાં સાંભળતાં તો મન હલી ઉઠે અને બોધ પામે. પણ બહાર નીકળ્યા એટલે કેમ ? સાંભળેલાની જાણે કાંઈ જ અસર નહિ ! તે એટલે સુધી કે ભલે વ્યાખ્યાનમાંથી બહાર નીકળ્યા પછી એનું એ મનમાં રમતું ન રહ્યું, છતાં અવસરેય એ યાદ સરખું ન આવે. જો સાંભળેલાના સંસ્કાર આત્મામાં રોપ્યા હોય, તો અવસર આવ્યે એ સંસ્કારો જાગ્રત થઈ પૂર્વે પેદા થયેલ બોધને સ્મરણરૂપે પ્રગટ કરે; અર્થાત્ સાંભળતાં જે સારી અસર થઈ હતી, તે અવસરે તાજી થાય.

**પ્ર.**- તો સાંભળતાં બોધ થવા છતાં, સંસ્કાર કેમ જન્મે નહિ ?

**ઉ.**- સંસ્કાર તો જન્મે છે. પરંતુ તે સંસ્કાર એવા દૃઢ નથી હોતા કે જે સારી સ્મૃતિ કરાવી શકે.

**પ્ર.**- એનું શું કારણ ? શું બધા થવામાં ફરક છે ?

**ઉ.**- હા, બોધ થવામાં ફરક છે. માટે જ સંસ્કાર તેવા સચોટ નથી પેદા થતા; અને બોધના ફરકના હિસાબે જ મિત્રાદિ દૃષ્ટિઓમાં ફરક છે. મિત્રાદૃષ્ટિનો બોધ સામાન્ય અને તારાદૃષ્ટિનો બોધ તેના કરતાં વિશેષતાવાળો એથી વળી બલાદૃષ્ટિનો ઊંચો; અને બલા કરતાં દીપ્રાનો બોધ ઊંચો.

**પ્ર.**- બોધ એટલે જ્ઞાન, એ તો બધાને સરખું જ થાય ને ?

**ઉ.**- બોધનો અર્થ માત્ર 'જ્ઞાન' એવો નથી. બોધનો અર્થ અંતરમાં પરિણમન છે. તેને હૃદયની રુચિ સાથેનું જ્ઞાન કહી શકાય. આમાં રુચિ-રુચિમાં ફરક પડે છે,



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

એ સમજાય એવું છે. બાપને દીકરા ચાર હોય, પરંતુ ચારેની બાપ પર રુચિ તરતમતાવાળી હોય છે; બાપના બોલ પર રુચિ જુદી જુદી હોય છે, એ દુનિયામાં દેખાય છે. એમ અહીં પણ ધર્મદેશના તો સાંભળી, સમજાણી પણ ખરી; પરંતુ અંતરમાં એ જચવા જચવામાં ફરક પડે છે. તત્ત્વને સમજવા ઉપર રૂચિ કેટલી થઈ, એના ઉપર દૃષ્ટિનો આધાર છે, એના પર સંસ્કાર પડવાનો આધાર છે. જેમ બોધ ઊંચો, એટલે કે ઊંચી રુચિ સહિત જ્ઞાન તેમ એના સંસ્કાર જોરદાર. અહીં હજી એવી જોરદાર રૂચિ નથી તેથી એના સંસ્કાર દમવાળા નથી. માટે જ એ બોધને અલ્પશક્તિવાળો કહ્યો. અથવા કહો **કે બોધ જેમ વધુ હૃદયસ્પર્શી, પુદ્‌ગલાનુસારિતાને વધુ હચમચાવનાર અને મલિનતાને વધુ ધ્રુજાવનાર, તથા આત્મહિતકર વસ્તુ તરફ વધુ આકર્ષનાર, તેમ એના સંસ્કાર વધુ જોરદાર.** ઉપદેશ **તો એક હોય છે, પણ શ્રોતા જે અનેક હોય છે તે પોતાના મંદ-તીવ્ર પુરુષાર્થના હિસાબે જુદી જુદી માત્રાનો પ્રકાશ પામે છે, ઓછા વધતા જોરવાળા તત્ત્વ-બોધને મેળવે છે.** એમાં સૌથી ઓછી માત્રા (Degree) ઓછા સામર્થ્ય (Capacity) અને ઓછી સ્થિતિકાળ (Duration) વાળો બોધ મિત્રાદૃષ્ટિમાં હોય છે. આ મંદ માત્રા, મંદ સામર્થ્ય અને મંદ સ્થિતિકાળના અનુસારે સંસ્કાર બહુ મંદ અને ઢીલા પડે છે. એટલે કે ભવિષ્યમાં ઉપયોગના અવસરે આ બોધનું પુનરુત્થાન કરે, સારા સ્મરણરૂપે બોધને જાગ્રત કરે એવા એ સંસ્કાર પડેલા હોતા નથી.

**અલ્પબોધનું ફળ :-** આનું પરિણામ એ આવે છે કે ચૈત્યવંદન (દેવવંદન) વગેરે ધર્મક્રિયા આરાધવાના સમયે એ પ્રકાશ એ બોધનો ઉપયોગ થતો નથી, તેથી બહુ જ મંદ ઉપયોગના લીધે ભાવથી વંદનાદિ ક્રિયા બનતી નથી. અંતરમાં બોધનો પ્રકાશ થયાનું ફળ એ છે કે એનો પ્રયોગ, એનો ઉપયોગ થવાના સમયે એ એવો સબળપણે જાગતો હોય કે તેથી ભાવથી દેવવંદનાદિ ઉત્તમ કાર્યો નીપજે છે, દેવવંદન કરવાની વિધિ, એમાં બોલવાના સૂત્ર, વગેરે તો એનું એજ રહેવાનું, પણ એમાં પ્રાણભૂત જે હાર્દિક ભાવ, એ હાર્દિક ભાવોલ્લાસમાં તરતમતા રહેવાની. યોગદૃષ્ટિના પ્રકાશની જેવી સબળતા અને પ્રયોગ થવાના અવસરે જેવી એની પરિપૂર્ણતા, તે પ્રમાણે હૃદયમાં ભાવોલ્લાસ જાગવાના અને વંદનાદિ પ્રશસ્ત કાર્યો થવાના.

**તો કરવું શું ? બે મહાન કર્તવ્યમાં પહેલું કર્તવ્ય :-** આ સૂચવે છે કે આ **દુર્લભ માનવભવમાંય મહાદુર્લભ એવો બોધ મળવાનો અવસર આવે ત્યારે શક્ય એટલો જોરદાર બોધ મેળવી એના પટુ સંસ્કાર, સમર્થ સંસ્કાર હૈયામાં ઓતપ્રોત**



**કરી દેવા જોઈએ, અને અવસરે એના પ્રબળ ઉપયોગ સાથે દેવવંદનાદિ પ્રશસ્ત યોગિક કાર્યો કરી લેવાં જોઈએ. સારાં કાર્યો ખૂબ કરવાની ધગશ, અને એમાં હૃદયના ભાવ બહુ ઊંચા-એનું નામ ઊંચી યોગદૃષ્ટિની સિદ્ધિ.** વિચારવું એ જોઈએ કે બીજા જન્મોમાં તો બોધ મેળવવાની વાત જ ક્યાં હતી, પરંતુ માનવજન્મમાં પણ આજે કરોડો મનુષ્યોની એ હાલત દેખાય છે કે જે બિચારાને બોધ મળવાનો અવસર જ નથી. ત્યારે અહીં જો આપણને આવો મહામૂલો અવસર બોધ પામવાનો મળ્યો છે, તો તે વખતે માનસિક સુસ્તી, યોગની બેકદર, અને વિષયકષાયાદિ પ્રમાદની જોરદાર પરવશતા તથા નિર્ભીકતા વગેરે શા માટે ઊભા રહેવા જોઈએ કે જેથી બોધ બહુ ઝાંખો, પોચો, ક્ષણજીવી અને નહિવત્ પામીએ ? **જો એ વખતે માનસિક સ્ફૂર્તિ હોય, યોગની કદર હોય, અને પ્રમાદ પર કાબુ તથા પ્રમાદની ભયભીતતા હોય તો તત્ત્વબોધ હૃદયને જોરદાર સ્પર્શે, તો જ સુંદર ધાર્મિકયોગના અનુષ્ઠાનો હૈયાના ઉછળતા ભાવભર્યા આરાધાય.**

**બીજું મહાન કર્તવ્ય અને સૂચન :-** આમાં બીજું પણ એ સૂચન છે કે **યોગદૃષ્ટિના પ્રકાશની કૃતાર્થતા, ભાવથી દેવવંદનાદિ પ્રશસ્ત યોગિક અનુષ્ઠાનો સધાય, એના પર છે.** યોગદૃષ્ટિ જો આત્મામાં કેળવી તો, પછીનું કર્તવ્ય એ આવી રહે છે કે ઉત્તમ ધાર્મિક અનુષ્ઠાનો ભાવપૂર્વક આરાધો. સંગીન યોગદૃષ્ટિ એટલે આધ્યાત્મિક શુષ્કભાવના નહિ, પણ શુભ ધાર્મિક ભાવાનુષ્ઠાનોને જગાવનારો સાચો અંતરનો તત્ત્વપ્રકાશ. તેથી આપણે યોગદૃષ્ટિની માત્ર મોટી મોટી વાતો કરીએ, અને એ યોગદૃષ્ટિના ઉપયોગનું ઠેકાણું ન હોય તો એમાં કોઈ માલ નહિ. આનું કારણ એ છે કે સાચી યોગદૃષ્ટિમાં તત્ત્વનો પ્રકાશ જ એવો હોય છે કે સાંસારિક પ્રવૃત્તિ તરફ અરુચિ થાય, અને તત્ત્વપ્રકાશક, અનંત ઉપકારકારી શ્રી પરમાત્માના વંદન-સ્તવન વગેરે ઉત્તમ ધાર્મિક કાર્યોની પ્રવૃત્તિ તરફ ભારે રુચિ થાય. આ વંદનાદિ કાર્યો યોગક્રિયારૂપ છે. તેથી યોગદૃષ્ટિના પ્રકાશનો ઉપયોગ યોગક્રિયામાં થવો જ જોઈએ. એટલે જે કેવળ નિશ્ચય, નિશ્ચયની વાતો કરનારા છે, એ બિચારા યોગદૃષ્ટિને સમજ્યા જ નથી.

**અંધશ્રદ્ધા અંગે ભ્રમણા :-** તેમ જે એમ કહે છે કે 'અંધશ્રદ્ધાને ધરનારા જીવો યોગદૃષ્ટિમાં આવ્યા નથી,' એ પણ સમજ્યા વિનાજ કહે છે. કેમકે પહેલાં તો અંધશ્રદ્ધા એટલે શું ? તત્ત્વના ચિંતન વિના માત્ર જ્ઞાનીએ કહેલું માની લેવાને અંધશ્રદ્ધા સમજે છે. "ભાઈ ! ઊંડું તત્ત્વ શું ? શાથી ?... એ બધું આપણે કાંઈ સમજીએ નહિ. આપણે તો જિનેશ્વર દેવે કહ્યું તે સાચું માનીએ. ભવભીરુ આચાર્ય



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

ભગવંતોએ જે શાસ્ત્રમાં લખ્યું, ને જે આચર્યું તેને સત્ય તરીકે સ્વીકારીએ. એના ઊંડા હેતુ, સ્વરૂપ અને રહસ્યમાં આરપાર આપણે ઉતરી શકતા નથી. આપણે તો જ્ઞાનીએ કહ્યું તે પ્રમાણ..." આવી રીતની શ્રદ્ધા કોઈ કરે, તેને આજના લોકો અંધશ્રદ્ધા કહે છે. પરંતુ તે ખોટું છે, કેમકે એમાં તો જ્ઞાનીને આત્મ સમર્પણ છે. તો ત્યાં ભલે યુક્તિ-હેતુ વગેરે ન જાણ્યું, છતાં પ્રમાણ તો તત્ત્વને જ કરે છે ને ? વિશ્વાસ તો જ્ઞાનીના સત્ય વચન પર જ કરે છે ને ? એમાં એને નુકસાન કે લાભ ? કહો નુકસાન નહિ પણ લાભ થવાનો. તો પછી આવા વિશ્વાસને અંધ કેવી રીતે કહેવાય ? એ વિશ્વાસથી તો શક્ય એવા ઉત્તમ ધાર્મિક અનુષ્ઠાનો આરાધે છે. ત્યારે આ અંધશ્રદ્ધાનો આક્ષેપ કરનારો એવી ઉત્તમ ધાર્મિક પ્રવૃત્તિઓ કરતો નથી. એનો અર્થ એ કે એને હજી એ પ્રવૃત્તિમાં કર્તવ્યતા દેખવાનું મળ્યું નથી. છતાં માને છે કે હું યોગદૃષ્ટિ સમજુ છું. આ એની સમજ દેખાતી થઈ કે આંધળી ? **જે સમજમાં ઉચ્ચ ધાર્મિક યોગના કર્તવ્યો અવશ્ય કરવાનું ન દેખાય તે સમજ આંધળી છે, યોગદૃષ્ટિની બહારની સમજ છે.** ફરી યાદ કરી લો, યોગદૃષ્ટિનો બોધ માત્ર જ્ઞાન રૂપ નથી, પરંતુ હૃદયસ્પર્શી તત્ત્વરુચિ સહિત જ્ઞાનરૂપ છે, મુખ્યતા રુચિની છે. એ આવે એટલે ભાવથી શુભયોગ ક્રિયાઓ થાય. મિત્રાદૃષ્ટિની રુચિ અલ્પ તાકાતવાળી હોવાથી પ્રયોગકાળ સુધી ટકતી નથી. તેથી એમાં દૃષ્ટાન્ત ઘાસના અગ્નિકણનું ઠીક જ બતાવ્યું. એ અગ્નિકણને બીજે સ્થાને લઈ જઈ એનાથી બીજો અગ્નિ ચેતાવવો ઈષ્ટ હોય, તો તે બની શકતું નથી. કેમકે અગ્નિકણ બુઝાઈ ગયો હોય છે. મિત્રાદૃષ્ટિમાં આવું જ છે. ઈષ્ટ કાર્ય જે બોધના સમર્થ સ્મરણના ઉપયોગ સાથેની વંદનાદિ ક્રિયા છે, ત્યાં સુધી પહોંચવા માટે મિત્રાદૃષ્ટિના બોધના સંસ્કાર સમર્થ નથી.

**(૨) તારાદૃષ્ટિનો પ્રકાશ :-** ત્યારે બીજી તારાદૃષ્ટિમાં પણ એવું જ છે. આમાં છાણાના અગ્નિના કણની ઉપમા છે. જેમ એ અગ્નિકણ પણ વિશિષ્ટશક્તિ અને ટકાવ વિનાનો હોવાથી ઈષ્ટકાર્ય સાધી આપવા સમર્થ નથી, એવી રીતે આ તારાદૃષ્ટિનો બોધ પણ મંદશક્તિવાળો અને અલ્પજીવી હોવાથી ઈષ્ટકાર્ય સાધવા સમર્થ નથી. કેમકે જ્યારે વંદનાદિ ક્રિયા વખતે એનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવે છે, ત્યારે એનું પ્રબળ સ્મરણ નહિ હોવાથી ઉપયોગ નિર્બળ-દુર્બળ રહે છે; એટલે ભાવથી વંદનાદિ ક્રિયા થતી નથી. અર્થાત્ ક્રિયા થાય છે, પણ તેમાં ભાવરૂપતા આવતી નથી.

**પ્ર.**- તો પછી મિત્રા કરતાં આ દૃષ્ટિમાં શી વિશેષતા ?

ઉ.- જેવી રીતે તૃણના કરતાં છાણાના અગ્નિકણમાં વિશેષતા, તેવી રીતે



આમાં પણ વિશેષતા છે. મિત્રા કરતાં બોધનું બળ વધે છે, પરંતુ તોય તે કાર્ય સાધવા સમર્થ નથી. ત્યારે પૂછો કે, તો વધ્યું શી રીતે ? એ રીતે કે શ્રદ્ધારુચિ કંઈક વધું વધી. એનું જે વિશેષ પરિણામ આવે છે, તે આગળ બીજી દૃષ્ટિના સ્વતંત્ર વર્ણનમાં સમજાશે.

**(૩) બલાદૃષ્ટિનો પ્રકાશ :-** ત્રીજી બલાદૃષ્ટિમાં બોધની માત્રા કંઈક વધે છે. તેથી તૃણ-છાણાના અગ્નિકણ કરતાં લાકડાના અગ્નિકણની જેમ પહેલી બે દૃષ્ટિના બોધ કરતાં આ કંઈક વિશિષ્ટ છે. તેથી આમાં સહેજ સામર્થ્ય અને ટકાવ હોય છે. એ હિસાબે શુભઅનુષ્ઠાનમાં બોધના ઉપયોગ વખતે બોધની સ્મૃતિ એકદમ ઠીક તો નહિ, પણ ઠીક જેવી જાગે છે. એથી એ અનુષ્ઠાનમાં યોગદૃષ્ટિના બોધનો ઉપયોગ કરવાનું મન હોય છે. બોધથી જાણેલા પદાર્થના પ્રયોગ કરવા એ ચાહે છે. માટે જ ભાવથી અનુષ્ઠાન આરાધવા તરફ સહેજ પ્રયત્ન અહીં સ્ફુરે છે, પહેલી બે દૃષ્ટિમાં તો પ્રયોગકાળે બોધ તરફ ધ્યાને ય જતું નહોતું. કારણ કે બોધ (એટલે કે પ્રકાશ) બળવાન નહોતો. તેથી અવસરે 'લાવ, બોધનો ઉપયોગ કરું.' એવો એ બાજુ ખ્યાલ જ જતો નહોતો, જ્યારે આ દૃષ્ટિમાં પ્રકાશ વધ્યો હોવાથી ખ્યાલ જાય છે. તેથી ભાવ-ક્રિયા સાધવાનો સહેજ પ્રયત્ન કરવા તરફ મન દોરાય છે. દૃષ્ટિ ઊંચે આવી છે, તેથી જાણેલું, સમજેલું જીવને ઊંચે ચઢાવી હવે પુરુષાર્થયુક્ત બનાવે છે. પુરુષાર્થ જોરદાર નથી. છતાં એટલો તો ઠીકઠીક છે, કે જેથી વંદનાદિ અનુષ્ઠાનોમાં બોધના પદાર્થોના ઉપયોગ કરવાની રુચિ જગાડે છે; અને સાથે સાથે એનું સ્મરણ કરવાનો પ્રયત્ન પણ થાય છે.

**પ્ર.**- બોધના પદાર્થોનો ઉપયોગ એટલે શું ?

ઉ.- યોગદૃષ્ટિમાં 'બોધ'થી આત્માની સમ્યક્ શ્રદ્ધાવાળી જ્ઞાનદશા લેવાની છે. આ શ્રદ્ધા અને જ્ઞાનના વિષયમાં જડ જગતની ક્ષણભંગુરતા, તથા આત્મા પ્રત્યેની નિર્ગુણતા આવે છે. તેમજ આત્મા-પરમાત્માની વિશેષતા આવે છે. સાથે સાંસારિક પ્રવૃત્તિની નિસ્સારતા અને દેવવંદનાદિ યોગ ક્રિયાઓની અનુપમ સુંદરતા સહિત ઉપકારકતા આવે છે. આનો અર્થ એ છે કે યોગદૃષ્ટિમાં જે શ્રદ્ધા પ્રગટે છે, જે અજ્ઞાનદશાના સ્થાને જ્ઞાનદશા પ્રગટ થાય છે, તેમાં આવું ભાસે છે કે,

"આ જડ જગત ક્ષણિક છે, વિનાશી છે. આત્મા અવિનાશી છે. આ સંસાર ગમે તેવો રળીયામણો દેખાતો હોય છતાં આત્મા પ્રત્યે નિર્ગુણ છે, અપકારી છે. એક માત્ર પરમાત્માએ ઉપદેશેલ માર્ગ એ આત્માનો ઉપકારક છે. એ માર્ગની પ્રવૃત્તિઓ જ સારભૂત છે. બાકી સંસાર તો અસાર છે. સાંસારિક પ્રવૃત્તિઓ નિસ્સાર છે, ફજુલ છે. દેવવંદન વગેરે યોગક્રિયાઓ કાર્યકર છે, લાભપ્રદ છે. એજ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

કર્તવ્ય છે, એ જ ચાહવા યોગ્ય છે. એના ઉપર અને એના ઉપદેશક પરમાત્મા તથા ગુરુ પરજ અખંડ ઝળહળતી પ્રીતિ કરવી...''

એટલે આ શ્રદ્ધા અને જ્ઞાનરૂપી યોગદૃષ્ટિના પ્રકાશમાં શા વિષયો આવ્યા ? આ :- જગતની ક્ષણિકતા, આત્માની વિશેષતા, સંસારની અસારતા તથા આત્મા પ્રત્યે નિર્ગુણતા, પરમાત્મપ્રીતિ, પરમાત્માનો ઉપકાર, યોગક્રિયાઓની સારભૂતતા તથા ઉપકારકતા વગેરે.

હવે જ્યારે જ્યારે વંદનાદિ ધર્મક્રિયાઓ કરવાનો પ્રસંગ આવે ત્યારે ત્યારે એ પદાર્થોનો ઉપયોગ થવો જોઈએ. તેથી એવું બને કે જો એ ક્ષણિકતાદિ પદાર્થોનો ખ્યાલ ન હોય તો વંદનાદિ ધર્મક્રિયાઓમાં નિરાશંસભાવ, તેવી સ્ફુર્તિ કે શૂરાતન ન આવે. સંસારના પદાર્થો અસાર છે, તુચ્છ છે, આત્માના અપકારક છે,-એવી એવી દૃઢ સ્મૃતિ હૃદયમાં જાગ્રત હોય તો ધર્મક્રિયાઓ ખૂબ ધગશથી થાય છે, અને એવી સ્મૃતિ નથી હોતી તો સંસારના પદાર્થોના આકર્ષણ ઊભા હોવાથી ધર્મક્રિયા જ્યાં ત્યાં પતાવાય છે; શુદ્ધ હૃદયની હોંશ વિના થાય છે, ત્યારે એના ફળ પણ મામુલી આવે છે. માટે જ **ભવસાગરથી તારનારી જે ધર્મક્રિયાઓ, યોગક્રિયાઓ એને ઝગમગતી કરવા માટે યોગદૃષ્ટિના પ્રકાશની પ્રબળતા જરૂરી છે.** પહેલી બે દૃષ્ટિમાં એ નથી. આ ત્રીજી દૃષ્ટિમાં કંઈક પ્રબળપણું આવ્યું છે. તેથી પદાર્થોનો એવો પ્રેમ જાગે છે કે 'આ બધી શુભક્રિયાઓ હું તે ભવવૈરાગ્ય, અખંડ પ્રભુપ્રીતિ વગેરે જાગ્રત રાખીને કરું.'- આ થઈ **'અર્થપ્રયોગમાત્રપ્રીતિ.'** આ પણ કાંઈ નાની સુની વસ્તુ નથી સમજવાની. અલબત એ શ્રદ્ધાયુક્ત બોધ જાગ્યો હતો ત્યારે તો સમ્યક્ જાગ્યો તો', પણ વંદનાદિ પ્રયોગકાળે એ બોધના પદાર્થોના સાક્ષાત્ ઉપયોગ કરી શકતો નથી, છતાંય એનો એવો ઉપયોગ કરવા અંગે તમન્ના જાગે છે. તેટલી વસ્તુ પણ કેવી વિશેષતાવાળી છે, એ આગળ ઉપર ત્રીજી દૃષ્ટિના વિકાસના વર્ણનને જાણવાથી સમજાશે, બાકી જેવી આ શ્રદ્ધેય અર્થનો ઉપયોગ કરવાની પ્રીતિ થઈ છે તેવો પ્રમાણમાં થોડો પ્રયત્ન પણ જાગે છે ખરો, એ કાષ્ઠના અગ્નિકણ જેવું કાર્ય થયું.

**(૪) ચોથી દીપ્રાદૃષ્ટિનો બોધ** તો દીવાની પ્રભા જેવું કાર્ય કરે છે. માટે તે પૂર્વના ત્રણ બોધ કરતાં અધિક ચઢીયાતો છે. એમાં બોધના સંસ્કારોનો ટકાવ અને શક્તિ સદ્ધર હોય છે. તેથી પ્રયોગસમયે સ્મૃતિય સારી હોય છે.

**સદ્વૃત્તિ અને સત્પ્રવૃત્તિનો મેળ :- ઓઘદૃષ્ટિમાં** ચેતનપક્ષની શ્રદ્ધાય નહોતી, તેથી જ્ઞાનદશાય નહોતી. **યોગદૃષ્ટિમાં** ચેતનપક્ષ ઊભો થયો છે. આત્મા-પરમાત્મા, આલોક-પરલોક, સંસાર-મોક્ષ વગેરેની વિચારણા થઈ છે. માત્ર આ તત્ત્વોની શ્રદ્ધા



અને જ્ઞાનદશા પહેલે તબક્કે એવી શક્તિમાન અને સ્થિર હોતી નથી. પરંતુ આત્માના પુરુષાર્થની એ શ્રદ્ધાસહિત જ્ઞાનદશા ખીલવા માંડે છે. એની તાકાત વધવાથી સંસ્કારો વધુને વધુ ટકાઉ બને છે. તેથી એ યોગની ક્રિયાઓમાં ઉપયોગી થાય છે. પરમાત્માને વંદના કરવા વગેરે ક્રિયાઓ યોગની ક્રિયાઓ છે. એ ક્રિયાઓ ઉચ્ચ કોટિની આરાધાવા માટે એમાં યોગદૃષ્ટિના સંમિશ્રણની જરૂર છે. યોગદૃષ્ટિમાંની શ્રદ્ધાયુક્ત જ્ઞાનદશા અને યોગક્રિયાઓ ઓતપ્રોત થાય, અર્થાત્ શ્રદ્ધાના વિષયભૂત જે તત્ત્વો તેની આત્મપરિણતિ સાથે યોગક્રિયાની સાધના થવા માંડે એ ખૂબ જ જરૂરી છે. પછી એનાથી આત્મામાં યોગદૃષ્ટિની મહાન પ્રગતિ થાય છે. **આત્માની પ્રગતિ વૃત્તિ અને પ્રવૃત્તિના આધારે થાય છે. જો વૃત્તિ** એક જાતની, અને **પ્રવૃત્તિ** બીજી જાતની,-તો એના પર તેવી પ્રગતિ થઈ શકતી નથી. તેમ એ પણ એક હકીકત છે કે જો વૃત્તિ સારી હોય તો એને યોગ્ય પ્રવૃત્તિ કેમ ન થાય ? પ્રવૃત્તિ તરફ બેદરકારી, આંખમિંચામણા, કે ઉપેક્ષા જો થાય છે, તો એ સૂચવે છે કે હજી સાચી વૃત્તિ જ જાગી નથી. એકલી વૃત્તિથી કલ્યાણ નહિ થાય.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨,અંક-૪૫,તા.૩૧-૭-૧૯૫૪

## (૪૦) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

આત્માએ અસત્ પ્રવૃત્તિઓમાં જીવનોના જીવનો દિનરાત રચ્યા-પચ્યા રહીને વૃત્તિઓના જે ગુંચાળા આત્મા પર વીંટ્યા છે, એ ઉકેલવા માટે યોગક્રિયાની સત્ પ્રવૃત્તિ જોઈશે. સાથે સદ્વૃત્તિ પણ જરૂરી છે જ. છતાં એટલું ખરું કે **સદ્વૃત્તિ એ સત્પ્રવૃત્તિની અંતર્ગત રહીને જ આત્માને વિકાસમાર્ગે ચઢાવે છે.** ખૂબ લાંબા ગાળા સુધી સદ્વૃત્તિથી મિશ્રિત સત્પ્રવૃત્તિઓ ધમધોકાર ચાલુ રહેવાથી એ સદ્વૃત્તિ ઉત્તરોત્તર વધુ ને વધુ નિર્મળ અને ઉજ્જવળ બને છે, વધુ ને વધુ તાકાત અને પ્રકાશવાળી બને છે. એમ કરતાં કરતાં એવો અવસર ઠેઠ ઉપરની યોગદૃષ્ટિની વૃત્તિને આવી જાય છે કે ત્યાં યોગક્રિયા અને ધાર્મિક અનુષ્ઠાનની આવશ્યકતા નથી રહેતી. પણ પ્રાથમિક સ્થિતિમાં તો સદ્વૃત્તિને સત્પ્રવૃત્તિને ખૂબ ખૂબ સહારો જોઈએ જ છે; અને તે પણ પરાણે નથી લાવવો પડતો. એ તો આજનો દંભયુગ આપણને આ પ્રતિપાદન તરફ પ્રેરે છે કે 'વૃત્તિ' એકલી નહિ ચાલે, પ્રવૃત્તિ જોઈશે;' બાકી ખરી રીતે તો સાચી વૃત્તિ સાચી પ્રવૃત્તિને તાણી જ લાવે છે. એ હિસાબે યોગદૃષ્ટિના



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

બોધની વૃત્તિ સહેજે વંદનાદિ યોગક્રિયામાં સંમિલિત રહે છે. ગ્રંથકાર મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પણ દૃષ્ટિની પ્રબળતાનું માપ વંદનાદિ ક્રિયા સુધી પહોંચવા ઉપર જણાવે છે. એ સૂચવે છે કે વંદનાદિ ક્રિયાઓ તો સાધકના જીવનમાં હોય જ, હોવી જ જોઈએ. એમાં એણે યોગદૃષ્ટિના પ્રકાશને મિલાવવાની જરૂર છે.

**બલાદૃષ્ટિમાં વિકાસ :-** મિત્રા અને તારાદૃષ્ટિવાળો એ નથી મિલાવી શકતો. સંસ્કાર મંદ હોવાથી વંદનાદિ ક્રિયા વખતે એને ખ્યાલ નથી આવતો. બલાદૃષ્ટિવાળો મિલાવવાનો ખ્યાલ કરે છે, મિલાવવા ચાહે છે, અને દૃષ્ટિના સંસ્કારને કંઈક તાજા પણ કરે છે. ત્યારે ચોથી દીપ્રાદૃષ્ટિવાળો સારા વિકસિત પ્રકાશવાળો હોવાથી પ્રયોગકાળે સંસ્કારને સારા તાજા કરી શકે છે, કરે છે; કેમકે સંસ્કાર દૃઢ હોવાથી ટકાઉ છે. તેથી બોધના પદાર્થો અહીં સ્મૃતિપટમાં આવે છે; એટલે એ વંદનાદિ યોગક્રિયામાં ભાવનાશીલ રહે છે. પહેલી દૃષ્ટિ વખતે તો ભાવથી વંદનાદિ કાર્ય કરી જ શકતો નહોતો. ક્યાંથી કરી શકે ? **ભાવને લાવનાર યોગદૃષ્ટિનો પ્રકાશ છે.** પણ ત્યાં તે પ્રકાશ મંદ હતો. અહીં દીવાના પ્રકાશની જેમ તેજસ્વી છે, તેથી કાર્ય સુધી પહોંચી શકે છે; માટે ભાવના જાગ્રત કરી શકે છે. વંદનાદિ કાર્ય ભાવનાથી મિશ્રિત હોય એટલે તો જાગ્રત હૃદયની એ ક્રિયા થાય છે; સ્નિગ્ધ હૈયાની એ પ્રવૃત્તિ બને છે; પણ નહિ કે શૂન્ય, મૂઢ કે શુષ્ક હૃદયની. **ચૈત્યવંદનાદિ ક્રિયાઓ જે અનુપમ લાભ આપનારી બને છે તે એના આરાધક હૃદયની જાગ્રતિ અને સ્નિગ્ધતા ઉપર બને છે. અતિ ઉત્તમ લાભપ્રદ શુભક્રિયાઓ પણ મામુલી તુચ્છ લાભ આપનારી નીવડે છે એનું કારણ હૃદયની શૂન્યતા, મૂઢતા કે શુષ્કતા છે.** સંસારની ક્રિયાઓ હોંશીલા હૈયે થાય, ભીના હૃદયે થાય, બરાબર સાવધાન દિલથી થાય, અને ધાર્મિક થાય, અને ધાર્મિક ક્રિયા કરવા ટાણે જીવને જાણે કીડીઓ ચઢે, કે તાવ ચઢે ! -એ કેટલું આશ્ચર્ય અને અફસોસકારી છે ? થવું તો ઊલટું જોઈએ. **પાપની પ્રવૃત્તિ વખતે હૈયું શૂન્ય ને શુષ્ક રહેવું જોઈએ, નિરાશ અને નિરુત્સાહ રહેવું જોઈએ. ધર્મપ્રવૃત્તિ વખતે તો ભારે હોંશ, ઉત્સાહ, સાવધાની અને સ્નિગ્ધતા જોઈએ. પણ આ બને ક્યારે ? યોગદૃષ્ટિના વિકસિત બોધની સિદ્ધિ થાય ત્યારે.** મિત્રાદૃષ્ટિથી મથતો મથતો આત્મા જ્યારે ચોથી બલાદૃષ્ટિમાં ચઢે છે ત્યારે ભાવના પૂર્વક હોંશીલી ધર્મપ્રવૃત્તિ કરી શકે છે. એ વખતે એને બોધના સંસ્કારોથી થતી સ્મૃતિના યોગે સંસારની અસારતા વગેરેનો ખ્યાલ છે.





# (૪૧) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**બલાદૃષ્ટિમાં ખામી :-** શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે અહીં વંદનાદિ કાર્યમાં પ્રયોગ દ્રવ્યપ્રયોગ છે; અર્થાત્ વંદન દ્રવ્યવંદન છે.

**પ્ર.-** એક બાજુ '**ભાવથી** વંદનાદિ કાર્ય કરે છે' એમ કહો છો; અને બીજી બાજુ 'વંદનાદિ કાર્યમાં દ્રવ્યપ્રયોગ છે, અર્થાત્ વંદન દ્રવ્યવંદન છે' એમ કહો છો. બે કથનમાં શું પરસ્પર વિરોધ નથી ?

ઉ.- ના, ભાવથી વંદનાદિ કાર્ય કરે છે એનો અર્થ પૂર્વે કહ્યો છે, તે એ છે કે ચોથી યોગદૃષ્ટિના પ્રકાશના સંસ્કાર સ્થિર હોવાથી, એ વંદનાદિ કાર્ય વખતે જાગ્રત થઈ સ્મરણ ઉત્પન્ન કરે છે. એથી શુભભાવના ઝળકતી રહે છે. સંવેગ-વિરાગાદિ પદાર્થોનો બરાબર ખ્યાલ હોય છે. આ બધાના યોગે વંદનાદિ કાર્ય જે કરે છે તે વેઠથી કે દુન્યવી લાલચથી કે શૂન્ય મને નહિ, પણ હૃદયના ભાવથી કરે છે. માટે કહ્યું કે ભાવથી કરે છે. આમ છતાં જે વંદનમાં પુરુષાર્થ થાય છે, પ્રયોગ-પ્રયત્ન થાય છે, એને 'ભાવ'ની કોટિમાં-ભાવનિક્ષેપમાં આવવાની વાર છે. હજી એ 'દ્રવ્ય' નિક્ષેપમાં છે. આનું કારણ સ્પષ્ટ છે. આ જીવ હજી સમ્યક્ત્વવાળો નથી. સમ્યક્ત્વ પાંચમી દૃષ્ટિમાં હોય છે; અને આ છે ચોથી દૃષ્ટિમાં. છતાં અહીં મિથ્યાત્વ એટલું બધું મંદ છે કે પ્રથમ ગુણસ્થાનકનો અહીં પ્રકર્ષ છે; ઉચ્ચતા છે. આમાં કારણભૂત છે વંદનાદિ કાર્યમાં તેવા પ્રકારની ભક્તિપૂર્વકનો પ્રયત્ન વિશેષ. પહેલું ગુણઠાણું તો મિથ્યાત્વનું છે. એમાં ગુણસ્થાનકપણું શું ? આવો પ્રશ્ન ઉઠે છે. એનું સમાધાન આ કરવામાં આવે છે કે અલબત મિથ્યાત્વ એ દોષરૂપ છે, આત્માનો અવગુણ છે, કિન્તુ એની જ્યારે મંદતા થાય છે ત્યારે આત્મામાં માર્ગાનુસારીના ન્યાય સંપન્નતા વગેરે ગુણો પ્રગટે છે. ભવોદ્વેગ અને મોક્ષપ્રેમ પણ અહીં પ્રગટે છે. આ ગુણોને હિસાબે એ આત્મા માત્ર દોષભર્યો છે એમ ન કહેવાય; કિન્તુ ગુણસંપન્ન કહેવો જોઈએ. સમ્યક્ત્વ-સમ્યગ્દર્શન હજી પ્રગટ્યું નહિ હોવાથી અવસ્થા મિથ્યાત્વવાળી છે; તેમ સમ્યક્ત્વ ગુણસ્થાનકમાં તો અશુભ કર્મ ઘણાં ઓછાં બાંધે છે, જ્યારે અહીં અમુક અમુક વધુ અશુભ કર્મ એ બાંધે છે-ભોગવે છે, માટે પણ એનું સ્થાનક મિથ્યાત્વનું છે. પણ ઉપરોક્ત ગુણોને લીધે એ પણ **ગુણસ્થાનક** કહેવાય છે. એમાં ચોથી દૃષ્ટિમાં બોધના સંસ્કારોથી જે પટુસ્મૃતિ થાય છે, તેને લીધે નીપજતા ઉચ્ચ ભાવોલ્લાસ સહિત યોગક્રિયાઓના હિસાબે ઉત્કૃષ્ટ ગુણસ્થાનક



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

દશા છે. માત્ર હવે સમ્યક્ત્વ પ્રગટ કરવાનું છે, જેથી વંદનાદિ પ્રયોગ ભાવપ્રયોગ થાય તે પાંચમી દૃષ્ટિમાં પ્રગટી જાય છે.

**(૫) સ્થિરાદૃષ્ટિ રત્ન જેવી :-** યોગદૃષ્ટિમાં અધિકાધિક પુરુષાર્થ કેળવવા હિસાબે આંતરપ્રકાશ વધતો જાય છે. તે પાંચમી સ્થિરાદૃષ્ટિમાં રત્ન જેવો પ્રકાશ નીપજે છે. દીવાના પ્રકાશ માટે તો તેલ-વાટ-પાત્રની જરૂર રહે છે, તેથી એ સ્થાયી નથી; તેમ તેવો તેજસ્વી નથી. રત્નને એ બધી જરૂર નથી. એનો પ્રકાશ સ્થાયી તથા તેજસ્વી હોય છે. તેવી રીતે આ સ્થિરાદૃષ્ટિમાં જાગેલો બોધ અર્થાત્ પ્રગટેલી રુચિ અને જ્ઞાનદશા સ્થાયી અને ખૂબ જોરદાર અસરકારક હોય છે. કેમકે એ ગ્રન્થિભેદ કરેલાને જ થાય છે. ગ્રન્થિ એટલે રાગદ્વેષની મજબુત ગાંઠ; જે કદાપિ આખા સંસારમાં આજસુધીમાં જીવ વડે ભેદાઈ નથી, તેનો નાશ એ ગ્રન્થિભેદ. એ થાય ત્યાં અતત્ત્વની રુચિનો અંત આવે છે. મિથ્યાદૃષ્ટિઓએ ઊભા કરેલા અસત્ તત્ત્વોની રુચિનો નાશ થાય છે. ચાર દૃષ્ટિ સુધી આવેલા જીવે વૈરાગ્ય ઝગમગતો કેળવ્યો હતો, મોક્ષપ્રીતિ જોરદાર ઊભી કરી હતી, ધર્મ પર અનન્ય રાગ જગાવ્યો હતો. પરંતુ સર્વજ્ઞ કથિત તત્ત્વો પર પ્રીતિ અને અજ્ઞાનીએ યોજેલા કુમત ઉપર તદ્દન અરુચિ ઊભી નહોતી કરી. તેથી જ એ વાસ્તવિક **'વેદ્યસંવેદ્યપદ'** પ્રાપ્ત નહોતો કરી શક્યો. (આનું વિવેચન આગળ ઉપર દૃષ્ટિના વર્ણનમાં આવશે.) પાંચમી દૃષ્ટિમાં આ બધું ઊભું થાય છે. તે પાછું મજબુત પાયે. તેથી આત્માનું અનાદિનું વલણ આખુ પરાવર્તન પામી ગયેલું, અને ચોક્કસરૂપે તાત્ત્વિક પરિણતિવાળું બની ગયેલું હોય છે. એ કેવું હોય છે એને ગ્રંથકાર પોતે આ રીતે કહે છે:-એ **'અપ્રતિપાતિ'**=નાશ ન પામનારું હોય છે. એટલું જ નહિ પણ **'પ્રવર્ધમાન'**=વધતા જતા, વિકસતા જતા સ્વરૂપવાળું હોય છે. પાછું તે **'નિરપાય'**=દોષ અને નુકસાન વિનાનું હોય છે. તેથી જ **'ન અપરપરિતાપકૃત્'** હોય છે. અર્થાત્ બીજાને સંતાપ કરનારું હોતું નથી. ઊલટું આનું આ તાત્ત્વિક પરિણતિવાળું બોધમય વલણ **'પરિતોષહેતુઃ'** એટલે કે સ્વને અને પરને વિપુલ આનંદકારી હોય છે; તેમજ પ્રાયે કરીને **''પ્રણિધાનાદિયોની''** અર્થાત્ ચારિત્રાદિની સાધનાને વિષે પ્રણિધાનાદિને જન્માવનારું હોય છે. **''ષોડશક પ્રકરણ''** નામના ગ્રન્થમાં પ્રણિધાન વગેરેનું વર્ણન કર્યું છે.

**પ્રણિધાનાદિ પાંચ છે :-** પ્રણિધાન-પ્રવૃત્તિ-વિઘ્નજય-સિદ્ધિ અને વિનિયોગ. સ્થિરાદૃષ્ટિનો બોધ આને જન્માવે છે. એટલે સાધના જાણે હવે શરૂ થાય છે. **પ્રણિધાનમાં એકાગ્રતા** અને કર્તવ્યનો નિર્ણય આવે છે. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં પોતાના મન પર સ્પષ્ટ અને ચોક્કસપણે એ આવી જવું જોઈએ કે ''પોતાને શું કરવાનું છે ? જે કરવાનું છે તેનું સ્વરૂપ-વિધિ વગેરે શા છે ?...'' ઇત્યાદિ કર્તવ્ય



નિર્ણય છે. એ પછી **પ્રવૃત્તિ** આવે છે. એમાં કરેલા નિર્ણયનો અમલ છે; નિર્ણય મુજબ પ્રવર્તવાનું આવે છે એમાં વચમાં જે વિઘ્નો ઊભા થાય તેને સ્થિર અને દૃઢ મને સાત્ત્વિકતાથી જીતવાના છે, પાર કરવાના છે; પણ કાર્યપ્રવૃત્તિને ફલસિદ્ધિએ પહોંચે ત્યાં સુધીમાં અટકાવવાની નથી. આનું નામ **વિઘ્નજય** છે. એ રીતે પ્રવૃત્તિ કરતાં કરતાં ધારેલ ફળની પ્રાપ્તિ થાય તેનું નામ **સિદ્ધિ** છે. સિદ્ધિ થયા પછી બીજાને આ શુભ પ્રવૃત્તિમાં જોડી ફળ સુધી પહોંચાડવા માટે પોતાની સિદ્ધિનો અન્યમાં વિનિયોગ કરવાનો હોય છે. **વિનિયોગ** એટલે પોતાને પ્રાપ્ત થયેલ વસ્તુનો જે અધિકાર, તે અધિકારવાળી વસ્તુનું બીજાને દાન, બીજામાં સ્થાપન. આના પર બહુ સુંદર વિવેચન છે; પણ તે ઠીક ઠીક અવકાશ માગે છે. તે અત્રે નહિ હોવાથી, અત્રે તો માત્ર શબ્દાર્થથી વર્ણવ્યું છે. પરંતુ દરેક ધર્મપ્રવૃત્તિ આ ક્રમે, આ રીતે કરવી અત્યંત જરૂરી છે. જો એનાથી વાસ્તવિક લાભ અને ઉન્નતિ જોઈતી હોય તો;- એ જરાય ભૂલવા જેવું નથી. નહિતર આજસુધી જેમ પ્રણિધાન વગેરે સાચવ્યા વિના ધર્મક્રિયા કરતા આવ્યા, તેમ હજીય કર્યે જઈશું, તો તેથી પુણ્યનો લાભ તો થશે, પણ ભવના ભ્રમણ મીટશે નહિ; ભવના ભ્રમણ મીટવા જોગી પરિસ્થિતિ ઊભી નહિ થાય. દા.ત. પ્રભુદર્શનની ક્રિયાએ ચાલ્યા અને દર્શનક્રિયા કરી પણ ખરી, પરંતુ તે પૂર્વે શું કરવા જાઉં છું એ ન વિચાર્યું તો દર્શનમાં શું કરવાનું થશે ? માત્ર એટલું જ કે ''આ અમુક ભગવાનની મૂર્તિ છે, સારી આંગીવાળી છે....'' વગેરે વગેરે. એજ ને ? પણ જો પ્રણિધાન કરી એમ ધાર્યું હોત કે હું વીતરાગ પ્રભુના દર્શને જવા ચાહું છું. એ દર્શનમાં પ્રભુના જીવનને વિચારવા, અને એમાંથી મારા આત્માને સારું આલંબન લેવા ઇચ્છું છું; તો દર્શન કરવા જવાના પગલા જુદી રીતે ઉપડત; દર્શન કોઈ અલૌકિક રીતે થાત. પાછા એમાં બીજા વચમાં વિઘ્ન, જેવાં કે, આજુ-બાજુમાં કોઈ કૌતુક, કોઈનું આપણને બોલાવવું વગેરે, ઊભાં થાત તો તેનો વિજય કરીને એટલે કે એને વશ બન્યા વિના આપણી દર્શનક્રિયા અખંડ પાર ઉતારી હોત, અને ફલસિદ્ધિ સુધી પહોંચી જાત જેવું દર્શનમાં, એવું વ્યાખ્યાન શ્રવણમાં. ત્યાં પણ ઠેઠ ઘરેથી પ્રણિધાન કરવું જોઈએ. પછી શ્રવણની વ્યવસ્થિત પ્રવૃત્તિ વિઘ્નજયપૂર્વક થવી જોઈએ. જેથી વૈરાગ્યવૃદ્ધિ અને તત્ત્વસમજરૂપી ફલની સિદ્ધિ નિશ્ચિત આવીને ઊભી રહે. પછી એનો બીજામાં વિનિયોગ, એટલે કે પ્રભાવના, આમ પ્રણિધાનાદિ પાંચ કોઈ પણ ધર્મસાધક માટે ખૂબ જ આવશ્યક છે.

**શ્રદ્ધા સાથે સાધનાઓ જોઈએ :-** સ્થિરાદૃષ્ટિમાં આત્માનું બોધમય વલણ જે અપ્રતિપાતી, વર્ધમાન, નિરપાય પરને અસંતાપક, તથા આનંદદાયી, અને પ્રાયઃ પ્રણિધાનાદિયોનિ હોય છે, તે સૂચવે છે કે આપણા આત્મામાં **ચોક્કસ પ્રકારની**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**સંગીન યોગદૃષ્ટિ નિશ્ચિત કરવી હોય તો અંતરાત્માનું બોધમય વલણ. તથા હૃદયની શ્રદ્ધાસહિત જ્ઞાનદશા આ ૭ વિશેષણથી યુક્ત બનાવ્યા વિના નહિ ચાલે.** મહાન પુણ્યના ઉદયે પ્રાપ્ત થયેલ આ માનવભવ અને તત્ત્વબોધક સામગ્રીમાં જે કાંઈ આધ્યાત્મિક દશા જાગી, મોક્ષાનંદીપણું પ્રગટ્યું, પરમાત્મમાર્ગે આકર્ષણ થયું; એ બધું હવે એવું ? અપ્રતિપાતી બનવું જોઈએ; એટલે કે કાયમી બનવું જોઈએ કે જેથી હવે કદીય ભૌતિકમૂર્છા, સંસારાભિનંદિતા અને પ્રમાદમાર્ગે આકર્ષણ ન થાય. પાછી એ આધ્યાત્મિકતા વગેરે વધતી ચાલવી જોઈએ. એમાં કોઈ દોષ ન રહેવા પામે, તેમ બીજાને આપણી એ આધ્યાત્મિકદશા અને આચરણાથી સંતાપ તો નહિ પણ સંતોષ થતો આવે એવું અવશ્ય કરવું જોઈએ. છેવટે એના ઉપર પ્રણિધાન-પ્રવૃત્તિ આદિના ક્રમે ચારિત્રાદિ યોગકાર્યોની સાધના વધતી ચાલે એવું કરવાની ખાસ જરૂરી છે. શ્રદ્ધાની ઊંચી ભૂમિકાએ પહોંચવા માત્રથી કાર્યસિદ્ધિ નથી; એના ઉપર ચારિત્રાદિની સાધનાઓ જરૂરી છે; એવું આ છઠ્ઠું વિશેષણ 'પ્રણિધાનાદિયોનિ' કહે છે.

**સાધના 'પ્રાયે' શા માટે :-**

**પ્ર.-** સ્થિરાદૃષ્ટિના બોધને જે **'પ્રણિધાનાદિયોનિ'** કહ્યો તે **'પ્રાયઃ'** કહ્યો. શા માટે ભાઈ ! 'પ્રાયઃ' ? કેમ નિયમા નહિ ? આ બોધ તો તેજસ્વી છે, પછી ચારિત્રાદિની ઉચ્ચ સાધનાઓના પ્રણિધાન-પ્રવૃત્તિ વગેરે અવશ્ય કેમ ન થવા માંડે ?

ઉ.- સામાન્ય રીતે તો થાય છે જ. પરંતુ જ્યાં આયુષ્ય પૂર્ણ થઈ વચમાં દેવ વગેરેનો ભવ થાય ત્યાં વચમાં વિસામા જેવું થાય છે, અને તેટલો કાળ સાધના અટકી પડે છે. પરંતુ તેથી પ્રયાણ બંધ નથી પડતું. વિસામો પુરો થયે સાધના પાછી ચાલુ થાય છે. એ વસ્તુ આગળ કહેવાના છે. બાકી સ્થિરાદૃષ્ટિમાં રત્ન પ્રકાશ જેવો બોધ બહુ સંગીન બોધ છે, અને સાધનાનો પ્રેરક છે.

**(૬) કાન્તા દૃષ્ટિમાં તારાના પ્રકાશ જેવો બોધ :-** છઠ્ઠી કાન્તા નામની યોગદૃષ્ટિમાં બોધની માત્રા વધે છે. જેમ રત્ન કરતાં તારાનો પ્રકાશ વધારે હોય છે, તેમ અહીં સ્થિરા કરતાં કાન્તામાં બોધ વધુ તેજસ્વી બનેલો હોય છે. એવો તેજસ્વી કે, અહીં જે ચારિત્રાદિ યોગાનુષ્ઠાનની સાધના ચાલે છે. તે બોધના પ્રતાપે સહજ ભાવે (૧) નિરતિચાર હોય છે. અંતરમાં સમ્યગ્રુચિ અને જ્ઞાનદશા એટલી બધી ઝળહળતી થઈ ગઈ હોય છે કે યોગના અનુષ્ઠાનમાં સહજ રીતે અતિચાર, સ્ખલના કે દોષનું નામ-નિશાન રહેવા પામતું નથી. કેમકે શુદ્ધ અનુષ્ઠાન સાથે આત્માનું વલણ એટલું બધું ઓતપ્રોત થઈ ગયેલું છે ! સ્થિરાદૃષ્ટિમાં **બોધના** વિશેષણો કહ્યા હતા. અહીં **અનુષ્ઠાનના** વિશેષણો કહે છે. તેમાં પહેલું નિરતિચાર કહ્યું. બીજું વિશેષણ, અનુષ્ઠાન (૨) **શુદ્ધોપયોગાનુસારી** હોય છે; અર્થાત્ અનુષ્ઠાન આત્માના સતત



ઉપયોગપૂર્વક હોય છે, સતત તાત્ત્વિક જાગ્રતિવાળું, ચોક્કસ સાવધાની અને ખ્યાલવાળું હોય છે. તે ઉપયોગ પણ શુદ્ધ હોય છે. અર્થાત્ ત્યાં અનુષ્ઠાનના ફળ રૂપે યત્કિંચિત્ પણ આશંસાભાવ હોતો નથી. માત્ર સહજભાવે સાવધાનપણે તત્ત્વદૃષ્ટિ સાથે કાર્ય સાધ્યે જવાનું. જેમ સૂર્ય સહજભાવે ગગનપર્યટન અને પ્રકાશકરણનું કાર્ય કરે છે, એવી રીતે પોતાના સહજ કર્તવ્ય તરીકે મનમાં બરાબર તત્ત્વનો ખ્યાલ રાખીને એમનેમ અનુષ્ઠાન થયે જાય છે. વળી (૩) તે અનુષ્ઠાન **'વિશિષ્ટ અપ્રમાદ સહિત'** હોય છે. અપ્રમાદ એટલે પ્રમાદ નહિ. **પ્રમાદ** મદ્ય-વિષય-કષાય-નિદ્રા-વિકથા એમ પાંચ પ્રકારે, અને અજ્ઞાન-સંશય-ભ્રમ વગેરે આઠ પ્રકારે છે. એમાંના કોઈપણ પ્રમાદની જ્યાં હયાતિ નહિ તે અપ્રમાદ. તે પાછો વિશિષ્ટ કોટિનો; એટલે કે સ્થૂલ તો શું પણ વિષયના સૂક્ષ્મ પણ આકર્ષણ નહિ, સૂક્ષ્મ પણ કષાય-રાગ-દ્વેષાદિ કે હાસ્યભયાદિ નહિ, સૂક્ષ્મ પણ અજ્ઞાન-ભ્રમ-વિસ્મરણ વગેરે નહિ. એટલી બધી ઉચ્ચ સાવધાનીવાળી યોગસાધના ચાલી રહી છે. સાથે (૪) તે સાધના **વિનિયોગપ્રધાન** હોય છે. અર્થાત્ પૂર્વે જે પ્રણિધાનાદિ પાંચ કહ્યા એમાં જે પાંચમો **'વિનિયોગ'** તે મુખ્યપણે પ્રવર્તે છે. પોતાને પચી ગયેલા તત્ત્વની અને નીપજેલી કાર્યસિદ્ધિની જગતના જીવોને પ્રાપ્તિ કરાવવાનો પુરુષાર્થ આ મહાપુરુષને સારો હોય છે. વળી (૫) આ દૃષ્ટિમાં અનુષ્ઠાન ખૂબજ **ગંભીર અને ઉદાર આશયવાળા** હોય છે. ગંભીર એટલે બહુ ઊંડા તત્ત્વવિચારવાળા, અને ઉદાર એટલે બહુ વિશાલ અભિપ્રાય, વિશાલ ભાવના, વિશાલ દૃષ્ટિવાળા અનુષ્ઠાન હોય છે. અથવા ચોથું પાંચમું વિશેષણ એક સમજી એમ કહો કે એમના ચિત્તમાં વર્તતા ઉમદા આશયમાં વિનિયોગનો આશય મુખ્ય હોય છે. એનું કારણ એમના દિલમાં વિશ્વવાત્સલ્ય છે, જીવો પર ભાવદયાનો અખંડ સ્રોત વહી રહ્યો છે. એટલે એ ઉત્તમ પરોપકારના ચિંતક છે.

**(૭) પ્રભાદૃષ્ટિ સૂર્ય જેવી :-** સાતમી પ્રભા નામની યોગદૃષ્ટિમાં સૂર્યના પ્રકાશની માફક ઝગમગતો બોધ હોય છે. પૂર્વના બોધ કરતાં આ બોધની વિશેષતા વળી એવી હોય છે કે **આમાં તત્ત્વપરિણતિ અને જ્ઞાનદશાના ઉત્કટ વિકાસને યોગે આત્મા સ્વમાં જ વધુ લીન બને છે.** તેથી અહીં બીજા અનુષ્ઠાનોની પ્રચુરતાને બદલે ધ્યાનની વિશેષતા રહે છે; તેમ વિનિયોગ રૂપી બીજાને ઉપકાર કરવાના વિચાર કરવાને બદલે લગભગ વિચાર-વિકલ્પ રહિત અવસ્થા હોય છે. માટે કહે છે કે (૧) આ દૃષ્ટિમાંનો બોધ જીવને **સદા ધ્યાનમાં** રાખનારો હોય છે; જેમકે, મહાત્માઓ ચારિત્ર અવસ્થામાં કેવળજ્ઞાની બન્યા પૂર્વે રહેતા હતા. તેમજ (૨) અહીં પ્રાયઃ **વિકલ્પનો અવસર નથી હોતો.** અર્થાત્ મન સારા પણ સંકલ્પ-વિકલ્પોમાં પ્રાયઃ ડૂબતું નથી. જીવો પર કૃપા, ને શિષ્યો પ્રત્યે ઔચિત્ય અંગે અવસરે કોક વિકલ્પ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

એટલે વિચાર આવી જાય એ જુદી વાત. દા.ત. શ્રી મહાવીર પ્રભુએ 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિઆ' કહેવા પૂર્વે અને કહેતી વખતે જે વિચાર કર્યો તે પરંતુ તે વિકલ્પ તો પાછો સારો જ હોય છે. તોય સતત આવા સારા વિચારો કર્યે જ જવાનો અહીં અવકાશ નથી. કેમકે એટલી બધી ઊંચી એકાગ્ર તત્ત્વના ધ્યાનમાં ઓતપ્રોત રહેવાની અવસ્થા પ્રગટી ગઈ છે ! દિવસ અને રાત એકાગ્ર તત્ત્વચિંતન અને આત્મધ્યાનમાં એ મસ્ત રહે છે. તેથી (૩) અહીં વિષયજનિત કે વિકલ્પજનિત સુખ નથી, પરંતુ **પ્રશમના ઘરનું સુખ** હોય છે. પ્રશમ એટલે કષાયનો પ્રબળ ઉપશમ; ચિત્તની સમતા-નિસ્પૃહતા વગેરેને લીધે બનેલી અનુપમ શાંતિ અને સ્વસ્થતા. આ પ્રશમના હિસાબનું જે સુખ, જે આનંદ, તેની જ ભરપૂરતા હોય છે. તેથી ઈન્દ્રિય કે મનના વૈકલ્પિક સુખની અહીં કોઈ પરવા નથી, કોઈ લક્ષ જ નથી, એની લેશ પણ કિંમત નથી. ચિત્તના પ્રશમસુખના સરોવરમાં સર્વાંગીણ આત્મસ્નાન હોય છે. (૪) ધ્યાન, રમણતા, નિર્વિકલ્પપ્રાય દશા અને પ્રશમમયતાની પ્રભાથી દીપ્તિમાન બનેલા આ દૃષ્ટિવાળા આત્માને અહીં **અન્ય શાસ્ત્રો અકિંચિત્કર** બને છે. અન્ય શાસ્ત્રો એટલે સાધ્વાચારના ગ્રહણ-આસેવન શિક્ષોપયોગી શાસ્ત્રો, પ્રકરણ ગ્રન્થો, તત્ત્વ નિરુપક શાસ્ત્રો વગેરે એમને ઉપયોગી કે નિયામક બનતા નથી. કહો કે એમની ઉચ્ચ આત્મદશા એવા શાસ્ત્રોથી પર બની ગઈ છે. માત્ર જે શાસ્ત્રમાં નિશ્ચય શુદ્ધ આત્મદશાનું વર્ણન હોય છે, એના પ્રતિપાદન એમની સાથે સંબંધ ધરાવે છે. પણ તે સંબંધ ધરાવે એટલું જ. બાકી આ સાધકને એમ વિચારવાની જરૂર નથી રહેતી કે "મારે નિર્વિકલ્પ અવસ્થામાં કઈ રીતે રહેવું ? શાસ્ત્ર કહે છે ?..." વગેરે; એ તો એટલા બધા સ્વાત્મનિષ્ઠ બની ગયા હોય છે કે, (૫) એમનું **અનુષ્ઠાન સમાધિનિષ્ઠ** હોય છે. શાસ્ત્રનાં વિધાન શા છે એ કાંઈ એમને વિચારવાનું કે શાસ્ત્ર જોવા જવાનું એમને હોતું નથી. પણ શાસ્ત્રે આ ઉચ્ચ અવસ્થા માટે જેવી અનુષ્ઠાનની સ્થિતિ કહી છે તેવી સ્થિતિ એમના આત્મામાં નૈસર્ગિક બની જાય છે. સાધક આત્માને યોગદૃષ્ટિના વિકાસમાં સહજ રીતે યોગના અનુષ્ઠાન એવાં ઘડાઈ આવે છે કે એ અનુષ્ઠાન સમાધિનિષ્ઠ બની જાય છે. સમાધિનિષ્ઠ એટલે સમાધિમાં રહેલાં. ઉત્તમ કોટિની ભાવસમાધિવાળી સ્થિતિની સાથે જાણે એકમેક થયેલાં અનુષ્ઠાન હોય છે. તાત્પર્ય એ છે કે આત્માની જે વિકલ્પ રહિત સમાધિમય દશા હોય છે, પ્રશાન્ત મહા સાગર જેવી નિર્વિકાર અને નિર્વિચાર અવસ્થા હોય છે, તેની સાથે એકત્વભાવાપન્ન એટલે એ એકરૂપ બની ગયેલ અનુષ્ઠાન હોય છે. અનુષ્ઠાન કરાયે જાય છે, પણ એનો કોઈ વિચાર-વિકલ્પ નથી. તેથી કહો કે 'આ મારે કરવું છે, આ મેં કર્યું' એવું કાંઈ વિચારવાનું હોતું



નથી, પણ સહજભાવે થઈ જાય છે. છતાં એટલું સમજવાનું છે કે આ સંમૂર્છિમ મૂઢ ક્રિયા નથી, પણ ઉચ્ચ જાગ્રતિવાળી ક્રિયા છે. (૬) આવા યોગાત્માની પાસમાં ક્રૂર પ્રાણીઓ પણ વૈર-ક્રૂરતા વગેરે ભૂલી જાય છે. એટલી બધી ઊંચી આંતરિક યોગદૃષ્ટિના પ્રભાવે એમની શીતલ મુદ્રા અતિરોચક બની ગયેલી હોય છે. એમના હૃદયમાં નિર્મળતા, સૌમ્યતા, પ્રશાન્તતા, તત્ત્વતન્મયતા, આત્મસ્વરૂપરમણતા વગેરે જ વસેલા હોવાથી એમના શરીર પર અને આસપાસ જાણે હિમ જેવા ઠંડા અતિ પ્રિય પરમાણુખંધો વ્યાપ્ત બની જાય છે, જેની અસર બીજાઓ પર પડે છે અને એના વૈરાદિ ભૂલાવી દે છે. વળી (૭) જીવો પર શ્રેષ્ઠ **અનુગ્રહ કરનારા** આ મહર્ષિઓ હોય છે. એમના હૃદયમાં જીવો પર અપરંપાર કૃપા હોય છે, અનુપમ વાત્સલ્યભાવ હોય છે. ઉપરાંત (૮) વિશેષે કરીને **શિષ્યવર્ગ પર ઔચિત્યનેય** ધરનારા હોય છે. ગુરુ તરીકેના ઉચિત ભાવને એ ભૂલનારા નથી હોતા. સાથે (૯) સ્વ-પર પ્રત્યેની એમની **ઉત્તમ શુભ પ્રવૃત્તિ** સફલ હોય છે; નિષ્ફળ નથી જતી. આ સાતમી 'પ્રભા' નામની દૃષ્ટિની અવસ્થા કહી.

**(૮) પરાદૃષ્ટિ ચંદ્રસમી :-** આઠમી પરા નામની દૃષ્ટિમાં ચન્દ્રના પ્રકાશના જેવો બોધ હોય છે. સૂર્યનો પ્રકાશ ચકચકતો ખરો, પણ ઉષ્ણ હોય છે. તેમ સાતમી દૃષ્ટિમાં બોધ મહાતેજસ્વી, મહાન શક્તિમાન ખરો, પરંતુ સાથે કોઈક વિકલ્પરૂપ ઉષ્ણતા ખરી. ત્યારે ચંદ્રની ચન્દ્રિકા, જ્યોત્સ્ના તેજસ્વી હોવા સાથે મહાશીતલ હોય છે. તેવી રીતે આઠમી પરાદૃષ્ટિમાં બોધ એટલે આત્માની તત્ત્વસંવેદન સાથે જ્ઞાનદશા સર્વોચ્ચશીત તેજ અને શક્તિશાળી હોય છે. તેથી (૧) સદા એ બોધ સમ્યગ્ ધ્યાનરૂપ જ હોય છે. મનનું વલણ જ હવે એવું થઈ ગયું છે કે ધ્યાનમગ્ન જ રહે. તેથી જ, (૨) મનને **હવે સંકલ્પવિકલ્પો કરવાનો અવસર જ નથી.** (૩) સંકલ્પવિકલ્પો ન હોવાના હિસાબે **શ્રેષ્ઠ સુખ** વર્તતું હોય છે; આત્મા સહજ આનંદમાં ઝીલતો હોય છે. આપણે તો સંકલ્પવિકલ્પ પર સુખનો અનુભવ કરીએ છીએ. 'દૂધ ઠીક મીઠું છે' એવો વિકલ્પ મનમાં આવે છે તેથી સુખ લાગે છે. પરંતુ જો વિકલ્પમાં ફરક પડ્યો તો એ સુખ રવાના થાય છે. તેથી જ એ સુખ કૃત્રિમ અને ઠગારૂં છે. 'દૂધ મીઠું ખરું, પણ પાણી જેવું છે,'-એમ વિકલ્પ ઉઠવાથી પેલું મીઠાશના વિકલ્પથી જાગેલું સુખ જતું રહે છે. **વિકલ્પના સુખ સુખાભાસ છે; દુઃખની એ પૂર્વ ભૂમિકા છે.** વિકલ્પના સુખ ભોગવવા એટલે ભાવી દુઃખની ભૂમિકા તૈયાર કરી રાખવા જેવું છે. આઠમી દૃષ્ટિમાં બોધની પરાકાષ્ઠાના હિસાબે **આત્મા પૂર્ણ જેવો થઈ ગયો છે, તેથી વિકલ્પની વાત નથી રહેતી. વિકલ્પ અધુરાને ઉઠે છે. અહીં લગભગ પૂર્ણતા આવી ગઈ છે. એમાં વિકલ્પજનિત કોઈ દુઃખ પણ**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**નહિ. માટે જ સ્વાભાવિક અખૂટ આનંદના અહીં પૂર વહે છે.** એટલે (૪) હવે અહીં **પ્રતિક્રમણ વગેરે અનુષ્ઠાન કરવાના રહેતા નથી.** કેમકે વિકલ્પની જો સ્થિતિ જ નથી તેથી જો એનો કર્મબંધ નથી, તો પાપ ધોવા રૂપ પ્રતિક્રમણ શાનું ? તેમ ધ્યાનમય આત્મા બની ગયો છે, તેથી બીજા પણ અનુષ્ઠાન કરવાના હોતા નથી. યોગનાં અનુષ્ઠાનો આરાધી આરાધીને જે વિકલ્પરહિત શુદ્ધ ધ્યાનમય અવસ્થા પર ચઢવાનું છે, તેના પર ચઢી ગયા પછી અનુષ્ઠાન આચરવારૂપી ચઢવાનું હોતું નથી. જેમ મહેલમાં ચઢી ગયા પછી મહેલમાં ચઢાવનારી સીડી પર ચઢવાનું હોતું નથી, એવું અહીં છે. અનુષ્ઠાનનું ફળ મળી ગયા પછી અનુષ્ઠાનની શી જરૂર ? હવે તો, (૫) **પરોપકારીપણું** ખીલી ઉઠે છે. જીવો પર શ્રેષ્ઠ ઉપકાર જે ભવ્ય આત્મોપકાર, આત્માનો જ ઉમદા ઉદ્ધાર છે, તે કરવાની એમની ખાસીયત રહે છે. અને, (૬) જીવોની **યોગ્યતાને અનુસારે ફળ મળે એવી સફળ ક્રિયા** એમના હાથે થાય છે.

**સત્ દૃષ્ટિ ચાર કે આઠ ? :-** આમ આઠ સત્ દૃષ્ટિના બોધરૂપી પ્રકાશ કેવા ઉત્તરોત્તર ચઢતા ચાલે છે, એનો આછો ખ્યાલ આપ્યો. અહીં પ્રશ્ન કરવામાં આવે છે કે,

**પ્ર.-** રાગદ્વેષની ગ્રન્થિનો ભેદ થયા પછી દૃષ્ટિને સત્ દૃષ્ટિ કહેવાય એ તો બરાબર છે, પરંતુ એ તો ચાર દૃષ્ટિના દીર્ઘકાળને વટાવ્યા પછી બને છે; એમાં તો ચારજ દૃષ્ટિ સત્દૃષ્ટિ રહે. તો પછી એમ કેમ કહ્યું કે સત્દૃષ્ટિ આઠ પ્રકારે છે ?

ઉ.- પ્રથમની મિત્રાદિ ચાર દૃષ્ટિઓ પણ પાછળની સત્ દૃષ્ટિની અવન્ધ્ય કારણ છે, સફળ કારણ છે, તેથી એ પણ સત્ દૃષ્ટિઓ છે. એને યોગાચાર્યો વર્ષોલાનું ગળપણ બનવામાં જરૂરી એવી શેરડી-રસ-કાકબો અને ગોળની સમાન કહે છે. બાકીની ઉપરની પાંચમીથી આઠમી સુધીની ચાર દૃષ્ટિઓ એ ખાંડ-સાકર-મચ્છંડી અને વર્ષોલાની સમાન છે. મૂળ શેરડીમાંથી અને વચમાં શેરડીનો રસ, કાકબો (જાડો, પ્રવાહી ગોળ જેવો રસ)વગેરે બનીને વર્ષોલા બને છે. તથા એ પૂર્વાવસ્થાઓ પણ મધુર છે, રુચિકર છે, તેથી એ જ શેરડી-રસ વગેરે જઈને પરિણામે ખાંડ-સાકર વગેરે થઈ વર્ષોલાં બને છે. એમ અહીં **મિત્રા-તારા** વગેરે દૃષ્ટિઓના બોધ પણ મધુર અને રુચિકારી હોઈ એ જ શુદ્ધ અને વિકસિત થતા થતા સ્થિરાદિ સત્દૃષ્ટિરૂપ થઈ **પરાદૃષ્ટિ**ના બોધરૂપ બની જાય છે.

**પ્ર.-** બોધ રુચિકારી અને મધુર શી રીતે ?

ઉ.- અહીં રુચિ શુભ શ્રદ્ધા સ્વરૂપ છે. પહેલી ચાર દૃષ્ટિઓમાંય રુચિ હોય છે જ. તેમજ મધુરતા તરીકે એનામાં સંવેગની મધુરતા (ગળપણ) પણ હોય છે. સંવેગ એટલે સંસાર પર ઉદ્વેગપૂર્વકની મોક્ષપ્રીતિ ને ધર્મરંગ.



**અભવ્યદૃષ્ટિ :-** આ ભવ્ય જીવો જે યોગદૃષ્ટિમાં આવે છે એની સ્થિતિ છે. પરંતુ જે અભવ્ય જીવો છે એ તો બિચારા કદી શેરડી જેવી મધુર યોગદૃષ્ટિવાળા બનતા નથી, તેથી તે હંમેશા નલ નામની વનસ્પતિ જેવા હોય છે. એ વનસ્પતિમાં રુચિકર મીઠાશની વાત તો દૂર રહી, પણ એના પાણી ઊલટું પગે કહોવાટ અને રોગ કરે છે. એવા આ જીવોય બીલકુલ સંવેગની મધુરતા વિનાના હોય છે; અને સ્વપરને કર્મરોગની નુકસાની કરે છે.

**પ્ર.-** આમાં તો સીધા જીવોને જ નલ વનસ્પતિ જેવા લીધા. પણ જ્યારે શેરડી જેવી તો યોગદૃષ્ટિ લીધી છે; એની સામે નલ વનસ્પતિ જેવી કોઈ દૃષ્ટિ લેવી જોઈએ, એમ વિચારીએ ત્યારે કેમ ?

ઉ.- ત્યાં 'અભવ્યદૃષ્ટિ' એટલે અભવ્ય જીવની દૃષ્ટિ એમ અર્થ ન લેતાં અભવ્ય એવી દૃષ્ટિ જ લેવી. અભવ્ય એટલે અયોગ્ય. એવી દૃષ્ટિઓમાં સંવેગની મધુરતા નથી હોતી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૩૮,તા.૧૬-૬-૧૯૫૬

# (૪૨) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

## ભાવમળનો હ્રાસ : ભાવદયા : મોંઘવારી પૈસાની કે પુણ્યની ?

પૂ. શાસ્ત્રકાર મહર્ષિ આચાર્યપુંગવ શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજ ફરમાવે છે, કે યોગદૃષ્ટિમાં યોગનાં બીજની પ્રાપ્તિ કરવી જોઈએ; તો યોગદૃષ્ટિમાં સારી પ્રગતિ થઈ શકે. પણ પ્રશ્ન એ છે કે,

**પ્ર.- યોગના બીજની** પ્રાપ્તિ ક્યારે થાય ?

ઉ.- જ્યારે આત્મામાંથી **ભાવમળ** વિપુલ પ્રમાણમાં કપાઈ જાય ત્યારે. **યોગબીજને બદલે ભવના બીજનો ઉપાસક આત્મા કાજળ કરતાં પણ વધારે કાળો હોય છે;** જ્યારે આપણે તો આત્મવસ્ત્રને ધોળું બનાવવાનું છે ! એ ઘણો ભાવમળ, આત્માનો કચરો કપાય, ત્યારે ધોળું બને. તે કપાય તો ત્યારે યોગ-બીજની પ્રાપ્તિ થાય.

**પ્ર.-** તો તો પછી કચરો ક્યારે કપાશે તેની શી ખબર પડે ?

ઉ.- ચરમાવર્તમાં આવ્યા પછી જરૂર ભાવકચરો કપાય. જે ચરમાવર્તમાં આવ્યો છે એને હવે એક પુદ્‌ગલ પરાવર્તથી વધુ સંસાર નથી. પણ તેમાં પેસવા



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

માત્રથી મળ ન કપાય; પુરુષાર્થ આદરવાથી કપાય. નહિતર પૂર્વના કાળ કરતાં વિશેષતા શી ? પૂર્વે તો પુરુષાર્થની શક્તિ જ ન હતી, તે આજે છે. મોક્ષના લક્ષવાળો ચરમાવર્તમાં આવે એટલે ચરમાવર્તમાં પુરુષાર્થ આદરવાની યોગ્યતા આવી. ત્યાંસુધી પુરુષાર્થની યોગ્યતા નહોતી. ધર્મના નામના પુરુષાર્થ થતા હતા; પણ તે બધા અસત્. જગતના સૂક્ષ્મ જીવો તરીકે નિગોદમાં રખડતા હતા ત્યારે; તો પુરુષાર્થ પણ નહોતો, અને યોગ્યતાય નહોતી તે ઠેઠ માનવભવ સુધી આવી પહોંચ્યા, છતાં ય ચરમાવર્તમાં રહેવાની યોગ્યતા નહોતી. આજે જો લાગતું હોય કે હું ચરમાવર્તમાં છું, તો સમજો કે યોગ્યતા પ્રાપ્ત થઈ છે, અને તેથી જ પુરુષાર્થ સફળ થશે.

**ભાવમળ ઘટ્યાના ૩ લક્ષણ :**

**પ્ર.**- ભાવમળને કોણે ઘટાડ્યો ગણાય ?

ઉ.- શાસ્ત્રકાર આપણને ત્રણ વાત મુખ્ય બતાવે છે :

**(૧) દુ:ખી જીવો પર અત્યંત દયાવાળો.**

**(૨) ગુણવાન પર ઈર્ષ્યા વિનાનો, પ્રમોદભાવ ધરનારો, અને હૃદયના સ્નિગ્ધ આકર્ષણવાળો, અને (૩) સર્વ પ્રવૃત્તિમાં ઔચિત્યનું સેવન કરનારો.**

આ ત્રણ લક્ષણવાળો જે છે, તેનો ભાવમળ કપાયો છે, ચરમાવર્તમાં આવ્યા પછી ભાવમળ કપાવા માટે એમ થવું જોઈએ કે "મારે હવે ભાવમળ કાપવાનો અવસર છે; એ કાપું એટલે હું યોગબીજનો અધિકારી બનું ! એ બીજનું વાવેતર આત્મક્ષેત્રમાં કરું તો સંસારમાં મારે અનંત પુદ્‌ગલ પરાવર્તો તો શું, પણ અનંત સાગરોપમના કાળ પણ જોવાના નહીં ! એવું અદ્‌ભુત સામર્થ્ય આ યોગનાં બીજમાં છે. ભાવમળના નાશની ભૂમિકાએ જે લક્ષણ બતાવ્યા, તે લક્ષણ મેળવવા હું ઉદ્યમી બનું તો ભાવમળ કેમ નહિ ઘટે ?" ભાવમળનો સંહાર કરવો જ પડશે. તે માટે દુ:ખી જીવો પર **અત્યંત દયા કેળવો, કરુણા કેળવો, કરુણા એટલે દુ:ખીના દુ:ખને દૂર કરવાની ઈચ્છા તે જ કરુણા. આ** એવો ચમત્કારી ગુણ છે કે એની પરાકાષ્ઠાએ પહોંચતાં, આત્મા તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે. વગર ચારિત્રે, વગર તપસ્યાએ તીર્થંકરપણાનું પુણ્ય **! શ્રેણિકે ચારિત્ર નથી લીધું, તપશ્ચર્યા નથી કરી, ને તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું ! શાથી ? જગતનો ઊંચી કોટિની ભાવદયાને ધરવાના પ્રતાપે.** માત્ર ભાવમળનો નાશક આ ગુણ આગળ વધતાં તીર્થંકર પરમાત્મા બનાવી શકે છે.

**આવડત, પ્રતિકૂળતા અને દુ:ખ :**

દયાના બે પ્રકાર છે. દ્રવ્યદયા ને ભાવદયા. દ્રવ્યદયામાં બહારી અગવડ, પ્રતિકૂળતા, અને દુ:ખ ટાળવાની વાત. "કાયાને નહિ, પણ **આત્માને શું અગવડ,**



**પ્રતિકૂળતા કે દુ:ખ છે ? કોઈ અગવડ છે કે નહીં ?" ના નથી લાગતી.** ને 'કાયાને છે ?' 'હા, હજારવાતની અગવડતા છે !' કેવી પામર દશા ! 'હવે ઉનાળો આવ્યો, ગરમી લાગે છે. ખાવાનું સારું નથી મળતું...' બસ આવી આવી કાયાની અગવડ લાગે છે, પણ આત્માની નહીં; એ શું ? અજ્ઞાન દશા છે. **આત્મામાં ભારે અગવડ જોતાં શીખો.** આત્માના આંતર દુશ્મનો રાગ ને દ્વેષ, રતિ ને અરતિ એ જીવને અનેક પ્રતિકૂળતામાં ઉતારે છે. અંતરાયરૂપ બનીને અનંતજ્ઞાન સુખાદિ જેવી સ્વસંપત્તિનો ભોગવટો નથી કરવા દેતાં પોતીકા સુખથી દૂર ને દૂર, અતિ દૂર રાખે છે. સદ્‌ગતિમાં ચઢતા જીવને પગ પકડીને નીચે પટકે છે. શું આ બધી અગવડ નહીં ? હાસ્યાદિ ચેષ્ટાઓ વગેરે પ્રતિકૂળતા રૂપ જ છે. વાતવાતમાં નડે. હમણાં પરમાત્મા સામે દૃષ્ટિ લગાવી હોય, ધૂન જગાવી હોય, ને પાછળથી કોઈ વિચિત્ર બગાસું ખાય, ત્યાં હાસ્ય ! છોકરો રોવા માંડે કે દ્વેષ આવ્યો ! આત્માને આ પ્રતિકૂળતા ઊભી થઈ. મન વિહ્વળ થાય છે. કોણે ઠપકો આપ્યો છોકરાને ? કોણે માર્યો ? એ પેલી ધૂનને બગાડે છે. **મૂળ કારણ કોણ ? રાગ તો કહો કે રાગ ને દ્વેષ જેવી જગતમાં કોઈ પ્રતિકૂળતા નથી અને રાગ ને દ્વેષ ટળી જાય એવી કોઈ અનુકૂળતા નથી.**

**ભાવદયા :**

**જેટલું રૂદન છે, જેટલી શોક અને પોક છે, તે સર્વ આત્માને નડતી અગવડથી જ છે. કર્મનાં બંધનોની અગવડ મોટી. આત્માને એથી જ પીડતું દુ:ખ પણ મોટું. એમાંથી આત્માને બચાવવો તે ભાવદયા.** બહારના દુ:ખોમાંથી બચાવવાની બુદ્ધિ તે દ્રવ્યદયા. ભાવદયાની પરાકાષ્ઠાએ પહોંચેલા શું કરે છે ? એ કરે છે કે "મારામાં એ જોમ ક્યારે આવે, કે આ કર્મ પિશાચ રાગદ્વેષની લાલચ ઊભી કરીને, રાગ દ્વેષના મેનીયા લગાવીને, રાગદ્વેષનાં અંજામણ કરીને, જે જગતના જીવોને ત્રાહ્ય-ત્રાહ્ય પોકરાવે છે, તે સર્વ જીવોને હું તેના સકંજામાંથી છોડાવીને મુક્તિમાર્ગના મુસાફર બનાવું !" આ ભાવદયા. આના પર તો તીર્થંકર પદની ચિઠ્ઠી ફાટે છે ! જ્યારે કુટુંબાદિ પરની દયાની લાગણી ગણધર પદ નક્કી કરે આપે છે ! જો એમ નહીં, તો છેવટે સ્વાત્માની દયા તો મુક્તિપદ નક્કી કરી જ આપે છે ! ઊંચી દયા ભલે ઊંચે જઈને આવે, પણ એના મૂળિયાં પહેલી દૃષ્ટિમાં જોઈએ. અહીં દુ:ખી જીવો પર દયા અત્યંત અર્થાત્-ભારોભાર કરવાનું કહ્યું. અત્યંત દયા એટલે હૃદયની ઉછળતી દયા ! હૈયામાં માય નહીં એવી દયા ! જેમ ફલાણા પાસે અઢળક નાણું છે, એટલે તિજોરીમાં માતું નથી, તેથી બેંકમાં ભરે છે. અઢળક દયા એટલે હૈયામાં માતી નથી તેથી આશ્વાસનની વાણીમાં અને દાનની પ્રવૃત્તિમાં ઉતરે છે ! કોઈને

દુઃખી જુવે કે આશ્વાસન ! "ભાગ્યવાન, મુંઝાશો નહીં, એમાં શું" એમાં વળી જો પોતાની પાસે સામગ્રી હોય તો તે સામા આગળ રજૂ કરે છે. તે ન હોય તો કર્મફિલોસોફી રજૂ કરે. પ્રભુ મહાવીરદેવ જેવાને નડેલા પાપોદય કહે. કહે કે કર્મ સરકાર ભગવાન પાસેથી પણ ચૂકવણી લઈ લે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૩૯,તા.૨૩-૬-૧૯૫૬

## (૪૩) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**કર્મસરકારનો અદલ ઈન્સાફ :**

કર્મસરકાર એ આજની માનવોએ સ્થાપેલી સરકાર જેવી નહીં કે જે કેટલીકવાર ગુન્હો કરનારને છૂટો મૂકી, બીનગુનેગારને દંડ કરે. કર્મસરકાર તો દેખતી છે. જેવો ગુન્હો તેવો દંડ. ગુન્હો કર્યો હોય તો પણ એને ધોઈ નાખતાં આવડે તો ગુન્હો નહીં, પણ ગુન્હો કરનાર ખુનસમાં ચઢે તો દંડ ભારે નક્કી ! માનો, રસ્તે ચાલતાં કોઈના પગની ઠેસ તમને લાગી ગઈ, તો શું કરો ? તમારી ઠેસ બીજાને લાગતાં તો તમે બીજાને ઝટ કહો, "ભાઈ માફ કરશો, હું જરા ઉતાવળીયો થઈ ગયો." અરે, એથી મોટા નુકસાનમાંય તમે કહેશો, "મેં આ કામ ઠીક ન કર્યું, ફરી નહીં થાય, તેની હું કાળજી રાખીશ." પણ અહીં ઠેસ લગાડનાર પ્રત્યે તમારા મનમાં એમ થાય કે "કર્યા, કર્યા ક્ષમા ! ગધેડાની જેમ ચાલવું છે ને..." જરા પગ લાગ્યો, ત્યાં સામાને ગધેડાની ઉપમા ! ખબર નથી કે એણે જો પશ્ચાત્તાપથી ક્ષમા માગી, તો એનો તો ગુન્હો માફ થઈ ગયો; પણ આ ખુનસ તમારામાં રહ્યું એટલે ? પહેલા તમે ગુનેગાર ન હતા, પણ ખુનસ ધારણ કર્યું એ ગુન્હાના હિસાબે સજા માટે નોંધાઈ ગયા. **આજે અહીં આપણે જે કોઈ અગવડ વેઠીયે છીએ તે માટે ભૂતકાળના ગુન્હેગાર છીએ.** કર્મ ગુન્હાની સજા વિના છોડે નહીં. પુત્ર જન્મ પર મગરૂબ રાજા ભદ્રબાહુ સ્વામી પર વધામણું કે આશીર્વાદ-દાન કરવા ન આવ્યા બદલ ગુસ્સે થાય છે, ત્યારે ભદ્રબાહુ સ્વામી કહેવરાવે છે, "અલ્પાયુષ્ક દીકરા માટે શું આવીયે ? સાત દિવસમાં તેનું મૃત્યુ છે !" પણ દુશ્મન વરાહ મિહિર કહે છે કે "સો વર્ષનું આયુષ્ય છે." એટલે ભદ્રબાહુ સ્વામીએ કહ્યું "આજથી સાતમે દિવસે બિલાડાથી મૃત્યુ થશે" જો જો કર્મ તો ગુન્હાની સજા કર્યા વિના છોડતા નથી; પણ પેલું સાંભળ્યું એટલે રાજાએ પહેલેથી જ ઉપાય કર્યો આખા નગરમાંથી બિલાડા હંકાવી મૂક્યા ! શું ? દુન્યવી પોકળ સામગ્રી ઠકુરાઈ



મળવા પર માણસ અંધ બને છે. સાંભળ્યું હતું ને ? આસામ બાજુના એક ગર્વનરે તળાવમાં પડી ગયેલ હીરાનું નંગ શોધી કાઢવા તળાવને ફેંદાવી નાખ્યું; ઉપરથી હજારો માછલાને ચીરાવ્યા; પણ નંગ ન મળ્યું તે ન જ મળ્યું !! ગમે તેટલા પાપ કરો પણ પૂર્વના કર્મ તો પોતાનો ભાવ ભજવે જ. એમ બિલાડા કઢાવી મૂક્યાથી શું કર્મ છોડશે ? જીવને શું ખબર છે કે દુનિયાની ચમરબંધી સરકારને હંફાવી શકાય, પણ કર્મસરકારને નહીં ! એ તો ત્રણ જગતના નાથનેય ન છોડે ! ઈન્દ્ર આવીને પ્રભુ વીરને કહે છે "સ્વામી, આપને સાડાબાર વર્ષ બહુ ઉપસર્ગ છે. હું સેવામાં રહું." એટલે એ નાથે સમજાવ્યું "રહેવા દે, શક્રેન્દ્ર, અમારે પણ તે કર્મસરકારનું ભરણું જાતે ભર્યા વિના નહીં ચાલે. નહીંતર, કેવળજ્ઞાન પણ ન થાય. મોક્ષ પણ ન થાય." તે છતાં ઈન્દ્રે સિદ્ધાર્થ-વ્યંતરદેવને પ્રભુની સેવામાં રાખ્યો, ને કહ્યું : "ભગવાન પર કાંઈ ઉપદ્રવ આવે ત્યારે ધ્યાન રાખજે !" ઈંદ્રની આજ્ઞા, ને પાછો ભગવાનનો સગો, ને ભક્ત ! પાછો એ દેવ ! હવે શું કર્મનું ચાલે ? કોની સેવા એને કરવાની છે ? ત્રણ જગતના તારણહારની. ઈન્દ્રોના હૈયાના હારની. હવે કેટલી સાવચેતી હોય ? પણ જ્યારે ઉપદ્રવ હોય ત્યારે જ ગેરહાજર ! શું એ રમતીયાળ હતો ? રેઢીયાળ હતો ? ના. પણ એ પાસે હોય ત્યારે કંઈ જ ન બને, ને જાય ત્યારે કર્મ કામ પતાવી લે ! કર્મને ઉદયમાં આવવાનું હોય ત્યારે એ સિદ્ધાર્થ વ્યંતરની આંખમાં ધૂળ નાખે ! કર્મની સત્તા કોઈને છોડે નહીં. **પ્રભુને કેવળજ્ઞાન પામ્યા પછી પણ કર્મનું ભરણું ગોશાળાના હાથે ભરવું પડ્યું !** જેમની લોકોત્તર કાયા સવાસો જોજનમાંથી મારી-મરકી નાશ કરી નાખે, તેવી કાયાનેય છ મહીના તેજોલેશ્યાથી પીડા ! તેય એક વખત પોતાના જ શિષ્ય બનેલા ગોશાળાથી પીડા ! પોતે જ શીખવેલી તેજોલેશ્યાથી દાહની પીડા ! વિચારજો બધા સંયોગો. ત્યારે કર્મની શિરજોરી ધ્યાનમાં આવશે; તો કર્મદુઃખ ટાળવામાં મહાદયા સમજાશે. પ્રભુને કેવી એ પીડા ? જે જોઈને સિંહ અણગાર જંગલમાં જઈ પોકેપોકે રૂએ છે, "મારા પ્રભુને, મારા નાથને આ પીડા ?" જો કર્મો સજામાંથી તીર્થંકરદેવને ય ન છોડે તો આપણને શું છોડે ? તો સમજી રાખો કે અહીં જે ભોગવીએ છીએ તે આપણા ગુનાની ચૂકવણી છે; પણ સાથે પાપકચરો સાફ થાય છે; અને આત્મા ઉજળો બને છે; એ આશ્વાસન છે. માત્ર મન બગાડી નવો કચરો ન વધારવો.

**વાણી ને વર્તાવ દ્વારા દયા બહાર પડે :**

"દુઃખને ભોગવ્યા વિના કચરો સાફ થાય ? સોનાની જેમ આત્માને કષ્ટમાં તપાવ્યા વિના એ સો ટચનો નિર્મળ બને ?" આપણને એ કસોટી એમ ને એમ



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

કોઈ આપતું નથી; આપણી પૂર્વની ભૂલના ભોગે આપે છે. આપણા પ્રત્યે કોઈની ભૂલ દ્વારા આ તત્ત્વજ્ઞાન આપણે વાણીમાં કાઢીએ તો ? વળી એ વાણીમાં નથી માતું તો વર્તનમાં ઊભરાવીએ તો ? "કહો શું અગવડ છે ? મારે ફક્ત ખાલી વાતો જ નથી કરવી, હું તમારું કામ કરી આપીશ...બે ધક્કા વધુ સહી ! બે પાંચ રૂપિયા ખર્ચવા પડે તો તે પણ સહી !"...આ શું ? હૈયામાં ઉછળેલી દયા, વાણી અને વર્તાવ દ્વારા બહાર પડી. તેનું નામ અત્યંત દયા. તેને અહીં ભાવમળને કાપવાનું લક્ષણ કહે છે. ચરમાવર્તમાં પાક્કો નંબર લગાવવાનું આ નિશાન છે. ચરમાવર્તમાં આવ્યા હોઈએ છતાં પ્રત્યક્ષ આવો ગુણ ન દેખાવાથી ન આવ્યા જેવું લાગે; પણ આવું બનાવીયે તો તો નક્કી આવ્યા ! એ દયા થવાના યોગે, 'મને જ્યાં પ્રસંગ મળે ત્યાં દયાથી આશ્વાસન આપું ! ભોગ આપું.' એમ મન કહ્યા કરે.

**ભાવદયાની અપેક્ષાએ દ્રવ્યદયાનું મૂલ્ય ઝાંખું :-**

જ્ઞાની ભગવંતની તો ઊંચી દયા હોય છે. અહીં તો જે ચીજ અવશ્ય મૂકીને મરવાનું છે; જે ચીજનું મમત્વ પરભવે રખડાવનારું છે; જે ચીજ પાછી આપણા પછી કદાચ બીજા નાલાયકને ધણી કરી આપણા કરતાં એની પાસે વધુ પાપો કરાવશે, તેવી ચીજમાંથી સદુપયોગ કરી લઈએ તો તેમાં કંઈ નડે નહીં. અહીંથી જઈએ છીએ ને ખબર મલી કે ત્યાં બધું લૂંટાવાનું છે; ત્યાં રસ્તામાં પરમાર્થની પેટી મળે છે, તો 'લાવને બધું નાખી દઉં !' એમ થાય ને ! ત્યારે શું અહીં નક્કી હશે કે હું મૃત્યુ વખતે નહીં લૂટાઉં ? મોત બધું પોટલું માથે ઉપાડીને લઈ જવા દેશે ? દુઃખીની દયા પૈસાનું દાન કરીને કરવી, એ જો આર્ય હૃદય હોય તો કોઈ મોટી વાત નથી. **આર્ય હૃદય એટલે ? આત્માનું ગમનાગમન માનનારનું હૃદય. ऋ** ધાતું છે. એનો અર્ત 'જવું' થાય. તેનો 'આર્ય' શબ્દ બન્યો. આત્માનું ગમનાગમન માને એટલે ? 'પુદ્‌ગલ પડ્યું રહે; અને આત્મા લુખ્ખો, એકલો અટૂલો ઉપડી જાય,' એમ માને. ધન, માલ, પુદ્‌ગલ જેણે ભેગું કરીને રાખ્યું, તે વ્યક્તિ રવાના; ને બીજો માલિક થઈ બેસે ! તે કશું લઈ આવ્યા વિના ! આવું આવું સચોટ સમજનારને પૈસાથી દયા કરવી કઠીન નહીં. એ સમજે છે કે **"આ પૈસાને જો મારું નામ કાઢીને બીજો ધણી કરવામાં કોઈ મોટી વાત નથી, તો મારે એનાથી બીજાની દયા કરવામાં શી કઠિનાઈ હોય ?"**

બીજા જીવમાં આ કાળમાં ધર્મની લેશ્યા જગાડીએ, ભૂખથી બૂમરાણ ને પૈસાની પોક મૂકતા હોય, મોંઘવારીના નિસાસા નાખતા હોય, તે વખતે દુર્ધ્યાનમાંથી બચાવી લઈને શુભ-ધ્યાનમાં પરોવી દઈએ, એ દયા વધુ મોંઘી ને કપરી છે. પૈસાની વાત કોઈ કપરી નથી. **દીર્ઘકાળ સુધી જવાબ આપનારી હોય તો ભાવદયા**



**છે.** પૈસાની દયા તત્કાળ પૂરતી જ છે. લાંબો જવાબ ન આપે. એક માણસને હજાર રૂપિયાની થેલી આપી દીધી. "ભલે, બિચારો, એક માસ ખાય !" પણ કહો, શું આટલા એક હજાર રૂપિયા આપી દીધા તેથી તે માણસને સર્વ પ્રકારની સુખ અને શાંતિ મલી ગઈ ? પૈસા મેળવવાના હતા, તે વગર મહેનત મલી ગયા. તેટલી શાંતિ. પણ પાછો વિચારે, "અરે, પૈસા તો મળ્યા, પણ એને પાછા સાચવીશું નહીં, તો પાછી ફરી કમાવા કરવાની રામાયણ ઊભી થશે." એટલે સાચવવાની અશાંતિ ઊભી થઈ; અને, 'બીજા પાછા હક-દાવો કરવા આવે છે, પણ બતાવી દેવું જોઈએ કે ફરીથી આંખ આ બાજુ ન કરે' આ વળી રોકવાની અશાંતિ ! એના જ યોગે કુટુંબમાં અનેક પ્રકારનાં ક્લેશ, ખુમારી વગેરે જાગવાના ! લોભની રાગ અને દ્વેષની, અનેકાનેક પ્રકારની મોહની પ્રકૃતિઓ સજીવન થવાની ! શું આ સુખ છે ? ખરેખર આ દુઃખ નહીં તો બીજું શું છે ? તો પૈસા આવવા છતાં દુઃખ ટળ્યું ? હા, દ્રવ્યદયા જરૂરી છે; કરવી જ જોઈએ; પણ ભાવદયાની અપેક્ષાએ એનું મૂલ્ય બહું ઉતરતું છે. દા.ત. આ ગરીબાઈમાં જ સમજો કે **જો સામાને એવી ધર્મપ્રેરણા આપીએ કે જેથી એ પૈસાની જરૂર જ ભૂલી જાય, એ અતિ અલ્પમાં તૃપ્ત થઈ જાય, તો કેટલો બધો સુખી !**

**મોંઘવારી શાની ? પૈસા કે પુણ્યની ? :**

ભાવદયામાં મહાન શાંતિ ! મહા સુખ ! ને પાપોમાંથી ગજબ બચાવ ! તેમ પવિત્રતા સાથે ધર્મનું રસિયાપણું ! ભવિષ્યમાં એ અનેકાનેક ભવો સુધી જવાબ આપે. કેટલીકવાર એવું પણ બને છે કે સામાનાં કર્મ રૂઠેલાં હોય એટલે આપણે પૈસા આપ્યા તે બીજી જ પળે ખોવાઈ જાય છે. ત્યારે વિચારો કે જો એને સન્મતિ આપી હોય તો ? **સામાને શુભપરિણામની પ્રાપ્તિ થાય ભાવદયાથી.** પછી, ભલે બહારથી દુર્ધ્યાનના પ્રસંગ આવે, પણ એ તો શુભ-ધ્યાનના સરિયામ માર્ગે ચાલ્યો જવાનો. માત્ર દ્રવ્ય દયાના ઉપદેશમાં શ્રોતાને "શું, આ તે શ્રીમંતો છે...કોઈને કંઈ પડી છે ? બે પાંચ સાધર્મિનુંય નથી ઉપાડી શકતા" આવી કષાયભરી અનેક વિચારણા થશે. પછી એ ઉપદેશ સાંભળનારા ફરીયાદ કરશે કે "જેને માથે ફરજ છે તે બેદરકાર બન્યા છે. વાસ્તવિક રીતે ધર્મને બદલે ધાંધલને ભજી રહ્યા છે. છે કાંઈ પડી સાધર્મિની ?" આમાં શું મળ્યું ? હાય-બળાપો અને દ્વેષ જ ને ?

ભાઈ, એને કહો, તારી વાત કબુલ છે; પણ તેને પૂછીએ છીએ કે **તને આજના જીવનમાં મોંઘવારી પૈસાની નડે છે કે પુણ્યની ?** તું કહીશ કે 'પહેલાં તો સો રૂપિયામાં ચાલતું હતું, તે હવે ત્રણસોમાં પણ નથી પાલવતું !' તો અમે કહીયે

છીએ કે 'પહેલાં પુણ્ય-ભાવનાઓ બહુ રમતી હતી, ધર્મચર્યાઓ ખૂબ થતી હતી. પૂર્વે વીતરાગના ધર્મને પળે પળે યાદ કરવાનું બનતું હતું. ત્યારે આજે ? કોઈ વીતરાગના ધર્મની વાત કરતો આવે તો ? મોં બગડે છે, વળી, બળાપો કરે છે, લોક રડે છે, "હરામખોર છે સરકાર, વેપાર રોજગાર ખૂંચવી લીધા..." પણ આજ સુધી આમ લોકોએ પોક મૂકી તો શું સરકારે જાહેરાત કરી કે વેપાર પ્રજાને પાછા સોંપવાના છે ? જાહેરાત નથી તો શું તને કોઈ છપી બાતમી મલી છે કે વેપારોની છૂટ થવાની છે ? ના, તો નાહકનો બફારો ? શું મેળવ્યું એનાથી ? એજ કે **વીતરાગનો ધર્મ જાણવાનું જે સુલભ હતું તે આ બફારા કાઢીને મોંઘુ કરી નાખ્યું.**

**હાથ બહારની વાત હાથ કરવાની કુચેષ્ટાઓ :**

આ ભારત ભૂમિમાં અન્ન કે અનાજની વાત કરવી, એ જે કલંકરૂપ ગણાતું એની જગ્યાએ આજે એની વાત હાલતાં ને ચાલતાં કરવાની થઈ ગઈ ! તમારા જીવનમાં પુણ્યની, પવિત્ર વિચારણાની, મોંઘવારી અને પાપની સસ્તીવારી કેટલી છે ? પહેલાં જાતે તો અનીતિ કરવાની નહોતી ને બીજો અનીતિ કરીને આવે તો પણ એને માન આપવાનું નહોતું થતું; અનીતિ કરીને તો જંગલમાં વાઘ, વરૂ ને સિંહ પણ શિકારને ફાફેડી ખાય છે, પણ આજે સ્વયં જીવનમાં પાપ આચરવાનું થયું ને એના પર કર્તવ્યની મહોર છાપ મારવાની ! પાછું માનવાનું 'એમાં તે વળી શાની અનીતિ ? સરકાર મનફાવ્યા કાયદા કરે તો અમારે શી રીતે વર્તવું ?' હવે આને કોણ સમજાવે કે "ભાઈ રે, એ તો બધું કરે છે જે કરે છે તે ! પણ તું શું કરે છે ? તારું કાર્ય કેવું છે ? શાહુકારીનું ? પાપ ન આચરવાની વૃત્તિ નહીં, પણ પાપને પાપ માનવાની પણ સરળતા નથી !" આ પુણ્યની મોંઘવારી ભયંકર ચાલી છે !! ત્યાં પૈસાની મોંઘવારી ગણે છે ? અરે, કદાચ પૈસા મલી ગયા, પછી ? પછી તો પાપની પ્રભાવના અને વિષય-કષાયમાં મકરકુદિયાં વધુ કરવાનો ! **જેના દિલમાં પાપ સસ્તા થયાં એની પર પુણ્યમાર્ગોનું કોઈ ચલણ નહીં, કોઈ દબાણ નહીં.** દુનિયામાં મોંઘવારીની રાડ પાડનારને પહેલી સહાય આની કરવાની જરૂર છે. એને સમજાવીએ કે "ભાઈ રે ! **સરકાર કે શ્રીમંતોને ગાળો દેવાનું રહેવા દઈ, તારા જ કર્મનું જે તારે માથે પડે તે બજાવી લેતાં શીખી લે.** નકામા દુર્ધ્યાન ન કર. પાપને પાપ માન. આ વર્તમાન જીવન વિજળીના જબુકા જેવું છે. એક દિ' રાખમાં મલી જવાનું છે. મોટમોટા ચમરબંધી ચાલી ગયા. ડાહ્યો થા. આત્માને કલંકિત કર મા. પુણ્યમાર્ગની મોંઘવારી કર મા; સસ્તીવારી કર. **જે હાથ બહારની વાત છે તેને પોતાની કરવા મથવું તે, મદોન્મત્ત હાથી મેરૂની સાથે ભીંસ માંડે, દંતુશૂળ ઠોકે, તેવાં ચેડાં કરવા જેવું છે. એવો મરે કે ભૂખ્યો ને તરસ્યો રીબાઈ**



**રીબાઈને !** તેમ પ્રતિકૂળ કર્મોરૂપી મેરૂ સામે થયો છે તે રોકવો તારા હાથ બહારની વાત છે. તેને હાથ કરવા માટે તારા વિકલ્પો ને બફારા, તારા કષાય અને કુચેષ્ટાઓના દંતુશૂળ કાં કર્મ મેરૂ સામે અથડાવે છે ? પુણ્ય પવિત્ર વિચારોની મોંઘવારી કાં કરે છે ? તે તારા જ લમણા ફોડવા માટે થશે ! તેને બદલે આત્માની અંદર ધર્મ-સ્થાનક ખડા કરવાની વાત જે તારા હાથની છે, તે કર. તેને હાથ બહારની શું બનાવી રહ્યો છે ? તું ધારે તો આજે અજબ યુગ આવ્યો છે, વૈરાગ્યને ઝળહળતો કરવા માટે.

## • કાળની કરામત •

આજના કાળે શું, શું, દેખાડ્યું ? જર્મન ને જાપાનના હત્યાકાંડ બતાવ્યા ! નાઝીઓની કારમી કતલ સાંભળી. ઘર આંગણે પાકીસ્તાનીઓનાં ભયંકર કાળા કે'ર સાંભળ્યા ! એની સાથે ચારે કોર કુદરતી આફતો આવી. રેલ અને અતિવૃષ્ટિ ! તીડ અને ધરતીકંપ ! એક્સીડન્ટ (અકસ્માતો) રેલ્વેના ને વિમાનોના, જેમાં કેઈ નિર્દોષ માણસો, દુનિયાના તેજસ્વી માણસોના ભૂક્કા થઈ ગયા ! **શું દેખાડ્યું વર્તમાન કાળે ? ભૂતકાળના હજાર બે હજાર વર્ષોમાં ન બન્યું હોય તે. તેવું બતાવનાર કાળ પણ જેનાં હૃદયને કુણું બનાવે નહીં, તેને બીજી કઈ રીતે હૃદય કુણું થાય ?** શી વાત ચાલતી હતી ? દ્રવ્યદુઃખ અને ભાવદુઃખની. દ્રવ્યદુઃખ તો હજી દુર્વાર હોય, પણ ભાવદુઃખ, મનનું દુઃખ દૂર કરી શકાય. તે સ્વપરનું.

## • વધારે કાતિલ કોણ •

વાત એ છે, દુઃખી પર અત્યંત દયા કરો. ભાવ કચરો સાફ કરવા માટે અને યોગબીજનાં ઉમેદવાર બનવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે. ચરમાવર્તમાં નંબર લાવવા માટે સુંદર સાધન છે. છતે મને નિર્વિચાર હૈયામાં. છતે મને સંમૂર્છિમપણામાં દયા ઉગાડવાની મુશ્કેલ છે. બાકી વિચાર કે મનને વર્તમાન કાળ બહુ સારી કૂણાશ આપે છે. વૈરાગ્યનાં ભેટણાં ધરે છે ! સંસારના ઊંડા ચિંતક બનાવે છે ! એમ આજની ધાંધલો ધર્મનાં રસિયા બનાવી દે તેવી શક્યતાઓ છે. પણ એવો વિચાર કોણ કરે ? આ દયા શીખવે છે કે બીજાની ને જાતની દયા ચિંતવ. શિખવે કે કર્મની પ્રતિકૂળતાઓ છે તે તારા હાથની બહારની વાતો છે. જયારે તારા હાથની આ વાતો છે : હૃદયને પવિત્ર બનાવવાનું, કુસંસ્કારને કાપવાનું. વિષયાદિ સંજ્ઞાઓ જે આત્મામાં ઓતપ્રોત થઈ છે, તેની દુર્ગંધ દૂર કરવા માટે સુંદર પ્રકારની ભાવનાઓ, તત્ત્વના અદ્ભૂત વિચારો, ગુણો અને સુકૃતના મનોરથો, નિર્ણયો અને



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પ્રતિજ્ઞાઓરૂપી સુવાસ જગાડવાની વાત હાથમાં છે, તે સસ્તી વાત છે ! પછી મોંઘવારી શું કરે ? જે ચાલુ મોંઘવારી તીવ્ર પાપના ઉદયથી છે, તે નથી મટવાની. આ સમજ રાખ તો અહીં દુઃખ અલ્પ અને ભવિષ્યમાં દીર્ઘકાળ સુખ મળશે. ભિખારીને અડધું પડધું મલે તેમાં બીજો ભિખારી આવી લાગે છે, તો કહે એને 'તું ય ખા અને હું પણ ખાઉં. ક્યાં આ ઠેઠ ટકવાનું છે ! એ વળી તારું ભાગ્ય પણ ભેગું મળીને, આજે આ મને કેમ નહીં મળ્યું હોય ?' પેટ પર હાથ ફેરવવો પડે ત્યાં સુધી આરોગવું પડે છે. તેમાં કોનું બગડી રહ્યું છે ? વધારે કાતિલ કોણ છે ? પૈસાની મોંઘવારી નહીં, પણ પુણ્યવૃત્તિની મોંઘવારી. અનાજની મોંઘવારી ભયંકર નથી, પણ આત્માના ખરાબ વિચારો તે જ કાતિલ છે.

વસ્તુ એકની એક હોય પણ જેવા પ્રકાશમાં લઈએ તેવી વિચારસરણી ચાલે. દુઃખના સંજોગોની સાથે પણ મનથી સમાધાન કરી લઈએ તો દુઃખ ગયું. પવન એવો છે, પણ બારી બંધ છે, તેથી પવન નથી આવતો. હવે શું વિચારવું ? એજ કે સારું થયું, બારી બંધ છે. શરદી નહીં લાગે. ભાષણ કરતાં ગળું બેસી નહીં જાય. બસ, પત્યું. દુઃખ રવાના. એમ આજના ભયાનક સંકટની ફોજનાં કાળમાં ભાવદયાના મર્મ શિખવા, શિખવવા જેવા છે. તો સહેજે સહેજે મન ફોરું થશે.

## • આજના મૌલિક દુઃખ •

**મોહની ખૂબી :** પરમ ઉપકારી શાસ્ત્રકાર મહર્ષિ ભગવાન શ્રી હરિભદ્રસૂરિ મહારાજ ભવ્ય જીવોને ભવસાગરથી તરવા માટે જરૂરી એવી યોગદષ્ટિનું વર્ણન કરતાં એ વાત કહી રહ્યા છે કે યોગબીજનો સંગ્રહ કરવો જોઈએ. પણ તે કામ આત્માના ભાવમળનો ઘણા પ્રમાણમાં નાશ થાય ત્યારે જ થઈ શકે. ભાવમળ એટલે ? રાગદ્વેષની વિપુલતા. એ વિપુલતા જ્યાં સુધી પૂરજોસમાં હોય ત્યાં સુધી જીવ યોગબીજને પામવાનો અધિકારી નથી બનતો; યોગની તો વાતેય શી ? એટલે જ, એ પ્રાપ્ત કરવા જેવાં છે, અને મને એ શી રીતે પ્રાપ્ત થાય ? તેવી આતુરતા નથી. પણ એમ થાય છે કે "આ ભાંજગડ શી ? બધી વિશેષ વિશેષ વાતો છે ! શી જરૂર છે યોગબીજનો સંગ્રહ કરવાની ? જો અમારે સામાયિક કરવું હોય તો કરી લઈએ ! અને દહેરાસર જવું હોય તો જઈ આવીએ. પણ એમાં સંસાર પર અરૂચિ કરો એ શું ? ખાલી નકામી ભાંજગડ !' આત્મામાં જ્યારે રાગદ્વેષનું બહુ જોર હોય છે ત્યારે એને જીવનમાં પહેલા નંબરમાં જરૂરી સાધના તરફ જ બેદરકારી રહે છે. એટલે, શાસ્ત્રકાર જ્યાં માને છે કે સંસાર પર અરુચિ બહુ જરૂરી, ત્યારે એ માને કે "એ બિનજરૂરી. ધર્મ કરવાનો, સામાયિક કરવાનું, પણ



સંસાર સાચવીને સંસાર બગાડીને કાંઈ એની પૂંઠે પડાય ? સંસારી છીએ એટલે સંસારમાં બધાં કાર્યો સંભાળવા જોઈએ. સંસારમાં રહેવું, પછી અરુચિ શી !" આવું જે થાય છે તે મોહની ખૂબી છે ! એ ધર્મ પણ કરાવે ! પણ પોતાની આજ્ઞામાં રાખીને. એવા જીવને માથે જિનની આજ્ઞા નહિ; જગતની ખરી.

**અંગારમર્દકાચાર્ય : જિનની આજ્ઞા વગેરે જૂના જમાનાનું લાગે; ને મોહને લીધે વૈભવ-વિલાસની વિનાશકારી પણ વાતો હિતકારી ને યોગ્ય લાગે !** "આજે સોના ખર્ચમાં નહિ નભે. ત્રણસો જોઈશે;" તો હા, ગમે તે રીતે ૩૦૦ લાવવાના. મોહની આજ્ઞા એટલે બધું યોગ્ય ! પણ કહો કે આ પાપયુગ આવ્યો છે, તો શુભ ધ્યાન બહુ કેળવો. પરમાર્થ ને પરોપકાર વધુ કરો. મોંઘવારી હોય તો ચા પીવી બંધ કરો. આ જિનની આજ્ઞા છે;" તો માને કે એ આજ્ઞા તો શક્તિ બહારની ! જૂના જમાનાની ! જગતની આજ્ઞા અવસરસરની. શક્તિની અંદરની, ને કરવી જોઈએ; એમ લાગે ને કર્યા બાદ એથી જીવન સારું લાગે. આ બધાં લક્ષણ કોનાં છે ? જોરદાર ભાવમળના. રાગદ્વેષનું વધુ જોર હોય ત્યારે આવાં ઉઠાંતરાં હોય. આ કસોટીયંત્ર છે. જેમ સંસારની વાતોમાં ખોટા બચાવ કરી દૂર રહેવાને બદલે ભોગ આપવાનું આવડે છે, માથે વેઠવાનું આવડે છે, એમ ધર્મકાર્યમાં પણ, આત્મહિતની વાતમાં પણ બચાવ કરી ખસી જવાની વાત નહિ, કિંતુ ભોગ આપી ધર્મનું અંગ માથે લેતાં આવડે. ધર્મની નિકટ રહેતાં આવડે. 'સંસારમાં લાખ વાત ઉપાડી શકું છું તો ધર્મમાં કેમ નહિ ?' એમ મનને થાય. ભાવમળ ઘટાડો તો આ બને. મળનો થોડો નાશ થયા વિના યોગબીજનો સંગ્રહ નહિ થઈ શકે. ભાવમળનો નાશ થયો હોય તો એનામાં ત્રણ લક્ષણ આવે. એમાં પહેલું દુઃખી પર અત્યંત દયા; અત્યંત કરુણા. એટલે કેવી કરુણા ? હૈયામાં ન માય તેથી મૃદુ ને પ્રેમાળ વાણી દ્વારા બહાર નીકળે. ને દુઃખીની સેવાના વર્તનમાં દેખાય. આશ્વાસનના શબ્દોમાં ને મદદના કાર્યોમાં દયા બહાર પડે. ભાવમળ સાફ થયા વિના આ ન આવે. અભવી પણ દેખીતી દયા કરે; પણ સાચી અત્યંત દયા નહિ. એટલે પોતે સાધુ થઈ બીજાને ય સાધુ બનાવે. **અંગારમર્દક આચાર્યને** પાંચસો શિષ્યો હતા. કોઈને ખબર ન પડે કે આ આચાર્ય અભવી હશે ! કહો જો એમને જ્ઞાન કેટલું હશે ? ગચ્છને સંભાળતા કેવું હશે ? પોકળ નહીં હોં. સાધુઓના દેખતાં સમિતિ ગુપ્તિ બરાબર. ક્રિયાઓ બરાબર. ઉપદેશ આપે તે શાસ્ત્ર મુજબ. પછી પાંચસો શિષ્યોને ક્યાંથી ખબર પડે કે અભવી હશે ? ત્યાં બહારથી એક ગીતાર્થ આચાર્ય પધાર્યા. તેમને લક્ષણો પરથી લાગ્યું કે જરૂર અહીં ભેદ લાગે છે. પૂર્વે તેમને સ્વપ્ન આવેલું, તેમાં પાંચસો હાથણીઓથી પરિવરેલું ઊંટ જોયું ! ઊંટને પનારે પડી'તી



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પાંચસો હાથણીઓ ! એ પરથી અનુમાન કર્યું કે જરૂર આજે એવો ભેટો થવો જોઈએ. તે બરાબર તેમને અહીં એનું રૂપક મલી ગયું. એટલે તેમણે અહીં વિશેષ લક્ષણોની તપાસ કરી. નક્કી કર્યું કે આ અભવી લાગે છે. એટલે સાધુઓને બોલાવીને કહ્યું :

"આ કોને ગુરુ કર્યા છે ?"

એટલે પેલા કહે છે : "અરે, સોનાના છે !"

"પણ અભવી છે."

"શું કહો છો, અભવી ? ખોટો ઉપદેશ આપ્યો નથી તો અભવી શાથી ?"

પણ પેલા ગીતાર્થ કહે છે : "હું કહું છું તે શાસ્ત્રદૃષ્ટિ રાખીને કહું છું. છતાં તમને વધારે પારખું રાત્રે બતાવીશ." પાપ અવસરે પકડાઈ જાય; પછી મહાઠગ હોય તો જુદી વાત છે.

**આડંબરના અભાવમાં ન્યૂનતા ન માનો :**

માત્રુ જવાની ભૂમિ પર અચાનક કોલસાની કાંકરી છે. રાત્રિ પડી. શિષ્યો ગયા માતૃભૂમિ પર. ત્યાં ચાલતા અવાજ થાય છે. કોલસીની ખબર નથી. ગભરાયા "આ બિચારા કોઈ જીવો તો નહિ કચડાતા હોય ? ચાલો બીજે." શિષ્યો તો યોગ્ય હતા, તે પગ મૂકતાં જ સંકોચાયા. પણ પેલા આચાર્ય તો કઠોર દિલના હતા. એ ઉઠ્યા. એટલે પેલા ગીતાર્થે શિષ્યોને ખાનગી સાવધાન કર્યા. પેલા બહાર નીકળ્યા; પગ મૂક્યો કે અવાજ થાય છે 'ચુચુડ ! ચુચુડ !' આચાર્ય બોલે છે, "વાહ ! મહાવીરના જીવડાનું સંગીત ચાલતું લાગે છે !" નિષ્ઠુરપણે ધરાસર કામ પતાવીને આવ્યા. એટલે ગીતાર્થે શિષ્યોને કહ્યું, "જોયું ને ? અંતરાત્મામાં પરિણામ કેવા હતા ?" રાગદ્વેષનું અત્યંત જોર હોય ત્યાં સુધી અત્યંત દયા ન આવે. **અત્યંત દયા એટલે ઊભરાતી દયા ! દયાની પરંપરા ચાલે ! જે દયા બીજી દયા અને બીજા અનેક ગુણોને ખેંચી લાવે. રાગદ્વેષના મહાન કચરાને સાફ કરવા દયા એ પહેલો પાયો છે, પહેલું લક્ષણ છે.** અભવીનો જીવ કદાચિત્ અવસરે દયા પાળી બતાવે, પણ તે અત્યંત નહિ, સાચી નહિ. અત્યંત દયા નહોતી એ આચાર્યમાં. એટલે આમ તો બાહ્યથી સાધુપદ અને ઠેઠ આચાર્યપદ સુધી પહોંચ્યા'તા; પણ દયાના અભાવે પછીથી ભવમાં ભમતા થઈ જાય છે. એમાં એક વાર ઉંટ થાય છે, ભાર વગેરેથી પીડાય છે. ત્યાં આ પાંચસો શિષ્યો ત્યારે રાજપુત્ર થયેલા; તે જ્ઞાનીના વચને ઓળખી એને છોડાવે છે. અસ્તુ પણ અહીં મૂળમાં દયા જ નહિ ત્યાં બીજા ગુણોની અપેક્ષા રાખવી ખોટી.



**પુણિયાને શ્રેણિક કેમ નમે ? :**

**જૈનશાસનમાં જે કિંમત ગુણની છે, તે બીજા ફટાટોપની નથી.** ગુણની પ્રાપ્તિ થતી હોય ને પૂર્વના પાપના હિસાબે ફટાટોપ ન હોય તો જરાયે ન્યૂનતા માનવાની નહિ. આડંબર નથી આવડતો; બોલવામાં હોશિયારી નથી; બીજા પર વટ પાડવાનું પુણ્યકર્મ નથી; બધે જ પગલાં મીઠાં લાગે તેવું સૌભાગ્ય નથી. એવાં પુણ્ય ન હોય એટલે જ્યાં ત્યાં બધે માન-સન્માન ન મળે. પણ બીજી બાજુએ ગુણની પ્રાપ્તિ થવા માંડી છે, સત્યમાં ટેક રહેવા માંડી; ત્યાગના માર્ગે વધવા માંડ્યો; વૈરાગ્યની ભાવના વધવા માંડી છે. તો પછી પેલો આડંબર ન હોય તો ન્યૂનતા માનવાની જરૂર નહિ. **ગુણ પ્રાપ્તિનું આલંબન એવું છે કે, જે ભયંકર યુગમાં દુનિયા આડંબરીઓની પૂજારી હોય છે, ને તેની ઝંખનામાં રોઈ રહી છે, તે જ કાળમાં આપણે ગુણની પ્રાપ્તિ કરીએ તો ભારે ખુશમીશાલ સુખ સમૃદ્ધ જીવનને પસાર કરીએ.** રોદણું રોવાની કોઈ જ જરૂર નહિ. **જૈનશાસન ગુણના પાયા પર રચાયેલું છે. અનંતજ્ઞાનીની દૃષ્ટિમાં ગુણીનો નંબર છે; વૈભવી આડંબરીનો નહિ. જેટલા પ્રમાણમાં આત્મા ગુણી તેટલો ઊંચો. આ વાત જો આપણા મનમાં નક્કી હોય, તો જગત જ્યાં દીનતા કરે ત્યાં આપણે ધીરતા અને વીરતા ધરીએ. દુનિયા જ્યાં વલોપાત કરે ત્યાં આપણે સ્વસ્થચિત્તે ઉમદા ભાવનાઓમાં રમીએ. જગતની જ્યાં હાયવોય હોય ત્યાં આપણને ઠંડક હોય. પણ શાના પર આ બધું ? ગુણ મેળવ્યા હોય, અને ગુણ પર ગૌરવ હોય, તેના પર. પછી આત્માએ ન્યૂનતા માનવાની શી જરૂર ?** એવું ન હોય તો શ્રેણિક પુણિયાને નમતા શા માટે આવે ? પુણિયાએ નમવાની જરૂર નહિ, ને મગધના સમ્રાટે શા માટે નમવાની જરૂર ? કહો કે પુણિયો **ગુણથી સમૃદ્ધ હતો. ગુણની પ્રાપ્તિમાં જીવનની સફળતા ઊભી કરી હતી; દુન્યવી આડંબરમાં નહિ.** વધારે કમાવવા મહેનત કરી શકતો'તો પણ કરવી નહોતી; વધારે કમાવું નહોતું એટલુંય ૧૨ા દોકડા પૂરતું કરવું પડતું હતું તે ય એને કિંમતી સમજીને નહિ. કિંમતી તો પ્રભુ, એમણે ઓળખાવેલા આત્માના ગુણો, અને એના સાધનો ! ધન-માન જરાય કિંમતી નહિ. માત્ર સર્વત્યાગની શક્તિ નથી ત્યાં સુધી એને જરૂર પડતું સેવવું પડે છે. **શક્તિ આવી, મોકો આવ્યો એટલે રાજ્યપાટ પણ દફનાવી દેવાના.**

જાણો છો ને અભયકુમારને ? રાજા શ્રેણિક રાજ્ય સંભાળી લેવા કહે છે, ત્યારે અભયકુમારે શું કહ્યું ? એ કહે છે,

'થોભો, પ્રભુને પૂછી આવું ?'

'કેમ વારું, શું પૂછવાનું ?'



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

'હું રાજ્ય લઉં કે નહિ ? આપની શી સલાહ ?'

અથવા 'રાજ્ય ભોગવવાથી શું નરકે જ જવાય ? એની સાથે દાન પુણ્ય કરતા રહીએ તો તો નરક નહિ ને ?'

આ પૂછવાનું ? ના, પૂછવાનું છે પોતાના આત્મહિત માટે, પણ આ નહિ. કેમકે આમાં હૃદયમાં ઊંડે ઊંડે સમજ એ છે કે 'રાજ્ય ભોગવીએ તો ય વાંધો નહિ. માત્ર સાથે ધર્મ કરતા રહેવાનું' આ સમજમાં ભલે ધર્મની થોડી ગરજ રાખી હોય, પણ સાથે દિલમાં રાજ્યની મીઠાશ બેઠી છે, રાજ્યની બિનભયંકરતા બેઠી છે. ત્યારે અભયકુમારની પક્કી સમજ એ છે કે રાજ્ય એટલે તો નરકની જ વાટ. માટે તો પૂર્વ મહાપુરુષોના જીવનમાંથી પણ આશ્વાસન કે સવાસલો નથી લઈ લેતા કે એ તો એમણે પણ રાજ્ય ક્યાં નથી ભોગવ્યા ? તો આપણને શો વાંધો આવવાનો ? એમણેય પાછળથી ચારિત્રથી સદ્ગતિ સાધી તો હું પણ સાધીશ અને છતાંય આપણે ભૂલા પડવાની ભવિતવ્યતા હશે, તો લાવને પ્રભુ પાસે પહેલાં ખાતરી કરી લઉં કે 'પ્રભુ, પિતાજીના આગ્રહ માત્રથી રાજ્ય લઉં તો પછી મારી ગતિ શી થવાની ?' આવું કંઈ જ પૂછવા વિચારવાનું નહિ. એ તો ચોક્કસ જાણે છે કે **"રાજ્ય એટલે તો નરકની જ વાટ.** માટે તો પૂર્વ મહાપુરુષોના જીવનમાંથી પણ આશ્વાસન કે સવાસલો નથી લઈ લેતા કે એ તો એમણે પણ રાજ્ય ક્યાં નથી ભોગવ્યા ? તો આપણને શો વાંધો આવવાનો ? એમણે ય પાછળથી ચારિત્રથી સદ્ગતિ સાધી તો હું પણ સાધીશ. અને છતાં ય આપણે ભૂલા પડવાની ભવિતવ્યતા હશે, તો લાવને પ્રભુ પાસે પહેલાં ખાતરી કરી લઉં કે-'પ્રભુ, પિતાજીના આગ્રહ માત્રથી રાજ્ય લઉં તો પછી મારી ગતિ શી થવાની ?' આવું કંઈ જ પૂછવા વિચારવાનું નહિ. એ તો ચોક્કસ જાણે છે કે-**"રાજ્યભોગ નરક જ આપે. રાજ્ય લીધા પછી ચારિત્ર મહા મુશ્કેલ.** પ્રભુને વળી કદાચ એમજ પૂછું કે પ્રભુ અહીંથી પછી મારી કઈ ગતિ છે ? એમાં પ્રભુ સારી રીતે બતાવે તો તો એ ભવિતવ્યતા નક્કી સમજાઈ જવા છતાં એટલું નક્કી કે એ ભવિતવ્યતા પણ એની પૂર્વના મારા ચારિત્રના સત્પુરુષાર્થ ઉપર નિયત છે. એટલે **મુખ્ય તો પોતાના સત્પુરુષાર્થ ઉપર નિયત છે. એટલે મુખ્ય તો પોતાને સત્પુરુષાર્થ જ છે; અને તે ખોટાં નિમિત્તમાં પડ્યા પછી ન સધાય.** માટે પ્રભુને એટલું જ પૂછું કે 'પ્રભુ ! છેલ્લા રાજર્ષિ કોણ ?"

આનો અર્થ શું ? એજ કે 'ઉત્તરમાં જો કોઈ ભાવિ રાજાનું નામ દે, તો તો મારે રાજર્ષિ બનવા કંઈક પણ સંભવ રહે, પરંતુ જો થઈ ગયેલા રાજાનું નામ દે, તો તો એમ થયું કે હવે પછી જે રાજા થાય તેને દીક્ષા ન જ મળે તો મને ય ન મળે. અને દીક્ષા ન મળે તો મારે સંસારવર્ધન સિવાય બીજું શું થાય !'



અહીં જુઓ કે જગતની સંપત્તિ અભયકુમારના પગ ચાટતી આવે છે; પણ એની લેશ કિંમત તો નથી; ઊલટું એને ભયંકર નાશક સમજે છે ! **એને કિંમત છે આત્મગુણ-સંપત્તિની, અને એને મેળવી આપનાર ચારિત્ર ધર્મની, અરિહંતદેવની, એમના શાસનની.** માટે એ શાસન પામ્યાની મગરૂબી ઉપર એને જ શરણે જવાની અને ગુણોપાર્જન કરવાની જ ધગશ ધરે છે.

સાધુપણું એ તો અતિ મહાન પદ છે; શ્રીમંતાઈ, રાજાપણું, ચક્રવર્તીપણું વગેરે પદ કરતાં સાધુપદ બહુ બહુ ઊંચું. ઈન્દ્રપણા કરતાં ય ઊંચું પદ. આવા દૃષ્ટાન્ત સાંભળ્યા પછી સાધુપદ મળે એ તો મહાન અહોભાગ્ય. પણ એ મેળવવાની અશક્તિમાં ધર્મી જીવને એટલું તો જરૂર થાય કે અભયકુમારે તો રાજ્ય ન લીધું પણ તરત ચારિત્ર લીધું. એટલા એ શૂર વીર કે રાજ્યાદિ લોભના ભૂક્કા ઊડાડ્યા. હું હજી એટલો બળીયો નથી; છતાં હા, સંપત્તિનો હું સરાસર ગુલામ તો નહિ જ કે એને હું માન આપું; એ મળે તો નાચું, અને એ જાય કે ન મળે તો હાય ! મરી ગયા કરું.-આ ગુલામી નહિ. કારણ એજ કે મારે મન કિંમત ગુણસંપત્તિની છે, ધર્મની છે. ગુણપ્રાપ્તિમાં જીવનની સફળતા છે; બહારની ધનમાલની ધાંધલમાં નહિ. એટલે જ સમજવું જોઈએ કે આપણને કદાચ બહુ લક્ષ્મી મલી, પાછું સારું બોલતાં આવડી ગયું, ને લોકોએ સારી રીતે વધાવ્યા, તો તેમાં આપણી સફળતા કે ધન્યતા નથી. પણ જ્યાં મોક્ષરુચિ અને વૈરાગ્ય હૃદયસ્થ કર્યા હોય; દેવગુરુધર્મની ભક્તિ મન-વચકાયમાં રમતી કરી હોય, સત્ય, ન્યાય, નીતિના ગુણ મેળવ્યા હોય, લાખોની લાલચને ય, અવસર આવ્યે, લાત લગાવી દીધી હોય, તો માનીએ કે જીવનની સફળતા મલી. આ લક્ષ રાખીએ કે સવારથી ધૂન લાગવી જોઈએ કે 'સંસારની ગાડીને દોડવા દો; પણ બધા સંયોગમાંથી ગુણ કેમ કેટલા, ને ક્યાંથી મળે તે તે શોધું. કપડાં ઉમદા પહેર્યા, પણ ઠઠારો ન આવડ્યો તો કંઈ નહિ; પણ લાવ ઉમદા કપડાંથી પહેલાં પ્રભુનાં દર્શન કરું ! એમ થાય. આવી આવી કરામત મેળવી લેવાની છે. તો જ થવાય મોક્ષનો અધિકારી. એટલે જે જગતમાં ઉપસ્થિત થતા પ્રસંગો, પ્રવૃત્તિઓ, ને સંપર્કમાં આવતા પદાર્થોમાંથી દુનિયા દોષ ને દુર્ગણો વધારે છે, તે ભભકા અને આડંબરના મોહમાં; તે જ જગતમાંથી ગુણ મેળવવાના છે. **એની એજ મહેલાત અને પરિવારમાં સંસારમાં રમવાના દુર્ગુણ પેદા થાય છે અને મોક્ષે જવાના ગુણ પણ ઊભા થાય છે. આત્માને ગુણની પ્રાપ્તિ કસોટી વખતે જ થાય.** તમારે ક્ષમા ગુણ કેળવવો છે, પણ સામો તમને ભાઈ, ભાઈ, કરે ત્યાં શું કેળવવાનું ? પણ જ્યારે સામેથી આકળા ને ઉતાવળા થતા દેખાય ત્યાં ક્ષમા ગુણને કેળવવા અવસર મળે છે ! માટે હું એને



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

વધાવું,' એમ સમજ થાય તો આ વિપરીત પ્રસંગમાંથી ગુણ પેદા કરવાનું બને. એ દરકાર ન હોય તો જેમ અનાર્ય અને મ્લેચ્છ ક્રોધ વગેરે દુર્ગુણો મેળવે છે, તેવી જ હાલત આપણી થાય.

**ગુણપ્રાપ્તિની કિંમત છે, આડંબરની નહિ :-**

**અનંતજ્ઞાનીનું શાસન પામેલાની બલિહારી શું ? દુનિયાના પ્રસંગોમાંથી ગુણ ઊભા કરે. દુનિયાના પદાર્થોમાંથી ગુણ ઊભા કરે; પાપસ્થાનકની પ્રવૃત્તિમાંથી ગુણ ઊભા કરે.** માત્ર ધોરણ ફેરવવાનું છે. ચૂલો એનો એજ સળગાવવાનો હોય છે, જે ચાલતું હશે તે જ ચાલવાનું છે. પણ હવે આ પાપસ્થાનકની પ્રવૃત્તિ છે તેમાંથી ગુણ જોઈતો હોય તેને ગુણ ને જેને દુર્ગુણ જોઈતો હોય તેને દુર્ગુણ મળે. તમે તો મુંબઈવાસી ! ચૂલો તો ઘાટી જ સળગાવે. તે સળગે કે સાથે અનેક જીવોની ચિતા સળગી. આપણી તો મર્યા પછી ચિતા, પણ એની તો બિચારાની જીવતા જીવે ચિતા. હવે કેમ ? નવકારશીનો તો વળી જમાનો જ ક્યાં છે ? જાગ્યા ત્યારથી ઘંટીમાં ઓરવાનું ચાલુ કરવાનું ! પછી એમાં બહુ ભક્ષ્યાભક્ષ્યની ભાંજગડમાં ઉતરવાનું નહિ. બસ, મનમાન્યા વિષયો કેળવી જીવનમાં મસ્તી ઊડાવવાની ! આ શું આપે ? રાગ, લોભ, મિથ્યાત્વ, અભિમાન વગેરે દુર્ગુણ આપે "અમારા ભોજન તો આવાં જ હોય ! ચોખા તો આવી જ કૉલિટીના ખાઈએ !" 'પછી જાતે વધુ પડતો સ્વાર્થી બન્યો કે માયા સાથે જ, સત્ય ને નીતિને બહુ નહિ ગણવાની. નહિતર ઘરબાર વેચી નાખવા પડે." આવાં ધોરણ ઘડાય છે ! જગતની પાપસ્થાનકની પ્રવૃત્તિ પણ, આત્મા જો મોહની છાયામાં હોય તો એને દુર્ગુણોની ભરચક કમાણી કરાવી આપે છે. "અમે દુનિયાના વટ આબરૂવાળા માણસ !" આજ આડંબર. ગુણ કમાવવાની વાત નહિ ખરી રીતે ચૂલાની પાપપ્રવૃત્તિમાં જીવદયા પહેલી સાચવવાની. ખાવાનું ખરું પણ વ્રત, નિયમ અને ભક્ષ્યાભક્ષ્યનો વિવેક રાખીને; અતિથિ સંવિભાગ કર્યા પછી. **કોઈ પણ પ્રસંગમાં ઊભા રહીએ કે કોઈ પણ પદાર્થના સંયોગમાં આવીએ તેમાંથી ગુણ લીધા વિના દિન પસાર કરીએ તો જિનનું શાસન પામેલા શાના ?** કોઈની સાથે વાત કરવા ઊભા કે ગુણ લેવાનો છે. પ્રસંગ-પ્રસંગમાંથી અને પ્રવૃત્તિ-પ્રવૃત્તિમાંથી આત્મામાં વૈરાગ્ય લાવવાનો છે; રાગ નથી વધારવાનો. દયાનાં દાન કરવાનાં છે, નિષ્ઠુરતાના નહિ. પરમાત્મા જિનેશ્વરદેવનાં ગુણગાન કરવાનાં છે, નિંદા કુથલી નહિ. **થોડા જીવનમાં સાધના ઘણી કરવાની છે;** એ જરાય ભૂલતા નહિ. કોને આ વિચારણા છે ? જેને ખબર છે કે જૈન શાસનમાં ગુણપ્રાપ્તિની જે કિંમત છે તે આડંબરમાં નથી.





# (૪૪) શ્રી 'યોગદષ્ટિ સમુચ્ચય'

**નયસારની ઉછળતી દયા :**

જગતના જીવ માત્રની દુઃખ ટાળવાની ઈચ્છા તે દયા. દુઃખીના દુઃખ ફોડવાની તમન્ના તે દયા. શું દયા એટલે ? "એને દુઃખ છે આંખનું તો જોઈ શકતો નથી, લાવ માર્ગે ચઢાવી દઉં !" નયસાર જૈન નહોતા, પંડિત નહોતા. પણ **દયાવાન હતા; તો તેના પર સમકિત રત્ન ઉપાર્જ્યું.** આપણે સમકિત લેવું હોય તો દેવ-ગુરુ ધર્મની શ્રદ્ધા કરીએ કે સમકિતનું પડિકું ખીસામાં આવી ગયું ? સમકિત એ તો મહાન ગુણ છે. તે આવવા પહેલાં તેનો પરિવાર પહેલાં આવી જવો જોઈએ. **ધના સાર્થવાહે** દયા ઉપર સમકિત મેળવ્યું. **મેઘકુમારે** દયા ગુણ પર વીર પ્રભુ પાસે ચારિત્ર મેળવ્યું. **સનત્કુમાર ચક્રીને** ચક્રીપણામાં છ ખંડને લાત મારવાની તાકાત પૂર્વના શ્રાવકભવમાં કરેલી દયા ગુણ પર આવી. નયસારે શું દયા કરી ? "અરે, આ જંગલમાં આ મુનિ રખડતા આ રીતે ? કોઈ મહા સાધુપુરુષો લાગે છે. હવે મારાથી એકલા જવાય નહિ." સાધુને ઓળખતો નથી. પણ અતિથિ તરીકે સાધુઓને લેવા ગયા. ખરા ધૂમ તાપમાં.

"સાધુઓ એકલા અટુલા ! વિના શસ્ત્રોએ આવી ભયાનક અટવીમાં ક્યાંથી ?"

એટલે પેલા સંત પુરુષો જવાબ આપે છે, "નીકળ્યા હતા એક સાર્થ સાથે. પણ અમે ગોચરી અર્થે ગામમાં ગયા; ને સાર્થ ઉપડી ગયો."

આ સાંભળતાં નયસારની આંખ લાલઘુમ થઈ ગઈ, કે "આવો કૃતઘ્ન સાર્થ ? સાધુઓને વિશ્વાસ આપીને રખડાવી ગયો ?" નયસારને પોતાને મધ્યાહ્ન થયો છે તેથી ભૂખ કકડીને લાગી છે. ત્યાં સાધુની પીડા શા માટે માથે લેવી ? પણ દુઃખી પરની અત્યંત દયા એટલે દયા વાણીમાં ઉતર્યા વિના રહે નહિ "ચાલો પધારો, હમણાં તો ભોજન-પાણી લો. વિલંબ કરવાની જરૂર નથી." પાછું પોતાના જંગલમાં મંગલ મળ્યું. જીવનની સુવાસ મલી. હર્ષ ભેર પોતાની પાસે જે ચીજો હતી તે સામે ધરી. એટલે સાધુઓએ વહોરીને વાપરી લીધું. હવે નયસાર પણ જમીને પાછો આવ્યો સાધુ પાસે.

"પધારો, આપને આપના માર્ગે ચઢાવી દઉં !" દયાથી હૈયું ભરાઈ ગયું હતું. દુઃખી પર અત્યંત દયા હતી. એમાં એમ હતું કે **'મારી તન, મન ને ધનની**



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

**શક્તિ જ્યાં સુધી પહોંચે, ત્યાં સુધી દયા કરી લેવામાં એક મિનિટનો પણ વિલંબ ન જોઈએ.'** એટલે નયસાર મુનિને મૂકવા ચાલ્યો, રાજમાર્ગ આવ્યો ત્યાં એણે બતાવ્યું,

"આ રસ્તો આપનો, હવે હું જઈશ."

એટલે મુનિ કહે છે, "તું જાય છે ? તો જરા અમારી વાત સાંભળશે ?"

આ દયાળુ કેવો ? એને મનમાં થાય છે કે "કંઈ રહી જતું હશે; તો એ એમના સ્વમુખે કહે છે તો સાંભળવા દે. મારા જેવા પામરને આવા ઊંચા પુરુષ કહે જ ક્યાંથી ?" જો એવી ઊભરાતી દયા ન હોત તો તરત કહેત કે "મા-બાપ મીઠાં ઝાડના મૂળિયાં ન ઉખેડો. મેં શું આપવા કરવામાં બાકી રાખ્યું છે ? તે હજી ય કાંક કહેવું છે." **અનાદિનો ઠાંસીને ભરેલો ભાવમળ કપાય નહિ ત્યાં સુધી આ દયા ઊભરાય નહિ. તેમ જેના હૈયામાં દયા નહિ ત્યાં જગતમાં દુઃખીના પર ત્રાસ થતા હોય ત્યાં એને સ્નાન સૂતક નહિ. પોતાની સંપત્તિ નઘરોળપણે ઉઠાવે.** જગતમાં આબરૂ રાખવા દયાની વાત કરે પણ તે જગતનું ડહાપણ લેવા પૂરતી જ ! મહિને જાતના હજારોના ખર્ચા નભાવે; પણ દયાની વાત આવે ત્યાં થોડા સેંકડોની પણ વાતમાં કહે "મંડળ ભેગું કરીને ટીપ કરો." એને પૂછો, "તો પછી તારું શું કામ લાગશે ?"

તો મનોમન કહેશે એ, "મારું ? મારું તો મારા માટે ! મારા સગાં માટે !" દયા ક્યાં છે ? ધોળા દિવસે પણ દીવો લઈને શોધવા જવું પડે એવું છે ને ? દ્રવ્યદયાના વાંધા, ત્યાં ખરેખરી ભાવદયા ક્યાંથી ? **મહાવિવેક જાગે ત્યારે ભાવદયાનું સ્વપ્ન આવે; અમલ તો પછી !** દ્રવ્યદયામાં તો ભૂખ્યાને રોટલો ને રખડતાને ઓટલો, પણ એનાથી આગળ વધવાની વાત નથી. જ્યારે ભાવદયા તો એ માગે છે કે **"આજના કાળના જીવો અધિક વૈભવ-વિલાસ પાછળ પીડાઈ રહ્યા છે, પશ્ચિમના પવનમાં તણાઈને આર્યદેશના પવિત્ર આચાર-મર્યાદાનું ઉલ્લંઘન કરી બિચારા વિનાશના પંથે જઈ રહ્યા છે, વળી તે ઉલ્લંઘન ને ફેશન મનાવી રહ્યા છે,** તો તેમનું હું શું ભલું કરું ? તેમનું ભવાંતરમાં થશે શું ? આવું આવું વિચારવું ઘટે. **કોઈએ ખાધુંપીધું કે નહિ-એકલી એ ચિંતા જે ઉચ્ચ કલ્યાણ નહિ સાધી આપે તે, 'એ દુર્ધ્યાન અને દુર્ગુણોમાંથી છૂટ્યો કે નહિ ?' એ કાળજી પર સધાશે. ભાવદયાથી જે મહાન લાભ થશે તેવો લાભ તમે એકલી સેંકડોની થેલીઓ આપો પણ નહિ થાય. પાપની બેડીમાંથી છૂટવા શું કરવું ?**

કહો તો ખરા, આજે લોકોને પૈસાનું જ દુઃખ છે ? આજે પાપ પર કર્તવ્યની જે છાપ મરાઈ રહી છે, ને રાગદ્વેષના ભડકામાં એ જે બળી રહ્યા છે તેનું દુઃખ



નથી ? આ બીજા પ્રકારની દુઃખની જ્યાં પોતાના કુટુંબ માટે પણ ચિંતા નથી કે "મારા સ્નેહીના આત્મા પર ઇંદ્રિયોરૂપી અંતરંગ દુશ્મનો વધુ જોર તો નથી કરતા ને ? એ કામ, ક્રોધ, લોભ વગેરે ભાવરોગમાં પીડાઇ તો નથી રહ્યા ને ?" તમે જો મંદિરના વહિવટદાર હો તો શું કરો ? ભવ્ય જીવોની ભાવદયા ને ? ના, પૈસાના વહીવટની જ્યાં વાત આવે ત્યાં ભાવદયાની બહુ ચિંતા નહિ. વહિવટ જ્યાં મુખ્ય ચીજ બની ત્યાં ભાવદયાની ચિંતા કોણ કરે ? ત્યારે આજે તો ફંડ ને ટ્રસ્ટનો જમાનો ! મોટા આંકડામાં ફંડ થવાં જોઈએ. એના પર પટાવાળા...મુનિમ ને ઓફિસરો ઊભા થાય ! આ શું છે ? ધર્મ-વહિવટખાતું કે કરમખાતું ? વિવેકી આત્મા તે કે જે હરેક પ્રસંગ કે પ્રવૃત્તિમાં, દરેક સંપર્ક કે સહવાસમાં, ગુણ પ્રાપ્તિનું લક્ષ્ય રાખે. એમ જો સ્થાન સ્થાન પર અને સમય સમય પર ભાવદયાનું ધ્યાન રાખવામાં આવે તો કોઈ આત્મા સાચા ધર્મને પામી જાય. દેવદ્રવ્યનાં લાખોનાં નાણાં તિજોરીમાં ભરી રાખવાની શી જરૂર છે ? મંદિરને એવું દેવપુરી જેવું બનાવી દો, કે જેથી લોકો દેશ પરદેશથી દર્શનાર્થે આવે ! પાછું એમાં વિવિધ ભક્તિ કાર્યક્રમો; રચનાઓ, ભક્તિસંગીત, વગેરે ચાલતા હોય. એટલે તો પછી પૂછવું જ શું ? જાણો છો શું થાય એનાથી ? આજના નાટક સિનેમા, ગીત ને ગાન દુનિયા ભૂલી જાય ! જગતની આકર્ષક વસ્તુઓને તુચ્છ લેખે ! બહારનાં આકર્ષણોનું જે ઝેર છે તેને ઠેકાણે અહીં એમને અમૃતનાં પાન મળે ! વૈરાગ્ય ને સંવેગથી ભરપૂર પુસ્તકો પ્રકાશિત થતા હોય, અનેક જાતના માર્ગાનુસારિતાના ગુણોની છણાવટ કથા સાથે હોય તેવાં પ્રકાશનો વાંચે તો, કંઈ મૂળમાં આત્મા અધર્મી નથી કે આવી વસ્તુ વાંચવામાં આવે તો એનામાં પલટો થતાં વાર લાગે. જેને લાગતું હોય કે **આજની દુનિયામાં જે શોધો ને સગવડોની વિજ્ઞાનની વાતો ને ફેશન ફિશીયારીની ઘેલછા શરૂ થઈ ગઈ છે તે અમારા આર્યદેશના જૈન બાળકોનું ખુન કરવા જેવી બાબત છે.** તેમાંથી તે કુમારોને બચાવવા ખાતર આવી વસ્તુ ઊભી કરવી જોઈએ. મકાન મોટું ન મળતાં નાનું મળશે, કે દુનિયાની બીજી અગવડ મળશે તો જે નુકસાન નથી, તે દેવગુરુને ધર્મની કિંમત ઓછી આંક્યેથી થશે; અને એમાં સત્યાનાશ છે ! પાપની બેડીઓમાંથી છોડાવવા આ વિચારણા છે. **અત્યંત દયા જોઈએ !** વાંઝણી દયા નહિ હોં, વાણી અને વર્તનમાં ઉતરેલી દયા જોઈએ. પરંપરા સર્જનારી દયા જોઈએ; તાળું લાગે તેવી દયા ન જોઈએ. એટલે શું ? દા.ત. પાંજરાપોળે દયા કરવા નીકળ્યા; ને રસ્તામાં કોઈ માણસ કહે,

"ભૂખ્યો છું."

તો "લે, બે આના ખાઈ લે જે !"



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

પણ પેલો કહે છે, "દસ માણસનું કુટુંબ છે, ને કમાનાર હું એકલો છું; પણ બેકાર છું."

"તો લે પાંચ રૂપિયા, રેશનિંગ લઈ આવજે."

પણ પેલો કહે છે,

"એટલામાં કંઈ વળે એમ નથી. બે માણસ તો ઘરે ખાટલે પડ્યા છે."

સામાની આ માગણી સાંભળતી વખતે આનામાં જો અત્યન્ત દયા ન હોય તો કહેશે કે "મૂકી દે પાંચ રૂપિયા પાછા, શોધી લેજે બીજાને." આ શું કર્યું ? દયાની પરંપરા ન ચાલી. ત્યારે જો અત્યંત દયા હોય તો ખ્યાલ આવે કે "મારે પણ ઘર છે, ને હું ચલાવુ છું તો ઘરના દરેક પાછળ ૫૦-૫૦ નો ખરચ છે ! તો એને તો બધું બાકી છે કરવાનું ! તો ચાલ, એને કંઈક વધારે આપું." આ દયાની ખામીથી સામાના પર વિપરિત વૃત્તિ જાગે છે; "જા જા, તું દયા કરવા લાયક નથી." આ કહે એના કરતાં એમ કહે કે "તારે, ભાઈ, વધુ જરૂર હશે, પણ મારી પાસે વધુ જોગવાઈ નથી. છતાં તને બીજા બે નામ આપું છું, ત્યાંથી તને મલી રહેશે. વળી ફરીથી અહીં પણ આવજે તો જોઈશું !" આ એના દુઃખ પ્રત્યે હમદર્દી બતાવવાની તૈયારી હોય તોય તે **અત્યંત દયાની** છાયા કહેવાય. **આ કેમ નથી આવતી ? ભાવમળ, રાગદ્વેષનું ઝેર છે માટે.** માટે આ ઝેર ઓછું ન થાય ત્યાં સુધી દયાની પરવા હોઈ શકે નહિ. તેમ આ દયાનો અભ્યાસ કેળવીનેય ભાવમળ ઓછો કર્યાનું સાચું આશ્વાસન મેળવી શકાય.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૪,અંક-૪૧,તા.૭-૭-૧૯૫૬

## (૪૫) શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય'

**નિરપેક્ષતાનો મંત્ર : સાચી સુખશાંતિ નિરપેક્ષતામાં :**

અનાદિ અનંતકાળથી જીવે જગત પ્રત્યે જે વલણ ધરાવ્યું છે, તેમાં ધરમૂળથી ફેરફાર કરી તેનું પ્રતિપક્ષી વલણ કે-જે **અનંતજ્ઞાની ભગવંતોને સંમત છે તેવું વલણ-કરવું, એ આત્માના ઉદયનું સાધક છે; ને તે જ ધર્મનો સાર છે.** તેવો તે ધર્મનો સાર આપણા હાથમાં આવ્યો કે નહિ તેનું માપ.

(૧) હૈયાના આ વલણને **ફેરવવા** પર છે,

(૨) એને **યોગ્ય** વાણી, વિચારો અને કાયિક વર્તન બનાવવા પર છે;

(૩) એને **યોગ્ય** જીવન વ્યવહાર-રીતભાત ને સ્વભાવ ઘડવા પર છે.



આ બધું બનાવવાના મૂળમાં શું ? અનાદિનું જગત પ્રત્યેનું વલણ ફરી જઈને, એવું વલણ જગત પ્રત્યે થાય, કે જે મહાન પુરુષોએ જીવનમાં અપનાવેલું હોય, જે આપણને જગતના કોઈ પણ સંયોગમાં નિરપેક્ષ રાખે, બે પરવા રાખે; સ્વસ્થતા, સાચી શાંતિ અને સાચા સુખનો અનુભવ કરાવનારું બને.

**ઓઘદૃષ્ટિ ને યોગદૃષ્ટિ :**

આ યોગદૃષ્ટિશાસ્ત્ર આપણને ખૂબ ખૂબ નિરપેક્ષ બનાવવા સમર્થ છે, ને સુખશાંતિ આપી શકે છે. જ્યારે ઓઘદૃષ્ટિ જગતની અનુકૂળતાની ખૂબ ખૂબ અપેક્ષા કરાવે છે, ઓઘદૃષ્ટિવાળા આગળ ઘડિયાળ કોઈએ આપ્યું. એને થાય છે મનમાં "બસ, હવે બાદશાહી ! કામ બરાબર ચાલવાનું..." ઘડિયાળરૂપી એક જગતની અનુકૂળ વસ્તુ હાથમાં આવી એટલે હવે તેને રાજ્ય મળ્યું લાગે છે. એમાં મન ભારે આનંદ અનુભવે છે. "એનાથી જ કામ ચાલશે, નહિતર અટકી પડશે..." આ બધું સચવાય તો સુખશાંતિનો અનુભવ થાય..." આવું આવું મન વિચારશે. ત્યારે યોગદૃષ્ટિ જુદુ જ આપે છે ! **"અમારી સુખશાંતિ અમારા આંતરમાંથી જ પ્રગટાવવી જોઈએ !"** તે ક્યારે જાગે ? બહારની અપેક્ષા છોડી દઈએ ત્યારે. **જેને બહારના જગતની અપેક્ષા ઘણી તેને આંતર સુખશાંતિનાં ફાંફા જ હોય ! ને બહારના જગત તરફ નિરપેક્ષવૃત્તિ તેને આંતર સુખશાંતિનો પાર નહિ.**

**ઓઘદૃષ્ટિ એટલે શું ? :**

હવે આપણને એવી આંતર સુખશાંતિનો અનુભવ નથી તો એમાં દોષ કોનો ? આપણે આવેશમાં બોલી કાઢીએ છીએ કે,

**પ્ર.-** "સુખશાંતિ તે વળી ક્યાંથી થાય ? જ્યાં ખર્ચાનો પાર નથી ને પૂરું થતું નથી ત્યાં સમતા ને સમાધિ ક્યાંથી રહે ?"

**ઉ.-** અરે પણ સમતા ને સમાધિ તો આત્માની અંદરના ધન છે. તેને બહારની ઉપર લટકાવે શાનો ?

**પ્ર.-** "તો શરીર ટકાવવા કંઈ જોઈએ તો ખરું ને ?"

**ઉ.-** જોઈએ, પણ બહુ ગુલામવૃત્તિ કે 'તું હોય તો જ બધું થાય, નહિતર બધું જ લૂંટાઈ જાય' આ સરાસર પરાધીન સ્થિતિ રાખવાથી એ મળવાનું છે ? સુખશાંતિ એમ રહે નહિ. એમ તો પ્રભુ વીર જેવાએ અભિગ્રહ ધારણ કર્યો. રોજ ગોચરીએ જતા. "તો ચાર દિવસ રહીને જાઓ ને કોણ તમારો અભિગ્રહ પૂર્ણ કરશે ?" ના, એ તો રોજ ગોચરી જતા હતા. તો શું તેથી કહેવાય કે એ આહારના ગુલામ હતા ? ના, કાયાને માટે બહારની અપેક્ષા હતી પણ તે અપેક્ષા ગુલામીના ઘરની નહોતી. આપણા મનને એમ થાય કે "હું જગત તરફ ગુલામ

માનસવાળો નથી. કદાચ રાગ થઈ જશે પણ ગુલામીભર્યા માનસથી નહિ.''

**ભાગ્યોદય શામાં ? :**

ગુલામ માનસ એટલે શું ? ''તું હોય તો જ ચાલે, તું ન હોય તો બધું અટકે !'' આ. ત્યારે પ્રભુ વીરે તો નિશ્ચય કર્યો હતો કે ''જરૂર છે તો લેવા જાઉં છું, પણ જો નથી મલતું તો એજ હૃદયે પાછા નગર બહાર જઈને પાછા ત્રેવીસ કલાકના કાઉસ્સગ્ગ !'' જો ગુલામ માનસ હોત તો સવારથી તે સાંજ સુધી ભમત ! ન મલત ત્યાં સુધી રોદણું ને પોક મૂકત ! અનાદિથી ચાલી આવતું બહારના જગત તરફનું વલણ જે છે તેમાં કેમ હજી ફેરફાર નથી ? કેમ ક્ષીણતા નથી ? કેમ પલટો નથી આવતો ? કારણ કે આપણે માન્યું છે કે ''જગતનું બધું બરાબર હોય તો જ અમારે સુખશાંતિ ! તો જ નિરાંત'' ભાવમળના ઘરની આ માન્યતા છે. એ માન્યતામાં તણાઈને આટલા ઊંચા સ્થાનને મેળવ્યાની સુંદર સફળતા સાધવાને બદલે નીચા કીટપશુના સ્થાન જેટલું ફળ ઉપાર્જાય છે. એ બહુ અફસોસીભરી બીના છે. **શું તમને ખ્યાલ છે તમે શું પામ્યા છો ? આહારશક્તિ શરીર ઈન્દ્રિય શ્વાસોચ્છવાસ શક્તિ ઉપરાંત ભાષા અને મનશક્તિ જે મેળવી છે તે કેટલી બધી ઊંચી કિંમતી શક્તિ છે ? મનશક્તિ તો બહુ ઊંચા ભાવમાં લઈ જઈ શકે એમ છે.** પણ, એના બદલે મન હજી કહે છે કે, ''છા કરતાં દૂધ ઠીક ! ને દૂધ કરતાં દૂધપાક મળે તો વધારે સુખ ! રસ્તે જતાં એક માણસ સલામ ભરે છે; પણ એના ઠેકાણે ચાર જણા સલામ ભરે તો વધારે સુખ ! પગે ચાલીને જવું પડે તો દુઃખ; તેના કરતાં મોટર મળે તો સુખ ! તેમાં વળી ઘરની પોતાની હોય, તો વિશેષ સુખ !'' બસ, મનશક્તિ આમ જ વેડફાઈ રહી છે. કાં ઉચ્ચશક્તિ ! અને કાં અધમ સર્જન ! કેટલી બધી પામર દશા ! ખરો ખ્યાલ કરતાં આંખમાંથી આંસુ પડી જાય એમ છે. એના યોગે યોગની દૃષ્ટિ વિકસાવવાના અમૂલ્ય ભવ અને અમૂલ્ય મનશક્તિ જે મલ્યા છે; તેની કેવી ભયાનક બરબાદી સર્જાઈ રહી છે તેનો ખ્યાલ આવે છે ? **'યોગ'** શબ્દ કાને પડે એને પણ હેમચન્દ્રસૂરિજી મહારાજ મહાન ભાગ્યોદય કહે છે; **જેનો કાન 'યોગ' શબ્દથી વિંધાયો તેનો જન્મ સફળ ! ને જેના કાન એનાથી વિંધાયા નથી એનો જન્મ ગર્ભાવાસ જેવો.** ગર્ભમાંથી બહાર પડ્યો તેથી વિશેષતા કઈ ? જે ગર્ભમાં રહીને પણ કરતો હતો તે જ બહાર પડીને કરે છે તેથી અધિકતા શું ? કહે છે,

**પ્ર.**- ''તો ગર્ભમાં ક્યાં દોડાદોડ કરતા હતા ?''

**ઉ.**- પણ સમજો કે જો એમ જ હોય તો તો એ વધુ મૂર્ખાઈ ! ગર્ભમાં દોડાદોડ નહોતી તો વધુ લાહ્ય નહોતી; હવે તો એવી દોડાદોડનો પરાક્રમી



થયો ! પછી ? સત્તરસો લાહ્યથી બળવાનો પરાક્રમી ! **જેને વીતરાગ પરમાત્માના શાસનની સાચી ઠંડક નથી તેની શી દશા ? જ્યાં પગલું મૂકે કે સળગે ! જીવનની એમાં શી શાબાશી ? બળવાની જ ને ? હાય ને વોયમાં સડવાની ! અપમાન ને અપમંગલ પામવાની ! જેની તેની ઠેબે ચઢવાની ! ગર્ભાવાસમાં કોઈ શેઠના ઠેબે નહોતા ચઢવાનું, કોઈ દીનતા કે ગુલામી નહોતી, પત્નીનો જુલ્મ સહેવો પડતો નહોતો હવે તેટલી શાબાશી અહીં વધી !! વાહ શી સરસ વિટંબણા !**

**ગુણ ખપી જીવન :**

માનવ જીવનમાં આવીને જો યોગની વાતો સાંભળવા ન મળે તો આવ્યો શા કામનો ? અહીં આવીને જેટલા ઓઘદૃષ્ટિના નાચ વધારે કર્યા, તેના પરિણામ ખતરનાક છે. વર્તમાનમાં પણ ઘણી વિટંબના અને કષ્ટ છે. ત્યારે ભવિષ્યની વિટંબણાનો તો પાર નથી. માટે જ ઓઘદૃષ્ટિ એટલે જગત પ્રત્યે અનાદિના જેવાં વલણ ધર્યાં હતાં તેને વિવેકીજનો ત્યજી દે છે. એથી જીવન હવે આત્મગુણોનું ખપી બને છે. સહેજે મનને એમ થાય છે કે જૂઠ અને ડફાણ, અનીતિ અને કપટ, દુષ્ટતા અને દુરાચાર...આપણને શોભતા નથી; અનુકૂળ નથી, એ બધું પશુતા છે, જંગલી પશુતા. જો અહીં પાછું એ પૂર્વની જેમ કેળવીને સાથે લઈને ચાલ્યો, તો આગળ અધઃપતન અકલ્પ્ય નોતરીશ. માટે જ અહીં યોગદૃષ્ટિ માટે પ્રતિપક્ષી વલણ કરવાં પડે. અને સત્ય, નીતિ, સદાચારાદિ ગુણના ખપી બનવું રહે.

**બીજા તરફથી સુખની ઈચ્છા ન રાખો :**

અંતરનું ઉચ્ચકોટિનું સુખ ક્યારે જન્મે ? સર્વથા નિરપેક્ષ બનો તો. બહારની જેટલી અપેક્ષા ન રહે, તેટલા પ્રમાણમાં જ સુખ વધે. દા.ત. તમારી ઉંમર સત્તર વર્ષની છે. બાપાજી મિલકતનું ટ્રસ્ટ કરીને ગયા છે. મિલકત તમારી જ છે. હવે તમે વીસ વર્ષના થયા. બધી મૂડી લેવા હકદાર બન્યા. પણ ટ્રસ્ટી સાહેબો તમને ન આપે, ને કહે કે 'ખરચ જોગું લઈ જજો.' તમારે ચાર આનાનું દૂધ લાવવું હોય તો પણ ચિઠ્ઠી ફાડવી પડે ! ટ્રસ્ટીઓ કહે, ''બીલ હાજર કરો ! કારણ બતાવો, ખર્ચ વાસ્તવિક છે કે નહિ તે બતાવો, આ બધું બતાવ્યા પછી પૈસા મલશે.'' સત્તરસો વાતે તેલ કાઢીને પછી જ તમારી મહાન મિલકત છતાં તમને થોડું મલે. આ અપેક્ષામાં સુખ ખરું ? હવે બીજો કોઈ માણસ છે ને એનું પણ વીલ કરીને બાપા ગુજરી ગયેલા. તે પુખ્ત ઉંમરનો થયો કે ટ્રસ્ટીઓએ એને બધી મિલકત પેલા કરતાં બહુ થોડી,-સોંપી દીધી કે ''હવે ભાઈ, તું તારું સંભાળ.'' આ બંનેમાં કોણ સુખી ? ભલે પહેલા કરતાં બીજાની મિલકત ઓછી છે પણ એ સ્વાધીન છે ! જ્યારે પહેલાને વધારે મિલકત છતાં અપેક્ષા ને પરાધીનતા છે ! કોઈ પ્રેમી રીસાય



E:/Divya-Darshan(Part-13)(Pravachan Mah.)(Yogdrusti Samuchhai).pmd/prf.3

એટલે શું કરવું પડે છે ? હિસાબ બતાવવો પડે છે ને કે એમ આટઆટલી તમારી સેવા કરી હતી, અણીના સમયે સહાય કરી હતી; ને છતાં તમે રીસાઓ છો ? આ ગયા ભૂતકાળના હિસાબ આપવો પડે છે ને રાજીપાની માગણી મૂકવી પડે છે. આ વાત બતાવે છે કે જેટલી બહારની અપેક્ષા વધારે તેટલા પ્રમાણમાં દુઃખ, ને જેટલા પ્રમાણમાં બહારની નિરપેક્ષતા તેટલું સુખ – **બીજા તરફથી સુખની અપેક્ષા ઊલટું-દુઃખમાં મૂકે છે. "પરસ્પૃહા મહાદુઃખં, નિઃસ્પૃહત્વં મહાસુખમ્."**

ઋષભદેવ પ્રભુએ કેવળજ્ઞાન પામી ધર્મ કહ્યો. મોટા પરિવાર સાથે ભરતચક્રીએ સાંભળ્યો. એમાં એના ઋષભસેન પુંડરિક નામના પુત્રે પણ સાંભળ્યો. શું થયું એને ? તમે જેના અંશ માત્ર માટે પણ વલખાં મારો છો, એ ઋદ્ધિ વિલાસના અહીં ઢગલે ઢગલા છે; છતાં એના પર અણગમો થઈ ગયો. કેટલું મનોબળ ! કેવુંક સત્યદર્શન ! જોયું કે 'આ બધા બહારના પદાર્થોની જેટલી અપેક્ષા રહે છે, તેટલા પ્રમાણમાં દુઃખ વધારે છે, ભય વધારે છે, પરચિંતા વધારે છે. પછી એમાં શું ઠગાવું'તું ? આ ઉચ્ચ જીવન અને અરિહંત પ્રભુનો સંયોગ, એ તો બહારના નિરપેક્ષ બની આત્મચિંતા કરવા માટેની મહાન તક છે.'

**ટંકશાળી રૂપિયો :**

મનમાં આ બેસાડો કે, એક વાર ભોજન કરવામાં જે સુખ નથી તે બે દિવસે કરવામાં સુખ છે ! જે બે દિવસે ભોજન કરવામાં સુખ નથી, તે ત્રણ દિવસે કરવામાં સુખ છે. ને જે સુખ એમાંય નથી તે અનાહારી બનવામાં છે ! **જેમ જેમ અપેક્ષા ઓછી થઈ તેમ તેમ સુખના ટકા વધ્યા.** જગત તરફમાં વલણ એ હતાં કે "તમે બહુ વાર અમારા સંપર્કમાં આવો, અડધો શેરને બદલે દોઢશેર ખાઓ ! તે પણ લુખ્ખી રોટલી નહિ. ઘેબરના ચકતાં ! આટલેથી જ નહિ પણ આમ ઘણીવાર સંપર્કમાં આવો ! તો જ સુખ વધારે" આવું અનાદિનું વલણ જગત તરફનું તે ઓઘદષ્ટિ. એને ફેરવીને એવું બનાવીએ કે "જેટલા પ્રમાણમાં તમે આવો તેમ અમને વધારે પીડા ઊભી થાય છે. **અમારું જગતનું સુખ તમારા પર માનીએ છીએ તે અમારી સરાસર અજ્ઞાન દશા છે !** જગતની સર્વથા પીડા ટળે એમાં ઉત્કૃષ્ટ સુખ છે; ને સઘળી પીડા ઊભી રહે એમાં સુખનું નામ નહિ. ભલે આજને આજ મોક્ષ મળવાનો નથી પણ વલણ નક્કી કર્યું એટલે લુખ્ખી રોટલી ખાતાં જે આનંદ આવશે તે ઘેબરમાં નહિ આવે. જે સુખ પાંચ રૂપિયામાં આવશે, તે પાંચ કરોડમાં નહિ આવે. જે સુખ દુનિયાની શહેનશાહતમાં નહિ આવે તે આનંદને મસ્તી ઝુંપડીમાં લાગશે ! એનો અર્થ એ કે **આ જે વલણની ફેરફારી એ ટંકશાળી ધર્મ છે !** ટંકશાળી એટલે હમણાં ખખડાવીએ, ને રણકાનો જવાબ આપે ! એમ **જેવું એ વલણ ઘડીએ, કે સુખનો ચમકારો દેખાડે !** "બહારના જગતની જ્યાં અપેક્ષા ઓછી ત્યાં જ સુખ વધારે ને જ્યાં બીલકુલ અપેક્ષા નહિ ત્યાં સુખની અનઅવધિ ! ને જ્યાં બહારના જગતની ભરપૂર અપેક્ષા, ત્યાં સુખનાં ફાંફા !" આ વલણ નક્કી કર્યું, તે ટંકશાળી રૂપિયો કહેવાય.

## • મનપરિવર્તન •

**આત્માના ઉદયને સાધે તે યોગદષ્ટિ :-** હવે બહારના બહુ અભખરા કરવાની જરૂર નહિ કે "એકને બદલે દસ બંગલા ઊભા કરું !" જાતે સમજવું જોઈએ કે **"જેમ મિલકત પર જેટલા ટ્રસ્ટીઓ વધુ ઊભા કરાય, તેટલી ગુલામી વધું. એક સ્નેહી હતો તો એકની જ પંચાત; ને જ્યાં દસ ઊભા થાય કે દસનાં મોઢાં સાચવવાનાં !"** આ હવાઈ વાતો નથી. આમાં તો અલ્પ મહેનતનો ધર્મ છતાં જવાબ આપે છે. આ વલણ ઘડવાની તૈયારી ન હોય તો ઓઘદષ્ટિની કેદમાંથી છૂટકારો ન મળે. આમ જીવો સાધનાની ધાંધલ તો કરે છે, પણ પેલી ઓઘદષ્ટિની જેલમાંથી બહાર ન નીકળે, એની જંજીરો ન તોડે ત્યાં સુધી સાધના ઊંચે લઈ જનારી ન બને. કૂવાનો રેંટ એમ ઊંચો નીચો ભમ્યા કરે. પણ નીચે પાણીને ન અડતો હોય તો ? એમ **યોગદષ્ટિ વિનાની દોડધામ સંસારના આ વર્ષમાં ઘુમેડી કરાવનારી સાધના છે. પણ જ્યાં યોગદષ્ટિ કેળવીએ કે સાધનામાં સાચો વેગ આવે. પછી સાધનાની નાનકડી નાવડી પણ પૂરવેગથી ભવસમુદ્રને પાર ઉતારે !** આ યોગદષ્ટિમાં આવવા માટે ઓઘદષ્ટિના કુંડાળામાંથી બહાર નીકળવું પડે. **અનંતા અનંતજ્ઞાનીઓએ ઉપદેશેલું, અનંતા ઉત્તમ આત્માઓએ આચરેલું, એવું જે આત્માના ઉદયને સાધી આપનારું વલણ, તેનું નામ યોગદષ્ટિ.** વલણ તો માનસિક વસ્તુ છે. મન ફેરવવામાં બાહ્ય ખર્ચજ લાગે. છતાં હા, અનાદિનું ઊંધુ મન ફેરવવા માટે કંઈક કરવું પડે.

મોટા મહાત્માને પણ મન ફેરવવા, ઊંચું વલણ ઘડવા ઝઝુમવું પડે છે. ઢંઢણઋષિને જાણો છો ને ? પોતાની લબ્ધિનું જ લેવું એવો અભિગ્રહ કર્યો. પણ એમ તો ગોચરી એક દિ', બે દિ' ન મળવા માંડી. ચાલ્યું આગળ. છેવટે છ માસના ઉપવાસના અંતે કેવળજ્ઞાન લે છે. પણ એ જુઓ કે એ માટે સ્વાત્મનિંદાનું પ્રબળ મન જરૂરી હતું. તે પહેલે બીજે દિવસે એટલું તૈયાર નહોતું. છ માસના તપથી તૈયાર થયું. એમ અહીં યોગદષ્ટિનું મન બનાવવા માટે યોગબીજનો સંગ્રહ કરવો જોઈએ. તે કરવા માટે ભાવમલનો કચરો સાફ થવો જોઈએ. તે સાફ કરવાનો ઉપાય શું ? **પહેલો ઉપાય 'દુઃખી પર અત્યંત દયા'.**

❖ ❖ ❖